# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૬૭ | ૧૧-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૦૧ |
| ૬૮ | ૧૨-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૧૩ |
| ૬૯ | ૧૩-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૨૫ |
| ૭૦ | ૧૪-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૩૭ |
| ૭૧ | ૧૫-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૪૯ |
| ૭૨ | ૧૬-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૬૨ |
| ૭૩ | ૧૭-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૭૫ |
| ૭૪ | ૧૮-૦૧-૧૯૭૨ | શ્લોક-૧૧-૧૨ | ૦૮૬ |
| ૭૫ | ૧૯-૦૧-૧૯૭૨ | શ્લોક-૧૨-૧૩, ગાથા-૧૫ | ૦૯૮ |
| ૭૬ | ૨૦-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫ | ૧૧૩ |
| ૭૭ | ૨૧-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫ | ૧૨૪ |
| ૭૮ | ૨૨-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫ | ૧૩૫ |
| ૭૯ | ૨૩-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫ | ૧૪૮ |
| ૮૦ | ૨૪-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫, શ્લોક-૧૪-૧૫ | ૧૬૦ |
| ૮૧ | ૨૫-૦૧-૧૯૭૨ | ગાથા-૧૬ | ૧૭૫ |
| ૮૨ | ૨૬-૦૧-૧૯૭૨ | ગાથા-૧૬, શ્લોક-૧૬-૧૭ | ૧૮૯ |
| ૮૩ | ૨૭-૦૧-૧૯૭૨ | શ્લોક-૧૭ થી ૧૯ | ૨૦૩ |
| ૮૪ | ૨૮-૦૧-૧૯૭૨ | શ્લોક-૧૯, ગાથા-૧૭-૧૮ | ૨૧૮ |
| ૮૫ | ૨૯-૦૧-૧૯૭૨ | ગાથા-૧૭-૧૮ | ૨૩૪ |
| ૮૬ | ૩૦-૦૧-૧૯૭૨ | ગાથા-૧૭-૧૮ | ૨૪૬ |
| ૮૭ | ૩૧-૦૧-૧૯૭૨ | ગાથા-૧૭-૧૮, શ્લોક-૨૦ | ૨૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૮૮ | ૦૧-૦૨-૧૯૭૨ | ગાથા-૧૭-૧૮, શ્લોક-૨૦ | ૨૭૦ |
| ૮૯ | ૦૨-૦૨-૧૯૭૨ | ગાથા-૧૭-૧૮-૧૯ | ૨૮૩ |
| ૯૦ | ૦૩-૦૨-૧૯૭૨ | ગાથા-૧૯ | ૨૯૭ |
| ૯૧ | ૦૬-૦૨-૧૯૭૨ | ગાથા-૧૯, શ્લોક-૨૧ | ૩૦૮ |
| ૯૨ | ૦૭-૦૨-૧૯૭૨ | શ્લોક-૨૧, ગાથા-૨૦ થી ૨૨ | ૩૨૧ |
| ૯૩ | ૦૮-૦૨-૧૯૭૨ | ગાથા-૨૦ થી ૨૨, શ્લોક-૨૨ | ૩૩૭ |
| ૯૪ | ૦૯-૦૨-૧૯૭૨ | ગાથા-૨૩ થી ૨૫, શ્લોક-૨૨ | ૩૫૩ |
| ૯૫ | ૧૦-૦૨-૧૯૭૨ | ગાથા-૨૩ થી ૨૫ | ૩૬૯ |
| ૯૬ | ૧૧-૦૨-૧૯૭૨ | ગાથા-૨૩ થી ૨૫ | ૩૮૨ |
| ૯૭ | ૧૪-૦૬-૧૯૭૨ | શ્લોક-૨૩ | ૩૯૫ |
| ૯૮ | ૧૫-૦૬-૧૯૭૨ | શ્લોક-૨૪, ગાથા-૨૬-૨૭ | ૪૦૬ |

**મહા વદ-૩, બુધવાર, તા. ૦૨-૦૨-૧૯૭૨**
**ગાથા-૧૯, પ્રવચન-૯૦**

સમયસાર. ૧૯ ગાથા. અપ્રતિબુદ્ધ અજ્ઞાની કોને કહેવો એની ઓળખાણ આપે છે. મિથ્યાદષ્ટિનું લક્ષણ શું? સમજાણું કાંઈ? અહીંયાં એમ કહે છે કે અપ્રતિબુદ્ધ અજ્ઞાનીનું શું લક્ષણ? મિથ્યાદષ્ટિને કેમ જાણવો? તો એની વ્યાખ્યા કરે છે. '**જેવી રીતે સ્પર્શ,...**' આ ઘડો. ઘડાનો દાખલો આપે છે. ઘડો છેને ઘડો? એ ઘડાનો જે સ્પર્શ છે સ્પર્શ. એનો '**રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં...**' આદિ ગુણપર્યાયની દશામાં. એ અર્થપર્યાયની વાત કરી. ઘડામાં રંગ, ગંધ, રસ, સ્પર્શની પર્યાય એને અર્થ પર્યાય કહેવાય. '**તથા પહોળું, તળિયું, પેટાળ આદિ આકારે પરિણત થયેલ...**' તેને વ્યંજન પર્યાય કહેવાય. આકૃતિ ઘડાની. '**પરિણત થયેલ પુદ્ગલના સ્કંધોમાં 'આ ઘડો છે' એમ,...**' એ તો બરાબર છે. સમજાણું કાંઈ? જુઓ, ક્યાં ઉતરશે? આ તો દૃષ્ટાંત છે. એના '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું, તળિયું પેટાળ આદિ...**' એની આકૃતિના પરિણમનમાં '**પુદ્ગલના સ્કંધોમાં 'આ ઘડો છે'...**' એ તો બરાબર છે. '**એમ, અને ઘડામાં...**' આ ઘડામાં. ઘડો. પછી અહીં લીધું છે.

''**આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું, તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્ગલ-સ્કંધો છે'...**' ઘડામાં આ છે અને એમાં ઘડો છે. એ તો બરાબર છેને? '**એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે,...**' વસ્તુના અભેદથી અનુભૂતિ, પ્રતીત, જ્ઞાન થાય તેને ત્યાં તો બરાબર વ્યાજબી છે. પણ અહીં શું ફેર પડે છે કહે છે અહીંયાં હવે? '**તેવી રીતે...**' આઠ કર્મ છે મોહ છે, પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગ છે એ અંતરંગ પરિણામ છે. આવી વાત છે. સ્પર્શ, રસ, ગંધમાં ઘડો છે અને પહોળું, તળિયું આદિમાં ઘડો છે અને ઘડાના સ્પર્શ, ગંધ અને આકૃતિ એમ કર્મનું જડ, મોહ આદિ અંતરંગ પરિણામ. ભ્રમણા રાગ, દ્વેષ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ શુભ-અશુભભાવ એ અંતરંગ પરિણામ છે. '**તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ---**' શરીરાદિ આમ. '**કે જેઓ (બધાં) પુદ્ગલના પરિણામ છે...**' સમજાણું કાંઈ? '**અને આત્માનો તિરસ્કાર કરનારા છે--**' બે વાત કરી. અંદરમાં થતા શુભ-અશુભ રાગ અને શરીર અને કર્મ આદિ શુભ-અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને કામ, ક્રોધ, માન, લોભ, મોહ, રાગ એ બધા ભાવો

અંતરંગ પરિણામમાં ઉત્પન્ન થતાં અને શરીરાદિ બાહ્ય. સમજાણું કાંઈ? છેને અંદર? ઓલા અંતરંગ છે અને આ બાહ્ય છે. **'કે જેઓ પુદ્‌ગલના પરિણામ છે...'** આહા..હા..! **'અને આત્માનો તિરસ્કાર કરનારા છે...'** આટલું અહીં વધારે નાખ્યું. આત્માનો સ્વભાવ તો આનંદ અને જ્ઞાન છે અને એ પરિણામ તો પુદ્‌ગલના છે. જીવના સ્વભાવથી વિરૂદ્ધ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? **'તેમનામાં 'આ હું છું'...'** એ પુણ્યના ભાવમાં એ મારા છે એ હું છું. એમ પછી મારા પછી આવશે. શુભભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ ક્રોધ ભાવ એમાં આ હું છું. એની અસ્તિ તો છે. પણ તે આ હું છું. એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેમનામાં 'આ હું છું' એમ અને આત્મામાં...'** હવે આમ લીધું. **''આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા) પુદ્‌ગલ-પરિણામો છે'...'** આમાં હું છું અને મારામાં એ છે. સમજાણું કાંઈ? **'એમ વસ્તુના ભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે.'** એમ વસ્તુના રાગના પરિણામમાં હું અને રાગ પરિણામ મારામાં. શરીરમાં હું અને શરીર મારામાં, કર્મમાં હું અને કર્મ મારામાં. સમજાણું કાંઈ? શરીરની આકૃતિ આદિ પર્યાયમાં હું અને એ આકૃતિ પર્યાય મારામાં. સમજાણું કાંઈ? એવી બેની અભેદબુદ્ધિ, એકપણાની બુદ્ધિ ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. ઓહો..હો..! વજુભાઈ! આ બાયડી, છોકરા, ભાયું બધાને ક્યાં નાખવા? એય..! એય..! શેઠ! લાલચંદજી અને શોભાલાલજીને ક્યાં નાખવા?

અહીંયાં તો એ કહે છે કે ભગવાન પરમાત્મા પ્રત્યેની ભક્તિના ભાવ, શુભરાગ, પંચમહાવ્રતનો શુભરાગ, ભગવાનના સ્મરણનો શુભરાગ એ રાગ હું છું એટલે મારાથી થયો છે અને એ રાગ મારામાં છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ મૂઢ .. છે. એને આત્મા અને પરનું ભેદજ્ઞાન નથી. ભગવાનજીભાઈ! એકત્વબુદ્ધિ છે. ત્યારે શું કરવું આ મકાનનું? એવું છે. આહા..હા..! ભાઈ! શેઠ! આવી વાત છે, બાપા! આહા..હા..! ભગવાન જે ભિન્ન ચીજ છે એની સાથે અભિન્નની બુદ્ધિ, એકત્વની બુદ્ધિ એ જ મિથ્યાત્વનું લક્ષણ છે. કહો, શેઠ! છે કે નહિ એમાં પંડિતજી આવું? તો પછી આ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે એ ક્યાં આવ્યું? એ કર્યું? વ્યવહારનો ભાવ એમાં હું છું અને એ ભાવ રાગ એ મારામાં છે, અકૃત્રિમ છે, અજ્ઞાની છે. સમજાણું કાંઈ? ત્યાં સુધી જન્મ-જરા-મરણના બીજડામાં પડ્યો છે. સમજાણું કાંઈ? કેટલો દાખલો આપીને સરળ અને સરસ કર્યું છે.

ભાઈ! તારી ચીજમાં એ શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, દેશ તારામાં નથી. તેમ તું પુણ્ય-પાપના કર્મમાં, શરીરમાં, દેશમાં, કુટુંબમાં તું નથી. આબરૂ .. લ્યોને બાહ્ય આ. ફલાણા ભાઈ આવા. એ આબરૂ જડની પર્યાય, પુદ્‌ગલની છે. એ મારી આબરૂ છે. એ આબરૂમાં પોતે માને છે કે એ આબરૂમાં હું છું અને એ આબરૂ મારામાં છે. આહા..હા..!

ભારે આકરી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- આબરૂ ઉપર તો ધંધો છે.

ઉત્તર :- આબરૂ ઉપર તો ધંધા શેઠિયાના નામે. ભગવાનદાસ શોભાલાલ બાળક બીડીના વેપારી. એમાં પાછા ઘણાં સાટા ચાલે. શેઠ જાય ત્યાં કાનપુર ત્યાં તો પૈસા ધડાધડ. શેઠ આવ્યા છે પૈસા લેવા. આબરૂથી તો ચાલે બધું કહે લ્યો! ભગવાનદાસનું નામ પડે ત્યાં આ લોકો. એ તો ભાઈ અમારા શેઠ કહેવાય બેય ભાયું. અહીં કહે છે કે એ આબરૂમાં હું છું, એ મારી આબરૂ કરે છે અને નિંદા કરે છે કોઈ લ્યો. એ નિંદા પરમાણુની પર્યાય છે. એ મારી નિંદા કરે છે અને એ નિંદા મારામાં છે. આહા..હા..! કહો, વસંતીલાલજી! શું કરવું? આવી વ્યાખ્યા? ભાઈ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને તો મિથ્યાદષ્ટિ. હિંસામાં ધર્મ માને તો મિથ્યાદષ્ટિ. અહીંયાં તો રાગનો કણ એક શુભ પરિણામ. આહા..હા..! ગજબ વાત છેને. એય..! મૂળચંદભાઈ! છે કે નહિ એમાં? છે. આવું મૂકી દે .. આહા..હા..!

ચૈતન્ય ભગવાન વસ્તુમાં તો વસેલી શક્તિઓ શુદ્ધ અને પર્યાય શુદ્ધ છે. એ ચીજને આ રાગમાં હું અને રાગ મારામાં. એ બે તત્ત્વને ભિન્નતાને અભિન્ન કર્યા એણે. બેને એક માન્યા છે. સમજાણું કાંઈ? હું પાંચ-પચાસ લાખ કમાઉ છું, હું કમાણો. એ પૈસામાં હું છું. મારી વ્યવસ્થિત બુદ્ધિ હતીને તેથી કમાઉ છું. હું ત્યાં છું. એ કમાવાનો ભાવ અને કમાવું એ મારામાં છે. આહા..હા..! ભારે ભાઈ! ભગવાનજીભાઈ! હવે ભાઈ કાંઈક પાંચ-દસ હજારની મૂડી હોય એમાંથી લાખ, ૭૦-૮૦ લાખ, કરોડ, બે કરોડ થઈ જાય તો કાંઈ બુદ્ધિ વિનાના થતા હશે? ઓલા ભાષણ આપે બધા. એકફેરી અહીં ભાષણ આપ્યું હતું. બીજા પણ ઘણાં આપે. અમે અમારા બાહુ બળે અમારી પાસે કાંઈ નહોતું, બાપુજી નહોતા મૂકી ગયા, પણ આમ અમે ઉદ્યોગ અને ઉદ્યોગપતિ નથી કહેતા? ઉદ્યોગપતિ કહે છે. એક આવ્યા હતા ..થી આવ્યા હતા..થી. આ છેને ..તેના સંબંધી આવ્યા હતા. કર્યા હશે બે-પાંચ લાખ. પછી ભાષણ આપ્યું હતું. ઓલા છોકરાને આપેને. જુઓ અમે આમ કર્યું હતું. અમે આમ કર્યું ત્યારે પૈસાવાળા થયા છીએ અને છોકરાઓને પણ એ જાતનું શિખવે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રભાશંકરભાઈ આવ્યા ત્યારે એવું કહ્યું હતું. ભાઈ હતા તમે. પ્રભાશંકર પટણી નહિ ઓલા દિવાન-દિવાન. ભાવનગરના દિવાન. આવ્યા હતા વ્યાખ્યાનમાં. ... જુઓ છોકરાઓ આમ .. કાંઈ આવું ન થઈ જાય. અમે તો આવી મહેનત કરી ત્યારે અમે મોટા થયા છીએ. એમ તમારે કરવું પડશે. મૂળચંદભાઈ! મોહનભાઈ ગયા. સમજાણું? બેય ગયા બેય? માણેકલાલ ગયા? ભાઈ પણ ગયા સુરેન્દ્રભાઈ. એ .. અમારી પાસે મૂડી અને પૈસા ક્યાં હતા. મુંબઈ જઈને કમાણા. . કરીને, પૂરું કર્યું. આવું બધું કર્યું ત્યારે કમાણા છીએ કહે છે કે તું કમાણો શું જડ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કહે છે. એ તો સમજાવે છેને શેઠ. આહા..હા..! પ્રભુ તું ભૂલભૂલામણીમાં પડ્યો છો. તને ભૂલભૂલામણીની ખબર પણ નથી. આહા..હા..! અને એને ધર્મ કરવો. આ.. મળે આવું અને ધર્મ થાય એને. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પરની દયા પાળી શકું છું, પરની પર્યાય મારી છે અને એ પર્યાયમાં હું છું. ગજબ વાત છે. આહા..હા..! અને પરની દયાનો ભાવ શુભ એ મારાથી થયો છે અને મારામાં છે અને એમાં હું છું. દુનિયાથી તો ઉંધું પડે બધું.

મુમુક્ષુ :- અહિંસા પરમો ધર્મ.

ઉત્તર :- કઈ અહિંસા? રાગની અણુત્પત્તિ એને શુદ્ધતાની ઉત્પત્તિ એનું નામ અહિંસા પરમો ધર્મ છે. રાગની ઉત્પત્તિ એ તો હિંસા છે અને એ મારામાં રાગ છે અને રાગમાં હું છું મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પ્રવચનસારમાં કહ્યું છેને ભાઈ ઓલા ત્રણ તિર્યંચની. ..મનુષ્યની કરૂણા એની કરૂણા મિથ્યાત્વનું લક્ષણ છે કહે છે. પ્રવચનસારમાં છે. સમજાણું કાંઈ? તત્ત્વને અતત્ત્વ માનવું, અતત્ત્વને તત્ત્વ માનવું અને મનુષ્યને, તિર્યંચની એની દયા એમ. આવે એ જુદી વાત છે.

મુમુક્ષુ :- ઈચ્છવાયોગ્ય છે છતાં.

ઉત્તર :- જાણવાયોગ્ય છે કે આ થયું. એને ઠેકાણે આ કરૂણા આની મેં કરી. ભારે વાત ભાઈ! ઓલા કહે કે કરૂણા એ તો જીવનો ધર્મ છે. .. નિર્ણય કરે પછી આમાં આટલા વર્ષ થયા. થોડામાં કેટલાક કહીએ? સાગર આવે જાજા. એમ કહે. અહીં તો એકલી પોતાની વાત છે. પરની કાંઈ, કોણ કરે પરનું કરે કોણ? આહા..હા..! કહો, મીઠાભાઈ! આ હીરાભાઈમાં હું અને હીરોભાઈ મારો. હા કોક પૂછે તો એમ કહે લ્યો. ભગવાનનો દીકરો છે. આહા..હા..! પ્રભુ તારું હોય એ તારાથી જુદું હોય? અને જુદું હોય એ તારામાં આવે? તારું થાય? આહા..હા..! દાખલો આપીને કહ્યું છે એ. ઘડામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો પર્યાય એમાં ઘડો અને ઘડામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો પર્યાય અને ઘડાનો આકાર વ્યંજન-પર્યાયમાં ઘડો અને ઘડામાં વ્યંજન-પર્યાય. એ તો બરાબર છે. એવી રીતે રાગમાં અને શરીરની આકૃતિના પરિણામ. આકૃતિ થાયને આની? એ આકૃતિ મારે લઈને થાય. આંગળી આમ ચાલે રોટલી ખાય ત્યારે આંગળી કાંઈક વળે, બટકું થાય. હોઠ પાછા આમ હલે, શ્વાસ ખેંચે ત્યારે બટકું અંદર જાય કે એમ ને એમ જાતું હશે? મિથ્યાત્વની ખબર નહિ અને મિથ્યાત્વનું સ્વરૂપ જાણે પછી સમકિત થાય ત્યારથી એને ધર્મ શરૂ થાય. એ વિના મિથ્યાત્વભાવ આવો છે અને વ્રત ને તપને સંયમને બહારથી ગ્રહણ કરે, ધૂળેય નથી કાંઈ બહારમાં. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે એ તો આત્માના ભાન વિના, ભેદજ્ઞાન વિના એ રાગની ક્રિયાને મારી માને અને હું

એ રાગને ફરજ છે મારે કરવી જ પડે. પરદ્રવ્ય મારે કરવું પડે. મિથ્યાદૃષ્ટિ છે. એને વ્રત કે તપ તે અસંયમ કહેવાય. આહા..હા..!

સમકિતનો શું ગુણ છે? મિથ્યાત્વનું શું નુકસાન છે એ લોકોને ખબર નથી. કાં તો આમ કોઈક જરી વિષય સેવે કે કાંઈક પૈસા તું લે છે આ મારા .. તો હિંસા કોકની થઈ, ફલાણું થયું, કપડા, બપડા સારા પહેર્યા કે પૈસા કાંઈક આબરૂ મોટી .. બંગલા મોટા કર્યા. મોટો પરિગ્રહવંત છે. પણ આ વિકૃતના રાગને પોતાનો માને એ કેવો અપરિગ્રહવંત છે? એ મિથ્યાત્વ એ જ મોટું પરિગ્રહ છે. કહો, સુજાનમલજી! આહા..હા..! આ તો ત્યારે વાત થતી હતી. અરેરે! જેને એના ઘરમાં શું નુકસાન ચાલે છે? મહાન નુકસાન એની ખબર ન મળે. અને એમ માને કે અમે તો કાંઈ લાભ કરીએ છીએ. અરેરે! એ નુકસાનમાંથી ક્યારે નીકળે? ભારે આકરું કામ છે. અનંત પુરુષાર્થ છે, ભાઈ! નાનામાં નાનો રાગનો કણ. શુભરાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ. જોકે એવો રાગ તો સમકિતીને જ હોય, એટલે કે એની પર્યાયમાં એવું આવે. વ્યવહારે તો એમ સમજાવેને. છતાં એ રાગ એ હું અને રાગ મારામાં એ બુદ્ધિ સમકિતીને હોતી નથી. આહા..હા..!

શ્રીમદ્‌માં કહ્યું છે એક ઠેકાણે મિથ્યાત્વનું સ્નાન ને સૂતક કરી નાખવું પડશે. એવું શ્રીમદ્‌માં આવે છે. યાદ રહે શબ્દ. એ મિથ્યાત્વરૂપી પાપનું સ્નાન નાહી અને સૂતક કરીને કાઢી નાખવું પડશે. એ વિના આરો નહિ આવે. એય..! જેઠાભાઈ! સ્નાન અને સૂતક બે. સ્નાન સમજો છો? મરી જાય તો સ્નાન કરે છેને? એનું સૂતક. પછી બાર દિ' સૂતક. તેર દિ'થી પછી હોય છેને? સ્નાન-સૂતક. કાઠિયાવાડી ભાષા છે. એને હશે કાંઈક. સ્નાન-સૂતક. આહા..હા..! ચૈતન્ય ભગવાન મહા જેમ ઘડામાં વર્ણ, ગંધ અને આકાર અને વર્ણ, ગંધ અને આકાર ઘડામાં અને ઘડો એમાં એ તો બરાબર વ્યાજબી છે કહે છે, પણ એવી રીતે ભગવાન આત્મામાં .. પણ એ એમ કહે તમે આ ખીચડો કર્યો છે. ખીચડો નહિ. ખીચડાને તો દાણા હોય અમુક જાતના. ઘઉં, બાજરો, અડદ, દાળ ફલાણું-ફલાણું. તમે તો કાંકરાના દાણા ભેગા કર્યા છે. પંડિત. ૨૦-૨૦ હજાર માણસ ભેગા કરે. બબ્બે ડોલર એક વ્યાખ્યાનના હોં. તે દિ' સાડા ત્રણ રૂપિયાનું ડોલર હતું. હમણાં કાંઈક ન વધી ગયું? પાંચ રૂપિયા આવે સાત રૂપિયા આપે એનું વ્યાખ્યાન સાંભળે, પણ એની કિંમત લોકો કરે. કારણ કે એમ કહે આપણે ક્યાં નવરાશ કે એટલા પુસ્તકની કિંમત ભરીએ? અને વળી પુસ્તકમાં શું કહ્યું છે? આ તો એટલો ભણેલો માણસ એક કલાકમાં આપે છે. .. ગણે નહિ. એવા એ ગણતરીવાળા હોય લોકો. ૨૦-૨૦ હજાર. એને ખર્ચ પણ એટલો થાય. .. પણ ખીચડા બધા. આહા..હા..! એ તો પુસ્તકો બબ્બે હજાર પુસ્તકો વાંચ્યા. બહુ પુસ્તકો વાંચે. ૧૬ વર્ષની ઉંમરથી મરણ સુધી. બધો ખીચડો કાંકરાના દાણા. આહા..હા..!

બાળક હો કે પંડિત હોય કે અગિયાર અંગનો ભણેલો હોય કે શેઠિયો હોય કે રાંક હોય, નારકી હોય કે પશુ હોય, દેવ હોય કે રાજા હોય, પણ જેણે ભગવાન આત્મામાં રાગ તત્ત્વ એ આસ્રવતત્ત્વ અને શરીર, કર્મ એ અજીવતત્ત્વ એ આસ્રવ અને અજીવમાં હું છું અને એ આસ્રવ અને અજીવ મારામાં છે એવી એકત્વબુદ્ધિ. આહા..હા..! ગજબ વાત કરી છેને. અહીં ભગવાનની ભક્તિમાં બેઠો હોય અને રાગ અને એકત્વ કરે. રાગથી મને લાભ થાશે. આત્માને શાંતિ મળશે. સમજાણું કાંઈ? એ ભગવાન પાસે ક્યાં અહિંસા કરી છે? ત્યાં તો ગુણાનુરાગ છે. ભાઈ! તને ખબર નથી. પરદ્રવ્યાનુસારી વૃત્તિ ઉઠી છે એ રાગ છે. પણ રાગમાં મારો એ રાગ અને હું એમાં .. રાગ આમાં નહિ, તો આ રાગ કરે છે કોણ? ભાઈ કરે છે ત્યાં સુધી અજ્ઞાનભાવ એ જ કરે છે. કળશટીકામાં આવે છેને. કરે ત્યાં સુધી એ જ કરે છે. ..રાગ એનું કર્તવ્ય અને એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બાર વ્રતના ભાવ, પંચમહાવ્રતના ભાવ એ તો ધર્મ માને લોકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વ્યવહારધર્મ કહ્યો છે. નિશ્ચયધર્મ જેને હોય એણે એવા રાગને વ્યવહારધર્મ એટલે નિશ્ચયધર્મ નહિ. સાચો ધર્મ નહિ. એને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. સમયસારમાં કહ્યું છે. સમજાણું કાંઈ? ધર્મ એ મારો નથી એ નથી આવતું? નિર્જરામાં આવે છે. ધર્મ શબ્દે પુણ્ય છે. આહા..હા..! શું થાય? એને તત્ત્વનું ભેળસેળ ક્યા કરે છે? અને તત્ત્વો ભિન્ન એને એકપણે કઈ રીતે માને છે ખબર ન મળે. અંતરંગ પરિણામ અને બાહ્ય એ દશા શરીરાદિ, વાણી આદિ બધી. એ બધા જીવના સ્વભાવથી વિરૂદ્ધ ભાવવાળા તેથી ભગવાન આત્માનો પણ એમાં તિરસ્કાર કરનારા એ તિરસ્કાર કરનારા એ મારા અને તિરસ્કાર કરનારામાં હું. ભારે વાત છે. ભગવાન પોતે આમ કહે. મુનિઓ એમ કહે. અમને આહાર-પાણી દેવાનો ભાવ રાગ છે અને રાગ આત્માનો છે. આહા..હા..! .. છે. સમજાણું કાંઈ? અને એ રાગથી પરંપરા આત્માને લાભ થશે. આ શાસ્ત્રમાં આવે કેટલું જુઓ વ્યવહાર પરંપરા. પાછા આમાં એમ લખ્યું જુઓ. પ્રસ્તાવનામાં બીજું કેટલું ઘણું સારું લખ્યું છે. આ નયચક્રની પ્રસ્તાવના કરી છેને. કેટલું લખાણ છે. પાછું ઓલું.. એનું રાખીને વાત કરી છે. પાછું ઓલું રાખ્યું છે. જુઓ, શુભયોગને પણ ધર્મ પરિણત કીધો છે. ઓહો..હો..! આ તે કેવું? પણ ધર્મ પરિણતિ જીવ એટલે કે અકષાયવાળો જે જીવ છે એને જો શુદ્ધોપયોગ હોય તો મોક્ષ જાય. એ જીવને જો શુભોપયોગ હોય તો સ્વર્ગ જાય. એમ વાત છે. ત્યારે શુભોપયોગ તે ધર્મપરિણત એ અમૃતચંદ્રાચાર્યે કહ્યો છે, કુંદકુંદાચાર્યે કહ્યો છે. હવે શું કરવું એમાં? કૈલાસચંદજી જેવા. પછી કેટલીક વાત નાખી છે ઘણી આ નિશ્ચયની. આ બધું ચાલ્યું ખરુંને. બહાર આવ્યું એટલે ઘણું નાખ્યું છે આમાં. એ દ્રવ્યસંગ્રહમાં, પરમાત્મપ્રકાશ, પ્રવચનસાર, પંચાસ્તિકાય..

મોક્ષમાર્ગ તો એક જ હોય. તો એણે એમ નાખ્યું છે કે સિદ્ધાંત ગ્રંથોમાં મોક્ષમાર્ગ તો નિશ્ચય એક જ આવ્યો છે. તત્ત્વાર્થસૂત્રમાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક જ આવ્યો છે અને એ અધ્યાત્મ ગ્રંથોમાં બે ભાગ આવ્યા છે. નિશ્ચય અને વ્યવહાર. તો ત્યાં અધ્યાત્મના બે ભેદ છે? એ તો બેનું કથન છે. નિરૂપણ કર્યું. અધ્યાત્મ ગ્રંથમાં બે મોક્ષમાર્ગ અને સિદ્ધાંત ગ્રંથમાં એક મોક્ષમાર્ગ. તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ એકલું કહ્યું. મોક્ષમાર્ગ તો એક જ છે એમ સ્પષ્ટ કર્યું છે. પણ આ પાછા ગોટો વાળે. આહા..હા..! અને વર્તમાનમાં લોકો અસંયમમાં બહુ જાય છે માટે એને સંયમનો ઉપદેશ આપે છે એ ઉચિત છે. પણ. પણ પછી પણ કહે છે. સમ્યગ્દર્શન વિના એ સંયમ સંયમ કહી શકાય નહિ. અરેરે! આવું. હવે બધી વાતું થવા માંડી હોં. આહા..હા..! ઘણું ભર્યું છે. વાંચ્યું છેને પ્રસ્તાવનામાં. આખી ૪૨ પાનાની છે. વાંચીએ તો ખરા. ઓલા ભણેલા શું નાખે છે. આ તો આટલું બહાર આવ્યું છતાં શું લખે છે? આહા..હા..! ભાઈ! એક પણ અંશની ભૂલ નહિ ચાલે ત્યાં. સમજાણું કાંઈ? પહેલેથી લખ્યું હતુંને એ પ્રમાણે નાખ્યું છે. એ ગાથાનો અર્થ એવો જ કર્યો છે. શુભયોગવાળો પણ ધર્મ પરિણત છે. હવે ધર્મ પરિણત છે એને શુભયોગ હોય એની વાત છે. શુભયોગ છે એ ધર્મપરિણત એમ નહિ.

જેને આત્મજ્ઞાન થયું છે અને સ્વરૂપની રમણતા આનંદની લહેર ઉઠી છે એ ધર્મની પરિણતિ જેને નિર્વિકાર પ્રગટી છે. એને જો શુદ્ધોપયોગમાં આવે તો મુક્તિ થાય અને શુભરાગમાં રહી જાય તો સ્વર્ગ થાય. એ શુભરાગ ધર્મ પરિણતિ છે. એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરું કામ. એ બિચારા લક્ષ્મી નવરા પણ થાતા નથી પાપના આડે આખો દિ'. એને ધર્મ મનાવવો બાપુ! એના પરિણામમાં તો મિથ્યાત્વ આવે અને મિથ્યાત્વમાં તો નરક અને નિગોદ છે. આહા..હા..! નિગોદ જશે. ઈયળ નહિ થાય. અરે ભાઈ! તું શું કરે છો? કુદરતના નિયમમાંથી કોઈ ફેરફાર તું કર એ વસ્તુ ફરી જશે? આહા..હા..! વસ્તુનો સ્વભાવ જ આમ છે ત્યાં. એને એને બતાવો, ધર્મ કહો, ધર્મ કહો, એની મીઠાશ આપો તો પતાસામાં ઔષધ દ્વારા કડવી નાખીને પસાતું આપો. આપે છેને પતાસામાં. બાળકને આપે જરી. મીઠું મીઠું લાગે તો કડવી વઈ જાય દવા. એમ જરી શુભભાવથી ધર્મ થાય એ દ્વારા એને આપો તો કાંઈક મીઠાશ લાગે તો ધર્મ સાંભળવા રહેશે, કાંઈક ધર્મ કરશે. ચરણાનુયોગની અપેક્ષામાં એ આવે. આહા..હા..! બાપુ! અહીં તો એ ચરણાનુયોગનો શુભોપયોગ પણ કોને હોય? જેને હજી રાગના પરિણામથી મારું કલ્યાણ થશે એવી બુદ્ધિ પડી છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને વ્રત કેવા? સંયમ કેવો? તપ કેવા? અને ત્યાગ કેવા? કહો, વર્ષીતપ કરે છેને બાર મહિનાના અપવાસને. અરે! લાંઘણું છે. આહા..હા..! બંધ અજ્ઞાન બંધનું કારણ છે. બહુ સરસ વાત છે જુઓ. આહા..હા..!

'**(આત્મનો તિરસ્કાર કરનારા)...**' એ ચીજો એમાં હું અને એ મારામાં. એ પુદ્ગલ પરિણામો જ છે. સમજાણું? '**એમ વસ્તુના અભેદથી...**' વસ્તુની એકત્વબુદ્ધિ. '**જ્યાં સુધી અનુભૂતિ છે...**' એને પણ અનુભૂતિ તો કીધી. જ્ઞાન છેને. અશુદ્ધ અનુભવ. આહા..હા..! '**ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે;...**' ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. ચાહે તો શાસ્ત્ર ભણ્યો હોય અગિયાર અંગ, નવ પૂર્વ અને બબ્બે મહિનાના સંથારા કર્યા હોય, છ-છ મહિનાના અપવાસ કર્યા હોય, કરોડોના દાન કર્યા હોય, મંદિરો લાખો બનાવ્યા હોય. તમારે તો કોણ .. એનો રાગ એવો હોય. એ કરોડો કહે છે નહિ કરોડો બિંબો. સવા લાખ પ્રતિમા. બસ એટલી? કરોડ નહિ? સવા લાખ જિનબિંબ લ્યો! ત્યાં તો આહા..હા..! અસંખ્ય પ્રતિમાઓ શાશ્વત છે. ભવનપતિ, વ્યંતર, આ જ્યોતિષમાં અસંખ્ય ભગવાનની મૂર્તિઓ છે રત્નની. શાશ્વત છે. સમજાણું કાંઈ? એથી શું થયું? એની સજ્ઝાય ઈન્દ્રો, દેવો કરે ત્યાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ જાણે છે કે આ શુભભાવ છે. હેયબુદ્ધિએ કરે છે. એ આવ્યા વિના રહે નહિ. એ ભૂમિકાએ એ ભાવ આવે, પણ છે હેયબુદ્ધિ. અહીંયા તો એને પોતાનું માને છે એટલે એની બુદ્ધિ અહેય, ઉપાદેયબુદ્ધિ છે. આહા..હા..! નંદિશ્વરદ્વીપે જુઓને ૫૨ જિનાલય છેને. એક એક જિનાલયમાં ૧૦૮ પ્રતિમા રત્નની શાશ્વત. જેમ ચંદ્ર અને સૂર્ય શાશ્વત છે એમ ત્યાં જિનપ્રતિમાઓ એવી શાશ્વત આમ દેખતા જાણે બોલશે હમણાં એવું લાગે. બોલશે હમણા ધ્વનિ ઉઠશે. એવી વીતરાગમૂર્તિ રત્નની હોં! ૧૦૮ મણિરત્નના ઓલા ઓટલો. મણિરત્નનો ઓટલો હોય અને એના ઉપર ૧૦૮. આહા..હા..! પણ એ સમકિતી એને જાણે કે આ તો એક શુભભાવ ભક્તિનો છે. એ શુભભાવ પણ મને આત્મલાભ માટે નથી. અલ્પ અશુભ નથી એટલે શુભ છે. એ શાસ્ત્ર ભાષા એમ આવે કે અશુભથી બચવા માટે ભાષા એમ આવે વ્યવહારની. આહા..હા..! અહીં તો શુભ અને અશુભથી બચવાનો ઉપાય જ આત્મામાં એ નથી. અને એ આત્મા એમાં નથી. એવો બચવાનો ઉપાય ગોત્યા વિના એને સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..!

'**આત્મા અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે કોઈ વખતે, જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી...**' ઓલો ઘડાનો દાખલો હતો. હવે સવળી વાત. '**દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી...**' શું કહે છે? એ સ્વચ્છતા દર્પણની. અરીસો. સ્વને પ્રકાશે અને પરને પ્રકાશે એવી આકારની પરિણતિ સ્વચ્છતા એનો સ્વભાવ છે. '**સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે...**' રૂપી દર્પણ લેવું છેને આ? દર્પણ તો રૂપી હોયને એટલે '**રૂપી દર્પણની...**' એમ. ચૈતન્ય દર્પણની અહીં નથી વાત. '**ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે...**' જુઓ, અરિસામાં જે દેખાય છે

જે ઉષ્ણતા અગ્નિ. એ અગ્નિ નથી. સમજાય છે કાંઈ? એ તો અરિસાની સ્વચ્છતા છે. ઉષ્ણતા અને અગ્નિ તો ભિન્ન છે. સમજાણું કાંઈ? દેખાય અગ્નિ આમ. અગ્નિ છે તો ઉષ્ણતા હોવી જોઈએ. અગ્નિ અને ઉષ્ણતા તો આમ રહી. એ '**સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે...**' એ તો અરિસાની સ્વચ્છતામાં સ્વ અને પરનો ભાસ થાય એવું એનું સ્વરૂપ સ્વચ્છતાનું છે. એમાં કાંઈ ઉષ્ણતા અને અગ્નિ આવી નથી. આહા..હા..! જુઓને કેવી રીત..

'**ઉષ્ણતા અને જ્વાળા અગ્નિની છે તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા જ છે...**' ભગવાન જાણવા-દેખવાના સ્વભાવવાળો એ પોતાને જાણે. રાગ, પુણ્ય, વ્યવહાર શરીરાદિને જાણે. એને જાણે એ તો વ્યવહારથી સમજાવું છેને પરને જાણે, પણ એ પોતાને અને પરને જાણવામાં પોતાના સત્‌સ્વભાવનો ધર્મ છે એમાં સ્વને-પરને જાણવું એ પોતામાં છે. એ જ્ઞાતૃતા છે. સમજાણું કાંઈ? એવો રાગ થાય તેવું અહીં જ્ઞાન થાય. એ જ્ઞાનમાં રાગ જણાણો એ ખરેખર તો જ્ઞાનનું જ્ઞાન જણાણું. પણ અજ્ઞાનીને એમ લાગે કે આ રાગ ભાસ્યો, એ મને રાગ થયો, એ મને થયો. ખરેખર તો રાગનું પોતા સંબંધીનું પરપ્રકાશક જ્ઞાન પોતામાં થાય છે. સમજાણું કાંઈ? રાગ એમાં થતો નથી. અરિસામાં અગ્નિ આવતી નથી. એમ ચૈતન્ય અરિસામાં એ દયા, દાન, પુણ્ય-પાપના પરિણામ આવતા નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ પોતાનો સ્વભાવ જ ચૈતન્ય એવો છે. સ્વ-પરને જાણનારી જ્ઞાતૃતા. જ્ઞાતાપણું જ છે એ તો જ્ઞાતાપણું જ છે.

રાગને જાણે, પરને જાણે અહીં તો લેવું છેને ભેગું? સ્વપરને જાણવું એ જ્ઞાતૃત્વ સ્વભાવ પોતાનો છે. પણ એ પરની અપેક્ષા બતાવવી છેને? રાગ જાણ્યો. કીધુંને પહેલું વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ૧૨માં. હો, એને જાણવું અને પોતાનું જાણવું એ પોતાની જ્ઞાતૃતા છે. એ વ્યવહાર પોતાનો નથી. જેમ અરિસાની અગ્નિ નથી. અગ્નિ હોય તો ઉષ્ણ થવું જોઈએ. અરિસામાં તો ઉષ્ણતા છે નહિ, જ્વાળા દેખાય. એ તો અરિસાની સ્વચ્છતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને ઉષ્ણતા તો અહીં રહી. જેમ પુણ્યના-પાપના ભાવ આદિના આખા સ્વપરને જાણવું એવી જ્ઞાતૃતા તો પોતાની પોતાથી છે. એમાં કાંઈ રાગને લઈને એ છે. એમ નથી. તેમ રાગને જાણ્યો એમ નથી, તેમ રાગ જાણ્યો એમાં માટે રાગ અહીં આવી ગયો છે એમ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ચૈતન્યના પ્રકાશમાં સ્વ-પરને જાણનારી જ્ઞાતૃતા છે.

'**અને કર્મ તથા નોકર્મ પુદ્‌ગલનાં છે...**' જેમ ઓલી અગ્નિ અને ઉષ્ણતા અગ્નિની છે. એમ ચૈતન્ય અરિસામાં સ્વ-પરને જાણવાની જ્ઞાતૃતા પોતાની છે. પણ રાગ દયા, દાન,

પુણ્ય, શરીર એ બધા પુદ્‌ગલના છે. આહા..હા..! લ્યો આવું કહેશે તો આ પછી આ બધા ગણતરી મોટી થાય છે. ધર્મમાં આ ધર્મ છે અને પછી આને તમે અધર્મ કહો છો. અરે! ભગવાન તને.. આહા..હા..! એ એકત્વબુદ્ધિના લાકડા ખોસ્યા છેને ત્યાં સુધી એને આકરું લાગે. અરેરે! આવા પરિણામ! જુઓ, ભગવાનની ભક્તિમાં રાગ ક્યાં આવ્યો? રાગ તો બાયડી, છોકરા, ધંધામાં રાગ આવે. રાગ ન આવ્યો તો વીતરાગતા આવી ભગવાનની સામું જોતાં? પરદ્રવ્ય અનુસારી વૃત્તિ એ વીતરાગ છે? આહા..હા..! સમજાણું કાંઈ? ઓલાને ઘડાનો દાખલો આપ્યો, આને અરિસાનો આપ્યો સહેલું કરવા.

ભાઈ! અરિસામાં સ્વ-પરને દેખવાની સ્વચ્છતા જ એની છે. છેને? સ્વપરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા એમ. એનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા અરિસાની. અને અહીં સ્વ-પરને જાણનારી જ્ઞાતૃતા. બસ. સમજાણું કાંઈ? અરિસામાં સ્વ અરિસાની દશા અને અગ્નિ આદિ જે હોય સામી, બરફ હોય, નાળિયેર હોય, સોનું હોય, આ વીંછી હોય લ્યોને સામે. દેખાય આમ. અત્યારે દેખાય છે બરાબર. વીંછી છે ત્યાં? .. ઓળખતા નથી. અરીસો હોય ને અરીસો એમાં દેખાય. સામે ચકલી છે. કાંઈ ચકલા નથી. એ તો અરિસાની અવસ્થા છે. પણ પાછી ઊંચી થાય તો ત્યાં પણ ઊંચુ થાય. મારા સારા હું ઊંચો થાવ તો એ ઊંચો થાય છે. પણ એ તો અરિસાની સ્વચ્છતા છે. એ .. ત્યાં ક્યાં હતો? આહા..હા..! સિંહમાં પણ એમ થાય છે. કૂવામાં જોવે તો બીજો દેખાય, આમ કરે તો ઓલો આમ કરે. કોણ છે ત્યાં? આહા..હા..! વાંદરાનો દાખલાનું શું કાંઈ નામ છે હરિભાઈ! વાંદરાનો ઓલો. એ તો ઓલામાં આવ્યું છે. મેં આ દાખલો આપ્યો માટે ઓલો .. એમાં ઈનામ મારે જોઈતું નથી. અમે ઈનામની આશા ન હોય હવે ભાઈ . એવું લખવાનું શું કામ છે? આ વાંદરાનો દાખલો ભાઈએ લખ્યું છેને હરિભાઈએ એમાંથી કોકે નાખ્યું છે. કૂવામાં આમ દેખાય છે સિંહ. આવ્યો છે દાખલો એમાં સમ્યગ્જ્ઞાન દીપિકામાં. કૂવો-કૂવો. આમ મોઢું દેખાય. ત્યાં સિંહ છે? પાણીની સ્વચ્છતા છે એમાં. કહો, શેઠ! સિંહ છે એમાં? દેખાય છેને. શું દેખાય છે? એ તો પાણીની સ્વચ્છતા દેખાય છે. ભ્રમણા. જ્ઞાનમાં આવી ગયું આ .. આ ફલાણા, આ ઢીકણી, આ મારું. દેખાય છે ત્યાં કહે મારું. પણ ક્યાં દેખાય છે સાંભળને. ક્યાં ગરી ગયું છે તારું? આહા..હા..!

દાખલો કેટલો સ્પષ્ટ આપ્યો છે! અરિસાની સ્વ-પરના આકારનો પ્રતિભાસ. પ્રતિભાસ કરનારી સ્વચ્છતા. ઉષ્ણતા જ્વાળા તો અગ્નિની છે. કાંઈ અરિસાની નથી. એમ ભગવાન આત્માની જાણવાની શક્તિ સ્વ-પરને જાણવાની શક્તિ જે પર્યાય એ તારી છે. અને પુણ્ય અને પાપના ભાવ અને નોકર્મ શરીરના ભાવ બધા પુદ્‌ગલના છે. ભાસે તો જેવું હોય એવું ભાસે અંદર. ભાસે ત્યારે એમ થઈ જાય કે આ મને થયું. થયું છે એ સંબંધીનું જ્ઞાન અને

તે સમયે તો સ્વ-પરપ્રકાશક હોય એવું જ્ઞાન થાયને? આમ કેમ ભાસે છે? દ્વેષ કેમ ભાસે છે? એ વખતે જ્ઞાનનો પર્યાય જેવો હોય એવું ભાળે કે શું બીજું ભાળે? આહા..હા..! આવા રાગના પરિણામ થયા આકરા. સમજાણું? એ પરિણામ રાગના છે એ તારામાં ક્યાં છે? તારો તો જાણવા-દેખવાનો સ્વ-પરનો સ્વભાવ છે. એ તારા અસ્તિત્વમાં એ આવ્યું છે. રાગાદિ પરિણામ તો પુદ્ગલના પરમાં રહ્યા છે. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

'**કર્મ તથા નોકર્મ...**' કર્મમાં બેય નાખી દીધા. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. '**કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી...**' કા આમ પોતાથી અનુભવે, જાણે '**અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...**' લ્યો! '**પરના ઉપદેશથી...**' પરના ઉપદેશમાં એ જ આવ્યું હતું. કે વ્યવહારરત્નત્રયનો રાગ એ તારો નહિ, એ તારામાં નહિ. આહા..હા..! આકરું ભારે કામ ભાઈ! આ ધર્મો હશે? .. છે, અજ્ઞાન છે એનું. બે ભાગ પાડતા એકલો જ્ઞાન તે આત્મા અને રાગાદિ બધું અજ્ઞાન છે. આ જ્ઞાન એમાં નથી એટલે અજ્ઞાન છે. આહા..હા..! આવો ઉપદેશ ભારે ઝીણો પડે મૂળચંદભાઈ! આમાં ઝાઝા ભેગા થાય. થાય ન થાય એને શું? સત્ય તો આ છે. માને, ન માને એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! અને લોકોને પસંદ પડે કે ન પડે એથી કાંઈ આગમનું રહસ્ય જે છે એ કાંઈ ગોપવાય? બધાને પસંદ પડે એવી કઈ ચીજ છે જગતમાં? એવી કોઈ ચીજ જ નથી. આહા..હા..!

'**પોતાથી અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...**' એમ. એ રાગ વિકલ્પ જે દયા, દાન અને વ્યવહારરત્નત્રયનો એનાથી હું જુદો, એ મારામાં નહિ અને મારાથી નહિ અને એમાં હું નહિ. '**એવી અનુભૂતિ ઉત્પન્ન થશે...**' એવું ભાન થશે '**ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે.**' લ્યો! ત્યારે તે જ્ઞાન ધર્માત્મા થશે. આપણે પણ અહીં પૂરું થયું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૭, રવિવાર, તા. ૦૬-૦૨-૧૯૭૨**
**ગાથા-૧૯, કળશ-૨૧, પ્રવચન-૯૧**

૧૯મી ગાથાનો ભાવાર્થ. જીવ અને અજીવ અધિકાર છે. કેવો જીવ જાણ્યે જીવ જાણ્યો કહેવાય અને કેવો જીવ ન જાણે તો એને અજ્ઞાન કહેવાય. એ વાત ચાલે છે. શિષ્યે પૂછયું છે કે આ અજ્ઞાની ક્યાં સુધી રહેશે. આત્મા અનાદિનો અજ્ઞાની છે તો એ અજ્ઞાની રહેશે ક્યાં સુધી? એના ઉત્તરમાં ગાથા છે આ. ભાવાર્થ છેને? '**જેમ સ્પર્શાદિમાં પુદ્ગલનો...**' શું કહ્યું આ? કે સ્પર્શ, રસ, ગંધ અને રંગ એમાં પુદ્ગલ છે. અને પુદ્ગલમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ છે. એ તો બરાબર છે. એ '**અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે,...**' એ તો બરાબર છે. '**તેમ જ્યાં સુધી આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે...**' આત્મા ચિદાનંદ સ્વરૂપ છે આનંદ અને જ્ઞાતા-દૃષ્ટા છે. એવા આત્મામાં પુણ્ય-પાપના ભાવકર્મ, જડ કર્મ અને શરીર. એમાં હું છું, નોકર્મમાં આત્માની. એમાં હું છું એમ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવમાં હું છું. શરીરની ક્રિયા ચાલે એમાં મારો અધિકાર છે એથી ચાલે છે. એમ જ્યાં સુધી શુભ-અશુભભાવ અને કર્મ અને શરીર એમાં હું છું અને એ મારામાં છે. આ આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે. મારામાં પુણ્યના દયા, દાનના ભાવ મારામાં છે. શરીરની ક્રિયા પણ મારાથી થાય છે. એવો જ્યાં સુધી ભ્રમ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. કહો, સમજાણું કાંઈ?

'**બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે;...**' અજ્ઞાની છે. એને આત્માનું ભાન નથી. કારણ કે આત્મા તો પુણ્ય-પાપના રાગરહિત છે, શરીરરહિત છે અને કર્મથી રહિત છે અને ત્રણે ભાવથી રહિત.. કહો, સમજાણું કાંઈ? ત્યાં સુધી અજ્ઞાની છે એ.

મુમુક્ષુ :- કર્મનો ઉદય..

ઉત્તર :- ઉદયમાં હું છું અને ઉદયને લઈને મને વિકાર થાય છે. મને વિકાર થાય છે. ત્યાં સુધી ભ્રાંતિ છે. આહા..હા..! કહો, શેઠ! હું બીડીવાળો છું, તમાકુવાળો છું, ધંધાવાળો છું એ તો મોટી મૂર્ખાઈ છે કહે.

મુમુક્ષુ :- મૂર્ખાઈ ક્યાં કીધી? અહીંયાં તો ભ્રાંતિ કીધી.

ઉત્તર :- ભ્રાંતિ કહો કે મૂર્ખાઈ કહો એમાં ફેર હશે? અપ્રતિબુદ્ધ કહો.

મુમુક્ષુ :- અપ્રતિબુદ્ધ શબ્દ સારો લ્યો.

ઉત્તર :- મીઠો પણ અપ્રતિબુદ્ધ એટલે મૂર્ખ. આહા..હા..!

મુમુક્ષુ :- એ જરા કડવું લાગે.

ઉત્તર :- કડવું લાગે. આહા..હા..!

ભગવાન આત્મા એ તો જ્ઞાન અને આનંદનું ધામ છે. એ આત્મા ભાવકર્મ નામ વિકારી શુભાશુભભાવ, જડકર્મ આઠ અને નોકર્મ શરીર, વાણી એમાં મારું અસ્તિત્વ છે. એમ માને છે અને એનું અસ્તિત્વ મારામાં છે. કહો, સમજાણું કાંઈ? ત્યાં સુધી જીવ અપ્રતિબુદ્ધ નામ મૂર્ખ છે. મિથ્યાદૃષ્ટિ અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને જ્યારે તે એમ જાણે...**' અને જ્યારે તે એમ જાણે એમ. '**કે આત્મા તો જ્ઞાતા જ છે...**' એ તો ચૈતન્યબિંબ પ્રભુ છે. જાણનાર-દેખનાર ભાવ-સ્વભાવવાળો છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના વિકલ્પવાળો નથી. શરીરવાળો નથી, કર્મવાળો નથી, બીજાને દયા પાળવાના ભાવવાળો એ નથી. બીજાની દયા પાળનારો નથી અને બીજાના દયાનો ભાવ રાગ થાય એ વાળો પણ જીવ નથી. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

'**એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે...**' જાણનાર-દેખનાર જ છે '**અને કર્મ-નોકર્મ પુદ્ગલનાં જ છે...**' એ શુભ-અશુભભાવ, પરની દયા પાળવાનો ભાવ, હિંસાનો ભાવ, જૂઠાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ એ બધા પુદ્ગલના છે. પુદ્ગલના છે. '**ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.**' ત્યારે જ તે જ્ઞાની થાય છે. સમજાણું કાંઈ? એનો દૃષ્ટાંત આપે છે. '**જેમ અરીસામાં...**' ઓલો પુદ્ગલનો દાખલો પહેલો આપ્યો હતો પછી સિદ્ધાંત. આ '**અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય...**' અરીસામાં. અરીસો છે શીશો. એમાં અહીં અગ્નિ છે, એમાં એ જ્વાળા દેખાય. '**ત્યાં એમ જણાય કે 'જ્વાળા તો અગ્નિમાં જ છે,...''** એ જ્વાળા જે દેખાય છે એ જ્વાળા અગ્નિની છે. આમાં દેખાય તે અરિસાની છે. સમજાણું કાંઈ? અરિસામાં જે દેખાય અગ્નિની જ્વાળા એ તો અરીસાની સ્વચ્છતાની છે. એમાં અગ્નિ છે નહિ. એ જ્વાળા એ તો અગ્નિની જ્વાળા છે. સમજાણું કાંઈ? '**જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી,...**' અગ્નિની જ્વાળા આમ આમ થાય એ અરીસામાં પેઠી હોય તો અરીસાને હાથ અડાડે તો ઉનું થવું જોઈએ. અગ્નિ નથી અરીસામાં. ત્યારે શું છે અંદર? એ તો અરીસાની સ્વચ્છતા છે. અગ્નિ નથી. અગ્નિની દશા ત્યાં નથી. એ તો અરીસાની અવસ્થા છે.

'**જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી, અરીસામાં દેખાઈ રહી છે...**' અરીસામાં જે પીળા આદિ આમ આમ જ્વાળા દેખાય છે '**તે અરીસાની સ્વચ્છતા**

**જ છે;...**' એ તો અરીસાની નિર્મળતા છે, અરીસાની અવસ્થા છે, અરીસામાં એનું અસ્તિત્વ છે. અગ્નિનું અસ્તિત્વ આમાં નથી. એમ અગ્નિના અસ્તિત્વમાં આ અરીસાની અવસ્થા છે નહિ. બે ભિન્ન-ભિન્ન છે. આહા..હા..! ભારે! '**તે પ્રમાણે કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...**' પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, કમાવું, રળવાનો વિકલ્પ એ ભાવ તે આત્માના ચૈતન્યના પ્રવેશમાં નથી. ચૈતન્યના પ્રદેશ અને એના ભાવમાં નથી. એ તો ભિન્ન છે. ભારે વાત! સમજાણું કાંઈ? કર્મ અને નોકર્મ. કર્મ શબ્દે બેય લેવા--દ્રવ્ય કર્મ અને ભાવકર્મ. પુણ્ય-પાપના ભાવ વિકલ્પ, શુભ-અશુભ રાગ એ તો પુદ્‌ગલના છે. જેમ ઉષ્ણતા અગ્નિની છે, એમ પુણ્ય-પાપના ભાવ પુદ્‌ગલના છે. ત્યારે કહે જ્ઞાનમાં જણાય છેને? આત્માની જ્ઞાનસ્વછતા જ એવી છે કે જેમાં જ્ઞાનનું પ્રતિબિંબ પડતા જ્ઞેયનું પ્રતિબિંબ પડ્યું. અહીંયાં રાગ થાય એમાં પ્રતિબિંબ પડે છે. પ્રતિબિંબ એટલે? તે રાગ સંબંધીનું અહીં જ્ઞાન થાય છે. રાગ થયો એ સંબંધીનું અહીં જ્ઞાન થાય છે. એ જ્ઞાનની પર્યાય આત્મામાં છે અને રાગની પર્યાય આત્મામાં નથી. અરીસો સમજાણું?

'**આત્માની જ્ઞાન-સ્વચ્છતા જ એવી છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય;...**' છે. અરીસામાં જેમ અગ્નિની જ્વાળા આવી નથી. ફક્ત અગ્નિની જ્વાળાનું નિમિત્ત અને અરીસાની સ્વચ્છતાના ઉપાદાનમાં પોતાની નિર્મળદશા. એમ પુણ્ય અને પાપના ભાવ એ નિમિત્ત અને જ્ઞાનમાં તે સંબંધીનું જ્ઞેયાકારરૂપી જ્ઞાન પરિણમે એ જ્ઞાનની અવસ્થા છે અને પુણ્ય-પાપના પરિણામ એ તો પુદ્‌ગલ છે. આહા..હા..! હજી તો આ શરીર પુદ્‌ગલ છે એ બેસવું કઠણ પડે છે.

મુમુક્ષુ :- એ તો જીવતું શરીર છે.

ઉત્તર :- જીવતું શરીર. જીવીત શરીરની ક્રિયાથી જીવતર.. ધર્મ થાય કે નહિ? અરરર! અહીં તો કહે છે ભગવાન! એકવાર સાંભળ પ્રભુ! શાંત થા ભાઈ! આહા..હા..! અરીસો જેમ સ્વચ્છ અને નિર્મળ છે એમાં સામે જે અગ્નિ હો, બરફ હો, નાળિયેર હોય, હળદર હો, મરચા હો કે સોનું હો કે વીંછી હો કે સર્પ હો. એ અરીસામાં જે જણાય છે એ તો અરીસાની અવસ્થા છે. એ સર્પ અને વીંછી આમ દેખાય અંદર. આ ચકલા નથી થતા જુઓને અરીસામાં. અરીસો હોય છેને. આમ ચાંચ મારે. અંદર એક છે. ઊંચું થાય તો ઓલું ઊંચું થાય. મારું સામે ચાલે છે કહે? ત્યાં ક્યાં ચકલું હતું અંદર? એ તો અરીસાની અવસ્થા છે.

મુમુક્ષુ :- .. ધર્મ પળાય

ઉત્તર :- તો ભ્રમદશા. એ તો અરીસાની અવસ્થા છે. અહીં ચકલું જે અંદર દેખાય છે એ અરીસું ચકલું નથી. એ તો અરીસાની અવસ્થા છે. આહા..હા..! એ ચકલાના બે

ક્યાંથી થઈ ગયા? ચકલું ચકલામાં છે, અરીસો અરીસામાં છે. એમ ભગવાન આત્મા. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી અરીસો છે એ તો. એમાં પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રતના પરિણામ કે શરીરની થતી તે કાળની તેની ક્રિયા તેનું અહીંયાં જ્ઞેયનું જ્ઞાન, જ્ઞાનની અવસ્થામાં પોતાની સ્વચ્છતાના કારણે અને સ્વપરપ્રકાશકના સામર્થ્યને કારણે એ જાતનું જ્ઞાન અહીંયાં થાય. એ જાતનું પણ છે પોતાની જાતનું હોં! એ જાતનું તો નિમિત્તથી કહ્યું. આહા..હા..! જ્ઞાનમાં એમ જ જણાય. આ રાગ છે, આ દ્વેષ છે, આ છે. પણ એ રાગ-દ્વેષ કાંઈ જ્ઞાનમાં આવ્યો નથી. આહા..હા..! ભારે ઝીણું! હવે આ વ્રત અને ભક્તિ કરનારાને ખબર નથી કે આ વ્રતના વિકલ્પ મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? વ્રતના વિકલ્પ મારામાં છે એ માનનાર તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! જેણે વ્રતના વિકલ્પને પણ પુદ્‌ગલ તરીકે જાણ્યો છે. હું એનો જાણનાર કહેવું એ વ્યવહાર છે, પણ મારા જ્ઞાનમાં જ તે કાળની સ્વ અને પરને જાણવાની સ્વચ્છતાની નિર્મળતામાં એ જાતનું જ્ઞાન રાગનું જણાય છે એ તો મારું અસ્તિત્વ છે. રાગ નહિ. અને રાગ છે માટે અહીં રાગનું જ્ઞાન થાય છે એમ પણ નહિ. અને જેવો રાગ થાય એવું જ અહીં જ્ઞાન થાય, માટે રાગને કારણે જ્ઞાન થયું છે એમ પણ નહિ. અરે! ભારે ઝીણું! સમજાણું કાંઈ? આ કરવાનું તો આ છે એને. હવે આ કરે નહિ ભેદજ્ઞાન અને અભેદ માનીને ધર્મ કરે અને થાય (એમ નથી). આહા..હા..!

**'આત્મામાં નથી પેઠાં;...'** કાંઈ એ. પુણ્ય અને પાપના વિકલ્પ. અરે! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ આત્મામાં પેઠો નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ચૈતન્ય અરીસો છેને. એનામાં સ્વ-પરને જાણવાની તાકાત છે. એ પોતાને કારણે એ તાકાત છે. રાગ ને દયા, દાનના વિકલ્પ આવ્યા માટે અહીં જ્ઞાન થયું એમ પણ નહિ, એ વિકલ્પ મારામાં છે એમ પણ નહિ, વિકલ્પ સંબંધીનું જ્ઞાન એ એના સંબંધીનું જ્ઞાન એમ પણ નહિ. એ તો મારા સ્વ-પર પ્રકાશકના જ્ઞાન સંબંધીનું જ્ઞાન છે. આહા..હા..! આમ જ્યાં સુધી ભેદજ્ઞાન ન કરે ત્યાં સુધી અજ્ઞાની છે. સમજાણું કાંઈ? બહુ ઝીણો આવો ધર્મ. આ કરતા તો દાન કરીએ ધર્મ થાય ફડાક દઈને અંદર લ્યો. દયા પાળીએ તો ધર્મ થાય, અહિંસા પરમો ધર્મ. કઈ અહિંસા? પોતામાં રાગનો વિકલ્પ જે પુદ્‌ગલ થાય પરની દયાના ભાવનો, એને પણ જાણવાનું જ્ઞાન મારાથી મારામાં થયું છે એવી જે જ્ઞાનની દશા થવી એનું નામ અહિંસા પરમો ધર્મ છે. મૂળચંદભાઈ! આવું છે આ. કોઈ દિ' સાંભળ્યું ન હોય ત્યાં. મુંબઈમાં ક્યાં હતું ત્યાં? દહેગામમાં, દહેગામ શું દાહોદ. આહા..હા..! દાહોદમાં તો બે ભાગ છે. દોહદ. બેહદ. એક આ મારવાડની અને એક ગુજરાતની. એકકોર પુદ્‌ગલની અને એકકોર આત્માની આ બેહદની વાત થાય છે. આહા..હા..!

**'આત્માની જ્ઞાન-સ્વચ્છતા જ એવી જ છે કે...'** એવી જ છે કે **'જેમાં જ્ઞેયનું**

**પ્રતિબિંબ દેખાય;...**' છે. વ્યવહારથી સમજાવું છેને? એ રીત એમાં દેખાય છે. જ્ઞેયનું પ્રતિબિંબ. બિંબ એ કહેવાય. સામું. પુણ્ય-પાપના વિકલ્પ એ બિંબ. અહીંયાં જ્ઞાનનું પરિણમન એ પ્રકારે થાય એનું નામ પ્રતિબિંબ. પણ એ થયું છે એ પોતાને કારણે થયેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધીરજ જોઈએ આમાં તો ભાઈ! આ તો ધીરજના કામ છે, આ કાંઈ.. અંતરમાં જ્ઞાનરૂપી અરીસો પ્રભુ. કહે પણ આ રાગ જણાય જાય છેને એટલે જ્ઞાન મેલું થયું? રાગને જાણ્યું, કોલસાને જ્ઞાન જાણે એટલે જ્ઞાન કાળું થાય છે? હળદરને જાણે. હળદર કહે છેને. પીળી. શું કહે છે? હલ્દી. તો હળદરને જ્ઞાન જાણે તો જ્ઞાન પીળું થઈ જાય? મીઠાને જ્ઞાન જાણે નમકને એટલે જ્ઞાન ખારું થઈ જાય? અફીણને જ્ઞાન જાણે તો જ્ઞાન કડવું થઈ જાય? એમ રાગને જ્ઞાન જાણે એટલે જ્ઞાન રાગમય થઈ જાય? એમ દ્વેષને જ્ઞાન જાણે એટલે જ્ઞાન દ્વેષમય થઈ જાય? એમ દયાના ભાવને જ્ઞાન જાણે તો જ્ઞાન દયામય થઈ જાય? સમજાણું કાંઈ? અને ક્રોધના ભાવને ક્રોધનો ભાવ આવ્યો એ પુદ્ગલ છે. એને જ્ઞાન જાણે એટલે કાંઈ જ્ઞાન ક્રોધમય થઈ જાય? આહા..હા..! ઈચ્છાને જ્ઞાન જાણે એથી કાંઈ જ્ઞાન ઈચ્છામય થઈ જાય? એ તો જ્ઞાનનો સ્વભાવ છે. રાગથી ભિન્ન પડ્યા વિનાનો સ્વભાવ છે. રાગથી એકત્વ છે જ્ઞાન એ તો જ્ઞાન જ નથી, એ તો અજ્ઞાન છે. આહા..હા..! એવું કઠણ ઘણું.

પહેલાની વૈરાગ્યની વાત આજ કડી હતી આવી હતીને રસ્તામાં. પહેલી એવી સાંભળતા ભાઈ! પહેલા વૈરાગી વાતું સાંભળતા. આ .. ગયા હતાને બરવાળા. કવિ હતા. પહેલા કોઈ વખત પાલેજથી આવી હતી. તો આજે આવી. ઘણીવાર જોયેલા. ક્યાં જયંતિભાઈ આવ્યા છે કે નહિ? ગયા? સવારમાં હતા જયંતિભાઈ. ભાવનગરવાળા. ત્યાં ઉમેચંદજી હતા. તમે તો હમણા આવ્યા. ઉમેચંદજી હતા. કવિ હતા હોં. પછી એક ગાયન જોડ્યું હતું મોટું. પુસ્તક રાખતાને બધું વાંચતા. એની એક કડી એવી હતી. કડી. બધી વાતું વૈરાગ્યની. તત્ત્વની તો ખબર ન મળે. એને ખબર ન મળે કરનારને. 'કહે મહાત્મા, કહે મહાત્મા સુણ આત્મા કહું વાતમાં.' સમજાણું કાંઈ? 'કહે મહાત્મા સુણ આત્મા કહું વાતમાં.' વાતમાં કહું તને. 'વાતમાં વિતક ખરી.' વિતક. આ વીતી ગઈ અનંતકાળમાં શું એ. વિતક સમજો છો? અત્યાર સુધી શું થયું. વિતેલી. અત્યાર સુધી વીતેલી. 'સંસાર સાગર...' એવું આવ્યું છે. ભૂલી ગયો. ત્યાં નહોતું કહ્યું? 'સંસાર સાગર દુઃખ ભર્યામાં અવતર્યા કર મેં કરી.' લ્યો આવ્યું. 'જ્યાં કષ્ટ કોટી અસહ્ય ભરપૂર, પાપ પામર પ્રાણીના, પામેલમાં માનવ જિંદગીની કદર અંતર વાણીના.' આટલું એક પદ આવતું પહેલા .. વાત સારી કરે છે. 'પામેલ માનવ જિંદગની કદર અંતર આણી ના.' અંતર કદર કરતા ન આવડી. આ રળવું, ખાવું, માન અને સન્માન. એમાં મનુષ્ય જિંદગી ગુમાવી દીધી. 'પામેલ માનવ જિંદગીની કદર અંતર આણી ના.' અરે! તું

કોણ છો? એને તો ત્યાં હતું. સમજાણું કાંઈ?

આત્મા અરીસો ચૈતન્ય ભગવાન બિંબ. ચૌદ બ્રહ્માંડ ત્રણકાળ, ત્રણલોક જ્ઞેય. એ જ્ઞેયનું જ્ઞાન અહીંયાં પોતાને કારણે સ્વકાળમાં જ્યારે થાય ત્યારે જેવું છે તેવું જ અહીં જણાય. આ જ્ઞાન કોને જાણે? જ્ઞાન અવળું જાણે? કે આ પરિણામ કેવા આવ્યા? આ પરિણામ કેવા? પણ એ પરિણામનું જ્ઞાન તારામાં થયું તે કાળે એને જોને. એને જોવે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ ક્યાં પડી કોને ખબર. એક એક પળમાં આખો આત્મા ડૂબાડી દીધો છે. એ રાગનો કણ મારો અને રાગના અહીં અસ્તિત્વની વાત છેને. જીવ અસ્તિત્વની વાત છે. કર્તાકર્મની પછી. અસ્તિત્વની જીવ-અજીવની વાત છે. એટલે રાગનો કણ નાનામાં નાનો દયાનો, વ્રતનો, વિકલ્પ આદિ કહે છે કે એ વિકલ્પનું જ્ઞાન થાય એ તો એનો ચૈતન્યનો સ્વ-પર પ્રકાશક સ્વભાવને લઈને. પણ એ ઉપરાંત જઈને એ વિકલ્પ મારો છે અને એ વિકલ્પમાં મારો કાંઈક ભાગ છે જ્ઞાનનો. મારો કોઈ અંશ છે એ. સમજાણું કાંઈ? મિથ્યાબુદ્ધિ અજ્ઞાનબુદ્ધિ છે કહે. એને જડ અને ચૈતન્યની વહેંચણીની ખબર નથી. આહા..હા..! કહો, જેઠાભાઈ! આહા..હા..!

ખરેખર તો એ અચેતન છે. જીવ-અજીવ અધિકાર છેને. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ વિકલ્પ છે અને એમા ચેતનનો અંશ નથી. છતાં હું એમાં છું એટલે કે મારો અંશ એ છે અને એ અંશ મારામાં છે. મારો એ અંશ છે અને એ અંશ મારામાં છે. આહા..હા..! ત્યાં સુધી એને જીવ અને અજીવનું ભાન નથી. આહા..હા..! એ જીવ અને અજીવને જાણતો નથી. આહા..હા..! જીવ તો ચૈતન્ય મૂર્તિ પ્રભુ છે. એ કોનું કરે, ક્યાં જઈને કરે, ક્યાં છોડ ને કરે? કેમાં પેસીને કરે? એ તો પોતામાં રહે છે. જ્યાં રાગ ઉઠે એમાં પણ પેસતો નથી અને એ રાગનો કણ પણ ચૈતન્યના અંશની જાત નથી અને એ રાગ કાંઈ ચૈતન્યમાં રહેલો છે એમ નથી. આહા..હા..! એનું અસ્તિત્વ જ જુદું છે. ભારે ઝીણું ભાઈ! આવો માર્ગ ન સમજાયને તો લોકો પછી બીજે રસ્તે ચડી જાય ભાઈ! સત્ય તો આ છે. આહા..હા..! એને બીજી રીતે કરવા માગે તો કાંઈ નહિ થાય. જે છે એમ રહેશે. વસ્તુ તો વસ્તુરૂપે રહેશે. તારી દૃષ્ટિમાં બગાડ થાશે તો તું બગડીને રખડી મરીશ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આવું બધાને ન સમજાય. પણ તું ન સમજાય એમ કેમ કરીને બેઠો છો? ન સમજાય એમ કેમ કરીને બેઠો છો? સંસારના કામમાં તો મોટી મોટી ધાકુ નાખે. પાંચ લાખની મૂડીનો મોટો ૨૦ લાખનો મોટો ધંધો માંડે. આહા..હા..! એમાંથી ખોટ જાય તો પછી અરે! આપણને આવડ્યું નહિ, ઢીંકણું નહિ એમ કરીને પછી મૂકે પોક. ગયું. દસ લાખનું દીવાળું કાઢ્યું, વીસ લાખનું દીવાળું કાઢ્યું. આ દીવાળું મહાલાખનું કાઢ્યું એનું? આહા..હા..! અનંતા અનંત જ્ઞાન અને આનંદના નાથ એને વિકલ્પવાળો માનવો દીવાળું કાઢ્યું છે તે. તને જેનો માલ

જેનામાં, પોતાનો માલ પોતામાં ચુકવતા આવડ્યો નહિ. ભગવાનજીભાઈ! ભારે કામ ભાઈ! આહા..હા..!

કહે છે બહુ સરસ. દાખલો આપીને પણ સત્ય વાત એવી કરી નાખી. ભાઈ! તું ચૈતન્ય જીવ છોને. અને રાગાદિ અચેતન અજીવ છે. રાગ જીવ છે? જીવ તો જ્ઞાનસ્વરૂપી છે. રાગ તો અજ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! તો અજ્ઞાનને, અજ્ઞાનમાં મારો અંશ છે અને એ અંશ મારામાં છે એ બુદ્ધિ મિથ્યાત્વબુદ્ધિ અપ્રતિબુદ્ધિ અને એનું ભાન થતાં **'એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે--'** જોયું! રાગાદિ જ્ઞેય છે એ મારા જ્ઞાનસ્વભાવમાં ભાસે છે. પ્રતિભાસે છે એટલે એ છે તેવું અહીં ભાસે છે એમ. છે તેવું ભાસે છે. આહા..હા..! ભારે આવી. પહેલી આ વાત જ સમજવી કઠણ પડે. ઓલો તો અહિંસા ધર્મ કીધો છેને ભગવાને? આ અહિંસા પરમો ધર્મની વ્યખ્યા આ થઈ. આહા..હા..! આવે છેને ઓલામાં એ સ્વયંભૂ.. ભગવાન અહિંસાની વ્યાખ્યા તો લોકોએ ઘણી કરી બીજાએ. આપે જે કરી એવી વ્યાખ્યા ક્યાંય છે નહિ. સંમતભદ્રાચાર્ય. બધા દયાના નામે અહિંસા-અહિંસા બધા કરે છે, પણ પ્રભુ આપે જે અહિંસાની વ્યાખ્યા કરી એ ક્યાંય છે નહિ. આહા..હા..! ક્યાંય નથી એમ નહિ એમ કહીને કાંઈ બીજાનો અનાદર છે એમ નથી. એ તો વસ્તુની ઓળખાણ છે. સમજાણું કાંઈ? ક્યાંય નથી એમ કહેતા તો પછી બીજા ખોટા થઈ જાય છે. છે એવા કહે છે. થઈ ક્યાંથી જાય? થઈ ગયેલા છે એને કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે. આહા..હા..! ઘણી અલૌકિક વાત. ભગવાન આત્મા આમ કહે કે જીવ અને અજીવ જાણવા જોઈએ. જીવ અને અજીવ જાણે નહિ ત્યાં સુધી એનું જ્ઞાન સાચું થાય નહિ, ત્યાં સુધી દૃષ્ટિ એની નિર્મળ થાય નહિ. ત્યાં સુધી એને ચારિત્રને યોગ્ય, ચારિત્રનો અધિકારી નથી. ચારિત્રનો અધિકારી ન થાય ત્યાં સુધી. સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્રનો અધિકારી થાવું હોય તો પહેલું રાગ અને આત્મા બે જીવ અને અજીવ તદ્દન જુદાં છે. આખી જાત ફેર છે. સમજાણું કાંઈ? એ પ્રતિભાસે છે.

**'એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ...'** એનો અર્થ એ કે જ્ઞાનની પર્યાય અંતરમાં વાળતા પછી જે જ્ઞાન સ્વ અને રાગ બાકી એનું જ્ઞાન થાય, એવું જે ભેદજ્ઞાન થાય. **'કાં તો સ્વયમેવ થાય...'** પોતાની મેળાએ ઉપદેશ વિના થાય. ઉપદેશ પૂર્વે ભલે આપ્યો હોય પણ તરત ન થાય એને .. કહે છે. અને કાં **'ઉપદેશથી થાય...'** આ ગુરુ કહે, ભાઈ! ગુરુએ આ કહ્યું હતું. ગુરુએ શું કહ્યું હતું એ ઉપદેશ કેવો ગુરુનો હોય? જૈન ગુરુઓ અને જૈન સંતો અને જૈન સમકિતી એનો ઉપદેશ કેવો હોય એ આમાં કહ્યું. એનો ઉપદેશ એ હોય કે રાગ નામનો કણ દયા, દાન અને વ્રતનો હોય એ તારામાં નથી. તું એનો જાણનાર-

દેખનાર છો. તારાથી અજીવની ચીજ ભિન્ન છે. છે તેને જાણ અને છે તેને પામ. આહા..હા..! આમ જૈન સંતોનો, સમકિતીનો. જૈન એટલે કે વસ્તુનો સ્વભાવ. રાગ વિનાની ચીજ એને જાણવી, અનુભવવી એનું નામ જૈન. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! મોંઘુ પડે આમ. ૧૦-૧૦, ૨૦-૨૦ વર્ષના સાંભળનારને પણ અંદરથી જાણે કેટલાકને એવું થઈ જાય કે આ કેવું કહે છે? પ્રેક્ટિસમાં મૂકાય કહે? વળી ઓલો એમ કહે. પ્રેક્ટિકલ. ગુજરી ગયા બિચારા લ્યો. આહા..હા..! એક અહીં પ્રેમચંદભાઈ આવતા લાઠીના. પંદર દિ' પહેલા નહોતા બેઠા. એક .. નહિ અહીં બેસતા. હા એ. દેહ છૂટી ગયો. એના જમાઈ છેને પ્રવિણભાઈ. લઈ ગયા ત્યાં ઠીક ન થયું. મુંબઈ લઈ ગયા. ગુજરી ગયા. ૭૦ વર્ષની ઉંમર. એક ક્ષણમાં પલટતા વાર. કાં પેશાબ અટક્યો અને કાં ધૂળ અટકી કાં આમ થયું, આ ચાંદુ પડ્યુંને. આહા..હા..! પણ એ તો પુદ્‌ગલની પર્યાય છે. એ તો જ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય છે. એ જ્ઞાનની દશા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ બધા બંગલા ને મહેલ ને મકાન ને બાયડી, છોકરા ને કોના હશે ત્યારે? શેઠ! ભ્રમણામાં છે. આહા..હા..! અહીં તો કહે છે એક રાગનો કણ હોં! એ શુભભાવ. ભગવાનની ભક્તિ, દયા, દાનનો ભાવ, પૂજાનો ભાવ, ભગવાનના સ્મરણનો પરદ્રવ્ય અનુસારી ભાવ કહે છે કે ભાઈ એ અચેતન છે હોં. એ કહે છે અહીંયાં. ત્યારે કહે જણાય છેને. જાણનારના સ્વભાવમાં જણાય નહિ? ખરેખર તો એ જણાતું નથી, પણ વ્યવહારે કહેવાય છે. જણાય છે તો ખરેખર એ સંબંધીનું જ્ઞાન પોતાને એને જાણે છે એ. એને જાણવું એ તો વ્યવહાર કહેવાય છે. આહા..હા..! એને જાણે એ તો ઉપચાર છે. ભગવાન આત્મા ચૈતન્યનું નૂર છે. એ તો ચૈતન્યના તેજવાળું પૂર છે. એમાં એ રાગાદિ જણાય, પણ એ રાગ તો પુદ્‌ગલ છે અને તું તો જીવ છો. એ અજ્ઞાન છે અને તું જ્ઞાન છો, એ અચેતન છે અને તું ચેતન છો, એ અજીવ છે અને તું જીવ છો. આહા..હા..! આટલો બધો ફેર છે મૂળચંદભાઈ!

એવા '**ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.**' લ્યો! ત્યારે તે ધર્મી થાય છે. એટલે કે જેવું સ્વરૂપ છે તેવું એ અનુભવે છે. આહા..હા..! પણ આ તો નિશ્ચયની વાત છે. સાચી વાત આ છે. પણ બીજી કોઈ ખોટી હશે કે નહિ? એમ કેટલાક કહે. પણ એ તો બહુ સાચી અને બહુ ઊંચી વાત છે. ઊંચી એટલે? સાચી જ આ છે. સમજાણું કાંઈ? ઊંચી કહો, સત્ય કહો, સાચી કહો જે છે તે કહો તે આ છે. એને માટે બીજો કોઈ રસ્તો સવળો પહેલો લેવો અવળો અને પછી થાય સવળો. પહેલી એમ કે રાગની ક્રિયા આપણે બરાબર મંદ કરીએ તો પછી જીવ જણાય. તો એનો અર્થ એ થયો કે અચેતનને બરાબર કરીએ તો ચેતન જણાય. વ્યવહારના પ્રાણ પોષવાના આવ્યું છેને તમારે? રામવિજયને કાયદા કાઢ્યા છે અગિયાર. અહીંના વિરૂદ્ધના. અગિયાર કાયદા કાઢ્યા અહીંના. કે અરે!

આવો નીકળ્યો પ્રવાહ તો બધા સાધુને ભ્રમમાં નાખી દેશે. માટે વ્યવહારનો ઉપદેશ દેવો, વ્યવહારના પ્રાણ પોષવા, એટલે જડના પ્રાણ પોષવા. આહા..હા..! ભગવાન! તું ક્યાં ગયો તને ખબર નથી બાપુ હોં! અમારી પાસે આવ્યા જામનગરથી. એના માણસો. વકીલ હશે કે આવું આકરું કરે છે તો આ બધું .. છે, ફલાણું છે. આવ્યા હતા ૨૦-૨૫ માણસ લઈને. કહે અમારા ગુરુ એમ કહે છે કે આ બધો કલ્યાણનો રસ્તો લોકોને અટકે છે. ક્યો કલ્યાણનો રસ્તો? આ બધું દયા, વ્રતને પાળો એ. કીધું આ વ્રત અને તપ તારા બધા અજ્ઞાન છે. આ અમે કહીએ છીએ એક માર્ગ સત્ય છે, બાકી બધા ગપ છે. કહેજે તારા ગુરુને. આવા થઈને ચાલી નીકળ્યા. એક તો ઓલો ભાઈ તમે ઓળખતા નહિ? વૈષ્ણવ હતા અને સ્થાનકવાસી. ઓલા વૈષ્ણવ અને તમે સ્થાનકવાસી. હા એ.

મુમુક્ષુ :- આ ..માં હતા એ.

ઉત્તર :- એ પૈસા થયા એ.

મુમુક્ષુ :- અને આપણે અહીં ૧૫૦૦ રૂપિયા આપ્યા હતા પંચાસ્તિકાયમાં.

ઉત્તર :- હા એ આવ્યો હતો મોઢા આગળ થઈને. એ પહેલા વૈષ્ણવ હતા, પછી સ્થાનકવાસી અને પછી દેરાવાસી થઈ ગયા છે. મોઢા આગળ બોલતા. કીધું જો ભાઈ! અમારે કોઈની સાથે ચર્ચા કરવી નથી. અમારી વાત ત્રણકાળમાં ફરે નહિ એવી વાત છે. આ તમારી બધાની વાત ગપ છે. અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. તમે ગમે તે માનો. આવા ને આવા ચાલી નીકળ્યા છે. આહા..હા..! અરે ભગવાન! ભૂલી ગયો પ્રભુ તને હોં. તને તારી ખબર ન મળે અને તું બીજાની સાથે ચર્ચા કરવા જા કે નહિ.

અહીં તો ભગવાન ત્રણલોકના નાથ. તીર્થંકર દેવની વાણીમાં હુકમમાં આવ્યું. હુકમનો એક્કો શું કહે છે એ? બાદશાહ. હુકમનો બાદશાહ એમ આવે છેને કાંઈક રમાવામાં? કાપે. હા એક્કો હોય તો બાદશાહને તોડી નાખે. એમ રાગ વિનાની ચીજ. એમ ભગવાનનો હુકમ આ છે. સંસાર તોડી નાખે એક ક્ષણમાં એવો હુકમ એનો છે. રાગનો કણ પણ અજીવ છે એ તારી ચીજ નહિ. આ અમને તું માન અને જે રાગ તને થાય એ અચેતન છે. અમે તને એમ કહીએ છીએ. આહા..હા..! વીતરાગ કોને કહે? વીતરાગ એમ કહે કે અમને તમે માનો, અમે પરદ્રવ્ય છીએ. સ્વદ્રવ્ય નથી. અમને પરદ્રવ્યને અનુસારી કરીશ તો રાગ જ થશે તને. આહા..હા..! અને એ રાગ અચેતન છે. કેમકે એના બંધ તરીકે પરમાણુ જડ બંધાય છે અને એના ફળ તરીકે સંયોગો પર મળે છે. એમાં આત્મા-ફાત્મા છે નહિ. રાગમાં નહિ, બંધમાં નહિ અને એના ફળમાં પણ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એ હુકમ છે.

ઉત્તર :- આ હુકમ છે. આહા..હા..! કેટલી વાત .. મૂકી લ્યોને.

શિષ્યે પૂછયું હતું કે પણ ત્યારે આવો અપ્રતિબુદ્ધપણું ક્યાં સુધી રહેશે એને? કે જ્યાં સુધી એ રાગના કણથી માંડીને આખી દુનિયા મારી છે એમ માનશે, મારા ધારે છે એમ માનશે, એ મારામાં છે એમ માનશે ત્યાં સુધી મૂર્ખ અને અપ્રતિબુદ્ધ રહેશે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા બધા પૈસાવાળાને શું કરવું પણ ત્યારે? બધા તમારા મકાનો ૬-૬, ૮ લાખના શું કરવું? ભગવાનદાસ શોભાલાલ શેઠની કંપની. ધૂળમાંય નથી. ધૂળ એટલે એના પુણ્યનું પણ નથી. એ તો એના ધૂળનું છે. ઓલા પુણ્ય હતાને તમારા? એ પુણ્ય તમારા નહોતા એમ કહે છે. એ પુણ્યનું પણ નથી, એ તો રજકણનું-જડનું છે. એ તો બીજા પુદ્ગલનું છે. આહા..હા..! મહાવ્રતના પરિણામને અહીંયાં ભગવાન અચેતન કહે છે. આહા..હા..! અજીવ, પુદ્ગલ. આહા..હા..!

મુમુક્ષુ :- એનો નાતો પણ પુદ્ગલ સાથે.

ઉત્તર :- એનું ફળ પણ બધું જડ છે. ત્યાં ક્યાં આત્માની એકાગ્રતા હતી? એમ કહે છે. ખંડ થઈ ગયું ખંડ. આહા..હા..! કહો, ભીખાભાઈ! શું સમજવું આમાં?

ભગવાન આત્મા ચૈતન્ય અરિસો. ચૌદ બ્રહ્માંડ અને ત્રણકાળ ત્રણલોકનો જાણનારો પ્રભુ છે. કોઈ વિકલ્પનો નથી અને વિકલ્પ એનામાં નથી. એનામાં પોતાનું જ્ઞાન અને એનામાં પરનું જ્ઞાન પરસંબંધી પણ પોતાનું જ્ઞાન છે. એમાં એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું જ્યારે બે વચ્ચે જીવ અને અજીવની વહેંચણી કરશે અને જીવમાં વહેંચણી કરીને ઠરશે ત્યારે એ પ્રતિબુદ્ધ છે એમ કહેવામાં આવશે. પ્રતિબુદ્ધ એટલે જેવી જડ અને ચૈતન્યની ચીજ હતી તેવું તેને જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહા..હા..! ચાલ્યા જાય જુઓને આ ક્ષણ ક્ષણમાં માણસો. આહા..હા..! વાર લાગે છે કાંઈ? હવે અહીં પ્રેમચંદભાઈ બેસતા. બિચારા અહીંયાં આવ્યા હતા હોં રહેવા. એના માટે તો રહેવા આવ્યા. હવે પીડા જરી થઈ તો ભાઈ ગયા. એની દીકરી પાસે ગયા. ત્યાં બિચારાને ત્યાં જાશું તો આમ. મુંબઈ લઈ ગયા. સારું થાય. હમણા મહારાજ લાઠી આવવાના હમણાં આવવું છે. ત્યાં તો ગયા પરલોક. અમારા જૂના માણસ જાણીતા. શ્રીમદ્ના પહેલેથી ભગત એ અને અમીચંદ કામદાર. ૬૦ વર્ષ પહેલાથી હોં. ૭૦ વર્ષ થયા. નાની ઉંમરથી શ્રીમદ્નું વાંચન કરતા. અહીંનો પ્રેમ ઘણો. બિચારા કહે હવે સારું થાય તો પછી મુંબઈથી લાઠી મહારાજ આવશે તો જાશું. ત્યાં તો થઈ રહ્યું. કોણ જાય અને આવે? આહા..હા..!

બહુ ગાથા ૧૯-૧૯. આવો ઉપદેશ. ભગવાનનો ઉપદેશ આવો છે. તીર્થંકરદેવ, સંતોએ અને સમ્યગ્દષ્ટિએ એ જ એને કહ્યું હતું. કે જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ કહેવાય એ પણ તારી જાત નહિ, અજીવ જાત છે. આવી વાત આ. કેવા વ્યવહારરત્નત્રય અને કેવા એને પથરા અચેતન. વ્યવહારરત્નત્રયનો અર્થ જ એ કે રત્નત્રય નથી. પથરા છે. આહા..હા..!

એય..! આહા..હા..! નિશ્ચયરત્નત્રય તો ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગની ભિન્નતા કરી અને પોતાના સ્વરૂપની અનુભવદૃષ્ટિ કરે અને ઠરે એ નિશ્ચય રત્નત્રય ચૈતન્ય રત્નત્રય છે એ. ઓલા અચેતન રત્નત્રય પથરા છે. આહા..હા..! ગજબ વાત કરે છે. બાહ્ય અભ્યંતર લે છેને ભાઈ! દ્રવ્યસંગ્રહમાં. વ્યવહારરત્નત્રયને બાહ્ય રત્નત્રય કહે છે, નિશ્ચયને અભ્યંતર રત્નત્રય કહે છે. નામ ફેર પણ છતાં એ બાહ્યરત્નત્રય એટલે અજીવ રત્નત્રય. અભ્યંતર રત્નત્રય એટલે જીવ રત્નત્રય. આહા..હા..! એવું લીધું છે. આત્માની તો સ્વભાવ સ્વચ્છતા છે એના સામર્થ્યને જ્યાં રાગથી ભિન્ન પાડીને જાણ્યું તો એ જ્ઞાન જ જણાય છે. એ રાગને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે. રાગ એનો કહેવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! ચોર્યાસીના અટવીમાં જુઓને. પીલાય છે ચોર્યાસીમાં હોં. એક આંગળી આવી જાય ઓલામાં તો રાડ નાખી જાય. આ રેલમાં બારણું-બારણું બંધ બીજો કોઈ કરવા ગયું અને એનો હાથ રહી ગયો આમ. આહા..! એ .. કપાય જાય. બારણા નથી રેલમાં. મોટરમાં થઈ જાય મોટર. ત્યાં વળી રબ્બર હોય જરી. બહુ ન થાય. ઓલું તો લાકડાનો દરવાજો. આમ રાખીને મૂક્યો હોય તો દેવાય જાય. આહા..! એલા એક અવયવને જ્યાં દબાણ થયું ત્યાં રાડ નાખે છે. આખું શરીર છૂટે ત્યાં શું થાશે? પણ શરીર છૂટ્યું એ છૂટેલું છે એનું ભાન થતાં આનંદ થાશે. આહા..હા..! સમજાણું કાંઈ? છૂટેલું જ છે. એનામાં ક્યાં છે? એનામાં નથી એટલે દૂર જ રહેલું છે. થઈ રહ્યું. આહા..હા..! અજીવ અજીવમાં રહેલું છે. પુણ્ય-પાપના પરિણામ આસ્રવ એ પણ અજીવમાં છે. આસ્રવને અજીવ કહ્યા છે. જીવ છે એ?

આવું ચૈતન્ય ભગવાનનું અને રાગાદિ અજીવનું ભેદજ્ઞાન કરશે ત્યારે તે પ્રતિબુદ્ધને જ્ઞાની કહેવામાં આવશે. આહા..હા..! ત્યાં એમ નથી કે આટલા શાસ્ત્ર જાણે તો પ્રતિબુદ્ધ કહેવાશે. કથન ન જાણે.. .શાસ્ત્ર કાંઈ જાણતા નથી. એ તો અજીવ છે. ચૈતન્યના પ્રકાશનું પૂર એવો ભગવાન આત્મા એની જ્યારે એને કિંમત પુણ્ય-પાપના રાગથી ભિન્ન થઈને કરશે ત્યારે પ્રતિબુદ્ધ થશે. ત્યારે એ નવો થયો એમ કહ્યું. પ્રતિબુદ્ધપણું નવું થયું. અપ્રતિબુદ્ધપણું અનાદિનું છે. કહો, સમજાણું કાંઈ?

## શ્લોક-૨૧

(मालिनी)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला–
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै–
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

**શ્લોકાર્થ :–** [ये] જે પુરુષો [स्वतः वा अन्यतः वा] પોતાથી જ અથવા પરના ઉપદેશથી [कथम् अपि हि] કોઈ પણ પ્રકારે [भेदविज्ञानमूलाम्] ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી [अचलितम्] અવિચળ (નિશ્ચળ) [अनुभूतिम्] પોતાના આત્માની અનુભૂતિને [लभन्ते] પામે છે, [ते एव] તે જ પુરુષો [मुकुरवत्] દર્પણની જેમ [प्रतिफलन–निमग्न–अनन्त–भाव–स्वभावैः] પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી [सन्ततं] નિરંતર [अविकाराः] વિકારરહિત [स्युः] હોય છે,– જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. ૨૧.

## શ્લોક-૨૧ ઉપર પ્રવચન

'હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :––'

(मालिनी)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला–
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै–
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

'**શ્લોકાર્થ :– જે પુરુષો પોતાથી જ...**' પુરુષ શબ્દે આત્મા. જે કોઈ આત્મા. '**स्वतः वा अन्यतः वा**' '**પોતાથી જ અથવા પરના ઉપદેશથી...**' પોતાથી પણ આમ જાણે અને ઉપદેશથી પણ આમ જાણે. જાણવાનું તો બેય એક જ છે. આહા..હા..! '**કોઈ પણ પ્રકારે...**' '**कथम् अपि हि**' છેને. મહાપુરુષાર્થ વડે. આહા..હા..! પોતાના જાગૃતિના પ્રયત્ન

દ્વારા. **'भेदविज्ञानमूलाम्' 'ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી...'** ભેદજ્ઞાન એમ. કોનું? અનુભૂતિનું. રાગથી ભિન્ન પડીને પોતાનો અનુભવ એનું મૂળ ભેદવિજ્ઞાન છે. રાગ, વિકલ્પ, શરીર, વાણી, મન. એકકોર ગામ અને એકકોર રામ. એકકોર ગામ નામ રાગથી માંડીને આખી દુનિયા. એ બધું આ જ્ઞાનની અપેક્ષાએ તે અજ્ઞાન અને એકકોર જ્ઞાન ભગવાન. આહા..હા..! આ જ્ઞાનની અપેક્ષાએ સિદ્ધ ભગવાન અને કેવળી પણ અજ્ઞાન.

મુમુક્ષુ :- એની અપેક્ષાએ થયું. આના માટે તો

ઉત્તર :- હા, આ જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાન થયું. એની જ્ઞાનની અપેક્ષાએ કેવળજ્ઞાની છે. અજ્ઞાન એટલે આ જ્ઞાન છે ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગી માર્ગ એવો છે અલૌકિક. અને એ માર્ગ સમજાય એને કાંઈ કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન થાય. સમજાય છે કાંઈ? વિરૂદ્ધ હો, પણ દ્વેષ ન થાય. અરે એ તો વસ્તુની દૃષ્ટિ ફેર હોય તો એ દુઃખી થશે. સમજાય છે કાંઈ? આહા..હા..! વસ્તુની ખબર ન મળે ત્યાં શું કરે? આવો જ જ્યાં માર્ગ ઉજળો, સ્વચ્છ, નિર્મળ અનાદિથી ચાલ્યો આવે છે. એની પરંપરામાં જે ભળી ગયા એ તરી ગયા. અને અનાદિના રાગની એકતામાં રહ્યા એ બીજા પડ્યા છે. એ તો .. પડ્યા જ છે.

**'ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે...'** દેખો! **'અવિચળ (નિશ્ચળ)...' 'अनुभूतिम्'** આત્માના અનુભવનું મૂળ કારણ ભેદવિજ્ઞાન. એમ કહે છે. કષાયની મંદતા એનું મૂળ કારણ, દેવ, ગુરુ અને શાસ્ત્ર એનું મૂળ કારણ એમ ન કહ્યું. ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સ્વામી. એની અનુભૂતિ એટલે એને અનુસરીને થવું એનું મૂળ કારણ તો પરથી ભિન્ન પાડવું એ છે. આ મૂળ કારણ આ છે. મૂળકારણ કર્મનું ખસી જવું એ મૂળ કારણ છે? એમ છે? આવે છેને મૂળ કારણ તો એ છે. નથી આવતું? મોક્ષમાર્ગમાં એક ઠેકાણે? એય..! એક ઠેકાણે આવે છે આમ પાનામાં.

મુમુક્ષુ :- સંયોગ બતાવો.

ઉત્તર :- એ તો સંયોગ. આહા..હા..! એ તો ત્યાં ટૂંકું વાળવા એવું એને કહ્યું છે. મૂળ કારણ તો દર્શનમોહ છે એમ. નિમિત્ત કારણે.

અહીં તો કહે છે કે પરથી ભિન્ન પડવાનું કારણ તો આત્માની અનુભૂતિ ભેદવિજ્ઞાન છે. ભેદવિજ્ઞાન એ અનુભૂતિનું કારણ છે અને એની એકતાનું કારણ અભેદતા છે. બસ. કોઈ કર્મ ફર્મનું કારણ નથી. ભેદ વિજ્ઞાન સિદ્ધા આવે છેને. સિદ્ધા એવ કિલ કેચનં. યસ્યભાવતોબદ્ધા બદ્ધા. કર્મને કારણે, ..કારણે અહીં વાત છે જ નહિ. રાગની એકતા તોડવી એ અનુભૂતિનું કારણ. રાગની એકતા રાખવી એ મિથ્યાત્વનું કારણ છે. બીજું કોઈ કારણ છે એને? વિશેષ વાત કરશે લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૮, સોમવાર, તા. ૦૭-૦૨-૧૯૭૨**
**કળશ-૨૧, ગાથા-૨૦ થી ૨૨, પ્રવચન-૯૨**

કળશ ચાલે છે. ૨૧. જે કોઈ પુરુષો જીવ અને અજીવની ભિન્નતાની વ્યાખ્યા છે આ. એટલે ભેદજ્ઞાનની વ્યાખ્યા છે. જે કોઈ આત્મા '**स्वतः वा अन्यतः वा**' '**પોતાથી જ અથવા પરના ઉપદેશથી કોઈ પણ પ્રકારે...**' મહાપુરુષાર્થ કરીને '**भेदविज्ञानमूलाम् अचलितम् अनुभूतिम्**' જેનું ભેદવિજ્ઞાન મૂળ છે એવી ચળે નહિ એવી અનુભૂતિ પ્રાપ્ત કરે તેને આત્માના આનંદનો સ્વાદ આવે છે. એટલે કે એને આત્મા શું છે એ અનુભવમાં જણાય છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો આત્મા એ આત્મા પરથી વિભક્ત છે અને સ્વથી એકત્વ છે. એથી કહે છે કે એ રાગાદિ, પુણ્યાદિના વિકલ્પો એ બધા અજીવ છે, અચેતન છે, જડ છે. આત્માની જાતમાં એ ચીજ નથી. આત્માના સ્વભાવને તિરસ્કાર કરનારા છે. એથી એ તિરસ્કાર કરનાર એવા વિકલ્પથી ભેદ કરવો. બહિર્દૃષ્ટિથી એની જે એકતાબુદ્ધિ છે એને અંતર દૃષ્ટિ ભેદજ્ઞાન દ્વારા એની અનુભૂતિ પ્રગટ કરવી. આવો માર્ગ છે.

'**ભેદવિજ્ઞાન જેનું મૂળ...**' જેની અનુભૂતિ નામ આત્મા શું ચીજ છે એના અનુભવમાં આવવામાં ભેદજ્ઞાન જેનું મૂળ છે. પરથી જુદું પાડવું એ એનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. કહો, સમજાણું કાંઈ? '**भेदविज्ञानमूलाम्**' '**ભેદવિજ્ઞાન જેનું મૂળ...**' છે. કોનું? કે આત્મા પરમાનંદ અને શુદ્ધસ્વરૂપ એનો જે અનુભવ થવો એને અનુસરીને અનુભવ થવો એનું મૂળ પરથી જુદું પાડવું એવું ભેદજ્ઞાન એનું કારણ છે.

મુમુક્ષુ :- એનું કારણ તો ત્રિકાળી આત્મા કહેવાય છે.

ઉત્તર :- એ ત્રિકાળી આત્મા પણ એ દૃષ્ટિ ત્યાં જાય ત્રિકાળી આ છે એમ જાય ત્યારે ભેદજ્ઞાન કર્યુંને? વર્તમાનમાં પરથી ભિન્ન પડતાં દૃષ્ટિ ત્યાં જાય, જે રાગમાં એકત્વપણે હતી એને રાગથી ભિન્ન પડ્યું ત્યાં દૃષ્ટિ ગઈ દ્રવ્ય ઉપર અને બેની વહેંચણી કરીને ભેદજ્ઞાન થયું એ દૃષ્ટિ ગઈ ત્યાં. સમજાણું કાંઈ? ભેદ કારણ છે એ તો બરાબર પણ અહીં તો પરથી ભિન્ન પાડવું એ જ કારણ છે એમ કહે છે. પર્યાયમાંથી. આહા..હા..! આવો વીતરાગમાર્ગ છે.

'**અવિચળ (નિશ્ચળ) પોતાના આત્માની અનુભૂતિને...**' ભગવાન આત્મા અતીન્દ્રિય

આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય સ્વરૂપ છે એનું. એને રાગાદિ આ ઇન્દ્રિય જ્ઞાનથી પણ ભિન્ન પાડીને એમ. સમજાણું કાંઈ? એટલે પરથી લક્ષ ઉઠાવી અને અંતરમાં લક્ષ કરતાં, સ્વથી ભિન્ન પડી જાય છે. આવી ક્રિયા છે. લક્ષ હઠાવનો અર્થ કે અહીં કર એટલે લક્ષ હટી જશે. વાત તો એમ કહેવાયને. ચૈતન્ય રસ, આનંદનો પૂર છે એ આત્મા. એના ઉપર દૃષ્ટિ કરતાં રાગથી ભિન્ન પડી જાય છે, પણ અહીંયાં સમજાવ્યું છે કે રાગથી ભિન્ન પડવું એ ભેદવિજ્ઞાન અનુભૂતિનું કારણ છે. સમજાણું કાંઈ? એની પર્યાય પરથી ભિન્ન પડે. એકત્વ-વિભક્ત કહ્યું છેને.

'**અવિચળ...**' સત્તા આનંદસ્વરૂપ અને એકલો જ્ઞાનભાવ સ્વભાવરૂપ એવો જે આત્મા એને પ્રાપ્ત કરવા રાગથી ભિન્ન અને એક સમયની પર્યાયની રુચિથી પણ ભિન્ન. એટલે કે અંતર્મુખ વાળતા એ પર્યાયને રાગની રુચિ રહેતી નથી. સમજાણું કાંઈ? આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન પામવાની રીત છે આ. અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર બધા વૃથા-વૃથા જૂઠાં છે. સવારમાં આવ્યું હતું નહિ? છ ઢાળામાં આવ્યું હતું. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર વૃથા છે. પહેલો ધર્મ જ આ છે. અને ધર્મની ઉત્પત્તિનું કારણ પરથી ભિન્ન પાડવું એ છે. '**અવિચળ પોતાની આત્માની અનુભૂતિને પામે છે,...**' ભગવાન આત્મા પૂર્ણ આનંદનું ધામ, ધ્રુવ ધામ. ધ્રુવધામ એટલે ધ્રુવસ્થાન. એને રાગમય એકતાથી અનાદિથી પ્રવાહ ચાલ્યો આવે છે. એને એનાથી લક્ષ છોડી અને અંતરમાં લક્ષ કરવું એ ભેદજ્ઞાન જેને અનુભૂતિની ઉત્પત્તિનું કારણ છે. તો પૂર્વની પર્યાય કારણ છે એ નહિ, કર્મનો માર્ગ કર્મ આપે તો આ આત્માનું ભાન થાય એમ પણ નહિ. કહો, સમજાણું કાંઈ? અહીં તો કાળલબ્ધિ આવે તો થાય એ પણ નહિ. એ બધું આવી ગયું એક સમયમાં. સ્વભાવ ચૈતન્ય અંતર્મુખ વળતાં બહિર્‌થી એની બુદ્ધિ ભેદ પડી જાય છે. એટલે પરની અપેક્ષાએ ભેદજ્ઞાન કહ્યું અને સ્વની અપેક્ષાએ તેને અભેદજ્ઞાન કહ્યું. સમજાણું કાંઈ?

'**તે જ પુરુષો...**' એવા આત્માના જ્ઞાનસ્વભાવને પર્યાયમાં પરથી ભિન્ન પડતાં સ્વમાં એકત્વ થતાં જે શાંતિ અને આનંદ થાય એમાં જણાય કે આ આત્મા આવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર કારણ છે અને અનુભૂતિ એ કાર્ય છે એમ નથી લીધું. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ વ્યવહાર કરવો, પહેલા રાગની મંદતા કરવી, કષાયને પાતળો પાડવો, શુભોપયોગ કરવો.

મુમુક્ષુ :- પણ પાતળો પડતો જ નથી.

ઉત્તર :- પાતળો પણ શેનો પડે? રાગની એકતાબુદ્ધિ ત્યાં પાતળો ક્યાં? તીવ્ર મિથ્યાત્વ અને તીવ્ર કષાય આહા..હા..!

મુમુક્ષુ :- કોઈ યુક્તિ છે?

ઉત્તર :- આ યુક્તિ કીધીને. પરથી લક્ષ હટાવીને સ્વમાં લક્ષ કરવું એ યુક્તિ અને એ યુક્તિ. કહો, એ ઉપાય. માણસને આ આકરું લાગે એથી કાંઈ બીજો રસ્તો હોય? પણ રસ્તો આ છે એમાં કરવું શું? સમજાણું? જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય એટલે કે આત્મા છે એવો પ્રાપ્ત કરવો હોય એટલે કે એને સત્ય સ્વભાવ જે આત્માનો છે એનો જેને અનુભવ કરવો હોય એને તો આ એક જ ઉપાય છે. કહો, ચંદુભાઈ! ત્યારે અનેકાંત માર્ગ છેને. એ આ હોય અને બીજો નથી એનું નામ અનેકાંત. આમે હોય અને આમે હોય એમ અનેકાંત નથી કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? સુખી થવાનો આ એક જ રસ્તો છે. બાકી બધા દુઃખના રસ્તા પડ્યા છે એ બધા. સુખી થવાનો રસ્તો કહો, ધર્મી થવાનો રસ્તો કહો, સમ્યગ્દર્શન થવાનો રસ્તો બધો એક જ પ્રકાર છે. સમજાણું કાંઈ?

'**તે જ પુરુષો...**' અનુભૂતિ થતાં શું થાય છે? આત્મા તો જ્ઞાનસ્વભાવ છે. એ જ્ઞાનસ્વભાવનું વેદન ભાન થતાં. '**मुकुरवत्**' '**દર્પણની જેમ...**' '**प्रतिफलन-निमग्न-अनन्त-भाव-स्वभावैः**' '**પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી...**' વિકલ્પથી માંડીને આખું જગત પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય. સ્વજ્ઞેય તરીકે તો પૂર્ણ આનંદ અખંડ છે તે સ્વજ્ઞેય છે. ભાષા આકરી. કહો, સમજાણું કાંઈ? અનંત ભાવો જગતના પોતાના સિવાય, પોતે તો જ્ઞાનસ્વભાવ છે એમ જ્યાં ભાન થયું. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું એથી જગતની અનંતી ચીજો એના સ્વભાવથી જાણવાનો સ્વભાવ એનો છે. જાણે... જાણે... જાણે... બીજું કાંઈ છે નહિ. આહા..હા..! કોઈનું કરે નહિ અને કોઈથી લે નહિ અને કોઈને કાંઈ દે નહિ. આહા..હા..! એ તો '**અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકારરહિત પ્રતિબિંબિત થયેલા...**' એમ કહે છેને? જ્ઞાનસ્વભાવ, જાણકસ્વભાવ. એનું જ્યાં ભાન થયું. સુખી થવાને પંથે પડ્યો ત્યાં એટલે એ જ્ઞાનમાં અનંત જ્ઞેયો પ્રતિબિંબિત છે એટલે છે એવું બિંબ એનું અહીંયાં જ્ઞાન પોતાના જ્ઞાનાકારમાં જણાય છે. છતાં અનંત જણાયા છતાં એ '**વિકારરહિત હોય છે,...**' સમજાણું કાંઈ? એ સર્વજ્ઞપદનું સ્વરૂપ જ આવું છે અને સર્વજ્ઞના પદની પર્યાયમાં પ્રાપ્તિ થવી એનો ઉપાય આ એક જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ચૈતન્યબિંબ પ્રભુ છે એમ જ્યાં વિકલ્પના ભાવ વ્યવહારના જેટલા એનાથી ભિન્ન પડીને એટલે બહિર્મુખ દૃષ્ટિ હતી એ દૃષ્ટિ ત્યાંથી ફેરવીને અંતરમાં કરી એ પરથી ભિન્ન પડી ગયો, હવે ભિન્ન વસ્તુ છે એનું જ્ઞાન થાય. એ જ્ઞાન તો પોતા સંબંધીનું છે પણ એને પ્રતિબિંબિત પડે છે એમ કહેવામાં આવે છે. સામે ચીજ છે એવું જ અહીં જ્ઞાન થાય. છતાં એ નિર્વિકારી રહે છે. જ્ઞાનમાં સ્વ અને પર જણાય છતાં ત્યાં વિકાર થતો નથી. આહા..હા..! ભારે.

'**વિકારરહિત...**' '**स्युः**' '**હોય છે,...**' ચૈતન્યના સ્વભાવમાં વિકાર નહોતો. એ વિકાર

પર છે એમ જ્યાં ભિન્ન ભાન થયું ત્યારે પરનું પ્રતિબિંબિત એટલે જ્ઞાનમાં જણાયું, જણાવા છતાં એ વિકારરહિત જ છે. આહા..હા..! ચાહે તો નારકી જણાય, ચાહે તો શરીરની વેદના દુઃખરૂપદશા એ જણાય. એ તો જણાય જ્ઞાનમાં. એ જ્ઞાનમાં વેદના કે અશાતા કે રોગ એ આત્મામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકારરહિત હોય છે. '**જ્ઞાનમાં જે જ્ઞેયો આકાર પ્રતિભાસે છે...**' આકાર નામ સ્વરૂપ. જે જ્ઞાનસ્વભાવનું ભાન થતાં ધર્મીને જે જ્ઞેયના સ્વરૂપો ભાસે છે. પ્રતિભાસે એટલે જેવું છે તેવું ભાસે છે. '**તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી.**' એનાથી રાગ થતો નથી.

આંખમાં ઓલું આવે છેને સુરદાસનું. સુરદાસ ઓલું કર્યું તો આંખમાં સ્ત્રી દેખાણી અને ફોડી નાખી આંખો. કે ભાઈ આંખ તો જડ છે, એ તો પર છે. એ દોષકારક ક્યાં છે? દોષ તું કર તો એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સુરદાસનું આવે છે એ. નાટક આવે છે. એનું નાટક આપણે જોયું નથી, પણ .. જોયું છે. વાત સાંભળી છે બધી. વેશ્યાને ત્યાં ગયો હતો. સર્પ આમ દોરડી જાણે સર્પ છે એમ સર્પને પકડીને અંદર ગયો પછી એને ભાન થતાં અરે! આ સ્ત્રીના શું છે આ? મને આ શું? આ સ્ત્રી દેખીને પછી જરી આંખ ઉઘાડી ત્યાં દેખાણું કે અરે આ શું? આ શું? એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે જેવું એ સ્વરૂપ છે એવું અહીં જાણે. એ કાંઈ દોષનું કારણ નથી. જાણવું એ દોષનું કારણ છે? તો તો કેવળી ત્રણકાળ ત્રણલોકને જાણે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની તો ત્રણકાળ ત્રણલોકને જાણે છે. ગૂઢમાં ગૂઢ વિષયના લેનારા હો, એને પણ જ્ઞાનમાં કેવળી નથી જાણતા? જાણવું એટલે શું એ તો વસ્તુ છે. આહા..હા..!

એવું અનંત પ્રકારની વિવિધતા જ્ઞેયોની જ્ઞાનમાં ભિન્ન પડીને રાગથી જાણવામાં આવતા એ જ્ઞાનમાં વિકાર થતો નથી. સમજાણું કાંઈ? વિકારદષ્ટિ જે હતી તે વિકારનું કારણ હતું. રાગની એકતાબુદ્ધિ એ વિકારદષ્ટિ છે એ વિકારનું કારણ છે. વસ્તુ કાંઈ વિકારનું કારણ નથી. સમજાણું કાંઈ? '**જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે...**' આકાર શબ્દે સ્વરૂપ. '**તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી.**' લ્યો અહીંયાં પ્રતિબુદ્ધ થયો. આ ધર્મ સમજ્યો. આનું નામ ધર્મ સમજ્યો. ધર્મી એવો આત્મા એનો ધર્મ એવો જ્ઞાન એને રાગથી ભિન્ન પાડીને સમજ્યો અનુભવમાં ત્યારે એ ધર્મ સમજ્યો અને ધર્મ થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

## ગાથા-૨૦ થી ૨૨

ननु कथमयमप्रतिबुद्धो लक्ष्येत ---

अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।
अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।
आस मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।
होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि।।२१।।
एयं तु असब्भूदं आदवियप्पं करेदि संमूढो।
भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो।।२२।।

अहमेतदेतदहं अहमेतस्यास्मि अस्ति ममैतत्।
अन्यद्यत्परद्रव्यं सचित्ताचित्तमिश्रं वा।।२०।।
आसीन्मम पूर्वमेतदेतस्याहमप्यासं पूर्वम्।
भविष्यति पुनममैतदेतस्याहमपि भविष्यामि।।२१।।
एतत्त्वसद्भूतमात्मविकल्पं करोति सम्मूढः।
भूतार्थं जानन्न करोति तु तमसम्मूढः।।२२।।

यथाग्निरिन्धनमस्तीन्धनमग्निरस्त्यग्नेरिन्धनमस्तीन्धनस्याग्निरस्ति, अग्नेरिन्धनं पूर्वमासीदिन्धनस्याग्निः पूर्वमासीत्, अग्नेरिन्धनं पुनर्भविष्यतीन्धनस्याग्निः पुनर्भविष्यतीतीन्धन एवासद्भताग्निविकल्पत्वेनाप्रतिबुद्धः कश्चिल्लक्ष्येत, तथाहमेतदस्म्येतदहमस्ति ममैतदस्त्येतस्याहमस्मि, ममैतत्पूर्वमासीदेतस्याहं पूर्वमासं, ममैतत्पुनर्भविष्यत्येतस्याहं पुनर्भविष्यामीति परद्रव्य एवासद्भूतात्मविकल्पत्वेनाप्रतिबुद्धो लक्ष्येतात्मा।

नाग्निरिंधनमस्ति नेन्धनमग्निरस्त्यग्निरग्निरस्तीन्धनमिन्धनमस्ति नाग्नेरिन्धनमस्ति नेन्धनस्याग्निरस्त्यग्नेरग्निरस्तीन्धनस्येन्धनमस्ति, नाग्नेरिन्धनं पूर्वमासीन्नेन्धनस्याग्निः पूर्वमासीदग्नेरग्निः पूर्वमासीदिन्धनस्येन्धनं पूर्वमासीत्, नाग्नेरिन्धनं पूनर्भविष्यति नेन्धनस्याग्निः पुनर्भविष्यत्यग्नेरग्निः पुनर्भविष्यतीन्धनस्येन्धनं पुनर्भविष्यतीति कस्यचिदग्नावेव सद्भूताग्निविकल्पवन्नाहमेतदस्मि नैतदहमस्त्यहमहम-स्म्येतदेतदस्ति, न ममैतदस्ति नैतस्याहमस्मि ममाहमस्म्येतस्यैतदस्ति, न ममैतत्पूर्वमासीन्नैतस्याहं पूर्वमासं ममाहं पूर्वमासमेतस्यैतत्पूर्वमासीत्, न ममैतत्पुनर्भविष्यति नैतस्याहं पुनर्भविष्यामि ममाहं पुनर्भविष्याम्येतस्यैतत्पुनर्भविष्यतीति स्वद्रव्य एव सद्भूतात्मविकल्पस्य प्रतिबुद्धलक्षणस्य भावात्।

હવે, શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય એનું ચિહ્ન બતાવો; તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-

હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,
જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.
હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,
વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.
અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.

શ્લોકાર્થ :- [अन्यत् यत् परद्रव्यं] જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય- [सचित्ताचित्तमिश्रं वा] સચિત્ત સ્ત્રીપુત્રાદિક, અચિત્ત ધનધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામનગરાદિક-તેને એમ સમજે કે [अहं एतत्] હું આ છું, [एतत् अहम्] આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે, [अहम् एतस्य अस्मि] હું આનો છું, [एतत् मम अस्ति] આ મારું છે, [एतत् मम पूर्वम् आसीत्] આ મારું પૂર્વે હતું, [एतस्य अहम् अपि पूर्वम् आसम्] આનો હું પણ પૂર્વે હતો, [एतत् मम पुनः भविष्यति] આ મારું ભવિષ્યમાં થશે, [अहम् अपि एतस्य भविष्यामि] હું પણ આનો ભવિષ્યમાં થઈશ,- [एतत् तु असद्भूतम्] આવો જૂઠો [आत्मविकल्पं] આત્મવિકલ્પ [करोति] કરે છે તે [सम्मूढः] મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે; [तु] અને જે પુરુષ [भूतार्थं] પરમાર્થ વસ્તુસ્વરૂપને [जानन्] જાણતો થકો [तम्] એવો જૂઠો વિકલ્પ [न करोति] નથી કરતો તે [असम्मूढः] મૂઢ નથી, જ્ઞાની છે.

ટીકા :- (દૃષ્ટાંતથી સમજાવે છે:) જેમ કોઈ પુરુષ ઈંધન અને અગ્નિને મળેલાં દેખી એવો જૂઠો વિકલ્પ કરે કે "અગ્નિ છે તે ઈંધન છે, ઈંધન છે તે અગ્નિ છે; અગ્નિનું ઈંધન છે, ઈંધનનો અગ્નિ છે; અગ્નિનું ઈંધન પહેલાં હતું, ઈંધનનો અગ્નિ પહેલાં હતો; અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે, ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે";- આવો ઈંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે તે જૂઠો છે, તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે, તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ (આત્માનો વિકલ્પ) કરે કે "હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે; મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું; મારું આ પહેલાં હતું, હું આનો પહેલાં હતો; મારું આ ભવિષ્યમાં થશે, હું આનો ભવિષ્યમાં થઈશ";-આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.

**વળી અગ્નિ છે તે ઈંધન નથી, ઈંધન છે તે અગ્નિ નથી,-અગ્નિ છે તે અગ્નિ જ છે, ઈંધન છે તે ઈંધન જ છે; અગ્નિનું ઈંધન નથી, ઈંધનનો અગ્નિ નથી,-અગ્નિનો જ અગ્નિ છે, ઈંધનનું ઈંધન છે; અગ્નિનું ઈંધન પહેલાં હતું નહિ, ઈંધનનો અગ્નિ પહેલાં હતો નહિ,-અગ્નિનો અગ્નિ પહેલાં હતો, ઈંધનનું ઈંધન પહેલાં હતું; અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે નહિ, ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ,-અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઈંધનનું ઈંધન જ ભવિષ્યમાં થશે;-આ પ્રમાણે જેમ કોઈને અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય તે પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેવી જ રીતે ''હું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,-હું તો હું જ છું, પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે; મારું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્યનો હું નથી,-મારો જ હું છું, પરદ્રવ્યનું પરદ્રવ્ય છે; આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ, આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,-મારો હું જ પહેલાં હતો, પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલાં હતું; આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ, એનો હું ભવિષ્યમાં થઈશ નહિ,-હું મારો જ ભવિષ્યમાં થઈશ, આ(પરદ્રવ્ય)નું આ (પરદ્રવ્ય) ભવિષ્યમાં થશે.''-આવો જે સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય છે તે જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેનાથી તે ઓળખાય છે.**

**ભાવાર્થ :- જે પરદ્રવ્યમાં આત્માનો વિકલ્પ કરે છે તે તો અજ્ઞાની છે અને જે પોતાના આત્માને જ પોતાનો માને છે તે જ્ઞાની છે- એમ અગ્નિ-ઈંધનના દૃષ્ટાંત દ્વારા દૃઢ કર્યું છે.**

## ગાથા-૨૦ થી ૨૨ ઉપર પ્રવચન

'**હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય...**' લોકો નથી કહેતા કે ભાઈ મૂર્ખને ઓળખવો શી રીતે? મૂર્ખ માથે શિંગડાની નિશાની હોય. એવું આવે છેને? શિંગડું ન હોય કાંઈ મૂર્ખને માથે કે આ મૂર્ખ છે. બાવળિયો ન ઉગ્યો હોય મૂર્ખને માથે. કાંટા ન ઉગ્યા હોય કે આ મૂર્ખ છે. સમજાણું કાંઈ? એના લક્ષણથી મૂર્ખ ઓળખાય. આવે છેને દાખલો પાણી પીનારનો. એક મૂર્ખો હતો તો ગામમાંથી કાઢ્યો. મૂર્ખનો જામ. બહાર કાઢ્યો તો પાણી જ્યાં ગયો હશે ત્યાં ઓલું પાણી નીકળતું હશે કૂવામાંથી. કૂવામાંથી પાણી કાઢેને અને અવેડામાં પડતું હોય ધોરિયામાં. પીતા પીતા આમ માથું કર્યું.

પણ તું હાથ લઈ લેને. કોને ના પાડે છે? ધોરિયા પાણી.. એટલે ઉપરથી કહે કે એલા મૂર્ખ છો? કે તમને કહેવા કોણ આવ્યું ત્યાં? ગામમાંથી કાઢ્યો અને અહીં મને મૂર્ખ? તારા લક્ષણે. આ નથી ખબર પડતી? આમ પીતો હતો અને પાણી પડતું હતું. અવેડામાં પડેને અવેડામાં? અમારે ત્યાં પાલેજમાં દુકાન સામે જ મોટો અવેડો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. થઈ રહ્યું. પણ તું આમ લઈ લેને. ત્યાં કોને ના પાડે છે? સમજ્યાને? એમ આ મૂર્ખના લક્ષણ કહે છે કે તમને કોણ કહેવા આવ્યું છે અહીં? મને ગામમાં તો મૂર્ખ કહીને કાઢ્યો. તો કહે તારા લક્ષણ જોને. આ મૂર્ખ તું અહીં દેખાય છે પ્રત્યક્ષ. સમજાણું કાંઈ? એમ કહે છે કે અપ્રતિબુદ્ધના લક્ષણ શું? સમજાય છે કાંઈ? કે એને ઓળખવો. હોય ભલે ત્યાગી. સાધુ હોય, મુનિ થાય, પણ એને ઓળખવો શી રીતે? આમાં તો ત્યાગી થયો, મુનિ થયો અને કહે આ પ્રતિબુદ્ધ છે એને જાણવો શી રીતે? સમજાણું કાંઈ? '**તેનું ચિહ્ન બતાવો;...**' તેના લક્ષણ બતાવો એમ. '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :---**' લ્યો.

**अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।**
**अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।**
**आस मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।**
**होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि।।२१।।**
**एयं तु असब्भूदे आदवियप्पं करेदि संमूढो।**
**भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो।।२२।।**

નીચે હરિગીત.

**હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,**
**જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.**
**હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,**
**વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.**
**અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;**
**ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.**

એના પહેલા શબ્દાર્થ લઈએ સીધા. '**ગાથાર્થ :- જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય--**' પોતે સચેતન મૂર્તિ ભગવાન એનાથી અન્ય પરદ્રવ્ય. ચાહે તો સચેત પરદ્રવ્ય હો, જીવાદિ હો, '**સચિત્ત સ્ત્રીપુત્રાદિક, અચિત્ત ધનધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામનગરાદિક--**' ગામમાં

આત્મા પણ હોય અને જડ પણ હોય. મિશ્ર કહેવામાં આવ્યું છે. મિશ્ર એટલે એક થતું નથી. મિશ્રની વ્યાખ્યા સમજાણું? બે ભેગા હોય. '**સચેત્ત સ્રીપુત્રાદિક,...**' સૂક્ષ્મમાં સચેત્ત લ્યો તો રાગાદિ પણ આવે છે. સમજાણું કાંઈ? '**અચિત્ત ધન્યધાન્યાદિક...**' એ રાગ પણ ખરેખર સચેતની અપેક્ષા શું? કે અંદર આત્માની પર્યાયમાં થાય એ અપેક્ષાએ. બાકી છે એ પણ અચેત્ત. '**મિશ્ર ગ્રામનગરાદિક--તેને એમ સમજે કે હું આ છું,...**' વર્તમાન આ હું છું. રાગ તે હું છું, શરીર તે હું છું. આ બાયડી, છોકરા એ બધા મારા છે. એ હું છું. મારા દીકરા-દીકરીયું પણ મારા જેવા થયા છેને જુઓ શરીરના આકારે. માટે એ હું છું. અમથું આમ કહેતા નથી કાંઈક એવો પ્રસંગ હોય તો બેટા જા તું જા. તું તે હું જ છુંને. સ્નાન કરવા મોકલવો હોય. પોતાને ન જવું હોય. સ્નાન સમજો છો? મર્યા પછી.. એ. કોક તાર આવ્યો હોય અને પછી કોક સંબંધી હોય અમુક થોડે છેડે. તો શેઠને જાવું ન હોય તો છોકરાને કહે હવે તું જા ભાઈ તું તે હું છુંને જાને. એમ કહે છેને? સાચી વાત હશે?

મુમુક્ષુ :- છોકરા ન હોય એ?

ઉત્તર :- છોકરા ન હોય એની ક્યાં વાત છે? અહીં તો હોય એની વાત છે. આહા..હા..! એ અમારા દીકરા. એમાં અમે છીએ, અમારો વારસો રાખનારા બધા એ છે. અમારી પાછળની પૂંજી આ છે. એક જણાને હમણા પૂછ્યું હતું છોકરાનો છોકરો સાથે હતો તે. કીધું કોણ છે? કહે વ્યાજ. શું કીધું? પૂછ્યું કે આ કોણ છે? તો કહે વ્યાજ છે. શું કીધું? વ્યાજ છે. દીકરો રૂપિયો અને આ છોકરો થયો એ વ્યાજ. કહો, સમજાણું કાંઈ? હા એમ કહેવાય છે. એ હમણા કીધું હતું. આવ્યું હતું. છોકરો નાનો હતો. એનો બાપનો બાપ સાથે હતો. પૌત્ર. એ વ્યાજ. કારણ કે દીકરો છે એ તો મૂડી છે અને આ પાછું વ્યાજ આવ્યું છોકરો થયો એ. આહા..હા..! ભારે કીધું. હમણા આવ્યા છેને ઓલા. કાંતિભાઈના છોકરા.. ભાવનગર. શામજીભાઈ નહિ? ગુજરી ગયા એનો છોકરો.. નહોતો આવ્યો. એની બાના બાપ આવ્યા હતા. આ અભેચંદનો દીકરો ચુનીલાલ. લાઠી. સાથે હતોને એ એની સાથે હતો. એ છોકરાનો છોકરો સાથે હતો. છોકરો પણ સાથે. છોકરો મોટો. આપણે ઓળખીએ નહિ. કોઈ દિ' અહીં આવે નહિ. પછી ઓલો નાનો હતો તો કોણ છે કીધું? કે વ્યાજ છે. ઠીક. પૈસાનું વ્યાજ. આહા..હા..! ભારે કીધું. એવું તો સાંભળેલું છે. એ કાંઈ નવું નહોતું. અમે તો ઘણીવાર સાંભળેલું છે. અહીં તો ઘણા મળેને એ વ્યાજ છે એમ કહે આ. આ છોકરાઓ એ અમારી મૂડી કહેવાય. એમ. આ મૂડીનું એ વ્યાજ છોકરો થયો એ. કેમ હશે આ? આહા..હા..! કહે છે કે એ ચીજ મારી છે અથવા આ હું છું, આ હું આ છું. એ મૂર્ખાઈના લક્ષણ છે કહે છે. અજ્ઞાનીનું લક્ષણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

‘**હું આ છું, આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે,...**’ એ મારા છે. હું એનો છું, એ મારા છે. આહા..હા..! છોકરો ન હોય તો છોકરા માટે કેટલા વાંઝિયા મેણા માટે તો કેટલાને નમે અને કેટલાને સમજ્યાને કેવી દેવી કહેવાય છે? આ સીતાપુરમાં કેવી દેવી કહેવાય છે? નથી ધ્રાંગધ્રા પાસે સીતાપર. કાંઈક દેવી છે. ભૂલી ગયા નામ. અમારે હતાને શિવલાલભાઈ. એને છોકરો નહોતો તો એ ત્યાં બહુ માનવા જાતા. સીતાપર નહિ કાંઈક છે. કોક છે ખરી. આહા..હા..! અરેરે! દીકરા વિનાના ઘર એકલા વનમાં ઝાડે ન રાખ્યો એમ બાયુ નવરી હોયને એ વાતું કરે બધી ભેગી થઈને. એકલા વનમાં ઝાડે ન રાખ્યો, ભાઈ! અન્યમતિમાં તો એમ કહે ‘અપુત્રસ્ય ગતિ નાસ્તિ નૈવ ચ .. ગતિ.’ પુત્ર ન હોય એને ગતિ ન હોય. એટલે સારી ગતિ ન હોય એમ. કહ્યું હતુંને ત્યાં. ૬૪-૬૫ની વાત છે. અનસુયાનું નાટક જોવા ગયેલા ભાઈ! વડોદરા. વડોદરા છેને અમારે. પાલેજથી ૧૮ માઈલ. મોટું થિએટર. માલ લેવા ગયેલા પછી રાતે તો નવરા હોઈએ. કે ચાલો નાટક જોવા. એ વખતે તો નાટક સારા વૈરાગ્યના. અત્યારે બધું ફરી ગયું. આ તો સંવત્ ૧૯૬૪-૬૫ની વાત છે. દીક્ષા પહેલા પાંચ-છ વર્ષ. એમાં અનસુયા એક બાઈ હતી. આ નર્મદાની બહેન. નર્મદા છેને. ભરૂચને કાંઠે નથી નર્મદા? ભરૂચને કાંઠે નર્મદા છે. નર્મદા અને અનસુયા બે બહેનો હતા. એને નામે નદી છે. મૂળ તો બહેનો હતા. એમાં એ અનસુયાને દીકરો નહોતો અને પરણ્યા નહોતા. નાટક હતું. મોટું નાટક. પરણ્યા વિના ગઈ ઉપર. બતાવ્યું હતું હોં એમાં. ત્યાં ઉપરથી નકાર આવ્યો. અહીં આવશો નહિ. અપુત્રસ્ય ગતિ નાસ્તિ. પુત્ર ન હોય એને ગતિ ન હોય. કારણ કે પુત્ર હોય એને પાછળથી કરેને શું કહે આ? શ્રાદ્ધ-શ્રાદ્ધ. કાગડાને બોલાવે છેને. અર્ધક્રિયા. તો એના મા-બાપ કાગડા થઈને આવ્યા હોય તો નાખેને પૂરણપોળી ને ફલાણું ને ઢીંકણું. સારા મૂર્ખાઈને તે ગામ જુદા હશે? એનો બાપ કાગડો થઈને આવતો હશે. ઓલી કહે હવે મારે જાવું ક્યાં?

મુમુક્ષુ : ...

ઉત્તર : .. એમાં ઓલાને કહે ક્યાં જાવું. કહે નીચે જે હોય એને પરણ. નીચે હતો એક આંધળો બ્રાહ્મણ. પછી હુકમ થયો માટે સ્વર્ગમાંથી તો શું કરે? પરણ્યો, એને થયા છોકરા. પછી આ બધું નાટકમાં આમ કરતા હોં. વૈરાગ્યની વાતું બહુ. નાનો છોકરો પણ એની મા એને સૂવાડતી. બેટા ‘શુદ્ધોસિ, બુદ્ધોસિ નિર્વિકલ્પોસિ ઉદાસિનોસી’ ઘોડિયામાં નાખીને. અહીં તો હવે કહે મામાને ઘરે ગયો હતો અને ખારેક લાવ્યો હતો. ઢીંકણુંને. આવા બધા ગપેગપ. હવે એને તો આ નાની ઉંમરમાંથી. બેટા શુદ્ધ છો, બુદ્ધ છો, ઉદાસીન દુનિયાથી છો, ભિન્ન છો, નિર્વિકલ્પ છો. નાટકમાં જોયું છે હોં આ તે દિ’. આહા..હા..! કોના દીકરા અને કોની વાતું? મારો પણ મૂઢ. કહે છે કે કેમ ઓળખાય મૂર્ખ? એ ઓલો પાણીનો આમ

હાથ ન લીધો એ ઓળખાય મૂર્ખ? એમ આ કેમ ઓળખાય આ મૂઢ? કે જે ચીજ પર છે આત્માથી ભિન્ન એને મારી માને એમ ઓળખાય મૂર્ખ. આહા..હા..! સચેત્ત કીધુંને?

મુમુક્ષુ :- .. આખું જગત મૂર્ખ થઈ ગયું.

ઉત્તર :- મૂર્ખ જ છે, પાગલ છે. આહા..હા..!

સચેત્ત લક્ષ્મી મારી લ્યોને. પુત્ર મારા, લક્ષ્મી મારી, મકાન મારા, આબરૂ મારી. કેટલા મારા તારા? આહા..હા..! ભાઈ! તારી તે ભિન્ન ચીજ એ તારી ક્યાંથી થઈ? તારામાં આવી ક્યાંથી અને તું ત્યાં ગયો ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? અરે! સાળાનો સાળો સારો થાય તો આપણને લાભ થાય એક જણો કહેતો હતો. ઠીક! આવા ને આવા. સાળાનો સાળો સારો થાયને તો આપણને લાભ થયો આમ કહેવાય તો ખરું કે મારા સાળા અને એનો સાળો કરોડપતિ થયો છે. એમાં તારે શું? અરે! હૂંફ આવે હૂંફ કહે. મૂર્ખના તે ગામ જુદા હશે?

કહે છે કે આ અચિત્ત લક્ષ્મી આદિ, મકાન આદિ, પૈસા આદિ અને ધન્યધાન્ય. અમારે આટલા ખેતર, આટલા અનાજ પાક્યા. લ્યો! પાંચ લાખનું અનાજ પાકે છે અમારા રાજમાં તો. અનાજ પાકે આટલું, પૈસા અમારી આટલી મૂડી, આટલી પૂંજી. ચીનમાં રાખીએ છીએ. ઘણા રાજા હોય છેને એ અહીં ન રાખે. બીજે રાખે. અમારા પૈસા, અમારી સેના, અમારું રાજ. આહા..હા..! અને **'આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે,...'** **'एतत् अहम्'** એમ. હું આ છું અને એ મારા છે. **'अहम् एतस्य अस्मि'** **'હું આનો છું,...'** પહેલું સામાન્ય કીધું. **'આ મારું છે, આ મારું...'** પહેલું સામાન્ય હતું, બીજું વર્તમાન કહ્યું, હવે આ પૂર્વે આવ્યું. વર્તમાનમાં પહેલી સામાન્ય વાત કીધી, પછી વર્તમાન કીધી કે આનો હું અને એ મારા. આહા..હા..! રાગનો કણ પણ મારો માને તો કહે છે કે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જુઓ. એ મારો, હું એનો સામાન્ય. પછી વર્તમાન--એ મારા, હું એનો એ વર્તમાન. પછી **'આ મારું પૂર્વે હતું,...'** એ અમારા સગાવ્હાલા પૂર્વે હતા ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! અમારા દીકરાને પહેલો ત્યાં જ વરાવ્યો હતો, પણ કન્યા ત્યાં મરી ગઈ પણ સગપણ એવું ને એવું જાળવી રાખે છે. કહે છેને એમ? દીકરીને વરાવી હતી પહેલી એ તો મરી ગઈ, એને ઠેકાણે બીજી દીકરી છે, પણ રાખે છે બધું સરખાયનું. એના .. એને. આહા..હા..! જેને શેઢે-સીમાડે જેની સાથે મેળ નથી. એને આ મારા પૂર્વે હતા હોં. આ મકાન અમારા પૂર્વે હતા. આ છોકરો અમારો પહેલો કહ્યાગરો હતો. હવે ફરી ગયો. પારકા આવે તો ફરી જાયને. પારકાની દીકરી આવે તો ફરી જાય. એ આપણે નહિ ચાલે આમાં. આહા..હા..! કારણ કે આ ઘરમાં સાત-આઠ માણસ. આપણે શેરો શેર-દસ શેર કરીએ તો માંડ હાથ આવતો નથી. જુદા પડીએ તો શેરો ખાશુ તો શેર-બે શેર

આવે. જુદા પડો જુદા. .. કરે. મા-બાપને પજવે.

કહ્યું હતુંને એકફેરી આ. રાજકોટની પાસે ક્યું ગામ? ન્યારા. ન્યારા. ન્યારા છેને નહિ? સડક ઉપર છે જામનગર જતા. ન્યારા. ત્યાં બે-ત્રણ-ત્રણ માઈલ જતાને ભાઈ ઓલા પણે નહિ વકીલ. કેવો વકીલ નહિ? ત્રણ-ત્રણ ચાલ માઈલ. બક્ષી. વેણીભાઈ બક્ષી જાય સામા મળે દરરોજ. .. એ ત્યાં એકફેરી અમે ગયેલા એમાં એ રબારી હતા. દરબાર હશે. તો એના દીકરાનો દીકરો થયો હતો. દીકરો મરી ગયો. ગામ આવડું તો ગરાસિયાને પૂછીને કામ કરે. પણ ઓલી બાયડી જરી એવું કે આ ઘરમાં પણ ડોસા-ડોસી છે, પહેલા એના પેટ ભરે પછી આપણને મળે. એ કરતા બે જુદા પડીએ. તે દિ' જ અમે ગયા તે દિ' એમ થાય. અને ઓલો એને ડોસો. આહા..હા..! અરે! બાવળને બાયડી હોય તો તારે હોય. માટે જડ જેવો તું. ગરાસિયા પૂછે. એલા મને ગરાસિયા પૂછે અને આ મારા ઘરમાં તકરાર. હવે મારે કોની કરવી? ... લ્યો! .. આટલા લઈ ગયા, ફલાણા લઈ ગયા. પોતાના ડોસી-ડોસી બે જણા. પણ એ બધું એમ જ છે. હતું કે દિ' તારું? આહા..હા..! મારા કરીને માન્યા એ જ્યારે જુદા પડે તો એને દુઃખ થાય, ખેદ થાય. મૂળચંદભાઈ! મોટા કરીને માન્યા હોય, પછી બાપુજી હવે અમે ભેગા નહિ રહીએ. ભાગ પાડો.

મુમુક્ષુ :- પણ મુંબઈમાં નાનકડું ઘર હોય ભેગા ક્યાંથી રહે?

ઉત્તર :- લ્યો ઠીક! આહા..હા..! કોના કોણ ભાઈ? આ અમારા પૂર્વે હતા. અમે પૂર્વે રાગ કર્યો હતો એના પુણ્ય બંધાણા. આ એને લઈને મનુષ્યપણું મળ્યું તો ધર્મનો લાભ તો થાય. આહા..હા..! બહુ સાથે એકતા થઈ એ તો ભાઈ. મિથ્યાત્વના લક્ષણ છે એ તો બધા. કહે છેને પણ એ? જુઓ, આ મનુષ્યપણું મળ્યું, પૂર્વના આપણે શુભભાવ હતા તો મનુષ્યપણું મળ્યું, તો સાંભળવાનો યોગ મળ્યો. એ પુણ્ય ન હોત તો સાંભળવાનું ક્યાંથી મળત? અને સાંભળ્યા વિના ધર્મ ક્યાંથી થાય? શું કહેવું છે પણ તારે? સમજાણું કાંઈ? અમે ભાવ શુભ કર્યા હતા એનું બંધાણું પુણ્ય એનું મળ્યું મનુષ્ય એને સાંભળવાનું.

શ્રીમદ્‌માં આવે છે કે નહિ? 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહનો માનવનો મળ્યો.' લ્યો! 'તોએ અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો!' આ તો ત્યાં નાખ્યું પાછું. એ ભવના અભાવનું કાંઈ કર્યું નહિ. હવે મનુષ્ય દેહ તો મળ્યો આવો પૂર્વના પુણ્યને કારણે. આહા..હા..! અહીં કહે છે કે જે ઇન્દ્રિયો મળી પુણ્યને લઈને તો ધર્મ થાય. એ વાત જ જૂઠી છે. એય..! ધર્મ કાંઈ ઇન્દ્રિયથી અને સાંભળવાથી થતો નથી. આહા..હા..! એનાથી થાય એમ માનનારા અજ્ઞાનીનું લક્ષણ છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે કહે છે. ભારે ભાઈ! જ્ઞાની થઈને છ ખંડના રાજમાં દેખાય છેને. છન્નું હજાર સ્ત્રીઓ હોય એને તો. સમકિતી હોય. છન્નું હજાર સ્ત્રી હોય, બંગલા હોય. હોય એને શું? માને છે કે મારા નથી. હું તો એનો જાણનાર...

જાણનાર... જાણનાર... સમજાણું કાંઈ? માથે ન આવ્યું નોકર્મ? અરીસામાં જેમ બીજી ચીજો જણાય છે એ અરીસાની નહિ. એ જણાય છે એ તો પોતાની પર્યાય છે. સમજાણું? એમ આત્મામાં જ્ઞાતૃત્વ એ પોતાની ચીજ છે. એ પરચીજ એ પોતામાં આવતી નથી અને પરને લઈને જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..!

**'આ મારું પૂર્વે હતું, આનો હું પણ પૂર્વે હતો,...'** મેં પણ એને પૂર્વમાં ઘણા કામ મેં કરી દીધા છે. આહા..હા..! **'एतत् मम पुनः भविष्यति'** એ ભવિષ્યની વાત છે. **'આ મારું ભવિષ્યમાં થશે,...'** એ આ કાંઈક પુણ્ય કરશું તો કાંઈક ધર્મ ભવિષ્યમાં સાધન મળે અને સાધન મળશે તો ધર્મ થાશે. એ બધા મૂઢના લક્ષણ છે કહે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું મૂઢ જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો તો બધાય પાગલ છે. .. એમાંથી કોઈ નીકળવું. આહા..હા..! એવું જ છે. સોએ સો એવું ગાંડાપણું છે કહે છે. સાધુ થઈને, ત્યાગી થઈને પણ આમ માને તો કહે છે એ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીના લક્ષણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વને સાધે છે. એ સ્વભાવને સાધતો નથી.

**'આ મારું ભવિષ્યમાં થશે,...'** લ્યો! હું પણ એનો હતો અને એ મને ભવિષ્યમાં થશે. ભાઈ સારા સાધન થશે. જુઓ, મોક્ષમાર્ગમાં પ્રકાશકમાં પણ આવે છે. ભાઈ! પુણ્ય કરશે તો સારા નિમિત્ત તો મળશે. આવે છે કે નહિ? એય..! આવે છે? આવે છેને આમાં. અહીંથી આમ. છેને. મા-બાપની યાદ આવે તો આવી ગયું મગજમાં. આહા..હા..! એ તો વાત કરે છે કે ઓલા પાપના પરિણામ હોય તો પ્રતિકૂળતાના નિમિત્ત.. એટલી વાત છે. એટલે એનાથી પામી જાય (એમ નથી). એવું તો અનંતવાર થયું છે. આહા..હા..! પણ એમ માને કે આપણે અત્યારે પુણ્ય કરીશું તો ભગવાન પાસે જાશું સ્વર્ગમાં અને પછી ભગવાન પાસે જાશું સ્વર્ગમાંથી. એ માન્યતા તદ્દન ભ્રમ અને અજ્ઞાનની છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ તો અંતરમાં જતાં થાય છે કે બહાર ભગવાન પાસે જતા થાય છે? આહા..હા..! ભારે કામ આકરું. પોતા સિવાય એટલે જ્ઞાનાનંદ સ્વભાવ સિવાય કોઈપણ ચીજ પૂર્વમાં મારી માની, વર્તમાનમાં કે ભવિષ્યમાં. એકસમયમાત્ર માને તો એ અજ્ઞાન છે લ્યો!

**'एतत् तु असद्भूतम्' 'આવો જૂઠો આત્મવિકલ્પ કરે છે...'** લ્યો! ભાઈ મન મળે સારું. મન હોય તો ધર્મ થાય. જુઓ, સંજ્ઞી-અસંજ્ઞીમાં શું થાય? એમ કહે છે ઘણા. મારા એ તો વાત સાંભળને. નિમિત્ત છે એટલે થાય છે? એ તો પોતાના સ્વભાવ તરફ ઝુકે

ત્યારે થાય છે. સંજ્ઞીપણું ક્ષયોપશમ છે તો અભવિને પણ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! મારે પણ ક્યાંક ક્યાંક શલ્ય રાખવું છેને. મિથ્યાત્વનું શલ્ય છે કહે છે. '**આવો જૂઠો...**' '**असद्भूतम्**' એ એની ચીજ નથી અને મારી છે, મારી થશે, મારી રહી હતી એ બધા જૂઠા વિકલ્પો છે. સમજાણું કાંઈ? '**અને જે પુરુષ...**' '**આત્મવિકલ્પ કરે છે તે મૂઢ છે,...**' ઠીક! '**મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે;...**' ત્રણ અર્થ કર્યા. આહા..હા..! શબ્દ એક જ છે.

મુમુક્ષુ :- .. મૂઢ જીવ કહ્યો.

ઉત્તર :- હા મૂઢ છેને. મહામૂઢ છે. આહા..હા..! ચાહે તો પુણ્યના પરિણામ અત્યારે મારા માને કે પૂર્વના પુણ્ય મારા હતા એમ માને કાં પુણ્યના ફળ મળશે મને એમ માને એ બધા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! આ અજ્ઞાનીના લક્ષણ છે. ભારે વાત ભાઈ! એ માટે તો ઓળખાવે છે. શતપ્રતિશત હોય માટે. એમ કે સોમાં સો મળે આવા. એમ કહે છે. શિષ્યે પ્રશ્ન કર્યો એનો ઉત્તર છેને આ? '**એ મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે;...**' આહા..હા..! ત્યારે કહે આવું કહેવું આકરું? જેઓ '**મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે;...**' એ તો વસ્તુની સ્થિતિ બતાવે છે. એ કાંઈ એના ઉપર દ્વેષ છે એમ છે નહિ. આહા..હા..! એમ કે કોઈને મૂઢ ન કહેવો. એ અનેકાંત માર્ગ છે. અનેકાંતમાં બધા સમાય જાય છે. કોણ સમાય અનેકાંતમાં? વસ્તુ વસ્તુપણે છે અને રાગપણે નથી એમ અનેકાંતમાં સમાય છે. વસ્તુ વસ્તુપણે છે અને રાગપણે છે અને પરથી પણ લાભ થાય એમ વસ્તુમાં છે નહિ કાંઈ. આહા..હા..!

'**અને જે પુરુષ પરમાર્થ વસ્તુસ્વરૂપને જાણતો થકો...**' ભૂતાર્થ. છતો પદાર્થ ભગવાન આત્મા એવો જ્ઞાયકભાવ એ જ મારી ચીજ છે, મારી ચીજ એ હતી અને એ જ રહેશે. કોઈ બીજી મારી થઈ, રહેશે અને હશે એમ છે નહિ. માણસો નથી કહેતા કે નાગા ભૂખ્યા હોય તોપણ ઘરનું માણસ હોય તો ઢાંકે લ્યો! માટે મોટી ઉંમરે પરણે છે માણસ. છે કે નહિ? પારકું માણસને શરીરનો રોગ હોય કેમ હોય કેમ નહિ. ઘરનું માણસ હોય ભલે નાનું હોય. અહીંયાં ૫૦-૬૦ થયા હોય, બીજો હોય ૨૦ વર્ષની. ભાઈ નાગા-ભૂખ્યા ઢાંકે એમ તમને સંસારની શી ખબર પડે? વળી એમ કહે. આ બધું સાંભળેલું છે હોં! આહા..હા..! અરેરે! ભાઈ! કોણ ઢાંકે અને કોણ નભે? તે તને ઢાંકી દીધો છે પરને પોતાનો માનીને. આહા..હા..! નાની વાત લાગે છે પણ મોટી વાત શલ્ય મોટું છે. મોટું શલ્ય મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું એ મહાપાપ છે. રાગાદિ મારા હતા, એનો થઈશ, એનાથી મને લાભ થશે, ભવિષ્યમાં એવું કાંઈ .. એ મહાશલ્ય છે કહે છે. ભવિષ્યમાં પણ તારાથી તને સ્વભાવથી લાભ થશે. પરથી લાભ નહિ થાય. એ વાત અંદરમાં બેસવી આકરી ભારે.

**'એવો જૂઠો વિકલ્પ નથી કરતો...'** પણ કઈ રીતે? પરમાર્થને જાણતો થકો. એમ. **'એવો જૂઠો વિકલ્પ નથી કરતો તે મૂઢ નથી,...'** **'असम्मूढः'** **'જ્ઞાની છે.'** બસ આ બરાબર ફેરવી નાખ્યું લ્યો! હું જીવાડી શકું છું એ મિથ્યાદષ્ટિ છે. હું કોઈને જીવાડી શકતો નથી એ સમકિતી છે. એ તો મિથ્યાત્વના એક અંશની વાત કરી ત્યાં. આ તો આખા મિથ્યાત્વની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજાને હું જીવાડી શકું, દુઃખી કરી શકું, સુખી કરી શકું, પરથી હું જીવું, મને આધાર પરનો છે, ભાઈ! તો કહે છે એ તો મૂઢ, મિથ્યાદષ્ટિ છે. એવું નથી માનતો તે સમકિતી જ્ઞાની છે એમ છે ત્યાં. એટલો નથી માનતો માટે જ્ઞાની છે તો એ મિથ્યાત્વના એક અંશના પ્રકારની વાત કરી. આ તો આખા મિથ્યાત્વની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! આખો ભગવાન પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવ. એને કોઈપણ વિકલ્પની સાથે સંબંધ માનવો, સંબંધ માનવો. સંબંધ માનવો. સંબંધ માનવોનો અર્થ જ એ કે એ મારા છે. બંધ છે એ. કહો, ભગવાનજીભાઈ! ભારે કામ ભાઈ આવું. આહા..હા..! આટલી આટલી દુકાનું ચાલતી હોય, પૈસા પેદા થયા હોય પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ. હવે કહે છે કે એ કામ મારું નહિ, મારે લઈને નહિ. કેટલા વર્ષ સુધી મહેનત કરી? કહે શેની મહેનત કરી? મિથ્યાત્વની હતી. ત્યારે આ પૈસા ભેગા થાય. કાંઈ મફત થાતા હશે? ઉદ્યોગપતિને માટે વખાણ કરેને. આ ઉદ્યોગપતિ છે. ઉદ્યોગનો પતિ છેને? આત્માનો નહિને? મૂઢનો છે. ઉદ્યોગપતિ એણે પોતાના બાહુબલે પચ્ચીસ કરોડ ભેગા કર્યા. એનો બાપ કાંઈ મૂકીને નહોતા ગયા એય..! લક્ષ્મણભાઈ! એના બાપ કાંઈ નહોતા મૂકી ગયા, પણ એમણે વ્યવસ્થા કરતાં-કરતાં પહેલા ગામમાં ચલવ્યું, પછી મુંબઈમાં ચલવ્યું, પછી આફ્રિકામાં ગયા, પછી ફલાણે ગયા એમ કરીને આ બધા ભેગા થયા. આહા..હા..!

મુમુક્ષુ :- પછી ચાલતા ચાલતા...

ઉત્તર :- ચાલતા ચાલતા રખડશે. આહા..હા..! હું ક્યાંય ગયો નથી, મેં કોઈનું કર્યું નથી, મારું કોઈ છે નહિ, મારામાં કોઈ ચીજ પચતી જ નથી. આહા..હા..! રાગ પણ મને સ્પર્શ્યો નથી. તો બાયડી, છોકરા, કુટુંબ, દેશ અને પૈસા તો ક્યાંથી આવ્યા? પોતાનો પરમાર્થ સ્વભાવ એને જાણતો થકો. જાણતો થકો. એવો વિકલ્પ નથી કરતો તે જ્ઞાની છે. એ મૂઢ નથી. લ્યો! આ ઓળખાવ્યું. હવે એનો દાખલો આપે છે.

**'જેમ કોઈ પુરુષ ઈંધન...'** લાકડા **'અને અગ્નિ...'** અગ્નિની ઉપમા છે ચૈતન્યને અને રાગાદિ જડની ઉપમા બધાને છે અચેતન લાકડાની. આહા..હા..! **'જેમ કોઈ પુરુષ ઈંધન...'** એટલે લાકડા **'અને અગ્નિને મળેલા દેખી એવો જૂઠો વિકલ્પ કરે કે અગ્નિ છે તે ઈંધન છે,...'** અગ્નિ તે લાકડું, અગ્નિ તે લાકડું. મૂર્ખ કહેવાય કે નહિ? લૌકિક. લૌકિકમાં. આ લૌકિકની વાત છે. **'ઈંધન છે તે અગ્નિ છે, ઈંધન છે તે અગ્નિ છે;...'** લાકડું

તે અગ્નિ છે. એ સામાન્ય વાત. '**અગ્નિનું ઈંધન છે...**' વર્તમાન-વર્તમાન છે. '**અગ્નિનું ઈંધન છે...**' અગ્નિનું ઈંધન છે. ઓલું સામાન્ય પહેલી વાત કરી હતી. '**અગ્નિનું ઈંધન છે,...**' આ અગ્નિનું લાકડું છે, અગ્નિનું લાકડું છે. અને '**ઈંધનનો અગ્નિ છે;...**' હવે પહેલાં '**અગ્નિનું ઈંધન પહેલાં હતું, ઈંધનનો અગ્નિ પહેલાં હતો;...**' ઠીક! '**અગ્નિનું ઈંધન પહેલાં હતું, ઈંધનનો અગ્નિ પહેલાં હતો; અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે,...**' દાખલો જુઓને કેવો? અગ્નિનું લાકડું ભવિષ્યમાં '**અને ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે;--આવો ઈંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે...**' દેખો! તે લાકડામાં જ અગ્નિને માને. '**તે જૂઠો છે, તેનાથી...**' આ મૂર્ખ છે એમ ઓળખાય. સંસારનો મૂર્ખ છે એમ ઓળખાય. '**અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે,...**' લ્યોને. લોકની અપેક્ષાએ વાત છે.

'**તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે કે...**' એ રાગાદિ બધા પરદ્રવ્ય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ. શરીર, કર્મ, બાયડી, છોકરા, લક્ષ્મી, પૈસા, આબરૂ બધું પરદ્રવ્ય. '**આત્મા પરદ્રવ્યમાં જ...**' પરદ્રવ્યમાં જ. '**અસત્યાર્થ આત્મવિકલ્પ કરે કે હું આ પરદ્રવ્ય છું,...**' સામાન્ય. હું આ શરીર છું, હું સ્ત્રી છું. આહા..હા..! એકની સ્ત્રી મરી ગયી પછી કામધેનુ ગાય થઈ છે એક અમારે ઘરે. કામધેનુ ગાય આવે છેને. છેને મૂળીમાં. એ છે કે નહિ? એ બાયડી મરી ગઈ પછી કામધેનુ ગાય થઈ હતી. કામધેનુ સમજ્યા? જ્યારે જોવે ત્યારે દૂધ આપે. પછી મરી ગઈ કામધેનુ ગાય. પછી અરેરે! આપણે આવે છેને જેમ. હે ભગવાન હું ભૂલી ગયો. નથી આવતું? શ્રીમદ્‌માં. એણે લખ્યું એના ધણીએ. હે માતા! હું ભૂલી ગયો. તમને ઓળખ્યા નહિ. એમ. લ્યો ઠીક. પત્થરનું મોટું મંદિર બનાવ્યું. ૧૮ હજારનું મંદિર. તે દિ' પહેલાની વાત છે હોં. અત્યારે તો. બાયડી મરીને કોને એમ માન્યું કે આ કામધેનુ ગાય થઈ હતી. કામધેનુ મરી પછી એને દાટી એના ઉપર મંદિર બનાવ્યું. આ મૂળી. વઢવાણ પાસે છેને. જોવા ગયા હતા અમે. કહે ચાલો જોવા, ચાલો જોવા. કહે હે માતા હું તને ભૂલી ગયો. આવા ને આવા. રૂપિયા ખર્ચ્યા ૧૮ હજાર એને દાટીને ગાયને. આ તો પહેલાની વાત છે. ૯૯ સાલની પહેલી જ વાત છે. ૯૯માં ત્યાં ગયા હતા. આહા..હા..!

કહે છે '**હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે; મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું;...**' એ વર્તમાન. પહેલું ઓલું સામાન્ય. હું આ પરદ્રવ્ય છું. રાગથી માંડીને શરીર, વાણી, મન, બાયડી, છોકરા, કુટુંબ, દેશ. એ મારો દેશ. દેશ માટે બલિદાન આપો. એક દેશનો સેવક હતો એ અમરેલીમાં હતાને. મરતા મરતા જુવાન બકતો હતો એ દેશનું. મરી ગયેલો. પ્રેમચંદભાઈના મામાનો દીકરો છે. ખારા. મારો દેશ છે એ માટે અમે મરીશું. અમે સહન કર્યું. કોના દેશ બાપા? કોની જમીન અને કોની જોરુ? એ

કજીયાના છોરું. એમ કહે છે આપણે નહિ? 'જર, જમીન ને જોરું, કજીયાના છોરું.' જર, જમીન અને જોરું. જર એટલે પૈસો, જમીન અને જોરુ સ્ત્રી આદિ એ કજીયાના છોરું છું. કજીયા મૂળ છે ત્યાં થાય. ધૂળેય નથી તારા મફતનો મારા. આહા..હા..!

હું આ પરદ્રવ્યનો હતો. લ્યો! એ મારું આ પહેલા હતું. પહેલાં એ મકાન મારા હતા, બાયડી મારી હતી, પછી છૂટાછેડા કર્યા તો હવે ગઈ પરમાં. કેમ અત્યારે થાય છેને એ? પરદેશમાં ઘણું થાય છે હવે બધું. દેશમાં પણ થાય છે. બધે થાય છે. આહા..હા..! '**હું આનો પહેલા હતો;...**' અમારે પ્રેમ તો પહેલેથી હતો. એ તો ઉઘાડું હવે પાડ્યું અમે. એમ વળી કહે. આહા..હા..! '**મારું આ ભવિષ્યમાં થશે,...**' અને ગમે તે પણ ભાઈ કાંઈ પાણી ડાંગ માર્યા કાંઈ જુદા પડે? એ અમારા વ્હાલા છે તો ભવિષ્યમાં પણ વ્હાલા રહેશે. આ મૂઢ છે કહે. બરાબર છે? આ તો શું કરવું છે ભગવાનને? ઓટલો વાળવો છે બધો? છે એવો એને બનાવવો છે. છે એવો બનાવવો. છે એવો. પરનો નથી અને પરનું પોતામાં નથી. આહા..હા..! મારું આ ભવિષ્યમાં થશે. '**હું આનો ભવિષ્યમાં થઈશ;--આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.**' લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૯, મંગળવાર, તા. ૦૮-૦૨-૧૯૭૨
## ગાથા-૨૦ થી ૨૨, કળશ-૨૨, પ્રવચન-૯૩

દૃષ્ટાંત ચાલે છે ૨૦-૨૧-૨૨ ગાથાનું. પહેલો પેરેગ્રાફ થઈ ગયો. બીજો છે. શું દૃષ્ટાંત પહેલો, પછી સિદ્ધાંત એનો. '**વળી અગ્નિ છે તે ઈંધન નથી,...**' અગ્નિ છે તે લાકડું નથી.

મુમુક્ષુ :- લાકડા વિના અગ્નિ થાય?

ઉત્તર :- અગ્નિ અગ્નિમાં છે, લાકડું લાકડામાં છે.

મુમુક્ષુ :- લાકડામાં લાકડા...

ઉત્તર :- કોણ નાખે છે? કોઈ નાખતું નથી. અગ્નિ અગ્નિમાં છે અને લાકડું લાકડામાં છે. શેઠ! પછી આ ઉતરશે ક્યાં સમજાય છે? આ તો દૃષ્ટાંત છે. ભગવાનજીભાઈ! દૃષ્ટાંત તો . .થાય પછી એનો સિદ્ધાંત.

**'અગ્નિ છે તે ઈંધન નથી, ઈંધન છે તે અગ્નિ નથી,--'** બે અરસપરસ કર્યું. હવે નાસ્તિ કરી પછી અસ્તિ કરે છે. **'અગ્નિ છે તે અગ્નિ જ છે, ઈંધન છે તે ઈંધન જ છે;...'** એ સામાન્ય વાત કરી. સામાન્ય. લાકડું તે અગ્નિ નથી, અગ્નિ તે લાકડું નથી, અગ્નિ તે અગ્નિ છે અને લાકડું તે લાકડું છે. હવે વર્તમાન. **'અગ્નિનું ઈંધન નથી,...'** વર્તમાનમાં એ સામાન્ય વાત કરી. હવે વિશેષ સ્પષ્ટ ત્રણકાળને. વર્તમાનમાં **'અગ્નિનું ઈંધન નથી, ઈંધનનો અગ્નિ નથી,--'** ઈંધન એટલે લાકડું. લાકડાનો અગ્નિ નથી. એ નાસ્તિથી વાત કરી. **'અગ્નિનો જ અગ્નિ છે, ઈંધનનું ઈંધન છે;...'** કહો, વર્તમાન. અગ્નિનું અગ્નિ છે, લાકડાનું લાકડું છે. હવે ભૂતકાળ. **'અગ્નિનું ઈંધન પહેલાં હતું નહિ,...'** અગ્નિનું લાકડું પહેલા નહોતું, **'ઈંધનનો અગ્નિ પહેલાં હતો નહિ,---'** લાકડાનો અગ્નિ પહેલા નહોતો. નાસ્તિથી વાત કરી. **'અગ્નિનો અગ્નિ પહેલાં હતો,...'** પહેલા અનાદિથી અગ્નિ અગ્નિનો જ હતો, લાકડું લાકડાનું પહેલાં હતું. એ ભૂતકાળ કહ્યો. હવે ભવિષ્ય. **'અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે નહિ,...'** થશે? અગ્નિનું લાકડું થશે નહિ. **'ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ,...'**

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કે દિ' થશે? **'ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ,...'** લાકડાનો અગ્નિ થશે? એ તો અગ્નિનો અગ્નિ છે. એમ. લાકડું સળગે છે એ તો અગ્નિ છે. એ કાંઈ લાકડું નથી. લાકડું અગ્નિ થતું નથી. અગ્નિ તો અગ્નિરૂપે થાય છે. કહો, સમજાણું? **'અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઈંધનનું ઈંધન જ ભવિષ્યમાં થશે;--આ પ્રમાણે જેમ કોઈને અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય...'** અગ્નિ તે અગ્નિ જ છે, લાકડું નથી અને કોઈ દિ' નથી. વર્તમાનમાં નથી, ભૂતકાળમાં નથી અને ભવિષ્યકાળમાં નથી. **'તે પ્રતિબુદ્ધનું લક્ષણ છે,...'** એ જગતના ડાહ્યા કહેવાય. મૂર્ખા હોય એ અગ્નિને લાકડાનું માને અને લાકડું અગ્નિને માને. હવે અહીં ધર્મમાં ઉતારે છે. **'તેવી જ રીતે હું આ પરદ્રવ્ય નથી,...'** ધર્મી વાસ્તવિક તત્ત્વનો જાણનાર જૈન પરમેશ્વરે કહ્યું એ તત્ત્વને ઓળખનાર એમ કહે છે કે '**હું આ પરદ્રવ્ય નથી,...**' કહો, શેઠ! એ હું આ શરીર નથી, હું આ છોકરો નથી મારો. હું આ પૈસા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પૈસા છે. તમારા પૈસા છે? ભગવાનજીભાઈ! '**હું આ પરદ્રવ્ય નથી,...**' હું લક્ષ્મી નથી. એમ કહે છે. કહો, હું ચૈતન્ય છું, હું આત્મા છું. એ આત્મા છે તે પૈસો નથી. આત્મા છે તે શરીર નથી, આત્મા છે તે કર્મ નથી, આ આત્મા છે તે રાગ નથી. અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ આત્મા તે રાગ નથી. આહા..હા..! ભારે વાત! આ તો મોટો બાપ .. છોકરા ને પૈસા એમાં પાચ-પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ જ્યાં કુકા ભેગા

થાય. એય..! ત્યાં જાણે મારા પૈસા. પણ મૂર્ખ છો. લાકડું અગ્નિનું કોઈ દિ' ન થાય. એમ પૈસા આત્માના કોઈ દિ' ન થાય એમ કહે છે.

મુમુક્ષુ :- પૈસાવાળાને કરવું શું?

ઉત્તર :- પૈસાવાળો મૂર્ખ નહિ, પૈસા મારા માનનારા મૂર્ખ છે. પૈસો તો પૈસામાં છે. અગ્નિ લાકડું છે? અને લાકડું અગ્નિ છે? એ તો પહેલો દૃષ્ટાંત દીધો. એમ આત્મા પૈસો નથી. એ તો જડ છે, માટી, ધૂળ છે. આ પણ ધૂળ છે શરીર. આત્મા શરીર નથી. કીધુંને. હું આત્મા જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા. આ બીજી ચીજ છે. કર્મ, શરીર, પુણ્ય-પાપના ભાવ, પૈસા, આબરૂ, કીર્તિ, ધૂળધાણી. અરે! ભારે!

'**હું આ...**' આ તો બે અસ્તિ કર્યા. હું પણ એક છું અને બીજી આ ચીજ છે. પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ, પૈસા, આબરૂ, કીર્તિ, બાયડી, છોકરાનો આત્મા. કહે છે કે હું બાયડી-છોકરાનો આત્મા નથી. એમ કહે છે. '**હું આ...**' આ તો સિદ્ધાંત છે તત્ત્વ. '**પરદ્રવ્ય નથી,...**' હું પરદ્રવ્ય નથી. '**આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,--**' એ પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબનો આત્મા અને એના શરીરો, લક્ષ્મીના અને બંગલા પાંચ-પચ્ચીસ લાખના મોટા હજીરા બંગલા એ મુજસ્વરૂપ નથી.

મુમુક્ષુ :- હજીરા અને બંગલાના અર્થમાં મોટો ફર્ક છે.

ઉત્તર :- એ બધા હજીરા જ છે ત્યાં. ઓલા લોટિયા વોરાને મરે તો દાટે, હજીરામાં દાટે. જામનગરમાં જોયું છે? ભગવાનજીભાઈ! નદીને કાંઠે. હજીરા મોટા હોય એમાં દાટે એને. એમ આ મોટા પાંચ-દસ લાખના હજીરા મોટા હોય. એમાં પડ્યો રહે, ઈયળની જેમ પડ્યો છે. ભાન નથી કે હું કોણ છું? સમજાણું કાંઈ? આહા..હા..! ૪૦ લાખનો બંગલો.

મુમુક્ષુ :- ૪૦ લાખનો..

ઉત્તર :- જુઓને એ ખાલી પડ્યું મોટું રહે છે ત્યાં. આ ત્રણ કરોડનો બંગલો નથી ક્યાંક મૈસુરમાં. ત્રણ કરોડનો. જોવા ગયા હતા. ખાલીખમ. દરબાર કોક ખાલી ગયો હતો. ત્રણ કરોડનો. અત્યારે ખાલીખમ છે. ધૂળેય નથી સાંભળને. એ તો માટીના ઢગલા છે. એ તારા સ્વરૂપે છે? ભગવાનજીભાઈ! જેમ ઓલા દોઢ લાખ રૂપિયા જોતા હતા ભાડાના તો ઓછું કરીને દઈ દીધું. એ તમારું હતું? આ ભારે ભ્રમ ભાઈ! અનાદિથી અજ્ઞાનીને આવો મોહ.. હું પરનો છું અને પર મારા છે. એ મહામિથ્યાત્વ અજ્ઞાન છે. એને વીતરાગ માર્ગની ખબર નથી. આહા..હા..!

કહે છે '**હું આ પરદ્રવ્ય નથી,...**' આ પરદ્રવ્યમાં આ બધું લેવું. પુણ્ય-પાપના ભાવ, એનું કર્મ, એનું ફળ સંયોગ એ બધા પરદ્રવ્ય છે. '**અને આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,---**' રાગ અને પુણ્યના ભાવ એ આત્મસ્વરૂપ છે? શરીર એ આત્મસ્વરૂપે છે આ? આ

તો માટી છે, અજીવ છે. પૈસા એ આત્માસ્વરૂપે છે? પૈસા તો જડરૂપે રહ્યા છે. લક્ષ્મી તો અજીવ તરીકે રહી છે. એ આત્માના સ્વરૂપે અજીવ છે? આહા..હા..! ભારે ભાઈ આ. ભીખાભાઈ! હવે ૩૦ રૂપિયાના પગારમાંથી લાખો રૂપિયા થઈ જાય, બંગલા થાય અને હીરાભાઈ જેવો છોકરો પછી હશે એના નહિ. ધૂળનાય નથી કહે. એના નથી ધૂળના નથી એટલે? એના મારા માનવાથી મિથ્યાત્વનું ઝેર ચડે છે, મોહ ચડે છે. આહા..હા..!

કહો, '**પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,--**' છેને? એ પૈસો, લક્ષ્મી, સ્ત્રીનો આત્મા, છોકરાના આત્મા, એના શરીરો, એના હજીરા, બંગલા એ મારા સ્વરૂપે નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું. હું તો જાણનાર ચૈતન્યમૂર્તિ આત્મા છું અને આ તો જડસ્વરૂપે છે. અંદર પુણ્ય-પાપના ભાવ એ પણ મારા સ્વરૂપે નથી. આહા..હા..! મૂળચંદભાઈ! ભારે ભાઈ! '**હું તો હું જ છું,...**' આવી વાત. ઓલી નાસ્તિથી વાત કરી હતી. હું ચૈતન્ય જ્યોત છું. જ્ઞાનનો સૂર્ય છું. હું જગતને અને મને જાણનારા સ્વભાવવાળો છું. એમ જે માને તેને યથાર્થ જ્ઞાની અને વાસ્તવિક તત્ત્વનો જાણનાર કહેવામાં આવે છે. બાકી તો મૂર્ખ કહેવામાં આવે છે. આહા..હા..! 'મૂર્ખ માથે શિંગડા નહિ નિશાની હોય.' મૂર્ખને શિંગડા હશે માથે? એમ આ ભગવાન કહે છે કે એને અજ્ઞાનીને માથે કાંઈ શિંગડા ન હોય.

મુમુક્ષુ :- નિશાની હોય.

ઉત્તર :- નિશાની હોય આ અજ્ઞાનની. આ મારા અને હું એનો. આ એનું લક્ષણ છે અજ્ઞાનીનું. આહા..હા..! મૂઢ છે. ચાર ગતિમાં રખડવાની ઈયળ છે એ. આહા..હા..! એમાં કાંઈ થાય થોડું ઘણું અને એમાં શરીર ઠીક હોય, બાયડી-છોકરા કાંઈક ઠીક હોય, એમાં બે-પાંચ લાખની પેદાશ મહિને હોય, થઈ રહ્યું. 'હું પહોળો અને શેરી સાંકડી.' હું પહોળો થઈ ગયો. ક્યાંય નથી થયો સાંભળને. તું તારામાં છો. એ સ્વરૂપે તું નથી અને એ સ્વરૂપ તારું નથી. આહા..હા..! તારા સ્વરૂપે એ નથી. આહા..હા..!

'**હું તો હું જ છું,...**' ધર્મી જીવ સુખને પંથે જનાર એમ જાણે છે કે હું આત્મા ચૈતન્ય જ્યોત છું. આ રજકણ અને રાગથી ભિન્ન છું. સમજાણું કાંઈ? આહા..હા..! '**પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે;...**' રાગ તે રાગરૂપ જ છે. શરીર તે શરીરરૂપે છે. મારારૂપે નથી, મારા સ્વરૂપે એ નથી, એના સ્વરૂપે હું નથી. આહા..હા..! જીવ-અજીવ અધિકાર છે. આહા..હા..! અહીં તો એક જરી છોકરા સારા ચાર-પાંચ થાય અને એક મરી જાય તો હાય-હાય રે. મારું બગડ્યું. આહા..હા..! મારું આ થયું. પણ તું ક્યાં છો તે બગડે સાંભળને. એ મારા માન્યા હતા એ જ તારો મોટો બગાડ મોહનો છે, મહાપાપ છે. આહા..હા..! એ સામાન્ય વાત કરી.

હવે વર્તમાન. સામાન્ય વાત કરી પહેલી. હવે વર્તમાન. '**મારું આ પરદ્રવ્ય નથી,...**'

મારું આ રાગ, પુણ્ય, શરીર, કર્મ એ મારું નહિ એમ ધર્મી જાણે અને માને છે. આહા..હા..! શેઠ! છે એમાં? એ બીડીયુંના ખોખા હલે અને ૪૦-૪૦ મોટરું ચાલે, દેવા જાય ફલાણું ઢીંકણું એ હું નથી એમ કહે છે. શરીર તો ઠીક પણ રાગ રહ્યો નહિ. એ નહિ. રાગ પણ નહિ આત્મા, આત્મા રાગ હોય? રાગ તો વિકાર છે, અચેતન જડ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! અરે! એને વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઇન્દ્રોની હાજરીમાં અને ગણધરોની હાજરીમાં આમ કહેતા હતા. એ વાત અહીંયાં આવી છે. સમજાણું કાંઈ? ભાઈ! તું તારામાં છોને. તું તારા સ્વરૂપે છો, તું રાગ અને શરીર ને કર્મરૂપે નહિ હોં. અને એ કાંઈ તારા સ્વરૂપે નહિ. તું તે સ્વરૂપે નહિ અને તે તારા સ્વરૂપે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ!

'**મારો જ હું છું,...**' મારો જ હું છું. વળી મારો જ હું છું ભેદ પાડ્યો. એનો અર્થ કે હું મારો છું. હું જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય સૂર્ય એ મારો જ એ હું છું. '**પરદ્રવ્યનું પરદ્રવ્ય છે;...**' રાગનો રાગ છે, શરીરનું શરીર છે, વાણીનું વાણી છે, બાયડીની બાયડી છે, એની એની છે, તારી છે નહિ. આહા..હા..! મારી બાયડી અને હવે અર્ધાંગના. એમ કહે. અર્ધાંગના. અડધું અંગ મારું અને અડધું અંગ એનું. મૂર્ખના કાંઈ ગામ જુદા હોય? સમજાણું કાંઈ? એય..! શેઠ! અહીં તો એ છે. અર્ધાંગના. એ અમારી અર્ધાંગના છે. ક્યાંથી લાવ્યો અર્ધાંગના. એ મરી જાશે તો તું મરી જઈશ સાથે? અડધું કોણ મરે? અડધું મરે અને અડધું જીવે એમ થાતું હશે? આહા..હા..! મૂર્ખા તે પણ કાંઈ. આ બધા મૂર્ખા ભેગા થયા છે એમ કહે છે. એને રખડવાના રસ્તે પડ્યા છે કહે છે. ભગવાનજીભાઈ! ભારે ભાઈ! આવું સાંભળવું મુશ્કેલ પડે. એય..! આહા..હા..! ..ભાઈ ક્યાં સાંભળવા રોકાય છે વધારે જુઓ.

મુમુક્ષુ :- એ વતી એના પિતાજી છેને.

ઉત્તર :- એના વતી તો એને શું છે? એને હૂંફ બે-ત્રણ કરોડ રૂપિયા. હૂંફ થઈ જાય એને. અને વળી ત્યાં સુધી બોલે કે બાપા તમને એ લક્ષ્મી રસ ચડ્યો નથી. હા તમને ખબર નથી અમને પૈસા થયા. એની પાસે શું ૩૫-૪૦ હજાર હતા એના બાપ પાસે હોં! એના પછી આ બધા થયા. ૩૫-૪૦ હજાર માંડ હશે. ખબર છે અમને ૫૦-૬૦ વર્ષ પહેલાંની. ૩૫ હજાર કહેવાતા. ઓછા હોય પણ કહેવાતા એટલું. છોટાભાઈ પાસે. બીજા બધા ભાઈ છોકરાઓ થયા તો હળવે હળવે લાખ થયા અને એના છોકરા પાસે કરોડ કહેવાય લ્યો. પાંચ કરોડ આ મલૂપચંદભાઈના દીકરા. એક પાસે ત્રણ અને બીજા પાસે બે.

મુમુક્ષુ :- આપે બધાને ચોકડી મારી છે.

ઉત્તર :- ચોકડી છે. આ નહિ કામ આવે હમણા નહોતું થયું આમાં? સિમેન્ટમાં કોકે ચોકડી મારી હતીને. કોક વાત કરતું હતું. રામજીભાઈ પાસે ગયા બધા. કે .. કોણે મારી?

હું વયો જાવ છું. સિમેન્ટનું હોય છેને. કાંઈક પલળેલું હશે. હશે તો નાખી હશે. ચોકડી એ આ કામની નહિ એમ. કહે કોન્ટ્રાક્ટર આ કહે છે કે આ તારા કામના નહિ ધૂળબૂળ. મૂક ચોકડી. શેઠ! આહા..હા..! છે?

'**મારો જ હું છું, પરદ્રવ્યનું પરદ્રવ્ય છે;...**' વર્તમાનની વાત કરી આ. પહેલી સામાન્યની વાત કરી, પછી વર્તમાન કરી અને પછી આ ભૂતની વાત કરી ગયા કાળની. '**આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...**' છે? એ લક્ષ્મી, શરીર પહેલાં મારે નહોતું, મારું નહોતું. એનું હતું? શરીર ક્યાં એનું હતું? આ તો નવું આવ્યું છે. આહા..હા..! '**આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...**' એ લક્ષ્મી મારે પહેલી હતી નહિ, મારી હતી નહિ. એ જડની હતી. આહા..હા..! શરીર જડનું હતું, એ રાગ પહેલો અચેતન રાગનો અચેતન હતું. એ મારો રાગ હતો નહિ. આહા..હા..! હીરાભાઈ! અહીં સુધી પહોંચવું પડશે. નહિતર ત્યાં પોપાબાઈનું રાજ નથી ત્યાં મળી જાય ઝટ દઈને. આહા..હા..! બે-પાંચ-દસ લાખની પેદાશ હોય અને બે-પાંચ કરોડ રૂપિયા હોય જોઈ લ્યો તમારે. એક તો વાંદરો હોય એમાં એને ભૂત વળગે, એમાં એને દારૂ પીધો હોય અને એમાં વીંછી કરડ્યો હોય, જોઈ લ્યો પછી એને. આહા..હા..! એમ એક તો જાણે પૈસાના અભિમાનીઓ. એય..! શેઠ!

મુમુક્ષુ :- પૈસાના અભિમાની નથી, પૈસાના માલિક છે.

ઉત્તર :- માલિક એક તો જાણે પૈસાના માલિક માથે દારૂ પીધો. સમજાણું કાંઈ? એમાં વળી કાંઈક છોકરા સારા પાકે, એમાં વળી બાયડી ઠીક આબરૂદાર હોય અને એમાં વળી કન્યા મળે બે-પાંચ કરોડવાળાની એની છોકરાની. જોઈ લ્યો એ તો તમારે. ભૂત વળગ્યું, વીંછી કરડ્યો, દારૂ પીધો અને એક તો ચપળ વાંદરો જાતે હોય. કહ્યું છે પરમાત્મપ્રકાશમાં હોં! કે ભગવાન કહે છે પોતે મુનિ. કે જે પુણ્યને લઈને આ વૈભવ મળે. પુણ્ય બળી જાય ત્યારે આ દેખાય પાંચ-પચાસ લાખ. અને એ પૈસા વર્તમાન પંચમ આરાના વૈભવ. વૈભવથી મદ ચડે. અમે પૈસાવાળા છીએ, અમે આવા છીએ. ઘોડે ચડેલો માણસ દોડતો હોયને. દોડે ત્યારે એમ કહે આહા..હા..! નીચે ચાલતા હોય એને ગણે જ નહિ કાંઈ. આહા..હા..!

ઓલું એક સાંભળ્યું હતુંને નહિ એક ઓલા? જયંતિભાઈ છે? ત્યાં સંભળાય છે કે નહિ? ઓલામાં નહોતું એક ઓલું પેટ્રોલ, તેલવાળો રાજા નહિ? એક કલાકની દોઢ લાખની ઉપજ. એક કલાકની દોઢ લાખની ઉપજ. કોણ કોક રાજા હતોને. આરબના. છેને છાપામાં આવ્યું હતું. એક કલાકની દોઢ લાખની ઉપજ. પછી એના છોકરા નીકળે બજારમાં. લાખો રૂપિયાની મોટરું. લાખો. એક કલાકના દોઢ લાખ ચોવીસ કલાકના કેટલા થયા? એક મહિનાના કેટલા થયા પૈસા? છોકરા નીકળે છાપામાં આવ્યું હતું. લાખો રૂપિયાની મોટરું. એ ઉંહકારો ન કરે ઓલું શું કહેવાય? વગાડે નહિ, ભૂંગળું ન વગાડે. જે છોકરા બધા વચમાં આવે

એ કચરાઈ જાવ. રાજાના દીકરાઓ છે. આહા..હા..! ફાટી ગયેલા પ્યાલા. એ એના બાપને ઉતારી મૂક્યો એના કોકે. થઈ રહ્યું નીચે. હમણાં જ ઉતાર્યો. પહેલાં હતો એને ઉતાર્યો. એવું છાપામાં આવ્યું હતું હોં. મોટરું તો આવે છેને આ બબ્બે લાખ-લાખની મોટરું આવે છેને. શું કહેવાય તમારે? મોટી તમારી છેને એય..! અમ્ફાલ. બીજી મોટી મોટરું આવે. બબ્બે લાખ, પાંચ-પાંચ લાખ આ તો ધૂળમાં સમજવું આવે. એમાં બેઠો હોય આમ જાણે ઓલો. .. નીકળ્યો. એ પોતે હાંકતો હોય અને હાથમાં ઘડિયાળ મોટી આવડી સોનાની. હીરા ટાંગેલી હોય. આ મોટર આવી. આહા..હા..! આ જડ તારા માન્યા શું કર્યું તે આ? મૂર્ખાઈ સેવી છે. ભવને હારી જવાના રસ્તા છે. આહા..હા..! અરે! તને ખબર નથી કે હું તે હું છું. અનાદિનો એકલો છે. મારી સાથે બેકલાપણું રાગાદિ એ પણ મારું નથી અને મારા સ્વરૂપે એ રાગ નથી એમ કહે છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ રાગ છે, એ પણ મારા સ્વરૂપે નથી. આહા..હા..! અને રાગ મારા સ્વરૂપે નથી, હું એના સ્વરૂપે નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ધર્મીને તો એમ જ દેખાતું હોય છે.

ઉત્તર :- ધર્મીને એમ હોય, અજ્ઞાનીને મૂર્ખાઈ દેખાય ન કીધું પહેલું? આહા..હા..! કહો, હિંમતભાઈ! લાટીના વેપારી છે મોટા. જાણો છોને? આ .. ત્રણ ગામમાં લાટીનો મોટો ધંધો એનો એકલાનો. મોટો. મોટી પેદાશ.

મુમુક્ષુ :- મમતા.

ઉત્તર :- મમતા. આહા..હા..! ધૂળમાંય નથી કાંઈ. આહા..હા..! ભગવાન! જ્યાં તું છો ત્યાં તે નથી અને તે છે તે તારા સ્વરૂપે નથી. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! કહો. એને ભેદજ્ઞાનની વાત કરે છે પ્રભુ આ તને. એ પર મારા અને હું એનો એ અભેદ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે. એ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રઝળવાને માટે દોડે છે. આહા..હા..! દોડીને કૂવામાં પડે છે. ચોર્યાસીના કૂવામાં જે એની ચીજ નથી એને માની, જેને માની એનો સંયોગ એને કેમ છૂટે? ચોર્યાસીના અવતાર. અહીં મોટા પૈસાવાળા ગણાતા હોય કરોડ, બે કરોડ, પાંચ-દસ કરોડ, મરીને ઢોર થાય. વાંદરો થાય, કૂતરો થાય, કાગડો થાય. શું છે ત્યાં શું પણ? સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- વાંદરામાં પણ પટેલ થાયને પણ.

ઉત્તર :- વાંદરામાં પટેલ થાય તો શું થયું? અમારે શિવલાલભાઈ કહેતા ત્યાં. લગન થાયને એ બાજુ નહિ? લાતુર નહિ? લાતુર છેને દક્ષિણ બાજુ. તમારા ભાઈના દીકરા હતાને. શિવલાલભાઈ કહેતા. એ ત્યાં રહેતા લાતુર. આ હેમચંદના ભાઈ નહિ અમારે હેમચંદ નહિ મુંબઈ. અહીં બેસતા. ભૂપેન્દ્ર જૈન નથી ખેતવાડી અમારે? એના ભાઈ. દિવસની પાંચ હજારની

પેદાશ છે આ મુંબઈ. ભૂપેન્દ્ર જૈન અમારે નહિ છોકરાઓ છેને ભાઈના. દિવસની પાંચ હજારની પેદાશ. રખડવા મરવાની. આહા..હા..! એ શિવલાલભાઈ કહેતા કે લગન હોય ત્યારે વાંદરાનું ટોળું આવે. પછી આ ટૂકડી આવે ૨૫-૫૦ની. મંડપ કર્યો હોયને મંડપ? લગન. પછી જો એને કાંઈક આપે લાડવા. મોટાને પાઘડી બંધાવે. એક વાંદરો મોટો હોયને એ પાઘડી બંધાવે અને બીજાને થોડાને લાડવા આપે એક-એક બબ્બે બધા. વયા જાય. જો ન આપે તો માંડવો તોડી નાખે. એમ આ મોટા શેઠિયા હોયને વાંદરો મોટો એને સરખું માન ન આપે તો તોડી નાખે એની વાત. એય..! શેઠ! એ કહેતા હતા અમારે શિવલાલભાઈ હોં. વાંદરા આવે ૨૫-૫૦ એક સાથે. મંડપ નાખ્યો હોય. આવીને પછી એક મોટો વાંદરો હોય એને પાઘડી બંધાવી પડે થોડી. અને બીજા વાંદરાઓને થોડું લાડવા, ગાંઠીયા આપે તો વયા જાય. જો ન આપે તો માંડવે માંડવો પીંખી નાખે. પણ એ રિવાજ એ લોકોને. પાંચ શેર, દસ શેર લાડવા આપે. એમ અહીં શું? મોટપ પ્રમાણે જો આદર ન આપે. હું સભામાં ગયો પણ આદર ન આપ્યો. ખુરશી મારી પહેલી જોઈએ. હું બે-પાંચ કરોડનો આસામી છું. જાવ તમારું કામ નહિ થાય હવે. અમે ભાગ નહિ લઈએ, અમારું કુટુંબ ભાગ નહિ લે. લ્યો ઠીક! આ વાંદરા મોટા. આહા..હા..! અરેરે! તે શું કર્યું બાપા! તને ખબર નથી તારી હોં. હું શું કરું છું અને કેવા ભાવમાં રખડવાના ભાવને સેવું છું ખબર નથી એને. આહા..હા..! પટેલ થયા મોટા. આ પણ પટેલ છેને મોટા. ભગવાનદાસ નહિ? જ્યાં ત્યાં બોલાવે. પૈસાવાળા માણસ. ૪૦-૪૦ મોટર ઘરે છે એની. ત્યાં મોટા ગૃહસ્થ, મોટા પૈસા જ્યાં બોલાવે તો બે-પાંચ હજાર આપી દેશે. એ પણ જ્યાં ત્યાં જાય માથું ફોડવા. કહો, સમજાણું કાંઈ? વાત સાચી છે કે નહિ? અન્યમતિ બોલાવે તો જાવું પડે શેઠને શું કરે ત્યાં. બાવો હોય તો ત્યાં. આહા..હા..! મારી નાખે લાંબુ નાક. કહે છે કે તારું કોઈ નથી, બાપા! તને ખબર નથી ભાઈ! આહા..હા..! એ આબરૂ ને કીર્તિ જડના ભાષા છે. એ જડમાં મારું નહિ અને મારામાં એ નહિ. આહા..હા..! ધર્મી તો એને કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

**'આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...'** ઠીક. ભૂતકાળ આવ્યો. એ કર્મ, શરીર, રાગ મારું પહેલા નહિ હતું. આ પરદ્રવ્યનો હું પહેલા હતો નહિ. આહા..હા..! ગયા કાળમાં બાયડી, છોકરા, આબરૂ, કીર્તિ, પૈસા એ મારા નહોતા, હું એનો નહોતો, એ મારા સ્વરૂપે નથી. આહા..હા..! અજ્ઞાનીને ભાન નથી અને બહારની મૂર્ખાઈ સેવે અને મોટા હૂંફ કરે હૂંફું. સમજાણું કાંઈ? અને સોનાની લાકડી હાથમાં હોયને લાકડી. સોનાનો હાથો હોય ઓલો. આમ કરીને ચાલે. એય..! શેઠ!

મુમુક્ષુ :- આપણે..

ઉત્તર :- બીજા ઘણાય એવા છેને. બધા મોટા મોટા શેઠિયા તો ઘણા જોયા છેને.

આપણે આ લ્યોને ભાઈ તમારે ચંદ્રકાંત .. પિતાજી અહીંયાં આવતા લ્યો. પાંચની સાલમાં. જરીના કપડા, જરીની છત્રી. બહેન! તમારા પિતાજી આવ્યા હતાને? પાંચની સાલ. ૨૦ કરોડ રૂપિયા. કહેવાતા તે દિ' હોં! હોય ખરા, પણ લોકો બહાર કહે છે ચાર કરોડની ઉપજ. પાંચની સાલમાં આવ્યા હતા અહીંયાં. ઈંદોર-ઈંદોર. એમના પિતાજી. પછી જોડા પણ જરીના, કપડા જરીના, છત્રી જરીની, ટોપી જરીની. હાર. ૧૭ લાખનો હાર. ડોકમાં ૧૭ લાખનો હાર નાખ્યો હતો. છેને આમાં ફોટામાં છે. આમાં છે. એણે પૂછયું હતું અમારે હતાને ભાઈ, નાનાલાલભાઈ હતાને. નાનાલાલભાઈ કરોડપતિ હતા. એને પૂછયું કીધું આ હાર કેટલાનો? કે અત્યારે ૩૦ લાખ એના મળે. ૩૦ લાખનો હાર તો ગળામાં નાખ્યો હતો એટલો. એય..! બહેન! એમના પિતાજીની વાત કરીએ છીએ. ઓલા હારના ગચ્છા આવડા પથરા મોટા હતા. છે એમાં દેખાય છે. લીલા પથરા. બે હાર. પન્ના હશે. જે હોય એ. બે હાર હતા. આહા..હા..! મડદાને શણગારે છેને પણ. ચૈતન્ય અમૃતનો સાગર ભગવાન એને આવા પરની શોભાએ શોભા. ભાઈ! તું ભૂલી ગયો છો હોં. તને તું ભૂલી ગયો છો. તારામાં તો અમૃત સાગર ભર્યો છે, ભાઈ! આહા..હા..! અતીન્દ્રિય આનંદના છલોછલથી ભરેલો દરિયો હોય તો તું છો. આહા..હા..! એ તારું સ્વરૂપ છે. આ સ્વરૂપ મારું પહેલા હતું નહિ અને આનો હું પહેલા હતો નહિ. નથીમાં કર્યું પહેલું. હવે અસ્તિ.

'**મારો હું જ પહેલાં હતો,...**' એ અનાદિનો હું તો જ્ઞાનસ્વરૂપે હતો એમ ધર્મી માને છે. આહા..હા..! '**પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલાં...**' સમજ્યાને? '**પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલા હતું;...**' આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, આબરૂ એ તો એના હતા ભૂતકાળમાં. એ કાંઈ મારા હતા નહિ. મારા હોય તો જુદાં રહે શી રીતે? જુદાં હોય એ મારા કેવા? આ મિથ્યાત્વ અને મિથ્યાત્વનું ઝેર ઉતારવાનો આ ઉપાય બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ભગવાન કહેતા હશે? ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્રો મોટા લોકના સ્વામી, અર્ધલોકના સ્વામી, એ ૩૨ લાખ વિમાન અને ૨૮ લાખ. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ આમ હાજર ઈન્દ્રો. એની સભામાં ભગવાન આમ કહેતા હતા. અરે આત્મા! તારા સ્વરૂપે એ નહિ અને એના સ્વરૂપે તું નહિ, તારા સ્વરૂપે તું અને એના સ્વરૂપે એ. પહેલી નાસ્તિ અને હવે અસ્તિ. આહા..હા..!

'**આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...**' આહા..હા..! પણ છોકરા-બોકરા વૃદ્ધાવસ્થા આવે તો પાળે. એક હતો સાસરો. એ છોકરાને વહેંચી દીધું. છોકરાએ વહેંચી દીધું. સાસરા પાસે રહ્યું નહિ. હવે કરવું શું? કોઈ સેવા કરશે નહિ. પછી એક ટંકમાં પથરા ભર્યા સારા. તાળું દઈને કૂંચી રાખી. કોકને બોલાવે બાયને ઘરની છોકરાની વહુ કે એને. વહુ ઓલો ટંક આઘો મૂકજો ઓલીકોર જરી નીચે. ઓલી ઉપાડે કાંઈક માલ લાગે છે આમાં. એની સેવા

કરશું તો આપણને મળશે.

મુમુક્ષુ :- બાપા હુશિયાર લાગે છે.

ઉત્તર :- પાછું એમ બતાવે એમ નહિ એને. ઓલું જરી આઘું મૂકજો એમ એટલું કહે.

મુમુક્ષુ :- એ તો એમ જ કહે. બતાવે તો .. દેખાય.

ઉત્તર :- ના. ના. આઘું મૂકજો એટલે એમ ને એમ ઢાંક્યું પથરા ભર્યા હોય. ઓલીકોર આઘો ટંક મૂકજો. જરી ઓલી જગ્યા રોકે છેને. ઓલી કહે ઓહો..હો..! વહુ કહે બાપા પાસે મૂડી ઘણી લાગે છે કહે. ખાલીખમ હોં! આહા..હા..! સેવા કરી બે-પાંચ વર્ષ જ્યાં મરી ગયા અને ઉઘાડ્યું ત્યાં પથરા નીકળ્યા. આવા ને આવા જગતના સ્વાર્થી જીવો. મારી નાખે છે જગતને. ઠગાણો છે બધા આજીવિકા. ધૂતારાની ટોળીઓ ભેગી થઈ છે બધી. શું હશે આ? મૂળચંદભાઈ! નિયમસારમાં એમ લખ્યું છે. આ બાયડી, છોકરા, ભાયું, વહુઓ છોકરાઓની એ ધૂતારાની ટોળીઓ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા પણ .. વાત સાચી. પૈસા રળી રળીને ઓલાને ભણાવ્યો છોકરાને. હવે એ પરણીને ત્યાં રહ્યો. મહિનાનો આઠ હજારનો પગાર છે. લ્યો! આઠ હજારનો પગાર. રોટલા અહીં ઘડી ખાય, કોક બાયું કોકની. પૈસા ખર્ચ્યા, મકાન વેચ્યું. પછી કોકે ન લીધું પછી ઘરમાં ને ઘરમાં રાખ્યું. આહા..હા..! એવું સાંભળ્યું છે. આપણે ક્યાં જોવા ગયા છીએ. કોક વાતું કરે. આહા..હા..! અરે પ્રભુ! તું તો ચૈતન્ય મૂર્તિ છો, ભાઈ! એ અમૃતના સાગરે ભરેલો પ્રભુ તું છો. આહા..હા..! તારામાં રાગ ને પુણ્ય ને શરીરાદિ નથી. એવો અનુભવ નિર્ણય કર. એ વિના તારા સંસારમાંથી ઉગરવાના આરા નથી. એ બધા નીચે જવાના. ભગવાનજીભાઈ! અહીં તો માખણ-માખણ નથી કાંઈ. આહા..હા..!

ત્રણ છોકરા રળાવ જાગે, બે થાય સાધારણ. એમાં આંતરો તો પડે કે નહિ? આહા..હા..! કોના છોકરા બાપા ભાઈ! તને ખબર નથી હોં. તું એકલડો આવ્યો અને એકલડો જાય છે ભાઈ! આહા..હા..! તારા સ્વરૂપની તને નિર્ણયની ખબર નથી. તારા સ્વરૂપમાં શું છે અને શું નથી? અસ્તિ-નાસ્તિ કરી. ભગવાન! તારા સ્વરૂપમાં તો આનંદ અને જ્ઞાન છે, પ્રભુ! તારા સ્વરૂપમાં પુણ્ય-પાપના ભાવ અને શરીર અને બાયડી છોકરા નથી. ત્રણકાળે નથી. વર્તમાન નહિ, ભૂત નહિ, ભવિષ્ય પણ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! એમાં જરી કાંઈક સરખાય થાય તો થઈ રહ્યું લ્યો! આહા..હા..! મરી ગયો આમ ને આમ તું. એય..! હિંમતભાઈ! આ સમ્યગ્જ્ઞાનીને આવું માન્યતા હોય કે મારું અને રાગમાં ક્યાંય મેળ છે નહિ. શરીરની ક્રિયા શરીરથી થાય, મારા સ્વરૂપે નહિ એ મારા સ્વરૂપથી કેમ થાય? અને જે મારા સ્વરૂપે નથી તેનાથી મને લાભ થાય એમ કેમ બને? પૈસાથી, શરીરથી અને આબરૂથી મને લાભ

થાય. મૂર્ખાઈ છે. એય..! ઝવેરચંદભાઈ! આવું કલકત્તામાં કોણ સંભળાવે ત્યાં? બધા માખણ ચોપડે પૈસાવાળાને. આમ ભગવાન એમ કહે છે. જીવ અને અજીવની ભિન્નતા. અધિકાર શું છે? જીવ-અજીવ અધિકાર. પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર અજીવ છે એમ કહે છે અહીં. કે આ વ્રતના ભાવ, દયા, દાનના, પૂજા, ભક્તિના ભાવ એ ખરેખર અજીવ છે. એ અજીવસ્વરૂપે છે. પરદ્રવ્યરૂપે છે, તારારૂપે નહિ. આહા..હા..! 'ભેદજ્ઞાન ભેદજ્ઞાન સાબુભયો સમરસ નિર્મળ નીર, ધોબી અંતર આત્મા ધોવે નિજગુણ ચીર.' કહો, સમજાણું? આહા..હા..! મારા સ્વરૂપમાં જે સ્વરૂપે હું છું એ સ્વરૂપમાં તો જ્ઞાન અને આનંદ અને શાંતિ છે. અને જે સ્વરૂપે હું નથી એ રાગ અને શરીર એ તો બધી અશાંતિ અને જડ અને અજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...'** ભાઈ ઓટલો હોય તો રોટલો ન હોય તો પડ્યા રહેવાય. એમ માણસ વાતું કરે. નથી કરતા? શું કીધું? એમ કે ઓટલો હોય તો શું ઘરનું મકાન હોય તો નાગા ભૂખ્યા પણ પડ્યા રહેવાય. સમજ્યાને? ધૂળેય નથી ઓટલો હવે સાંભળને મારા. ઓટલા તો જડના છે. તારા ક્યાંથી આવી ગયા એ? એય..! ભીખાભાઈ! આ મકાન-બકાન કરાવી લીધા છેને? કોના કરાવે? કોણ કરે? આ ભ્રમણાનો પાર ન મળે. આ મિથ્યાત્વનું પાપ છે આ મોટું. આ એ બતાવે છે. સમજાણું કાંઈ? **'હું મારો જ ભવિષ્યમાં થઈશ,...'** લ્યો! એનો ભવિષ્યમાં થઈશ નહિ કોઈ દિ'. એ રાગનો કે શરીરનો કે કર્મનો કે બાયડી-છોકરા-દેશનો કોઈ દિ' ભવિષ્યમાં થઈશ નહિ. આહા..હા..! **'હું મારો જ ભવિષ્યમાં થઈશ,...'** આહા..હા..! **'આ (પરદ્રવ્ય)નું આ (પરદ્રવ્ય) ભવિષ્યમાં થશે.'** ભવિષ્યમાં રાગનો રાગ રહેશે, શરીરનું શરીર રહેશે. મારારૂપે નહિ થાય અને હું એરૂપે નહિ થાવ. આવા ધર્મીના અભિપ્રાયમાં ભિન્નતા વર્તતી હોય છે. ભગવાનજીભાઈ! આવું સ્વરૂપ છે, ભારે કામ આકરું. આહા..હા..!

**'આવો જે સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય છે...'** આવો જ જે સ્વવસ્તુ, સ્વદ્રવ્ય ચૈતન્યમૂર્તિ ભગવાન અસ્તિ સત્તા, શુદ્ધ આનંદકંદ ભગવાન. એમાં સત્યાર્થ સાચો વિકલ્પ થાય છે કે સાચું જ્ઞાન. **'તે જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે,...'** તે ધર્મીનું અને જ્ઞાનીનું લક્ષણ છે. ધર્મીનું એ લક્ષણ નથી કે દયા, દાન અને વ્રત પાળતો હોય તે ધર્મી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કે આ શાસ્ત્ર પાના ફેરવતો હોય અને વાંચતો હોય માટે ધર્મી છે. નહિ. આહા..હા..! ભગવાન! ભગવાનનો પોકાર છે. કે આવો સ્વદ્રવ્ય, સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી આત્મા એ સ્વદ્રવ્યમાં સાચો વિકલ્પ છે એ તે હું છું એવો નિર્ણય છે તે જ જ્ઞાનીનું લક્ષણ છે. **'તેનાથી તે ઓળખાય છે.'** લ્યો! સમજાણું કાંઈ? પહેલાં અપ્રતિબુદ્ધ ઓળખાય છે એમ હતું. અજ્ઞાની ઓળખાય છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! દૃષ્ટિ ફેરે અજ્ઞાની અને

દષ્ટિ ફેરે જ્ઞાની. સમજાણું કાંઈ? આમ બોલે જીવને અજીવ માને તો મિથ્યાત્વ. પડિક્કમણા. પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વમાં. એય..! કપુરભાઈ! મિથ્યાત્વ આવે છે પડિક્કમણામાં. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, કુગુરુને ગુરુ માને તો મિથ્યાત્વ. ગુરુને કુગુરુ માને બોલે ખરા ગડિયા. અર્થની ખબર ન મળે. એય..! ઝવેરચંદભાઈ! એ ગડિયા બોલે મોઢા આગળ શેઠિયા કહેવાય ત્યાંના. કલકત્તાના શેઠિયા મોટા. જાવ મોઢા આગળ. એમાં મોટા ભાઈ સૌથી. આહા..હા..! અરેરે! છેતરાણો છોને ભાઈ તું હોં. પરને પોતાનું માની અને પોતાનું પોતાને ભૂલી છેતરાણો છો અને માને છે કે હું ફાઈમાં છું. ફાઈ સમજો છો? જીત. ફાયદામાં છું. છે હારમાં અને માને ફાઈમાં. હવે કરવું શું? એય..! છે હારમાં. ફાઈમાં માને છે. અમારી ફાઈ ભાષા કાઠિયાવાડી છેને. ફાવી ગયા. ફાવ્યાને. આહા..હા..! શું છે પણ? તારા ચીજમાં શું ફાવ્યો? આહા..હા..! ભાઈ! એ પરને પોતાનું માનવું અને પોતાને પરસ્વરૂપી માનવું એ તો હારી જવાના રસ્તા છે ભાઈ! ભવભ્રમણના અને ભવને હારી જવાના રસ્તા છે. આહા..હા..!

જીવ-અજીવ અધિકારની વ્યાખ્યામાં આટલી વ્યાખ્યા કરી. સચેત્ત, અચિત્ત, મિશ્ર. એવો અર્થ કર્યો છેને પ્રવચનસારમાં. પરમાર્થવચનિકામાં કર્યો છે. સચેત્ત રાગ,.. અહીં સુધી આવ્યું. છેને વાત. ભેદબેદ એ બધું અચેત છે. આહા..હા..! ભગવાન આત્મા પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાનાનંદથી ભરેલો એ જ હું છું. અને આ બીજા બધા છે તે મારા સ્વરૂપે નથી, માટે હું એનાથી ભિન્ન છું. એવું અંતરમાં જ્ઞાન થવું એનું નામ સમ્યગ્દર્શનનો પ્રથમ ધર્મ કહેવાય છે. આવી દષ્ટિના ધર્મ વિના એને ચારિત્ર અને વ્રત ફ્રત બધા એકડા વિના મીંડા હોય છે. સમજાણું કાંઈ? લ્યો! **'તેનાથી તે ઓળખાય છે.'**

**'ભાવાર્થ :- જે પરદ્રવ્યમાં આત્માનો વિકલ્પ કરે છે...'** જે કોઈ આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ સિવાય પુણ્ય-પાપના ભાવ અને એનું બંધન અને એનું ફળ પર. એમાં આત્મા વિકલ્પ કરે એ મારા છે **'તે તો અજ્ઞાની છે અને જે પોતાના આત્માને જ પોતાનો માને છે...'** પોતાના આત્માને, જ્ઞાનાનંદ સ્વભાવને એ આત્મા માને **'તે જ્ઞાની છે--'** બહુ ટૂંકું કર્યું જુઓ. સમજાણું કાંઈ? અરે! ચોર્યાસીના અવતારમાં રઝળતો, રખડતો, માંડ મનુષ્યનો દેહ મળ્યો. કીડે, કાગડે, કૂતરે રખડતો હતો. શરીરની ઉત્પત્તિ જુઓને કેવી. ભગવતી આરાધનામાં મૂક્યું છેને. શરીરની ઉત્પત્તિ. આહા..હા..! આ માટીની ઉત્પત્તિ કેમ થઈ? ભગવાને ભગવતી આરાધનામાં મુનિએ મૂક્યું છે. એક લોહીનો બિંદુ અને એક વીર્યનો બિંદુ બે ભેગા હતા. એણે બે ભેગા સાત દિ' હલન કર્યો દસ દિ' સુધી. બીજે દસે કાળા થયા અને ત્રીજે દસે જરી ઠર્યા મહિને. બીજે મહિને વળી જરી અંકુર ફાટ્યા પાંચ મહિના માતાના પેટમાં જરી. આ એનો બંગલો બની ગયો મોટો આવો. આહા..હા..! ભગવાન તો એનાથી ભિન્ન છે. આ તો શરીરની ઉત્પત્તિ આવી થઈ આ ..ની. અને એ શરીરમાં ૫૬૮૯૯૫૮૪

તો રોગ છે. એટલા તો પૈસા નહિ હોય એને ઘરે. એટલા રોગ છે આમાં. ભગવાન કહે છે કે ૫૬૮૯૯૫૮૪. કહો, કપુરભાઈ! આટલા રોગ છે. રૂપાળું લાગે એને. સારું લાગે. ધૂળેય નથી. આ તો હાડકા અને માંસનો પિંડલો છે. આહા..હા..! તારું નહિ, તું એ નહિ, તારામાં નહિ અને એનામાં તું નહિ. આહા..હા..! એમ બેને જુદાં પાડવા. જુદાં છે. છે તેને માનવા અને જાણવા એનું નામ અહીં જ્ઞાનીનું લક્ષણ કહેવાય છે. ભારે કામ ભાઈ! હવે અહીં પરદ્રવ્યને આમાં ભિન્ન કીધું છેને? તો એમાં પરદ્રવ્યનું પરદ્રવ્ય કરી શકે. ઓલું તો પરદ્રવ્ય મારું પોતાનું થયું. આત્મા દેશનું કરે, કુટુંબનું કરે, રળવાનું કરે, વેપારના ધંધા કરે. એ તો પરવસ્તુ પોતાની થઈ ગઈ એમ થયું. એમ તો થાતું નથી. મફતનો વચ્ચે મફતિયો માને છે. આહા..હા..!

સવારમાં દાખલો નહોતો આપ્યો ઓલી બાઈનો? એવું કર્યું છે. દેરાણી-જેઠાણી બે હતીને. પછી બે વઢે. વઢતા-વઢતા ઓલી જેઠાણી હતી એના બાપે દસ હજાર રૂપિયા લીધેલા. ગરીબ ઘર હતું એટલે દસ લીધેલા. અને જે દેરાણી હતી એને નહોતું કાંઈ.. એમાં થઈ તકરાર બેયને. કરતાં... કરતાં... કરતાં... કહે ઓલી દેરાણી કહે મારી મફતની તું આવી છો? જેઠાણીને કહે. જેઠાણી કહે હું મફતની નથી આવી દસ હજાર લીધા છે મારા બાપે. તું મફતમાં આવી છો. જુઓ આ હવે લખાણ એના. મફતમાં નથી આવી. મારા બાપે દસ હજાર લીધા છે ત્યારે હું આવી છું. કહો, આ વખાણ કર્યા હશેને. એમ આવા ને આવા વખાણ બધા કર્યા છે. અમે પૈસાવાળા છીએ, અમે શરીરવાળી છીએ, મોટા કુટુંબવાળા છીએ. એ ઓલી મફત નથી આવી એવું છે આ. આહા..હા..! અમે એકલા નથી. એય..! અહીં તો કહે કે એકલો છો, ભગવાન! એકલો છે અને બગડે બે. બગાડવું હોય તો બે માન બીજાને. આહા..હા..!

## શ્લોક-૨૨

**(मालिनी)**

**त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं**
**रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।**
**इह कथमपि नात्मानात्मना साकमेक:**
**किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।**

**શ્લોકાર્થ :- [जगत्] જગત અર્થાત્ જગતના જીવો [आजन्मलीढं मोहम्] અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને [इदानीं त्यजतु] હવે તો છોડો**

**અને [रसिकानां रोचनं] રસિક જનોને રુચિકર, [उद्यत् ज्ञानम्] ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને [रसयतु] આસ્વાદો; કારણ કે [इह] આ લોકમાં [आत्मा] આત્મા છે તે [किल] ખરેખર [कथम् अपि] કોઈ પ્રકારે [अनात्मना साकम्] અનાત્મા (પરદ્રવ્ય) સાથે [क्व अपि काले] કોઈ કાળે પણ [तादात्म्यवृत्तिम् कलयति न] તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી, કેમ કે [एकः] આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી.**

**ભાવાર્થઃ- આત્મા પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે કોઈ કાળે એકતાના ભાવને પામતો નથી. એ રીતે આચાર્યે અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે અને પ્રેરણા કરી છે કે એ એકપણારૂપ મોહને હવે છોડો અને જ્ઞાનને આસ્વાદો; મોહ છે તે વૃથા છે, જૂઠો છે, દુઃખનું કારણ છે. ૨૨.**

## શ્લોક-૨૨ ઉપર પ્રવચન

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :--' 'એમ અગ્નિ-ઈંધનના દૃષ્ટાંત દ્વારા દૃઢ કર્યું છે.'** બહુ સ્પષ્ટ કર્યું છે. થોડું થોડું બધું નાખ્યું છે હો આમાં નયચક્રમાં. આ બધું નાખ્યું છે થોડું થોડું. બધી ગાથાઓનો .. જરૂર પડેને ભાઈ નાખી દીધું. જેમ ઓલું જૈનતત્ત્વ મીમાંસામાં નાખ્યું એવી રીતે થોડું આમાં નાખી દીધું. શુભભાવ અને અશુભભાવ બંધનું કારણ પાઠમાં છે એટલે કહેવું પડે, પણ પાછું ત્યાં ઓલું ઓલાપણે શુભભાવ ધર્મ પરિણત કીધું. એ કાંઈક મેળવે ખરો આગળ-પાછળમાં. પંડિત મોટા કહેવાય લ્યો કાશીના.

૨૨ માથે કળશ છેને.

**(मालिनी)**

**त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं**
**रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।**
**इह कथमपि नात्मानात्मना साकमेकः**
**किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।**

નીચે એનો અર્થ છે. હે **'જગત અર્થાત્ જગતના જીવો...'** ભગવાન મુનિઓ સંબોધે છે. હે જગતના જીવો! **'आजन्मलीढं मोहम्' 'आजन्म' 'અનાદિ સંસારથી માંડીને આજ સુધી...' 'लीढं' 'અનુભવ કરેલા મોહને હવે તો છોડો...'** ભાઈ! મોહ એટલે મિથ્યાત્વભાવ અનાદિનો સેવ્યો છે તે. સમજાણું કાંઈ? **'आजन्मलीढं' 'लीढं'**નો અર્થ એ કર્યો છે અનુભવ

કરેલો. એ રાગ અને શરીર મારા, હું એનો એવો મિથ્યાત્વ મોહ તો તે અનાદિનો સેવ્યો છે ભાઈ! એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! '**इदानीं त्यजतु**' આહા..હા..! '**હવે તો છોડો...**' આહા..હા..! અરે! સર્પને ઝેરીલાને પકડ્યો છે તને ખબર નથી. છોડને હવે તો છોડ કહે છે. આહા..હા..! જુઓને દયા તો કેવી છે. ભૂતકાળ લીધો. ભગવાન! તે પરને પોતાનું માની અને અનાદિથી મોહમાં લીન થઈ ગયો. તારા સ્વરૂપની તને ખબર નથી. આહા..હા..! એક વાત.

કે અનાદિથી એ ભાવ તો તે સેવ્યો છે એ કાંઈ નવો નથી. આ પુણ્ય મારા, રાગ મારો, પૈસો મારા, લક્ષ્મી મારી, આબરૂ મારી, શરીર મારું, બાયડી મારી. એ તો અનાદિનો મોહ સેવ્યો છે સાંભળને. એમાં નવું શું તે કર્યું? આહા..હા..! હવે તો છોડ. હવે તો છોડ. આહા..હા..! હવે ઘણી થઈ હોં! એમ કહે છે. કહો, શેઠ! છેને? '**इदानीं**' '**इदानीं**' અત્યારે છોડ, ભાઈ! આવા ટાણા તને આવ્યા છે. આવા સાંભળવાના મળ્યા છે. સમજાણું કાંઈ? હવે તો છોડને. એ મોહને છોડને. એ મિથ્યાત્વભાવ એમાં આબરૂ મારી, પૈસા મારા, શરીર મારું, બાયડી, છોકરા મારા અને આ રાગ મારો. એ મિથ્યાત્વને તો અનાદિથી સેવ્યું છે, પ્રભુ! આહા..હા..! એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! '**इदानीं**' છોડ. આહા..હા..! હવે તો છોડ ભાઈ! આવા ટાણે આ ભવભ્રમણના કારણ મિથ્યાત્વ એને નહિ છોડ તો પાછો આરો નહિ આવે ભાઈ! એમ કહે છે. દુનિયા માને, ન માને, દુનિયામાં ગણતરીમાં આવે, ન આવે. એની અહીં કાંઈ કદર નથી. એનું કાંઈ કામ નથી. આવું કરવા જાય તો દુનિયાથી એકલા થઈ જશું. પણ એકલો છો, કે દિ' બેકલો હતો સાંભળને. આહા..હા..! એ શરીરમાં રોગ આવે આકરા. તરફડે-તરફડે. મા-બાપ જોયા કરે. ભાઈ! તે કર્મ કર્યા હશે અને અમે બકરીને માથે છરી મૂકતો હોઈશ અને અમે કાન ઝાલ્યા હશે. એમ કહે. ત્યારે અમને તારા આ દુઃખ જોવા મળ્યા. એમ કહે મારા. સમજાય છે? આ બકરી-બકરી .. એમ કે બકરીને તે કાપી હશે અને અમે કાન પકડ્યા હશે.

મુમુક્ષુ :- પકડ્યા પાછી ન થાય.

ઉત્તર :- આઘી-પાછી ન થાય. એ વાત કહે છે હોં બધા. સાંભળેલી છે બધી. આહા..હા..!

મુમુક્ષુ :- બેય મળતી વાત છે.

ઉત્તર :- મળતી વાત છે. એ કાન પકડ્યા હશે અમે. છરીથી બકરીને કાપ્યો હોઈશ બાપા તારા દુઃખને જોવા માટે.. ધૂળેય નથી, ભાઈ! આહા..હા..! તને પૂર્વના પાપ બાંધેલાને સંયોગ આવે એમાં કોણ તને મદદ કરે? આહા..હા..! એ મોહને છોડ એ તને આત્માની મદદ છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય હીરો પરમાત્મસ્વરૂપ એની જો કિંમત ન કરી. કોક આવ્યું હતું હમણા નહિ તમારે

વાંકાનેરવાળો નહિ કોક? જૈન હતો? સ્થાનકવાસી. .. અમારે આમ થાય છે, અમારે આમ .. છે. એ વાતું કરે. અમારે આ કારખાના છે અને ફલાણું આ છે. હવે અમે સાંભળ્યા કારખાના. તમારી પાસે કારખાના છે તો શું અહીં કારખાનાની કિંમત છે કાંઈ? એમ બતાવે કે અમારી પાસે કારખાના છે, .. એટલી પેદાશ છે. અમે હમણા ઠીકમાં છીએ.

મુમુક્ષુ :- વાંકાનેરમાં ..

ઉત્તર :- હા એ તો બોલ્યા છે અમને ખબર છેને. હવે કીધું આ સંભળાવીને શું કરવું છે? તે શું કર્યું છે? તે ધૂળેય નથી કરી. અજ્ઞાન કર્યું છે. એય..! .. કોલેજ બનાવી છે, ઢીંકણું. હવે કોલેજ શું ધૂળ બની? કોણ બનાવે? અહીં તો જગતની ચીજ જગતથી થાય છે. પણ મારાને આંખ ઓડે રહી જાય જરી પૈસાબૈસા થાય ત્યાં. વૈભવ. પુણ્યના ફળે વૈભવ અને વૈભવથી મદ, મદથી મતિ ભ્રષ્ટ અને મતિભ્રષ્ટથી જાય નીચે. નરકમાં જાશે. એ પાઠ છે હોં પરમાત્માપ્રકાશમાં. પંચમકાળમાં લક્ષ્મીવાળા આવા હોય બધાય. ફાટેલા.

મુમુક્ષુ :- પાપાનુબંધી પુણ્ય

ઉત્તર :- પાપાનુંબંધી પુણ્ય સાધારણ. પુણ્ય ક્યાં હતા? બે-પાંચ-દસ કરોડ ક્યાં ધૂળ હતી? એય..! આહા..હા..! બાપુ! અનંત લક્ષ્મીનો ધણી તો તું છોને. તારામાં અનંત જ્ઞાન, અનંત આનંદની લક્ષ્મી પડી પ્રભુ તને ખબર નથી. એ લક્ષ્મીની મોટપ તને આવતી નથી. હવે મોટપ પરથી માની હવે તો છોડ. આહા..હા..!

અને '**रसिकानां रोचनं**' આહા..હા..! એ આત્માના આનંદના રસિયાને રુચે એવી વાત તો આત્મા છે કહે છે. '**रसिकानां रोचनं**' '**રસિક જનોને રુચિકર,...**' આનંદના રસિલાને આત્મા રુચિકર છે. રાગ અને પુણ્યને રસિલાને તો આત્મા .. નથી એમ છે એને. આહા..હા..! '**ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને આસ્વાદો;...**' ભગવાન! તું અનાદિથી રાગ અને દ્વેષને અનુભવો છો. હવે એકવાર આત્માના જ્ઞાનને આસ્વાદો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તમે અનાદિના ઝેર પીવો છો. પર મારા માનીને બાપા મૂકી દે હવે હોં. એ આત્મા ઉદય પામેલો અંદર પ્રગટ છે. ચૈતન્યમૂર્તિ છે એનો આસ્વાદ કરે. આ આનો સ્વાદ લે તો તને જન્મ-મરણ મટી જાય અને પરિભ્રમણ મટીને પરમાત્મા થવાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૧૦, બુધવાર, તા. ૦૯-૦૨-૧૯૭૨**
**ગાથા-૨૩ થી ૨૫, કળશ-૨૨, પ્રવચન-૯૪**

કળશ છે ૨૨. ફરીને. થોડું લીધું. ફરીને વાંચીએ. '**જગત અર્થાત્ જગતના જીવો...**' હે જગતના જીવો! એમ કહે છે. '**आजन्मलीढं मोहम्**' '**आजन्म**' એટલે અનાદિથી. મોહ એટલે રાગ-દ્વેષના પરિણામ એ મારા છે એવો અનુભવ અનાદિથી તને છે. સમજાણું કાંઈ? પોતાનો આનંદસ્વભાવ, ચૈતન્યસ્વભાવ ધ્રુવ આનંદ એને ભૂલી અનાદિનો શુભ-અશુભ રાગ, પુણ્ય અને પાપના ભાવ એવો જે વિભાવ, દુઃખરૂપભાવ, એમાં અનાદિથી તું લીન છો. જે તારી ચીજ નથી, તારું સ્વરૂપ નથી એમાં તું લીન અનાદિનો છો. '**અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને...**' '**लीढं**' એમ. અનાદિથી રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના વિકલ્પો એના અનુભવમાં લીન છો અનાદિથી. '**इदानीं**' એવા મોહને હવે. '**इदानीं**' '**હવે તો છોડો...**' એમ કહે છે. આહા..હા..! '**इदानीं त्यजतु**' ભગવાન આત્મા અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. એવા આત્માની સાથે એનાથી વિરૂદ્ધ પુણ્ય અને પાપના રાગ અને દ્વેષના શુભ અને અશુભ લાગણીના ભાવ, એવો મોહ એમાં લીન અનુભવો છો. એ તો ઝેરનો અનુભવ છે. આહા..હા..! કહો, શેઠ! આ પૈસા-બૈસામાં મજા પડે એ ઝેરનો અનુભવ છે એમ કહે છે.

હવે એ તો અનાદિકાળથી તું કરતો આવે છો. એ કાંઈ નવી ચીજ નથી. હવે કાંઈ કરવું છે કે નહિ કાંઈ? નવું આ ભવભ્રમણ મટે અને આત્માની પ્રાપ્તિ થાય એવું કરવું છે તને? તો એ રાગની એકતાબુદ્ધિ હવે છોડ. આહા..હા..! કહો, અહીં શરીર છોડ ને કર્મ છોડ ને બાયડી-છોકરા છોડ એમ નથી કહ્યું. એમાં છે જ નહિ. એમાં આ રાગની એકતાબુદ્ધિ છે એ છોડવાનું કહ્યું. તો એ ચીજ તો જુદી પડી છે. કહો, બીડીયું અને બીડીયુંના પૈસા કાંઈ અંદર ગરી ગયા છે આત્મામાં? પર્યાયમાં એમ માન્યું છે કે આ રાગ અને પુણ્યનો ભાવ અને પાપનો ભાવ એટલું અસ્તિત્વ મારું છે, એ અસ્તિત્વ મારું છે, એ સત્તામાં મારી સત્તામાં એ છે. એવું જે અજ્ઞાન અને મિથ્યામોહથી માન્યું છે એ છોડ હવે. સમજાણું કાંઈ?

બે વાત કરી અનાદિથી રાગ અને દ્વેષમાં લીન છો. એ નથી એમ નહિ. લીન ન હોય તો તને આનંદનો અનુભવ હોવો જોઈએ. પણ તારું સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદ છે. ચૈતન્ય હીરો અનાદિ-અનંત આનંદની મૂર્તિ છે. જો એ આનંદનો અનુભવ હોય તો તો આ રાગનો

અનુભવ હોય નહિ. તો અત્યાર સુધી શું કર્યું છે તે? કોઈ શરીરને, પૈસાને, આબરૂને ભોગવી છે એમ નહિ. રાગ ને દ્વેષ, શુભ અને અશુભ વૃત્તિઓ લાગણી એમાં લીન માન્યું છે અને એનો તને અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો હવે ત્યજો. '**इदानीं त्यजतु**' અરે! આ ઝેરના પીણા અનાદિથી પીધા ભાઈ તે.

મુમુક્ષુ :- મીઠાં કેમ લાગે છે?

ઉત્તર :- મીઠાં કાંઈ લાગતા નથી. માને છે મારો. ઝેર છેને, રાગ છેને, રાગ છેને, વિભાવ છેને. અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એનું તો ત્રિકાળ છે. સત્ ચિદ્. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ. એવું તારું સ્વરૂપ અને એ તું અને એ તારો સ્વભાવ. એને ભૂલીને આ રળવાનો ભાવ, ભોગનો ભાવ, આબરૂનો ભાવ હોં ભાવ. આબરૂ બાબરૂ જડમાં ગઈ. એવો જે ભાવ એનું તને અનાદિનું વેદન છે. એ અસ્તિ છે એમ કહે છે. લીન છો એમાં. મિથ્યા ભ્રમણા ભિન્ન રહી ગઈ છે અને તારું સ્વરૂપ ભિન્ન છે એમ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના આનંદના ત્રિકાળી સ્વભાવને શાશ્વત વસ્તુ છે એને ભૂલી અને કૃત્રિમ આ લાગણીઓ, આ રળવાની, ખાવાની, પીવાની, ભોગની, આબરૂની, તકીયા બેસવાની આમ સરખું આ ખુરશી, ઓફીસ મોટી કરીને બેસેને લાકડાની? ફર્નિચર. મોટા હડફા. હડફા શું કહેવાય એ? લાકડાના પૈસા રાખવાના તમારે. તિજોરી. તિજોરી તો મોટી લોઢાની હોય. આ તો લાકડાની. વેપાર હોયને પૈસા આવે તો નાખેને. ઘણા રાખે છે.

મુમુક્ષુ :- આપણે અહીં .. રાખે.

ઉત્તર :- .. એ તો બીજો. આ તો એને શું કહે છે. આપણે તો ઠીક અહીં ભાષા એ હોય. એને શું હિન્દુસ્તાનમાં કહે છે? ગોલક. આહા..હા..! એમાં નાખે પૈસા. ધંધો આવેને ૨૦૦, ૫૦૦, ૧૦૦૦ હજાર હંમેશા પેદા થાય. નાખે અંદર. ઝાઝું હોય તો ઉઘાડીને નાખે, થોડું હોય તો કાણા ઉપર રાખ્યા હોય એમાં નાખે. આહા..હા..! એમાં પાંચસો હજાર-હજારની પેદાશ હોય દીવસની અને પાંચ-પાંચ, દસ-દસ હજાર, વીસ-વીસ હજાર રૂપિયા આવતા હોય એમાં. આહા..હા..! જુઓ એ તો પાગલ તમારે. થડે બેઠો હોય. આહા..હા..! થડો સમજો છો? વેપારની ગાદી ઉપર. આહા..હા..! અરે ભગવાન! તું ક્યાં છો? તું તને મજા ક્યાં પડી છે ખબર છે તને? આહા..હા..! ભગવાન! તારો સ્વભાવ તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ તું તો છો. ત્રિકાળી જ્ઞાનથી અને આનંદથી ભરચક ભરેલો પદાર્થ છે. આહા..હા..! એને મૂઢપણે ન જાણતા. એ પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભ રાગ ચાહે તો અશુભભાવ હો, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ, આદિ. કે ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ હો. બેય ભાવ ઝેર જેવા આત્માના અમૃતથી વિરૂદ્ધભાવ છે. આહા..હા..! એનો તને અનુભવ છે. હવે તો છોડને પ્રભુ! હવે

તો છોડ. એ ઝેરના પીણા પીવા હવે છોડ. આચાર્ય કરુણા કરીને કહે છે જુઓ. આહા..હા..! '**હવે તો છોડો...**'

'**रसिकानां रोचनं**' શું કહે છે? અહો..! એ આનંદના રસિયાને રોચક એવું તત્ત્વ તારું. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એના રસિકોને એ રોચક છે, એના રસિકને એ રુચે છે. રાગના રસિકને આત્માનો રસ રુચતો નથી. આહા..હા..! એ ગાદી ઉપર બેઠો હોય થડે. હજાર-હજાર પંદરસો, બે હજારની પેદાશ એક-એક દિ'ની હોય. પેદાશ હોં! એને એમ થઈ જાય કે આહા..હા..! મોઢામાં પાણી આવે. આહા..હા..! ક્યાં ગયો મનહર ગયો? ઠીક. એ તો ઓલા દુકાન યાદ આવી પાલેજની. પાલેજમાં હમણા ગયા હતાને પોર. હડફોને બધું ઓફીસ કરી છે બધી. પહેલા દુકાન સાધારણ હતી. ઓફીસ મોટી લાગે. ઓહો..હો..! પાલેજ બધું આ પાલેજનું પાલેસ. લાકડાનો હડફો મોટો હોયને. પૈસા પેદા કરે .. ૫૦૦-૭૦૦ પેદાશ હોય. બધું ફેરવી નાખી દુકાન. છતને અછત ગોઠે? આહા..હા..! અરે! ક્યાં તું છો ભાઈ! તારો થડો અને તારો વેપાર તો આનંદસ્વભાવનો છે. સમજાણું કાંઈ?

જુઓ એ કહ્યુંને '**રસિક જનોને રુચિકર,...**' '**रसिकानां रोचनं**' જેને આત્માનો આનંદ રુચે છે એના રસિલાને એ રુચે છે. રાગના રસિલાને આત્માનો રસ રુચતો નથી. સમજાણું કાંઈ? '**રસિક જનોને રુચિકર,...**' એના રસિયાને. જેને રાગનો પુણ્ય-પાપના ભાવનો રસ છૂટી ગયો છે. છોડીને કીધુંને? પુણ્ય અને પાપના રસનો ભાવ જેને છૂટી ગયો છે. મિથ્યાત્વભાવ છે એ તો. અને રસિક ચૈતન્યના, આનંદના રસિલાને રસિક એવા જીવોને રુચિકર '**उद्यत् ज्ञानम्**' આ '**ઉદય થઈ રહેલું જે જ્ઞાન...**' પ્રગટ જ્ઞાન મૂર્તિ ભગવાન છેને ભાઈ! એને અનુભવને, એનો આસ્વાદ લેને, એનો અનુભવ કરને, એ આનંદનો સ્વાદ લેને. એ તારી જાત છે. આહા..હા..! .. આ તો બધી જાત જુદી છે અહીંની બધી. ઓલો ધૂળનો છે. આહા..હા..! ભગવાન! તારું સ્વરૂપ છે કે નહિ? સ્વરૂપ છે કે નહિ? તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાનનો સાગર છો તું. આહા..હા..! અરે! ત્યાં એની રુચિ કર રસિકજન. એના રસિયાને કહે છે કે હે રસિક! એની રુચિ કર અને એ તો પ્રગટ જ્ઞાનમૂર્તિ છે. જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છેને. જ્ઞાનમૂર્તિ છે. કેમકે જ્ઞાનનો અંશ પ્રગટ છેને એ આખું જ્ઞાનમય છે એવી તો તને ખાતરી નથી થતી કહે છે? એમ. જ્ઞાનનો અંશ તો પ્રગટ અવસ્થામાં દેખાય છે તો એ જ્ઞાનનો અંશ છે એ કોનો? ત્રિકાળી જ્ઞાયકભાવ એનો. એ આત્માના સ્વભાવને રુચિકર. આ ભારે! કહો, ભીખાભાઈ! કઠણ પડે છે ભીખાભાઈ કહે. માર્ગ તો આ છે. કઠણ પડે, મોળો પડે, સોંઘો પડે, જેમ માનો એમ આ છે. આહા..હા..! આ વિના એના ચોર્યાસીના અવતાર એ ભૂંડના અવતાર. આહા..હા..! ભૂંડ થઈને વિષ્ટા ચાટે. આ ગાયુ થઈને વિષ્ટા ચાટે. કૂતરા વિષ્ટા ચાટે અરરર! ઓલી વિષ્ટા ખાઈ આવે તો એના દૂધમાં પણ ગંધાય.

દૂધ હોય એને વિષ્ટાની ગંધ આવે દૂધમાં. એને બિચારાને ખબર નથી. ગાય તો ઢોર છેને. વિષ્ટા હોય એ ખાય. આહા..હા..!

.. બોટાદમાં એક ઓલુ હતું ને .. લખુભાઈના મકાનમાં અને આ બાજુ પાછળ જિન હતું. તો નીચે વચ્ચે ગાયુ બહુ જાય. માણસો દિશાએ બહુ જાય. બહુ જાય. કારણ કે આમ પણ આડશ અને આમ પણ આડશ. નદીને કાંઠે બહાર. અત્યારે લખુભાઈ રહે છેને સમઢિયાવાળા. એ એક બાજુ આમ રહે છે અને આ બાજુ જિન વજુભાઈનું. એમાં બહુ માણસો જાય, પછી ગાયું જાય. એ ખાતી-ખાતી. પછી એનું થાય દૂધ. પછી એને સવારમાં ચામાં નાખીને પીવે. આહા..હા..! એમ કહે છે કે રાગનો અનુભવ એ ઝેરનો અનુભવ છે, ભાઈ! સ્વભાવ તારી ત્રિકાળી ચીજ અને વિભાવ એક ક્ષણિક. બેને એકતા માનીને એનો જે અનુભવ, ભગવાન હવે છોડને પ્રભુ! આહા..હા..! આદેશ કરે છે અહીં તો. આચાર્ય તો. ભાઈ! આ ભાવ રાગનો રસ છે એને છોડને હવે. અને આ આત્માનો આનંદરસ છે એને આસ્વાદને. એ આનંદનો અનુભવ કરવો એનું નામ સમકિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ, નવ તત્ત્વને માનીએ એ બધી વાતું. રાગનો અનુભવ તે મિથ્યાત્વ છે અને આત્માના આનંદનો અનુભવ થવો તેને સમકિત કહે છે. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! હવે આ પૈસાવાળા પણ દુઃખી છે એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- એ પૈસાવાળો હતો જ કે દિ'?

ઉત્તર :- માન્યું છેને. હુકમ ચાલે ત્યાં. કરો, આ કરો, ફલાણું કરો. જોડા કાઢો, પ્લાસ્ટિકના જોડા. પ્લાસ્ટિકના છેને. બનાવે છેને ઘણું બધું છે થાનમાં. થાણા. થાન શું? થાણા. થાન તો અહીં આવ્યું. આ પ્રકાશદાસનું સ્થાન. આ તો થાણા-થાણા. ગયા હતાને અમે ઘરે ગયા છીએ. થાણામાં ગયા છીએ. આહા..હા..! અરે એમ કહે છે કે આત્માને છોડી. અહીં તો આત્મા સિવાયને બધાને અણાત્મા કહે છે. અણાત્મા એટલે પરદ્રવ્ય. રાગ, પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, જડ એ બધા અણાત્મા. તું નહિ. અરે! દેવ-ગુરુ-શાસ્ત્રનો આત્મા પણ તારે માટે અણાત્મા લે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પહેલા કહેવાઈ ગયું છે.

કહે છે અરે! '**उद्यत् ज्ञानम्**' આહા..હા..! ચૈતન્ય સૂર્ય. જ્ઞાનના પ્રકાશનો પૂંજ પ્રભુ પ્રગટ છેને. '**रसयतु**' એને અનુભવ, એનો રસ લે. આહા..હા..! એવા જ્ઞાન ત્રિકાળી સ્વભાવમાં એકાગ્ર થા તને જ્ઞાનનો રસ આવશે. સ્વભાવનો રસ આવશે. એનું નામ ધર્મ અને એનું નામ મુક્તિનો માર્ગ કહેવાય છે. અરે! ભારે. ભારે મોંઘો માર્ગ ભાઈ આવો. ઓલા તો સામાયિક કરવી, પડિક્કમણું કરે, ચોવિહાર કરે તો થઈ રહ્યું. પછી જાત્રા બાત્રા કરે દસ લાખ રૂપિયા ખર્ચીને ધર્મ થઈ જાય. ધૂળેય ધર્મ નથી સાંભળને. આહા..હા..! એય..! એ તો રાગની મંદતા હોય તો પુણ્ય બાંધે. પરદ્રવ્ય અનુસારી કોઈપણ વૃત્તિ હોય એ આત્માનો સ્વભાવ નહિ.

આહા..હા..!

મુમુક્ષુ :- .. મિથ્યાત્વ

ઉત્તર :- એ પરદ્રવ્ય મિથ્યા ક્યારે? કે ઓલી એકતા કરે છે માટે. એમ. સમજાણું કાંઈ? રાગ છે એથી મિથ્યાત્વ નથી. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ એ મિથ્યાત્વ નથી, પણ પરદ્રવ્ય અનુસારી વૃત્તિ એ મારી ચીજ છે એનું નામ એને મિથ્યાત્વ કહેવામાં આવે છે. આહા..હા..!

કહે છે અરે! '**આસ્વાદો;...**' અનુભવો. ભગવાન આત્મા તારી દૃષ્ટિ ફેરે તને આસ્વાદ આવશે. રાગની રુચિ છોડતા તને આત્માના આનંદનો રસ આવશે. આમ કહે છે. પરમાં પણ રુચિ રહે અને આત્માની રુચિ થાય બે નહિ રહે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. કાં અનાદિનો રાગનો રસ અનુભવ એ તો ઝેર છે. દિગંબર સાધુ થઈને પણ નગ્નપણું અનંતવાર લીધું. પંચમહાવ્રતના પરિણામ પણ રાગના અનંતવાર કર્યા. એ બધા રાગનો રસિયો એ તો અજ્ઞાની એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાનબિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! ચામડા ઉતરડીને ખાર છાંટે. ખાર સમજ્યા? નમક. ક્રોધ ન કરે. એવી બાહ્ય ક્ષમા દેખાય. નગ્નપણું હોય, બાહ્ય વ્રત પણ પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, એની ભૂમિકાના પ્રમાણે નિરતિચાર હો, પણ એ બધો રાગ છે. એ રાગનો રસિયો છે. આહા..હા..! ભારે કામ! એ રાગનો રસ પ્રભુ છોડ અને તારો રસ લે. એ ત્યાં આત્મા આનંદનો રસ લૂંટાય છે ત્યાં. આહા..હા..! એનો સ્વાદ લે.

'**रसयतु**' એનો રસિયો થા એટલે આસ્વાદ લે એમ. '**આ લોકમાં આત્મા છે તે ખરેખર...**' '**कथम् अपि अनात्मना साकम्**' '**અનાત્મા (પરદ્રવ્ય) સાથે...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપે પ્રભુ આત્મા, એને અનાત્મા સાથે. અનાત્મા એટલે કે વ્રતના પરિણામ પણ અનાત્મા છે. વ્રત-અવ્રતના પરિણામ, શુભાશુભ પરિણામ એ બધા અનાત્મા છે. અરે! શરીર, કર્મ અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આ આત્મા છે એની અપેક્ષાએ બીજા બધા અનાત્મા છે. આહા..હા..! બેજ વાત--એક આત્મા અને બીજો અનાત્મા. આખું જગત તારે માટે અનાત્મા છે. પરદ્રવ્ય. '**अनात्मना साकम्**' આનંદસ્વરૂપ આત્મા એની સન્મુખ થઈને એમાં આસ્વાદ લે. કેમકે આત્માને '**અનાત્મા સાથે કોઈ કાળે પણ...**' ચાહે તો નિગોદની અવસ્થા હો, મિથ્યાત્વની અવસ્થા હો, કોઈ કાળે એ અવસ્થામાં પણ '**तादात्म्यवृत्तिम् कलयति न**' '**તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી,...**' રાગની સાથે એકત્વ થતો નથી. માન્યું છે અને આસ્વાદ લે છે એટલું. કોઈ રીતે આત્મા અનાત્મા થાય એમ બનતું નથી. એકકોર પ્રભુ રામ અને બીજીકોર એકલું ગામ. એકકોર જ્ઞાનસ્વભાવી આત્મા અને રાગથી માંડીને બધું અજ્ઞાન. અજ્ઞાન એટલે આ જ્ઞાન નહિ. એની સાથે એકપણું જે અનાદિનું છે એ કોઈ

એક થયો નથી. સમજાણું કાંઈ? કહો, ફરીને આત્મા એક થયો હશે કે નહિ કોઈ દિ'? લ્યો એક ન હોય તો પછી આને વીંછી કરડે તો દુઃખ કેમ આત્માને થાય? વીંછી કરડે આને શરીરને. વીંછી-વીંછી. રાડે રાડ બોલાવે છે. એ કાંઈ શરીરને કારણે નથી. એ શરીર મારું છે એવી મમતાનું એને દુઃખ છે. શરીરનું નહિ. શરીરની ક્રિયા થઈ એ દુઃખ નથી એને. આહા..હા..! જે એનું નથી તે તેનું માન્યું અને એના અવસ્થા ફેરફાર થતાં મને થાય છે એવી મિથ્યાદષ્ટિ, મિથ્યાવૃત્તિ તે દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**तादात्म्यवृत्तिम् कलयति न**' અનુભવ નથી થતો કહે છે એકરૂપનો. એમ કહે છે. આ '**कलयति**' તાદાત્મ્ય પ્રવૃત્તિ નથી પામતો. આહા..હા..! એ તો રાગની સાથે અધ્યાસ કર્યો છે કે આ રાગ અને વિભાવ મારો. છતાં રાગને એક થતો નથી. આહા..હા..! ક્યાં વિભાવ અચેતન જડ અને ક્યાં ચૈતન્ય જાગૃતિ જ્યોત જ્ઞાન ઉદ્યત આવ્યુંને? બે એકપણાને કેમ પામે? ભારે ઝીણું ભાઈ! ધર્મ કરનારને એવું લાગે આ. બહારથી ધર્મ માન્યા હોય ને આ ભક્તિ ને પૂજા, દાન ને દયા ને વ્રત ને અવ્રત ને તપને એ બધી ક્રિયાઓ તો રાગ છે. આહા..હા..! એ ધર્મ નહિ.

મુમુક્ષુ :- એ કરતાં-કરતાં થાયને.

ઉત્તર :- કરતાં-કરતાં. ઝેર પીતા-પીતા અમૃત આવેને. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે.

મુમુક્ષુ :- શરૂઆતમાં તો હોયને.

ઉત્તર :- શરૂઆતમાં હોય અનાદિનું તો કીધું. અનાદિનું છે. શરૂઆત એટલે શું? અનાદિની રાગની એકતા છે. એ તો શરૂઆત કહો કે અનાદિની કહો એક જ છે. પહેલો રાગ મંદ આવે અને પછી આ થાય એમ એમાં સ્વભાવ છે નહિ એનો.

મુમુક્ષુ :- અશુભમાંથી શુભ થાય, શુભમાંથી શુદ્ધ.

ઉત્તર :- એ તો કહ્યું નહિ? મોક્ષમાર્ગમાં કહ્યું છે કે ભાઈ શુભથી શુદ્ધ થાય તો તો તો અશુભથી શુભ થાય. આવ્યું છે કે નહિ? તો તો અશુભ છૂટીને શુભ થાય, શુભ છૂટીને.. પણ અશુભ છૂટીને શુભ થાય, છૂટીને શુભ થાય છે. એમ શુભને છૂટીને શુદ્ધ થાય છે. શુભથી શુદ્ધ થાતું નથી. જો શુભથી શુદ્ધ થાય તો અશુભથી શુભ થાય એમ થયું. એમ લખ્યું છે. આહા..હા..! શું કહ્યું? લખ્યું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. કે જો તું એમ કહે કે શુભરાગ પુણ્ય પ્રશસ્ત.. એ છે તો અહીં શુદ્ધભાવ થાય, તો પછી અશુભરાગ છે તો અહીં શુભરાગ થાય એવું થયું. શુભરાગ છે તો શુદ્ધ થાય એવું થયું, પણ અશુભરાગ છોડીને જેમ શુભરાગ થાય છે એમ શુભરાગ છોડીને શુદ્ધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ટોડરમલજીએ તો ઘણું નાખ્યું છે. ચાલતી ભાષા અને સાધારણ લાગે એટલે એમ કે વિદ્વતા અને સંસ્કૃત

આદિ હોય તો એ શાસ્ત્ર. પણ તત્ત્વ ભર્યું છે એ ગમે તે ભાષાએ હોય નહિ. શાસ્ત્ર જ છે. આહા..હા..! પણ છેલ્લો તો જ્યારે શુદ્ધ ઉપયોગ થાય ત્યારે આખરમાં તો શુભભાવ હોયને. એમ દલીલ કરે છે. પણ આખરમાં શુભભાવ હોય, પણ એનો અભાવ કરે તો શુદ્ધમાં આવે. પણ એ છે માટે શુદ્ધમાં આવે એમ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? અરે! એણે પોતાના પંથને ન ચાલ્યો. કાંઈક-કાંઈક પાંગળો. અહીં તો કહે છે કે સ્વભાવ જ એવો પ્રત્યક્ષ પોતાથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એને કોઈની રાગની અને શુભની અપેક્ષા નથી. એવો એનો તો સ્વભાવ છે. આહા..હા..!

**'કોઈ પ્રકારે અનાત્મા સાથે કોઈ કાળે પણ તાદાત્મ્યવૃત્તિ...'** એમ એ **'कलयति न'** **'कलयति'** એકરૂપે અનુભવ થતો નથી. એમ. **'કેમ કે આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપે થતો નથી.'** ભગવાન આત્મા ચૈતન્યજ્યોત, સૂર્ય ચૈતન્યનું એકરૂપ છે એ રાગાદિ અનેકસ્વરૂપ એની સાથે એકતા પામતો નથી. જીવ-અજીવ અધિકાર છેને આ. જીવ એને કહીએ. સમજાણું કાંઈ? રાગ અને જે વિકલ્પ છે એ જીવ નથી એ તો અજીવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તથા સ્મરણ એ રાગ તો અચેતન છે, તો અચેતનથી ચેતન પમાય? અચેતનની રુચિ છોડે તો ચેતન પમાય. ભારે ગડબડ. આહા..હા..! ટાણા આવ્યા ત્યારે કાંઈક... કાંઈક... કાંઈક.. અંદર રાખ્યું .. આહા..હા..! પોતાના બચાવ માટે. પણ એમ બચાવ કાંઈ થાય? સમજાણું કાંઈ?

ઓલું વાણિયાનું આવે છેને. વાણિયો માલ લઈને જતો હતો. આવ્યા ચોર જંગલમાં. વાણિયો માલ લઈને જાતો હતો, ગાડુ ભરીને કાપડ બાપડ. એમાં આવ્યા ડાકુ. તો વાણિયો સમજ્યો ડાહ્યો હતો કે ભાઈ હવે લઈ તો જાશે ગાડુ. ડાકુ છેલ્લેથી આવે છે અને ગાડુ નીચે ઉતાર્યું. પાથર્યા કપડા બરાબર નીચે પાથરીને બેઠા. લ્યો આ કાપડ. લેવું છેકે? એ જાણે કે આ શું? કારણ કે આપણે લઈ જવા માટે.. પણ આપ્યું પછી. સહી કોની? કે સહી જો આ ઓલો મીંદડો જાય. જંગલનું મીંદડું હોય ને મીંદડું? મીંદડું નથી સમજતા? બિલાડી. બિલ્લી. જંગલની બિલાડી હતીને તો એની સહી. બિલ્લીની સહી સાક્ષી. માલ લીધો પચ્ચીસ હજારનો બધો આપી દીધો. પછી કહે સહી કરો. એ જાણે કે સહી કરતા આ ક્યાં આપણે ડાકુ છીએ આ ક્યાં લેવા આવ્યો છે. થઈ કોર્ટમાં ફરિયાદ એના ઉપર. ન્યાયે કોર્ટમાં ઉભા રાખ્યા. પછી? કે જુઓ આ એક મીંદડો લાવ્યો વાણિયો. ઘરની બિલ્લી હોયને એ લાવ્યો. જુઓ આ માલ લઈ ગયા છે એમાં આ મીંદડાની સહી. તો ઓલા કહે આ નહોતું. .. ભલે નહોતું. પકડમાં આવ્યું? બીજું હતું. એમ કે મારે એ વખતે શુભરાગ હતો, અશુભ નહોતો, પણ રાગ હતોને સાંભળને. રાગ પકડાઈ ગયો ત્યાં. મીંદડું હતું. ઓલો મીંદડું ઘરનું લાવ્યો. મૂક્યુ જુઓ સાહેબ મીંદડાની સહી છે આ. બિલ્લીની. જુઓ આ બિલ્લી. તો ડાકુ

કહે આ બિલ્લી નહોતી. ભલે નહોતી પણ સહી હતુંને. કરો સહી જાવ. એમ કે શુભરાગ હતો એ વખતે, પણ હતો તે પકડાણો હતો એ તો. સાંભળને. એ તો વિકારની સહી હતી એમાં ક્યાં આત્મા હતો? આહા..હા..! રાગ તો ગુનો હતો. સમજાણું કાંઈ? ઘણું નાખ્યું છે હોં નયચક્રમાં. બહુ બહુ નવા છે. આ પ્રતિમા નથી એમાં નાખ્યું. દેવ-ગુરુ-શાસ્ત્ર, પૂજા, ભક્તિ બધું શુભભાવ. એ તો પાઠ છે. શુભભાવ બંધનું કારણ છે. ચોખ્ખું ત્યાં અર્થમાં છે એ ચોખ્ખા કર્યા છે ત્યાં. પાછું ઓલાપણે ધર્મ પરિણત. શુભભાવ આ શું હશે? પંડિતજી! શુભભાવ એ ધર્મ પરિણત. પણ આમાં એક ઠેકાણે આવું અને બીજા આવા ઠેકાણા શબ્દોમાં ચોખ્ખું આ નયચક્રમાં છે પરસ્પર. કૈલાસચંદજીનું. છે તો બીજાનું. ..

શુભ-અશુભભાવ બેય પક્કડ અજ્ઞાનની છે કહે છે. સમજાણું કાંઈ? છેલ્લે પણ શુભભાવ હતોને પણ, હતો એટલે શું? રાગ હતો કે નહિ? એની દૃષ્ટિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરી ત્યારે શુભ થાય. એને રાખીને, હાથમાં રાખીને, જેનાથી ભેદજ્ઞાન કરવું છે એને રાખીને ભેદજ્ઞાન થાતું હશે? શુભરાગથી પણ ભેદજ્ઞાન. અહીં તો એ બતાવ્યું છેને જુઓને. વિકલ્પમાત્રથી ભિન્ન છે, ભગવાન! આહા..હા..! એ અનાત્મા છે. એ અનાત્મા સાથે તું એક થયો નથી, હોં! એક થાય નહિ હોં, એક થાય તો પોતાનું દ્રવ્યપણું નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે. વૈદરાજ! બહુ આ બધું વૈદું કર્યું માટે થોથેથોથા છે એમ કહે ભાઈ.

મુમુક્ષુ :- એ તો ઓલો સાજો થવાનો હોય તો થાય.

ઉત્તર :- એ તો સાજો થવાનો હોય તો થાય. વૈદને પોતે .. થાય તો મરે છેને ખાટલામાં નથી કહેતા? વૈદના ખાટલે. એમ કહે છેને. લોકો વાતું કરે છે એવી નહિ? આ તો વૈદના ખાટલે એમ કહે છે. વૈદ હોયને એને અંતે ખાટલે પડીને મરે. એમ કહે. એને કોણ કરે? જુઓને અહીં આપણે છેને ભાઈને તો હરિભાઈનો બાપ. શું નામ? કૃપાશંકર. એ માંદા પડે ત્યારે રવિભાઈની દવા લે. પોતે નહિ. પોતે વૈદ હતા. એ કહેતા અહીં હોં. અહીં આવતાને. કે મારે જ્યારે રોગ થાય એટલે હું તો રવિભાઈને પૂછું કે શું તારે દેવું છે આમાં. આ રોગ છે. પોતે વૈદ. પોતાને થાય તો. આહા..હા..! ભાન ન મળે. એ રોગ મટવો, ન મટવો એ કાંઈ તારે આધિન છે? રોગ એ તો જડની દશા છે. જડની દશા છોડવી કે ગ્રહવી એ તારા અધિકારમાં છે? તારા અધિકારમાં રાગની એકતા કરવી અને છોડવી એ તારા અધિકારમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આત્મા તો એક છેને. '**તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી.**' એ માને પણ રાગ અને સ્વભાવ એકરૂપ થતા નથી. એમ કહે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- આત્મા પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે...**' જોયું! પરદ્રવ્ય શબ્દે રાગ, પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર. એમાં એ નાખ્યું છે ભાઈ

હોં આમા વિષયમાં. કે જેમ સ્ત્રી છે એ અશુભરાગનો વિષય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર શુભરાગનો વિષય છે. એ નાખ્યું છે એણે. કારણ કે પાઠમાં એવું આવ્યું ખરુંને. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ બંધનું કારણ છે. એવો પાઠ છે. એટલે એને નાખવું પડું. ..વિષય છે અને અહીં જ્યાં નામ આવે નિહાલભાઈના ઓલામાં કે સ્ત્રીનો વિષય અને દેવ-ગુરુનો વિષય બે સરખા છે ત્યાં ભડકે.

મુમુક્ષુ :- એ તો પદ્મનંદિમાં નથી આવતું?

ઉત્તર :- આવે એ તો વ્યભિચાર લખ્યું છેને ત્યાં.

મુમુક્ષુ :- સોનગઢને પણ .. બતાવેલું છે.

ઉત્તર :- હા એ પણ ક્યાં આને માને છે. ઠીક! એમાં છે એમ. વિષય લીધો છે હોં ચોખ્ખો. આહા..હા..! કારણ કે આ બહારની વાત આવી હશેને બહાર? એમ કે જેવો સ્ત્રીનો વિષય છે એ અશુભરાગ છે અને દેવ-ગુરુનો વિષય છે એ શુભરાગ છે. છે તો પરવિષય બધોય. વિષયની અપેક્ષાએ બેય પર છે એમ બંધના જ કારણ બેય છે એમ ચોખ્ખું લખ્યું છે. એટલા માટે જરી વાંચીને કીધું. આ .. શું નાખે આ? સાંભળ્યું છેને હવે તો અહીંનું. અહીં તો છેકથી કહેતા આવીએ છીએ. હવે તમે વળી જાગ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વવિષય સિવાય. પાઠ એવો છે ત્યાં કે આત્મસ્વભાવ સિવાય બીજા બધા પરદ્રવ્ય પરવસ્તુ છે. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ તે બધું બંધનું કારણ છે. સ્વદ્રવ્યને અનુસારે થતો ભાવ તે મોક્ષનું કારણ છે. એટલી વાત છે ચોખ્ખી. મૂળ શ્લોક છે. એ નવો છે આલાપ પદ્ધતિ છેને. માઈલ્લ ધવલનું.

**'આત્મા પરદ્રવ્ય સાથે...'** પરદ્રવ્યની આ તો વ્યાખ્યા થઈ. રાગથી માંડીને બધું પરદ્રવ્ય. દેવ, ગુરુ અને શાસ્ત્ર પરદ્રવ્ય. આહા..હા..! **'કોઈ પ્રકારે કોઈ કાળે એકતાના ભાવને પામતો નથી.'** રાગ સાથે, દેવ-ગુરુ સાથે કે સ્ત્રી, કુટુંબ, પરિવાર સાથે કે લક્ષ્મી સાથે **'કોઈ પ્રકારે કોઈ કાળે...'** તો વ્યવહારે તો એકતા પામે છે કે નહિ? પણ એ વ્યવહારે એકતાનો અર્થ કે નથી એકતા એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? શરીર અને આત્મા એક છે. આવે છેને. એનો અર્થ શું પણ? નથી. નથી એને કહેવું એનું નામ વ્યવહારનયનું કથન છે. આહા..હા..! **'કોઈ પ્રકારે કોઈ કાળે એકતાના ભાવને પામતો નથી.'** આમ છે. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એવું જે ત્રિકાળી સ્વભાવ એ રાગ અને શરીર સાથે એકતાપણે કોઈ દિ' કોઈ કાળે પામતો નથી. કોઈ પ્રકારે અને કોઈ કાળે. બે વાત ઉપર જોર આપ્યું છે.

**'એ રીતે આચાર્યે, અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે...'** **'आजन्मलीढं'** **'પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે...'** બસ. **'તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે...'** જુદો

પડ પ્રભુ, જુદો પડ. જુદો છો અને જુદો રહે. જુદો છો એમ જુદો રહે. આહા..હા..! એ તો અહીં જરી પાંચ ઇન્દ્રિયના વિષયમાં અનુકૂળ લાગે ત્યાં તો એને મજા પડી જાય. તૃષા લાગી હોય સરખી ટાઢા મોસંબીના પાણી અને એમાં આઈસ્ક્રીમ નાખેલું. મોસંબીનું પાણી અને એમાં આઈસ્ક્રીમ નાખેલું અને તૃષા લાગી હોય. ૧૧૮ ડિગ્રીનો તડકો હોય. ચૈત્ર-વૈશાખ મહિનાનો. એ પીવે ત્યારે જાણે આહા..હા..! ગટક-ગટક જાણે અમૃત પીતો હોય એમ લાગે એને.

મુમુક્ષુ :- મુંબઈવાળા

ઉત્તર :- મુંબઈવાળાને.. મુંબઈવાળો કે દિ' હતો? આહા..હા..!

**'અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે...'** ભાઈ! તું એકલો ચિદાનંદ સ્વરૂપ છો અને વિકલ્પથી, શુભરાગથી માંડીને આખી ચીજો બધી પરદ્રવ્ય છે. જે સ્વદ્રવ્ય નહિ તે પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યની તારામાં નાસ્તિ છે. અસ્તિ તો તારા સ્વભાવને લઈને તારી અસ્તિ છે. રાગાદિ પરદ્રવ્યથી તો તારી નાસ્તિ છે. જો એનાથી પણ તું હો એ બધા એક જ થઈ જાય. બધું એકરૂપ થઈ જાય. સમજાણું કાંઈ? અસ્તિ છું તો એ રીતે બધાને લઈને અસ્તિ હોય તો તો એક જ રૂપ થઈ ગયું બધાનું. ભિન્ન તો રહ્યું નહિ. સમજાણું કાંઈ? તારું અસ્તિત્વ જે જ્ઞાનાનંદ સ્વભાવે છે એ રાગાદિ સ્વભાવે એ વસ્તુ નથી. ત્યારે તો એની અસ્તિની સાબિતી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે આવું તો આ બધું બાયડી, છોકરા છોડીને બાવો થાય તો સમજાય. .. એમ કહેતા. પણ બાયડી, છોકરા ક્યાં ગરી ગયા હતા તારામાં સાંભળને. .. મફતનો. દીકરા જ્યાં એને કારણે આમ આવ્યા અને ઉભા રહ્યા ત્યાં કહે મારા છે. એ તે એમ માન્યું છે. સમજાણું કાંઈ? એ એને કારણે રખડતાં-રખડતાં એના ઘરમાં આવ્યા. ત્યાં કહે આ મારા બાયડી, મારા છોકરા. મૂર્ખો છોને મોટો.

મુમુક્ષુ :- તો શું ગામના છોકરા હતા?

ઉત્તર :- કોઈના નથી. એના છે એ તો. એની સત્તામાં એ છે. તારી સત્તામાં એ નાસ્તિ છે. આહા..હા..! એની સત્તામાં તારી સત્તાની નાસ્તિ છે. નહિતર એ સત્તા સિદ્ધ નહિ થાય આહા..હા..! એનું હોવાપણું એને લઈને, તારું હોવાપણું તારે લઈને. .. મોહ છૂટી જાય છે. એ મોહને છોડ. મોહને છોડ એટલે સ્વભાવમાં એકતા કર એમ કહે છે. આહા..હા..! કારણ કે રાગમાં પણ એકતા તે કરી છે. માની છે તેંને? કોઈએ મનાવી નથી.

**'એકપણારૂપ મોહને હવે છોડો અને જ્ઞાનને આસ્વાદો; મોહ છે તે વૃથા છે,...'** મોહની વ્યાખ્યા જ વૃથા છે. મોહ એટલે ફોગટ, જૂઠો છે. એ **'દુઃખનું કારણ છે.'** આહા..હા..! શુભરાગનો ભાવ પણ પોતાનો એ જૂઠો છે, મોહ છે, મિથ્યાત્વ છે અને દુઃખનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

## ગાથા-૨૩ થી ૨૫

अथाप्रतिबुद्धबोधनाय व्यवसायः क्रियते --

अण्णाणमोहिदमदि मज्झमिणं भवदि पोग्गलं दव्वं।
बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।।२३।।
सव्वण्हुणाणदिट्ठो जीवो उवोगलक्खणो णिच्चं।
कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।
जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।
तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।।२५।।

अज्ञानमोहितमतिर्ममेदं भणति पुद्गलं द्रव्यम्।
बद्धमबद्धं च तथा जीवो बहुभावसंयुक्तः।।२३।।
सर्वज्ञज्ञानदृष्टो जीव उपयोगलक्षणो नित्यम्।
कथं स पुद्गलद्रव्यीभूतो यद्भणसि ममेदम्।।२४।।
यदि स पुद्गलद्रव्यीभूतो जीवत्वमागतमितरत्।
तच्छक्तो वक्तुं यन्ममेदं पुद्गलं द्रव्यम्।।२५।।

युगपदनेकविधस्य बन्धनोपाधेः सन्निधानेन प्रधावितानामस्वभावभावानां संयोगवशाद्विचित्रोपाश्रयोपरक्तः स्फटिकोपल इवात्यन्ततिरोहितस्वभावभावतया अस्तमितसमस्तविवेकज्योतिर्महता स्वयमज्ञानेन विमोहितहृदयो भेदमकृत्वा तानेवास्वभावभावान् स्वीकुर्वाणः पुद्गलद्रव्यं ममेदमित्यनुभवति किलाप्रतिबुद्धो जीवः। अथायमेव प्रतिबोध्यते-- रे दुरात्मन्, आत्मपंसन्, जहीहि जहीहि परमाविवेकघस्मरसतृणाभ्यवहारित्वम्। दूरनिरस्तसमस्तसन्देहविपर्यासानध्यवसायेन विश्वैकज्योतिषा सर्वज्ञज्ञानेन स्फुटीकृतं किल नित्योपयोगलक्षणं जीवद्रव्यं तत्कथं पुद्गलद्रव्यीभूतं येन पुद्गलद्रव्यं ममेदमित्यनुभवसि, यतो यदि कथंचनापि जीवद्रव्यं पुद्गलद्रव्यीभूतं स्यात् पुद्गलद्रव्यं च जीवद्रव्यीभूतं स्यात् तदैव लवणस्योदकमिव ममेदं पुद्गलद्रव्यमित्यनुभूतिः किल घटेत, तत्तु न कथंचनापि स्यात्। तथा हि -- यथा क्षारत्वलक्षणं लवणमुदकीभवत् द्रवत्वलक्षणमुदकं च लवणीभवत् क्षारत्वद्रवत्वसहवृत्त्यविरोधादनुभूयते, न तथा नित्योपयोगलक्षणं जीवद्रव्यं पुद्गलद्रव्यीभवत् नित्यानुपयोगलक्षणं पुद्गलद्रव्यं च जीवद्रव्यीभवत् उपयोगानुपयोगयोः प्रकाशतमसोरिव सहवृत्तिविरोधादनुभूयते। तत्सर्वथा प्रसीद, विबुध्यस्व,

स्वद्रव्यं ममेदमित्यनुभव।

હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છેઃ-

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.
સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.
જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,
તું તો જ એમ કહે શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫.

ગાથાર્થઃ- [अज्ञानमोहितमतिः] જેની મતિ અજ્ઞાનથી મોહિત છે [बहुभावसंयुक्तः] અને જે મોહ, રાગ, દ્વેષ આદિ ઘણા ભાવોથી સહિત છે એવો [जीवः] જીવ [भणति] એમ કહે છે કે [इदं] આ [बद्धम् तथा च अबद्धं] શરીરાદિ બદ્ધ તેમજ ધનધાન્યાદિ અબદ્ધ [पुद्‌गलं द्रव्यम्] પુદ્ગલદ્રવ્ય [मम] મારું છે. આચાર્ય કહે છેઃ [सर्वज्ञज्ञानदृष्टः] સર્વજ્ઞના જ્ઞાન વડે દેખવામાં આવેલો જે [नित्यम्] સદા [उपयोगलक्षणः] ઉપયોગલક્ષવાળો [जीवः] જીવ છે [सः] તે [पुद्‌गलद्रव्यीभूतः] પુદ્ગગલદ્રવ્યરૂપ [कथं] કેમ થઈ શકે [यत्] કે [भणसि] તું કહે છે કે [इदं मम] આ પુદ્રગલદ્રવ્યરૂપ મારું છે? [यदि] જો [सः] જીવદ્રવ્ય [पुद्‌गलद्रव्यीभूतः] પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ જાય અને [इतरत्] પુદ્‌ગલદ્રવ્ય [जीवत्वम्] જીવપણાને [आगतम्] પામે [तत्] તો [वक्तुं शक्तः] તું કહી શકે [यत्] કે [इदं पुद्‌गलं द्रव्यम्] આ પુદ્‌ગલદ્રવ્ય [मम] મારું છે. [પણ એવું તો થતું નથી.]

ટીકાઃ એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સયોગવશે જે (અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા *આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે, અત્યંત તિરોભૂત (ઢંકાયેલા) પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જયોતિ અસ્ત થઈ ગઈ છે એવો છે, અને મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે- એવો અપ્રતિબુદ્ધ જીવ સ્વપરનો ભેદ નહિ કરીને, પેલા અસ્વભાવભાવોને જ (પોતાના સ્વભાવ નથી એવા વિભાવોને જ) પોતાના કરતો, પુદ્‌ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે. (જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના વર્ણની નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે. સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી તેવી રીતે અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો

છે -દેખાતો નથી તેથી પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે.) એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કેઃ- એ દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર! જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ. જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે અને જે વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવાને એક અદ્વિતીય જયોતિ છે એવા સર્વજ્ઞ- જ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરવામાં આવેલ જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય તે કેવી રીતે પુદગલદ્રવ્યરૂપ થઈ ગયું કે જેથી તું 'આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે ? કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય તો જ 'મીઠાનું પાણી' એવા અનુભવની જેમ 'મારું આ પુદ્‌ગલદ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે; પણ એમ તો કોઈ રીતે બનતું નથી. એ, દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છેઃ જેમ ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ પાણીરૂપ થતું દેખાય છે અને દ્રવત્વ (પ્રવાહીપણું) જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે કારણ કે ખારાપણું અને દ્રવ્યપણાને સાથે રહેવામાં અવિરોધ છે અર્થાત્ તેમાં કોઈ બાધા નથી, તેવી રીતે નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી અને નિત્ય અનુપયોગ (જડ) લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી કારણ કે પ્રકાશ ને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે; જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા, તારું ચિત્ત ઉજજવળ કરી સાવધાન થા અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ. (એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.)

ભાવાર્થઃ- આ અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે કે જડ અને ચેતનદ્રવ્ય-એ બન્ને સર્વથા જુદાં જુદાં છે, કદાચિત્ કોઈપણ રીતે એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે; માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે; વૃથા માન્યતાથી બસ થાઓ.

## ગાથા-૨૩ થી ૨૫ ઉપર પ્રવચન

**'હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :--'** વ્યવસાય-વ્યવસાય. અજ્ઞાનીને સમજાવવા વ્યવસાય કરે છે. પ્રયત્ન કરે છે.

**अण्णाणमोहिदमदि मज्झमिणं भवदि पोग्गलं दव्वं।**
**बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।।२३।।**
**सव्वण्हुणाणदिट्ठो जीवो उवोगलक्खणो णिच्चं।**
**कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।**
**जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।**
**तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।।२५।।**
**અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,**
**'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.**
**સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,**
**તે કેમ પુદ્ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.**
**જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,**
**તું તો જ એમ કહે શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫.**

આહા..હા..! કેટલાક આવો અર્થ કરે છે કે આમાં ઓલા જે આવી ગયુંને આપણે? મોહના અંતરંગ પરિણામ? અંતર, મોહાદિના અંતરંગ પરિણામ. એમ કે જડના છે એ.

મુમુક્ષુ :- એવું માને છે.

ઉત્તર :- એવું માને છે. જડના જડ છે એમ કહે એ. ઓલા પરિણામ વિકારી એ ન લેવા. એક જણો એમ કહેતો હતો નહિ ઓલો સનાવદનો આવ્યો હતો એ. પ્રેમચંદજી. ઘરના અર્થ કરતો હતો. જુવાન છોકરો હતો એક. એમ કે આ બધા જે પુદ્ગલના પરિણામ કહ્યા છે એ તો જડના કહ્યા છે. રાગાદિ પુદ્ગલના પરિણામ નહિ. એમ કહેતો હતો. આવ્યો હતો ત્યાં ખંડવા. અરેરે! કીધું ભાઈ એમ નથી. આચાર્યો આમ કહેવા માગે છે. એમ કરીને કહ્યું. ભાઈ! એમ નથી. અહીં તો રાગાદિનો વિકલ્પ પણ એ પુદ્ગલ જ છે અને પરદ્રવ્ય છે. એ તો અશુદ્ધ નિશ્ચયથી જ્યારે એને સિદ્ધ કરવું હોય તો એના પરિણામ અશુદ્ધ નિશ્ચયથી છે. પણ અશુદ્ધ નિશ્ચય કહો કે વ્યવહાર કહો, વ્યવહાર કહો કે પર કહો, ભિન્ન કહો. સમજાણું કાંઈ? આવ્યો હતોને એ? ખંડવામાં આવ્યો હતો. આ બધા અર્થના એ. પુદ્ગલના જ્યાં જ્યાં પરિણામ રાગ અર્થ કરે છે આ લોકો. પુણ્ય-પાપના ભાવ પુદ્ગલના પુદ્ગલના નહિ. જડના પરિણામ એ પુદ્ગલના પરિણામ. પણ અહીં તો પાઠ આવ્યોને.

ઓલામાં આવ્યુંને? ક્યાં? ઓલામાં. ૧૯માં. '**તેવી રીતે કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ---કે જેઓ (બધા) પુદ્ગલના પરિણામ છે...**' એ તો ૭૫ ગાથામાં નથી કહ્યું? બધું પુદ્ગલ પરિણામ છે. કર્તા-કર્મમાં.

પુદ્‌ગલ જ છે. અજ્ઞાન જ છે. બધું દેહાદિ પરદ્રવ્ય છે. રાગ એકકોર જ્ઞાયકસ્વભાવ અને એકકોર જ્ઞાયક જેમાં આ જ્ઞાયકપણું નથી એ બધાને પુદ્‌ગલ અને અજીવ કહેવામાં આવે છે. વાત તો આમ છે. આહા..હા..! એ કહે નહિ. આવો અર્થ કર્યો છે એવો ન હોય. હવે જડના પરિણામ કરવા, પુદ્‌ગલના. અંતરંગના પરિણામ કીધાને એ કર્મના પરિણામ લેવા. જડનો ભાવ. જીવનો નહિ. કહો. બીજે ઠેકાણે જીવના પરિણામ કહ્યા છે કે નહિ? પણ એ કહ્યા છે એ બીજી રીતે કહ્યા છે. એ તો એની દશામાં અજ્ઞાનભાવે ઉત્પન્ન કરે છે. એથી ઓલા આવે છેને મિથ્યાત્વના બે ભાવ? એક ભાવ મિથ્યાત્વ અને દ્રવ્ય મિથ્યાત્વને. આવે. ન આવે? એ પર્યાય એની છેને. એની પર્યાય વર્ણવી છે આસ્રવની ત્યારે એના કહ્યા. ત્રિકાળી સ્વભાવ જાણે કે એ બધો પુદ્‌ગલ... પુદ્‌ગલ... પુદ્‌ગલ... આહા..હા..! એમ ભેદજ્ઞાન કરાવ્યું છે અહીંયાં. અને સમ્યગ્જ્ઞાન દિપીકામાં તો આમ જ લીધું કે એકકોર ભગવાન જ્ઞાનસ્વરૂપ છે અને બાકી બધું અજ્ઞાન. એમ જ કહ્યું ત્યાં તો. એ આવે છે કર્તાકર્મમાં? એ શુભાશુભભાવ જ્ઞાન છે. કર્તાકર્મમાં આવે છે. શુભાશુભભાવ અજ્ઞાન છે. થઈ રહ્યું ત્યારે. અજ્ઞાન છે એનો અર્થ શું થયો? ચૈતન્ય સ્વભાવ નહિ. આહા..હા..! માણસને પોતાની રાખવા માટે કંઈક શાસ્ત્રના અર્થને ફેરવી-ફેરવી. પણ પર્યાય એની છે તો એ વખતે એમ બતાવે નહિ? એ તો અજ્ઞાનભાવ બતાવવો છે એનો. અજ્ઞાનભાવ કાંઈ જડમાં નથી. એની પર્યાયમાં છે એમ બતાવવું છે. પછી તો અજ્ઞાનભાવ પોતાનો ચૈતન્ય સ્વભાવ નથી એટલે એને પુદ્‌ગલ કહી દીધો. સમજાણું? આહા..હા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે.' એમ જાણવું જોઈએને. પરમાણું છે એ? રાગાદિ પર્યાય તે પરમાણું છે? રજકણ છે? છતાં એ ચેતન નથી. એનો અર્થ કે એ અચેતન છે. રજકણ છે એનું કાંઈ નહિ. આહા..હા..! તકરાર... તકરાર.. અરેરે! આવા ટાણા માંડ. ૨૫-૫૦ વર્ષ, ૬૦ વર્ષ, ૭૦ વર્ષ થઈ રહ્યું ચાલ્યું ગયું. કોઈ ધણી ધોરી ક્યાંય નથી. છે કોઈ? કોઈ નહિ? આ શ્રાદ્ધ નાખે છે પાછળતો. શ્રાદ્ધ સમજો છો? કાગડાને નાખે છેને પૂરણપોળી. પણ એને પોગે કે નહિ કાંઈ કાગડો થઈને આવ્યો છે એને ખાવા મળે કે નહિ? તો એના સૌના બાપ કાગડા થતા હશે? આવી ભ્રમણા. બ્રાહ્મણોને ઓલા લોટ મળેને એને લઈને આવું ખોસી કાઢ્યું લાકડું. એના બાપનું ઓલું હોયને ત્યારે પીરસણું આપેને બ્રાહ્મણને? પા શેર ઘી, ઊંચું ઘી. લ્યો મારા બાપનું આજે શ્રાદ્ધ હતું. મહારાજને બોલાવો. બ્રાહ્મણ મહારાજને બોલાવે. પીરસણા લઈ જાવ. પીરસણા ન કહેવાય. શું કહેવાય? સીધુ-સીધુ. સીધુ. ગામડામાં તો બહુ થાય. આહા..હા..!

એની '**ટીકા :- એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે જે (અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' આખું વાક્ય

છે. લાંબુ છે. શું કહે છે? જેમ સ્ફટિકમણિ જેમાં મૂકેલો હોય એ વસ્તુ. પીપળનું પાંદડું હોય, ઓલા પીળું પાંદડું હોય, લીલું પાંદડું હોય કે એની સામે સ્ફટિક મૂક્યો હોય તો સ્ફટિક પણ એવો દેખાય છે. લાલ અને પીળો દેખાય. એમ '**એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિની...**' આત્માને કર્મના નિમિત્તની ઉપાધિ એની અતિ નિકટતા-નજીકતા. એને લઈને '**વેગપૂર્વક વહેતા...**' એકદમ થતો એમ. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, કામ અને ક્રોધ. એવા '**અસ્વભાવભાવોના સંયોગવશે...**' દેખો! આહા..હા..! કર્મના બંધનની અનેક પ્રકારની ઉપાધિના નિકટપણાને લઈને. અતિનિકટ. નજીક છેને આમ બધું?

'**વેગપૂર્વક વહેતા...**' એટલે? એકદમ વિકાર થાય અને અસ્વભાવભાવો છે એ. એ વિકારીભાવ, જેમ એ સ્ફટિકરત્ન જેમાં મૂક્યો હોય એમાં જે લાલ આદિ દેખાય એ તો બધી ઉપાધિ છે. એ કાંઈ સ્ફટિકનો સ્વભાવ નથી. સ્ફટિકમણિ ધોળું, સફેદ જેમાં મૂક્યું હોય તો એવું બધું દેખાય. એ કાંઈ સ્ફટિકમણિનો સ્વભાવ નથી. એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વચ્છ પ્રભુ કર્મના નિમિત્તની ઉપાધિના અતિવેગે થયેલો અંદર. એટલે તરત થયેલો એમ. જ્યાં ઉદય આવ્યો અને વિકાર થયો એની સાથે. કાંઈ સમય બીજો નથી. જે કર્મનો ઉદય આવ્યો એ જ સમયે વિકાર થાય. એવું ક્ષેત્રથી નિકટપણું અને ભાવથી વેગપણું. એકદમ વહે છે. પુણ્ય અને પાપ ફડાક-ફડાક થતું અંદરથી. એવા '**અસ્વભાવભાવોના સંયોગવશે...**' લ્યો! '**અસ્વભાવભાવોના સંયોગવશે...**' દેખો! એ વિકારીભાવના સંયોગવશે. એ સ્વભાવ નથી. આહા..હા..!

'**જે (અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિટકતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' એ જાણે આ વિકારો મારા, નિકટતાથી ઉત્પન્ન થયેલા અને વેગપૂર્વક વહે વિકાર. એ બધા મારા છે એમ સંયોગવશ થઈને અજ્ઞાની માને છે. આહા..હા..! જ્ઞાનમાં તો દેખાવ આપે છે. જ્ઞાન એનું થાય એ તો જ્ઞાન થાય છે, છતાં એને જ્ઞાનમાં ભિન્નતાનું ભાન નથી એટલે જાણે આ રાગ અને દ્વેષનો સ્વભાવીભાવ એ મારામાં થાય છે. એને વશ પડી ગયો છે એ અનાદિથી. આમ ત્રિકાળ સ્વભાવને વશ નથી. ત્રિકાળી જે ચૈતન્ય સ્વભાવ એનો આનંદ છે એની ખબર નથી. એના વશ હોય તો આને વશ ન હોય અને આને વશ હોય તો એને વશ ન હોય. કહો, સમજાણું કાંઈ? '**અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી...**' આશ્રય એટલે જેમાં સ્ફટિક મૂક્યું હોય તે. એવા '**રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' જાણે સ્ફટિકપાષાણ રંગાઈ ગયેલો હોય, રંગાવાના નિમિત્તમાં નજીક પડેલું છે એથી એનાથી રંગાયેલું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. એમ ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું નૂર-પૂર સ્ફટિક જેવો છે. એને કર્મના નિકટપણાના વેગે પ્રવર્તેલા સ્વભાવભાવ, પુણ્ય-પાપના ભાવ એને વશ થયેલો, જાણે હું આ રાગ અને દ્વેષવાળો છું એમ અજ્ઞાનીને

ભાસે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદવિજ્ઞાન જ્યોતિ અસ્ત પામી ગઈ છે એવો છે,...'** આહા..હા..! એ શુભ અને અશુભ રાગથી જાણે રંગાઈ ગયેલો હું છું. ઓલા સ્ફટિકમણિની જેમ. અત્યંત તિરોભૂત. વસ્તુનો સ્વભાવ તો ઢંકાઈ ગયો એને. એ રાગ જ ભાસે છે. હું રાગ છું, પુણ્ય છું, પાપ છું બસ. વસ્તુ ઢંકાઈ ગઈ. કહો, સમજાણું? કાચા લાકડા હોયને ચૂલામાં બળતા હોય કાચા લાકડા અને અંદર લાપસી રંધાતી હોય. લાપસી સમજ્યા? કંસાર બને છેને. તપેલામાં હોય કંસાર અને હજી તો ઉનું થતું હોય ત્યાં સુધી હલાવે નહિ, પછી હલાવે વળી. નીચે ઓલો ધુમાડો કાચા લાકડાનો. આખા ચૂલાની આસપાસ ધૂમાડો દેખાય. ઓલું લાપસીનું તપેલું એકકોર પડ્યું રહ્યું. દેખાય નહિ. એમ અજ્ઞાનપણે પુણ્ય-પાપના ધુમાડા જ એકલા દેખાય છે કહે છે. ધુમાડાની પાછળ આખો ચૈતન્ય રત્ન પડ્યો છે એ ઢંકાઈ ગયો એને તો. એની એને ખબર નથી. અસ્ત થઈ ગયો એમ કહે છે. અને ભેદવિજ્ઞાન જ્યોતિ અસ્ત થઈ ગઈ. રાગથી જુદો પાડવાની શક્તિ અસ્ત-આંધળી થઈ ગઈ. આહા..હા..! એવો અનાદિનો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧૧, ગુરુવાર, તા. ૧૦-૦૨-૧૯૭૨
## ગાથા-૨૩ થી ૨૫, પ્રવચન-૯૫

૨૩ થી ૨૫ ગાથા. એની ટીકા. **'અપ્રતિબુદ્ધને સમજાવવાનો પ્રયત્ન કરે છે :--'** એ વાત છે. અનાદિથી અજ્ઞાની પોતાના સ્વરૂપનો અજાણ, પરના સ્વરૂપને પોતાનું માને છે. એ મિથ્યાત્વભાવ સંસારના પરિભ્રમણનું કારણ છે. કઈ રીતે કહે છે માને છે. ટીકા. જેમ સ્ફટિકરત્ન છે સ્ફટિક. જે કોઈ ચીજમાં મૂક્યું હોય એની છાંય જાણે એમાં હોય, લાલ, પીળી દેખાય. એથી સ્ફટિકને અજ્ઞાની એવા રંગવાળો જાણે છે. એમ ચૈતન્ય સ્ફટિક ભગવાન આત્મા **'એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના...'** જેમ સ્ફટિકને મૂકેલી ચીજની ઉપાધિ. આને કર્મના નિમિત્તની ઉપાધિ. **'એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના**

**અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા...**' એ વેગમાં ચડ્યો છે એ વિકારના વેગે. જેવું કર્મનું નિમિત્ત આવે તે તરફના લક્ષે વિકારના વેગે ચડ્યો છે. સમજાણું કાંઈ? જેમ સ્ફટિક રત્ન છે. જે ચીજમાં એ મૂકે એવી એમાં છાયા એવી એમાં દેખાય. એથી સ્ફટિકને નહિ જોનાર એને એવા રંગવાળો સ્ફટિક દેખાય છે, પણ સ્ફટિક નિર્મળ છે એમ દેખતો નથી. એમ આ ચૈતન્ય પ્રકાશમય પ્રભુ હીરો, ચૈતન્ય હીરો છે પ્રકાશમય ભગવાન. એને કર્મના નિમિત્તની નિકટતાના સંબંધમાં ક્ષણે ક્ષણે પુણ્ય ને પાપ આદિ, રાગાદિ વિકાર એક પછી એક વેગે ચડેલો ભાવ ઉત્પન્ન થયા કરે છે.

એ '**અસ્વભાવભાવોના સંયોગવશે...**' એ શુભ અને અશુભ વિકલ્પો રાગ, વિભાવ એ અસ્વભાવભાવ છે. પોતાનો સ્વભાવ નથી. એવા '**અસ્વભાવભાવોના સંયોગવશે...**' એ સંયોગી વિકારને વશે થયેલો અનાદિનો છે. સમજાણું કાંઈ? '**જે (અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' સ્ફટિકમણિ રંગાયેલો છે એવું જેમ દેખે એમ અજ્ઞાની પોતાનો સ્વભાવ ભૂલી ગયો છે અનાદિથી. એને પુણ્ય અને પાપના વિચિત્ર રંગવાળા વિકાર એવો એને ભાસે છે. સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ છે. ચૈતન્યના શુદ્ધસ્વભાવ સ્ફટિક જેવું સ્વરૂપ એનું. 'જેમ નિર્મળતા સ્ફટિકતણી તેમ જ જીવસ્વભાવ.' આવે છેને? યશોવિજય. સ્ફટિકરત્ન જેમ નિર્મળ છે એમ ચૈતન્ય ભગવાન જ્ઞાન અને આનંદથી નિર્મળ છે. ચૈતન્યના સ્વભાવને જોવે તો એ તો નિર્મળ આનંદમય છે. પણ એ સ્વભાવને અનાદિથી ન જોતાં જે અંદરમાં શુભ અને અશુભના વિકારી ભાવો અસંખ્ય પ્રકારના એ રંગાયેલા સ્ફટિકની પેઠે એ વિકારીભાવને જ એ અજ્ઞાની ભાળે છે. વિકારની પાછળ ત્રિકાળી ચિદાનંદ સ્વભાવને એ જોતો નથી. સમજણું કાંઈ?

'**અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી...**' આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનો નૂર એ પુણ્ય-પાપના ભાવના વશે થયેલાને સ્વભાવભાવ દેખાતો નથી. પૈસાબૈસાનું તો ક્યાંય રહી ગયું એ તો.

મુમુક્ષુ :- એ તો દેખાય છે. આ દેખાતું નથી.

ઉત્તર :- એ પણ દેખાતું નથી. પૈસા વખતે જાણે છે એ તો જ્ઞાનની પર્યાય છે. અહીંયાં તો કહે છે કે ભગવાન આત્માને કેમ નથી જાણતો અનાદિથી? મૂઢ થયેલો ચૈતન્યના સ્વભાવને ઢાંકી દીધો. પુણ્ય-પાપના ભાવના .. આગળ આનંદમૂર્તિ જ્ઞાનના પ્રકાશનો પૂંજ પ્રભુ તિરોભૂત થઈ ગયો. ઢંકાઈ ગયો છે. કહો, સમજાણું કાંઈ? જૈનનો સાધુ થાય, નગ્ન દિગંબર થાય, તોપણ એ પુણ્ય-પાપના વિકલ્પની લાગણીને વશ થયેલો છે. સમજાણું કાંઈ? એવા સ્વભાવભાવના '**પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ...**' આહા..હા..! એ પુણ્ય-પાપના રાગ એનાથી ભિન્ન ચૈતન્ય જ્યોતિ છે. એને જુદા પાડવાની

શક્તિ આમ અસ્ત થઈ ગઈ છે. કહો, સમજાણું કાંઈ? ઘઉં અને કાંકરા જેમ જુદાં છે એમ એ પુણ્ય અને પાપના ભાવ કાંકરા અને ચૈતન્ય ભગવાન એકલો ઘઉં રત્ન સમાન. બેને જુદા પાડવાની શક્તિ જેને આથમી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ...**' એમ કીધું છે. પુણ્ય-પાપનો રાગ એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ વિકલ્પને જ ભાળે છે. એ આત્મા અજ્ઞાની અનાદિથી વિકલ્પવાળો ભાળે છે. એ એનું મિથ્યાત્વપણું, અજ્ઞાનપણું છે. કહો, સમજાય છે કાંઈ?

'**અને મહા અજ્ઞાનથી જેનું હૃદય...**' એવો ભગવાન ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ રાગની આડમાં ઢંકાઈ ગયો એને. આહા..હા..! એને રાગ જ ભાળે છે. રાગ વિનાનો સ્વભાવ જેને આત્મા કહીએ એને એ જોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**મહા અજ્ઞાનથી જેનું હૃદય...**' એટલે જ્ઞાન '**પોતે પોતાથી જ વિમોહિત છે--**' જુઓ. કર્મને લઈને એ મિથ્યાત્વભાવ છે, રાગને પોતાનો માને છે એ કર્મને લઈને છે એમ નથી. '**પોતે પોતાથી જ...**' કથંચિત્ કર્મથી અને કથંચિત્ પોતાથી એમ રાખે તો? કારણ કે એવું કહ્યું છેને ઓલામાં નહિ? દીકરો એ માતા-પિતાનો એકનો એક દીકરો હોય. બે ભેગા થઈને. એવું આવે છે. માટે વિકાર એકલા જીવનો નહિ, વિકાર એકલા કર્મનો પણ નહિ. એવું આવે છે. એ મૂકે છે મોઢા આગળ. એ તો નિમિત્તપણાનું જ્ઞાન સાથે કરાવાની વાત છે. આહા..હા..! બાકી તો પોતાનો ભાવ ભૂલેલો એ પોતાને કારણે છે. સમજાણું કાંઈ? 'અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા.' પોતાની જાત અંદર ચૈતન્ય આનંદ એને આત્મા કહીએ. એવા અસ્વભાવભાવને અસ્વભાવભાવને વશ થયેલો, તાબે થઈ ગયો એ પુણ્ય-પાપના રાગને આધિન. એને આ સ્વભાવભાવ તિરોભાવ ઢંકાઈ ગયો છે. એને ઢંકાઈ ગયો છેને. છે તો છે. સમજાણું કાંઈ? જુઓ આ મૂળમાં ભૂલ. બીડીયુંવાળા, મોટરવાળા એમ નથી લીધું આમાં. એ જ મોટર હાથી હતા લ્યોને. હાથી અને ઘોડા તો હતાને પહેલાં? હાથી-ઘોડામાં .. એમ અહીં તો વાત જ નથી. અહીંયાં તો અંદર પુણ્ય-પાપના વિકાર, કર્મના નિમિત્તની નિકટતાના સંબંધમાં જોડાવાથી વેગપૂર્વક પ્રવાહ વહે છે વિકારનો કહે છે. એને પોતાનું માનતો અસ્વભાવભાવને વશે થયેલો સ્વભાવભાવ જેને ઢંકાઈ ગયો છે. આહા..હા..! ભગવાન એકકોર પડ્યો રહ્યો. ઓલો જે પામર વિકારીદશા એને પોતાની એકતાપણે માની. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બાયડ્યું, છોકરા, શરીર, એ તો ક્યાંય પર રહ્યા એ ક્યાં અંદર ગરી જાય છે એની પાસે? એ એના છે ક્યાં? નહિ? આ તો એના કરીને માન્યા એ વિકારને એના કરીને માન્યા છે. આહા..હા..! એ માન્યતામાં એ કરી શકે છે એમ કહે છે. છેને? '**પોતે પોતાથી જ વિમોહિત છે--**' મૂઢ થઈ ગયો છે. આહા..હા..!

કાલે દાખલો આપ્યો હતોને. શેનો આપ્યો હતો દાખલો? લાપસીનો નહિ આપ્યો? ધુમાડો.

લાપસી રાંધતા હોયને આ બૈરા લાપસી. એમાં લાકડા હોય કાચા. કાચા લાકડા. ધુમાડો બહુ થાય છે. આખો ચૂલો જે છે, ચૂલા ઉપર તપેલી હોય અને એમાં લાપસી રંધાતી હોય. ઓલા કાચા લાકડાના ધુમાડાને લઈને આમ ચારેકોરથી જોવે તો તપેલી અને લાપસી તો છે જ નહિ. આ જ છે ધુમાડો. એમ અનાદિ અજ્ઞાનીને ચારે બાજુથી કર્મના નિકટના સંબંધમાં ધુમાડા ઊભા થાય છે, પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ વિકારીભાવ. ભારે વાતભાઈ! એમાં ઢંકાઈ ગયો, એમાં થંભાઈ ગયો અને શોભા રોકાઈ ગઈ. આહા..હા..! કહો, વસંતીલાલજી! આવી ભૂલ. આહા..હા..! મહામિથ્યાત્વની મોટી ભૂલ. કષાયખાના કરતા મિથ્યાત્વનું મહાપાપ છે. એ લોકોને આવા પાપની નીચતા અથવા એની કેટલી હલકાઈ છે એની ખબર નથી. આમાં કોને માર્યો? પોતાને માર્યો. પોતે શુદ્ધ ચૈતન્યઘન અનાદિ અનંત વસ્તુ છે એને ન માનતા એનાથી અસ્વભાવ વિરૂદ્ધભાવ એને પોતાના માન્યા એ આત્માની હિંસા કરી. ધીરૂભાઈ! આનું નામ હિંસા છે હોં! બહારની વાતું કોણ જાણે... કહો, મૂળચંદભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- અહિંસો પરમો ધર્મ.

ઉત્તર :- આ અહિંસા પરમો ધર્મ. રાગની ઉત્પત્તિ ન થાય સ્વભાવની દૃષ્ટિ કરે તો, જેમાંથી વીતરાગી આનંદની ઉત્પત્તિ થાય એનું નામ અહિંસા પરમો ધર્મ એને કહે છે. આહા..હા..! રાગનો ભાવ ઉત્પન્ન થાય ચાહે તો દયા, દાન, વ્રતાદિનો. પણ એમાં પોતાપણું માની અને સ્વભાવને ભૂલી ગયો એ. આ જ મહામિથ્યાત્વ અને વિમોહિત મૂઢદશા છે. આહા..હા..! કહો, પ્રકાશદાસજી! આ પ્રકાશ જ ઢાંકી દીધો એમ કહે છે. ચૈતન્ય પ્રકાશનું પૂર છે. ચૈતન્યનો પ્રકાશનું નૂર છે ભગવાન. એકલો ચૈતન્ય પ્રકાશથી ભરેલો ભગવાન, એને કર્મના નિકટના સંબંધમાં પુણ્ય-પાપનો અંધકાર એને વશ થયો, પર્યાયબુદ્ધિથી એમ કહે છે. જુઓ એની બુદ્ધિ પર્યાયબુદ્ધિ એટલે વિકારબુદ્ધિ થઈ. વિકારબુદ્ધિમાં સ્વભાવભાવને એણે ઢાંકી દીધો. એ જ હિંસા. પોતાનું જીવન શુદ્ધ નિર્મળ વસ્તુ અસ્તિ છે એને ન માનતા રાગને પોતાનો માન્યો એ પોતાના અસ્તિત્વના શુદ્ધભાવનો નકાર છે એ જ હિંસા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતે પોતાથી જ...**' એમ શબ્દ છે. '**स्वयमज्ञानेन**' એમ છેને એ? '**स्वयमज्ञानेन**' એમ. '**विमोहितहृदयो भेदमकृत्वा**' આહા..હા..! ઘઉં અને દાણા બે ભેગા. ઘઉં અને કાંકરા. માણસો તો એમ કહેને કે શું વીણો છો? ઘઉં વીણીએ છીએ એમ બોલેને? ઘઉં વીણે છે? ઘઉં વીણે તો લાખો ઘઉં હોય, તો વીણે તો પાર ન આવે. કાંકરા વીણે, અંદર ઓલા કાંકરા હોયને. પૂછે તો એમ બોલે મારા. શું કરો છો? ઘઉં વીણીએ છીએ. કાંકરા વીણે છે એમ કહેને.

મુમુક્ષુ :- કયા અનાજમાંથી વીણે છે એ ખબર ન પડે. એટલે ઘઉંનું નામ આપ્યું.

ઉત્તર :- એમ. બરાબર છે પણ એ ઘઉંનો ક્યાં ઘઉં વીણતો હતો? કાંકરા વીણે છે. એમ આત્મા આત્માને ક્યાં જાણે છે એ? પુણ્ય-પાપના કાંકરાને આત્મા જાણે છે. આહા..હા..! ભાઈ! એ પુદ્ગલ છે ખરેખર તો એમ કહે છે. કર્મના નિમિત્તથી થયેલી પોતામાં પોતાને કારણે પુણ્ય-પાપની ઉપાધિનો ભાવ ખરેખર ચૈતન્યથી વિરૂદ્ધ અસ્વભાવભાવ પુદ્ગલ છે. એ જેનું '**મહા અજ્ઞાનથી...**' પાછો શબ્દ આમ વાપર્યો છેને? આહા..હા..! મહત્તા. આહા..હા..! મહત્તા શબ્દ પડ્યો છે ત્રીજી લીટી. '**ज्योतिर्महता स्वयमज्ञानेन**' એ. .. આહા..હા..! રાખવો જોઈએ આત્મા એને ઠેકાણે રાખ્યો પુણ્ય-પાપનો અંધકાર રાગ. મહાજ્ઞાન એને ચૈતન્યમાં સ્વરૂપ શું છે? હું ક્યા સ્વરૂપે, સ્વભાવે છું? એની એને ખબર નથી. આહા..હા..! અહીં તો હજી જરી દુકાન સરખી ચાલે, પૈસા આ થાય કે આ મારા, આ મારા, આ મારા. એ તો મૂઢ મોટો છે કહે.

મુમુક્ષુ :- પાછો મોટો શું કરવા કીધો એને?

ઉત્તર :- આ મોટો આને મોટો કીધો, એથી તો ઓલો મોટો મહા મૂઢ છે. મહા એટલે મોટો. આહા..હા..! ભારે ભાઈ! દુનિયામાં જેની કિંમત ટંકાઈ. પાંચ-પચ્ચીસ લાખ પેદા કરતો હોવો જોઈએ. અહીં કહે છે કે મૂર્ખ છું હું તો.

મુમુક્ષુ :- ત્યાગી પુરુષો તો એમ જ કહેને.

ઉત્તર :- ત્યાગી નહિ વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..! ભગવાન જ્ઞાનનો સ્વભાવથી ભરેલો, ચૈતન્યના પ્રકાશનું પૂર એને પોતાના સન્મુખ થઈને ન જાણતાં, એનાથી વિરૂદ્ધ પુણ્ય અને પાપના ભાવમાં પોતાપણે માની, પોતાના અજ્ઞાનથી, પોતે પોતાથી મૂઢ થઈ ગયો છે. લ્યો! જુઓ આમાં કર્મને લઈને છે અને દર્શનમોહને લઈને અજ્ઞાન છે એમ નહિ. તમારે ત્યાં આમ છેને. કર્મને લઈને છે એમ માનો. એમ કહેતા નથી? એ શર્ત પહેલી હતી. કર્મને લઈને આત્મા રખડે છે એ પહેલું માનો તો આપણે ચર્ચા કરીએ કહે. આહા..હા..! લ્યો આ મોટા એમના ગુરુ હતા. એમની સાથે ચર્ચા એને કરવી હતી. તો એ કહે કે ભાઈ જુઓ પહેલો બોલ એ કરો શર્ત. કે કર્મને લઈને આ થાય રખડે છે એ કબુલ છે તમારે? પછી આપણે ચર્ચા કરીએ. આ કહે અમને કબુલ નથી. ભાઈ! ગજબ કર્યા છેને પણ? શેઠ! પોતે પોતાને ભૂલ્યો તો કહે કર્મે મને ભૂલાવ્યો. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છેને. સ્તુતિમાં આવે છે. આહા..હા..! 'અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાયી' કર્મે અમને રાજા કર્મે રંક. કર્મે હેરાન કર્યા અમને. લ્યો! સમજાણું કાંઈ? જૂના માણસે હેરાન કર્યા, નવા માણસે હેરાન કર્યા, બધા હેરાન કર્યા મને કહે. રામજીભાઈ કહે ભાઈ બધાને હેરાન કર્યા હવે તું તો કર આક્ષેપ નાખે છે. એય..! વજુભાઈ! આહા..હા..! ભારે ભાઈ!

એકકોર ચૈતન્ય જ્ઞાન આનંદનો ઢગલો પોતે છે અને એક બાજુ કર્મના નિમિત્તથી થયેલી

ઉપાધિનો વિકારીભાવ. હવે એ વિકારીભાવ અજ્ઞાનપણે પોતાના ભાન વિના એને પોતાના માનીને રઝળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**એવો અપ્રતિબુદ્ધ જીવ...**' એવો અજ્ઞાની અપ્રતિબુદ્ધ જીવ '**સ્વપરનો ભેદ નહિ કરીને...**' આહા..હા..! એ રાગના પરિણામ અને આત્માના જ્ઞાનાનંદ સ્વભાવ બેની જુદાઈ નહિ કરીને. સમજાણું કાંઈ? '**પેલા અસ્વભાવભાવોને જ...**' જુઓ, પહેલા એટલે ઓલા એમ. '**અસ્વભાવભાવોને જ...**' એ શુભ અને અશુભ રાગ, પુણ્ય અને પાપનો વિકાર એને જ. '**(પોતાના સ્વભાવ નથી એવા વિભાવોને જ)...**' પોતાના કરતો. છે તો અસ્તિત્વ. છે જીવ-અજીવનું અસ્તિત્વ. પણ એ જીવમાં રાગને પોતાના કરતો. એટલે પોતાના અસ્તિત્વમાં નથી તેને અસ્તિત્વમાં માનતો. એમ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું આ.

ભગવાન આત્મા ચૈતન્યપૂંજ પ્રભુ એમાં એ રાગનો વિકલ્પ છે નહિ. છતાં એના અસ્તિત્વમાં રાગ જ છે એમ પોતે રાગને કરતો એટલે રાગપણે હું છું એમ માનતો. '**પુદ્ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે.**' આહા..હા..! બહુ સરસ અધિકાર છે. કેમકે ચૈતન્ય આનંદ અને જ્ઞાનનો સ્વભાવ એનો જ્યાં અનુભવ નથી. એનું જ્યાં અંદરમાં તીક્ષ્ણબુદ્ધિથી ભેદજ્ઞાન કરીને એનો પત્તો લીધો નથી. ભેદજ્ઞાનજ્યોતિ અસ્ત થઈ ગઈ છેને? એને એ રાગ તે પુદ્ગલ છે ખરેખર. જે ભાવે સર્વાર્થસિદ્ધનો ભવ મળે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્ગલ છે. નવનીતભાઈ! આહા..હા..! પરદ્રવ્ય છે એ. અરે ભગવાન! શાંતિથી જોતો ખરો. એકતા. એ રાગ છે એ પુદ્ગલ છે. એમ કહ્યુંને જુઓને. '**પુદ્ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે.**' એ રાગ મારો છે એમ અનુભવે એ પુદ્ગલને અનુભવે છે. સમજાણું કાંઈ? આત્માને અનુભવતો નથી. આહા..હા..! ભારે ભાઈ ભૂલ આવી. આ રાગને પોતાનો માનીને વેદવું, અનુભવવું એ જ મોટી મૂઢતા, હવે એની પાપની તો એને કિંમત નથી. બહારનો આ પરિગ્રહ છોડો, બાયડી છોડો, છોકરા છોડો, છૂટી ગયા. ધૂળેય છોડ્યું નથી સાંભળને. એય..! મૂળચંદભાઈ! પણ પોતે કરી શકે નહિ શેઠિયા ત્યાગ એટલે ત્યાગ બીજાનો દેખે એટલે જય મહારાજ. આહા..હા..! બહુ ત્યાગ કર્યો છે. એય..!

મુમુક્ષુ :- ત્યાગ દેખાય છેને.

ઉત્તર :- શું દેખાય છે? કાંઈ દેખાતું નથી. એ તો એનો આત્મા આત્મામાં છે અને રાગને પોતાનો માને એ માન્યતામાં છે. બહારનો ત્યાગ છે એ તો વસ્તુ તો એમાં નહોતી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્ગલદ્રવ્યને 'આ મારું છે'...**' જુઓ, આ. એમ કીધુંને આ. એ રાગ આ એ મારું છે. એ રાગ વિનાની ચીજ એને તો ઢંકાઈ ગઈ છે અંદર. ભાન છે નહિ. એ દાખલાનો ખુલાસો કરે છે હવે. દાખલો આવ્યો હતોને અંદર. '**(જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના**

**વર્ણની...'** એટલે રંગ એની '**નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે, સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી તેવી રીતે અપ્રતિબુદ્ધને...**' નહિ તત્ત્વને સમજેલા એને '**કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધસ્વભાવ...**' રાગાદિની ઉપાધિથી શુદ્ધસ્વભાવ આચ્છાદિત થયેલો છે. એને દેખાતો નથી. રાગના સ્વભાવને આધિન થયેલાને શુદ્ધસ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે એથી એને દેખાતો નથી. આ કારણે દેખાતો નથી એમ કહે છે. જ્ઞાનના વિકલ્પમાં હજી અંધકાર અજ્ઞાન છે. એને તાબે થયેલાને આત્મસ્વભાવ જણાતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પાળતો હોય, નગ્નપણું હોય.

મુમુક્ષુ :- નગ્ન તો શરીર છે.

ઉત્તર :- શરીર પણ એમ કે આ બધું છોડ્યુંને. વસ્ત્ર છોડ્યા આ ટાઢમાં. છોડે ગ્રહણ-ત્યાગ છે જ ક્યાં એની ચીજમાં? ફક્ત રાગને પોતાનું માને એવી ઉંધી માન્યતાની યોગ્યતા છે. પણ પરને પોતાનું રાખે અને પાળે એવું કાંઈ એનામાં છે નહિ. આહા..હા..!

'**તેવી રીતે અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે--**' રાગના ભાવમાં પરવસ્તુ અહીં લીધી નથી. અહીં તો ફક્ત કર્મના નિમિત્તની નિકટતાથી થતાં વિકારીભાવ એના સ્વભાવથી, એનો સ્વભાવ એમાં ઢંકાઈ ગયો. એથી વિકારને દેખનારા સ્વભાવને દેખતા નથી. લ્યો આ તો પણ સમજણ અને દેખવા ઉપર આખી વાત છે. '**તેથી પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે.**' જે વસ્તુ જે રીતે છે ચૈતન્ય પ્રકાશની મૂર્તિ એ રીતે ખ્યાલમાં, અનુભવમાં જ્ઞાનમાં આવ્યો નહિ. તો ક્યાંક પોતાપણે માનવું તો પડશેને. તો રાગમાં પોતે છું એમ માને છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે...**' હવે સમજાવામાં આવે એ નક્કી કર્યું કે આ રીતે અપ્રતિબુદ્ધ થયો. આહા..હા..! બહારથી મુંડાવીને બેસે, બાયડી, છોકરા છોડીને બેસે, એ તો છૂટેલા જ હતા. મુંડાવીને જડને આમાં વાળબાળ તોડે એમાં જડનું એમાં આત્માને શું? અંદર આલોચન કર્યું નહિ. રાગથી ભિન્ન પાડવાનું આલોચન કર્યું નહિ. એ લોચ કરતા તો આવડ્યો નહિ.

મુમુક્ષુ :- બહારમાં..

ઉત્તર :- બસ એ જ કીધુંને. તમે કરી શકો નહિ એટલે દેખાય કે ઓહો..હો..! .. ખેંચે ત્યારે ઓલા ભાવ ભેગા થાય. આઠ-દસ હજાર માણસો. આહા..હા..! શું સહન કરે છે કસોટી? બુદ્ધિ વિનાના બાવા થયા, ભવસાગરમાં બૂડી મુઆ એમ છે એમાં. સમજાણું કાંઈ? આહા..હા..! જેને રાગમાં પોતાપણે માન્યતા એને રાગથી ભિન્ન પાડવાની શક્તિ તો અસ્ત થઈ ગઈ છે. આહા..હા..! એટલે કે ભેદજ્ઞાન નથી. રાગથી એકપણાનું અભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાન અને આ ભેદનું જ્ઞાન. ત્રિકાળ અભેદ ચૈતન્યમૂર્તિ એકરૂપ. .. સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્રના ભેદ નહિ. એવું અભેદ એની જે દૃષ્ટિ એનું નામ સમ્યક્. સમજાણું કાંઈ? અને આની સાથે અભેદતા. રાગની સાથે અભેદતા. ચૈતન્યના પ્રકાશને રાગના અંધકાર સાથે અભેદતા. એ મિથ્યાત્વ છે. આહા..હા..! આ તો બધા ઘણા કહેવાય મારા. બાયડી મારા, છોકરા મારા, પૈસા મારા, આબરૂ મારી, હજીરા મારા. હજીરા મકાન મોટા. કેટલા મારા એને.

મુમુક્ષુ :- ધંધાની આબરૂ હોય એને અંગ્રેજીમાં ગુડવીલ કહે, એના પૈસા મુંબઈમાં ઢગલાબંધ આવે.

ઉત્તર :- આવે. ધૂળમાં આવે એમાં શું? મૂર્ખ છે મોટા. શેઠ અહીં તો એવું છે. હુતાસણી સળગે છે લ્યો. આહા..હા..! હુતાસણી સમજો છો? આ હોળી નથી હોતી? હુતાસણી-અગ્નિ. હોળી ઉતાસણી. હોળી કહે છે. આ આવી થોડા દિ' રહ્યાને. આહા..હા..! કહે છે એવો જે અપ્રતિબુદ્ધિ પહેલા નક્કી કર્યો કે અપ્રતિબુદ્ધિનું સ્વરૂપ શું? અને અપ્રતિબુદ્ધ કેમ થયો છે?

મુમુક્ષુ :- કેમકે .. એના સમજાવ્યા, બીજા..

ઉત્તર :- કોને? એ તો કર્મને સમજાવું? કર્મને લઈને ભૂલ્યો છે માટે કર્મને સમજાવ. ભાઈસાહેબ ખસી જા તું. આ તે એને સમજાવે અપ્રતિબુદ્ધ. અને બીજી રીતે કોઈ કહે આ સમયસાર પણ મોટા છઠ્ઠા ગુણસ્થાનવાળા અને ઓલા માટે છે. પણ એ તો અપ્રતિબુદ્ધને સમજાવે છે. આવો માન્યતાવાળો એને સમજાવે છે અહીં તો. પોતે સમયસાર તો મુનિને માટે હોય, એ ત્યાગી હોય .. હોય. ઓલામાં આવ્યું નહોતું તમારે? સમ્યગ્જ્ઞાન અનુભવમાં. પાંચમા ગુણસ્થાન. રાતે વાંચતા હતાને. સ્વાનુભવન મનન. એમાં આવ્યું હતું. ઓલું છે કે નહિ? એમ કે આવી તપસ્યા હોય ફલાણું હોય, ફલાણું હોય પછી એનું..

મુમુક્ષુ :- શરૂઆતમાં પેરેગ્રાફ હતો.

ઉત્તર :- પહેલામાં હતો. એમ નથી. સમયસારની પહેલા શરૂઆતમાં જ મૂક્યું. કોઈ કહે કે ભાઈ આને માટે આમ છે-આમ છે. એમ નથી. આ તો અપ્રતિબુદ્ધ અજ્ઞાની રાગને અનાદિથી પોતાનો માને છે એવા અપ્રતિબુદ્ધને આ સમયસાર સમજાવવામાં આવે છે. આહા..હા..! . સમયસારમાં એનું માથુ ન કરેને. હાય. હાય. પહેલેથી.. આ અમે ત્યાગ કરીએ એ ત્યાગમાં પણ કાંઈ ફળ નહિ? બરાબર છે, ફળ નથી. મિથ્યાત્વ છે એના ફળ છે મિથ્યાત્વનું. એ રાગની એકતાથી પરિણમી ગયો એ એને ઠેકાણે પરને છૂટા કર્યા એ મેં છોડ્યા. છૂટા છે એને છોડ્યા. એ તો મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. આહા..હા..! શું કરું ભાઈ!

**'એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કે :--એ દુરાત્મન્!'** લ્યો! એક ઠેકાણે ભગવાન આત્મા એમ કહે છે. ૭૨ ગાથામાં એમ કહે છે. **'એ દુરાત્મન્!'** અરે! તારી જાતને ભૂલેલો. આહા..હા..! ભગવાન અમૃતનો સાગર ભગવાન પોતે છે. એને ભૂલીને

રાગને ઝેરને પોતાના તે માન્યા છે. આહા..હા..! '**એ દુરાત્મન્!**' ઉંધે પડખે ચડી ગયો એવો અહીંયાં દુરાત્મા કહેવામાં આવે છે. '**આત્માનો ઘાત કરનાર!**' લ્યો! આત્માનો ઘાત થાતો હશે? છેને? '**आत्मपंसन्**' '**पंसन्**' ઘાત. હલકો. '**पंसन्**' બે શબ્દ છેને? '**रे दुरात्मन्, आत्मपंसन्**' હલકો આત્મા. આણે તો આમ અર્થ કર્યો છે. ઘાત કરનારા. ..નો અર્થ ઘાત કરનારા થાય છે. દુરાત્મન તો એક આનો અર્થ થયો. '**आत्मपंसन्**' શું છે સંસ્કૃત? નષ્ટ કરનારા. નષ્ટ કરનારા. '**आत्मपंसन्, जहीहि जहीहि**' એમ કહે છે. આહા..હા..! આત્માને રાગવાળો માનનારા હે અજ્ઞાની! એમ કહે છે. હવે તારો સ્વભાવ છે એનો તો ઘાત કરનાર છો તું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

પરનો ઘાત કરી શકે એમ નથી. પરજીવની હિંસા કરે, પરની દયા પાળે એ આત્મામાં તાકાત નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! તું તારી દયા પાળી શકે અને તું તારો ઘાત કરી શકે એ તારો છે. આહા..હા..! ભારે .. જ્ઞાન ભાઈ આ. ઓલા તો અહિંસા પરમો ધર્મ, અહિંસાં સંયમો.. સમયં.. અમારે હિરાજીમહારાજ કહેતા ભગવાન અહિંસા સમયંતે. કોઈ જીવને ન મારવો એ અહિંસા સારા સિદ્ધાંતનો સાર છે. અહીં કહે છે કે એ સાર નહિ. તારા સિદ્ધાંતનો સાર રાગને સ્વભાવને ભિન્ન કરીને આત્માના સ્વભાવને જાણવો, માનવો એ અહિંસા સમયનો સિદ્ધાંતનો સાર છે. એ ધર્મ છે. આત્માનું કરવું એ કાર્ય અને એ ધર્મ. આહા..હા..! ભારે એક તો બેસવું કઠણ માંડ માંડ. ઓલા સંસારના કામમાં ઘૂસાઈ ગયો ૨૪ કલાક. એમાં એક કલાક માંડ મળે એમાં મળે આવું પાછું બીજું. ઓલા તો કહે પરોપકાર કરો, આપણે મંડળ બાંધો. એકબીજાને સહાય થાવ. કાર્યકર્તા મોટો લ્યો આવ્યું છે ઓલામાં. પાંચ હજાર કરો સભ્યો થઈ જાવ. પછી એમાંથી .. આહા..હા..! ઓલામાં એવું આવ્યું છે. મોટા દસ.. બંગલામાં. દસ જણા પત્રકાર હતા. પત્રકાર લખવા ગયા તો એને મારી નાખ્યા કહે. એવું આવ્યું. દસ જણા બિચારા પત્રકાર હોં! જુઓ શું છે? બંગલાદેશ. આહા..હા..! અરેરે! ક્યાં જાવું છે તારે બાપા! આહા..હા..! કોના દેશ અને કોના પરદેશ? ભગવાન આત્મા કહે છે કે પોતાની જાતને ભૂલેલો સ્વભાવભાવથી ખસી ગયેલો. સંસાર સંસરણં એવા પુણ્ય-પાપના ભાવમાં આવી ગયેલો એને કહે છે કે '**એ દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર!**' છો. છતી ચીજને તે અછતી કરી છે અને અછતી વિકાર એમાં નથી તેને છતો કરીને માન્યો છે. આહા..હા..! ઝીણું પડે બહુ ભારે માણસને. ઓલો તો બસ સેવા કરો, દેશની સેવા કરો, કેટલા દેશને માટે તૈયાર થયા છે બલિદાન દેવા. સંયુક્ત થવા શું કહેવાય એ? શહીદ થવા. એ તમારો કીર્તિસ્તંભ થશે. લ્યો! છેને જયપુરમાં. જયપુર જોયું છે? આવ્યા હતા તમે? એક છે. આ ફેરી નથી આવ્યા નહિ? આ ફેરી આવ્યા હતા? પોર. તે દિ' ચાર વર્ષ. છેને એક મોટો સ્તંભ નહિ? વચમાં. એનો .. પછી .. કરીને. પોલીસ

.. મોટા જોયા છેને? આપણે રસ્તામાં જાતા. મોટો જે માણસ છે એનો છોકરો ઓલા પોલીસને વાગ્યુ છેને બહુ. આમ પડ્યો છે એક પોલીસ. સ્તંભ. જયપુર. જયપુર. જયપુરમાં. આમ .. આ થયું. એવા સ્તંભ ઉપર ફોટા મૂક્યા. પૂતળા મૂક્યા. આમ જુઓ કીર્તિસ્તંભ એને માટે થયા લ્યો! હવે ક્યાં સુધી હજારો વર્ષ રહેશે.

મુમુક્ષુ :- પછી તો ભૂલાઈ જશેને?

ઉત્તર :- એ તો ભૂલીને ક્યાંય વયો ગયો બિચારો. નરકમાં ગયો હશે. આહા..હા..! એના થાંભલા રોપ્યા કે કાળા બધા. કાળા પત્થરના કર્યા. અમારે રસ્તો જ એ એના ઘરે જવાનો, વ્યાખ્યાનમાં જવાનો. સવારમાં જતા આવતા, બપોરે જતા આવતા એજ આવે. રાતે પણ એ આવે. બરાબર રસ્તામાં એ. આહા..હા..! હજારો વર્ષ પણ યાદગીરી તો રહે. કોની પણ? પથરાની. બીજું શું છે? આહા..હા..! અને દેશ માટે લડે એને તો ત્યાં ઇન્દ્રાણીઓ વરે એમ કહે પાછા. દેવીયું વરે.

મુમુક્ષુ :- .. હાર નાખે.

ઉત્તર :- હાર નાખે. ગાંડા તે પણ કાંઈ.

**'એ દુરાત્મન્!'** રાગને પોતાનો માનનાર દેશ તો ક્યાંય રહી ગયો. આહા..હા..! ભારે આ તો ભાઈ! કુટુંબને પોષે, ઝાઝા પૈસા થાય લ્યો. એક જણાને પૈસા ઠીક થયા તો એટલે પછી બધા કુટુંબને આપ્યા થોડા-થોડા. એક એક કુટુંબને. દીકરીયું, ભાણેજ એના જમાય બધાને કોઈને પાંચ હજાર, કોઈને દસ હજાર. વઢવાણ. શું કહેવાય એ? દેરાવાસી. જીવણ. જીવણ.. બધા કુટુંબને, ભાઈઓને, દીકરીયુંને, એના જમાઈને. બધાને કોઈને પાંચ હજાર, કોઈને દસ હજાર, ઘરના માણસો સગાવ્હાલાને બધા. કેવા પુણ્યશાળી છે બધા! અહીં એક આવ્યો હતો ને એનો. દૂધનું નહોતું કરતો? છાશનું કરતો હતો. આ મકાન છેને. વાડીભાઈના. વાડીલાલ ચત્રભુજના. ત્યાં કરતો હતો એ. મને પણ દસ હજાર રૂપિયા આપ્યા હતા. મારે ઘરે .. છે. બધા બેઠા હતા. કેવું કહેવાય પણ? આહા..હા..! કર્મી જાગ્યો છે આપણા ઘરકુટુંબમાં.

મુમુક્ષુ :- રતન-રતન જાગ્યું છે.

ઉત્તર :- રતન જાગ્યું છે. પથરો જાગ્યો છે. આહા..હા..! અરેરે! ભગવાન! એમ કહે છે **'એ દુરાત્મન્!'** તારી જાતને ન જાણતા, જાત ઉપર કલંક લાગેલા વિકારને પોતાનો માનનારો હે દુરાત્મન્! આહા..હા..! ભગવાન આત્માની હયાતી સત્તા ચૈતન્યની, એનો નકાર કરનાર અને વિકારનો હકાર કરનાર આત્માનો ઘાતી છો. આહા..હા..! એ એને સૂઝ પડતી નથી. આહા..હા..! ક્યાંક પણ સુખબુદ્ધિ આવી, રાગના ભાગમાં વિષયમાં, આબરૂમાં, કીર્તિમાં, પૈસામાં ક્યાંક પણ ઠીક બુદ્ધિ આવી આત્મઘાતિ છે. સુખસ્વરૂપી ભગવાન આત્માને એણે હણી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો

સ્વભાવવાળો. એને ક્યાંય આનંદની લહેર વીર્યની ઉલ્લસિત વીર્યમાં. આહા..હા..! એ વિષયમાં, આબરૂમાં, કીર્તિમાં, મકાનમાં ક્યાંય પણ પોતાનું નામ વાંચે. એ ભાઈ તો બહુ આવા છે. ત્યાં ખુશી થઈ જાય અંદર. આહા..હા..! કહે છે કે એ ખુશીપણું પરમાં તે માન્યું એ પુદ્ગલનો અનુભવ કરનાર છે હોં! આત્માના આનંદનો ઘાત કરનાર છે હોં! આહા..હા..! ભારે કામ ભાઈ! મવાણી! ભારે આવો વીતરાગનો ધર્મ. આહા..હા..!

**'અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કે :--એ દુરાત્મન્! આત્માનો ઘાત કરનારા! જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે...'** દાખલો આપે છે. હાથીને ઘાસ નાખ્યું હોય અને એની સાથે ચુરમુ નાખ્યુ હોય ચુરમુ. એ ચુરમાને તરણાસહિત ખાઈ જાય છે. પડછા આવેને મોટા મોટા? એ પડછામાં ઓલા ચુરમાના લાડવાનું ચુરમું હોય ને વાળી.. એને પાછો લાડવો જરી ભૂક્કો થઈ જાય. ઓલા પડછા હોયને આવડા મોટા પડછા. ઘાસના આવડા પડછા પડછા છૂટા નાખીને. એમાં ભેગું કરે. જેમ આપણે હાથથી આમ .. એમ .. પડછામાં નાખીને. .. લેવું છેને. આહા..હા..! અરેરે!

**'પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ...'** હાથીને બધા ગણ્યાને? આહા..હા..! **'સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે...'** તરણાસહિત અનુભવે છે. **'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.'** એ આવ્યુને? **'जहीहि' 'जहीहि जहीहि'** બે વાર આવ્યું. એવા વિષ્ટાના ખોરાકને ખાતા છોડને પ્રભુ હવે. આહા..હા..! ચૈતન્ય સ્વભાવ તારો આનંદથી ભરેલો. ભર્યા ભાણે ન ચાટતા આ એંઠા ચાટવા જા છો? હવે તો છોડ, હવે તો છોડ, એમ કહે છે. કહો, આ ધર્મ કરવાની રીત કહે છે. આહા..હા..! એ રાગ અને પુણ્ય-પાપના ભાવને પોતાના માનવા છોડ એનું નામ ધર્મ છે. કહો, પ્રકાશદાસજી! આવો ધર્મ ભારે! ઓલા કહે વ્રત પાળો, વ્રત લ્યો, મુંડાવાની તૈયારી હતી. હવે રહી ગયા વળી.

મુમુક્ષુ :- લૂંટાઈ જાત.

ઉત્તર :- લૂંટાઈ જાત. આહા..હા..! આ વિકલ્પ છે એ વ્રતનો વિકલ્પ એ રાગ છે અને રાગ મારો છે, મને કલ્યાણનું કારણ એ આત્માનો ઘાત છે એમ કહે. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ હો! દુનિયાથી જુદું પડવું. બે. દુનિયા થઈને. બે થયું ને એક અને ઓલો રાગ બે. એનાથી જુદું પડવું એનું નામ ધર્મ છે. આહા..હા..!

**'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.'** આહા..હા..! હાથી, ગાય, કૂતરું, મકરસંક્રાતમાં આપે છેને. બાજરાના .. ઘુઘરી. બાજરાની એ આપે થોડી. ઓલું ઘાસ ભેગું હોય તો એ પણ ખાય ભેગું. ગાય પણ ખાય. આહા..હા..! ગાય ખડ ખાય, દૂધ બીજાને

પાય. એ બોલનારા બોલવામાં રહે, સમજણ .. આપણું માને પણ ગાયને કાંઈ મીઠાશ નથી. આહા..હા..! એમ કહે છે. 'ગાય રે ગાય ગાય ખડ ખાય, દૂધ બીજાને પાય.' એ બોલનારા સમજાવાનારા, રાગથી એકતા માનનારા ગાય ખરા. આત્માને ગાય કે આત્મા આવો છે, પણ ખાય છે એ રાગને. આહા..હા..! કહો, શેઠ! ગાય છેને તો ગાય ખડ ખાય. ઘાસ અને દૂધ બીજાને પાય. પોતે પીવે? ગાય ખડ ખાય, દૂધ બીજાને પાય, પોતે રહી જાય કોરો કરાટ. એમ કહે છે કે બીજાને વાતું કરે આત્મા આવો... આત્મા આવો... પોતે રાગનો અનુભવ કરે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ચૈતન્યના પ્રકાશનો સ્વભાવ જે તુંપણે કહેવાય આત્માને, એના સિવાયના રાગભાવને એકપણે અનુભવે છે.

**'जहीहि जहीहि'** આહા..હા..! **'છોડ, છોડ.'** આ છોડ એમ કહ્યું લ્યો! બાયડી, છોકરાને છોડવું એવું આમાં ન કહ્યું. એ ક્યાં ગરી ગયા હતા? હવે એ તો બિચારા એનામાં છે. એના થઈને રહ્યા છે. એની સત્તામાં એના થઈને રહ્યા છે. કાંઈ તારા થઈને રહ્યા નથી. એના થઈને રહ્યા છે? કહો, શેઠ! ઘરે બૈરા વયા ગયા. જુઓ આ તમે પડ્યા રહ્યા અને એ વયા ગયા. ... આહા..હા..! કહે છે એવા આહારના તૃણસહિત ખાનારની જેમ એ એવા ખાવાના સ્વભાવને છોડ. આહા..હા..! એ રાગનો અનુભવ, પુદ્‌ગલનો અનુભવ એને છોડ એમ કહે છે. આહા..હા..! આ એને છોડવાનું, આનંદનો સ્વભાવ લેવાનો કરવાનો. આ છે ધર્મની ક્રિયા. આહા..હા..! ભગવાન ત્રણલોકનો નાથ, એના ગાણા કેવળી પણ પૂરા ગાઈ શકે નહિ. એમા આત્માને ક્ષણિક વિભાવની સાથે એકતા અનુભવ. ઢોરની જેમ. આહા..હા..! સમજાણું કાંઈ? એકવાર કહ્યું હતું નહિ? વર્ણીજીનો દાખલો. આ એકલો આત્મા હોય આ શરીર તો એને બે પગ હોય માણસને. બાયડી થાય તો ચાર પગ થાય. ઢોર થયો.

મુમુક્ષુ :- બેય ઢોર થયા.

ઉત્તર :- આને ઢોર થયો એ તો ખરો .. વળી. બે પગવાળો માણસ અને બીજી બે પગવાળી બાયડી આવી એ ચાર પગવાળો ઢોર પશુ થયો. એણે વળી છોકરો થાય તો છ પગવાળો ભમરો થયો. ભમરો નહિ ભૂ.. ભૂ.. કર્યા કરે પછી ઓલો છ પગવાળો. ભમરાને છ પગ હોય. અને એમાં છોકરાનું સગપણ કર્યું. લગન. બીજી બાઈ આવી. આઠ પગવાળો થયો. મકડી થઈ એટલે કરોળિયો. મકડી થઈ કરોળિયો. કરોળિયાને આઠ પગ હોય. પછી એ કરોળિયો આઠ લાળ કાઢી. મારે આ છોડીનું કરવું છે, મારે આ બાયડીનું કરવું છે, મારે છોકરાનું કરવું છે, મારે છોકરાનું કરવું છે, મારે છોકરાની વહુનું ઘરેણું .. આટલું મારા ..માં ઘરેણું હોય. મરી ગયો લાળ કાઢીને. આહા..હા..! એના પ્રમાણમાં હોય, જુઓ એક માણસ કહેતો હતો મેં કીધું આ અબજપતિ માણસ કહેવાય છેને. એક બે અબજ કહેવાય છેને. કીધું બે અબજ તો લાગતું નથી. પણ એટલું લાગે છે કે અમારે ત્યાં પરણવા આવ્યો હતો

એનો છોકરો, તો દોઢ કરોડનું સોનું, દાગીનો લઈને આવ્યા. દોઢ કરોડનો દાગીનો. કન્યાને આવે છેને. પૈસા હશે ખરા. મેં કીધું એવું એવું સાંભળ્યું છે કે બે અબજ. બે અબજ તો નહિ હોય, પણ એક કરોડ કહે અમારે દીકરીની દીકરીના લગન હતા અને એનો દીકરો. તો દોઢ કરોડનો તો દાગીનો હીરા અને માણેક આમ મોઢા આગળ મૂક્યા હતા. કરિયાવર. શું કહેવાય? કરિયાવર કહેવાય? .. કરિયાવર તો આહા..હા..! મા-બાપ તરફથી. આ તો સમુરતુ શું કહેવાય એ? સમુરતુ કહેને? લઈને આવેને લગનમાં. એનો બાપ લઈને આવે. દોઢ કરોડ રૂપિયાનો દાગીનો લઈને આવ્યા હતા લગનમાં. એના પ્રમાણમાં પૈસા કેટલા હશે? આ હમણા થયું છે હોં આ હમણા વાત છે. નામ નથી આપતા. .. છે. આ હેરાન થઈ ગયા મારા. આહા..હા..!

મુમુક્ષુ :- પણ પાણી આવ્યુંને.

ઉત્તર :- પાણી આવ્યુંને એમાં અમૃત આવ્યું? આહા..હા..! ધૂળેધૂળ દુઃખી બિચારા હોય છે. એ રાગમાં રેલાઈ ગયા છે. આહા..હા..! ચૈતન્યને રાગમાં ખોઈ બેઠો છે. રાગના રમકડે રમતા એ ચૈતન્યની રમતું એ ભૂલી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ ઢીંગલા ઢીંગલી રાગના હોં! આહા..હા..! એકલી વીતરાગ મૂર્તિ પ્રભુ, વીતરાગ સ્વરૂપે ભગવાન આત્મા તો છે. એને રાગમાં એકત્વ કરી ખોઈ બેઠો છો. હવે તો છોડ, પ્રભુ! આવો મનુષ્ય દેહ મળ્યો. એમ કહે છે. આવું તને સાંભળવાનું મળે છે. તારી ભૂલની ચોખવટ થાય છે એ ભૂલ ટાળી શકે છો એને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કર્મને સમજાવે? આઠ કર્મે, ત્રિલોકના નાથે કીધું કે આઠ કર્મને લઈને રખડે છે અને આ કાનજીસ્વામી વળી આવ્યા એ કહે કે પોતાની ભૂલને લઈને રખડે છે ઊંધું છે બધું. છઠ્ઠી સાલમાં.

મુમુક્ષુ :- એમ જ ચાલે છે દુનિયામાં.

ઉત્તર :- એમ જ ચાલે છે દુનિયામાં. મોટા આચાર્ય નામ ધરાવે હોં. આહા..હા..! ગજબ કર્યો છે. કાળા કેર કરી નાખે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ પાછા ભગવાનને નામે.

ઉત્તર :- હા, ભગવાનને નામે. તમારા પંડિતજી હતા ત્યાં. .. ઓલો આવ્યો હતો એ. જીવાપ્રતાપ. ઓલા કહે ભાઈ અમે તો બધું માનીએ. શું કાંઈ ઘણું કહ્યું હતું. આહા..હા..! ત્રણલોકના નાથ કહે છે કે કર્મને લઈને રખડે છે અને તમે કહો છો કે પોતાની ભૂલને લઈને રખડે છે. આ ત્રણલોકના નાથ કહે છે કે તારી ભૂલને લઈને તું રખડ્યો. આ શું કહે છે? આહા..હા..! ભગવાનની વાણી છે આ. સાક્ષાત્ ત્રિલોકનાથ સીમંધર ભગવાનની વાણી સાંભળેલી મૂકે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એમના શાસ્ત્રોમાં એમ લખ્યું હોય

ઉત્તર :- એમના શાસ્ત્ર એ શાસ્ત્ર ક્યાં છે? એ પાછા સમજ્યા વિના.

કહે છે. **'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.'** બેવાર કહ્યું છે. દર્શનશુદ્ધિ કર અને સમ્યગ્જ્ઞાન કર. સમજાણું કાંઈ? એનો વિશેષ દાખલો આપશે. ''

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧૨, શુક્રવાર, તા. ૧૧-૦૨-૧૯૭૨
## ગાથા-૨૩ થી ૨૫, પ્રવચન-૯૬

૨૩ થી ૨૫ ટીકા છેને ટીકા? કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની સાથે આ રાગનો ભાવ પુણ્ય-પાપનો અનાદિ સંબંધ છે. પણ એ તો પુદ્ગલ સ્વભાવ છે. એનો જે અનુભવ એ પુદ્ગલનો અનુભવ છે, દુઃખનો અનુભવ છે. એથી એને કહે છે હવે તો છોડ. આવો મનુષ્યભવ મળ્યો, સત્સમાગમ મળ્યો. .. એમ કહે. આ રાગનો અનુભવ છોડ. પુણ્ય-પાપના વિકલ્પો જે દુઃખરૂપ અને ઝેર સમાન છે એને જે અનુભવે છે. એ જડનો અનુભવ છે. સમજાણું કાંઈ? હવે તો છોડ, છોડ. કેમ? કે **'જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે...'** છે વચમાં? **'જેણે સમસ્ત સંદેહ,...'** આમ હશે કે તેમ હશે? આ દૂર થયા. સર્વજ્ઞ ભગવાનને. વિપરીત ભાવ દૂર થયો છે. અચોક્કસ કાંઈક હશે, કાંઈક હશે એવું પણ જેને છે નહિ. એવા ભાવને દૂર કરી દીધા છે. **'અને જે વિશ્વને પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે...'** સર્વજ્ઞ ભગવાન. લ્યો અહીં તો સર્વજ્ઞ ભગવાનને નાખ્યા. એ **'એક અદ્વિતીય જ્યોતિ છે એવા સર્વજ્ઞ-જ્ઞાનથી સ્ફૂટ કરવામાં આવેલ...'** સર્વજ્ઞ જ્ઞાનથી પ્રગટ, આત્મા ઉપયોગ જ્ઞાનાનંદ ત્રિકાળ એ રાગ તે ત્રિકાળ ભિન્ન છે એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય તે કેવી રીતે પુદ્ગલદ્રવ્યરૂપ થઈ ગયું...'** ભગવાન તો જીવ એટલે આત્મા, એને જાણવા-દેખવાના ત્રિકાળી ઉપયોગ સ્વરૂપ જોયો છે. એ ઉપયોગસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આત્મા એટલે જાણવા-દેખવાના ઉપયોગના વ્યાપાર સ્વભાવવાળો. ત્રિકાળ હોં. નિર્ણય કરે પર્યાયે પણ વસ્તુ તો ત્રિકાળ ઉપયોગ જ્ઞાન અને દર્શન ઉપયોગમય ભગવાન ચૈતન્ય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એવો **'નિત્ય ઉપયોગસ્વભાવરૂપ**

**જીવદ્રવ્ય...**' નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય '**તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્ય થઈ ગયું...**' જાણન-દેખન સ્વભાવ ત્રિકાળ એવો જે એનો સ્વભાવભાવ એવું જે જીવદ્રવ્ય એ કઈ રીતે રાગરૂપે થાય? પુણ્ય-પાપના રાગરૂપે ઉપયોગ નિત્ય એ કેમ થાય? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળ નિત્ય વસ્તુ એને એને જાણવા-દેખવાનો ઉપયોગ પણ ત્રિકાળ. જાણવા-દેખવાના ઉપયોગમય વસ્તુ. એ રાગરૂપે કેમ થાય? એમ કહે છે. એ રાગ કહો કે પુદ્‌ગલ કહો અહીંયાં. એ પુદ્‌ગલદ્રવ્ય થઈ ગયું કેવી રીતે? ઉપયોગ સ્વરૂપ જાણન-દેખન એવો સ્વભાવ એવું એનું આખું સત્ત્વ એ તે રાગરૂપે, અચેતન રાગ, અચેતન રાગ અને ઉપયોગમય ચૈતન્ય. ઉપયોગમય ચૈતન્ય અને રાગ અચેતન એવા પુદ્‌ગલરૂપ કેમ થઈ ગયું? કહો, શરીરરૂપે તો થયું નથી, પર્યાયમાં. કર્મરૂપે થયું નથી, પણ રાગરૂપે થયું પર્યાયમાં એ તારો નિત્ય ઉપયોગ સ્વભાવ એવો જીવદ્રવ્ય જેમાં ઉપયોગ નથી એવા રાગ દયા, દાન, પુણ્ય-પાપના રાગરૂપે કેમ પુદ્‌ગલરૂપે થયું? કહો, અહીં તો શુભ-અશુભભાવને પુદ્‌ગલ કહ્યા છે, અજીવ કહ્યા છે. આહા..હા..!

ચૈતન્ય જાગૃતસ્વભાવનો પિંડ પ્રભુ સર્વજ્ઞે સ્પષ્ટ એના જ્ઞાનમાં પ્રગટ જોયો. જાણવા-દેખવાના ઉપયોગવાળું તત્ત્વ જોયું છે. પણ જાણવા-દેખવાના સ્વભાવ સ્વરૂપ જીવદ્રવ્ય જોયો છે. એ જાણવા-દેખવાના સ્વભાવરૂપ આત્મા એ અજાણરૂપ જે રાગ પુણ્ય-પાપના ભાવ અચેતનરૂપે કેમ થાય? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવું સમજવું કઠણ પડે પછી માણસ બિચારા દોરાઈ જાય બહારમાં. માર્ગ બીજો છે કીધું ભાઈ! અમારે બે વ્યક્તિ આવ્યા. નાની ઉંમરના હતા. બેઠા હતા બિચારા. ભાઈ! માર્ગ બીજો છે કીધું. અંદર ચૈતન્યસ્વરૂપ ભિન્ન છે એનું ભાન ન હોય ત્યાં સુધી બધા ભેખ-ભેખ. ચાર ગતિમાં રખડવાના છે. પણ કોઈ દિ' સાંભળ્યું ન હોય તો શું કરે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..આપણે પૂછીએ શું કરવાને? બે આવ્યા હતા નાની ઉંમરના. બેઠા હતા. પગે લાગ્યા જરી. બે હતા. વૃદ્ધ છે ત્યાં હતા. .. બે આવ્યા હતા. માર્ગ બીજો છે કીધું ભાઈ! સમ્યગ્દર્શનનું સ્વરૂપ જ બીજું જૈન વીતરાગનું. સમ્યગ્દર્શનમાં ચૈતન્ય ઉપયોગમય એવો આનંદનો અનુભવ થાય. કારણ કે એ ઉપયોગ સ્વરૂપ છે. એ ઉપયોગની દશાનું પરિણમન થાય એમાં પ્રતીતિ થાય એને સમ્યગ્દર્શન કહે. અને આવા સમ્યગ્દર્શન વિના આ બધા તપ ને વ્રતને થોથા પુદ્‌ગલ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? શું કરે બિચારા નાની ઉંમરના. આ વસ્તુ સાંભળી નહિ. એવા ભેખ દિગંબર નગ્નમુનિના અનંતવાર લીધા. તો આ તો ક્યાં ગણતરી હશે? ઓલા ભેખ પણ લઈ લીધા. આહા..હા..!

આત્મા જાણન-દેખનરૂપી ઉપયોગ એ નિત્ય દ્રવ્ય એવું સ્વભાવવાળું છે એ તો. એમાં

એવો આત્મા ભગવાન સર્વજ્ઞે દીઠો છે કહે છે. હવે એ ભગવાનને શું કરવા નાખો છો ત્યાં? ભગવાને પ્રત્યક્ષ જોયો છે એમ કહે. વસ્તુ આત્મદ્રવ્ય એટલે પદાર્થ. એને જાણન-દેખન ઉપયોગમય ભગવાને જોયો છે. એવા ઉપયોગનો દ્રવ્ય સ્વભાવ છે. એવો ઉપયોગ દ્રવ્યનો સ્વભાવ છે. પુણ્ય-પાપના રાગ એ કાંઈ એનો દ્રવ્યસ્વભાવ નથી. એ તો વિભાવ છે. જ્યારે ઉપયોગ સ્વભાવ આત્મા છે, અચેતન સ્વભાવ વિભાવ છે. ઉપયોગ સ્વભાવ જીવ છે, તો રાગસ્વભાવ પુદ્ગલ છે. ભારે કામ ભાઈ! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! 'રાગ દાહ...' પંડિત ગયા? અમરેલી ગયા હશે. અમરેલી. આહા..હા..! ઠીક.

કહે છે જેના સંદેહ ટળી ગયા, વિપરીતતા ગઈ અને અચોક્કસતા નાશ થઈ ગઈ. નિઃસંદેહ અવળું અને ચોક્કસભાવ જેને પ્રગટ થયો છે. આહા..હા..! એવા સર્વજ્ઞ ભગવાને નિત્ય ઉપયોગ દ્રવ્યસ્વભાવ જોયો. નિત્ય સ્વભાવ એનો ઉપયોગ એ એણે જોયો. એવો આત્મા જેમાં ઉપયોગ નથી, જેમાં જ્ઞાનનો અંશ નથી, જેમાં દર્શન અને શાંતિનો અંશ નથી, એવા પુણ્ય-પાપના ભાવ પુદ્ગલ છે એ ચૈતન્ય ભગવાન આવું છોડીને પુદ્ગલ કેમ થાય? આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...**' એમ કહ્યું છેને? આહા..હા..! '**તે કેવી રીતે પુદ્ગલદ્રવ્ય થઈ ગયું કે જેથી તું આ પુદ્ગલદ્રવ્ય મારું છે એમ અનુભવે છે?**' આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ એ પુદ્ગલદ્રવ્યના નિમિત્તે થયેલા પુદ્ગલદ્રવ્યરૂપ જ છે. આહા..હા..! એ પુદ્ગલ આત્મા ચૈતન્યની જાત, જાગૃત સ્વભાવનું તત્ત્વ, એ અજાગૃતના ભાવરૂપે કઈ રીતે થાય? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જાગૃત જ્ઞાન, દર્શન જાગૃત સ્વભાવરૂપ તત્ત્વ એ પુણ્ય-પાપના વિકલ્પ અજાગૃત, અચેતન જડ છે. આહા..હા..! શરીરરૂપે તો કેમ થાય? એ તો અહીં પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :- એ તો જુદું રહ્યું.

ઉત્તર :- જુદું રહ્યું. એ તો નિકટ છે. બહુ નિકટ. અતિનિકટ છે. આહા..હા..! એવા અતિનિકટ વિભાવભાવ, જે ભાવે વ્રત કહેવાય, જે ભાવે અવ્રત કહેવાય એ ભાવ બધા અચેતન પુદ્ગલ છે. એ ચૈતન્ય ઉપયોગમય વસ્તુ દ્રવ્યસ્વભાવ એ આ ચેતન પુદ્ગલમય કેમ થઈ ગયું? આ તો અંતરની વાત છે. આ કાંઈ બહારથી કાંઈ પકડાય એવું નથી. આહા..હા..! જેનો સ્વભાવ જાણવું-દેખવું જેનો ત્રિકાળી સ્વભાવ. એવો જે જીવ દ્રવ્ય એટલે આત્મપદાર્થ. જેમાં જાણવા-દેખવાની ગંધ નથી. આહા..હા..! શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, કામ-ક્રોધના ભાવ જેમાં જાણવાની ગંધ નથી. જે અંધારું છે. અરે! પ્રકાશમય ભગવાન અંધારારૂપે કેમ થાય એમ કહે છે. એ નીચે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સાદી અને સરળ ભાષામાં તત્ત્વ જાહેર કર્યું છે. સમજાણું કાંઈ?

એમ આ મારું છે એમ અનુભવે છે. **'થઈ ગયું કે જેથી તું 'આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે**?' એમ કહે છે. તું પ્રભુ આત્મા જાણકસ્વભાવવાળું તત્ત્વ એ અજાણ રાગ અને પુદ્‌ગલમય થઈ ગયું? કે જેથી એ પુદ્‌ગલ મારા છે એમ તું અનુભવે છો? એમ કહે છે. પ્રકાશ અને અંધકાર બે ચીજ જ જુદી છે. ચૈતન્યના પ્રકાશનું નૂર પ્રભુ, એ પુણ્ય-પાપના રાગના અંધકારરૂપે, પુદ્‌ગલરૂપે કેમ થાય? આહા..હા..! શેઠ! આવી વાત છે. ભારે કઠણ પડે માણસને. પૂજા, ભક્તિ, દાન ને દયાને કહે છે કે એ વિકલ્પ અચેતન છે એમ કહે છે. શેઠ!

મુમુક્ષુ :- ઉપયોગ લાગી જાય

ઉત્તર :- શું ઉપયોગ લાગે? રાગ છે એ તો. ભગવાન આત્મા તો ચૈતન્ય ઉપયોગ સ્વભાવવાળું તત્ત્વ છે. એ દૃષ્ટાંત આપશે.

**'કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય...'** ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનના સ્વભાવ .. એ પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય **'અને પુદ્‌ગલદ્રવ્યરૂપ જીવદ્રવ્યરૂપ થાય તો જ 'મીઠાનું પાણી' એવા અનુભવની જેમ 'મારું આ પુદ્‌ગલદ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે;...'** જેમ મીઠું ઓગળે અને પાણી થાય. સમજાણું કાંઈ? એ તો મીઠાનું રૂપ જ છે પાણી. સમજાણું કાંઈ? એમ આત્મા ઉપયોગમય છે એ રાગમય થઈ જાય? મીઠાનું પાણી થાય અને એ પાણીનું પાછું મીઠું થાય. દરિયામાં ખારા પાણી છે. મીઠું થાય. બાંધે છેને. અને એના પાછા પાણી થાય. એમ જીવ ઉપયોગમય ભગવાન આત્મા એ ઓગળીને, ગળીને રાગ-દ્વેષરૂપે થાય? અને રાગ-દ્વેષના ભાવ એ આત્મારૂપે થાય? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો હજી બાયડી, છોકરા, બંગલા અને મકાન, પૈસા તો હજી ગળે વળગ્યા હોય. સમજાણું કાંઈ? આહા..હા..! એક માણસ પાસે આઠ હજાર રૂપિયા હતા. ૭૫-૭૬ની વાત છે. રોકડા નકદ. માંદા પડ્યા. બાયડી મરી ગઈ. એક પોતે વૃદ્ધ. બહુ બંગલાને એવું હતું. પણ માંડ ખાટલામાં ઓલું દોરડું બાંધેને દોરડુ? એ જાલીને બેસે. જાલીને બેસે. એટલી.. હવે ઓલા આઠ હજાર રોકડા ઓલામાં પડેલા પટારામાં. એને તાળુ દઈ કૂચી અહીં રાખી આમ. સૂતો હતો ત્યાં નીચે. વારંવાર આમ હાથ નાખે નીચે. મરવાની તૈયારી. આઠ હજાર રોકડા. તે દિ' ૭૬-૭૫માં આઠ હજાર રૂપિયા તો ઘણા કહેવાયને તે દિ' તો ક્યાં હતું? બે જણા. આઠ હજાર. અત્યારે ૨૦ ગણા ગણો. .. આહા..હા..! લોકોને શંકા પડી કે આ છે શું વાત? હાથ વારંવાર નાખે છે. ઓલી કોઈ કૂંચી ઉઘાડીને લઈને નથી ગયુંને જીવતા? અરેરે! મારી નાખ્યા. આમ જુએ ત્યાં નીચે કૂચી. મરી ગયા એમ ને એમ. કૂચી રહી ગઈ નીચે. તાબુતનું હોયને શું કહેવાય આ? ગાદી. તળાઈ-તળાઈ. એને હેઠે રહી ગઈ આહા..હા..! મારી નાખ્યા છેને. લક્ષ્મીએ એને હેરાન કર્યા હશે? આહા..હા..!

કહે છે કે ભાઈ! તારું તત્ત્વ છે અસ્તિ, સત્તાવાળું, હોવાવાળું. એ તો હોવાવાળો પદાર્થ તો જાણવા-દેખવાના સ્વભાવસંપન્ન છે. એવો ભગવાન આત્મા પુણ્ય અને પાપ અંધકાર અને અજીવ ને પુદ્‌ગલ એ કેમ થયું તને? જેમ મીઠાનું પાણી થયું એમ ઉપયોગ મટીને રાગ-દ્વેષ થઈ ગયો? એમ કહે છે. સમજાણું કાંઈ? મીઠાનું પાણી તો થાય. એમ આત્મા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, ચૈતન્યતત્ત્વની સત્તાવાળો પદાર્થ એ તે પુણ્ય-પાપના ભાવરૂપે મીઠાનું પાણી થયું. એમ આ સ્વભાવરૂપ એ અંધકારરૂપ, અજીવરૂપ થઈ ગયું? કે જે તું પુદ્‌ગલને મારું કરીને અનુભવે છો. સમજાણું કાંઈ? કહો, દેવજીભાઈ! આવી તો ચોખ્ખી વાત છેને આમાં? આહા..હા..!

''**આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે? કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય તો જ 'મીઠાનું પાણી' એવા અનુભવની જેમ...**' મીઠાનું પાણી એ તો અનુભવ સાચો છે. એમ ભગવાન જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... પ્રકાશનો પૂંજ ચૈતન્ય એ આ પુણ્ય-પાપના જેમ મીઠાનું પાણી થઈ ગયું અને મીઠાની જાત રહી ગઈ, એમ આત્મા રાગ-દ્વેષ થાય અને આત્માની જાત રહી ગઈ એમ છે? આહા..હા..! સાદો દાખલો આપ્યો. '**જેમ 'મારું આ પુદ્‌ગલદ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે;...**' મીઠાનું જેમ પાણી છે એ મીઠું જ છે. એમ આત્મામાં જ્ઞાનસ્વરૂપ ભગવાન જાણકસ્વભાવની સત્તા અસ્તિત્વ એ પુણ્ય-પાપના રાગરૂપે થાય તો તો તું મારું માન એ બરાબર છે. મીઠાનું પાણી મીઠું જ છે. એમ આત્મા મીઠાની પાણીની પેઠે રાગ-દ્વેષમય જો થાય તો તો મારું માન એ બરાબર છે, પણ એ તો કોઈ દિ' થતું નથી. આહા..હા..! '**પણ એમ તો કોઈ રીતે બનતું નથી.**' આહા..હા..! '**એ, દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છે : જેમ ખારાપણું જેનું લક્ષણ છે...**' મીઠાનું. નમક-નમક. '**ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ પાણીરૂપ થતું દેખાય છે...**' એ મીઠું છે, નમક છે એ ઓગળીને પ્રવાહી થઈને ખારાપણું છે એ પ્રવાહી થઈને પાણી થાય. '**પાણીરૂપ થતું દેખાય છે...**' અને પ્રવાહીપણું એ પાણી જે છે મીઠાનું પ્રવાહીપણું, દ્રવ્યત્વપણું '**અને દ્રવત્વ (પ્રવાહીરૂપ) જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે...**' એ પાણીનું પાછું મીઠું થાય, મીઠાનું પાણી થાય એ તો બરાબર છે.

એમ આત્મા જ્ઞાનસ્વરૂપે ભગવાન રાગરૂપે થાય અને રાગ આત્મારૂપે થાય એમ ત્રણકાળમાં બને નહિ. આહા..હા..! એમ કે આ રાગ ઉત્પન્ન થયોને, એમાં જે મીઠાનું પાણી થયુંને એ પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થયાને એમાં એ આત્મા આવ્યો. આહા..હા..! એ આત્મા નહિ. આત્મા તો જાણક-દેખન સત્તા અને હોવાવાળો પદાર્થ છે. વિજ્ઞાનઘન અનાદિ-અનંત એવો વિજ્ઞાનઘન ઓગળીને ક્યાં પુણ્ય-પાપરૂપે થાય અને પુણ્ય-પાપ પોતે પાછા દળ થઈને

ઘન થઈને વિજ્ઞાનઘન થાય? આહા..હા..! કહો, બરાબર છે? આહા..હા..! શું ત્યારે આ બધી ભ્રમણા આવી છે? અપ્રતિબુદ્ધને સમજાવે છે. ભાઈ! તું સમજ્યો નથી. એને માટે તો સમજાવે છે આ. સમયસાર તો આમ ફલાણાને... ઢીંકણાને... હોયને.

મુમુક્ષુ :- અત્યંત ..

ઉત્તર :- અત્યંત ભાન વિનાનો. હે દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર. અસ્તિ-સત્તા સ્વભાવે છતો હોવા છતાં તે નથી અને હું રાગ છું એ આત્માનો ઘાત કરનાર તું છો. આહા..હા..!

એ રાગમાં ખુશીપણું તને જણાય છે, તો ખુશીપણું તો સુખરૂપ તો આત્મા છે. એ સુખરૂપ આત્મા રાગમાં આવી ગયો છે? રાગ તો દુઃખરૂપ છે. પુદ્ગલ છે, દુઃખરૂપ છે, અજીવ છે, અચેતન છે. આહા..હા..! મીઠાનું પાણી થાય અને પાણીનું મીઠું થાય એમ આત્મા રાગરૂપે થાય અને રાગ આત્મારૂપે થાય (એમ ન બને). આહા..હા..! આ તો ધીરાના કામ છે.

**'ખારાપણું અને દ્રવપણાને સાથે રહેવામાં અવિરોધ છે...'** ખારાપણું હોય અને દ્રવત્વ-ઢીલાપણું પણ થાય. એમાં કાંઈ વિરોધ નથી. એ તો બરાબર છે. એમાં કોઈ બાધા નથી. **'તેવી રીતે નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય...'** જાણવા-દેખવાના લક્ષણવાળું ત્રિકાળી દ્રવ્ય. ત્રિકાળી દ્રવ્ય આત્મા એ લક્ષ અને જાણવા-દેખવાનું એનું લક્ષણ એ સ્વભાવ. **'નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી...'** મીઠાનું પાણી થાય અને પાણીનું મીઠું થાય એમ નિત્ય જાણકસ્વભાવ તત્ત્વ, વિજ્ઞાનઘન તત્ત્વ એ રાગરૂપે થતું જોવામાં આવતું નથી. આહા..હા..! **'અને નિત્ય અનુપયોગ લક્ષણવાળું પુદ્ગલદ્રવ્ય...'** નિત્ય કાયમ અનુપયોગ જડ એ પુણ્ય ને પાપના ને રાગાદિ જડ અચેતન છે. આહા..હા..! **'નિત્ય અનુપયોગ...'** જેમ આત્મામાં નિત્ય જાગૃતસ્વભાવ, ..સ્વભાવ છે એનો ત્યારે રાગ, પુણ્ય, પાપના ભાવ નિત્ય અનુપયોગ, ઉપયોગ વિનાનો એનો સ્વભાવ છે. બે ચીજ જ તદ્દન ભિન્ન છે. આહા..હા..! વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય, ફલાણું થાય રાડુ પાડે છેને. અચેતન કરતાં-કરતાં ચેતન થાય. એમ થાય? પાણીનું મીઠું થાય એમ આ થાય? ન થાય. ધૂળમાંય ન થાય. આહા..હા..!

**'નિત્ય અનુપયોગ...'** પુણ્ય અને પાપના ભાવમાં તો કાયમી નિત્ય અચેતનપણું છે. સમજાણું કાંઈ? આવું ભેદજ્ઞાન થવું, રાગના વેપારથી ભગવાનનો વેપાર જ્ઞાનનો ભિન્ન છે એવું ભેદજ્ઞાન થવું એનું નામ આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. એ આત્મજ્ઞાન, આ આત્મજ્ઞાન વિના એનો એકેય એકડો સાચો ન હોય. આહા..હા..! વ્રત ને તપ ને અપવાસ ને વર્ષીતપ કરે છેને. શ્વેતાંબરમાં ઘણા વર્ષીતપ. એમ **'પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી કારણ...'** કેટલું સ્પષ્ટ કરે છે! **'પ્રકાશ અને અંધકારની માફક...'** દેખો! જેમ **'પ્રકાશ**

**અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે;...'** સાથે રહેવામાં નામ એકરૂપ થવાનો વિરોધ છે. સાથે એટલે એકરૂપ. સાથે એટલે જ્યાં ઉપયોગ છે ત્યાં રાગ ભલે હો, પણ એકરૂપ થઈને રહેવાનો વિરોધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જાગૃતસ્વભાવ, ત્રિકાળી જાગૃતસ્વભાવભાવરૂપ જીવદ્રવ્ય, પ્રકાશસ્વરૂપ અને પુણ્ય-પાપનો જાગૃતસ્વભાવ નિત્ય ઉપયોગસ્વરૂપ, બેને એકપણે રહેવામાં વિરોધ છે. સાથેનો અર્થ એટલો. સમજાણું કાંઈ? સાથે એકપણું એમાં રહેવાનો વિરોધ છે. આહા..હા..! લ્યો પ્રકાશ અને અંધકારનો દાખલો આપ્યો, મીઠાનો દાખલો આપ્યો.

'**જડચેતન કદી પણ એક થઈ શકે નહિ.**' લ્યો! '**જડચેતન કદી પણ એક થઈ શકે નહિ.**' આહા..હા..! પુણ્ય-પાપના ભાવ એ જડ, અંધકાર, અચેતન, અજીવ, પુદ્ગલ. એ કદી ચૈતન્ય થઈ શકે નહિ. ચેતન કદી પણ એક થઈ શકે નહિ. બે. નિત્ય અનુપયોગરૂપ અચેતન, વ્યવહારરત્નત્રય એ નિત્ય અનુપયોગરૂપ અચેતન છે લ્યો. આહા..હા..! ભગવાન આત્મા નિત્ય ચૈતન્ય ઉપયોગ છે. બે કદી એક સમયમાં એકઠાં થઈને રહે એમ બની શકે નહિ. એમ કહીને હવે કહે છે. અહો! અમે આ રીતે તારી સ્વરૂપની ભિન્નતા તને પ્રસિદ્ધ કરી. '**તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...**' આનંદમાં આવી જા હવે કે મારી ચીજ રાગરૂપે કોઈ દિ' થઈ નથી. એમ આનંદમાં આવી જા. આહા..હા..! મારું સ્વરૂપ અનાદિથી કોઈ દિ' રાગરૂપે થયું નથી. કેમકે ચેતન રાગ જડરૂપે કદી થાય નહિ અને જડ ચૈતન્યરૂપે કદી થાય નહિ. એવો ભગવાન આત્મા રાગરૂપે થયો નથી એ સ્વરૂપરૂપે રહ્યો છે એમ કહે છે. નિગોદાદિથી માંડીને ભલે રાગાદિ હો, પણ ચૈતન્ય જાગૃત પ્રભુ એ કોઈ દિ' રાગરૂપે થયો નથી. થયો નથી માટે પ્રસન્ન થા કે હું તો છું એવો છું. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તારી પૂંજી કોઈ દિ' બગડી નથી હોં! એમ કહે છે. આહા..હા..! જાણકસ્વભાવ, દેખવાનો સ્વભાવ એવું જે ચૈતન્યદ્રવ્ય કદી રાગરૂપે થયું નથી. એથી હવે તને સંદેહ અને શંકાને શું સંબંધ છે? કે હું તે શું ક્યાં ગયો? ક્યાંય ગયો નથી. તું તારામાં છો. સમજાણું કાંઈ?

જાણકદેખન સ્વભાવ અસ્તિ સત્તા છેને હોવાવાળો? જાણન-દેખન હોવાવાળું તત્ત્વ એ અજાણક અનુપયોગ જડ પુદ્ગલ રાગાદિ થયું નથી. એટલે એ તો જેમ છે એમ રહ્યું છે. પ્રસન્ન થા કે ઓહો..! હું તો આ જ છું એમ. ધીરૂભાઈ! આવી ઝીણી વાત છે. ત્યાં કોઈ દિ' સાંભળી ન હોય .. માથાકૂટ બધી. આહા..હા..! કહો, શેઠ! તમારા સાગરમાં, બીડીમાં રહ્યો છતાં કોઈ દિ' બીડીરૂપે થયો નથી એમ કહે છે. બીડી તો થયો નથી. પણ રાગરૂપે થયો નથી એમ કહે છે. માટે ખુશી થા. અહો! મારી ચીજ કાંઈ પરમાં ગઈ નથી, ખોવાણી નથી. આહા..હા..! જાણન-દેખન ચૈતન્ય પ્રકાશનો પૂર પ્રભુ એ રાગરૂપી અંધકાર પુદ્ગલ અજીવપણે કદી થયો નથી. ખુશી થા, અંતરમાં જો અને આનંદને લાવ એમ કહે છે. એ

સમજાણું કાંઈ? આહા..હા..! **'સર્વ પ્રકારે પ્રસન્ન થા,... '** કોઈ રીતે પણ ચૈતન્ય દ્રવ્ય રાગરૂપે થયું નથી. સર્વ પ્રકારે પ્રસન્ન થા. આહા..હા..! ચારે બાજુથી જો તો તું છૂટો પડ્યો છે. હવે છૂટો છે તેને છૂટો તરીકે એને જો તને આનંદ આવશે. પ્રસન્ન થા. આહા..હા..! આ ચીજ તો આવી ને આવી અનાદિથી છે. એમાં ક્યાંય રાગનો ભેળસેળ નથી. આહા..હા..! આનું નામ ભેદજ્ઞાન અને એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? કહો, પ્રકાશદાસજી! ભારે વાતું ભાઈ આવી. પ્રકાશ આવ્યું આમાં. પ્રકાશ કોઈ દિ' અંધકારૂપ થયો નથી એમ કહે છે. આહા..હા..!

ભગવાન! તારું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ એ કોઈ દિ' અચેતન એટલે રાગ અને દુઃખ, રાગ કહો કે દુઃખ કહો, એ રૂપે થાય નહિ. આહા..હા..! તારું તો જ્ઞાન અને આનંદરૂપ ત્રિકાળ રહ્યું છે. તારા નજરને આળસે એ વસ્તુ દૃષ્ટિમાં રહી નથી. એટલી વાત છે કહે છે. આહા..હા..! **'તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** અરેરે! અમે દુઃખી, અમે સંસાર રખડનારા. રખડવાનો ભાવ જ તારો નથી. રખડવાનો ભાવરૂપે કોઈ દિ' ચૈતન્ય થયું નથી. આહા..હા..! શું કહ્યું આમાં? જેઠાભાઈ! રાગના, દ્વેષના, વ્યવહારના વિકલ્પ ઉઠે તે થયો જ નથી. પ્રસન્ન થા, ખુશી બતાવ. એકવાર રાજી થઈને જો અંદર. એવું ને એવું તત્ત્વ પડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમૃતના સ્વાદ આવ્યા છે.

ઉત્તર :- હા, તું અમૃત સ્વરૂપ જ છો. એ અમૃત કોઈ દિ' દુઃખ પામ્યું જ નથી. રાગમાં ગયું જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન અમૃતસ્વરૂપ આનંદ એ કોઈ દિ' દુઃખરૂપ બની જાય એવા નાશવાન રાગરૂપે થયું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જીવ-અજીવની વ્યાખ્યા છેને આ? આહા..હા..! એ તો .. આવે છે. .. માટે આવે છે. ભગવાન! .. ત્યાં જન્મે અને આથી .. થાય. . મારી મુક્તિમાં ફેર પડે. સમકિતી, જ્ઞાની. પછી ભગવાન આશ્વાસન આપે છે. છે એવું કહે છે હોં. ભાઈ! તું તીર્થંકર થવાનો છો. મારી પદ્વી જેવી તારી પદ્વી છે. પછી ખુશી થાય છે. આહા..હા..! અંતે એક-બે ભવે હું પણ ભગવાન થવાનો છું. અત્યારે મારે ભગવાનનો વિરહ પડે છે. પણ ભગવાન હું થવાનો છું ખુશી. તું એકવાર ખુશી થઈ જા. પોકાર કરીને કહીએ છીએ તું ભગવાન ભગવાનપણે રહ્યો છો, તારો ભગવાન આત્મા રાગરૂપે કોઈ દિ' થયો નથી. આહા..હા..! બાયડી, છોકરાપણે અને શરીરપણે તો ક્યાંય રહી ગયો, આ તો મોટો ધૂળ ઓહો..હો..! સૂરજ કોઈ દિ' અંધકારરૂપે થાય? એનું કિરણ કોઈ દિ' કાળું હોય? સૂરજનું કિરણ કાળું હોય? પણ ભગવાન ચૈતન્ય સૂર્ય છે એ તો, પણ અરૂપી છે અને તારી નજર ગઈ નથી એટલે તને આચ્છાદન લાગે છે. ચૈતન્ય સૂર્ય ભગવાન આત્મા. આહા..હા..! એમાંથી કિરણ નીકળે તો તો આનંદના અને

જ્ઞાનના નીકળે. કે આ પુણ્ય-પાપના, રાગના કિરણ નીકળે એમાંથી? અંધકાર નીકળે? આહા..હા..!

**'તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** દૃષ્ટાંત સિદ્ધ કરીને એને બતાવ્યો જો આ આત્મા. જ્ઞાનસ્વરૂપી ભગવાન જાગૃત ઉપયોગમય આત્મા એ કોઈ દિ' અજાગૃત રાગરૂપે થયો નથી. મીઠાનું પાણી થાય અને એ પાણીનું મીઠું થાય એમ આત્મા રાગરૂપ થાય અને રાગ આત્મારૂપ થાય એ કોઈ દિ' બનતું નથી. બનતું નથી, બન્યું નથી, બનશે નહિ એ ખુશી થઈ જા એકવાર. આહા..હા..! મારો ભગવાન તો એવો ને એવો રાગ અને વિકલ્પથી નિરાળો એમ ને એમ રહ્યો છે. છે તેની પ્રાપ્તિની પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? એવો પ્રભુ આત્મા, જેમાં જે સ્વરૂપે છે એ સ્વરૂપ ઉપર દૃષ્ટિ તો તને લાગશે કે હું એવો ને એવું છું. જ્ઞાયકપણે તો ત્રિકાળ જ્ઞાયકપણે જ રહ્યો છું. ભાન થતાં તને ખબર પડશે.

**'તારું ચિત્ત ઉજ્જ્વળ કરી...'** જુઓ, ભાષા! એ જ્ઞાનમાં નિર્મળતા પ્રગટ કરી. આહા..હા..! જે આત્માના નિત્ય ઉપયોગવાળું દ્રવ્ય જે છે એમાં જે જ્ઞાનની પર્યાય વળે એવો ચિત્ત એટલે જ્ઞાનને ઉજ્જ્વળ કરી **'સાવધાન થા...'** આહા..હા..! **'અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ.'** લ્યો! આ સાર એનો. હજી તો જ્ઞાન-દર્શન આનંદમય છું. મારો સ્વભાવ તો આનંદ અને જ્ઞાનમય છે. એ મારું સ્વદ્રવ્ય. એવા સ્વદ્રવ્યને જ આ મારું છે. આહા..હા..! લ્યો સવારમાં આવ્યું હતું. સ્વદ્રવ્ય નહોતું આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ પણ આવ્યું હતું, આ પણ આવ્યું. એ ૫૦ ગાથા હતી, આ ૨૫. સમયસારની ૨૫ પૂરી થાય છે. ઓલી ૫૦મી થઈ. આ તો .. ક્યું છે આ? નિયમસાર... આહા..હા..! શરૂ કર્યું એને પૂરું થાશે. રાંધવા મૂક્યું નથી ક્યારે રંધાશે? ચૂલો સળગાવ્યો નથી ક્યારે ચોખા થાશે? પણ હજી ચૂલો સળગાવ્યો નથી, ચોખા મૂક્યા નથી, ક્યારે ચોખા ચડશે? પણ ચોખા પાણીમાં નાખ્યા હોય અને અગ્નિ કરી હોય તો હવે ક્યારે ચડશે એમ આવે. એમ આત્મા રાગથી ભિન્ન પાડીને હવે કેવળજ્ઞાન ક્યારે થશે? એ તો થશે જ. ક્યારે થશે? પણ શરૂઆત તો કરી નથી અને ક્યારે થશે ક્યાંથી લાવ્યો તું? રાગથી ભિન્ન ભગવાન આત્મા. આહા..હા..! દાખલો આપ્યો હતોને સર્વજ્ઞે નિત્ય ઉપયોગ જોયો છેને તને. એની સાથે જ્ઞાન અને દર્શન જડેલા છે, એવો આત્મા છે. આહા..હા..! એની સાથે રાગનું એકત્વ કેમ થાય ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ?

સવારમાં એક જરી વાત બીજી નવી આવી હતી. ઓલી આધારની. એ પહેલા કોઈ દિ' નહોતી આવી. .. આવી ગયું છે. ગુણ અને ગુણીને. બેને આમ એક કહે છે. છે તો ભિન્ન. છતાં અહીં ત્રિકાળી ગુણનો આધાર ત્રિકાળી ખરો, એક સમયની પર્યાયનો. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં વળી રાગને આધાર આત્માનો અને આત્માને આધાર રાગનો.

આહા..હા..! આવે છેને ઉપયોગમાં? સંવર અધિકારમાં. આધાર-આધેય સંબંધ નથી. રાગ અને આત્માને આધાર-આધેય સંબંધ નથી. આહા..હા..! આકાશનો દાખલો પહેલો મૂક્યો છેને. આધાર-આધેય સંબંધ નથી. આહા..હા..! કે વિકાર છે તે આધેય છે, રહેનાર છે અને આત્મા આધાર છે. આહા..હા..! સંવરમાં તો પર્યાય છે તે આધેય છે અને દ્રવ્ય તે આધાર છે. એક અંશવાળાને ત્રિકાળી આધાર, ત્રિકાળી ગુણનો આધાર આત્મા ભગવાન છે. આહા..હા..! ત્રિકાળીને ત્રિકાળીમાં રાખ. વર્તમાન પર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એની ચીજમાં શું છે એણે કોઈ દિ' પ્રમોદથી સાંભળ્યું નહિ. આહા..હા..! એણે મારી ચીજમાં શું છે અને શું નથી? કોઈ દિ' ખુશી પ્રમોદ થઈને સાંભળ્યું નથી એણે. આહા..હા..! અરેરે! આહા..હા..! આવો આત્મા! આવો આત્મા! આ ક્યારે પહોંચાય? લે ક્યારે પહોંચાય? છે એને પહોચવું શું? છે એને પ્રાપ્ત કરવું છે. છે એવો ને એવો આત્મા. નિત્ય ઉપયોગના સ્વભાવવાળું જીવદ્રવ્ય. મીઠું ઓગળીને પાણી થાય એમ જીવ ઓગળીને રાગ થાય? હા એ જ્ઞાન, દર્શનમય આત્મા ઓગળે, પરિણમે તો જ્ઞાન, દર્શન અને આનંદ થાય. અંશરૂપે થાય. આખો અંશી આવા અંશરૂપે થાય. આહા..હા..! પણ એ અંશી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું છે. ગજબ વાત છે. કુંદકુંદાચાર્યની શૈલી કેવળીઓના પેટ ખોલીને વાત કરનાર છે. અને એને બેસે એવી વાત છે. પાછી એમ નહિ કે. આહા..હા..! સમજાણું કાંઈ? અભ્યાસ ન હોય એટલે મોંઘુ લાગે. પણ વસ્તુ છે એ તો વસ્તુ રહી છે. વસ્તુ કોઈ દિ' અવસ્તુ થાય? પદાર્થ પોતે અપદાર્થરૂપે થઈ જાય? રાગાદિ તો નિશ્ચયથી સ્વભાવની અપેક્ષાએ તો અપદાર્થ છે. આહા..હા..! એ પરદ્રવ્ય છે. સ્વની અપેક્ષાએ તો અદ્રવ્ય છે. તો દ્રવ્ય અદ્રવ્યરૂપે થાય? સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

'**તારું ચિત્ત ઉજ્જ્વળ કરી...**' એટલે કે જ્ઞાનમાં નિર્મળતા લાવી સ્વભાવ તરફ '**સાવધાન થા...**' એમ કહે છે. આહા..હા..! જુઓ, આમ કર, આમ કર એમ કહે છે. તારે જો ધર્મ કરવો હોય અને આત્માને .. તો આમ કર. બીજી કોઈ રીત છે નહિ. આહા..હા..! પહેલો કષાય મંદ કર અને પહેલા આમ કર અને પછી આમ સાવધાન થા. (એમ નથી). આહા..હા..! '**તારું ચિત્ત ઉજ્જ્વળ કરી સાવધાન થા...**' સાવધાન થા જોયું! સ્વરૂપ તરફની દૃષ્ટિ કર. રાગમાં સાવધાન છો એ સ્વભાવમાં સાવધાન થા. બસ આટલું કરવાનું છે કહે. આ ક્રિયાનું માહાત્મ્ય આવે નહિ, બહારના માહાત્મ્યમાં ચડી ગયા એટલે. આહા..હા..! એને આ ગાંઠ બેસવી મુશ્કેલ. લ્યો! એક પંડિત કહેતો હતો કીધું નહિ આગ્રામાં. ચૈત્ર સુદ તેરશ. ઘણું માણસ થાતું હતું ચૈત્ર સુદ તેરશ. ભાઈ હતાને પાટણીના જોડે હતી શેરી મોટી બહાર મોટી. ઘણું માણસ. એમાં એક પંડિત ઉભો થઈ ગયો હતો. શું નામ હતું? કાંઈક હતું. એક પંડિત હતો લાંબો. બહુત આનંદ કહે. 'કરના ધરના કુછ નહિ.' બહુત આનંદ છે હોં. 'કરના ધરના'

એમ કે આ કરવું, પૂજા ને ભક્તિ ને ફલાણી એ તો વાત જ આમાં ન આવી. એક પંડિત હતો. આહા..હા..! બાપુ! શું કરવું છે? શું કરવું છે અને શું ધારવું છે તારે કહે? આહા..હા..! રાગથી ભિન્ન કરવાનું છે તો એ તારે ધારવાનું છે. એ કરવાનું છે. રાગાદિ કરવાનું તો એ વચ્ચે આવી જાય છે. વચ્ચે રાગ .. હોય તો આવે છે, અને એ કર્તૃત્વ છે અને એ કરું છું. મારું કાર્ય છે એમ નથી. ત્યાં તો મિથ્યાદૃષ્ટિ, આત્માનો અનાદર થઈ જાય છે. સ્વભાવનો વિભાવ કાર્ય. સમજાય છે કાંઈ? આહા..હા..! ત્રિકાળી આનંદનો નાથ. એને દુઃખનું કાર્ય ન હોઈ શકે. સમજાણું કાંઈ? હવે એ લોકોને વાંધા આ ઉઠ્યા છે. સોનગઢ નિશ્ચયની વાત કરે છે. શેઠિયાઓને કેટલાકને ગોઠતું નથી. એ તો વાત તમારા ભક્તિ ને પૂજા ને દાનમાં લાભ થાય એ તો વાત કરતા જ નથી. કહો, શેઠ! આહા..હા..! ભાઈ! એ હોય છે એમ કરીને ખુશી થાવું એ પણ શું? એને એમ કે ભાઈ હોય છે હોં, એમાં હોય છે. એ અત્યારે ખુશી થાય. ઓલા રાગ હોય છે ત્યાં ખુશી થા તો એનો અર્થ તું રાગરૂપ છે એમ આવ્યું. એને .. વચમાં આવ્યા વિના રહે નહિ કે હા. 'લખણ ન બદલે લાખા.' એવું આવે છે. આપણે આવે છેને આ. 'લખણ ન બદલે લાખા.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાખા એ. 'બાર કોષે બોલી બદલે' બાર ગાઉએ બોલી બદલે. 'બાહ કોષે બોલી બદલે, તરુવર બદલે શાખા.' તરુવરની શાખા હોય. .. ધોળા થાય. 'પણ લખણ ન બદલે લાખા.' લાખા તારું લક્ષણ બદલતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! તારું લક્ષણ તો જ્ઞાન અને દર્શન કહ્યુંને. એ લક્ષણ તો લક્ષને બતાવે. એ લક્ષણ રાગને બતાવે? આહા..હા..! રાગ લક્ષણે જ્ઞાન લક્ષણ એમ છે? જ્ઞાન-દર્શન કીધું ને.. લક્ષણ એ તો લક્ષ દ્રવ્યનું બતાવ્યું. નિત્ય ઉપયોગ બતાવ્યો છે. .. જ્ઞાન દર્શન તો ત્રિકાળી. સમજાણું કાંઈ? સમયસારની એક એક ગાથા. ઓહો..હો..!

એ '**સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ. (એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.)**' આવો ઉપદેશ ગુરુઓનો છે કહે છે. આહા..હા..! આવો ઉપદેશ ગુરુઓનો છે. તું રાગ કર અને ફલાણું કર એ ઉપદેશ નહિ એમ કહે છે. મૂળચંદભાઈ! ત્યારે અત્યાર સુધી શું કર્યું બધું આ? ફુલચંદભાઈ કહે આ બધું સાંભળવા મળતું નથી. વાત સાચી. આ તો ઘર પલટો કરી નાખે એવી વાત છે. એમાં પારની તો આ ઉદયની પાર, ઉદય એમાં નથી. ભવમૂર્તિ આવશે આમાં હોં. ભવમૂર્તિ. આહા..હા..!

'**ભાવાર્થ :- આ અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે...**' ઠીક! આહા..હા..! એને ઉપદેશ કરીને સાવધાન કર્યો છે. સમકિતીને સાવધાન કર્યો? સમકિત સાવધાન જ છે. એમ કે સામે ઉપદેશ આવો. સમયસારનો આવો

ઉપદેશ તો એલ.એલ.બી. અને એમ.એ.ને ભણનારને માટે હોય એમ કહે. આહા..હા..! અમારે કાળ પાક્યો નથી, અમે એને લાયક નથી. ..માટે લખ્યું છે કૈલાસચંદજીએ. એ કાંઈક લખ્યું હશે જૈન પંડિત ઓલા ..વાળા નહિ? આવ્યું હતુંને વિદ્યાનંદજીનું કાંઈક આવ્યું હતું. વિરૂદ્ધનું. એટલે આમાં આવ્યું છે લખાણ. એમ કે કૈલાસચંદજી આવું કેમ લખે? ભાઈ અમે તો .. અમે તો પ્રશંસક રહ્યા છીએ વિદ્યાનંદજીના. અમને વાત પણ કરી છે એક ફેરી. તમે તો સમયસારને યોગ્ય, જો સમયસાર આવી જાયને .. શું કીધું હતું? સુગંધ ભળી જાય. એક તો આવી એમ કે આ કથનશૈલીની વિદ્વતા, એમાં જો સમયસાર આવી જાય તો સોનામાં સુગંધ ભળે. પણ સોનું કે દિ' હતું? એ આમાં ટીકા કરી છે. .. ત્યારે એણે કહ્યું ભાઈ મેં તો આમ કહ્યું. તમે તો સમયસારને યોગ્ય છો, તમે સમયસાર ભણો. એમ લખ્યું છે. સમજાણું? સમયસાર આવ્યું તો ખરું સમયસાર. જુઓ, 'હમ તો વર્ષો સે ચાહતે હૈ કિ મુનિશ્રી સમયસાર કે પ્રવક્તા બને.' એટલું તો આવ્યું હવે સમયસારનું.

મુમુક્ષુ :- બધા મુનિએ સમયસારનું પ્રવક્તા થવું જોઈએ એમ

ઉત્તર :- આ કૈલાસચંદજીએ લખ્યું છે. જૈનસંદેશ. 'હમ તો વર્ષો સે ચાહતે હૈં કિ મુનિશ્રી સમયસાર કે પ્રવક્તા બને, હમને સ્વયં ઉનસે યહ પ્રેરણા કી થી. ઐસા હોને સે એક બહુત બડે અભાવકી પૂર્તિ હોગી.' આહા..હા..! આ બધી પ્રરૂપણા તમારી રાગથી અને બહારની છે. નવનીતભાઈ! આહા..હા..! 'યહ દીન જૈન ઇતિહાસમેં ઉલ્લેખનીય હોગા કિ એક દિગંબર જૈન મુનિ સમયસાર કે અધ્યાત્મકી આત્મસાત કરકે, અધ્યાત્મ કા પ્રવચન કરે.' આહા..હા..! 'મુનિ વિદ્યાનંદજી મેં વૈસા બનનેકી યોગ્યતા હૈ.' એમ કરીને પાછું સારું લગાડવું છેને. 'હમ ઉનકે પુરાને પ્રશંસક હૈ. કિન્તુ આંખ બંધ કરકે નહીં.' એટલું તો આવ્યું આપણા સમયસારનું.

મુમુક્ષુ :- સમયસારના પ્રવર્તક બનો.

ઉત્તર :- બનો. મુનિઓને એમ કહે છે.

મુમુક્ષુ :- અભાવ હતો એટલે કબુલ કર્યું.

ઉત્તર :- વસ્તુ તો એ છે. આહા..હા..!

કર્યો છે. '**અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનો માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે કે જડ અને ચેતન દ્રવ્ય--એ બન્ને સર્વથા જુદાં જુદાં છે,...**' સર્વથા જુદાં જુદાં. કથંચિત્ જુદા અને કથંચિત્ એક એમ નહિ. ત્યાં અનેકાંત કરવું છે? સર્વથા જુદા છે અને એકરૂપ છે નહિ. આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પો અને ભગવાન નિત્ય ઉપયોગી આત્મા એ સર્વથા જુદા છે. '**કદાચિત્ કોઈ પણ રીતે એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે;...**' લ્યો! એમ સર્વજ્ઞ ભગવાને દીઠું છે કે નિત્ય ઉપયોગ સ્વરૂપ દ્રવ્યસ્વભાવ એ અણુપયોગ રાગરૂપે કોઈ દિ' થતો નથી, થયો નહિ અને થશે નહિ. એમ ત્રિલોકનાથ

તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ દીઠું છે એમ તું જો ત્યારે તું સાધર્મી અને સમકિતી થશે.

**'માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે;...'** રાગને પોતાનો માની. રાગથી મને લાભ થાશે, પુદ્ગલ અંધકારથી પ્રકાશને લાભ થશે. એ છોડી દે. આહા..હા..! **'વૃથા માન્યતાથી બસ થાઓ.'** એવી જૂઠી માન્યતાથી અલં. એમ કહે છે. આહા..હા..! ભારે કામ પણ. ભગવાન આખો બિરાજે છે ચૈતન્ય સત્તા ધ્રુવધામ. એવા ધ્રુવમાં રાગનો પ્રવેશ નહિ અને ધ્રુવ રાગમાં આવતો નથી. ભિન્ન બેય સર્વથા છે. એમ કહીને વૃથા માન્યતા, રાગ મારો અને એનાથી લાભ થાય એ જૂઠી માન્યતા. બસ થાઓ, પૂરો પડો તારી માન્યતામાં હવે. સમજાણું કાંઈ? **'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :--'** લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૩

**(मालिनी)**

**अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**
**अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।**
**पृथगथ विलसन्तं स्वं समालोक्य येन**
**त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।**

**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :- [अयि] 'अयि' એ કોમળ સંબોધનના અર્થવાળું અવ્યય છે. આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ! તું [कथम् अपि] કોઈપણ રીતે મહા કષ્ટે અથવા [मृत्वा] મરીને પણ [तत्त्वकौतूहली सन्] તત્ત્વોનો કૌતૂહલી થઈ [मूर्तेः मुहूर्तम् पार्श्ववर्ती भव] આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત [બે ઘડી] પાડોશી થઈ [अनुभव] આત્માનો અનુભવ કર [अथ येन] કે જેથી [स्वं विलसन्तं] પોતાના આત્માને વિલાસરૂપ, [पृथक] સર્વ પરદ્રવ્યોથી જુદો [समालोक्य] દેખી [मूर्त्या साकम्] આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય સાથે [एकत्वमोहम्] એકપણાના મોહને [झगिति त्यजसि] તું તરત જ છોડશે.**

**ભાવાર્થ :- જો આ આત્મા બે ઘડી પુદ્ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે (તેમાં લીન થાય), પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતીકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે. ૨૩.**

**જેઠ સુદ -૩, બુધવાર, તા. ૧૪-૦૬-૧૯૭૨**
**કળશ-૨૩, પ્રવચન-૯૭**

કળશ છે. ૨૫ ગાથાનો. ૨૩મો બાકી છેને? ખબર છે? ૨૩ કળશ. જીવ-અજીવ અધિકાર.

**(मालिनी)**

**अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**
**अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।**
**पृथगथ विलसन्तं स्वं समालोक्य येन**
**त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।**

શું કહે છે? **'એ કોમળ સંબોધનના...'** **'अयि'** છેને? **'अयि'** સંબધોન કરૂણાથી, કોમળતાથી કર્યું છે કે હે જીવ! **'તું કોઈ પણ રીતે મહા કષ્ટે...'** એટલે પુરુષાર્થથી. આ અજીવથી જીવને જુદો અનુભવ એમ કહેવું છે. લ્યો આ શરૂઆત થાય છે આ. **'कथम् अपि'** **'કોઈપણ રીતે...'** પુરુષાર્થ દ્વારા અંદર ચૈતન્ય ભગવાન અજીવથી તદ્દન જુદો છે. જીવ-અજીવ અધિકાર છેને. અને કરવાનું પણ એ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ કેમ થાય એ અજીવથી જીવને જુદો જાણતા મરીને પણ. મરીને તો કાંઈ થાય નહિ, પણ એમ કે ગમે તેટલો પુરુષાર્થ થાય, પણ પુરુષાર્થ અનંત-અનંત કરીને પણ. **'मृत्वा'** એવો પણ એક શબ્દાર્થ છે. માયા, મોહથી ભ્રષ્ટ થઈ પરની સાવધાન તરફથી છૂટવા મરીને એટલે મહાપુરુષાર્થ દ્વારા **'तत्त्वकौतूहली सन्'** એ ચૈતન્ય તત્ત્વ શું છે આ તે? એનો એકવાર કુતૂહલ તો થા. એમ કહે છે. જગતની નવી ચીજ જોવામાં જેમ કુતૂહલતા કરે છેને? રાણી ઓજલમાં હોયને બહાર નીકળે, કોઈવાર પચાસ વર્ષે. જોવા નીકળે લોકો ઓહો..! શું છે? એમ એકવાર આ ચૈતન્ય ભગવાન પુણ્ય-પાપની આડમાં અને વર્તમાન પર્યાયની રુચિની આડમાં ઓજલમાં છે પ્રભુ. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવમાં, કાં વર્તમાન અનંત ગુણની પ્રગટ અવસ્થા જે વ્યક્ત છે એની રુચિની આડમાં ચૈતન્ય ભગવાન અંદર ગુપ્ત છે, ઓજલમાં છે.

તેને '**તત્ત્વોનો કૌતૂહલી થઈ...**' આ ચૈતન્ય તત્ત્વ પરમાત્મા છે, પૂર્ણાનંદ છે એમ જે કહે છે કે આટલા શરીરમાં હોવા છતાં અનંત બેહદ જ્ઞાન અને અનંત આનંદ છે, આ શું છે આ તે? કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! '**तत्त्वकौतूहली सन्**' એક તો તત્ત્વનો કોતૂહલી થઈને. પરને તો જોવાનો અભ્યાસ અનાદિનો છે કહે છે. પણ એ ચૈતન્ય તત્ત્વ એના બેહદ આનંદ અને બેહદ જ્ઞાન એની એક એક શક્તિ બેહદવાળી. એવી અનંતી શક્તિવાળું આ શું છે? સમજાણું કાંઈ? લ્યો આ પહેલું મંગળિક ચાલે છે. ભાઈ! તું કેવડો છો? તને સંભળાવીને કહીએ છીએ પ્રભુ છો. ચૈતન્ય છો. ચૈતન્ય છો એટલે પૂર્ણ છો. પૂર્ણ છો એટલે? એમાં અપૂર્ણતા અને વિપરીતતા એમાં નથી. એવી ચીજ છે એ. તો એ ચીજને એકવાર કુતૂહલ તો કર શું છે આ તે? અંતર જોવાનો કૌતૂહલી થા એમ કહે છે. કહો, સમજ્યા? આહા..હા..!

કોઈ ચીજ વ્હાલી લાગે તો એને ઝીણી નજરે કરીને જોવે. ટગ ટગ કરીને જોવે. કરે કે નહિ? શું છે આ? ચિતરામણ હો, કે ચિત્ર હો કે એવા ચિત્ર ઘણી જાતના આવે. શું છે આ? એમ આ ભગવાન અનંત વિચિત્ર ચિત્ર બિંબનો ભંડાર. ચિત્ર એટલે અનેક. એ શું છે? જીવ-અજીવ અધિકાર છેને. એને કુતૂહલ થઈને '**मूर्तेः मुहूर्तम् पार्श्ववर्ती भव**' '**આ શરીરાદિ...**' '**भव**' એટલે શરીરાદિ. '**મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત...**' આ મૂર્ત દ્રવ્ય જે જડ. રાગાદિ મૂર્ત છે, અચેતન છે. શરીરાદિ અચેતન છે અને એનું લક્ષ કરતાં રાગનું લક્ષ પણ છૂટી જાય. એ બધા મૂર્ત દ્રવ્ય છે ખરેખર. આહા..હા..! એ '**આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો...**' '**भव मूर्तेः**'નો અર્થ કર્યો એ. '**मुहूर्तम्**' '**એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ...**' એમ. '**पार्श्ववर्ती**' છેને? પાડોશી થઈને ઘડી કહે છે. આહા..હા..! વસ્તુ તો છે. અનંત આનંદ અને અનંત શાંતિ... શાંતિ... શાંતિ... અનંત સુખસ્વરૂપ, અનંત શાંતસ્વરૂપ. શું છે આ તે? આટલા આટલા વખાણ શાસ્ત્ર કરે છે. સંતો વખાણે છે. પોકાર કરીને આ રીતે જગાડે છે, છે શું પણ આ? એય..! શાંતિભાઈ! આવી વાત છે આ. બીજું બધું પડતું મૂક કહે છે. કીધુંને? '**पार्श्ववर्ती**' થા એનો અર્થ થયોને. છોડી દે બધું ઈન્દ્રિયમાંથી લક્ષ. શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ બધાય મૂર્ત પદાર્થ છે. એનો કૌતુહલી થઈને બે ઘડી પાડોશી થા. એનો અર્થ કે ભિન્ન થા. કહો, ગીરધરભાઈ! લ્યો જીવને ધર્મ કરવાની આ રીત.

કહે છે એ '**પાડોશી થઈ...**' એટલે '**पार्श्ववर्ती**' એટલે? કરવટ બદલી દે. આમ જે છે પડખું આમ હોયને પછી ખાટલા આડે શરીર .. એમ તારી દૃષ્ટિ અનાદિની શરીર ઉપર અને રાગ ઉપર અને એક સમયની અવસ્થા ઉપર છે. એ .. આ શું છે ત્રિકાળી ચીજ? પણ એ બધાનો બે ઘડી અંતરમાં ભિન્ન થઈને એને પડખેથી ખસી જા એમ કહે છે. સમજાણું કાંઈ? એને પડખેથી ખસી જા અને સ્વરૂપ ભગવાન શું છે આ? એને પડખે જા અંદર.

કહો, ..ચંદજી! આવો ધર્મ કરવાનો ભારે .. ઓલા રાડેરાડ પાડે છે. જૈનગેજેટમાં ખૂબ આવ્યું છે આ. સોનગઢીયા શરીરની ક્રિયાથી પણ માનતા નથી, વ્યભિચાર થાય એને માનતા નથી. એનો અર્થ શરીરથી અસંગ આત્મા ભિન્ન માને છે. .. તમારે જૈનગેજેટ આવ્યું છે. આહા..હા..! પણ શરીર જડ છે ભાઈ! એની સમય સમયની પર્યાય પણ જડ છે. એને લઈને આત્માને, પુણ્ય, પાપ અને ધર્મ ત્રણે ન થાય. .. ગાથામાં નથી આવ્યું? .. શરીરાદિ પરદ્રવ્ય છે એની ક્રિયાથી પુણ્ય માને, ધર્મ માને, પાપ માને એ તદ્દન ખોટી વાત છે. ૨૦૦ ગાથા પછી ૧૩૭ કળશ છે. ... અર્થ. શરીરાદિ પરદ્રવ્યની ક્રિયાથી અને શુભભાવથી મોક્ષ માને મૂઢ છે. એમ શરીરાદિની પરક્રિયાથી અને અશુભભાવથી જ બંધ માને અને સાથે શુભભાવથી બંધ ન માને એ મૂર્ખ છે કહે. આહા..હા..! સમજાણું? ૨૦૦ ગાથા. આ કહે નહિ. પરદ્રવ્યની ક્રિયાને તમે વ્યભિચાર ઠરાવીને બ્રહ્મચર્ય પાળે એનું કાંઈ નહિ? પણ શરીરની ક્રિયા છે. એ તો જડ છે. એમાં તારો ભાવ ભળે શુભ-અશુભ એનાથી શુભથી મોક્ષ માને અને અશુભથી બંધ માને. એમ બેયથી બંધ છે એ વાતનો ખ્યાલ નથી. આહા..હા..! બહુ સરસ અર્થ કર્યો છે જયચંદ પંડિતે. આહા..હા..! ... હોય નહિ. તોડી નાખે .. કરી નાખે. ... અરે ભગવાન! ... જૈન ગેજેટ. આગ્રામાં તો .. ભાઈ! .. કરે .. અરે પ્રભુ! શું કરે છે આ? ભાઈ! તને તારી ખબર નથી. શરીરની ક્રિયા હોય એ ક્રિયા જડની છે. એનાથી જીવને પુણ્ય થાય? એનાથી પાપ થાય? એનાથી ધર્મ થાય? ... આ તો જડ પરમાણુની પર્યાય જે સમયે જે પ્રકારે થાય તે થશે, એનાથી તો પુણ્ય પણ નથી, પાપ પણ નથી અને ધર્મ પણ નથી. એમાં ભળતો ભાવ શુભ દયા, દાન, વ્રતનો .. ભાવ તે શુભ છે અને હિંસા, જૂઠું, ચોરી આદિ અશુભ છે બેય બંધ છે. અહીં તો બંનેથી પડખે ચડી જા એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ, શું કહે છે? '**(બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર...**' એમ કહ્યું. હવે એનો અર્થ શું થયો? ખરેખર તો છઠ્ઠી ગાથામાં એમ કહ્યુંને કે પરદ્રવ્યના લક્ષને છોડી, સ્વદ્રવ્યની ઉપાસના કરતા. ...માં પરદ્રવ્યનું લક્ષ છૂટતાં, રાગનું લક્ષ છૂટ્યું એક સમયની પર્યાય તરફનો ઝુકાવ છૂટ્યો. એમ એનો અર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથા છે નહિ કાંઈ? અગિયારમી છઠ્ઠી જરી ઝીણું પડે. શેઠિયા આવે .. આવેને પુણ્ય-પાપ અશુચિ છે. મેલ છે, જડ છે, દુઃખ છે. લોકો કહે .. ભગવાન આત્મા અતિનિર્મળ છે, ચૈતન્ય સ્વભાવી છે, સુખરૂપ છે. બેનું ભેદજ્ઞાન કર. .. એ જ કહેવું છે. '**ભવ મૂર્તેઃ**' શરીર સંબંધીથી છૂટનો અર્થ જ એ થયો. શરીરના લક્ષથી છોડ તો એનો અર્થ થયો કે સ્વના લક્ષમાં આવ, એનો અર્થ કે રાગ અને પર્યાયનું લક્ષ પણ છૂટી જાય છે. ભારે ગાથા! કહો, શશીભાઈ! આ કરવાનું છે હોં. નવા .. ખબર નહિ. ... એ .. બધામાં જઈ .. લ્યો! આ .. આપણા

આશીર્વાદ લ્યો .. થઈ જશે. .. આ લોકો એમ કહે હા-ના એના મોઢે પડાવવી એ કરતા અમારા ભાવ છે એવું શરૂ થયું છે. .. આવે છે. ... ૫૦-૫૦ લાખ, ૬૦-૬૦ લાખના.. એકને ૬૦ લાખ રૂપિયા અને એકને ૫૦ લાખ રૂપિયા. બે છે. એ તો એના પ્રમાણમાં ભાવ હોય. પોતાના ઘરનું મકાન બનાવે તો કેવું સારું બનાવે? આહા..હા..!

અહીં તો કહે છે કે એ ક્રિયાઓ થવાની તે કાળે થાશે અને તારામાં શરીર અને શરીરનું લક્ષ છૂટતા તને આમ શરીર તરફના વલણવાળો શુભ-અશુભભાવનું લક્ષ પણ છૂટી જશે તને. અરે! એનો અર્થ એ થયો કે વસ્તુ જે છે અખંડ અભેદ એના ઉપર તારી દૃષ્ટિ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! .. તો લાખો માણસને ... આવી ગયા છેને. લાખો માણસ વ્યાખ્યાનમાં. ઘણી જાતની વિચિત્રતા. બાકી માર્ગ આ છે. ‘લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.’ આવે છેને છ ઢાળામાં. ..ની વાત કર, લાખ કરોડની વાત કર પણ વસ્તુ એક-બે ઘડી હોં કહે છે. અંતરની દૃષ્ટિ કેળવ. અને અંતર ભગવાન અંતર્મુખ પરમાત્મા પોતે છે એને પરનો પાડોશી થઈને અંતરમાં જો. જો એટલે અનુભવ. સમજાણું કાંઈ? મારે ભારે! એમાં કરવું શું એમ આવતું નથી. પણ આ કરવાનું નથી આવતું? બહારનું કાંઈ કરવાનું હોય કે આ કરો.. આ કરો.. આ કરો.. મંદિર બનાવો. પૂજા, ભક્તિ. બહારની ક્રિયા છે. શુભભાવ હોય ત્યારે એ હોય અને ન પણ હોય. સમજાણું કાંઈ?

અહીં તો જેને પડખે ઉભો છો એ ચીજ જ નથી તારી. તેમ એક અંશ જે વર્તમાનદશાનો છે એમાં આખો તું આવતો નથી અને એ અંશને જ માનવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. મારા હવે એ પ્રશ્ન ઉઠે કે આ લોકો કહે છે કે દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. વસ્તુની દૃષ્ટિનો દ્રવ્ય જ છે. તો કહે નહિ તત્ત્વાર્થ શ્રદ્ધાન. સંવર-નિર્જરા પણ સમ્યગ્દર્શનનો વિષય પર્યાય છે. એય..! નહિ. ખૂબ આવ્યું છે આ ગેજેટમાં. અહીંને માટે છેને ગેજેટ પણ ભાઈ સાંભળને. એ ધ્રુવની દૃષ્ટિ થતાં એમાં એ પર્યાયો નથી એવું અંદર જ્ઞાન આવી જાય છે. આહા..હા..! અસ્તિ આ છે અને આ એમાં નથી. એવું અંદર જ્ઞાન શ્રદ્ધામાં આવી જાય, ભાઈ! તને ખબર નથી. તત્ત્વાર્થ શ્રદ્ધાનની જ્ઞાન પ્રધાનથી વાત કરી છે. દર્શન પ્રધાનથી આવે તો એકલો દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય. વિષય કરનાર તો પર્યાય છે. હવે પર્યાય પણ વિષયના વિષયમાં આવી જાય તો વિષય કરે કોણ? ત્યારે કહે સાત તત્ત્વમાં છેને. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. સાંભળને. એમાં જીવ વસ્તુ છે નિત્ય એનું અંતર ભાન થતાં અજીવ અને આ પર્યાયો નથી એવું જ્ઞાન થાય છે ત્યારે એને તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે! કહે છે, ભાઈ! જુઓને આ શરીર. જુવાન જુવાન .. રોગ ને હાર્ટ ફેઈલ ને કંપવા. આ ઉંઘીને ઉભા થાય ત્યાં કહે ક્ષય. આવા શરીર હવે એમાં શું છે? આહા..હા..! આ ઓલો છોકરો .. .. હતું. મારે આ તે ગજબ વાત છે. રજકણ જગતની ચીજ છે એને

.. એની પર્યાયને કારણે છે ભાઈ! યુવાન અવસ્થામાં આ રોગ. આવી દશા બાપુ જડની છે ભાઈ! એમાં ક્યાંય મલકાવા જેવું નથી અને એમાંથી શોક કરવા જેવું નથી. આહા..હા..! ઠીક હોય તો મલકાવું અને અઠીક હોય તો શોક એ બેય નથી. એ તો પરચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મલકાવું સમજાણું? ખુશી થવું. અને શોક એ તો રાગ-દ્વેષ થયો. આહા..હા..! એ એમ કહે છે શરીરની ગમે તે સ્થિતિ હો, તેનાથી પ્રભુ એકવાર લક્ષ તો છોડ અને તારી ચીજમાં લક્ષને કર. પાડોશી થઈ જઈશ તું. ભારે ધર્મ ભાઈ! ધર્મની રીત આ છે. ધર્મદાસજી! આહા..હા..!

અરે! એક મુહૂર્ત ખસીજાને થોડીવાર. તને અંદર ભગવાન ભાળશે એમ કહે છે. શરીર અને પુણ્ય-પાપના રાગને પડખેથી છૂટી જા. શાંતિભાઈ! આ કરવાનું છે આ. બધું ઘડિયાળ, બડિયાળ અને ડહાપણ બધું નકામું છે. આહા..હા..! એમ કે એટલેથી હા પાડી .. આહા..હા..! અરે! ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ. એ નહોતું કહ્યું ઓલા નાટક. ડાહ્યાલાલ ભાવસારનું નાટક હતુંને. ત્યાં હતું ભરૂચમાં. જ્યારે .. દુકાને હતાને પહેલા. ભરૂચમાં થાતું. આઠ દિ'માં ત્રણવાર થાય. એક એક રાતના ૧૫૦૦-૧૫૦૦ રૂપિયા તે દિ' હોં! ૬૩-૬૪ની સાલ. નાટક એવું થાતું ડાહ્યાભાઈ. મેં જોયેલા છે. નાટક ગયા જોવા ત્યારે ટિકિટ લીધી ત્યારે ડાહ્યાભાઈ ઉભા હતા. લાંબા હતા. વૈષ્ણવ હતા. ડાહ્યાભાઈ ધોળશા ભાવસાર નાટક બનાવે. આઠ દિ'માં સાડા ચાર હજાર તે દિ'. પછી મરવા પડ્યા ત્યારે એવી સ્થિતિ. ત્યારે કહે છે પોતે એ ડાહ્યા તારું ડહાપણ ક્યારે કહીએ? અત્યારે શાંતિથી દેહ છોડ તો. તે બધા નાટક બાટક કર્યા. અંદરમાં આવ તો શાંતિ થશે. બાકી શાંતિ છે નહિ. આહા..હા..!

કહે છે અરે પ્રભુ! તું કોણ છો એનું કુતૂહલ તો કર. એમ કહે છે. તારું દ્રવ્ય જે છે વસ્તુ એ પ્રગટ નથી પર્યાયમાં. પર્યાય એક અવસ્થા છે એ પ્રગટ છે અને આખી ચીજ તે પર્યાયની અપેક્ષાએ પ્રગટ નથી, વસ્તુ અપેક્ષાએ પ્રગટ છે. શું કીધું? છેને. વસ્તુ અસ્તિ છેને સત્તા. પૂર્ણાનંદનો નાથ જ્ઞાનપિંડ અસંખ્ય ગુણનો રસકંદ અરૂપી છતાં મહાપદાર્થ છે. ૯૨મી ગાથામાં આવે છેને પ્રવચનસારની. અણિન્દ્રિય મહાપદાર્થ ધ્રુવ-ધ્રુવ એક જ શરણ છે. એક તો એમ ધ્રુવ છે. એક વસ્તુનું શરણ છે. અધ્રુવને શરણે .. પછી ગાથામાં દેહ દવિણ શબ્દ છે ત્યાં. ૧૯૩. દેહ અને દવિણા. દેહ અને દવિણા એટલે આ દ્રવ્ય. બધું અધ્રુવ છે. એમ કહ્યું. એ જ્ઞેય અધિકાર. એ જ્ઞેયો બધા અધ્રુવ છે. તારો જ્ઞેય અંદર ત્રિકાળી ધ્રુવ છે.

કહે છે '**(બે ઘડી) પાડોશી થઈ...**' પડખેથી ખસી રાગ અને શરીરના લક્ષથી ખસી. એમ કહે છે. અનુભવ. ભગવાન આત્મા જે અનાદિથી રાગનું અને દ્વેષનું વેદન છે એને. અનાદિથી એને રાગ અને દ્વેષનું વેદન છે. પરનું નહિ, તેમ સ્વનું નહિ. રાગ અને દ્વેષ...

રાગ અને દ્વેષનો ભોગ છે એને અનુભવ. શરીરનો અનુભવ નથી. શરીર તો જડ છે એનો અનુભવ એને શું હોય? એમાં થતો પ્રેમ અને શરીરમાં થતો દ્વેષ પ્રતિકૂળ રોગ આદિ વખતે. એને એ દ્વેષ અને રાગનું વેદન છે. તો હવે એકવાર એનાથી ખસી જા. તો તને આત્માનું વેદન આવશે એમ કહે છે. સમજાણું કાંઈ? આ શું તમારા ધંધામાં કાંઈ ઘડિયાળ બડિયાળનું વેદન નથી તમને. ..માં .. વેદન નથી. અંદર વિકલ્પ ઉઠે છે એનું વેદન છે. વિકલ્પ વૃત્તિ રાગ-દ્વેષ એનું વેદન છે. તો હવે એકવાર એમાંથી ખસીને આત્માનું વેદન કરને. એમ અનુભવ એટલે એમ કહે છે. કુતૂહલતા શું આ તે. અંદર. મહાપદાર્થ જેની વાણીમાં. સર્વજ્ઞની વાણીમાં પૂરું રૂપ ન આવે. એવો આ પદાર્થ અને તે એવડું હું એવું કેમ બેસે? એક સમયની પર્યાયની દૃષ્ટિવાળાને રાગના પ્રેમવાળાને આવો એક આત્મા અંતરમાં પ્રગટ છે. (એ કેમ બેસે)

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર્યાય એમ કહે છે. એ તો કહ્યું હતું કાલે નહિ? પર્યાય કહે છે કે આ નવ પ્રકારની પર્યાય તે અત્યંત ભિન્ન હું શુદ્ધ છું. પર્યાય એમ કહે છેને. ધ્રુવને શું છે? કાલે આવ્યું હતુંને એ. એમ દરેકમાં છે. પર્યાય એમ કહે છે. વેદન પર્યાયમાં છેને. તો પર્યાય એમ કહે છે કે નવ તત્ત્વનો વ્યવહારિકભાવ એનાથી હું અત્યંત ભિન્ન છું, અત્યંત જુદો છું. એ જુદો છું અત્યંત એ કાંઈ ધ્રુવ નથી જાણતું. પર્યાય પોતે એમ જાણે છે કે હું આ બધી પર્યાયને હુંથી એ જુદો એમ એ જાણે છે. અરે! મૂળચંદજી! આહા..હા..!

મુમુક્ષુ :- એમ જ હોયને.

ઉત્તર :- એમ જ હોયને. કાર્ય તો વેદનની પર્યાયમાં છે કે જડ એ તો ધૂળ છે. સંસાર છે એ વિકારી વેદન. મોક્ષમાર્ગમાં અવિકારીને થોડો વિકાર ગૌણપણે વેદન, સિદ્ધમાં પૂર્ણ અવિકારી વેદન છે. કહે છે આવું માણસને એવું લાગે. પણ એમાં કાંઈક આવું કરીએ શરીરની ક્રિયા, કાંઈક આવું કરીએ તો કદી જુદા પડાયને. એ તો માણસનો અર્થ જ એ છેને અજ્ઞાની. આહા..હા..!

**'અનુભવ કર...'** આહા..હા..! અનુભવ. ભગવાન વસ્તુ અંદર ધ્રુવ ચૈતન્ય આનંદકંદ છે, અમૃતનો સાગર તું છો ભાઈ! એમાંથી એ ટીપું કાઢીને વેદન કર. બધું તો બહાર નહિ આવે પર્યાયમાં એમ કહે. સમજાણું કાંઈ? પણ અનુભવ થોડો. આખી ચીજ આ છે. અનુભવમાં આનંદનો અંશ એ તો ત્રિકાળી અનંત આનંદની આગળ અંશ છે. પણ એ અંશને અંશ દ્વારા આખી ચીજને અનુભવ એમ કહેવું છે. શાંતિભાઈ! શું કરવું આમાં? અરે ભારે આકરો ધર્મ છે! લોકો એક જણો એમ કહેતો હતો. ભારે આકરો ગોત્યો છે. ગોત્યો છે કોણે? આવું સ્વરૂપ જ છે. ઓલું બહારથી માન્યું હતુંને દયા પાળવી, વ્રત કરવા. એ ઇંદોરમાં દીક્ષા આપી સ્થાનકવાસીમાં બે મોટી દીક્ષા. ધામધુમ. આ વૈરાગી. અરે ભાઈ! ભાઈએ નહોતું

કહ્યું. વીંછીયા વ્યાખ્યાનમાં આવ્યા હતા. લીલાધરનો દીકરો આવ્યો હતો. લીલાધર પ્રેમચંદ, પ્રેમચંદ હેમચંદ હતા મોટા મોટા. .. ગૃહસ્થ અમે ગયા હતા. .. ગૃહસ્થ છે મોટા. બહુ આબરૂદાર. હેમચંદ. .. લીલાધર એનો દીકરો આવ્યો હતો. સાંભળ્યો .. પગે લાગ્યો. .. મારી ભત્રીજી દીક્ષા લે છે તો આવ્યો છું. આહા..હા..! આ વાત સાંભળતા પ્રેમ થયો. દીક્ષા. કોની દીક્ષા પણ? ભાન વિના મૂઢ. અભિમાન છે દીક્ષા.

કહે છે **'એક મુહૂર્ત આત્માનો અનુભવ કર...'** **'अथ येन'** **'કે જેથી...'** એમ. **'अथ'** કે **'येन'** **'જેથી...'** એમ. આ કારણે. **'स्वं विलसन्तं'** **'પોતાના આત્માને વિલાસરૂપ,...'** આનંદરૂપ તને અનુભવાશે. આહા..હા..! **'स्वं विलसन्तं'** **'પોતાના આત્માને વિલાસરૂપ,...'** આનંદનો વિલાસ ત્યાં છે. આહા..હા..! આ રાગ અને પુણ્યનો વિલાસ એ હરામની. આ આત્મરામની રમણતાની વાત છે. આહા..હા..! કહે છે **'स्वं विलसन्तं'** જોયું! **'પોતાના આત્માને વિલાસરૂપ,...'** અનુભવ. એમ. ઓલો રાગનો અને પુણ્યનો વિલાસ તો અનુભવ્યો તે અનાદિથી હવે. એ તો અનુભવ તો એણે કર્યો જ નથી કાંઈ હોં. નથી કરી શકતો. એની સત્તામાં, એના હોવાપણામાં ફેરફાર રાગ-દ્વેષ કરે .. કરે. પણ જ્યાં હોવાપણું એનું નથી એમાં શું કરે? જેમાં આત્માનું હોવાપણું નથી, એમાં એ શું કરે? આહા..હા..!

મુમુક્ષુ :- અનઅધિકાર થયો.

ઉત્તર :- માન્યતા છે. કળશમાં. ત્યાં પણ જીવ શરીરથી ધર્મ થાય કે નહિ? એ વાત આમાં મૂકી છે. આહા..હા..! શરીર જીવતું છે એને જડ કહે છે કહે. આહા..હા..! એ તો નિમિત્તથી એને કહ્યું છે સચેતન શરીર. આ વનસ્પતિને કહે છેને સચેતન. એ તો ઓલો નિમિત્ત ચેતન છે એટલે સચેતન કહો. શરીર ચેતન છે? શરીર તો અચેતન છે. આહા..હા..! સચેત જીવ નથી આવતું? સચેત જીવ, અચેતજીવ આવેને? શરીર સચેત જીવ કહેવાય. પણ કઈ અપેક્ષા? ઓલો જીવ અંદર છે એથી શરીરને સચેતનો આરોપ કરીને કથન છે. પણ એ જીવ સચેત છે એ શરીર સચેત થઈ જાય? દયા પાળો, દયા પાળો આવે છેને એય..! પ્રકાશચંદજી! દયા પાળો.. દયા પાળો. અરે ભગવાન! કોની પાળે બાપા! સચેત શરીરને હણાય નહિ, આમ ન થાય, અચેત આહાર લો ધર્મ થાય. આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રાસુક આહારનો ગ્રહણ-ત્યાગ જ સ્વરૂપમાં નથી. સદોષને છોડું અને નિર્દોષને લઉં એવું સ્વરૂપમાં જ નથી. પરના ત્યાગ-ગ્રહણથી પ્રભુ શૂન્ય છે. આહા..હા..! શું થાય? અરે! પરમસત્ય પણ કેમ બેસે? એટલે વિરોધ આવે, બાપા! એ વિરોધ તું સત્યનો નથી કરતો, તને નથી બેસતું એનો કરે છે. આ સત્ય તો સત્ય જ છે. એ સત્ ઉંધું માને એથી કાંઈ અસત્ થઈ જાય? એનો વિરોધ અત્યારે કરે કોણ? આહા..હા..! કહે છે અરે! બે ઘડી **'स्वं विलसन्तं'** એમ કહે છે. **'स्वं'** છેને? **'अथ येन'** **'કે જેથી...'** આ રીતે

જો અનુભવ કર કે જેથી '**स्वं विलसन्तं**' તને આત્માનો વિલાસ દેખાશે એમ કહે છે. આહા..હા..! કેવો? '**पृथक समालोक्य**' '**સર્વ પરદ્રવ્યોથી જુદો...**' રાગાદિ પણ પરદ્રવ્ય છે એનાથી જુદો. સર્વ છેને? પૃથક્. '**पृथक**' શબ્દ સર્વ લીધું જુદો. '**समालोक्य**' '**દેખી...**' એટલે અનુભવીને. '**समालोक्य**' સમ્યક્ પ્રકારે આલોચન. આનંદનું વેદન. સમસમાલોક્ય. '**स्वं विलसन्तं समालोक्य**' એમ ભાષા છેને? '**स्वं विलसन्तं**' પૃથક્ '**समालोक्य**' આહા..હા..! ભાઈ! '**स्वं विलसन्तं**' તારો આત્મા વિલસતો અંદર ભિન્ન છે. રાગથી અને શરીરથી વિલસતી રમતો એ સાહેબો તારો અંદર ભિન્ન છે. '**स्वं विलसन्तं**' આહા..હા..! પોતાનો વિલાસ જોને. અને વિલાસ છો. પોતાનો વિલાસવાળો આત્મા તને અનુભવાય છે. જેમાં રાગ અને પુણ્યનો વિલાસ છે નહિ. એવો છે એ પોતામાં વિલસતો, રમતો. આનંદમાં રમતો એવો આત્મા તને ભાસશે. સમજાણું કાંઈ? રમતા આનંદ હોરા. આવે છેને. 'ખગ પદ ગગન જો ખોજે સો ભોરા.' આકાશમાં પગલા ગોતવા જાય પંખીના. લીસોટા પડ્યા હશે ક્યાંક. ધૂળમાં પણ એમ આમ. આમાં હોય તો પડે જરી ધૂળ હોય તો. જરી પડે છે. ઓલો છોકરો લે છેને ચોરને પકડવાના. એ હાથ જ્યાં પડ્યા હોય એનો ફોટો લઈ લે. એ હાથ દેખાય એને. ત્યાં હશે ઉપર. માછલું ચાલે પાણીમાં. બેય થઈ ગયું ઊર્ધ્વ અને નીચે. પાણીમાં .. ચાલે પગલા ન હોય. પંખીના પગલા આકાશમાં ગોતે મૂર્ખ છે. એમ પાણીમાં મચ્છના પગલા ગોતે મૂર્ખ છે. એમ આત્માને પુણ્ય-પાપમાં અને શરીરમાં ગોતે એ મૂર્ખ છે. 'ચિત્ પંકજ ખોજે સો ચિહ્ન હૈ.' જ્ઞાનરૂપી કમળ અંદર ભગવાન ખીલેલું પડ્યું છે એને ખોજે તો 'રમતા આનંદ ભોરા.' આનંદરૂપી ભમરો ત્યાં રમે છે. એ એક ...

'**स्वं विलसन्तं પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો...**' '**समालोक्य**' અનુભવીને. '**मूर्त्या साकम्**' '**આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે...**' એમ. '**मूर्त्या**' એટલે મૂર્તિક. પુદ્‌ગલ એટલે સાથે. આમ જો કરીશ તો '**एकत्वमोहम् झगिति त्यजसि**' રાગ અને શરીરની એકતાબુદ્ધિ જે છે એ અંતરના અવલોકનમાં જો જા. સ્વ વિલસતો આત્મા તને અનુભવમાં આવશે ત્યારે '**પુદ્‌ગલદ્રવ્ય સાથે એકપણાનો મોહ...**' '**झगिति**' '**તરત જ...**' તરત જ '**त्यजसि**' '**છોડશે.**' એ પણ એક વ્યવહારનું કથન છે. એ છૂટી જાય છે એને છોડશે એમ કહે છે. કથન .. સમજાણું કાંઈ? આવો ધર્મ એટલે ઝીણો પડે માણસને. એય..! જેઠાભાઈ! એટલે માણસને આ સોનગઢીયા કહે. એમ કહે છે. એ સોનાને કાટ ન હોય. એને કાટ ચડે નહિ. આહા..હા..!

ભગવાન આત્મા '**स्वं**' આનંદથી વિલસતો. પરથી લક્ષ છોડી પાડોશી જો થઈ જા. તને પોતાથી વિલસતો એવો આત્મા અનુભવમાં આવશે. અને એવા અનુભવથી તને રાગ અને શરીરનો મોહ નામ મિથ્યાત્વભાવ જે છે તરત જ છૂટશે, નાશ થઈ જશે. અનુભવની ઉત્પત્તિ

થશે અને મોહનો વ્યય થશે. એમ કહે છે. વસ્તુ તો ધ્રુવ છે ત્રિકાળ. સમજાણું કાંઈ? આહા..હા..! કરવાનું આ છે. લાખ શાસ્ત્ર ભણે અને વાંચે ને સમજાવે. કરવાનું તો આ છે. એય..!

મુમુક્ષુ :- ત્યારે શાસ્ત્ર ન વાંચવાને?

ઉત્તર :- વાંચે કોણ?

મુમુક્ષુ :- આમન્યાય કરવા વાંચવાની શું જરૂર છે?

ઉત્તર :- આવે. વિકલ્પ હોય. એ પણ કર્યું છે કે અનુભવીને શાસ્ત્ર વાંચવાની અટક નથી. એ આવ્યું છેને. એય..! કળશટીકામાં આવ્યું છે. બાર અંગનું જ્ઞાન એ વિકલ્પ છે. એમાં પણ આત્માનો અનુભવ કરવો એ કથન છે. અને અનુભવીને શાસ્ત્રને ભણવાની અટક નથી. આવે ખરી, હોય. સમજાણું કાંઈ? આહા..હા..! ભણ્યાના ભાવ આવી ગયા. ભણવાનો સાર જે હતો જ્ઞાનાનંદ સ્વરૂપ અનુભવમાં આવી ગયો. .. ગયું બધું. .. પરલક્ષી જ્ઞાન .. શાસ્ત્ર સ્વાધ્યાય હોય. એવી વાતું છે.

**'આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે...'** **'एकत्वमोहम्'** એકપણાનો જે મિથ્યાત્વભાવ. પૃથક્ ભાસતા એકપણાનો મિથ્યાત્વભાવ **'झगिति'** **'તું...'** શબ્દ ઉપરથી લીધોને. એકદમ છોડશે. પણ કોણ? કે તું. એમ. **'તુરત જ છોડશે.'** એ ભ્રમણા મિથ્યાત્વની તરત જ નાશ થઈ જશે. ભગવાન અંતર ચૈતન્યમૂર્તિ ભગવાન એમાં જઈને અનુભવ. મિથ્યાત્વની ઉત્પત્તિ નહિ થાય એનો વ્યય થાશે,.. એમ કહેવામાં આવ્યું છે. લ્યો આ કળશ આવ્યો મુહૂર્તમાં. આહા..હા..!

**'ભાવાર્થ :- જો આ આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે...'** ત્યારે એમ નથી કહ્યું કે બે ઘડી કર્મ માર્ગ આપે તો તું આમ કરજે. એમ. એમ કહ્યું કે બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી તું જુદો પડ. ઓલા જુદા પડે તો તને કામ થાય એમ તો છે નહિ કાંઈ. આહા..હા..! તે એકત્વ માન્યું છે. માન્યું છે એણેને? પુદ્‌ગલે ક્યાં મનાવ્યું છે? આહા..હા..! એ આવ્યું મોટું લખાણ. જ્ઞાનાવરણીયને લઈને કર્મ રોકાય છે, આ લોકો પરદ્રવ્યથી કાંઈ ન થાય એમ કહે છે. ભગવાન કહે છે ઘાતિકર્મથી ગુણનો ઘાત થાય છે. ઘાત ન થાય તો લાવો કેવળજ્ઞાન. આહા..હા..! અરે ભગવાન! ભાવઘાતિકર્મ છે એનાથી જીવની શક્તિ હણાય છે. ત્યારે દ્રવ્ય ઘાતિકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આમ વાત છે, ભાઈ! વાંક તારો અને નાખ બીજા ઉપર 'ઐસી અનીતિ સંભવે નહિ જિનાજ્ઞા માન તો.' આવે છેને મોક્ષમાર્ગપ્રકાશક. દોષ કર તું અને નાખ કર્મને માથે. એવી અનીતિ જિનાજ્ઞા માન તો સંભવે નાહિ. આવો અન્યાય! અપરાધ તું કર અને અપરાધ કર્મ કરાવે એમ માન.

મુમુક્ષુ :- પોતે મહંત રહેવા ઈચ્છે છે.

ઉત્તર :- મહંત રહેવા ઈચ્છે છે એમ છે. પોતે તો મહંત રહેવા ઈચ્છે છે. જાણે અમારે

કાંઈ લેવા દેવા નથી. દોષ થાય એ કર્મને લઈને થાય છે. રહેવા દે એ અનીતિ કરવી રહેવા દે ભાઈ! આહા..હા..! જુઓ આ આવી અનીતિ.

કહે છે '**જો આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે...**' એટલે કે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ તરફની દૃષ્ટિ કરીને એમાં લીન થાય, પૂર્ણ સ્વરૂપ ભગવાન અસ્તિ-સત્તાપણે છે. અસ્તિપણે છે. એ કાંઈ અસ્તિ નથી અને અસ્તિ માને છે એમ નથી. છે. એ પૂર્ણ સ્વરૂપ ભગવાન છે. આહા..હા..! પોતાનું શુદ્ધસ્વરૂપ છે. ત્રિકાળ શુદ્ધ છે. એનો '**અનુભવ કરે, પરિષહ આવ્યે પણ ડગે નહિ,...**' જુઓ, ઓલા કહે કે લ્યો કર્મસહિત અને રાગસહિત ન માને તે મૂઢજીવ છે. એમ કહે છે. ત્યારે પુરુષાર્થસિદ્ધિ કહે છે કે કર્મ શરીર અને રાગસહિત નથી આત્મા એને છે એમ માને એ મૂઢ છે. આહા..હા..! ભગવાન ચૈતન્ય પ્રભુ જ્ઞાયકભાવથી ભરેલું તત્ત્વ એ તો રાગ અને શરીરના સહિત નથી. સહિત બે તત્ત્વથી સહિત હોય તો બે તત્ત્વ એક થઈ જાય છે. આહા..હા..! તો હવે એને વ્યવહારથી સહિત ન માને, વ્યવહારથી નિશ્ચય ન માને એનો અર્થ કે વ્યવહારથી સહિત ન માને એ મિથ્યાદૃષ્ટિ. અહીં કહે કે વ્યવહારથી સહિત માને એ મિથ્યાદૃષ્ટિ. ગજબ વાત છે. ભારે ઉગમણો-આથમણો ફેર.

મુમુક્ષુ :- વ્યવહારે રાગ.

ઉત્તર :- વ્યવહાર રાગ, શુભરાગ. એ શુભરાગથી અસમાહિતો. શુભરાગથી અસમાહિત એટલે સહિત નથી. છે? એમાં છે જુઓ. છેલ્લી ગાથા છે. છે. '**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि**' બસ. વચમાં નહિ. આ બાજુ આ બાજુ. એમ નહિ એ બાજુ નહિ, આ બાજુ. એ પાનું કાઢ્યુંને. છેલ્લું પૂરું થાય ત્યારે. પૂરું ક્યાં થયું? એ બે પાના ભેગા થયા. ચોંટી ગયું. એ બે પાના તમારે ચોંટી ગયા છે. એ છૂટું પાડી દ્યો. જુઓ એ. '**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव। प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भीवबीजम्।।१४।।**' અહીં તો એમ કહે છે કે એ રીતે આત્મા કર્મકૃત રાગાદિ વ્યવહાર, શુભ રાગાદિ થયો કે નહિ? શુભરાગાદિસહિત નથી એમ કહે છે. એને ઠેકાણે શુભરાગ થાય તો એને નિશ્ચય ધર્મ થાય. ક્યાં ગોટા મોટા? રાગાદિ અને શરીરાદિ બેય લીધું. આસ્રવ અને અજીવ. એવા ભાવોથી અસંયુક્ત છે. સહિત નથી. અસંયુક્ત હોવા છતાં પણ. આ બધી વાંચતા ત્યારે ભાઈને હમણા એ પૂછયું હતું. રાજકુમાર છે. ત્યારે દાખલો આપે તો ક્યાં છે? એટલે કહું એટલે પાનું ફેરવે ત્યાં પાનું કાઢવા માંડે. રાજકુમાર. આધાર જોતા હતા. પછી માણસો, છોકરાવ રળે અને રાતે નવરા થાય તો ગંજીપો રમે.

અહીં કહે છે, ભગવાન આત્મા અસ્તિતત્ત્વ જ્ઞાયક આનંદસ્વભાવનું હોવાપણે તત્ત્વ એ રાગાદિ આસ્રવ અને શરીરાદિ અજીવ. તો આ નવ તત્ત્વ છે કે નહિ? તો નવમાં ભિન્નતા

ક્યારે રહે? કે અજીવ અને આસ્રવથી જુદો હોય તો. તો આસ્રવ અને અજીવથી સહિત આત્મા નથી. છતાં સહિત છે. પણ અજ્ઞાનીઓને સંયુક્ત જેવો પ્રતિભાસે છે. જેવો પ્રતિભાસે છે એમ નહિ, પણ એને સહિત જેવો પ્રતિભાસ થાય છે. લાગે છે. એટલે જેવો કીધોને પાછો. અજ્ઞાનીને રાગથી સહિત છે એવો ભાસે છે અંદરમાં. એ પ્રતિભાસ ખરેખર સંસારનું બીજ છે. એ ભાસ એ સંસારમાં રખડવાનું બીજડું છે. આહા..હા..! કેટલી સ્પષ્ટ વાત! આ તો ચરણાનુયોગનો ગ્રંથ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય તો. વ્રત ને નિયમની બધી વાતું છે એમાં. આમાં આ નાખ્યું છે. એ વ્રત, નિયમના જે વિકલ્પની વાતું કરી અને હોય છે ત્યાં, પણ વસ્તુ એનાથી સહિત નથી. જ્ઞાનીને એનાથી ભિન્ન ભાસે છે એટલે રાગ હોવા છતાં, રાગનો જ્ઞાની જાણનાર છે. ભિન્ન દ્રવ્ય તરીકે. એમ. ચરણાનુયોગમાં જેટલા લખાણ વ્યવહારના આવ્યા એને જ્ઞાની એ રાગની ક્રિયાસહિત જીવ ભાસતો નથી, પણ રાગની ક્રિયારહિત ભાસે છે એમાં રાગ જે જણાય છે એ પરદ્રવ્ય તરીકે, પરજ્ઞેય તરીકે રાગને જાણે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતીકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી,...'** લ્યો! ઘાતિકર્મનો નાશ કરી. ઘાતિકર્મનો નાશ થાય અને કેવળ થાય એમ ન લીધું. અહીં ઘાતિકર્મનો નાશ કરી. નિમિત્તથી કથન છેને. ભાવઘાતિનો નાશ થાય એટલે ઝટ દ્રવ્ય ઘાતિનો નાશ થઈ જાય. **'કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય.'** લ્યો! આહા..હા..! સ્વરૂપમાં એકાગ્ર થતાં પરિષહ નામ પ્રતિકૂળતા આવે છતાં જો અંતરથી ખસે નહિ અને સ્થિર રહે અંદર. અંતર્મુખમાં ઘાતિકર્મનો નાશ થાય, કેવળજ્ઞાન પામે. **'આત્માનુભવનું એવું માહાત્મ્ય છે...'** જુઓ, આત્માના અનુભવનું એવું માહાત્મ્ય છે **'તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે;...'** આહા..હા..! મૂળ વસ્તુનું માહાત્મ્ય જ આવતું નથી લોકોને. એટલે વ્યવહાર ને નિમિત્ત ને આ તે લાકડા ખોસે વચમાં. મહાપ્રભુ અંદર અનંત આનંદ અને અનતં જ્ઞાન અને અનંત શક્તિથી બિરાજમાન પ્રભુ પોતે છે, ઈશ્વર પોતે છે. પૂર્ણ ઈશ્વર પોતે છે. એનો ઈશ્વર બીજો હોય નહિ. સમજાણું કાંઈ?

**'આત્માનુભવનું એવું માહાત્મ્ય છે...'** એમ કહે છે. **'તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.'** જોયું! આવો ઉપદેશ ગુરુએ મુખ્યપણે કહ્યો છે. ગૌણપણે વ્યવહાર હોય એને સમજાવ્યો છે. પણ એ સહિત નથી એને સમજાવ્યો છે. આહા..હા..! તારામાં નથી, પણ આ એક બીજો ત્યાં વર્તે છે એમ સમજાવ્યું છે. ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે. લ્યો એ કળશ થયો પૂરો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૭

अथाहाप्रतिबुद्धः ---

जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव।
सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो।।२६।।
यदि जीवो न शरीरं तीर्थकराचार्यसंस्तुतिश्चैव।
सर्वापि भवति मिथ्या तेन तु आत्मा भवति देहः।।२६।।

હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છે :-

જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી
સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬.

ગાથાર્થ :- અપ્રતિબુદ્ધ કહે છે કે : [यदि] જો [जीवः] જીવ છે તે [शरीरं न] શરીર નથી તો [तीर्थकराचार्यसंस्तुतिः] તીર્થંકર અને આચાર્યોની સ્તુતિ કરી છે તે [सर्वा अपि] બધીયે [मिथ्या भवति] મિથ્યા [જૂઠી] થાય છે; [तेन तु] તેથી અમે સમજીએ છીએ કે [आत्मा] આત્મા તે [देहः च एव] દેહ જ [भवति] છે.

ટીકાઃ- જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યરૂપ આ શરીર છે. જો એમ ન હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય. તે સ્તુતિ આ પ્રમાણે છેઃ-

**જેઠ સુદ -૪, ગુરુવાર, તા. ૧૫-૦૬-૧૯૭૨**
**કળશ-૨૪, ગાથા-૨૬-૨૭, પ્રવચન-૯૮**

૨૫મી ગાથા. ‘**હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે...**’ પહેલું આવી ગયું છે. પ્રતિબુદ્ધને સમજાવે છે. સમજાવ્યું કે ભાઈ આ તો પર છે બધું. શરીર આ બધું. આચાર્યે .. અહીં તો અપ્રતિબુદ્ધને કહે છે. પહેલાં આવી ગયું છે એનો ઉત્તર છેને જુઓને. ૨૩મું ઉપર છેને. ‘**હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :--**’ એ ૨૩-૨૪-૨૫. એને અત્યારે

સામો જવાબ આપે છે હવે. આહા..હા..! ૨૩-૨૪ ઉપર છેને. '**અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :--**' સર્વજ્ઞે દીઠો આત્મા તો ભિન્ન છે. ઉપયોગલક્ષણ. આ તો બધા અનુપયોગ જડ છે. બે એક કેમ થાય? ત્યારે એ સામો ઉત્તર આપે છે. શાસ્ત્ર ભણેલો છેને, વાંચેલો છેને.

**जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव।**
**सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो।।२६।।**
**જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી**
**સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬.**

પરદ્રવ્યની સ્તુતિ તો તમે કરો છો. તીર્થંકર, આચાર્ય આવા હોય ને આવા હોય, આવા હોય. એની સ્તુતિ, એની વાણી, એના પુણ્યની સ્તુતિ. આહા..હા..! પુણ્ય ફલા અર્હંતા. હવે ઓલા બીજું કહે. પુણ્યફળ તે અરિહંત, પુણ્ય ફળ તે ક્રિયા ઉદયની. એનો એ લેખ લખ્યા કરે જૈન ગેજેટમાં. ૨૬. એની ટીકા. '**જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે.**' એમ અજ્ઞાનીનો પ્રશ્ન છે. નિમિત્ત શરીરથી ક્રિયા ધર્મની થાય. આ પ્રશ્ન . ખાણિયા ચર્ચામાં. પંડિતજી! પ્રશ્ન આવ્યો હતો. આહા..હા..! પંડિત હતો. '**જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે. જો એમ ન હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય.**' ત્યાં કાંઈ કેવળજ્ઞાની તમે છો અને ફલાણું છે એવું નથી ત્યાં. ત્યાં તો એના શરીર ને વાણી ને પુણ્યના ફળની સ્તુતિ છે ત્યાં તો. એ બધું પર થઈ ગયું એ તો જડ છે. એમ કહે છે.

---

## શ્લોક-૨૪

यदि य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यं न भवेत्तदा --

(शार्दूलविक्रीडित)

कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।

**--इत्यादिका तीर्थकराचार्यस्तुतिः समस्तापि मिथ्या स्यात्। ततो य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यमिति ममैकान्तिकी प्रतिपत्तिः।**

**શ્લોકાર્થ :- [ते तीर्थेश्वराः सूरयः वन्द्याः] તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે. કેવા છે તે? [ये कान्त्या एव दशदिशः स्नपयन्ति] પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે---નિર્મળ કરે છે, [ये धाम्ना उद्याम-महस्विनां धाम निरुन्धन्ति] પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, [ये रुपेण जनमनः मुष्णन्ति] પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે, [दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः] દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં સાક્ષાત્ સુખ-અમૃત વરસાવે છે અને [अष्टसहस्रलक्षणधराः] એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,-એવા છે. ૨૪.**

---

## શ્લોક-૨૪ ઉપર પ્રવચન

'**તે બધી મિથ્યા થાય. તે સ્તુતિ આ પ્રમાણે છે :--**' '**ते तीर्थेश्वराः सूरयः वन्द्याः**' છેને પાઠમાં? '**તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે.**' એ તો ઠીક પણ '**કેવા છે તે?**' એના ઉપર વજન છે. કેવા છે એ? આત્માવાળા, કેવળજ્ઞાનવાળા એમ નથી અહીં કહ્યું. એ એનો અર્થ છે. કે '**ये कान्त्या एव दशदिशः स्नपयन्ति**' '**પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે---નિર્મળ કરે છે,...**' લ્યો! એમ તમે તો આચાર્યની અને તીર્થંકરની સ્તુતિ કરો છો એ તો શરીરની થઈ. એ આચાર્ય અને તીર્થંકરો(નું) શરીર છે એની તમે સ્તુતિ કરો છો. એમ કહે છે. વળી '**ये धाम्ना उद्याम-महस्विनां धाम निरुन्धन्ति**' '**પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...**' એ તો બધી શરીરની વ્યાખ્યા કરો છો તમે. તીર્થંકર આવા, આચાર્ય આવા. એમ નથી તમે કહ્યું કે તીર્થંકર કેવળી. થઈ રહ્યું એ. પુણ્યનું ફળ આત્મા એમ કહે છે. એ જ આત્મા. શરીર અને આત્મા બે એક થયા એમાં તો. તમે સ્તુતિ આમ કરો છો. એમ કહે છે.

એકકોર શરીરની વાત કરી પહેલી, બીજી કરી શરીરના તેજની. '**સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...**' એવું તેનું તેજ છે. વળી '**ये रुपेण जनमनः मुष्णन्ति**' '**પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે,...**' એવું એનું રૂપ સુંદર ભગવાનનું. ભગવાનનું સુંદર રૂપ એમ તમે કહો છો. તમે એમ નથી કહેતા ભગવાન કેવળજ્ઞાનીનું રૂપ છે. અપ્રતિબુદ્ધ છે. જુઓને

દાખલો.. ઈચ્છાથી કહેને? **'ये रुपेण जनमनः मुष्णन्ति'** **'પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે,...'** એ આવી ગયું છે. શરીરના ત્રણ પ્રકાર આવ્યા. હવે **'दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः'** **'દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં સાક્ષાત્ સુખ-અમૃત વરસાવે છે...'** 'વચનામૃત વીતરાગના' નથી આવતું? વચનામૃત-વચનરૂપી અમૃત. તમે તો વાણીના વખાણ કરો છો, દેહ અને જડના અને તમે વળી કહો કે જડ અને આત્મા એક નહિ. એમ શિષ્યનો પ્રશ્ન છેને. એમાં કાંઈક ઓલું વ્યાખ્યા હોયને.

કહે છે એ **'दिव्येन ध्वनिना'** દિવ્યધ્વનિ તો જડ છે. એનાથી **'श्रवणयोः'** સાક્ષાત્ કાનોમાં. સાક્ષાત્ ઉપજાવે, અમૃત વરસાવે છે. લ્યો! છેને? **'सुखं अमृतं'** બે વચનો. સુખ અમૃત ઝરે છે. ભગવાનની વાણી જાણે અમૃત ઝરતી હોય. વાણી ભગવાનની કીધી તમે. વળી કહો શરીર અને આત્મા જુદા. એય..! પ્રકાશદાસજી! તમે જ પોતે વખાણ કરો. શરીર આવું અને શરીર કાંતિવાળું. મનને હરે એવું. દશે દિશાને ઉજળી કરી નાખે ઉજળી આમ. તેજને લઈને ઉજળી કરી નાખે. વાણીથી જાણે અમૃત ઝરતા હોય શ્રવણમાં. તમે તો વાણીના વખાણ કરો છો. વાણી એની છે એમ કહીને એ તો જડ છે એમ થયું. **'અને..'** **'अष्टसहस्त्रलक्षणधराः'** લ્યો ઠીક! અનંત કેવળ જ્ઞાનધારા એમ નથી કહ્યું તમે ત્યાં. **'એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,--'** હવે એ તો જડમાં છે, આ જડમાં, દેહમાં. એક હજાર આઠ લક્ષણ. ... લીધું.

મુમુક્ષુ :- આધાર આપે છે.

ઉત્તર :- આધાર આપે છે. ભગવાન! તમે આમ કહ્યું છે કે નહિ? તીર્થંકરનું શરીર આવું, મનને હરે એવું. દશ દિશાને ધોવે એવું. એને ઓપે. ઘણું સુંદર. એની વાણી અમૃત ઝરે છે. ઓલા કીધુંને. વાણી દિવ્યધ્વનિ પોતાથી પ્રમાણ છે. એમ પ્રશ્ન કર્યો હતોને. આહા..હા..! ઝઘડા બધા એના એ છે. આની અસર.. એમ કે વાણી છે ભગવાનની, પોતાથી પ્રમાણ છે કે પરથી પ્રમાણ છે? જડ તે જડથી પ્રમાણ હોય? ભગવાનને લઈને પ્રમાણ હોય એનું. એમ એનો જવાબ. અરે! જડ જડથી પ્રમાણ છે હવે સાંભળને એને એ બધા પ્રશ્ન એવા કરે છે મારા. આ જે પ્રશ્ન કરે છે એ પ્રશ્ન એવા બધા છે. શરીરના, વાણીના.

મુમુક્ષુ :- અનાદિથી ચાલતું આવે છે.

ઉત્તર :- અનાદિથી ચાલે છે. આ શૈલી જ છે એ. પંડિતજી! એ થયું કે નહિ? શરીરની સ્થિતિ તમે કરો છો, વાણીની કરો છો. એ વાણી પાછી ભગવાનની વાણી. એનાથી અમૃત ઝરે છે એમ કહો છો. એ બધું શું છે? શરીર જડ અને આત્મા બે એક થયા. તો એમાં જુદા તમે ભગવાનને સ્થાપ્યા નથી. ભગવાન આવા છે એમ સ્થાપ્યા છે. અમૃત ઝરે. ઓલાને અમૃત... આહા..હા..! ... નિમિત્તથી શરીરથી ધર્મ થાય? વાણી પોતાથી પ્રમાણ છે કે નહિ?

એ બધા ખુલાસા આમાં આવી જાય છે.

કહે છે **'એક હજાર ને આઠ લક્ષણોને...'** લ્યો! ભગવાનના એક હજાર ને આઠ લક્ષણ. એક હજાર આઠ લક્ષણ શરીરને છે. તમે કહો કે ભગવાનને આ એક હજાર ને આઠ લક્ષણ છે. એમ તમે કહો છો. ભગવાનજીભાઈ! અપ્રતિબુદ્ધ અજ્ઞાની આવી દલીલ પોતાના પક્ષની કરે છે. ધીરૂભાઈ! સમજાય છે આમાં? **'એવા છે.'** **'ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે...'** જોયું! **'ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે.'** તમારી હિસાબે તો જૂઠી ઠરે છે. શરીર અને આત્મા જુદા હોય તો. શરીર અને આત્મા એક હોય તો આ સ્તુતિ સાચી ઠરે. કહો, શાંતિભાઈ! .. તો સાંભળવું જોઈએને. **'તેથી અમારો તો એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે,...'** તમારા આગમમાં આમ કહ્યું છે એથી અમને એમ જ લાગે છે કે શરીર અને આત્મા એક છે. તમે પરાણે આમ પરથી જુદા મનાવો છો. શાસ્ત્રમાં લખ્યું છે.

**'પુદ્ગલદ્રવ્ય છે.'** અમે તો કહીએ છીએ કે આત્મા છે તે શરીર છે અને આત્મા છે તે પુદ્ગલદ્રવ્ય છે. લ્યો! તમે વાણી પુદ્ગલ, શરીર પુદ્ગલ, એનાથી તો ભગવાનની વાણી, ભગવાનનું શરીર, ભગવાનની વાણીથી આમ થાય તમે તો આજ કહો છો. આ સ્તુતિ છે જુઓ, શોભાલાલભાઈ! સામાની દલીલ છે આ. જેમ દલીલ હતીને તમારા બાપની દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ છેને. શુદ્ધ-શુદ્ધ. શુદ્ધ છેને. એ શુદ્ધ પર કેમ હોય એમ? શુદ્ધ પર છે એમ પ્રશ્ન નહિ. એ શુદ્ધ છેને? શુદ્ધ પર કેમ હોય? એમ. એ પ્રશ્ન છે. આ કહે છે ભગવાન અને આચાર્યની સ્તુતિ તો તમે આવી રીતે કરો છો. એ બધી શરીરની છે. કાંઈ આત્મા અને શરીર એક તમે માનો છો વ્યવહારે. વ્યવહારે તો એ કહેતો નથી. એ તમે માનો છો એમ. તમે જ કહો છો અને તમે માનો છો વળી પાછા અમને કહો શરીર અને આત્મા જુદા. શરીર ને આત્મા જુદા. એવી વાતું છે. દલીલ છે. આહા..હા..! વ્યવહારના લક્ષે વાત કરે એ પકડે છે.

**'આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું.'** લ્યો! અજ્ઞાનીને આમ કહ્યું. સામી દલીલ આપી. જો શરીર અને આત્મા તદ્દન જુદા હોય તો આ બધી સ્તુતિ શાસ્ત્રમાં ચાલી એ બધી ખોટી ઠરે છે લ્યો. કહો, જેઠાલાલભાઈ! સાચુ હશે આ? એનું સાચું નથી? અપ્રતિબુદ્ધનું અપ્રતિબુદ્ધપણે સાચું છે કે નહિ? આહા..હા..!

## ગાથા-૨૭

नैवं, नयविभागानभिज्ञोऽसि --

ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को।
ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।।२७।।
व्यवहारनयो भाषते जीवो देहश्च भवति खल्वेकः।
न तु निश्चयस्य जीवो देहश्च कदाप्येकार्थः।।२७।।

इह खलु परस्परावगाढावस्थायामात्मशरीरयोः समावर्तितावस्थायां कनककलधौतयोरेकस्कन्धव्यवहारवद्व्यवहारमात्रेणैवैकत्वं, न पुनर्निश्चयतः, निश्चयतो ह्यात्मशरीरयोरुपयोगानुपयोगस्वभावयोः कनककलधौतयोः पीतपाण्डुरत्वादिस्वभावयोरिवात्यन्तव्यतिरिक्तत्वेनैकार्थत्वानुपपत्तेः नानात्वमेवेति। एवं हि किल नयविभागः।

-ઇત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે. તેથી અમારો તો એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે, પુદ્‌ગલદ્રવ્ય છે. આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું.

ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી; તું નયવિભાગને જાણતો નથી. તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છે :---

જીવ દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;
પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.

ગાથાર્થ :- [व्यवहारनयः] વ્યવહારનય તો [भाषते] એમ કહે છે કે [जीवः देहः च] જીવ અને દેહ [एकः खलु] એકજ [भवति] છે; [तु] પણ [निश्चयस्य] નિશ્ચયનયનું કહેવું છે કે [जीवः देहः च] જીવ અને દેહ [कदा अपि] કદી પણ [एकार्थः] એક પદાર્થ [न] નથી.

ટીકા :- જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે તેમ આત્માને અને શરીરને એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે. આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે, પરંતુ નિશ્ચયથી એકપણું નથી; કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો, જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત

**ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે તેથી અનેકપણું જ છે, તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે એવા આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી તેથી અનેકપણું જ છે. આવો આ પ્રગટ નયવિભાગ છે.**

**માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.**

**ભાવાર્થ :- વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે છે અને નિશ્ચયનય ભિન્ન કહે છે. તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.**

## ગાથા-૨૭ ઉપર પ્રવચન

'**ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી;...**' હવે એમ નથી. ઓલો વ્યવહાર આવ્યોને. એમ નથી. વ્યવહારનયનું આવે છેને. મોક્ષમાર્ગપ્રકાશકમાં. વ્યવહાર અન્યથા કહે છે. જે કહે છે તેમ નથી. અન્યથા કહે છે. આહા..હા..! '**તું નયવિભાગને જાણતો નથી.**' કઈ નયની અપેક્ષાનું કથન છે એની જુદાઈને તું જાણતો નથી. એટલે વ્યવહારનયનું વચનનું કથન અને નિશ્ચય જુદી ચીજ છે એ નયને તું જાણતો નથી. '**તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છે :--**' લ્યો! શાસ્ત્રમાં પણ આવા લખાણ આવે અને આ પણ કહેશે. વ્યવહારથી શાંતિ થાય. વ્યવહાર સર્વથા જૂઠો નથી. કઈ અપેક્ષાએ વાત છે? અત્યારે.

**ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को।**
**ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।।२७।।**

ત્યારે એ એમ કહે છે કે પણ અત્યારે તો વ્યવહાર છેને. નિશ્ચય ક્યાં છે અત્યારે? પંડિતજી! વ્યવહાર અત્યારે વ્યવહારી જીવ છેને. વ્યવહાર એ નિશ્ચય થઈ ગયો? '**अपरमेठिदा**' અપરમમાં સ્થિત છે એને તો વ્યવહારનો જ ઉપદેશ દેવો. આવે છેને ૧૨મી? એ બધે નાખે છે. વ્યવહારમાં સ્થિત છે એને આવો જ ઉપદેશ હોય. વ્યવહારમાં સ્થિત છે. એ નહિ. એ વાત પણ ક્યાં છે? સાંભળને. ભાષા એવી છે ખરીને. .. વ્યવહારના ઉપદેશની વ્યાખ્યા જ એવી છે. નિશ્ચય સ્વરૂપ આત્માનું અભેદ. સવારે વાત કરી એનાથી આ તદ્દન ઉલટી લ્યો! આહા..હા..! જેને પર્યાય અને દ્રવ્ય એક નથી. આહા..હા..! આ કહે છે કે જીવ અને

શરીર એક છે. હવે આટલી વાતું છે. આહા..હા..! પર્યાય છે એ પરદ્રવ્ય છે અને સ્વદ્રવ્ય પોતે ત્રિકાળી ભાવ, સ્વભાવ. છે એ અપેક્ષાએ આ સ્વભાવભાવ (અને પર્યાય) પરદ્રવ્ય છે. એથી ત્રિકાળી સ્વદ્રવ્ય ભાવવાળું જે તત્ત્વ આત્મા એ જ ઉપાદેય છે. એને પહોંચવું. હજી તો અહીં પર્યાય એ પરદ્રવ્ય ત્યારે આ કહે છે કે શરીર તે સ્વદ્રવ્ય. .. શાસ્ત્રમાંથી કાઢ્યું છેને. આ બધા ઝઘડા નિશ્ચય-વ્યવહારના. સમજે નહિને. જ્ઞાન એક સમયની પર્યાય વ્યવહાર છે, વસ્તુ ત્રિકાળી તે નિશ્ચય છે. નિશ્ચય છે તે સ્વદ્રવ્ય છે અને વ્યવહાર છે તે પરદ્રવ્ય. એમ સિદ્ધ કર્યું ત્યાં.

અહીં ઓલો કહે છે કે શરીરની સ્તુતિ તમે ભગવાન આચાર્યની કરો છો. લ્યો. વાણીની સ્તુતિ કરો છો. તમે ભગવાન આવા-આવા એમ કહો છે. આથી અમે તો એમ માનીએ છીએ કે શરીર અને આત્મા એક છે. બાકી તમે પણ આ રીતે સ્તુતિ કરો છો. છેતરવા માટે અમને જુદું કહો છો. સ્તુતિ કરો છો આવી. આમાં તમારી વાત આવી. વખાણ કરવા શરીર, વાણીના. અને વળી કહેવું કે શરીર અને વાણીથી આત્મા જુદો. એના વખાણ કરવા છે શરીરના અને વાણીના, વળી કહે શરીર અને વાણી બેય જુદું. આ શું છે? કહે, સાંભળ ભાઈ!

**જીવ દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;**
**પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.**

એમ વ્યવહારનયનું વચન વ્યવહાર છે કે નહિ? એમ કહે છે. છે એટલે શું પણ? છે એક જાણવાલાયક. આહા..હા..! સત્ય તો આ છે.

'**ટીકા :- જેમ આ લોકમાં...**' અમૃતચંદ્રાચાર્ય દાખલો આપીને જે સિદ્ધાંત સિદ્ધ કરવો છે સહેલો પડે એટલે દાખલો આપે છે. '**આ લોકમાં...**' આ લોક છે. આ લોક છે એમ સિદ્ધ કરે છે. એમાં '**સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે...**' સોનુ અને રૂપુ ગાળીને એક પિંડ કરે. ત્યારે કહે છેને આ ધોળું સોનું એમ કહે છેને? છાસીયું સોનું, ધોળું સોનું. છે તમારે? સોના અને ચાંદી ભેગી કરે એને ધોળું સોનું કહે છે. સોનું ધોળું છે? સોનું તો પીળું છે. ભેગું પિંડ છેને એટલે કહેવાય છે. એથી કાંઈ ચાંદી અને સોનું એક નથી થઈ ગયું. એક પિંડ ચાંદીને ગાળી એમ. આમ તો કટકા ભેગા ક્યાંથી થાય? સોનું અને ચાંદીને ગાળી એમ. આખા-આખા ભેગા કેમ થાય? આ તો હવે ૧૭મી વાર ચાલે છેને. એક-એક શબ્દનો આવો શ્લોક...

'**સુવર્ણ અને ચાંદીને ગાળી...**' એમ સોનાને અને ચાંદીને ગાળીને. ગાળી સમજાય છે? રસ કરીને. ગાળીને પછી એક. અહીં એક કરવું એ પછી, પણ અહીં તો ગાળીને. બેને પ્રવાહી કરી નાખે. '**એક કરવાથી...**' એકલા કટકા ભેગા શી રીતે થાય આમ? આ

સોનું.. તો ગાળે, પાતળો પ્રવાહ કરે અને પછી ભેગા કરે. **'એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે...'** ભાષા આમ છે. **'ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે...'** ખરેખર તે પિંડ થયો નથી, પણ વ્યવહાર થાય છે. **'તેમ આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી...'** ટીકામાં કર્યું છે. નિશ્ચય અને વ્યવહાર પરસ્પર સાધ્યસાધન એમ કર્યું. જયસેનાચાર્યે. ઘણે ઠેકાણે, બીજે ઠેકાણે લખે છે. સાબિત કરે છે બસ વાત એટલી. એ સાબિત કરે છે. પરસ્પરનો અર્થ એટલે એ વ્યવહાર છે એ નિશ્ચયને સિદ્ધ કરે છેને. નિશ્ચય છે અને વ્યવહાર છે એ સાબિત કરે છે. છે બેય. .. બીજે ઠેકાણે ઘણે ઠેકાણે આવે છે. નિશ્ચય.. અહીં તો આ ઠેકાણે માને. ... નિશ્ચય સાધ્ય, વ્યવહાર સાધન, વ્યવહાર સાધ્ય, નિશ્ચય સાધન. ટીકામાં છે. સંસ્કૃત જયસેનાચાર્યની ટીકામાં. ઓલાનો અર્થ આ છે. એક .. સિદ્ધ કરે છે સિદ્ધિ. વસ્તુ એકબીજાથી હયાતી ન થાય એમ અહીંયાં નથી.

**'તેમ આત્માને અને શરીરને પરસ્પર...'** 'પરસ્પર' શબ્દ છેને. પરસ્પર છે એટલે પછી એમાં .. અમૃતચંદ્રાચાર્યે.. બેયને પરસ્પર. આત્મા અને શરીર, શરીર અને આત્મા એમ બેય. **'એક ક્ષેત્રે રહેવાની અવસ્થા...'** એક જગ્યાએ રહેવાની અવસ્થા તે પણ આકાશને ક્ષેત્રે. પોતાનું ક્ષેત્ર તો ભિન્ન છે. ઓલા આકાશને ક્ષેત્રે **'એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી...'** સોનું અને રૂપું ગાળીને ભેગું કરે તો એક ક્ષેત્રે રહ્યું આકાશના. **'એકપણાનો વ્યવહાર છે.'** ભારે પણ સ્પષ્ટ. એકપણાનો વ્યવહાર છે. સોનું અને રૂપું ગાળીને એક કરે એ એકપણાનો વ્યવહાર છે. **'એમાં એક ક્ષેત્રે રહેવાની...'** એક ક્ષેત્રે રહેવાથી **'એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી...'** એટલું. શરીરની અવસ્થા અને આત્માની અવસ્થા એક ક્ષેત્રે રહેવાની અવસ્થા **'એકપણાનો વ્યવહાર છે. આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે,...'** લ્યો ઠીક! **'આમ વ્યવહારમાત્રથી...'** એમ. **'આમ વ્યવહારમાત્રથી...'** એક જગ્યાએ અન્ય(અનેક) અવસ્થા રહે છે એટલા વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું કહેવામાં આવે છે.

**'પરંતુ નિશ્ચયથી એકપણું નથી;...'** ખરેખર એક છે નહિ. એ આકાશના ક્ષેત્રે કહેવું એક અવસ્થા એ પણ વ્યવહાર થઈ ગયો. એ તો પોતાના ક્ષેત્રમાં છે. આત્મા આત્મા ક્ષેત્રમાં, શરીર શરરીના ક્ષેત્રમાં, સોનું સોનાના ક્ષેત્રમાં, ચાંદી ચાંદીના ક્ષેત્રમાં. આહા..હા..! પોતાના ક્ષેત્રમાં રહે છે. પરક્ષેત્રમાં છે જ ક્યાં? આકાશના છે એ પણ વ્યવહાર કહ્યું નહિ? આ વ્યવહારથી પરમાં.. આકાશમાં છે આ પરદ્રવ્ય એ તો વ્યવહારથી છે. નિશ્ચયથી તો પોતે પોતાના ક્ષેત્રમાં જ છે. આકાશના ક્ષેત્રમાં નિશ્ચયથી હોય તો તન્મય થઈ જાય, એકમેક થઈ જાય. આહા..હા..! આ તો પર્યાયનું ક્ષેત્ર અને દ્રવ્યનું ક્ષેત્ર જુદું. તો આ તો કહે શરીર અને આત્માનું ક્ષેત્ર એક છે માટે એને એક કહેવામાં આવે છે. આહા..હા..!

અહીં તો નિશ્ચયમાં તો વસ્તુ પોતે ધ્રુવ, સત્ એનું સત્ત્વ આખું. ત્રિકાળી અને એક સમયની અવસ્થા, બેયનું ક્ષેત્ર જુદું. છે અસંખ્ય પ્રદેશ, પણ અસંખ્ય પ્રદેશના જેટલા અંશમાંથી પર્યાય અસ્તિપણે છે એ ક્ષેત્ર જુદું અને ધ્રુવનું જે અસ્તિ છે એ આ પર્યાયના ક્ષેત્રથી જુદું. કહો, પંડિતજી! અહીં કહેવું કે '**આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે.**' આહા..હા..! '**આમ વ્યવહારમાત્રથી જ...**' આમ. આ કહ્યું એ રીતે. '**વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે,...**'

મુમુક્ષુ :- ભગવાન કાંઈ ખોટું કહે? વ્યવહાર તો સાચો છે.

ઉત્તર :- ખોટું છે એને કહ્યું છે આ રીતે આ કારણે એમ કહે છે. એક ક્ષેત્રમાં રહ્યું છે અવસ્થા એટલે એમ કહ્યું છે. પણ એમ છે નહિ. આહા..હા..! વ્યવહાર અને નિશ્ચયના ઝઘડા. સ્કંધ છે એ વ્યવહાર છે એ શું છે ભગવાન સ્કંધ તરીકે એને જાણે છે કે નહિ? કેવળી એને આને સ્કંધ તરીકે જાણે છે કે નહિ? સ્કંધ તરીકે જાણે તો વ્યવહાર થઈ ગયો. વ્યવહાર તરીકે જાણે છે કે નહિ ભગવાન આને? લ્યો એ પ્રશ્ન છે એમાં? ખાણિયા ચર્ચામાં. એ બધી શૈલી એવી જ હોય. એક પરમાણુને પરમાણુ તરીકે દેખે તો નિશ્ચય. આહા..હા..! સ્કંધ તરીકે દેખે છે કે નહિ? સ્કંધ તરીકે દેખે છે તો છે. વ્યવહાર તરીકે તો એ છે. આહા..હા..! એય..! એ પ્રશ્ન છે એમાં. ખાણિયા ચર્ચામાં. એ હોય પણ આ શૈલી બધા પ્રસંગ એવા જ હોય. વ્યવહારના જેટલા પ્રસંગ છે પુદ્ગલ છે એ અનંત પ્રદેશી છે તો સ્કંધરૂપે થયો છે કે નહિ? તો એક એક રહ્યો છે. એક-એક રહ્યો છે. પણ એને જથ્થો કહીને કહેવું એ વ્યવહાર છે. એ વ્યવહાર છે. પરમાણુ નિશ્ચયથી પુદ્ગલ છે અને આ ઝાઝા ભેગા એ નિશ્ચયથી પુદ્ગલ નથી, ઉપચારથી છે એ. નિયમસારમાં આવે છે નહિ? વાત તો ગજબ વાત છે. આહા..હા..! કેટલી સ્પષ્ટતા!

કે આ સ્કંધ છે આ શરીર છે. આ શરીરને શરીર તરીકે ભગવાન જાણે કે નહિ? વ્યવહાર થઈ ગયો. આ જુઓ. એ તો વ્યવહાર છે. સ્કંધ છે એ વ્યવહાર છે. ઓલો પરમાણુ છૂટો એ નિશ્ચય છે. આ વ્યવહાર છે. પણ નાકને નાક તરીકે જાણે કે નહિ ભગવાન? વ્યવહારથી એમ છે એવું જાણે છે. સ્કંધ તરીકે વ્યવહાર છે એવું જાણે છે. નિશ્ચયથી સ્કંધ છે નહિ એક-એક પરમાણુ એમ જાણે છે. એય..! આવે છેને પંચાસ્તિકાયમાં ૮૧ ગાથામાં. સ્કંધમાં પણ પરમાણુ છૂટો કામ કરે છે નહિ? એમ જ હોયને પણ દ્રવ્ય કે દિ'? સ્કંધમાં રહેલો પરમાણુ એમ પોતે પોતાના સ્વચતુષ્ટયમાં કામ કરે છે. પરની સાથે કાંઈ છે નહિ. આહા..હા..! આ વ્યવહાર અને નિશ્ચય. સ્કંધ એ બધા દાખલા આવે છે. આ શરીરવાળા છે, આ ત્રણ શરીરવાળા છે, આ ફલાણા કીધા, એને સ્કંધ કીધો છે, એને પુદ્ગલ કીધો છે. ભગવાને એને એ રીતે જોવેને. ભાઈ ભગવાન એ રીતે જોવે છે વ્યવહારને વ્યવહાર તરીકે જોવે છે.

એથી કરીને પરમાણુ એક થઈ ગયા? અને એક જાણે છે એ? આહા..હા..!

એ કહે છે કે જેવું છે એવું ન જાણે તો જ્ઞાન ખોટું થાય. માટે પુદ્ગલ વ્યવહારે બરાબર છે એને એમ જાણવું જોઈએ. એમ કહે. આહા..હા..! આવી દલીલ તો .. નાટકમાં આવી હતી. જ્ઞાન અનુસારે જ્ઞેય જૂઠી વાત છે. શાસ્ત્રમાં એમ નથી આવ્યું. જ્ઞેય અનુસારે જ્ઞાન એમ આવ્યું છે. એની એ દલીલ મૂક્યા કરે. જેમ જ્ઞેય છે એ અનુસારે જ્ઞાન થાય. પણ તમે કહો કેવળજ્ઞાની જ્ઞાન થયું એમ જાણે, એ પ્રમાણ અનુસાર આને પર્યાય થાય. અરે બે એક જ જાત છે સાંભળને. આહા..હા..! લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે અને કેવળજ્ઞાનને લોકાલોક નિમિત્ત છે એનો અર્થ થયો. આહા..હા..! એ પ્રશ્ન છે. જ્ઞેય છે તમે એમ કહો છો ક્રમબદ્ધ થાય નિયમથી. એમ નથી. તો તમે એમ કે કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય એવું જાણ્યું એ પ્રમાણે ત્યાં થાય એમ નથી. વળી એકબાજુ તો કબુલ કર્યું છે. ખાણિયામાં ભાઈ આવ્યું હતું. કેવળીનું હા પણ સ્વકાળે જ કાર્ય થાય. ઉપર નક્કી કર્યું, વળી પાછું શ્રુતજ્ઞાની શ્રદ્ધા અનુસાર એનું જ્ઞાન હોય? કે શ્રુતજ્ઞાનીનું વળી કોઈ કલ્પના અનુસાર જ્ઞાન હોય? આહા..હા..! ભારે વાતું બાપા! ઝઘડા... ઝઘડા... ઝઘડા...

મુમુક્ષુ :- મટાડી દ્યો બીજું શું.

ઉત્તર :- મટાડી દીધા છે. ઝઘડા ક્યાં છે? આ તો ઝઘડાની વાતું ચાલે છે.

મુમુક્ષુ :- ઝઘડા ખુલ્લા પડી ગયા.

ઉત્તર :- ઝઘડા ખુલ્લા પડી ગયા. આહા..હા..! પર્યાયને દ્રવ્યની કહેવી એ વ્યવહાર છે. ત્યારે હવે શરીરને આત્મા કહેવો એ તો ક્યાંય અસદ્ભૂત ક્યાંયનો ક્યાંય વ્યવહાર થઈ ગયો. એને કહે અસદ્ભૂત વ્યવહાર છે કે નહિ? વળી એમ કહે. પણ એ રીતે છે. એથી સત્ થઈ ગયું? આહા..હા..!

'**આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરને...**' બહુ હળવું કરી નાખ્યું. આમ વ્યવહારમાત્રથી. હળવું છે. બે એક જગ્યાએ અવસ્થા હોવાથી શરીર અને આત્માની પરસ્પર એક ક્ષેત્રે રહેવાની. એ ક્ષેત્રે શબ્દે આકાશ એમ. પોતાનું ક્ષેત્ર તો ભિન્ન છે પોતાનું. આત્માના ક્ષેત્રમાં શરીરનું ક્ષેત્ર છે, શરીરના ક્ષેત્રમાં આત્માનું ક્ષેત્ર છે એમ તો છે જ નહિ. આત્માનું ક્ષેત્ર છે એમાં શરીરનું ક્ષેત્ર છે એમ તો છે નહિ. ફક્ત શરીર અને આત્માનું ક્ષેત્ર આકાશની અપેક્ષાએ એક અવસ્થામાં રહ્યું છે. ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી. આહા..હા..! એકપણું કહેવાનું, પણ ખરેખર તો '**એકપણું નથી;...**' ખલાસ થઈ ગયું. આહા..હા..! '**કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો,...**' સત્યની સત્યતાની સત્‌પણાની અપેક્ષાએ વિચારીએ તો સત્‌પણું જે રીતે છે એ રીતે વિચારવામાં આવે તો '**જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે...**' પીળાપણું આદિ સોનાનું, સફેદપણું આદિ ચાંદીનું.

**'એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી...'** લ્યો ઠીક! સત્યનું સત્‌પણું જે છે એમ જોઈએ તો. સોનું પીળાશ આદિથી, ચાંદી સફેદ આદિથી તદ્દન ભિન્ન છે. આહા..હા..! નિશ્ચય અને વ્યવહારે જગત ભરમાયો છે. આવે છેને બનારસીદાસમાં. બનારસીદાસમાં. નિશ્ચય અને વ્યવહારે જગત ભરમાયો છે. ભ્રમણા .. ભિન્નતા છે એની પૃથક્‌તા કઈ અપેક્ષાએ છે?

કહે છે **'પીળાપણું આદિ...'** એટલે ચિકાશ વગેરે. **'સફેદપણું આદિ...'** ઓછી ચિકાશ વગેરે **'જેમનો સ્વભાવ છે એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી...'** તદ્દન સોનું અને ચાંદી જુદા. છાશીયું સોનું કે ધોળું સોનું એ તો એક જગ્યાએ રહે છે એ અપેક્ષાએ પિંડને ગાળીને પિંડ કર્યો છે એ અપેક્ષાએ. વસ્તુ તદ્દન ભિન્ન છે. રજકણે રજકણ ભિન્ન છે. અત્યંત ભિન્ન છે પાછું એમ. એકલું ભિન્નપણું નહિ. સોનાને અને ચાંદીને ગાળીને પિંડ કર્યો તોપણ અત્યંત ભિન્ન છે. વસ્તુ તો વસ્તુ તરીકે છે ભિન્ન. શરીર શરીરપણે રહ્યું છે અજીવ થઈને. જીવ જીવ થઈને રહ્યો છે જીવ થઈને. જીવ અરૂપી થઈને રહ્યો છે અરૂપીપણે, શરીર રૂપીપણે થઈને રહ્યું છે રૂપીપણે. બેનો મેળ ક્યાં છે આમાં? અહીં ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. એય..! એકાંત નિશ્ચય છે એમ નહિ, પણ એનો અર્થ શું? સમ્યક્ નિશ્ચય તે સમ્યક્ સત્ય છે. વ્યવહાર તો ઉપચારથી કથન જાણવા માટેની વાત છે એ તો. આહા..હા..!

**'સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે...'** બે થઈને એક પદાર્થની સાબિતી છે નહિ. સોનું અને ચાંદી બેપણાની, બેમાં એકપણાની અસિદ્ધિ છે. બેમાં એકપણાની અસિદ્ધિ છે. સોનું અને ચાંદી છે. એમાં એકપણે અસિદ્ધિ છે, બે એક થયા જૂઠી વાત છે. **'તેથી અનેકપણું જ છે,...'** સોનું અને ચાંદી અનેક તે અનેક જ છે. તે અનેક તે અનેક જ છે. આહા..હા..! શરીરાદિ, કર્મ આદિ, કાર્મણશરીર, ઔદારિક શરીર ત્યાં. વૈક્રયિક શરીર પણ એમ કે છે કે નહિ? વૈક્રયિક શરીર અને ઔદારિક શરીર તો વ્યવહાર થયો. આહા..હા..! .. શાસ્ત્રમાં વ્યવહારના ઘણાં. ૧૧મામાં આવે છેને? વ્યવહારનું કથન શાસ્ત્રમાં હસ્તાવલંબ જાણીને કર્યું છે. પણ એનું ફળ સંસાર. આવે છે પંડિતજી! ૧૧મી ગાથા. એક તો ભેદનો પક્ષ અનાદિનો છે અને એનો ઉપદેશ પણ પરસ્પર એવો જ કરી રહ્યા છે. લ્યો આવી વાત તો કહી છે. અને તીર્થંકરની વાણીમાં પણ વ્યવહારને હસ્તાવલંબ કૌંસમાં સહાયક સાથે સહકારપણે છે એ અપેક્ષાએ એનો ઉપદેશ શાસ્ત્રમાં ઘણો કહ્યો છે, પણ એ વીતરાગે કહ્યો જે વ્યવહાર એનું ફળ સંસાર. ભગવાને તો વ્યવહાર શું કરવા રાખ્યો? પણ સાંભળને. જણાવે નહિ એને?

એકકોર ભગવાન કહે કે ભાઈ શરીર અને રાગ સહિત આત્મા નથી. એને એમ માનવો એ મિથ્યાત્વ છે. પછી એને જણાવે કે એનામાં દસમા ગુણસ્થાન સુધી રાગ થાય છે. સમ્યગ્દર્શન જીવને જ રાગ હોય નહિ કોઈને. જીવસ્વભાવમાં રાગ જ ક્યાં છે? રાગસહિત જીવને માનવો

એ તો મિથ્યાત્વ છે. એનો અર્થ કે વ્યવહારસહિત જીવને માનવો, રાગ શુભરાગ છે એના સહિત જીવને માનવો એ તો મિથ્યાત્વ છે. કહો, બાબુભાઈ! આહા..હા..! વળી ભગવાને ચરણાનુયોગમાં કહ્યું કે એણે મહાવ્રત પાળવા, સમિતિ-ગુપ્તિ રાખવી, ફલાણું કરવું લ્યો ઠીક! દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો. આવે તો ઊભા થાવું. આમ થાય તો .. જાવું. આમ જાત્રાએ. એય..! આવું છેને શાસ્ત્રમાં. બધું છે સાંભળને હવે. એનો જે વિકલ્પ એ કાળે એવો હોય એથી એમ જણાવ્યું છે, પણ એ વિકલ્પનું ફળ તો બંધન અને સંસાર છે. જ્ઞાનીને પણ. આહા..હા..!

**'તેવી રીતે...'** જેમ સોનું અને ચાંદી સફેદ અને પીળાશની અનેકતાથી અનેકપણું છે. બે એક નથી. એમ થયુંને? સફેદ અને પીળાશને કારણે અનેકપણાથી, બેની અનેકતા થઈ. **'તેવી રીતે...'** સોનાને પીળાશના, સફેદ અને પીળાશની ભિન્નતાને, અનેકતાને કારણે અનેક જ છે એ. એક કહેવામાં આવે છે એ તો એક ક્ષેત્રે અવસ્થા રહે છે માટે. **'તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે...'** લ્યો ઠીક! ભગવાન આત્માનો ઉપયોગ જાણન-દેખન સ્વભાવ છે. શરીરનો અનુપયોગ સ્વભાવ છે. અહીં તો રાગનો અનુપયોગ સ્વભાવ. આહા..હા..! જડ છેને. રાગ છે એ જડ છેને. ત્યાં આવ્યું હતુંને ૭૨ ગાથામાં જડસ્વભાવ...બીજા દ્વારા જાણવામાં આવે છે. કેમકે એ જડ છે. રાગ-રાગ. દયા, દાન, વ્રત, દેવ, ગુરુ, શાસ્ત્ર વ્યવહારરત્નત્રય. એ રાગ છે એ જડ છે. ગજબ વાત છે. એ પોતે પોતાને જાણતા નથી. બીજા દ્વારા જણાય માટે જડ છે. ભગવાન આત્મા ચેતનસ્વભાવ છે. એ પોતે પોતાથી ચેતક છે. છેને એમાં એમ? પોતે પોતાથી ચેતક છે. એને ચેતવા માટે બીજી ચીજની જરૂર કે બીજી ચીજ વડે એ જણાય એમ નથી.

તો અહીં કહે છે કે ઉપયોગ એવો જે ભગવાન. જુઓ, અહીં ઉપયોગ આત્માને કહ્યો. અહીં રાગવાળો, ફલાણાવાળો એમ નથી કહ્યો. કહેવું છે શરીરથી જુદું પણ આમાં આમ નાખ્યું કે ઉપયોગ તે આત્મા. જાણન-દેખન ઉપયોગ સ્વભાવ તે આત્મા. એ ત્રિકાળી ઉપયોગ તે આત્મા. આહા..હા..! **'અને અનુપયોગ...'** ઉપયોગ એવો આત્મા, અનુપયોગ એવું શરીર એમ બે જુદાં. એ શરીર અને વાણી તો અનુપયોગ છે. વખાણ કર્યા હતાને શરીર આવું છે ને આવું છે. વાણી આવી છે. એ બધા અનુપયોગ સ્વરૂપ છે એ તો. શેઠ! ના. વાણીમાં પણ આવે. વળી આ લોકો એમ નાખે. તારણસ્વામીવાળા છેને પંડિતો કેટલાક. વાણીમાં મૂર્તિમાં ફેર છે. મૂર્તિમાં કાંઈ નથી અને વાણીમાં તો ચૈતન્યને બતાવવાની શક્તિ એમાં વાણીમાં છે. એમાં જ્ઞાન ભર્યું છે એક જાતનું. બેય જડ છે સાંભળને. મૂર્તિમાં ભાવ ભર્યા છે મૂર્તિના અને વાણીમાં ભર્યા છે ભાવ વાણીના. જ્ઞાનના ભાવ એમાં ભર્યા છે? પણ જ્ઞાન આવે છેને એમાં? વાણીમાં જ્ઞાન ન આવે તો ઓલું જ્ઞાન, ઓલા સાંભળનારને જ્ઞાન થાય શી

રીતે? તારા વાણી નીકળે એમાં જ્ઞાનનો ભાગ એને ન અડતો હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ અડે અને કોણ નીકળે? આહા..હા..! વાણીમાં જ પોતાની શક્તિથી સ્વપર કથા કહેવાની શક્તિ છે. એની પોતાની. આત્માને લઈને નહિ. સમજાણું કાંઈ? આ તો નિરાંતે સ્વાધ્યાયનો કાળ છેને આ હવે. બહારમાં તો માણસ કહેવા માટે ફલાણું ને ઢીંકણું એમ વિચાર આવે. આ તો વસ્તુની સ્થિતિનો સ્વાધ્યાય થાય છે. આવું સ્વરૂપ છે. ઉપયોગસ્વરૂપ તે ભગવાન આત્મા અને શરીર તે ઉપયોગરહિત અનુપયોગ સ્વરૂપ. જેમ સોનું પીળાશ આદિને અને ચાંદી સફેદ આદિથી અનેકતાપણે અનેક છે, અનેકપણે તે ભિન્ન છે એમ આ ઉપયોગસ્વરૂપ ભગવાન, એ અનુપયોગસ્વરૂપ શરીર એ બે અનેક છે માટે ભિન્ન છે. બે એક નથી. ઉપયોગસ્વરૂપે ભગવાન અને અનુપયોગ સ્વરૂપે શરીર. આહા..હા..! સમજાય છે કાંઈ? છેલ્લે ગયાને છેલ્લે? બેય વ્યાખ્યાનમાં ત્રીજીવાર ઘરે. આ મારે તો છેલ્લા દર્શન છે કહે છે. શરીર બરાબર નહોતું તોપણ બેય વ્યાખ્યાનમાં. બેય વ્યાખ્યાનમાં. તે દિ' જ્યાં ઉતર્યા ત્યાં આવ્યા હતા. છેલ્લીવાર. આવ્યા બિચારા પ્રેમ ઘણોને. છેલ્લી સ્થિતિ હોય છે. આહા..હા..! હમણા તો બધા એવા જ સાંભળીએ છીએ જુઓને. વસંતભાઈ. વસંતભાઈને? વસંતીલાલ. આ બહેનના સોગાનીની દિકરી ૩૨ વર્ષની જુવાન મોટરમાં ટ્રક સાથે ભટકાણી તો મરી ગઈ. મોટર વાગી. ટ્રક. મરી ગઈ એમ ને એમ. ખટારા સાથે. ટ્રામ આવ્યો. એ સ્થિતિ એમ જ થવાની. લોકોને અકસ્માત લાગે છે. અકસ્માત કાંઈ છે નહિ. એ રીતે જ તે સ્થિતિનો કાળ હતો. સ્વકાળે જ એનું કાર્ય થાય. આહા..હા..!

કહે છે, પાછી ભાષા શું છે? ત્યાં એમ કહ્યું. પીળાપણું અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે એમ કહ્યું હતું. અહીં પણ '**ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે...**' ભગવાન આત્માનો ઉપયોગ સ્વભાવ કહ્યો. ત્યાં રાગ અને પુણ્ય તે સ્વભાવ એમ નથી કહ્યું. આહા..હા..! શરીરથી જુદો કહેવામાં પણ ઉપયોગસ્વરૂપ તે આત્મા. જાણનાર-દેખનાર. અને એ ઉપયોગસ્વરૂપ તે આત્મા. અનુપયોગ જેમનો સ્વભાવ એમ. ઉપયોગ જેમનો સ્વભાવ એ આત્મા. અનુપયોગ જેમનો સ્વભાવ એ શરીર. સમજાણું કાંઈ? શરીરનો સ્વભાવ અનુપયોગ છે. ભગવાન આત્માનો સ્વભાવ ઉપયોગ છે. જાણવું-દેખવું એ સ્વભાવ છે. આનો અનુપયોગ છે. બેના સ્વભાવની...

મુમુક્ષુ :- શરીરને કાંઈ આત્મા...

ઉત્તર :- આહા..હા..! શરીર વિના રહી શકે? શરીર વિના કામ કરી શકે? એમ વળી કહે છે. ઘણાં લોકો રાડું પાડતા હતા. શરીર વિના કોઈ ચાલી શકે? શરીર વિના શું કામ થાય? અરે! શરીર વિના જ કામ થાય છે સાંભળને તને ખબર નથી. એ તો ઉપયોગ

સ્વરૂપ છે. ઉપયોગસ્વરૂપનું કાર્ય ઉપયોગસ્વરૂપે થાય. જડનું સ્વરૂપ અનુપયોગે થાય. એ તો એને કારણે છે. આ તો જડ છે, આ તો માટી છે. આહા..હા..! આવી ભિન્નતા પણ જ્યાં હજી બેસે નહિ. બાહ્ય શાસ્ત્ર જ્ઞાનથી હોં. એને અંતરમાં ભિન્નતાનો પ્રયોગ તો ક્યાંથી હોય? આહા..હા..!

મુમુક્ષુ :- શાસ્ત્ર જ્ઞાન થયું?

ઉત્તર :- આ એના માટે તો વાત કરે છે. હોય છે. દોષ છે એ લક્ષ છે એટલું. પણ એ લક્ષમાં એ આવે છે.

મુમુક્ષુ :- એનાથી લાભ થાય?

ઉત્તર :- એનાથી લાભ થાય એમ કોણે કહ્યું? લક્ષ હોય છે ત્યારે એ લક્ષનું લક્ષ છોડી દઈ અને એ લક્ષ કરવાયોગ્ય દ્રવ્ય છે. આહા..હા..! લક્ષનું લક્ષ છોડી દઈ, લક્ષ કરવાયોગ્ય દ્રવ્ય છે. એનું જ્ઞાન લક્ષણ છે. તો લક્ષણ ત્યાં ઢળે ત્યારે જાણવામાં આવે છે. એવી વાત છે. આહા..હા..!

**'તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ...'** એમ. ઓલામાં દૃષ્ટાંત.. **'જેમનો સ્વભાવ છે એવાં આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી...'** દેખો! ઓલામાં પણ અત્યંત ભિન્નપણું કહ્યું હતું ચાંદી અને સોનામાં. અત્યંત ભિન્નપણું. આહા..હા..! અત્યંત ભિન્ન છે. ૩૮ ગાથામાં એમ આવ્યું. નવ તત્ત્વના પર્યાયોથી તેમનાથી એમ શબ્દ છે. તેમનાથી જ્ઞાયકસ્વભાવભાવ વડે ભગવાન અત્યંત ભિન્ન છે. ૩૮માં આવ્યું હતું. સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, પુણ્ય, પાપ આદિ એ નવ તત્ત્વના વ્યવહારિકભાવો, પર્યાય બધો વ્યવહાર છેને. પર્યાય વ્યવહાર અને નિશ્ચય દ્રવ્ય એ તો એમ બે જ છે. પંચાધ્યાયનો અર્થ એ કાઢવો છે. પોતાનો .. વ્યવહાર પર છે એ પ્રશ્ન અહીં ક્યાં છે? સદ્‌ગુણ સમ્યગ્જ્ઞાન.. પોતામાં હોય એનું જ્ઞાન કરાવે છે. પરની સાથે શું સંબંધ છે. પોતે જ વસ્તુ જે છે. અહીં કહે છે કે ઉપયોગ અને અનુપયોગ બે સ્વભાવ જુદા છે માટે અત્યંત ભિન્ન છે. ત્યાં એમ કહ્યું. એ જ જીવનો અધિકાર પૂર્ણ ત્યાં થાય છે. ૩૮માં. પૂર્ણ અધિકાર થાય છે. એ તો પર્યાય જે જીવની વિશેષતાઓ નારકી આદિ અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એવા વ્યવહારિક તત્ત્વો, તેમનાથી, તે પર્યાયના ભેદથી એક જ્ઞાયકસ્વભાવભાવ વડે, પોતે એક જ્ઞાયકસ્વભાવભાવ વડે એનાથી જુદો, અત્યંત જુદો છે. કહો, સમજાય છે કાંઈ? મારે ભારે વાત! આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાયથી, એમનાથી, એક જ્ઞાયકસ્વભાવ વડે. એક જ્ઞાયકભાવ સ્વભાવ વડે એનાથી અત્યંત જુદો છે.

અહીં કહે છે કે ઉપયોગ અનુપયોગના સ્વભાવથી અત્યંત ભિન્નપણું હોવાથી. લ્યો! **'એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી...'** એક પદાર્થપણાની. બે થઈને એકપણાની પ્રાપ્તિ ત્રણકાળમાં

નથી. બે બે જ રહ્યા છે. અનેક તે અનેકપણે જ રહ્યા છે. આહા..હા..! એકપણે જે કહેવું એ તો વ્યવહાર થઈ ગયો. વસ્તુ નહિ. અનેક અનેકપણે રહે એ જ એની સ્થિતિ છે. **'અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની...'** કે જે આત્મા અને શરીર એક પદાર્થપણાની. **'પ્રાપ્તિ નથી...'** એકપણાની પ્રાપ્તિ નથી. **'તેથી અનેકપણું જ છે.'** ભગવાન આત્મા ઉપયોગપણે, શરીર અનુપયોગપણે એ અનેક છે. એક પદાર્થની નથી તેથી અનેકપણું છે. લ્યો અસ્તિ-નાસ્તિ કરી. બે થઈને એક નથી, માટે બે તે બેરૂપે છે. એમ કીધું છે. આહા..હા..! એવી સાદી ભાષાએ... **'આવો આ પ્રગટ નયવિભાગ છે.'** જુઓ, ઓલા અપ્રતિબુદ્ધને કહે છે. ઠીક! ઓલો સમજતો નથી એને કહે છે અહીં. અજ્ઞાનીને કહે છે. **'આવો આ પ્રગટ નયવિભાગ...'** નયની વિવેકતા ને વહેંચણી છે. વ્યવહારે કહ્યું એ તો આ અપેક્ષાએ. નિશ્ચયથી તો અનેક તે અનેક જ છે. એ એકપણું બેને થઈને ત્રણકાળમાં પામતું નથી. આહા..હા..! આવો ભગવાન આત્માનો સ્વભાવ, શરીરનો અનુપયોગ સ્વભાવ એ બે બેપણે જ રહ્યા છે. ક્યાંય કોઈ દિ' એક થયા નથી. આવો નય વિભાગ છે. લ્યો!

**'માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.'**

**'ભાવાર્થ :- વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે છે અને નિશ્ચયનય ભિન્ન કહે છે. તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.'** નિશ્ચયથી નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૯૯ | ૧૦-૦૬-૧૯૭૨ | ગાથા-૨૮-૨૯, કળશ-૨૫ | ૦૦૧ |
| ૧૦૦ | ૧૭-૦૬-૧૯૭૨ | ગાથા-૩૦-૩૧, કળશ-૨૫-૨૬ | ૦૧૭ |
| ૧૦૧ | ૧૮-૦૬-૧૯૭૨ | ગાથા-૩૧ | ૦૩૨ |
| ૧૦૨ | ૧૯-૦૬-૧૯૭૨ | ગાથા-૩૧ | ૦૪૫ |
| ૧૦૩ | ૨૦-૦૬-૧૯૭૨ | ૩૧-૩૨ | ૦૫૭ |
| ૧૦૪ | ૨૧-૦૬-૧૯૭૨ | ગાથા-૩૨ | ૦૭૦ |
| ૧૦૫ | ૨૨-૦૬-૧૯૭૨ | ગાથા-૩૨-૩૩ | ૦૮૩ |
| ૧૦૬ | ૨૩-૦૬-૧૯૭૨ | ગાથા-૩૩ | ૦૯૭ |
| ૧૦૭ | ૨૪-૦૬-૧૯૭૨ | ગાથા-૩૪, શ્લોક-૨૮ | ૧૧૧ |
| ૧૦૮ | ૨૫-૦૬-૧૯૭૨ | ગાથા-૩૪-૩૫ | ૧૨૫ |
| ૧૦૯ | ૨૬-૦૬-૧૯૭૨ | ગાથા-૩૪-૩૫ | ૧૩૮ |
| ૧૧૦ | ૨૭-૦૬-૧૯૭૨ | ગાથા-૩૬, શ્લોક-૨૯ | ૧૪૯ |
| ૧૧૧ | ૨૮-૦૬-૧૯૭૨ | ગાથા-૩૬ | ૧૬૩ |
| ૧૧૨ | ૨૯-૦૬-૧૯૭૨ | ગાથા-૩૬, શ્લોક-૩૦ | ૧૭૬ |
| ૧૧૩ | ૩૦-૦૬-૧૯૭૨ | ગાથા-૩૭ | ૧૯૧ |
| ૧૧૪ | ૦૧-૦૭-૧૯૭૨ | ગાથા-૩૭-૩૮, શ્લોક-૩૧ | ૨૦૨ |
| ૧૧૫ | ૦૨-૦૭-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૧૭ |
| ૧૧૬ | ૦૩-૦૭-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૨૯ |
| ૧૧૭ | ૦૪-૦૭-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૪૦ |
| ૧૧૮ | ૩૧-૦૭-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૫૨ |
| ૧૧૯ | ૦૧-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૨૦ | ૦૨-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૭૬ |
| ૧૨૧ | ૦૩-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૮૭ |
| ૧૨૨ | ૦૪-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮ | ૩૦૧ |
| ૧૨૩ | ૦૫-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮, શ્લોક-૨૨૦શ્લોક-૩૨ | ૩૧૫ |
| ૧૨૪ | ૦૬-૦૮-૧૯૭૨ | શ્લોક-૩૨-૩૩ | ૩૨૮ |
| ૧૨૫ | ૦૭-૦૮-૧૯૭૨ | શ્લોક-૩૩, ગાથા-૩૪ થી ૪૩ | ૩૪૧ |
| ૧૨૬ | ૦૮-૦૮-૧૯૭૨ | ગાથા-૩૪ થી ૪૩ | ૩૫૬ |
| ૧૨૭ | ૦૯-૦૮-૧૯૭૨ | ગાથા-૩૪ થી ૪૪ | ૩૭૦ |
| ૧૨૮ | ૧૦-૦૮-૧૯૭૨ | ગાથા-૪૪ | ૩૮૬ |
| ૧૨૯ | ૧૧-૦૮-૧૯૭૨ | ગાથા-૪૪ | ૩૯૯ |
| ૧૩૦ | ૧૨-૦૮-૧૯૭૨ | શ્લોક-૩૪ | ૪૧૨ |

-

સહજ ચિદાનંદ

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ભાગ-૧)

## ગાથા-૨૮

तथा हि ---

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।।२८।।
इदमन्यत् जीवाद्देहं पुद्गलमयं स्तुत्वा मुनिः।
मन्यते खलु संस्तुतो वन्दितो मया केवली भगवान्।।२८।।

यथा कलधौतगुणस्य पाण्डुरत्वस्य व्यपदेशेन परमार्थतोऽतत्स्वभावस्यापि कार्तस्वरस्य व्यवहारमात्रेणैव पाण्डुरं कार्तस्वरमित्यस्ति व्यपदेशः, तथा शरीरगुणस्य शुक्ललोहितत्वादेः स्तवनेन परमार्थतोऽतत्स्वभावस्यापि तीर्थंकरकेवलिपुरुषस्य व्यवहारमात्रेणैव शुक्ललोहित-स्तीर्थंकरकेवलिपुरुष इत्यस्ति स्तवनम्। निश्चयनयेन तु शरीरस्तवनेनात्मस्तवनमनुपपन्नमेव।

જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેવળી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

ગાથાર્થઃ- [जीवात् अन्यत्] જીવથી ભિન્ન [इदम् पुद्गलमयं देहं] આ પુદ્‌ગલમય દેહની [स्तुत्वा] સ્તુતિ કરીને [मुनिः] સાધુ [मन्यते खलु] એમ માને છે કે [मया] મેં [केवली भगवान्] કેવળી ભગવાનની [स्तुतः] સ્તુતિ કરી, [वन्दितः] વંદના કરી.

ટીકાઃ- જેમ, પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી સુવર્ણનું ‘શ્વેત સુવર્ણ’ એવું નામ કહેવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કહેવામાં આવે છે; તેવી રીતે, પરમાર્થથી શુકલ-રકતપણું તીર્થંકર-કેવળીપુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, શરીરના ગુણો જે શુકલ-રકતપણું વગેરે, તેમના સ્તવનથી તીર્થંકર-કેવળીપુરુષનું ‘શુકલ-રકત તીર્થંકર-કેવળીપુરુષ’ એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.

ભાવાર્થઃ- અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનયે તો અસત્યાર્થ કહ્યો છે અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે? તેનો ઉત્તરઃ- વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે.વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે, તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાન્ત ભાવ થાય છે. આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે; તથા શાન્ત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે એ પણ ઉપકાર છે.

---

## જયેષ્ઠ સુદ-૫, શુક્રવાર, તા. ૧૬-૦૬-૧૯૭૨
## ગાથા-૨૮-૨૯, કળશ-૨૫, પ્રવચન-૯૯

‘આ જ વાત હવેની ગાથામાં કહે છે :---’

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।।२८।।
જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેળવી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

એની ટીકા. શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નથી એમ સિદ્ધ કરવું છે. વ્યવહારથી

એમ કહેવામાં આવે છે કે ભગવાન આવા છે અને ભગવાન આવા છે. અતિશયવાળા છે. વાણી આવી છે. એ બધું વ્યવહારથી સ્તવન કહેવાય. શુભવિકલ્પ હોય છે ત્યારે એવું સ્તવન હોય છે. પરમાર્થે એ સ્તવન નહિ.

'**ટીકા :- જેમ પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં...**' ખરેખર ધોળાપણું એ સોનાનો સ્વભાવ નહિ '**પણ, ચાંદીનો ગુણ જે શ્વેતપણું,...**' એ તો રૂપાનો ગુણ ધોળો છે. પુસ્તક નથી? પુસ્તક છે. '**તેના નામથી સુવર્ણનું 'શ્વેત સુવર્ણ' એવું નામ કહેવામાં આવે છે...**' ધોળું સોનું. એમ કહે છેને તમારે શું કહે છે? છાશીયું સોનું તમારે? સફેદ. સોનું સફેદ નથી. સોનું તો ચાંદીના કારણે એને સફેદ કહેવાય છે. સોનું તો સોનું છે. '**તે વ્યવહારમાત્રથી જ કહેવામાં આવે છે;...**' સોનાને ધોળું, ચાંદીમાં સાથે ગળાયેલ એક લટ્ઠાને કારણે એમ એને સોનું ધોળું વ્યવહારમાત્રથી કહેવામાં આવે છે. '**તેવી રીતે, પરમાર્થથી શુક્લ-રક્તપણું...**' ભગવાન પીળા છે અને ધોળા છે. આવે છેને? સોળ સુવર્ણવર્ણી. ચોવીસ તીર્થંકરમાં આવે છે. સોળ સુવર્ણવર્ણી. બે રાતા વર્ણી, બે કાળા વર્ણી અને બે લીલાવર્ણી એવું આવે છે. એ તીર્થંકર ધોળા અને રાતા '**કેવળીપુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં...**' એ કાંઈ એના આત્માનો સંબંધ નથી. એ તો શરીરના સ્વભાવની સ્તુતિ કહેવામાં આવે વ્યવહાર સ્તુતિ હોય છે.

'**શરીરના ગુણો જે શુક્લ-રક્તપણું વગેરે, તેમના સ્તવનથી તીર્થંકર-કેવળીપુરુષનું 'શુક્લ-રક્ત તીર્થંકર-કેવળીપુરુષ' એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે...**' સત્યદૃષ્ટિથી જોઈએ તો '**શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.**' શરીરના વખાણ કરવાથી કાંઈ આત્મા ભગવાનના વખાણ એ નથી. એ તો પુણ્ય પ્રકૃતિનું ફળ વાણી આવી હોય અને શરીર આવું હોય અને દશે દિશા ઉજળી કરે એ બધી ભાષા છે વ્યવહારની.

મુમુક્ષુ :- તો એવી વ્યવહારની ભાષા કરી શું કરવા?

ઉત્તર :- છેને. આવે છેને. એવો નિમિત્ત સંબંધ છેને. નિમિત્તનો શુદ્ધ ઉપાદાનથી .. એવું શરીર, વાણી નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા એવું .. આવે. એનો અર્થ કે શુભરાગ હોય ત્યારે એવા સંબંધથી સ્તુતિ થાય એમ કહેવું.

મુમુક્ષુ :- એમ કે પહેલા .. કચરો નાખો અને પછી કાઢી નાખો.

ઉત્તર :- એ કચરા નાખવાની ક્યાં વાત કરો છો? પણ એવો આવે શુભભાવ. નિશ્ચય અંતર ભાન હોય છતાં તીર્થંકર... સવારમાં નહોતું આવ્યું? મહાપુરુષ પંચ પરમેષ્ઠીની ભક્તિ, એની શ્રદ્ધા એને વ્યવહાર સમકિત આવે, હોય. સવારમાં આવ્યું હતું કે નહિ? નિયમસાર.

મુમુક્ષુ :- નિશ્ચય ભક્તિ કહે છે.

ઉત્તર :- હા, તો હોય છેને સર્વજ્ઞ પરમાત્મા વિકલ્પ ઉઠે ત્યારે સર્વ દ્રવ્ય ઉપર એનું લક્ષ જાય છે. એટલે એ વ્યવહારથી ભગવાન! એ સ્તુતિ વ્યવહારે કહેવામાં આવે છે. વાણી ભગવાનની છે એમ કહેવું એ તો વ્યવહાર છે. ભગવાને આ સમજાવ્યું, ભગવાનની કૃપાથી મુક્તિ થાય. ભગવાનની કૃપાથી મુક્તિ થાય. કેમકે એની વાણીથી જ્ઞાન થાય, જ્ઞાનથી મુક્તિ થાય અને જ્ઞાનમાં ભગવાનની વાણી નિમિત્ત છે. એ વાણી આપ્તપુરુષની છે, વીતરાગની છે. પંડિતજી! આ સમયસારમાં આવ્યુંને. ભગવાનની વાણી પણ પૂજનિક છે વ્યવહારે. કળશમાં આવ્યું હતુંને. જિનવાણી છેને? વીતરાગ વાણી નિમિત્તથી છે. વાણી વાણીથી છે, પણ એમાં નિમિત્તપણું કેવળજ્ઞાનીનું છે એથી વાણી પણ પૂજ્ય કહેવામાં આવે છે. વ્યવહારે. નિશ્ચયથી પૂજ્ય આત્મા છે. આહા..હા..!

**'વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.'** એમ. **'બનતું જ નથી.'** ત્યારે આમાંથી એ .. કાઢે કેટલાક. જુઓ આમાં વ્યવહારનો નિષેધ કર્યો છે. એ ભગવાનની પ્રતિમા, મૂર્તિ અને પૂજા, સ્તવનનો ઉલ્લેખ .. કર્યો એવું કાઢે કેટલાક સ્થાનકવાસી. જુઓ, અહીં ના પાડી છે. મૂર્તિની પૂજા અને બધું વ્યવહાર છે. પણ વ્યવહાર છે કે નહિ? ત્યારે એનો નિષેધ કર્યો કે નહિ? આહા..હા..! ભગવાનની ભક્તિ, પૂજા, સ્તવન હોય છે. શુભભાવ જ્યારે આવે એ જાતનો. શુભભાવના ઘણાં પ્રકાર. જ્યારે એ જાતનો શુભભાવ હોય તો ભગવાનની સ્તુતિ, વંદન આદિ હોય છે. હોય છે. એથી મૂર્તિ નથી અને પ્રતિમા નથી એમ આમાં નિષેધ નથી થાતો કાંઈ.

મુમુક્ષુ :- દૂધમાં પણ પગ રાખવો અને દહીંમાં પણ પગ રાખવો.

ઉત્તર :- દૂધ દહીંમાં નથી. દૂધ દૂધમાં છે અને દહીં દહીંમાં છે. વ્યવહાર વ્યવહારમાં છે, નિશ્ચય નિશ્ચયમાં છે. આહા..હા..! એને તો વધારે લેશે ભાવાર્થવાળા તો. અહીં તો ના પાડે છે. આગળ લઈ જશે. આવે છે. સર્વજ્ઞ પરમત્મા પૂર્ણ આત્મા એક સમયમાં જેને પૂર્ણદશા. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।'** ભગવાનના પર્યાયમાં પૂર્ણતા એવી જેને પ્રતીત થાય એવી પ્રતીતનું વલણ એનું આત્મા તરફ જાય. .. આવે કે અરિહંત આવા છે, એના ગુણ આવા છે, એની પર્યાય આવે છે. **'सो जाणदि अप्पाणं'** એમ આવે છે. ... કહ્યો. આવે છે, પણ એ વ્યવહાર નિશ્ચયનું કારણ છે એમ નથી. કોઈ નયે નથી. વ્યવહારથી કહેવાય, એ વ્યવહારથી કહેવાય એનો અર્થ શું? વ્યવહાર રાગ છે એ હોય છે. પણ એનાથી નિશ્ચય થાય છે એમ નથી. નિશ્ચય તો સ્વદ્રવ્યને આશ્રયે એ અહીં કહેશે. કેવળીની સ્તુતિ કોને કહેવી? ત્યારે આ કેવળી એટલે ભગવાન નહિ નાખે, આ આત્મા નાખે. આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એની એકાગ્રતા એ કેવળીની સ્તુતિ છે. વ્યવહાર આવે ખરો, પણ

એનું ફળ છે પુણ્યબંધન. લ્યો ઠીક! આવે ખરું એય..! ગીરધરભાઈ! એણે ગીરધરભાઈએ નવું દેરાસર કર્યું છે. એવો ભાવ હોય છે. પૂર્ણ ન હોય ત્યારે. અજ્ઞાનમાં પણ એવો શુભભાવ તો હોય છેને. કે ભગવાન હોય, પ્રતિમા હોય એ ભાવ હોય છે, પણ એ ભાવનું ફળ મુક્તિ નહીં. આહા..હા..! પાપથી બચવા અથવા એ કાળે તે પ્રકારનો જ ભાવ આવે પાછો એમ. અજીબ વાત છે. એના નિયમમાં એવો ભાવ આવે. એથી એ આત્માનું સ્તવન છે એમ નહિ. પણ એથી કરીને વ્યવહાર ન હોય એમ નહિ.

કબીર કહે છેને કે 'મૂર્તિ પૂજે હરિ મિલે તો મૈં પૂજું મોટા પહાડ, પત્થરથી શક્તિ ભલી .. સંસાર.' એ બધું વાંચ્યું છે. દુકાન ઉપર વાંચ્યું છે. એ વાડીલાલ મોતીલાલ હતાને ભાઈ! એની ભેટ આવી છે. વાડીલાલ મોતીલાલ ..પત્રકાર હતા અમદાવાદથી. દુકાન ઉપર ત્યાં મગાવતા અમે. હું (વાંચુ)ને બીજા બધા કોઈ વાંચે નહિ. આપણે મગાવીએ. એમાં આ ભેટ આવ્યું હતું. કબીરના દોહા. એ વખતે હોં! ૬૪-૬૫ની વખતે. જાતા પહેલા. એમાં આ બધું હતું. 'કબીર કહે મુક્તિ ફળ પૂજે હરિ મિલે તો મૈં પૂજું મોટા પહાડ.' 'પત્થર પૂજે હરિ મિલે તો મૈં પૂજું બડા પહાડ. પત્થરથી તો શક્તિ ભલી .. ખાય સંસાર.' એમ. એ બધી વાર્તા છે. એકલા જ્ઞાન દ્વારા સમજે નહિ તત્ત્વને. એવો સમ્યક્ આત્માના ભાનમાં પણ સ્વરૂપમાં સ્થિર થઈ શકે નહિ ત્યારે એવો શુભભાવ ભક્તિનો આવ્યા વિના રહે નહિ. હોય છે ખરું, પણ એ પરમાર્થસ્વરૂપ નહિ. વ્યવહાર સ્વરૂપે સ્વરૂપ વ્યવહાર હોય છે ખરો. પણ એનાથી એ મુક્તિથી સમકિત થાય અને વ્યવહારથી સમકિત થાય અને એનાથી જ્ઞાન થાય એ વાતમાં માલ કાંઈ નથી. કહો, ચીમનભાઈ! ભારે આકરું. એક તો મૂર્તિ પૂજક નહોતી એમાં મૂર્તિ પૂજક કર્યા ત્યાં એમાં પછી આ વાત. એવો શુભભાવ હોય છે.

સંસારના પાપભાવ કરે છે છોકરાને પરણાવવાના, દીકરીના લગનના. જુઓ કરે છે કે નહિ કેવા સરસ કરે છે. જમાઈને પાસ કરવા. પાસ એટલે પસંદ કરવા. .. આઠ લાખ ખર્ચ્યા લ્યો છોડીના લગનમાં. તો પછી આ એને માટે તો ધર્મને માટે એને ભાવ હોય કે નહિ? કેટલી ખુશી કર્યા લે બોલો! .. સામાન્ય... સુમનભાઈએ એમ કહ્યું ને કે જો .. પાઈ પાઈ લેશું. અમારે તો એક જ દીકરી હતી અને અમારે દીકરા દીકરી ઘણા છે. અત્યારે.. ચીમનભાઈ કહે કે તમારી દીકરી અમે લીધી, અમે તમને આપી. તો જેટલા પૈસા અમે ખર્ચ્યા છે એટલા પાછા સામા લેશું. એ વાતું તો બેય કરે. ઓલા બિચારાએ જવાબ દીધો કે ભાઈ જો તમારે તો એક જ દીકરી નારણભાઈને. અહીં અમારે દીકરા ઘણા, દીકરીયું ઘણી. તો એમાં લજ્જા માટે કરે છે કે નહિ? તોપણ એક લાખ આપ્યા કહે સામે છોડીને એક લાખ આપ્યા. પચાસ હજાર બીજા. દસ લાખ ખર્ચ્યા હતા. ત્યારે એવું કરે છે કે નહિ? અહીં તો એ કહેવું છે.

તો ધર્મને માટે પરમાત્મા, ત્રિલોકનાથ વીતરાગદેવ એના મંદિરો એવો ભાવ આવે. સમજાણું કંઈ? પણ એ ભાવની મર્યાદા પુણ્ય જેટલી છે. જુઓ, એકકોર હા પાડે, વળી બીજી કોર ના પાડે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું સ્યાદ્વાદ છે. અને તે મૂર્તિ ભગવાન નથી સાક્ષાત્ ત્યાં. એ તો સ્થાપના છે. એનું પ્રતિનિધિત્વ સ્થાપે ત્યાં કે ભગવાન આવા હતા. ભગવાન આવા હતા. વીતરાગતા દેખે. એ આવે છે.

**'ભાવાર્થ :- અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે...'** વ્યવહારનયને જૂઠો કહ્યો ૧૧માં. **'અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે?' 'તેનો ઉત્તર :- ' 'વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે?'** એવા શરીરના વખાણ કરવા અને આવા કરવા અને ફલાણું કરવું અને ઢીંકણું કરવું. **'વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી,...'** વ્યવહાર વિષય નથી જ એમ નથી. અસત્યાર્થ તો ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કહ્યો છે. પર્યાયને અભૂતાર્થ કીધી જુઓ. નથી એમ કીધું. ત્રિકાળ વસ્તુ તે સત્યાર્થ છે અને એક સમયની પર્યાય તો અસત્યાર્થ છે. કઈ અપેક્ષાએ? ગૌણ કરીને નથી એમ કહ્યું છે. અભાવ કરીને નથી એમ નહિ. આહા..હા..! ભારે ભિન્ન-ભિન્ન કથન. .. શાસ્ત્રમાં ક્યાંય પ્રતિમા છે? કે ના કોઈ ઠેકાણે તત્ત્વાર્થસૂત્રમાં ક્યાંય પ્રતિમા નથી. સ્થાનકવાસી આવી વાત કરે. મરી જઈશ. એ જ્ઞાન સમ્યક્ થાય એને જ્ઞેયના ભેદોના ચાર પ્રકાર પડે એવું એનું જ્ઞાન નય વિષયી છે અને એની સ્થાપના આદિ એનો વિષય છે. એ આવ્યા વિના રહે નહિ.

એ પ્રશ્ન અમારે ભાઈ થયેલો. દામોદર શેઠ સાથે. દામોદર શેઠ કહે કે મૂર્તિ તો મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી હોય. પૂજા મૂર્તિ. સમ્યગ્દૃષ્ટિ પછી નહિ. કીધું સમ્યગ્દર્શન પછી જ મૂર્તિ હોય, પહેલાં હોય જ નહિ. આ તો ૭૬ની વાત છે. ... કેમ? કે સમ્યગ્જ્ઞાન જ્યાં આત્માનું થાય શુદ્ધ જ્ઞાન ચૈતન્ય મૂર્તિ અખંડ. એ શ્રુતજ્ઞાનનો ભેદ પડે તે નય. તો એમાં નિશ્ચય અને વ્યવહાર બે. વ્યવહારનય છે એ વિષયી છે. એને નિક્ષેપ સામે વિષય એવો આવ્યા વિના રહે નહિ. એને જ વિષય નિક્ષેપ હોય. ગીરધરભાઈ! આ વાત તો ૮૩માં બહુ થયેલી ઘણી. ખરેખર તો સમ્યગ્દૃષ્ટિને આત્માને આશ્રયે જ્યાં ધર્મ સમ્યક્ થાય છે ત્યારે એને શ્રુતજ્ઞાન થાય છે. ભાવશ્રુતજ્ઞાન. એ પ્રમાણ છે અને એનો ભેદ તે નય છે. તે નય છે એટલે વિષયી છે-વિષય કરનાર. ત્યારે સામી ચીજ છે એ વિષય છે. નામ, સ્થાપના, દ્રવ્યભાવ જ્ઞેયના ભાગ છે. એ જ્ઞેયના ભાવ વિષય નયનો વિષય થયા વિના રહે નહિ. વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. ખેંચાતાણ કરે એમ ન ચાલે. જેમ હોય એમ લેવું જોઈએ. એ તો વાત સંપ્રદાયમાં કરેલી. દામોદર શેઠ બહુ તાણતા. મૂર્તિ નથી. મૂર્તિ તો મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી પૂજા. અરે કીધું સમ્યગ્દૃષ્ટિ પછી જ એ મૂર્તિનો વિષય અને એ પૂજ્ય હોય છે. મૂર્તિ વિના વ્યવહાર

નહિ અને વ્યવહારનો વિષય નય થયા વિના વિષય કેવો આવે? હજી નય જ ઉઘડી નથી, પ્રમાણ ઉઘડ્યું નથી આત્મા. પૂર્ણાનંદ અખંડ અભેદ છું એવી દૃષ્ટિ થઈ નથી એટલે ભાવશ્રુત જ્ઞાન થયું નથી. ભાવશ્રુત જ્ઞાન વિના નય કોને? એને જ નય હોય અને એને જ એ સામો વિષય. શાંતિભાઈ! અહીં તો ભાઈ વાત એવી છે આ.

માટે ચર્ચા કરો. કેટલા વર્ષ પહેલા? ૮૩ લ્યો તો ૧૭ અને ૨૮, ૪૫ વર્ષ થયા. ૪૫ વર્ષ પહેલાં તકરારું-તકરારું વાંધા કાઢ્યા કરે મારા. ભાઈ એમ ન હોય કીધું ભાઈ અહીં તો. ધીરૂભાઈ! આ દામોદર શેઠ સ્થાનકવાસી દામગનર. એણે કોર્ટમાં આપ્યું સાક્ષી તરીકે. આ તમારે જિન આવે છે એ જિન જક્ષની મૂર્તિ છે. બોટાદમાં. બોટાદની તકરાર. કોર્ટમાં ગયા હતાને. કોર્ટમાં એણે એવું સાક્ષી કર્યું કે શાસ્ત્રમાં જિન શબ્દ આવે છે, તીર્થંકરની મૂર્તિ આવે છે. જિન પ્રતિમા. એ જિન પ્રતિમા એ જક્ષની મૂર્તિ છે. આહા..હા..! ગજબ કર્યો છેને. એમ નથી. શાશ્વત પ્રતિમાઓ છે. શાશ્વત જેમ વીતરાગભાવ જગતમાં છે તો વીતરાગભાવની સ્થાપનારૂપ શાશ્વત એ મૂર્તિઓ પણ શાશ્વત છે. વસ્તુની સ્થિતિ એમ છે. કાઢી નાખે તો .. એમ વસ્તુ ન નીકળે. સમજ મેં આયા? આહા..હા..!

અહીં કહે છે કે વ્યવહાર તો અસત્યાર્થ કહ્યો છે, પણ કઈ અપેક્ષાએ? નિશ્ચયની અપેક્ષાએ અસત્યાર્થ છે. પોતાની અપેક્ષાએ તો છે. નથી? શુભરાગ ભગવાનનો વિષય, લક્ષ હોય છે. હેયબુદ્ધિએ હોય છે ભલે, પણ એ આવ્યા વિના રહેતો નથી. ભારે. કહો, પ્રકાશદાસજી! એ પછી તમારું ત્યાં ન ચાલે ત્યાં ઓલા પત્થર પૂજે તો હરિ મિલે. એ તે દિ' ચાલ્યું હતું એમાં. એ તો ૬૪-૬૫નું પુસ્તક આવ્યું હતું ભેટ દુકાનમાં. વાંચતો હતો તે દિ'. એકાંત છેને. જ્ઞાન છે (તેનું) ભાન નથી. ચૈતન્ય સ્વરૂપનું જ્ઞાન, ભાન નહિ. વાત આવે છે નિયમસારમાં આવે છે નહિ? વિદ્યાનંદજી. હા એ. નિયમસાર છેને. એ. વિદ્યાનંદ. શ્લોક આવ્યો. આમાં છે. નિયમસાર છેને. વિદ્યાનંદસ્વામીનો શ્લોક, ગાથા-૬ પછીનો છે. 'ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે.' ઈષ્ટફળ મુક્તિ. સિદ્ધિનો ઉપાય સુબોધ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન વિના કાંઈ મુક્તિ મળે? 'અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. સુબોધ સુશાસ્ત્રથી થાય છે.' લ્યો! સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. રાગ સિદ્ધ કરવો છેને અહીંયાં. નિમિત્ત સાથે .. હોય ખરેખર જ્ઞાન તો પોતાના સ્વને આશ્રયે થાય છે, પણ વ્યવહારે શાસ્ત્ર આવ્યું એને કહ્યું કે આમ થાય એવું લક્ષ થાય છેને? એટલે સુબોધ સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે. એની ઉત્પત્તિ સર્વજ્ઞથી થાય છે. ભગવાન એક સમયમાં ત્રણકાળ જોયો છે એમાંથી ઉત્પત્તિ થાય છે. 'માટે તેમના પ્રસાદને લીધે આપ્તપુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે. મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી.' ઠીક! સર્વજ્ઞના જ્ઞાનમાં આવ્યું છે કે આ સમયે આને મુક્તિ એ એની કરૂણા છે, એ એની કૃપા છે એમ કહેવું છે. શ્રીમદ્

પણ કહે છેને 'કરૂણા હમ પાવત હૈ તુમકી.' .. કરૂણા છે પ્રભુ! તમારા સ્વભાવની.. પર્યાયમાં આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ સમયે થયું એ આપ જ્ઞાનમાં જાણો છો એ આપની કૃપા છે બસ. એવી વાત છે. વ્યવહારની વાત વ્યવહારના સ્થાનમાં બરાબર ગણવી જોઈએ. ખેંચાતાણ કરે તો એમ ન ચાલે. આહા..હા..!

કહે છે 'મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી, સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે. કેમકે કરેલા ઉપકારને સાધુ પુરુષો ભૂલતા નથી.' પાઠ છે. **'न हि कृतमुपकारं साधवो विस्मरन्ति'** સજ્જન પુરુષો કરેલા ઉપકારને ભૂલતા નથી. પરમાત્મા દેવ-ગુરુ આદિથી જે ઉપકાર થયો તે ઉપકારને જ્ઞાની ભૂલતા નથી. વ્યવહારથી વિકલ્પ વિનય, બહુમાન આવ્યા વિના રહે નહિ એને, પણ એથી એમ નહિ કે એ આવ્યું માટે એનાથી સમ્યગ્દર્શન અને અનુભવ થાય આનંદ. એ વચ્ચે એવો ભાવ એક હોય છે. આટલી મર્યાદા છે. ખેંચાતાણ કરે તો ન ચાલે. કહે છે કે પ્રશ્ન કરે કે **'વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે?'** **'વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે.'** નિશ્ચયને મુખ્ય કરીને, મુખ્ય કરીને. એને ગૌણ કરીને. પાછો એનો અર્થ એવો કરે કે જુઓ ત્યારે વ્યવહારથી થાય કે નહિ નિશ્ચય? એ ક્યા વાત છે અહીંયાં? એ તો કારણકાર્યમાં નિષેધ કર્યો નહિ? સવારમાં કહ્યું હતું. અકાર્યકારણ શક્તિ આત્મામાં છે. એ વ્યવહાર છે તો નિશ્ચય સમકિત થાય એમ વસ્તુનું સ્વરૂપ એમ નથી. અને નિશ્ચય થયો એણે વ્યવહાર ઉત્પન્ન કર્યો એમ પણ નથી. આહા..હા..! એવી વાતું ભારે!

માટે કહે છે **'નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે. વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી,...'** પ્રત્યક્ષ. ઈન્દ્રિય વડે બહારથી દેખાય નહિ. શરીર દેખાય. ભગવાનનું શરીર દેખાય લ્યો! ભગવાનનો આત્મા દેખાય છે? વ્યવહારથી વાત છે. **'તેની શાંતરૂપ મુદ્રાને દેખી...'** ભગવાનની હોં શરીર. શાંત... શાંત... મૂર્તિ પણ વીતરાગ મૂર્તિ હોં. વીતરાગ. જ્ઞાની અંતરમાં કેવળજ્ઞાનમાં કેલી કરતા હોય અને રાગની ક્રિયાનો જેને અભાવ હોય એવી શાંત. ભગવાનની, ભગવાનના શરીરની અને ભગવાનની મૂર્તિની. **'શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાંત ભાવ થાય છે.'** કરે એને. આવો વીતરાગ ભાવ. આહા..હા..! જેની પ્રતિમામાં દોષ નહિ. .. આવે છેને બોલ સમયસાર નાટક. પ્રતિમાના વખાણ બહુ કર્યા છે. બનારસીદાસ. 'જાકી અલ્પ ભવ સ્થિતિ જાકી સોહી પ્રમાણે જિન પ્રતિમા જિન સારખી.' લો બનારસીદાસ. જેની અલ્પભવ સ્થિતિ છે. અલ્પભવ સમ્યગ્દર્શનસહિત છે અને એને અલ્પભવ છે. એ 'સોહી પ્રમાણે જિન પ્રતિમા જિન સારખી.' ભગવાન સાક્ષાત્ વ્યવહારે છે એની મહિમા. પ્રતિમાની પાસે વીતરાગતા અને પરમાત્મા છે એમ માને છે. જેને અલ્પભવ

સ્થિતિ છે એવા સમ્યગ્દૃષ્ટિની વાત છે. આવે છે બનારસીદાસમાં. છે કે નહિ? બનારસી નથી આમાં? નાટક. સમયસાર નાટકમાં આવ્યું. કળશમાં નથી આવ્યું. કળશમાં છે? નાટક નથી. ચૌદ ગુણસ્થાન શરૂ કર્યાને જ્યાં પોતે. એનું વર્ણન કર્યું છે.

'**જિન પ્રતિમા જિન સારખી, નમૈ બનારસિ તાહિ,**' બનારસીદાસ. '**જાકી ભક્તિ પ્રભાવસૌ, કીનૌ ગ્રન્થ નિવાહિ.**' જિન પ્રતિબિંબ કા વાચન. વ્યવહાર છેને. '**જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,...**' જેણે ભગવાનની પ્રતિમા દેખવાથી મુક્તિ થવાથી '**ભગતકે નૈનનિકૌં,...**' એના ભગત છે એની આંખમાં '**થિરતાકી બાનિ બઢૈ ચંચલતા વિનસી. મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં,**' ભગવાનની મુદ્રા દેખી કેવળી યાદ આવે ઓહો..! આવા કેવળી. રાગરહિત જ્ઞાનમાં ઠરી ગયેલા, નિષ્ક્રિય બિંબ. '**મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં, જાગે આગૈ ઈંદ્રકી વિભૂતિ દીસૈ તિનસી.**' ભગવાનની મુદ્રા દેખીને એવું હૃદયમાં થાય કે એની આગળ ઈન્દ્રની વિભૂતિ તરણા જેવી લાગે. '**જાકો જસ જપત પ્રકાસ જગૈ હિરદેમૈં,...**' ભગવાનનો જશ ગાતા અંદર હૃદયમાં પ્રકાશ જાગે. '**સોઈ સુદ્ધમતિ હોઈ હુતિ જુ મિલનસી.**' મલિન મતિ નિર્મળ થાય શુભ. '**કહત બનારસી સુમહિમા જાકી, સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી.**' લ્યો! એય..! કબીર ઉથાપે ત્યાં આ સ્થાપે. માર્ગ એ છે.

'**જાકે ઉર અંતર સુદ્રિષ્ટિકી લહર લસી,...**' '**જિન-મૂર્તિ પૂજકોંકી પ્રશંસા**' '**જાકે ઉર અંતર સુદ્રિષ્ટિકિ લહર લસી,...**' સમ્યગ્દર્શન પ્રગટ્યું, સાચી દૃષ્ટિ ઉઘડી '**વિનસી મિથ્યાત મોહનિદ્રાકી મમારખી.**' જુઓ, મિથ્યાત્વ ગયું એને આ પ્રતિમાની. '**સૈલી જિનશાસનકી ફૈલી જાકૈ ઘટ ભયૌ,**' શૈલી જિનશાસન. વીતરાગ શાસનની શૈલી '**ફૈલી જાકૈ ઘટ ભયો, ગરબકૌ ત્યાગી ષટ-દરબકો પારખી.**' સમ્યગ્દૃષ્ટિ '**ગરબકો ત્યાગી ષટ-દરબકો પારખી.**' ષટ્ દ્રવ્ય ભગવાને કહ્યા. .. '**આગમકૈ અચ્છર પરે હૈં જાકે શ્રવનમૈં,...**' ભગવાનના આગમના અક્ષર જેના કાને પડ્યા '**હિરદૈ-ભંડારમૈં સમાની વાની આરખી.**' અરીસામાં જેમ દેખાય એમ જેની વાણી જ્ઞાનમાં જણાય કે ભગવાન આમ કહે. '**કહત બનારસી અલપ ભવથિતિ જાકી, સોઈ જિન પ્રતિમા પ્રવાંનૈ જિન સારખી.**' હવે અહીં નિષેધ કર્યો છે અને અહીં હા પાડે છે. એનો અર્થ શું? વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હોય છે.

**'જિન-પ્રતિમા જન દોષ નિકંદૈ, સીસ નમાઈ બનારસિ બંદૈ.**
**ફિર મનમાંહિ વિચારૈ ઐસા. નાટક ગરંથ પરમ પદ જૈસા.**
**પરમ તત્ત પરચૈ ઈસ માંહી, ગુનથાનનકી રચના નાંહી.**
**યામૈં ગુનથાનક રસ આવૈ, તો ગરંથ અતિ સોભા પાવૈ.'**

આ ગુણસ્થાન બનાવવા પહેલા જિન પ્રતિમાનું માહાત્મ્ય ગાઈને ગુણસ્થાન લખ્યા છે. કહો, પંડિતજી! લ્યો વળી અહીં જિનપ્રતિમાનું અહીં સ્થાન છે. છેને. વ્યવહાર નથી? વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે. શુભભાવ હોય છે. '**છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે, તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાંત ભાવ થાય છે.**' શુભભાવ તો થાય, પણ અંદરમાં જોવે તો આવા છે ભગવાન એમ જો અંતર્મુખમાં જાય તો સ્વભાવ સન્મુખ થઈને શાંતભાવ પૂર્ણ થાય.

એક જણો કહેતો હતો રાજકોટમાં. ભગવાનને દેખીને વીતરાગતા આવે છે કહે. તમે નિમિત્તથી.. ઓલો હતોને ચુનિલાલની સાથે બ્રહ્મચારી આઠ પડિમાવાળો? છઠ્ઠી, પાંચની સાલ. આઠ પડિમાવાળો હતો કોક. ચુનિલાલ.. એ કહે લ્યો હું કહું કે ભગવાનને દેખીને વીતરાગતા આવે છે. ભાઈ! કઈ અપેક્ષાએ? સાંભળને! એ તો એનો વિચાર કરતા આ ભગવાન છે આવા એમ કરતા અંદરમાં જાય તો એનું લક્ષ છૂટી જાય ત્યારે એને વીતરાગતા થાય. એનું નામ સ્યાદ્વાદ થાય. સાત પડિમાવાળો કહે. પણ એ કહે ક્ષુલ્લક થયા વિના લોકમાં આદર ન પમાય. માટે આપણે આઠ પડિમા છોડીને ક્ષુલ્લક થાવું. લ્યો ઠીક! લૌકિકની દૃષ્ટિ. તે દિ' ચંદુભાઈને ત્યાં આહાર કરવા ગયા હતાને. એમના .. આહાર કરવા ગયા હતા. આહા..હા..! અરેરે! એમ કે આઠ પડિમાવાળાને બરાબર આદર નથી આપતા, પણ જો ક્ષુલ્લક થઈ જઈએ તો વહોરવાનું બધું આવે, .. દુનિયા માટે કરવું એને. આહા..હા..!

અહીં તો ભગવાનની પ્રતિમા દેખીને જેને અંતરના વિચારમાં રાગથી રહિત સ્વરૂપ ભગવાનનું છે એવું જેણે અંતરમાં જોયું, જાણ્યું ત્યારે એને શાંતભાવ થાય. ભગવાનને દેખીને થાય એ તો વ્યવહારની વાત છે. એય..! આવી વાતું. ઝઘડા... ઝઘડા... ઝઘડા... '**શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાંત ભાવ થાય છે. આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે;...**' એટલે વ્યવહાર સ્તુતિ પણ આ રીતે હોય છે. '**તથા શાંત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...**' જુઓ, પોતે કરે અંદરથી તો આવા વીતરાગ! આહા..હા..! જાણે કે લોકાલોકને દેખતા હોય. પ્રતિમા દેખીને. એવો હું છું એવો અંતરમાં જાય તેને વીતરાગભાવ પણ થાય. ત્યારે ઓલાથી થયું એમ નિમિત્તમાં કહેવામાં આવે છે. સમકિતના કારણ.. ઓલામાં આવે છેને જિનબિંબના દર્શનથી મિથ્યાત્વના ટૂકડા થઈ જાય. ધવલમાં આવ્યું છે. જિનબિંબના દર્શનથી, પણ જિનબિંબ ક્યું? એ જિનબિંબ દેખીને પછી આ જિનબિંબ. આહા..હા..! એકલા ભગવાનની સામું જોઈ રહે એ તો શુભરાગ છે. એય..! ધવલમાં આવે છે. જિનબિંબ સામું જોઈ જોઈને ટૂકડા થાતા હશે? એની સામું જોવે ત્યાં તો વિકલ્પ, રાગ છે. અંતર્મુખ ચૈતન્યમૂર્તિ એને દેખીને અંદર. આહા..હા..! આવો જ્ઞાન રસ નિષ્ક્રિય રાગની સામે મારું તત્ત્વ એમ અંતર દૃષ્ટિ કરે તો વીતરાગતા આવે. પોતાના

સ્વભાવને આશ્રયે વીતરાગતા આવે છે. કોઈ પરના લક્ષે ન આવે. પણ એમ કહેવાય જ્યારે એને દેખીને અંદરમાં જાય ત્યારે એનાથી સમકિત થયું એમ પણ કહેવાય. આવે છેને શાસ્ત્રમાં. વેદનાથી સમકિત થયું, બહુ આકરી વેદના. વેદના તો અનંતવાર થઈ.

મુમુક્ષુ :- વેદનાથી થયું અને જિનબિંબના દર્શન...

ઉત્તર :- જિનબિંબના દર્શન, જાતિસ્મરણ. તો એ બધા વ્યવહારની વાતું છે. એનાથી ખસીને અંતરમાં જ્ઞાન કર્યું ત્યારે આનાથી થયું એમ વ્યવહારથી કહેવાય. એવી વાતું છે. વાદવિવાદે પાર ન પડે ભાઈ આ. સત્ય વસ્તુ એવી છે. 'જ્યાં જ્યાં જેને જેમ હોય તેમ તેને સમજવું જોઈએ.' 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે.' આવે છેને. 'તહાં સમજવું તે ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન તેહ.' આવે છે. શ્રીમદ્‌માં આવે છે.

'**શાંત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...**' એમ કહ્યું છેને. વીતરાગભાવનો નિશ્ચય થાય. આવો વીતરાગભાવ. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વભાવ શુદ્ધ જ્ઞાયક પવિત્ર સ્વભાવ, એવો વીતરાગ સ્વભાવ એનો નિર્ણય થાય. 'જિન સોહીએ આત્મા.' સ્તુતિમાં આવે છે. એ જિનસ્તુતિમાં આવે છેને. એ સમયસાર નાટકમાં? આમાં અર્થ કરે છે. ત્યારે જિનસ્વરૂપ લેવું છે હોં. શું કીધું? ૩૧માં આવે છેને? કેટલામું છે? ૩૧મી ગાથા. ૨૯મી. ૨૮મી. શ્લોક ક્યો? કળશ? ૩૧મો કળશ. ૨૭મો ઠીક. ૩૧માં વ્યવહાર. '**તન ચેતન વિવહાર એકસે, નિહચૈ ભિન્ન ભિન્ન હૈં દોઈ. તનકી થુતિ વિવહાર જીવથુતિ, નિયતદૃષ્ટિ મિથ્યા થુતિસોઈ.**' હવે આવ્યું જુઓ. '**જિન સો જીવ જીવ સો જિનવર.**' '**જિન સો જીવ જીવ સો જિનવર.**' પોતે જિનવરસ્વરૂપ છે. '**જિન સો જીવ...**' જીવ એ આ જીવ. '**જીવ સો જિનવર, તન જિન એક ન માનૈ કોઈ.**' તનને માને ન કોઈ. '**તા કારન તનકી સંસ્તુતિસૌં, જિનવરકી સંસ્તુતિ નાહિ હોઈ.**' મારે તો અહીં આ કહેવું છે. '**જિન સો જીવ જીવ સો જિનવર.**' એમ સાબિત કર્યું છે. કહો, સમજાણું? આ જીવ પોતે જિન, જિન એટલે જિનવર. એય..! આહા..હા..! આ તો શ્રીમદ્‌માં આવે છે 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ.' પણ આ તો '**જિન સો જીવ જીવ સો જિનવર,...**' તો એ જિનવર જ પોતે છે. આહા..હા..! રાગ, શરીર, વાણી રહિત એનું સ્વરૂપ છે. એ જિનવર સ્વરૂપ છે આત્માનું. આહા..હા..! પંડિતજી! '**તન જિન એક ન માનૈ કોઈ. તા કારન તનકી સંસ્તુતિસૌં, જિનવરકી સંસ્તુતિ નાહિ હોઈ.**'

મુમુક્ષુ :- નિશ્ચય...

ઉત્તર :- એ. પણ અહીં તો બીજું કહેવું છે. કે જીવને જિનવર કહ્યો છે. એમ શબ્દ. જીવ પોતે જિનસ્વરૂપે જ છે. કારણ કે આસ્રવ રહિત તત્ત્વ છેને એ? આસ્રવ તો રાગ

છે. આત્મતત્ત્વ તો એને કહીએ કે શરીર, કર્મ અને આસ્રવરહિત. તો આસ્રવરહિત એટલે શું થયું? એ તો જિનસ્વરૂપ થયું, વીતરાગ સ્વરૂપ થયું. કર્મ અને રાગસહિત નથી. અસહિત છે. એનો અર્થ? રાગ અને કર્મસહિત નથી. એટલે કે જિનસ્વરૂપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ૧૪મી ગાથા છેને પુરુષાર્થસિદ્ધિ ઉપાય. જિવ રાગાદિ અને શરીરાદિ સહિત નથી. એટલે કે જીવ રાગાદિ શરીર સહિત નથી એટલે કે એ વીતરાગભાવસહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજ મેં આયા? વહ ૧૪મી ગાથા છેને. હા એ. રાગાદિ યુક્ત એવ પ્રતિભાતિ બાલિશાનાં ભવબીજં. આહા..હા..! જુઓને એ એનો અર્થ થયો કે ભગવાન આત્મા રાગ એટલે વિકલ્પ અને શરીર એ સહિત નથી. એટલે કે વીતરાગ સ્વભાવ સહિત છે. એટલે અકષાય સ્વભાવસ્વરૂપ તે આત્મા છે. આહા..હા..! રાગવાળો માનવો કષાય સ્વભાવ એ છે એને રાગવાળો માનવો એટલે મિથ્યાત્વ છે એમ કહે છે. હોય છે. એનાવાળો માનવો એને. આહા..હા..! ગજબ વાત છે. અહીં શુભરાગ છે એમ સિદ્ધ કર્યો છે. ભગવાનની સ્તુતિ વ્યવહારનો અર્થ છેને એ? પણ એ છે વ્યવહાર વ્યવહારના સ્થાનમાં. પણ એ રાગસહિત આત્મા છે એમ નથી. આહા..હા..! ભારે વાત! એકકોર વ્યવહાર સ્તુતિ છે એ નિશ્ચય નથી. પણ પછી એનો અર્થ એ થયો કે વ્યવહારનો રાગ જે ભક્તિ આદિનો હોય છે, વ્યવહાર વ્યવહારના સ્થાનમાં, પણ વ્યવહારસહિત આત્મા છે એમ નથી. આહા..હા..! કેટલી ચોખ્ખી વાત છે!

'**શાંત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...**' અહીં તો એના ઉપર અર્થ થયો. '**વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...**' એ ભગવાન આત્મા. ભગવાનની પ્રતિમા કે ભગવાન પોતે જેમ રાગ વિનાની નિષ્ક્રિય ચીજ દેખાય એમ આ આત્મા રાગ અને શરીરથી રહિત હું છું એવો મારો ભાવ એ વીતરાગભાવ સહિત છું તે હું આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં તકરારને સ્થાન પણ ક્યાં છે? જિનસ્વરૂપી ભગવાન એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં રાગસહિત છું એ તો ન આવ્યું. રાગ હોય છે ખરો, એમ કીધું. વ્યવહાર સ્થાપે છે ખરો, વ્યવહાર સ્થાપે છે, સ્થાપવાયોગ્ય છે. એમ આવે છેને. અનુસરવા યોગ્ય નથી. આહા..હા..! એવી વાત છે ભારે વાત ભાઈ! દિગંબર સંતોની કથની પૂર્વાપર વિરોધરહિત અને સત્યને જેમ છે તેમ સ્થાપન કરનારી છે.

કહે છે ભગવાનની '**શાંત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો...**' એકલો ભગવાન રાગ વિનાનો આત્મા. નિર્દોષ અકષાય સ્વરૂપ આત્મા એનો એને નિર્ણય થાય તો એ શાંત દેખીને થયો એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**એ પણ ઉપકાર છે.**' લ્યો!.

## ગાથા-૨૯

तथा हि --

तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलि थुणदि।।२९।।
तन्निश्चये न युज्यते न शरीरगुणा हि भवन्ति केवलिनः।
केवलिगुणान् स्तौति यः स तत्त्वं केवलिनं स्तौति।।२९।।

यथा कार्तस्वरस्य कलधौतगुणस्य पाण्डुरत्वस्याभावान्न निश्चयतस्तद्व्यपदेशेन व्यपदेशः,कार्तस्वरगुणस्य व्यपदेशेनैव कार्तस्वरस्य व्यपदेशात्; तथा तीर्थकरकेवलिपुरुषस्य शरीरगुणस्य शुक्ललोहितत्वादेरभावान्न निश्चयतस्तत्स्तवनेन स्तवनं, तीर्थकरकेवलिपुरुषगुणस्य स्तवनेनैव तीर्थकरकेवलिपुरुषस्य स्तवनात्।

ઉપરની વાતને ગાથાથી કહે છેઃ-

પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;
જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.

ગાથાર્થઃ- [तत्] તે સ્તવન [निश्चये] નિશ્ચયમાં [न युज्यते] યોગ્ય નથી [हि] કારણ કે [शरीरगुणाः] શરીરના ગુણો [केवलिनः] કેવળીના [न भवन्ति] નથી; [यः] જે [केवलिगुणान्] કેવળીના ગુણોની [स्तौति] સ્તુતિ કરે છે [सः] તે [तत्वं] પરમાર્થથી [केवलिनं] કેવળીની [स्तौति] સ્તુતિ કરે છે.

ટીકાઃ- જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું, સુવર્ણના ગુણ જે પીળાપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે; તેવી રીતે શરીરના ગુણો જ શુકલ-રકતપણું વગેરે, તેમનો તીર્થંકર-કેવળીપુરુષમાં અભાવ છે માટે નિશ્ચયથી શરીરના શુકલ-રકતપણું વગેરે ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું. તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થાય છે.

## ગાથા-૨૯ ઉપર પ્રવચન

'ઉપરની વાતને ગાથાથી કહે છે :--' ૨૯.

**तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो।**
**केवलिगुणे थुणदि जो सो तच्चं केवलि थुणदि।।२९।।**

નીચે હરિગીત.

**પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;**
**જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.**

'**ટીકા :- જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે...**' ચાંદીનો ગુણ જે સફેદપણું. સફેદ સોનું કહેતા હતાને? સફેદ સોનું. પણ કહે છે કે ચાંદીનો ગુણ સફેદ એ તો એમાં અભાવ છે સોનામાં. '**માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું,...**' એમ. ખરેખર સફેદપણાના નામથી ધોળું છાશીયું સોનું એમ કહેવાથી સુવર્ણનું નામ બનતું નથી. એમ સોનાનું નામ આવતું નથી. નહિ એમ કહે છે બનતું જ નથી. સોનું સોનું જ છે. એ તો સાચું નિમિત્તથી કહ્યું ઓલું જોડે છે એટલે. વસ્તુ એમ નથી. આહા..હા..! '**સુવર્ણના ગુણ જે પીળાપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે;...**' લ્યો! સોનું તો પીળું, ચીકણું, વજનદાર એવા ગુણથી સોનાપણું પ્રસિદ્ધ થાય છે. '**તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે;...**' ત્યારે એને નામ સંજ્ઞા લાગુ પડે છે એમ કહે છે. તો. પીળાશ આદિ ગુણ હોય તો નામ લાગુ પડે છે. ઓલામાં આવે છેને .. નહિ? ઉપદેશ. સમકિત ત્યારે નામ પડે છે. ૪૪. ૧૪૪. આહા..હા..! અહીં ૧૪૪ ગાથા. સમ્યગ્દર્શન અને જ્ઞાન એને જ નામ પડે છે. વ્યવહાર સમકિત ફમકિતને .. નામ પડતું નથી. આહા..હા..! વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હોય, છતાં વ્યવહારથી એને ઓળખાવો એ સાચી વાત નથી. એમ કહે છે. સ્થાપન તો કરે છેને. .. સમજાવે. એ વિકલ્પ ન મળે બીજું શું થાય? આત્મા... આત્મા.. શું આત્મા પણ? વ્યવહારથી કહે કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા. ભેદ પાડીને કહ્યું. ભેદ થઈ જાય છે અંદર? વ્યવહારને સ્થાપવા, આ વ્યવહાર છે એમ સ્થાપવા યોગ્ય છે. અનુસરવાયોગ્ય નથી. એનો અર્થ કે વ્યવહાર છે એમ છે, પણ એનો આશ્રય કરીને લાભ થાય એમ છે નહિ. આહા..હા..! પદ્ધતિ તે પદ્ધતિ! આના ઉંધા અર્થ કાઢે પછી લ્યો આ સ્થાકનવાસી આર્જિકા હોયને. .. જુઓ એમાં વ્યવહારનો નિષેધ કર્યો છે. નિશ્ચય.. પણ છે એનો નિષેધ કર્યો છેને કે નથી એનો?

'**સુવર્ણના ગુણ જે પીળાપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય**

**છે; તેવી રીતે શરીરના ગુણો...**' ધોળા ને રાતા ને પીળા એવું ભગવાનનું કહ્યું '**તેમનો તીર્થંકર-કેવળીપુરુષમાં અભાવ છે...**' એમાં તીર્થંકર કેવળીપુરુષમાં તો એ રંગનો તો અભાવ છે. દેહનો અભાવ એ વાણીનો અભાવ બધું એમાં અભાવ છે એ તો. આહા..હા..! ભગવાનનો દેહ દશે દિશાને ધોવે, ભગવાનની વાણી અમૃત ખરે. એ તો વ્યવહારે છે, પણ એ વસ્તુમાં નથી. એના આત્મામાં એ કાંઈ નથી. પુણ્ય ફળા અર્હંતા. પુણ્ય ફળા અર્હંતા તો બહારની ક્રિયાની વાત છે એ તો. આત્મામાં ક્યાં છે એ? એ લગાવે બધા. ખાણિયા ચર્ચામાં એમ લખ્યું છે. 'પુણ્ય ફળા અર્હંતા.' જુઓ આમાં કહ્યું છે, પણ શું કહ્યું છેએ? પુણ્યનું ફળ તો એના દેહની ક્રિયા, હાલવા, ચાલવાની ક્રિયા, બોલવાની ક્રિયા એ પુણ્યનું ફળ, સમવસરણ એ પુણ્યના ફળની વાત છે. ઓલું તો અરિહંતપણું છે કેવળી એ વાત ક્યાં છે અહીંયાં? આહા..હા..! હવે આવા અર્થ કરે શું કરવું?

મુમુક્ષુ :- કરે કરે એવું એનો રખડવાનો કાળ છે.

ઉત્તર :- કાંઈક સામાન્ય વિચાર તો કરવો જોઈએ કે નહિ? પુણ્યનું ફળ કેવળજ્ઞાન છે? એમ કહ્યું છે ત્યાં? પુણ્યનું ફળ વાણી, સમવસરણ આદિ એ સંયોગની વાત છે. એ જે ઉદયભાવ છે એની વાત છે. પાઠમાં એમ છેને. એનો અર્થ ઉંધો કરે લ્યો!

મુમુક્ષુ :- ...સ્યાદ્વાદ...

ઉત્તર :- એ વળી જુદું. આ પુણ્યનું ફળ છે. 'પુણ્યફળા અર્હંતા.' ૪૫. '**अथैवं सति तीर्थकृतां पुण्यवियाकोऽकिंचित्कर एवेत्यवधारयति**' એમ પાઠ તો આવો છે મોટો. કે તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે. છે? તો એ કહે પુણ્યફળા અર્હંતા. પુણ્યના ફળમાં અરિહંત પદ મળે. કઈ અપેક્ષાએ? આમ તો પાઠ છે. તીર્થંકરનો પુણ્યનો વિપાક અકિંચિત્કર છે. કાંઈ કરતો નથી. સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી એમ અહીં તો સિદ્ધ કરવું છે. ઉદય હો વાણીનો બોલવાનું એથી આત્માને કાંઈ છે નહિ. એમ અહીં તો સિદ્ધ કરવું છે. એના ઠેકાણે પુણ્યના ફળમાં અરિહંત પદ મળે. આવા ઉંધા અર્થો. અરે આવા ટાણા બાપા! ખોવાઈ જશે, ભાઈ! ખોવાઈ જશે આત્મા. પુણ્યના ફળમાં કેવળીપણું ખોવાઈ ગયો તું.

અહીં કહે છે '**તીર્થંકર-કેવળીપુરુષમાં...**' એ રંગનો આવા ધોળા સોળ તીર્થંકર સુવર્ણવર્ણનો એ બધો એનો અભાવ છે. ભગવાનના ગુણ આત્મામાં ક્યાંથી? '**માટે નિશ્ચયથી શરીરના શુક્લ-રક્તપણું વગેરે ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું,...**' લ્યો! વ્યવહારે વ્યવહાર છે, પણ વ્યવહારથી નિશ્ચય નથી એમ કહે છે. સમજાણું કાંઈ? બે ભિન્ન ચીજ સિદ્ધ કરે છે. પણ '**તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ...**' અસ્તિ-નાસ્તિ કરવાથી જ '**તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું, તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું...**' આ આત્માના જે ગુણો છે અંદર કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ

એના **'સ્તવન કરવાથી જ તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થાય છે.'** પણ એનો અર્થ એ કરશે પાછો. કારણ કે જિન એ જિનવર છે. આ જિનવરના ગુણોનું એકાગ્રપણું એ કેવળીની સ્તુતિ છે. કહો. ઓલા કેવળીના ગુણો એટલે આમ નહિ એમ. કેવળીના ગુણ આ. જિન સ્વરૂપે ભગવાન જિનવર છે એમાં એકાગ્રતા એ કેવળીના ગુણની સ્તુતિ છે. નિશ્ચય સ્તુતિ આ છે. આમ ભગવાન અનંતજ્ઞાન દર્શન એ બધો વ્યવહાર. પર ઉપર લક્ષ જાય છે તો વ્યવહાર છે. એ વ્યવહાર સ્તુતિ છે. નિશ્ચય સ્તુતિ તો આ જિનવર, પોતે જિનવર છે જીવ એમાં એકાગ્ર થાય, અણેન્દ્રિય સ્વભાવમાં એણે કેવળીની સ્તુતિ કરી સાચી એમ કહેવામાં આવે છે. આહા..હા..!

ત્યારે **'હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે...'** લ્યો! તમે કાઢી નાખો છો એમાંથી બધું? **'તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી?'** શરીરનો આધાર છે. અધિષ્ઠાતા છે, ધણી છે. શિષ્યનો પ્રશ્ન. **'શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે :--'**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૦

**कथं शरीरस्तवनेन तदधिष्ठातृत्वादात्मनो निश्चयेन स्तवनं न युज्यत इति चेत् --**

**णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि।**
**देहगुणे थुव्वंते ण केवलिगुणे थुदा होंति।।३०।।**
**नगरे वर्णिते यथा नापि राज्ञो वर्णना कृता भवति।**
**देहगुणे स्तूयमाने न केवलिगुणाः स्तुता भवन्ति।।३०।।**

**હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી**

**આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છેઃ-**

**વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.**

**ગાથાર્થઃ- [यथा] જેમ [नगरे] નગરનું [वर्णिते अपि] વર્ણન કરતાં છતાં [राज्ञः वर्णना] રાજાનું વર્ણન [न कृता भवति] કરાતું (થતું) નથી, તેમ [देहगुणे स्तूयमाने] દેહના ગુણનું સ્તવન કરતાં [केवलिगुणाः] કેવળીના ગુણોનું [स्तुताः न भवन्ति] સ્તવન થતું નથી.**

**ટીકાઃ- ઉપરના અર્થનું (ટીકામાં) કાવ્ય કહે છેઃ-**

**જયેષ્ઠ સુદ-૬, શનિવાર, તા. ૧૭-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૦-૩૧, કળશ-૨૫-૨૬, પ્રવચન-૧૦૦**

સમયસાર. ૩૦મી ગાથા. '**હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી?**' એમ પ્રશ્ન છે. '**એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે :--**'

**णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि।**
**देहगुणे थुव्वंते ण केवलिगुणे थुदा होंति।।३०।।**
**વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.**

એ ટીકામાં જ કાવ્ય છે નહિ? ટીકા એની નથી. કાવ્ય જ છેને. ટીકા નથી. કાવ્ય જ કર્યું છે.

## શ્લોક-૨૫

**(आर्या)**

**प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।**
**पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।**

-- इति नगरे वर्णितेऽपि राज्ञः तदधिष्ठातृत्वेऽपि प्राकारोपवनपरिखादिमत्त्वाभावाद्वर्णनं न स्यात्।

**શ્લોકાર્થઃ- [इदं नगरम् हि] આ નગર એવું છે કે જેણે [प्रकार–कवलित–अम्बरम्] કોટ વડે આકાશને ગ્રસ્યું છે (અર્થાત્ તેનો ગઢ બહુ ઉંચો છે), [उपवन–राजी–निर्गीर्ण–भूमितमल्] બગીચાઓની પંકિતઓથી જે ભૂમિતળને ગળી ગયું છે (અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે) અને [परिखावलयेन पातालम् पिबति इव] કોટની ચારે તરફ ખાઈનાં ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે (અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે). ૨૫.**

**આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી કારણ કે, જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે તોપણ, કોટ-બાગ-ખાઈ-આદિવાળો રાજા નથી.**

## શ્લોક-૨૫ ઉપર પ્રવચન

(आर्या)

**प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।**
**पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।**

'**શ્લોકાર્થ :- આ નગર એવું છે...**' દૃષ્ટાંત આપે છે. જુઓ શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ નથી એમ નગરનું વર્ણન કરતાં નગરના રાજાનું વર્ણન નથી એમ સિદ્ધ કરવું છે. '**આ નગર એવું છે કે જેણે કોટ વડે આકાશને ગ્રસ્યું છે (અર્થાત્ તેનો ગઢ બહુ ઊંચો છે),...**' પણ એ તો નગરનું વર્ણન થયું. એમાં રહેલા રાજાનું નહિ. '**उपवन–राजी–निर्गीर्ण–भूमितमल्**' '**બગીચાઓની પંકિતઓથી...**' તીરછી બગીચાઓની ચારેકોર પંક્તિ એટલી હોય. '**જે ભૂમિતળને ગળી ગયું છે...**' ભૂમિ ન દેખાતી હોય એમ. એકલા બગીચા નગરને. પણ એ તો નગરનું વર્ણન છે. એમાં રહેલા રાજાનું નહિ. '**(અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે) અને...**' '**परिखावलयेन पातालम् पिबति इव**' '**કોટની ચારે તરફ ખાઈનાં ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે (અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે).**' એમ. નગરને ચારે બાજુ ઊંડી ખાઈ છે. એટલે જાણે પાતાળને પી ગયું હોય એમ. આકાશને અડી ગયું હોય અને પાતાળને પી ગયું હોય એવી વનરાજી છવાઈ ગઈ હોય એમ. બગીચાની.

**'આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી...'** આ તો દૃષ્ટાંત આપ્યો. **'જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે...'** વ્યવહાર તરીકે. **'તોપણ, કોટ-બાગ-ખાઈ-આદિવાળો રાજા નથી.'** રાજાનું તો ઓલામાં વર્ણવ્યું છે. દાન, પુરુષ અને જાણપણું એ એના ગુણ છે રાજાના. ઓલામાં કળશટીકામાં. દાન આદિ દેવું. દીનથી રાજને જાળવવું દીન ન હોય કે જાણપણું ન હોય. એ કાંઈ નગરનું વર્ણનથી કાંઈ રાજાનું વર્ણન નથી. રાજાના ગુણ જુદાં, નગરનું જુદું.

## શ્લોક-૨૬

तथैव --

(आर्या)

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररुपं परं जयति।।२६।।

-- इति शरीरे स्तूयमानेऽपि तीर्थकरकेवलिपुरुषस्य तदधिष्ठातृत्वेऽपि सुस्थितसर्वांगत्व-लावण्यादिगुणाभावात्स्तवनं न स्यात्।

**તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છે:-**

**શ્લોકાર્થ :- [जिनेन्द्ररुपं पर जयति] જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. કેવું છે તે? [नित्यम्-अविकार-सुस्थित-सर्वाङ्गम्] જેમાં સર્વ અંગ હંમેશા અવિકાર અને સુસ્થિત (સારી રીતે સુખરૂપ સ્થિત) છે, [अपूर्व-सहज-लावण्यम्] જેમાં (જન્મથી જ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે (અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે) અને [समुद्रं इव अक्षोभम्] જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી. ૨૬.**

**આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે તોપણ, સુસ્થિત સર્વાંગપણું લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.**

## શ્લોક-૨૫ ઉપર પ્રવચન

**'તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છે :--'** આ હવે શ્લોક આપે છે દૃષ્ટાંતથી.

**(आर्या)**

**नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।**
**अक्षोभमिव समुद्रं जिनेन्द्ररुपं परं जयति।।२६।।**

જિનેન્દ્રનું રૂપ હોં આ. શરીરની વાત ચાલે છેને? **'જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે.'** એટલે એમ ને એમ રહે છે એમ એનો અર્થ. એના રૂપનું વર્ણન સ્વરૂપ એમ ને એમ રહે છે. જીવે ત્યાં સુધી દેહ રહે ત્યાં સુધી રૂપ એવું ને એવું રહે છે. જયવંત વર્તે છે. એમાં ફેરફાર પડતો નથી. પણ એ તો શરીરનું વર્ણન થયુંને. ભગવાન આત્માનું વર્ણન ન થયું એમાં કાંઈ. જેમ ઓલા નગરનું વર્ણનથી કાંઈ રાજાનું વર્ણન ન થયું. **'पर जयति'** એટલે એ રૂપ એવું ને એવું રૂહે છે એમ એનો અર્થ છે. જેવું પહેલેથી હોય સ્વરૂપ એવું ને એવું.

**'नित्यम्-अविकार-सुस्थित-सर्वाङ्गम्' 'જેમાં સર્વઅંગ...'** અવયવો શરીરના. **'હંમેશા અવિકાર અને સુસ્થિત (સારી રીતે સુખરૂપ સ્થિત) છે,...'** એટલે જ્યાં જોઈએ ત્યાં એની અનુકૂળતા, નમણાઈ આદિ શરીરના બધા અંગો સુસ્થિત અને વિકાર છે. જેમ આ બાળપણું, મૂઢતા, યુવાનપણું મદાનતા, વૃદ્ધપણું શિથિલતા એવું એમાં હોતું નથી. એથી એનું સર્વાંગ બધા અવયવો શરીરના એવા ને એવા સુસ્થિત અને સુંદર અવિકારી રહે છે. પણ એ તો શરીરનું વર્ણન થયું. **'अपूर्व-सहज-लावण्यम्' 'જેમાં (જન્મથી જ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે (અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે)...'** સર્વને પ્રિય લાગે એવા શરીર. તીર્થંકરો એ તો પુણ્ય હોય ભગવાનનું. સહજ-જન્મથી જ અપૂર્વ-બીજામાં ન હોય એવું. સ્વભાવિક પાછું લાવણ્ય-સર્વને પ્રિય લાગે એવું. **'समुद्रं इव अक्षोभम्'** લ્યો! **'જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે,...'** શાંત... શાંત... શરીર હોય તો આમ શાંત લાગે તીર્થંકરનો આત્મા તો શાંત છે, શરીર પણ સ્થિર શાંત. **'જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી.'** બાળકની જેમ હોયને ચળાચળ આમ થાય ને આમ થાય.

હમણા એક મળ્યા હતા તે જોયો હતો. આમથી આમ. પૈસાવાળો માણસ. અહીંનો પ્રેમ. આવીને બેઠો. મોટરમાં. લેવા આવ્યા હતા. આમ આમ થયા જ કરે. પૈસાવાળો માણસ છે. અને પૈસાવાળોને પાછો ગણતરીમાં ગણાય એવો લૌકિકનો એવો હતો. હુશિયાર છે. પણ એની એ જાતની એક શૈલી હોય. ... નામ હતું કાંઈક. પણ છતાં જોયું તો આ શું

થયું? આવું શું થયું? એટલા પૈસા અને આબરૂ મોટી. ચળવળ... ચળવળ... દેખાય. ભાઈને બતાવ્યું હતું નહિ? ભગવાનનું શરીર તો શાંત... શાંત.. મેરુ પર્વત જેમ સ્થિર હોય એવું શરીર, પણ એ તો શરીરની વાત છે. ભગવાન આત્માની નહિ.

**'આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું...'** એનો જે આત્મા. એનું **'સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે...'** માથે આધાર છેને આમ વ્યવહારે? નગરનું જેવું. રાજા અધિષ્ઠા છે એમ શરીરનું અધિષ્ઠાતા કહેવામાં આવે છે. **'તોપણ, સુસ્થિત સર્વાંગપણું લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.'** હવે સ્તુતિ આવી બહુ સારી લ્યો. આ શ્લોક.

## ગાથા-૩૧

**अथ निश्चयस्तुतिमाह। तत्र ज्ञेयज्ञायकसंकरदोषपरिहारेण तावत् --**

**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।**

**य इन्द्रियाणि जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।**
**तं खलु जितेन्द्रियं ते भणन्ति ये निश्चिताः साधवः।।३१।।**

**यः खलु निरवधिबन्धपर्यायवशेन प्रत्यस्तमितसमस्तस्वपरविभागानि निर्मलभेदाभ्यासकौश-लोपलब्धान्तःस्फुटातिसूक्ष्मचित्स्वभावावष्टम्भबलेन शरीरपरिणामा-पन्नानि द्रव्येन्द्रियाणि, प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खण्डशः आकर्षन्ति प्रतीयमानाखण्डैकचिच्छक्तितया भावेन्द्रियाणि, ग्राह्यग्राहकलक्षणसम्बन्धप्रत्यासत्तिवशेन सह संविदा परस्परमेकीभूतानिव चिच्छक्तेः स्वयमेवानुभूयमानासंगतया भावेन्द्रियावगृह्यमाणान् स्पर्शादीनिन्द्रियार्थांश्च सर्वथा स्वतः पृथक्करणेन विजित्योपरतसमस्तज्ञेयज्ञायकसंकरदोष-त्वेनैकत्वे टंकोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमाने-नानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन सर्वेभ्यो द्रव्यान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं संचेतयते स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुतिः।**

**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

ગાથાર્થઃ- [यः] જે [इन्द्रियाणि] ઇંદ્રિયોને [जित्वा] જીતીને [ज्ञानस्वभावाधिकं] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક [आत्मानम्] આત્માને [जानाति] જાણે છે [तं] તેને, [ये निश्चिताः साधवः] જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે [ते] તેઓ, [खलु] ખરેખર [जितेन्द्रियं] જિતેંદ્રિય [भणन्ति] કહે છે.

ટીકાં :- (જે મુનિ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો- એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે) અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે. (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઇ રહી છે કે ભેદ દેખાતો નથી) એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી; એ દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું. જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે (અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશકિતપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી; એ, ભાવેન્દ્રિયોનું જીતવું થયું. ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા થઇ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇંદ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશકિતનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા; એ, ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું. આમ જે (મુનિ) દ્રવ્યેન્દ્રિયો ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો- એ ત્રણેને જીતીને, જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં *ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય જિન' છે. (જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે.) કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો), પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત્ -એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.

આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.

(જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો અને જ્ઞાયક પોતે આત્મા-એ બન્નેનું અનુભવન, વિષયોની આસકતતાથી, એક જેવું થતું હતું; ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું.)

## ગાથા-૩૧ ઉપર પ્રવચન

પ્રથમ જિન-જિન. 'હવે, **(તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકતા સંકરદોષનો પરિહાર કરી (નિશ્ચય) સ્તુતિ કહે છે :-**'

**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।३१।।**

**જીતી ઈંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

હવે અહીંથી ધર્મનું વાસ્તવિક સ્વરૂપ શરૂ થાય છે. ભગવાનની સ્તુતિ એટલે શું? કેવળી અને તીર્થંકરની સ્તુતિ, સ્તવન એટલે શું? એનો અર્થ એ કર્યો અહીંયાં. કે ભગવાન આત્મા પોતે જ્ઞેય-જ્ઞાયક સંકર કીધોને માથે? આવશે. ભાવ ઈન્દ્રિય છે ખંડ-ખંડ, જડ ઈન્દ્રિય છે અને ઈન્દ્રિયના વિષયો વાણી આદિ, રૂપ આદિ એ ત્રણેયને ઈન્દ્રિય કહેવામાં આવે છે. એને જે જીતે એટલે કે જ્ઞેય છે એ પરજ્ઞેય છે. ભાવ ઈન્દ્રિય, ખંડ-ખંડ જે એક-એક વિષયને જણાવે એવું જ્ઞાન. એ પણ પરજ્ઞેય છે. આ જડ ઈન્દ્રિયો એ પરજ્ઞેય છે. અને બહારના વિષયો સ્ત્રી, પુરુષ, દેશ, ભગવાન, ભગવાનની વાણી એ બધા ઈન્દ્રિય ગણવામાં આવ્યા છે. ઈન્દ્રિયના વિષયો તે ઈન્દ્રિય ગણવામાં આવ્યા છે. સમજાણું? એ ત્રણેને પરજ્ઞેય ગણવામાં આવ્યા છે. એ જ્ઞાયક આત્મા અને પરજ્ઞેય બેને એક માને છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. એને વીતરાગ આત્માની સ્તુતિની સાચી ખબર નથી. એમ કહેવું છે. કહો, સમજાણું કાંઈ?

**જીતી ઈંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

શબ્દાર્થ કરીએ પહેલો. છેને સામે ગાથાર્થ. '**જે ઈન્દ્રિયોને જીતીને...**' આ શબ્દ છે. ઈન્દ્રિયના પ્રકાર ત્રણ પાડશે. ભાવ ઈન્દ્રિય, ખંડ ખંડ દ્રવ્ય ઈન્દ્રિય અને એના વિષયો આ બધું. એકકોર જ્ઞાયકસ્વભાવ એ તો રહ્યા પરજ્ઞેયભાવ. એ એને જીતીને. જુઓ આ જૈન. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન વસ્તુનું સ્વરૂપ છે. જે અણિન્દ્રિય સ્વરૂપ છે એ જૈનસ્વરૂપ છે. એ અણિન્દ્રિયને આશ્રય કરીને ખંડ ઈન્દ્રિય શબ્દો, જડ ઈન્દ્રિય અને વિષય એના લક્ષને છોડી દઈ અને.. છોડી દઈનો અર્થ એ કે અણિન્દ્રિય સ્વભાવનો અનુભવ કરીને જે અનુભવમાં ઈન્દ્રિય ભાવ, જડ અને વિષય અનુભવમાં ન આવે એણે ઈન્દ્રિયોને જીતી એમ કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! ઝીણી વાત છે. માથે કહ્યું હતુંને જ્ઞેય-જ્ઞાયક સંકર.

આત્મા જ્ઞાયકસ્વરૂપ અને એ જ્ઞેયસ્વરૂપ. બેની એકતા જ્ઞેય અને જ્ઞાયક એક છે એવી માન્યતા તે મિથ્યાત્વભાવ છે. એ અજૈનભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યબિંબ, સ્વજ્ઞેય જ્ઞાયક, સ્વજ્ઞેય જ્ઞાયક. અને પરજ્ઞેય ભાવ ઈન્દ્રિય જડ અને શબ્દ આદિ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ. એ જ્ઞાયક સ્વભાવમાં પરજ્ઞેયની એકતાની માન્યતા એ અજૈન છે તે મિથ્યાદૃષ્ટિ છે તે ઈન્દ્રિયથી જીતાઈ ગયો છે. એ જૈન નથી. એ જિન નથી. જેણે જિન એટલે જીતવું. શું જીતવું? અહીં શરૂ કર્યું છે. જિન એટલે જીતવું અને જિન એ જૈન. આહા..હા..! પોતાનો ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ સ્વરૂપ અણિન્દ્રિય એવું જ એનું સ્વરૂપ છે. એની દૃષ્ટિ કરીને, એને ધ્યેય બનાવીને ભાવ જડ અને વિષયો ઉપર તેના તરફથી પડખું ફેરવી નાખીને. પડખું સમજો છો? કરવટ. ભાવ ઈન્દ્રિય. જે એક એક ખંડ જ્ઞાન, એક એક વિષયને જણાવે છે. એ ખરેખર તો પરજ્ઞેય છે. સ્વજ્ઞેય નહિ. આહા..હા..! એમ આ જડ ઈન્દ્રિયો પાંચ એ પણ પરજ્ઞેય છે. અને એના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમાં ભગવાન અને ભગવાનની વાણી પણ આવી ગઈ. સ્ત્રી ને પૈસા ને મકાન ને બધું આવી ગયું. એ બધા વિષયો એ ઈન્દ્રિયનો વિષય તેને ઈન્દ્રિય ગણીને. એ પરજ્ઞેયને પરજ્ઞેયમાં ત્રણે આવે છે. એ ત્રણે સ્વજ્ઞેયમાં નહિ. ખંડ ઈન્દ્રિય, જડ અને ભગવાનની વાણી, ભગવાન, ભગવાનની પ્રતિમા અને પોતે ભગવાન સમવસરણ. પંડિતજી! એ પરજ્ઞેયમાં જાય છે. સ્વજ્ઞેય નહિ. સ્વને જાણવાલાયક જ્ઞેય એ નહિ. પરજ્ઞેય એટલે પરતરીકે જાણવા લાયક એ જ્ઞેય છે. આહા..હા..!

આ જૈન એટલે કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી. વસ્તુ જે છે અણિન્દ્રિય સચ્ચિદાનંદ જિનસ્વરૂપ. જિન સ્વરૂપ એટલે અકષાયસ્વરૂપ, અણિન્દ્રિય સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, જ્ઞાયકસ્વભાવભાવ સ્વરૂપ. એવો જે સ્વભાવ એની દૃષ્ટિ કરીને પરને ભિન્ન પાડવું, ભાવ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને વિષયો એને ભિન્ન થવા એણે એને જીત્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આ પણ ઉતરાવામાં આમ ઉતારવું એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- જાણવાવાળાને જાણ્યો ..

ઉત્તર :- એ ઓલું નહિ. ભાવ ઈન્દ્રિય ખંડ ખંડ પણ પરજ્ઞેયમાં જાય છે. અંશ છેને. એ ત્રિકાળી વસ્તુ નથી. ત્રિકાળી જ્યારે સ્વજ્ઞેય ત્યારે ખંડ જ્ઞાન પણ પરજ્ઞેયમાં જાય છે. આવી શૈલી તો જુઓ! આહા..હા..! સમજાણું કાંઈ? તો પછી આ જડ ઈન્દ્રિયો તો પરમાં જાય એમાં કાંઈ વિશેષતા નથી. ભાવ ઈન્દ્રિય જે જ્ઞાનમાં અંશ, જે જ્ઞાનનો અંશ એક એક વિષયને જાણે એવું જે ખંડજ્ઞાન, અંશજ્ઞાન, ખંડજ્ઞાન એ પણ ત્રિકાળી અખંડ જ્ઞાયક સ્વભાવની અપેક્ષાએ તેને પરજ્ઞેય તરીકે ગણ્યું છે. આહા..હા..! ..ભાઈ! આવો માર્ગ છે ભાઈ! અહીં

શરૂ થાય છે હવે ૩૧મી ગાથા.

'**ઈન્દ્રિયોને જીતીને...**' શી રીતે? '**જ્ઞાનસ્વભાવ વડે...**' જ્ઞાનસ્વભાવ વડે. એટલે ઓલો ભાવ લીધો ત્રિકાળી. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, સ્વભાવભાવ. એવા વડે એટલે કે એનો આશ્રય કરીને '**અન્યદ્રવ્યથી અધિક...**' શબ્દાર્થ થાય છે. ખંડજ્ઞાન એ અન્યદ્રવ્ય છે. લ્યો ઠીક! આ જડ ઈન્દ્રિયો એ અન્ય દ્રવ્ય છે. એય..! પ્રાણભાઈ! અને ભગવાન? ભગવાનની વાણી એ અન્યદ્રવ્ય છે. છે કે નહિ આમાં? આ તમારા બાપનો પ્રશ્ન છે એ. આ તો હવે બીજી વાત છે. આ તો હજી એના બાપની વાત ચાલે છે. એમ કે દેવ-ગુરુ શુદ્ધ એ પર? લ્યો! અહીં તો કહે છે કે ખંડ ઈન્દ્રિય પરદ્રવ્ય. એ તો ત્યાં લીધું હતું. અત્યારે અહીં તો આ શૈલીથી ઉપાડ્યું છે.

અખંડ જ્ઞાયકસ્વભાવ પૂર્ણ સ્વભાવ, એક સ્વભાવ, સામાન્ય સ્વભાવ, જ્ઞાનભાવ સ્વભાવભાવ. એને '**અન્યદ્રવ્યથી અધિક...**' એટલે અન્ય દ્રવ્યથી જુદું. અધિક શબ્દે જુદું. એની સાથે એક નહિ. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વભાવ. જાણકસ્વભાવ એ દ્વારા એટલે કે એનો આશ્રય લઈને '**અન્યદ્રવ્યથી અધિક...**' ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય, ભગવાનની વાણી, સમ્મેદશિખર, શેત્રુંજય અને ત્રણલોકના નાથનું સમવસરણ. અને ભગવાન પોતે. એ બધા અન્ય દ્રવ્યમાં જાય છે. છે એમાં? શિવલાલભાઈ! '**અન્યદ્રવ્યથી અધિક...**' અધિક એટલે જુદો. જ્ઞાયકસ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, નિત્યધ્રુવ. જેના અવલંબે પરજ્ઞેય જીતાઈ જાય છે એટલે પરજ્ઞેયની એકતા રહેતી નથી. સમજાણું કાંઈ? એનો એનો ઝીણો અર્થ છે. એ સ્વજ્ઞેયની સાથે ત્રિકાળ જ્ઞાયકભાવની સાથે, ખંડ ઈન્દ્રિયને એકપણે માન્યું છે એ અભેદપણું મિથ્યાત્વભાવ છે. એ અજૈનપણું છે. એ ઈન્દ્રિયથી જીતાઈ ગયો છે. ઈન્દ્રિયને જીતી નથી એણે.

એનાથી અધિક. એટલે ખંડજ્ઞાન આ બધું આ. હવે લોકો કહે છેને કે પુણ્ય હોય તો જો વાણી મળે, પુણ્ય હોય તો શરીર મળે. .. માટે સાધન છે એમ કહે છે લ્યો. પુણ્ય હોય તો આ બધી સારી ઈન્દ્રિય મળે જડ. સાંભળવાનું પુણ્ય હોય તો મળે. ભગવાનજીભાઈ! પૈસા બૈસા ત્યાં છે છોકરા કામ કરે છે. પૈસા ન હોય તો શું થાય? બધી વાતું ખોટી છે. આહા..હા..! અહીં તો કહે છે કે એ મળ્યું છે આ દ્રવ્ય ઈન્દ્રિય અને ભાવ ઈન્દ્રિય મળેલી છે ખંડખંડ ક્ષયોપશમ એવો ભાવ. જુઓ! આ કઈ શૈલી? ગજબ વાત છેને અને આ મળ્યું છે બહારનું સાંભળવાનું. બધું જ મળ્યું એનાથી ખસી જવું છે તારે. એનાથી તને લાભ થાય એમ નથી. સમજાણું કાંઈ? જિનેન્દ્ર સ્વરૂપ ઝીણું છે, ભાઈ! આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવી વસ્તુ.

'**એ વડે...**' એમ કહ્યુંને? એવા વડે એટલે એનો આશ્રય લઈને અંતરમાં એકાગ્ર થવું

અને ખંડ જ્ઞાન ઈન્દ્રિયો ને ભગવાનની વાણી કે ભગવાન પોતે એનાથી ભિન્ન પાડવો આત્માને જુદો. કારણ કે એ પરજ્ઞેય છે એમાં સ્વજ્ઞેય આવતો નથી અને સ્વજ્ઞેયમાં પરજ્ઞેય આવતું નથી. આહા..હા..! આવી વાત છે. એવો ભગવાન સ્વજ્ઞેય એટલે કે જ્ઞાનમાં જણાવાલાયક પોતે જ્ઞાયકભાવ. એ દ્વારા, એ વડે ખંડ ઈન્દ્રિય આદિને પરદ્રવ્યથી અધિક એટલે જુદો જાણવો અંદરમાં એનું નામ ઈન્દ્રિયને જીતી કહેવાય અને એનું નામ આ કેવળી અને તીર્થંકરના આત્માની સ્તુતિ એટલે પોતાની સ્તુતિ એ ભગવાનની સ્તુતિ એમ કીધું છે અહીં તો. ભાવ ઈન્દ્રિય મળી બહુ સારું. એ તો સ્તુતિ પરની થઈ ગઈ. ભાઈ! દ્રવ્ય ઈન્દ્રિય પાંચ મળી અને સારું એ તો પરની સ્તુતિ થઈ ગઈ. કાન મળ્યા તો સાંભળવાને મળ્યું એ તો સ્તુતિ કાનની પરની થઈ ગઈ. આહા..હા..! વાતે તે પણ વાત. વાણી સાંભળવાને મળી માટે લાભ. હવે એ તો પરની વાત થઈ ગઈ. એ તો પરજ્ઞેય થઈ ગયું. એનાથી તો લાભ છે જ નહિ. ત્યાંથી તો ખસવાનું છે. જેનાથી જુદું પડવું છે એનાથી લાભ થાય એમ કેમ બને? ન્યાય સમજાય છે કાંઈ?

એ દ્વારા સ્વભાવનું સાધકપણું કેટલું પ્રગટ્યું છે એને અહીંયાં બતાવે છે. એનું નામ સ્તુતિ. સ્તુતિ એટલે સ્તવન. કોનું? કે જ્ઞાયકભાવનું, કઈ રીતે? કે જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે એના તરફ ઢળવું અને જ્ઞેય, ભાવ જડ અને એનાથી ખસવું તેનું નામ સ્વભાવની સ્તુતિ, એનું નામ ભગવાનના ગુણની સ્તુતિ. ભારે! આત્માને. છેને? '**ज्ञानस्वभावाधिकं**' એમ કીધુંને? ભાવ અને ભાવવાળો એમ. આ તો શબ્દાર્થ ગાથાર્થ છે. ભગવાન આત્મા જે જ્ઞાનસ્વભાવી વસ્તુ (તે) વિભાવ સ્વભાવિક, ખંડજ્ઞાન સ્વભાવિ પરભાવસ્વભાવિક એ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક...**' ખંડ જ્ઞાન છે એ અન્ય દ્રવ્ય છે. અન્યજ્ઞેય કહો કે અન્ય દ્રવ્ય કહો. શું કીધું? જેના વડે ભગવાનની વાણી ભણાય. એવો જે જ્ઞાનનો અંશ એને અહીંયાં પરદ્રવ્ય કીધું. પરજ્ઞેય કહો, કે પરદ્રવ્ય. છેને. જ્ઞેય-જ્ઞાયક સંકર છેને આમાં? પરજ્ઞેયને પોતામાં માનવું એટલે કે પરદ્રવ્યને પોતાના જ્ઞાયકભાવની સાથે માનવું એ સંકરદોષ ખીચડો કર્યો એણે. દાણા અને કાંકરા ભેગા કર્યા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનવા અંતરમાં એકાગ્ર થાવું એ. એમ નહિ. એને વિષય લક્ષમાં આવવો જોઈએને. આ જ્ઞાયકભાવ વડે આત્માને એનાથી અધિક જુદો પાડીને જાણે એનું નામ માન્યું અને જાણ્યું કહેવાય. ઝીણી વાતું છે. ક્યાં ગયા તમારે બે બીજા? રોકાણા છે ત્યાં? ભાવનગર ગયા છે ઠીક. માલ લેવા. કહો, સમજાણું કાંઈ? હળવે હળવે આવે છે. આહા..હા..!

'**જ્ઞાનસ્વભાવ વડે...**' એ સ્વભાવ કોનો છે? કે આત્માનો. એમ. એવા '**આત્માને જાણે છે.**' છેને? '**जानाति**' '**જાણે છે.**' જાણેની વ્યાખ્યા? અનુભવે. આહા..હા..! કહો,

ચેતનજી! ક્યાં વાત છે આવી ક્યાંય? કોની પાસે છે? આ ઓછું ખાય છે, આ ફલાણું ખાય છે, આ આમ કરે છે. એ ક્યાં વાત રહી? ખાય કોણ અને પીવે કોણ? અહીં તો ખંડ ઈન્દ્રિય જે છે ભાવ ઈન્દ્રિય એ અંશ છે એ પરદ્રવ્ય છે. પરજ્ઞેય કહો, પરદ્રવ્ય કહો, એને જ્ઞાયકભાવ સાથે એકત્વ માનવું અથવા એનાથી લાભ માનવો અથવા જડ ઈન્દ્રિયથી લાભ માનવો અથવા શ્રવણથી લાભ માનવો એ બધું પરદ્રવ્યની સાથે સ્વદ્રવ્યને એકતા કરવાની માન્યતા છે. દેવચંદજી! જ્ઞેયજ્ઞાયક છેને? જ્ઞેય એટલે પરદ્રવ્ય અને જ્ઞાયક એટલે સ્વદ્રવ્ય. **'जानाति'** **'જાણે છે...'** આ એનું નામ સમ્યગ્દર્શન. એનું નામ ધર્મની પહેલી દશા.

બીજી રીતે કહીએ તો એ જ્ઞાનનો અંશ જે ખંડ છે એ ઉપર દૃષ્ટિ એ પર્યાયદૃષ્ટિ છે, પરદ્રવ્ય બુદ્ધિ છે, પરજ્ઞેય બુદ્ધિ છે. આહા..હા..! કેવી વાત કરી છે? એનું લક્ષ છોડી, ભાવ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને વાણી આદિ કે ભગવાન અને ભગવાનનું સમવસરણ એના લક્ષમાં જે, એનું લક્ષ છોડી દઈને. કેવી વાત છે! અલૌકિક વાત છે. વસ્તુની સ્થિતિ આવી છે. આ જિનની સ્તુતિનું વર્ણન ચાલે છે એટલે કે આત્માના ગુણોનું સ્તવન. એટલે કે આત્મા અણિન્દ્રિય છે એના તરફ ઝુકાવ થઈને પરજ્ઞેયને જીતવું એટલે પરજ્ઞેયને એમાં આવવા દેવું નહિ એનું નામ જીતવું અને એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, પ્રકાશદાસજી! આવી વાત છે. આહા..હા..! કેવી શૈલીએ વાત કરી! ગજબ કરી છે.

અહીં તો કહે છે કે ખંડ ઈન્દ્રિયથી લાભ થાય એમ માનનાર પરજ્ઞેયને, પરદ્રવ્યને પોતાનું માને છે, ભાઈ! આહા..હા..! આ જડ ઈન્દ્રિય છે તો આપણને સાંભળવાને તો મળ્યું. એનાથી લાભ માને એ પરજ્ઞેયને અને પરદ્રવ્યને પોતાનું માને છે. આહા..હા..! ગજબ વાત છે. અને શાસ્ત્ર શ્રવણ અને વીતરાગની વાણીનું સાંભળવું એનાથી મને લાભ થાય એનો અર્થ પરદ્રવ્યથી મને લાભ થાય તો પરદ્રવ્યને અને સ્વદ્રવ્યને એક માન્યું છે. એય..! પંડિતજી! આહા..હા..! આ મૂર્તિ અને ભગવાનની પ્રતિમા એને જોઈને મને લાભ થાય. (એમ નથી)

મુમુક્ષુ :- થોડું ધીમું કરો.

ઉત્તર :- એ અમારે એક કહે છે ત્યાં. પૂનમચંદ છેને શું કહેવાય? ઘાસીલાલ પૂનમચંદ. કહેવરાવ્યું. કાંઈક કાનજીસ્વામી થોડુંક મૂકે, અમે થોડુંક મૂકીએ. ભેગા થઈએ. વાણિયાવડ છે? ઓલો પાંચ હજાર માગતો હોય તો ઓલો કહે બે હજારમાં એક પાઈ નથી મારી પાસે વધારે. ઓલો કહે પાંચ હજારમાં એક પાઈ ઓછી લેવી નથી વાણિયો કહે. એમ કરતાં-કરતાં પછી એક હજાર પંદરસોએ ભેગા થાય. એવું હશે આ? આવું સત્યમાં બીજું શું હોય પણ? સત્યમાં ભેળસેળ અસત્યની હોય? દાણામાં ભેળસેળ કરીને નથી નાખતા? નહોતો એક માણસ આપણે આવ્યો ભાવનગરથી? કરિયાણાની દુકાન હતી. ૩૫ ચીજ લીધી તપાસવાવાળો. એમાં ૨૭-૨૮ તો ભેળસેળવાળી નીકળી. પાંચ-છ ચીજ સારી નીકળી. એમાં

... નહિ? ભાવનગરના આવ્યા હતા. તે દિ' એક માણસ આવ્યો હતો ભાવનગરથી. કરિયાણાની દુકાન હતી. લગભગ ૩૦-૩૫ ચીજ એકફેરી લઈ આવ્યો હતો. પછી જોયું તો ૨૭-૨૮ ચીજ ભેળસેળવાળી, પાંચ-સાત ભેળસેળ વિનાની એવો આ દગો અત્યારે થઈ ગયો. એમાં આ ભેળસેળ કરવા.. એ ખંડ ઈન્દ્રિયથી જ્ઞાન થાય, જડથી લાભ થાય, ભગવાનની વાણીથી લાભ થાય એવું કાંઈ નાખવાનું છે અંદર ભેળસેળ? ધૂળેય ન થાય. વ્યવહારથી કહેવામાં આવે એટલે નથી અને કહેવું એનું નામ વ્યવહાર. આહા..હા..!

અનેકાંત એ કે નિશ્ચયથી થાય અને વ્યવહારથી લાભ થાય નહિ એનું નામ અનેકાંત છે. આવી વાત છે. કહો, પંડિતજી! આ ૩૧મી ગાથા. આહા..હા..! જે કોઈ ક્ષયોપશમભાવનો અંશ છે એના ઉપર બુદ્ધિ છે એ પણ પરદ્રવ્ય બુદ્ધિ છે એમ કહે છે. ત્રિકાળી જ્ઞાયકભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ત્રણલોકના નાથ કેવળી એના કથનો અને કેવળી પ્રરૂપેલ ધર્મ. આવેને મંગળિકમાં? 'કેવળી પણ્ણંતં ધમ્મં શરણં' પણ કહેવો કોને કેવળી પણ્ણંતો ધર્મ? હવે પરની દયા પાળવી, વ્રત પાળવા એ કેવળી પણ્ણંતં ધમ્મં. દયા પાળી એ તો રાગ છે, એ તો પર ઉપર લક્ષ જાય છે. રાગ તો પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય છે. એના ઉપર જ્યાં સુધી લક્ષ છે ત્યાં સુધી પરદ્રવ્યને પોતાનું માને છે. આહા..હા..! વાત ભારે ગજબ!

મુમુક્ષુ :- પર્યાય એ પરદ્રવ્ય પછી આ બધું સમજવું...

ઉત્તર :- એને કાળે જે ઠેકાણે જે પ્રકારનું હો ત્યાં. મોક્ષમાર્ગની પર્યાયનું વર્ણન કરવું છે તો પર્યાય દ્રવ્યમાંથી આવે, તો માટે ત્યાં એને પરદ્રવ્ય કીધું એ અપેક્ષાએ છે વાત. પણ અહીં તો સ્તુતિનું વર્ણન છે. અહીંયાં પણ મોક્ષમાર્ગનો અધિકાર છેને? એ પર્યાય પર્યાયમાંથી ન આવે એટલું સિદ્ધ કરીને જ્ઞાયકમાંથી આવે એમાંથી પરદ્રવ્ય પર્યાય એમ કરીને સિદ્ધ કર્યું છે. તારું છે. તારું સહિત સિદ્ધ કર્યું છે. અહીંયાં તો જીવનો અધિકાર છે. જીવ એને કહીએ કે જે ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને એનો વિષય. એનું લક્ષ છોડી દઈને એ છે તો લાભ છે એમ છોડી દઈને, એ છે તો હું છું એમ છોડી દઈને. હું છું તો એ છે એમ છોડી દઈને. આ તો સ્પષ્ટીકરણ છે. એવો ભગવાન જ્ઞાયકભાવ એવા સ્વભાવનો આશ્રય લઈને ખંડ ઈન્દ્રિય અને ભાવ ઈન્દ્રિયની ભિન્નતા પડે, પરમાં એકતા ન રહે એનું નામ જીવ કહેવામાં આવે છે. એને જીવ કહીએ એમ કહે છે. જીવ અધિકાર છેને? એને જીવ કહીએ. આ જે ખંડ ઈન્દ્રિયથી લાભ થાય, શબ્દથી લાભ થાય, જડથી લાભ થાય એને જીવ ન કહીએ એમ કહે છે.

મુમુક્ષુ :- તો શું જીવ મટી જાય?

ઉત્તર :- મટી જ ગયો છે. એની દૃષ્ટિમાં તો મટી ગયો છેને. એય..! દૃષ્ટિમાં મટી ગયો છે, જીવ રહ્યો જ નથી. જીવનું સ્વરૂપ તો જ્ઞાયકભાવ એના સ્વભાવ વડે કરીને એમાં

એકતા થાય અને અહીંથી એકતા તૂટે એનું નામ જીવ. એની સાથે એકતા થાય એ જીવ રહ્યો છે ક્યાં એને? હો, ભલે પણ દૃષ્ટિમાં રહ્યો નથી. એને ક્યાં છે?

મુમુક્ષુ :- દૃષ્ટિમાં સ્વીકાર નથી ને તો પર્યાયનું શું કામ છે?

ઉત્તર :- ચેતનજી! પર્યાયનો સ્વીકાર પરદ્રવ્ય તરીકે સ્વીકાર છે. સ્વદ્રવ્ય તરીકે નહિ. સમજાણું કાંઈ? એય..! ચેતનજી! તમારો પ્રશ્ન .. એમ ચાલતું હતું. આહા..હા..! હોય છે. વસ્તુસ્થિતિ આવી છે. આવી વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં વસ્તુની મર્યાદા વસ્તુમાં છે. એ મર્યાદા જ્ઞાયકભાવને છોડીને ખંડ ઇન્દ્રિય આદિ જડ ઇન્દ્રિય, પોતાનું અસ્તિત્વ માનવું એનો અર્થ થયો કે એની સ્તુતિ થઈ. ભગવાન આત્માની સ્તુતિ ન થઈ. આહા..હા..! એની સ્તુતિ થઈ. રાગ હોય તો લાભ થાય, નિમિત્ત હોય તો લાભ થાય. આ બધું આમાં એય..! આવ્યું. ઓલા કહે છે નિમિત્ત નિમિત્ત અકિંચિત્કર. એય..! નિમિત્ત અકિંચિત્કર શું લાખવાર છે સાંભળને હવે. નિશ્ચય.. આવે છેને છ ઢાળામાં 'નિશ્ચય ઉર આણો' 'લાખ વાતની વાત.' અનંતવારની વાત મૂળ તો એમ કહેવું છે. લાખ તો શબ્દ પછી ગોઠવ્યો છે. 'અનંત બાતકી બાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ એક નિજ આતમ ધ્યાવો.' પર ભગવાન પણ નહિ. પર ભગવાન તો પરદ્રવ્યમાં ગયા. આહા..હા..! એય..! શિવલાલભાઈ! આવું તો સાંભળ્યું પણ નહોતું. ... વાત છે. આહા..હા..!

આની કોરનો ઓલો પાક્યો છે એ વસંતભાઈ મોઢ. મારા એ પણ વૈષ્ણવ સામાન્ય રામાયણ-મહાભારતનો બહુ અભ્યાસ. સાંભળ્યા છે. એ શું છે? આ વાત છે આ. આત્મા છેને આમાં ક્યાં? આત્મા ક્યા મોઢ? આત્મા તો અહીંયાં ઇન્દ્રિયને જીતે તે આત્મા. આ ઇન્દ્રિયમાં રહે અને ટકે એ આત્મા નહિ ત્યાં પ્રશ્ન શું અહીં તો આ? આહા..હા..! એય..! દેવચંદજી! આહા..હા..! લલ્લુજી આમ કહી ગયા છે કે ભક્તિ કરતા થશે. કોની ભક્તિ પણ? આ ભક્તિની વાત ચાલે છે આ. સ્તુતિ કહો કે ભક્તિ કહો. એક છે. પણ વસ્તુસ્થિતિ આવી ભગવાન છે ત્યાં પછી બીજું શું કરીએ? એમાં મોળું શું કહીએ ઢીલાપણું. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા એમ ફરમાવે છે. અને એ છે એમ ફરમાવે છે. ભાઈ! તું જ્ઞાયક સ્વભાવે રહેલો પ્રભુ ત્રિકાળ. એની દૃષ્ટિ કર તો તને જ્ઞેયની, પરજ્ઞેયની એકતા તૂટતા સ્વભાવની એકતા થશે. આમ ત્રિકાળી સ્વભાવમાં એકતા થતા ખંડ ઇન્દ્રિય જડ અને પરની એકતા તૂટશે ત્યારે તેને પરદ્રવ્યથી જુદો પાડીને, ભગવાને કીધું કે આત્માની સ્તુતિ આવી, એવી સ્તુતિ એણે કરી એ જીવ થઈને સ્તુતિ કરી. જીવ જીવપણે રહીને થઈને સ્તુતિ કરી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હવે સ્વાધ્યાયનો કાળ છેને બધો શાંતિનો?

મુમુક્ષુ :- વિહારનો કાળ મટી ગયો.

ઉત્તર :- વિહારનો કાળ મટી ગયો. ત્યાં તો અમુક શૈલીથી કહેવું પડે કે અમુક વાત આવે. અહીં તો માખણ ચાલે.

મુમુક્ષુ :- દૃષ્ટાંત

ઉત્તર :- દૃષ્ટાંત કહો એમ વળી કહે. ભાઈ હવે આવતું હોય એ આવવા દેને. કોક કહેતું હતું. આહા..હા..! એ તો અહીં કહેતા હતા. દૃષ્ટાંત એકલું સત્ત્વ આવે છે. હવે જેવું આવે એ આવે. પછી વળી બીજે દિ' છેલ્લે દિ' દૃષ્ટાંતો ગણાવે. ત્યારે આ આવ્યા ત્યાં ક્યાં તૈયાર કરી રાખ્યા હોય? અંદર એને મળતું હોય અને જરી સ્વભાવ એવો હોય ત્યાં. આહા..હા..! અને તે વાણીને કાળે વાણી નીકળે છે એને જાણીને આત્મામાં વિકાર ક્યાં છે? આહા..હા..! એવી વાત છે.

કહે છે '**તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે...**' જે ધર્માત્મા, કેવળીઓ અને સંતો જે છે તે. '**તેઓ, ખરેખર જિતેન્દ્રિય કહે છે.**' આવા આત્માને જિતેન્દ્રિય ભગવાન કહે છે, મુનિઓ કહે છે. ચાર જ્ઞાનના ધણી સંતો, ગણધરો કહે છે. એવા આત્માને. કે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા એને જ્ઞેય જે ખંડ અને જડ ઈન્દ્રિય કહો, એનાથી એકતા અને એના અસ્તિત્વમાં હું છું એવી જે માન્યતા હતી તેને તોડીને એટલે કે તોડીને એ વ્યવહાર છે. આહા..હા..! સ્વભાવમાં એકતા થતાં પરની એકતા તૂટી છે એને જીવ થઈને એણે પોતાના ગુણનું સ્તવન કર્યું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એય..! જેઠાલાલભાઈ! આહા..હા..! એવા જીવને. એવા જીવને એટલે? જેણે જ્ઞાયકભાવના સ્વભાવનો આશ્રય લઈ સ્વદ્રવ્યનો આશ્રય લઈ અને ખંડ ઈન્દ્રિય જડની વિષય પરદ્રવ્યની એકતા જેને તૂટી ગઈ છે અને સ્વભાવમાં એકતા જેને થઈ છે એવા જીવને સંતો જિતેન્દ્રિય કહે છે, એવા જીવને સંતો ચાર જ્ઞાનના ધણી ઋષિઓ મુનિ પરમાત્મા એવા પરમાત્મા એને જિતેન્દ્રિય કહેવામાં આવે. એકલી ઈન્દ્રિયને જીતી એ કામ ન આવે. આખું ફોડી નાખે. સમજાણું? કાનમાં ખીલા નાખે. એ જિતેન્દ્રિય નહિ. આવે છેને અન્યમતિમાં ઓલું સુરદાસ. સુરદાસ. આંખો ફોડી. જુવાન સ્ત્રી ઉપર નજર ગઈ. અરે આંખ ફોડી નાખું. આંખોનો શું વાક છે? એમાં આવે છે એ. વેશ્યાનો પ્રેમ હતો તો સર્પ લટકતો હતો એને પકડીને દોરી છે એમ જાણીને વેશ્યાના ઘરે વયો ગયો સુરદાસ. સર્પ લટકતો હતો અને અંદર બારીમાં જાવું હતું. એ એકદમ પરસ્ત્રી.. કાનમાં લાકડા નાખવા કાંઈ બીજું ન સંભળાય જાય. તમને નહિ કાંઈક બીજી વાત આવે ત્યાં ઉં..હું.. ઉ..હું.. શું છે પણ? પોપટભાઈ બહુ કરતા. કાંઈક એવી વાત આવેને. શું છે પણ સાંભળને.

અહીં તો કહે છે કે સાંભળવું એના તરફથી લક્ષ છોડવું એ વસ્તુ છે. અહીં તો એ કહે છે. આહા..હા..! એય..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવવાળો પ્રભુ અંદર એની અંતર

દૃષ્ટિ કરીને, એમાં એકાગ્ર થઈને જેણે આ જીત્યો એ નાસ્તિથી વાત કરી, આમ અસ્તિથી આ. જ્ઞાયકસ્વભાવનો આશ્રય લીધો એ અસ્તિથી. ત્યારે આ જ્ઞેયથી એકતા તૂટી એને જિતેન્દ્રિય ઈન્દ્રિયો જીતી એ નાસ્તિથી જીતી એમ કીધું. બાકી ખરેખર તો અણિન્દ્રિયમાં એકાગ્ર થયો છે ત્યારે ઈન્દ્રિય જીતાઈ ગઈ છે એને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલું સંઘર્યું છે! એક ગાથામાં કેટલો સંગ્રહ! સ્વપર જ્ઞેય અને સ્વપર દ્રવ્ય. પાછા કોને કહેવા અને એમાંથી ખસવું? આહા..હા..! આવી વાત પરમસત્ય. બીજે ક્યાંય હોય નહિ. ...

આવા જેણે જ્ઞાનસ્વભાવી વસ્તુ ભગવાન, એનો જેણે આશ્રય કર્યો એને ખંડ ઈન્દ્રિય, ભાવ જડઈન્દ્રિય પર જીતાઈ ગયા એટલે એનો આશ્રય રહ્યો નહિ, એના તરફથી લાભબુદ્ધિ, એકતાબુદ્ધિ તૂટી ગઈ અને સ્વભાવની એકતા થઈ તેને સંતો વીતરાગી મુનિઓ તેને જિતેન્દ્રિય કહે છે. એ જીવને જિતેન્દ્રિય કહે છે. આહા..હા..! ઈન્દ્રિયના વિષય ભોગવે નહિ અને બ્રહ્મચારી હોય માટે જિતેન્દ્રિય છે એમ નહિ. આહા..હા..! આખી જિંદગી ઈન્દ્રિયનો વિષય સ્ત્રીનો લીધો ન હોય એથી એ જિતેન્દ્રિય છે એમ નહિ. આહા..હા..! જેને એ વિષય તો પરજ્ઞેય છે અને એના તરફનું લક્ષ જવું એ રાગ છે અને તેને જાણવાનું ખંડ જ્ઞાન એ પણ પરદ્રવ્ય છે. આહા..હા..! એ ખંડજ્ઞાન જાણનારું રાગને, રાગ અને ઓલું. ત્રણેને રુચિ છોડી એટલે કે તેના ઉપરનું લક્ષ છોડી દઈ અને જ્ઞાયકભાવના આશ્રયે દૃષ્ટિ જાય એને જીતેન્દ્રિય કહેવામાં આવે છે અને જેણે શરીરથી સ્ત્રીને સેવી નહિ માટે જિતેન્દ્રિય છે એમ નથી. એય..!

એવા '**નિશ્ચયનયમાં સ્થિતિ સાધુઓ છે...**' એમ ભાષા છે જુઓ! એય..! વ્યવહારમાં સ્થિત સાધુઓ જેમ આને કહે છે એમ નથી કીધું. આહા..હા..! સંતો. કેટલી શૈલી છે! આહા..હા..! જેને સ્વભાવમાં સ્થિત મુનિઓ સંતો ભલે પંચ મહાવ્રતનો વિકલ્પ હોય તોપણ એ એમાં સ્થિત નથી. સ્થિત સ્વભાવમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે નિશ્ચયમાં સ્થિત સાધુઓ. ભાષા તો જુઓ! પહેલાં જિતેન્દ્રિય કહેનારા કેવા એની વાત કરે છે. જિતેન્દ્રિય કહેનારા કોણ? જિતેન્દ્રિય થયો એ તો થયો, પણ એને જીતેન્દ્રિય કહેનાર કેવા હોય છે એમ કહે છે. આહા..હા..! હૈ કિ નહીં ઉસમેં? '**निश्चिताः साधवः**' આહા..હા..! જેણે સ્વરૂપને વ્યવહાર છોડી, લક્ષ છોડી નિશ્ચય સાધન કર્યું છે. ભગવાન જ્ઞાયક સ્વભાવનું જેણે સાધન કર્યું છે. એવા નિશ્ચયમાં સ્થિત જે સંતો આવા જીવને જિતેન્દ્રિય તરીકે સ્વીકારવામાં આવે છે. છેને એમાં? ભણંતિ એમ કીધુંને? કહે છે. કહે છે કહો કે એને સ્વીકારે છે એ જિતેન્દ્રિય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આ તો ૧૭મી વાર ચાલે છે આ સમયસાર. આહા..હા..! કહો, શાંતિભાઈ! જુઓ આ સમયસાર. ૩૧મી ગાથા. '**તેને,...**' '**खलु**' '**ખરેખર જિતેન્દ્રિય કહે છે.**' એને જ સાચો જિતેન્દ્રિય કહે છે. આહા..હા..! ટીકા. આ તો શબ્દાર્થ કર્યો. આ તો સ્વાધ્યાયનો કાળ છેને આ તો હળવે.. હળવે...

**'જે મુનિ...'** મુનિ નામ આત્મા. જુઓ અહીંયાં મુનિ પ્રધાનથી કથન છેને. **'દ્રવ્યેન્દ્રિયો,...'** આ જડ પાંચ. જે અજીવ પર્યાય છે આ. પુદ્‌ગલની પર્યાય છે. **'ભાવેન્દ્રિયો...'** જે ખંડ જ્ઞાનનો અંશ છે. એ પણ પરદ્રવ્યમાં જાય છે અહીં તો. આહા..હા..! પરદ્રવ્ય કહો, પરજ્ઞેય કહો. બેય છેને. અન્યદ્રવ્યથી અધિક કીધુંને લખાણમાં. **'ज्ञानस्वभावाधिकं'** અન્ય દ્રવ્ય કીધું. ભાવઈન્દ્રિય અન્ય દ્રવ્ય છે એટલે કે અન્ય જ્ઞેય છે. અન્યજ્ઞેય કહો કે અન્ય દ્રવ્ય કહો. એ તો. **'તથા ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો...'** શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. ચાહે તો સ્ત્રીનો વિષય હો કે ચાહે તો ભગવાનની વાણી હો કે ભગવાન હો એ બધા ઈન્દ્રિયના વિષયો છે. આ રાડ નાખેને બધા. સોગાનીમાં આવે છેને કે સ્ત્રીનો વિષય અને ભગવાનની વાણી બેય વિષય જ છે કહો. હાય.. હાય.. દ્રવ્યદૃષ્ટિમાં આવેને? દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. ત્રીજો ભાગ આવ્યું છેને? વિષય તરીકે તો ભગવાનની વાણી અને સ્ત્રી તરીકે બેય વિષય જ છે એમ કહ્યું. પણ આ શું કીધું? અહીં તો ઈન્દ્રિય કીધી પરને. ભગવાનની વાણીને ઈન્દ્રિય કીધી. આત્મા નહિ, અણિન્દ્રિય નહિ. સમજાય છે? શાસ્ત્ર સાંભળવા એ બધા ઈન્દ્રિય. ઈન્દ્રિયનો વિષય છે એમ કીધું. આહા..હા..! ગજબ વાત છેને. વસ્તુસ્થિતિ એમ છે ત્યાં બધું શું થાય? આવે, હો, પણ એ વસ્તુ પરજ્ઞેય તરીકે છે. આહા..હા..!

એવા **'ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો--એ ત્રણેયને...'** પાઠમાં તો ઈન્દ્રિયને જીતીને જ કહ્યું છે એટલે એ ત્રણને ઈન્દ્રિયો કીધી. **'પોતામાંથી જુદાં કરીને...'** જોયું! ઓલામાં અધિક નાખ્યું હતું જુદા કરીને, સંકરદોષ ટાળીને. **'સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે.)'** હવે એનું સ્પષ્ટીકરણ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૭, રવિવાર, તા. ૧૮-૦૬-૧૯૭૨
## ગાથા-૩૧, પ્રવચન-૧૦૧

૩૧મી ગાથા. સમયસાર. શબ્દાર્થ આવી ગયા છે. ટીકા. ફરીને. જે કોઈ આત્મા. મુનિ એટલે આત્મા. દ્રવ્ય ઈન્દ્રિય આ જડ-જડ એ પરદ્રવ્ય છે. ભાવેન્દ્રિય. જે ખંડ-ખંડ જ્ઞાન છે એ પણ ઈન્દ્રિય છે એ ખરેખર પરદ્રવ્ય છે. એ પરજ્ઞેય છે. જેમ આ શરીરની ઈન્દ્રિયો

જડ પરજ્ઞેય છે એવી જ ભાવેન્દ્રિય ખંડ ખંડ જે છે જે સૂક્ષ્મ અંશ એક એક વિષયને જાણે એવું જ્ઞાન ખંડ એ પણ પરજ્ઞેય છે. એ પરદ્રવ્ય છે. એ સ્વદ્રવ્ય નહિ. જ્ઞાયકભાવ એવો જો જ્ઞાનસ્વભાવભાવ એકરૂપ ત્રિકાળ સ્વભાવભાવ એ જ્ઞાયક એ સ્વ. અને આ જડ ઈન્દ્રિય અને ભાવ ઈન્દ્રિય અને એના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ એ બધા પરજ્ઞેય છે એ પરજ્ઞેયને અને સ્વજ્ઞેય જ્ઞાયક. બેને એક માનવા એ અજૈનપણું છે, અજિતેન્દ્રિય છે.

મુમુક્ષુ :- એ કોણ માને?

ઉત્તર :- અનાદિ માને છે. આ ઈન્દ્રિય હોય તો લાભ થાય, ખંડ ઈન્દ્રિય ઉઘાડ છે, ક્ષયોપશમ એવો મળ્યો છે, .. આત્માને લાભ થાય, શબ્દ વાણી રસ આપણે સાંભળીએ, ભગવાનની વાણી સાંભળીએ તો એનાથી લાભ થાય એ બધું પરદ્રવ્યથી લાભ થાય એમ માન્યું છે. પરજ્ઞેયને સ્વજ્ઞેય માન્યું છે એમ કહેવું છે. એ બધું પરજ્ઞેય છે. સ્વજ્ઞેય નહિ. સ્વજ્ઞેય તો જ્ઞાયકસ્વભાવ, ત્રિકાળ ધ્રુવ સ્વભાવ એ સ્વજ્ઞેય અને આ ભાવઈન્દ્રિય, જડઈન્દ્રિય અને એના વિષયો ચાહે તો ભગવાનની વાણી હો કે ભગવાન પોતે હો કે સમ્મેદશિખર આદી હો એ બધા ઈન્દ્રિયોમાં ગણવામાં આવ્યા છે. અણિન્દ્રિય એવો જે સ્વજ્ઞાયકભાવ એનાથી એને ભિન્ન કહેવામાં આવ્યા છે. ..ભાઈ! કાલે તો હતા તમે. સમજાણું કાંઈ? આ જિતેન્દ્રિય એટલે જિન કોને કહેવા? જિન કોને કહેવા? કે જે કોઈ જડઈન્દ્રિયો આ શબ્દો જાણવામાં નિમિત્ત છે જડ, ભાવેન્દ્રિય એ બધા ત્રણેને ઈન્દ્રિયમાં. પાઠમાં તો ત્રણેને ઈન્દ્રિય કીધી છે. ત્રણ ઈન્દ્રિય છે. એ અણિન્દ્રિય આત્મા નહિ એમ એનો અર્થ. અણિન્દ્રિય એવો જે ભગવાન આત્મા એ સ્વજ્ઞાયકભાવ એ આ ત્રણ નહિ. ભાવઈન્દ્રિય, જડઈન્દ્રિય અને એના વિષયો ત્રણે પરજ્ઞેય, પરદ્રવ્ય અને નિશ્ચયથી સ્વજ્ઞેય જ્ઞાયકભાવ જીવ જ્યારે કહીએ તો એની અપેક્ષાએ ત્રણ તે અજીવ છે. જીવ-અજીવ અધિકાર છેને.

જ્ઞાયકનું હોવાપણું ધ્રુવ ચૈતન્ય એકરૂપ સ્વભાવ તેનું હોવાપણું તે સ્વજ્ઞેય અને તે જીવ. જેનો જ્ઞાયકસ્વભાવભાવ એવો જીવ એમ. બે ભાવ, આ ભાવ અને આ ભાવ એમ. એવો જ્ઞાયકસ્વભાવ, ધ્રુવસ્વભાવ, શુદ્ધ ઉપાદાન જ્ઞેય સ્વભાવ એ એકલો જ્ઞાયક એ સ્વવિષય અથવા સ્વજ્ઞેય અને જ્ઞાનીનો તે સ્વધ્યેય. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવું ઝીણું બહુ પણ ભારે. શિયાળાના ઉપરનું પાણી ઠંડા અને પાતળા લૂગડા.. આ બહુ ઝીણું છે. વસ્તુ જે છે એક સમયમાં જ્ઞાયકસ્વભાવભાવ, જ્ઞાનભાવ, સ્વરૂપ સ્વભાવ ત્રિકાળ. '**णाणसहाव**' કહ્યું હતુંને પાઠમાં? '**णाणसहावाधियं**' પોતે જ્ઞાનસ્વભાવભાવ એનાથી ખંડ ઈન્દ્રિય, દ્રવ્ય ઈન્દ્રિય અને વિષયો તેનાથી અધિક છે એટલે જુદું છે. એ તત્ત્વ તદ્દન જુદું છે. ખંડ ઈન્દ્રિયથી, જડ ઈન્દ્રિયથી અને એના વિષયો એનાથી એ તત્ત્વ તદ્દન જુદું છે. અધિક છે એટલે તદ્દન ભિન્ન છે. એને આત્મા કહીએ. અને એ કેવળી ગુણના સ્તવન કરનારો કહીએ. કેવળ ગુણ

પરમાત્માના એ પોતે કેવળ અનંતગુણ. શુદ્ધ સ્વભાવ અનંત-અનંત અપરિમિત શક્તિ અને એ શક્તિનું આખું સત્ત્વ ..વાળું એવો જે આખો જ્ઞાયક તત્ત્વ, સત્ વસ્તું એનું જે સત્ત્વ. સત્ વસ્તુ એનું જ્ઞાયકભાવ એનું સત્ત્વ. એ સ્વજ્ઞેય એની સાથે ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને શબ્દો આદિ એ એકપણું માનવું એ પરજ્ઞેય અને સ્વજ્ઞેયને એકપણે માન્યા. એટલે કે ખંડ ઇન્દ્રિયથી લાભ થાય, જડથી લાભ થાય, શબ્દ સાંભળવાથી લાભ થાય એવી જેની બુદ્ધિ છે એ પરજ્ઞેયને અને સ્વજ્ઞેયને બે એક માને છે.

મુમુક્ષુ :- નિમિત્ત તરીકે તો લાભ થાય

ઉત્તર :- નિમિત્ત તરીકે આ કહે છે આ પંડિત ત્યાં હતા. .. એ બીજો છે બોલ. પહેલો બોલ તો ચાર ગતિમાં ભ્રમણ અને વિકારનું કારણ કર્મ છે એ ... જીવીત શરીરથી લાભ થાય ધર્મનો. અરર! આવા કથન તે પ્રભુ વ્યવહારના માર્ગ! આ જીવીતથી શરીર એટલે ટકતું. જીવતું એટલે ચૈતન્યસહિત છે આ?

મુમુક્ષુ :- સાથે તો રહે છે.

ઉત્તર :- સાથે રહે એટલે શું થયું? સાથે એટલે એક ક્ષેત્રમાં, આકાશના ક્ષેત્રની અપેક્ષાએ સાથે છે. પોતાનું ક્ષેત્ર તો ભિન્ન છે તદ્દન.

કહે છે કે એવી જે '**દ્રવ્યેન્દ્રિયો,...**' શરીર પરિણામ પ્રાપ્ત. '**ભાવેન્દ્રિયો...**' ખંડ ખંડ જ્ઞાનને જણાવે એવો ભાવ '**તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો---**' શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. ચાહે તો ભગવાનની પ્રતિમા હો કે ચાહે તો ભગવાન સાક્ષાત્ હો એ ઇન્દ્રિય છે અથવા ઇન્દ્રિયનો વિષય છે. એય..! એ ઇન્દ્રિય છે. અણિન્દ્રિયથી ઇન્દ્રિય પદાર્થ ભિન્ન છે. જેમ ખંડ ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને એનો વિષય એ ત્રણે એક ગણીને તેને પરજ્ઞેય કહ્યા છે, પરદ્રવ્ય કહ્યા છે. આ જીવનો જ્ઞાયકભાવ ત્રિકાળની અપેક્ષાએ આ જીવ એમાં નથી. આવડો એમાં નથી. એથી એને અજીવ કહીને, અજીવથી જ્ઞાયકભાવ ભિન્ન છે એવો જે જ્ઞાયકભાવમાં એકાગ્ર થવું એણે ઇન્દ્રિયોને જીતી એટલે ઇન્દ્રિયોથી જુદો પડ્યો એને જિન, નિશ્ચયમાં સ્થિત એવા સંતો એને જિતેન્દ્રિય કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે. અહીં તો કહે છે કે શબ્દો સાંભળવાથી લાભ થાય એ ઇન્દ્રિયથી લાભ થાય એમ માનનારા છે એમ કહે છે. પરજ્ઞેયથી લાભ થાય એમ માનનારા છે. એય..! અહીંયાં તો પરજ્ઞેયમાં નાખ્યા છે. એવી વાત છે.

'**એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને...**' એટલે કે ત્રણે ઉપરથી લક્ષ છોડી દઈને. ભાવેન્દ્રિય ઉપરથી રુચિ છોડી દે, જડ ઉપરથી છોડી દે અને પરના વિષય જે છે શબ્દાદિ. આહા..હા..! જગતને આકરું પડે છે. સ્ત્રી રાગનો વિષય છે એમ ભગવાન પણ રાગનો જ વિષય છે. જયંતિભાઈ! એ ત્રણેયને પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈને જે જુદા કર્યા

એટલે ભિન્ન પાડ્યા. ભિન્ન પાડ્યાનો અર્થ એ. એકરૂપ જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી, સ્વભાવમાં એકતા થતાં ખંડ ઇન્દ્રિય આદિ જુદાં રહી ગયા. એને પરથી જુદાં પાડ્યા અથવા પરથી અધિક આત્માને જુદો કર્યો એવા જીવને સંતો જે નિશ્ચયમાં સ્થિત સંતો છે એવા જીવને જીતેન્દ્રિય કહે છે. કહો, સમજાય છે આમાં? શશીભાઈ! આવું ઝીણું છે આ બધું સમજવું પડશે હોં હિત કરવું હોય તો. થોથા છે ચારેકોર. આહા..હા..!

એક સમયમાં ભગવાન આત્મા જ્ઞાયકભાવ. પાઠમાં એમ આવ્યુંને? કે જ્ઞાનસ્વભાવ વડે એમ આવ્યું હતુંને? '**ज्ञानस्वभावाधिकं**' એટલે આત્મા વડે એમ પહેલું ન કહેતા જ્ઞાનસ્વભાવ એવો જે આત્મા એ. જ્ઞાનસ્વભાવ વડે અન્ય દ્રવ્યથી અધિક આત્માને એમ કીધુંને? આત્મા શબ્દ નાખ્યો પણ આ રીતે. જ્ઞાયકસ્વભાવ વડે આત્માને એ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ છે એવી દૃષ્ટિ કરીને જેણે આ ત્રણ જ્ઞેયોને પરજ્ઞેય તરીકે ન માનતા સ્વજ્ઞેયમાં લાભદાયક માન્યા હતા એને જુદા પાડ્યા. એટલે કે તેનો આશ્રય લક્ષ છોડી એટલે કે પર્યાયબુદ્ધિ અને નિમિત્ત બુદ્ધિને છોડી. લ્યો! જેણે વસ્તુના સ્વભાવ ત્રિકાળી ભગવાન એવી જેણે બુદ્ધિ કરી એને જીતેન્દ્રિય (કહીએ). આમ શરીરથી બ્રહ્મચર્ય પાળે આખી જિંદગી તોપણ એ જિતેન્દ્રિય નહિ. કેમકે હજી હું શરીરથી બ્રહ્મચર્ય પાળું એ બધો વિકલ્પ અને પરાશ્રયભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો દેખાય છતાં જે ખંડ ઇન્દ્રિયથી પાર જ્ઞાયકભાવને પ્રાપ્ત કર્યો છે એ જિતેન્દ્રિય છે. સમજાણું કાંઈ? એ છન્નું હજાર સ્ત્રીના વિષયના ભોગકાળે પણ એ જિતેન્દ્રિય છે. કેમકે એની દૃષ્ટિ ખંડ અને ઇન્દ્રિય ઉપર નથી. એ કાળે પણ એની દૃષ્ટિ જ્ઞાયકભાવ, ખંડ ઇન્દ્રિય અને વિષયોના એ વિષય છે એ ઇન્દ્રિય છે. એના તરફનું લક્ષ જાય છે એ ભાવ ઇન્દ્રિય છે અને એમાં જડ ઇન્દ્રિય એ નિમિત્ત પડે છે આ પરમાણું છે એ. બધાય તે ઇન્દ્રિયો અને પરદ્રવ્ય એના ઉપરથી દૃષ્ટિ ખસી ગઈ છે અને જ્ઞાયકભાવમાં દૃષ્ટિ સ્થિર થઈ છે. એને જિન કહેવામાં આવે છે. કેમકે ચૈતન્ય સ્વભાવ તે જિનસ્વભાવ છે. એ ખંડઇન્દ્રિય ને એ કાંઈ જિનસ્વભાવ નહિ. અન્ય સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વ્યાખ્યા જિન એટલે જિતનારો તે જિન એ શબ્દ છેને મુખ્ય જૈનમાં? જૈન શબ્દમાં જિતે તે જૈન. કોને જિતે? એટલે શું? જીતવું એટલે શું? જે પોતાનો જ્ઞેયભાવ, ત્રિકાળસ્વભાવ એના ધ્યેયને બનાવી એટલે ખંડ ઇન્દ્રિય આદિ ઇન્દ્રિયના વિષયોના લક્ષ છોડી દીધા છે અને અહીં લક્ષને જમાવ્યું છે. આહા..હા..! આવો માર્ગ છે. એણે જીવને પ્રાપ્ત કર્યો અથવા એ જીવની સ્વભાવ તરફની એકાગ્રતાની દશાવાળો જીવ અહીં લીધું છેને. ઓલાવાળો નહિ પણ એકાગ્રતાવાળો. ખંડઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય અને વિષયવાળો નહિ. સમજાણું કાંઈ? દાસ! આવો માર્ગ છે.

સ્વદ્રવ્યને જેના જ્ઞાયકસ્વભાવભાવ વડે, જ્ઞાયકસ્વભાવભાવ વડે પરજ્ઞેય એવા જે ખંડ ઈન્દ્રિયો, જ્ઞાન ક્ષયોપશમનો અંશ. ત્યારે તો ભાઈ ૫૦મી ગાથામાં કહ્યું કે ભાઈ પરદ્રવ્ય ચોખ્ખું કહ્યું ત્યાં પર્યાયનું કેમ કહ્યું? પણ એમ જ કહ્યું હવે. એ ખંડ ઈન્દ્રિયનો પર્યાયનો અંશ જે છે એ સ્વદ્રવ્ય નહિ. સ્વજીવ નહિ, સ્વજ્ઞેય નહિ. .. જીવ અજીવ છે ત્રિકાળી જ્ઞાયકભાવને માટે અજીવ છે. આવો ભાવ જેમાં નથી એટલે ઓલો અજીવ સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ એવો. વીતરાગ એટલે તારો માર્ગ એમ. 'જિન સોહી હૈ આત્મા' આવે છેને? સમયસાર નાટકમાં આવે છે. એ વર્ણન નહિ. જિનનું વર્ણન તો ચૈતન્યસ્વરૂપ છે. જીવ એ જિન અને જિન એ જિનવર. જીવ એ જિન અને જિન એ જિનવર એમ ત્રણ બોલ આવે છે. સમયસાર નાટક.

ભગવાન આત્મા એ જિન છે અને અકષાયસ્વભાવ સ્વરૂપ જ છે એ. અને એ જિનવર છે. આહા..હા..! અહીં તો જિનની પ્રતિમા, ભગવાન, સમવસરણ બધું ઉડી જાય છે. એના સ્થાનમાં વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હો, પણ વસ્તુ વ્યવહારથી ભિન્ન છે. ધર્મી વ્યવહારસહિત નથી. ધર્મી વ્યવહારરહિત છે. વ્યવહાર છે ખરો, પરજ્ઞેય આદિ છે ખરું. આહા..હા..! આવું તત્ત્વ ઝીણું ભારે! એક સમયમાં જ્ઞાયકભાવ ધ્રુવ અસ્તિ આદિ અને અંત વિનાની ચીજ એવો જે સ્વભાવભાવ એવો આત્મા. એ વડે જેણે આ જ્ઞેય, પરજ્ઞેયને જીત્યા. જીત્યાનો અર્થ? તેના ઉપર રુચિ છોડી દઈને સ્વભાવની રુચિ કરી, એનો આશ્રય છોડ્યો એનો એણે જીત્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! એ નાસ્તિથી કથન છે. એને જીત્યું. જીત્યું એટલે શું? જેણે પર્યાયબુદ્ધિ દ્રવ્ય આ જડ બુદ્ધિ આ પર્યાયને નિમિત્તબુદ્ધિ. આહા..હા..! ગજબ વાત છેને. કેટલી વાત કરી છે! લોકોને એક શાંતિથી સમજવાની દરકાર. એ આ નિમિત્તથી થાય, એ આના નિમિત્તથી થાય. અહીં તો ભગવાનની વાણીને, ભગવાનને અજીવમાં ગણ્યા. આ જીવ નહિ. પરજ્ઞેયમાં ગણ્યા. એનાથી લાભ થાય તો પરજ્ઞેય અને સ્વજ્ઞેયને એક માન્યા. પંડિતજી!

મુમુક્ષુ :- સામાન્ય

ઉત્તર :- ...પણ એવું સાંભળવાનું મળતું નથી એમ કહે. આનાથી આમ થાય, આનાથી આમ થાય. ભગવાનની પ્રતિમા દેખે તો સમકિત થાય. લ્યો! ભગવાનની વાણીથી સમકિત થાય. વેદના આકરી દેખે તો સમકિત થાય. જાતિસ્મરણથી સમકિત થાય, દેવઋદ્ધિ દેખે મોટી ઋદ્ધિ દેવની સમકિત. જુઓ શાસ્ત્રમાં આવો શબ્દ છે. આહા..હા..! એ તો ક્યાંથી લક્ષ છૂટ્યું હતું એ બતાવવાની વાતું છે. વસ્તુ તો ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ. પહેલી ગાથા જ આ લીધી. વચ્ચે ૧૧મી વર્ણવી, પણ સ્તુતિ તરીકે ગુણમાં સ્તવન તરીકે, સ્કંધ અને દ્રવ્ય અને પરની સ્તુતિ નહિ. પર સારા છે એમ વખાણ નહિ એમ કહે છે. પછી

એમ કે પછી અહીંથી થઈ ભક્તિમાં બેસે પાછા. આવી વાતું છે. એય..! પંડિતજી! એકવાર સાંભળતો ખરો. આહા..હા..!

ત્રણલોકનો નાથ જ્ઞાયકસ્વભાવ જેમાં અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાય સંઘરીને પડ્યો આખો. એવું જે ચૈતન્ય જીવનું સ્વરૂપ અસ્તિત્વ એને અહીંયાં જીવ કહેવામાં આવે છે. એની સ્તુતિનો અર્થ કે એમાં એકાગ્રતા. એ ઓલો રાગમાં એકાગ્રતા, પરમાં એ પરની સ્તુતિ થઈ. પરના વખાણ થયા. સમજાણું કાંઈ? ... આ તો નિશ્ચય-નિશ્ચય કરે. પણ આ શું કહે છે? સાંભળતો ખરો. શાસ્ત્ર શું કહે છે? ભગવાનને ઇન્દ્રિયમાં નાખ્યા એણે ભગવાનને, પરદ્રવ્યમાં નાખ્યા. શિવલાલભાઈ! એના બા કહેતા દેવ-ગુરુ એ શુદ્ધ? શુદ્ધ એ પરદ્રવ્ય. શુદ્ધ-શુદ્ધ. એ તો શુદ્ધ છે. હવે સિદ્ધ શુદ્ધ એ પરદ્રવ્ય છે સાંભળને. એનું પરદ્રવ્ય છે. એના ઉપર વિકલ્પ જશે તો વિકલ્પ જ ઉઠશે. ઇન્દ્રિયનો વિષય છે એને લક્ષ જશે તો રાગ જ થશે. ભલે શુભ થાઓ. પ્રવિણભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! આવા વિના એનો વિસ્તાર નથી, એનો ઉદ્ધાર નથી. સમજાણું કાંઈ? વિષયભૂત. આહા..હા..! શાસ્ત્રો એ પરજ્ઞેય, શાસ્ત્ર અજીવ નિમિત્તથી ન થાય પહેલું ન શીખવવું કહે. છોકરાવને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સત્યથી કરવું કે અસત્ય કરવું? અસત્યથી કરવું એમાંથી ઉપરથી સત્યનો લાભ થાય? દેવચંદજી! બાળપોથી છેને આપણે બાળપોથી. એ છેને શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. હરિભાઈએ લખ્યું છેને એમાં? શાસ્ત્રથી જ્ઞાન થાય નહિ, જ્ઞાનથી જ્ઞાન થાય. આવું શીખવું પહેલું હવે? હવે સાંભળ તો ખરો પહેલું. એને સાંભળવાની .. યોગ્યતા હોય તો આવ્યા વિના રહેશે નહિ. જાશે ક્યાં? સમજાણું કાંઈ? આ સ્તુતિની પહેલી ગાથા છે આ. સ્તુતિની. ગુણના સ્તવનનો કરનારો એટલે ત્રિકાળ ગુણનો આદર કરીને એકાગ્ર થનારો એ જીવની સ્તુતિ છે, એ ભગવાનની સ્તુતિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ પોતે ભગવાન છે.

ઉત્તર :- .. આહા..હા..! ભગવાનજીભાઈ! એ ભગવાન પોતે થયો. આહા..હા..! કેવળીના ગુણની સ્તુતિ કોને કહેવી? એમ પ્રશ્ન છે. તો એના ઉત્તરમાં આ જવાબ આપ્યો. કે ભગવાનના ગુણ એમ નહિ. કારણ કે ભગવાનના જે ગુણ છે એની સામું જોવે તો એ તારા ભગવાનના ગુણ નહિ. કેટલાક કહે છેને ઓલામાં આવ્યું હતું. તદ્ગુણલબ્ધયે. મોક્ષમાર્ગ નેતારં ભેતારં કર્મ ભૂભૃતામ, જ્ઞાતારં વિશ્વ તત્ત્વાનં વંદે તદ્ગુણલબ્ધયે. જુઓ એના ગુણની લબ્ધિ માટે વંદન કરે. એ લખાણું છે બધું આવ્યું. ભગવાનના દર્શન કરવા, વંદન-સ્તુતિ કરવી ત્યાં એને શું વાર લાગે? એમ કહે છે. વંદેતદ્ગુણલબ્ધયે. એમ છે. એ ત્રણકાળના જ્ઞાની છે કેવળજ્ઞાની પરમાત્મા એને વંદન કરવા એના લાભમાં તદ્ગુણલબ્ધયે. જે ભગવાનના ગુણ છે એ લાભ

માટે વંદન કરે છે. એય..! દેવચંદજી! લખ્યું છે. જવાબ છે. ત્યાં તમે ના પાડો તો કહે નહિ. ભગવાન આવા છે એના ગુણગાન પરમેશ્વર આવા છે. .. લ્યો અરે! પણ પરમેશ્વર ત્રણલોકનો નાથ આવો છે એમ કહે. પરદ્રવ્ય એ વિકલ્પ છે, રાગ છે લ્યો! એય..! તંબોળી! અહીં તો આવી વાત છે. આહા..હા..! એય..! પ્રવિણભાઈ! લ્યો આ રવિવારે આવ્યા છે પ્રવિણભાઈ. આહા..હા..!

**'એ ત્રણેયેને પોતાનાથી જુદાં...'** પોતે એટલે જ્ઞાયકભાવ. સ્વયંસિદ્ધ વસ્તુ ધ્રુવ. આહા..હા..! જે સત્‌ને ત્રિકાળી સત્‌ને. ખરેખર તો ઉત્પાદ-વ્યયની પર્યાયને પણ વસ્તુ અને પરની અપેક્ષા નથી. સમજાણું? તો આ ભગવાન જ્ઞાયકસ્વરૂપ અંદર ચૈતન્ય એને પ્રાપ્ત કરવામાં કર્મના અભાવની પણ જેને અપેક્ષા નથી. જેને ભગવાનની વાણી સાંભળવાની પણ અપેક્ષા નથી. પોતાની અપેક્ષાએ એટલે? છે અંદર. અંદર આમાં છે એમાં .. એમાં અપેક્ષા ક્યાં? છે. છે એને છે રીતે સ્વીકાર્યું. સમજાણું કાંઈ? અહીં તો બીજું કહ્યું હતું નહિ? સર્વજ્ઞસ્વભાવ ઘણું કહ્યું હતું. .. એ આવ્યું હતું. સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે એમ સ્વીકારનાર. અલ્પજ્ઞ નહિ, નિમિત્ત નહિ, હું તો સર્વજ્ઞ છું. એમ સર્વજ્ઞના મુખમાં એ આવ્યું છે. સર્વજ્ઞ થયા, જે સ્વભાવમાં હતા શક્તિરૂપે એ થયા. એના મુખમાંથી વાણી એ આવી છે કે તારો આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે ત્યાં દૃષ્ટિ કર. અને અલ્પજ્ઞ અને અમારી વાણી ઉપરથી પણ લક્ષ છોડી દે. એમ ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. એમ આવ્યું કે નહિ આમાં? ઇન્દ્રિયને જીતી એટલે કે મારા સામું જોવું છોડી દે. આહા..હા..! આવી વાત! અમારી વાણીથી પણ તને લાભ નહિ થાય. તારો જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ પડ્યો ત્યાં એકાગ્ર થા. તે ગુણનું સ્તવન અને કેવળીનું સ્તવન અને જિનપણું એને કહેવાની જિતેન્દ્રિય. નિશ્ચયમાં સ્થિત સંતો એને જિતેન્દ્રિય કહે છે. જુઓને બે વાત પાછી લીધી. આવાને જિતેન્દ્રિય કહે છે. આમ ઇન્દ્રિયમાં ભોગ ન લે, વિષય ન લે, સાંભળે નહિ. દુઃખ સહન કરે. .. કરે છેને. અમારે ભોગીભાઈ કરતા એય..! ... શું છે પણ? શબ્દ એવા સાંભળે. પણ એ શબ્દ સાંભળ્યા એ તો પરજ્ઞેય છે એમાં તારે વાંધો શું આવ્યો? એમાં રાગ કર તો તું કર. એ ક્યાં કરાવે છે શબ્દ? આહા..હા..!

એ પરજ્ઞેય અને સ્વજ્ઞેયની અહીંયાં વહેંચણીની વાત છે. આહા..હા..! આવી વાત! કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા એકલો સર્વજ્ઞ સ્વભાવ.. સ્વભાવ.. એવા આત્મા વડે, સર્વજ્ઞ સ્વભાવવડે આત્માને સર્વજ્ઞ સ્વભાવ જ્ઞાયકભાવ પરિણામિકભાવ કહેતા તો પરમાણુને પણ પારિણામિકભાવ છે. એ અહીં તો અહીંયાં તો જ્ઞાયકભાવરૂપ પરિણામિકભાવ એવો જે ચૈતન્ય સ્વભાવ ધ્રુવ એ વડે આત્માને ખંડ ઇન્દ્રિયો આદિથી રુચિ છોડીને સ્વભાવમાં એકાગ્ર થાય એને જિતેન્દ્રિય, એને જિન, એને જૈનદર્શનને પહેલે પગથિયે આવ્યો હવે સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? એને જૈન કહીએ. આ વાડામાં પડ્યા અને બધા જૈન છે એ જૈન નહિ એમ

કહે છે. એય..! આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અંદર વસ્તુ છેને? વસ્તુ છે તે પૂર્ણ છે. વસ્તુ અપૂર્ણ હોઈ શકે નહિ. અપૂર્ણતા અને ભેદો બધા પર્યાયમાં હોય. વસ્તુ તરીકે છે એ પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ છે લ્યો. એની પોતાની જાતની એને ખબર ન મળે. એય..! જયંતિભાઈ! અને ધર્મનો લાભ જાણે બહારથી ક્યાંકથી આવશે. જેમાથી પર્યાય પ્રગટ થાય એવી જે ચીજ, એની એને ખબરું ન મળે અને એનો એને ધર્મ કરવો. પંડિતજી! આ તો હવે ટાઢા પહોરનો સ્વાધ્યાય છેને. બહાર હતા મોટા માણસો બબ્બે હજાર ને પાંચ-પાંચ હજાર. આવું માગે તો શું આ કહે? વજુભાઈ! પોતે પાછા બહાર વાંચે. ૧૧મી ગાથા વાંચતા હતા તોપણ ફુલચંદજી હળવેક દઈને કહે. ઓલા શેઠિયા આવ્યાને ભાઈ! શાહુજીને. ૭૨ વાંચો ૭૨ જરી સમજાય સીધું. ત્યાં એમ કહ્યું. ત્યાં . કહ્યું હતું હોં. જયપુર. ૭૧ વંચાણી પછી ૭૨ આવવાની હતી. ત્યાં એમ હતું. ત્યાં ભાઈ ઉઠ્યા કૈલાસચંદજી. હતા તમે? કૈલાસચંદજી. ત્યાં ઓલો આવ્યો શાહુજી. પોતે વાંચે. ૭૨ મૂકીને ૭૩ વાંચી અને ૧૧મી મૂકીને ૭૨ વાંચી. ફુલચંદજીએ એમ કહ્યું લ્યો! હવે આ બધા માથા મોટા પૈસાવાળા. ૪૦ કરોડ અને ૧૫ કરોડ. કેડો ભાંગી નાખે એવા. કહો, શિવલાલભાઈ! પૈસાવાળા.

છાપામાં એવું આવ્યું હતું ભાઈ! પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણેથી શેઠિયાઓ ઉતર્યા હતા કહે. છાપામાં એવું આવ્યું. ચાર દિશાને. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણેથી શેઠિયાઓ ફતેપુર ઉતર્યા હતા. ... ૩૦ લાખ હશે. પણ બહુ બહુ રૂપિયા. પૈસા એમ નહિ પૈસાવાળો છતાં એને પૈસાનું ઓલું નથી એમ. હવે ધૂળમાં પૈસા શું છે? પૈસા તો અજીવ છે અહીં તો અજીવ છે. અહીં તો ખંડ ઇન્દ્રિયને અજીવ કીધો તો ધૂળ તો ક્યાંય રહી ગઈ.

મુમુક્ષુ :- આપ પહેલા નિશ્ચયની વાત કરો છો પછી ઓલી વાત તો અમને ઝટ દઈને બેસતી નથી

ઉત્તર :- એણે ખુબ કહ્યું હતું. કોણ જાણે કેમ કહેવું એ કાંઈ ખબર ન પડી. બેઠા પછી એકલા હોં. .. એકલા. બેઠા. પાટે હાથ રાખે ને આમ .. બેઠા અને મારાથી કહેવાઈ ગયું. કીધું આ બધા તમે સમાજના અગ્રેસરમાં મુખ્યપણે ... છે લ્યો! એય..! રતિભાઈ! કોક કહેતું હતું કે આ ભોગીભાઈને લાગુ પડે. ... આ વાત કરીને ત્યાં. એ જેને લાગુ પડે એ સમજો. આ તો સિદ્ધાંત આવો છે. સમાજ ભેગા થાય અને મોઢા આગળ બેસાડે. માન... માન... માન... શું છે કીધું આમાં? અમારી શ્રદ્ધા શું છે અમને ખબર નહિ. તમે જૈન અને અજૈનની શ્રદ્ધા બે સરખી માનો. બધું ગોટા છે. .. શાંતિથી. આહા..હા..! કોઈ .. મારે કાંઈ તમારી પાસેથી લેવું છે? આહા..હા..! આવો માર્ગ, આવો કાળ આવ્યો. આહા..હા..! અરે નરક અને નિગોદમાંથી નીકળ્યો. માંડ-માંડ નીકળ્યો છે. માંડ એને ખબર નથી. આ

માણસપણું મળ્યું, એમાં શું કરવાનું છે? એની સૂઝ નહિ પડે તો એ માણસપણું મળ્યું એ શું ચીજ એને? કાંઈ ન મળે. બહારની ચીજો હો, ન હો. એની સાથે કાંઈ સંબંધ નથી. અહીં તો ખંડ ઈન્દ્રિય સંબંધમાં પડી છે એનો પણ જ્યાં આશ્રય લેવો નથી. આહા..હા..! ખંડ ઈન્દ્રિય જે સમીપ એટલે એની પર્યાયમાં અવસ્થામાં છે. આહા..હા..! કહો, ધીરૂભાઈ! આ તો માટી જડ, ધૂળ છે આ તો. રજકણોની અવસ્થા અજીવની, સીધી અજીવની. પણ જે જ્ઞાનનો ખંડ છે જ્યાં શબ્દ, રૂપ, રસને જાણે જે જ્ઞાનનો અંશ. એ નહિ.. એ નહિ.. એ અજીવ જીવ નહિ. એ પરજ્ઞેય છે. આહા..હા..! વીતરાગના ઘરમાં આવી વાતું હોય, એ વાતું બીજે ક્યાંય ન મળે.

વીતરાગ એમ કહે કે અમારી વાણી તારે માટે ઈન્દ્રિય છે. ગજબ વાત છે. અમે તારા માટે ઈન્દ્રિય છીએ. તું અણિન્દ્રિય છો અને અમે ઈન્દ્રિય છીએ. આહા..હા..! અમારાથી જુદો પડ ભાઈ! તું જુદો છો. આહા..હા..! જે જ્ઞાનના અંશમાં અમારી વાણીથી અમને તું જાણે છો એ જ્ઞાનના અંશથી પણ જુદો પડ. આહા..હા..! ગજબ વાત કરે છેને. તારું રક્ષણ ત્યાં નથી. ત્યાં ચિદાનંદ નાથ પડ્યો છેને. તું વસ્તુ છોને. છે એને આદિ છે? છે એને અંત હોય? છે એ સ્વભાવથી ખાલી હોય? તો જ્ઞાનસ્વભાવથી ભરપૂર ભરેલું તત્ત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે હોં! અજબ-ગજબનો આશ્રયભાવ છે. અરે! એકવાર એકભાવને પણ યથાર્થ સમજે તો એકને સમજે તો બધા ભાવ યથાર્થ થઈ જાય એવી વાત છે.

જુઓ, કહે છે. ભાષા એણે લીધી જુઓને. '**સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન...**' એમ ભાષા લીધી છેને? પાઠમાં એમ હતું અન્યદ્રવ્યથી અધિક. અન્ય દ્રવ્ય કહી દીધા એને. ખંડ ઈન્દ્રિયને અન્ય દ્રવ્ય, જડઈન્દ્રિયને અન્યદ્રવ્ય આ બધું અન્યદ્રવ્ય પરવસ્તુ છે. આહા..હા..! રૂપિયા ને બગીચા ને બાગ ને બાયડી, છોકરા ને દેવ ને ગુરુ બધા પરદ્રવ્ય. એ પરદ્રવ્યથી મને લાભ થાય, મને ઠીક થાય છે ત્યાં સુધી તેણે પરદ્રવ્ય અને સ્વદ્રવ્યને એક માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૈસાથી મને સુખ થાય, બાયડીથી મને સુખ મળે છે, આબરૂથી મને સુખ મળે છે હજીરા મોટા પાંચ-દસ લાખના. હજીરો એટલે મકાન. એનાથી મને ઠીક પડે છે. એ બધા જડને માનનારા છે એમ કહે છે. એય..! આહા..હા..! ૪૦ લાખનો બંગલો છે ગોવામાં શાંતિ ખુશાલ. શાંતિલાલ ખુશાલ છેને? ૪૦ લાખનો બંગલો. એવા બે અને બધા .. શેઠ સાહેબ... શેઠ સાહેબ... શેઠ સાહેબ.. આહા..હા..! ભારે ભગવાન! ક્યાં તે પોતાનું માન્યું? ક્યાં તે પોતાને જાણ્યું? ક્યાં તારું અસ્તિત્વ તે બીજામાં સ્વીકાર્યું? એ તને ખબર નથી. કહો, પંડિતજી!

ભગવાનના સમવસરણ દેખીને સમકિત થાય એમ જોર કરે છે. અહીં તો ના પાડે છે.

એમ કે ભગવાનના સમવસરણમાં જાય એને સમકિત થાય. અરે! અભવિને મિથ્યાદર્શન આવે છેને ભાઈ! અભવિ મિથ્યાદષ્ટિ ન જાય. સમ્યક્ મિથ્યાદષ્ટિ જાય. એમ નથી. ત્યાં મિથ્યાદષ્ટિ બધા જાય સાંભળવા. સાંભળવા જાય એમાં શું થયું? સમ્યગ્દર્શન થઈ જાય? સમ્યગ્દર્શન તો ત્યાં છે. આહા..હા..! ભગવાનની વાણી અને એનું જે જ્ઞાન અને આ જડ ઇન્દ્રિય. ત્રણેને ઇન્દ્રિય ગણીને એના ઉપરથી રુચિ છોડી ભગવાન જ્ઞાયક સ્વભાવ બિરાજમાન છે એમાં દષ્ટિને સ્થાપે ત્યારે એને જીવના ગુણની, કેવળીના ગુણની સ્તુતિ કરી. નહિતર તો ખંડ ઇન્દ્રિયથી મને લાભ, જડથી લાભ એ પરના ગાણાં ગાયા મિથ્યાત્વના.

મુમુક્ષુ :- મિથ્યાત્વની સ્તુતિ કરે છે.

ઉત્તર :- મિથ્યાત્વની સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

'**પોતાના આત્માને અનુભવે છે...**' છે? '**સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન...**' અન્ય દ્રવ્ય જ એ બધા છે. '**પોતાના આત્માને અનુભવે છે...**' એટલે સ્વભાવ સન્મુખ થઈને એકાગ્ર થાય. એ અનુભવે, આનંદને અનુભવે. ત્રિકાળી જ્ઞાયકનો આનંદ સ્વભાવ ત્રિકાળ. એમાં શુદ્ધાત્મ પરિણામ દ્વારા સન્મુખ થાય એને અનુભવે '**તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે.**' તે જીવને સંતો જે નિશ્ચયમાં સ્થિત છે. પાઠ એમ છેને? નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ. વ્યવહારમાં સ્થિત છે એની તો અહીં વાત કરી જ નથી. વ્યવહારથી ધર્મી વ્યવહારમાં સ્થિત હોય જ નહિ. આહા..હા..! પાઠ છેને ભાઈ! નિશ્ચયમાં સ્થિત. સમકિતી નિશ્ચયમાં સ્થિત છે. વ્યવહારમાં સ્થિત નથી. કારણ કે એ તો પરજ્ઞેય છે, તેના જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા મુનિઓ કે જે નિશ્ચયમાં, સ્વભાવમાં સ્થિત છે. એ મુનિઓ એમ કહે છે. જુઓ, એ વ્યવહાર આવી ગયો પાછો. .. એમ આવ્યુંને ભાઈ! સાધુઓ છે તે આમ જિતેન્દ્રિ કહે છે, વાણીમાં આમ આવે છે. એ વ્યવહાર થઈ ગયો. વાણીમાં એમ આવે છે. આહા..હા..! એ તો શબ્દાર્થ કરીને વાત કરી. હવે એક એક જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય અને વિષયો એને જીતનાર કઈ શક્તિ વડે જીતે? એ ત્રણેની ભિન્ન-ભિન્ન અપેક્ષા કરશે. વાત સમુચ્ચય જ્ઞાનસ્વભાવ વડે આત્મા એમ કીધું. છતાં એને પ્રકાર આમાંથી ભિન્ન પાડશે.

હવે કહે છે. આ તો ધર્મકથા છે. આ કોઈ વાર્તા નથી કે ચકલો લાવ્યો ચોખાનો દાણો, ચકલી લાવી મગનો દાણો એની કરી ખીચડી, પછી ખાધી અને પછી ફલાણાને આપી. આવે છેને છોકરાવને. કુંભારને આપી, કુંભારે ઘડુલો આપ્યો, ઘડુલો બીજાને આપ્યો, એણે આપ્યો ખજુર. એવું આવે છે કાંઈક. એક એક રજકણ... એક એક રજકણ... આહા..હા..! એક એક આ પરમાણુ છે જુદો આ. એ અનંત પરમાણુનો પિંડ છે એ. એનું એક એક રજકણ ભિન્નપણે તે સમયની જે પર્યાય જે પ્રકારે છે તે પ્રકારે પોતાથી થાય છે. આહા..હા..! આવું તો જડનું સ્વયંસિદ્ધ ઉત્પાદ, વ્યય અને ધ્રુવવાળું સ્વરૂપ છે. અહીં તો ભગવાન આત્માનું

જે ઉત્પાદ-વ્યયવાળું સ્વરૂપ છે એનું પણ લક્ષ છોડી દે એમ કહે છે. કરે છે લક્ષ પર્યાય. જાણે છે પર્યાય, એકાગ્ર થાય છે પર્યાય જિતેન્દ્રિયપણું એ પર્યાય છે. આહા..હા..! એવી પર્યાય. સ્વતરફ ઢળી છે એવો પર્યાય એને સ્વજ્ઞેયનું એ વલણમાં છે એ પર્યાય. જે પર્યાય પરજ્ઞેયના રાગાદિના વલણમાં હતી એ મિથ્યા પર્યાય છે. એ પર્યાય ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને વિષયો શબ્દાદિ. એમાંથી એ પર્યાયે લક્ષ છોડી દઈને. કામ તો પર્યાયમાં થાય છેને. એનાથી હું જુદો છું. જુદો છું કોણ છે? કોણ જાણે છે? દ્રવ્ય જાણે? ગુણ જાણે?

આત્માને... '**जानाति**' એમ કીધુંને? અધિક, જુદો જાણે છે એટલે કે અધિક, જુદો અનુભવે છે. કોણ અનુભવે? પર્યાય અનુભવે કે ધ્રુવ અનુભવે? આહા..હા..! આમ વળેલી પર્યાય ધ્રુવને અનુભવે છે એમ કહેવાય. એ પર્યાય આમ જે વળતી હતી રાગને, વિકારને, ઝેરને વેદતી હતી એ પર્યાય આમ વળી અમૃતને વેદે છે. આહા..હા..! એને નિશ્ચયથી જિતેન્દ્રિય જીવ છે એમ કહ્યું. આહા..હા..! હવે શરીરની પર્યાયને પહેલી લે છે. '**અનાદિ અમર્યાદરૂપ...**' નિરવધિ છેને બંધ પર્યાય વસેલ નિરવધિ.. એટલે કહે છે '**અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે...**' આ જડની અવસ્થાની પર્યાય છે એ તો અનાદિથી છેને એમ કહે છે. '**જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી)...**' આ જડ ઈન્દ્રિય. પાછું જડ ઈન્દ્રિયથી જ કામ થાય આ ટાણે એમ કહે છેને કેટલાક? આત્મા એકલો શું કરે? જડ ઈન્દ્રિય હોય તો જાણવાનું કામ કરે, ચાલવાનું કામ કરે. સાંભળને.

એ '**બંધપર્યાયના વશે સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે...**' જડ ઈન્દ્રિય તે હું એમ અજ્ઞાનીને સ્વપરની વહેંચણી અસ્ત થઈ ગઈ છે. સ્વપરનો વિવેક, વિભાગ આથમી ગયો છે અનાદિથી. આ તો શરીરની પર્યાય છે, માટીની છે આ તો અવસ્થા. ભગવાન એનાથી જુદો છે અંદર. શરીરની પર્યાય રૂપાળી હોય તો કહે એ મને. એ હું છું. નિરોગ હોય તો કહે હું છું એવો, સરોગ હોય તો કહે હું છું એવો, પણ એ તો જડની અવસ્થા છે. આહા..હા..! કહે છે '**અનાદિ...**' નિરવધિ '**અમર્યાદરૂપ બંધપર્યાયના વશે સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે...**' જડની, શરીરની અવસ્થા અને આત્મા બે જુદાં એ એને આથમી ગયા છે અનાદિથી.

'**(અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે...**' માની છે. થઈ રહી નથી. સમજાણું? એક ક્ષેત્રે આત્માની પર્યાય, એક ક્ષેત્ર જડની પર્યાય છે. એથી એને એવું નિમિત્ત છેને ત્યાં જાણવા માટે એ મૈત્રી છૂટતી નથી. એક જેવું એને લાગે છે. કાન ન હોય તો આપણને શી રીતે જ્ઞાન થાય? એમ જડની ઈન્દ્રિયના પર્યાય આ છે એની સાથે, એકમેક થઈ ગયેલો '**એવી શરીરપરિણામને પ્રાપ્ત...**' એ તો શરીરની પર્યાયને પ્રાપ્ત છે

આ ઈન્દ્રિયો. આ કાંઈ આત્માની પર્યાયને પ્રાપ્ત છે એમ નહિ. આ તો શરીર પર્યાયને પ્રાપ્ત છે આ બધી જડ. ભારે કામ આવું! આહા..હા..! એ કીધુને અનાદિનો અમર્યાદિત, મર્યાદા વિનાનો કાળ છે. શરીરની પર્યાયને પોતાની માની છે. કારણ કે એની પર્યાય ઉપર બુદ્ધિ છે અને એ પર્યાય ઉપર બુદ્ધિ છે તો પર ઉપર લક્ષ જાય છે એનું. આમ જાય છે... આમ જાય છે... આહા..હા..! અહીં તો પર્યાયની પાછળ મોટો ભગવાન છે એની તો ખબર નથી. પર્યાયની અપેક્ષા અવ્યક્ત છે, વસ્તુ અપેક્ષાએ વ્યક્ત છે. આહા..હા..! પ્રગટ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી. એક સમયની પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી એટલે એ પર્યાયમાં દ્રવ્ય આવે તે શું છે આ તે ચીજ? ખ્યાલ જ આવતો નથી એનો, પ્રતીતમાં આવતો નથી.

પ્રગટ અવસ્થા જે ક્ષયોપશમની વર્તે છે એમાં એની બુદ્ધિ છે. એનું અસ્તિત્વ એટલું માન્યું છે એણે. એથી એની બુદ્ધિ શરીરની પર્યાયને પોતાની માને છે. પણ એ પર્યાય જેની છે એવો દ્રવ્ય સ્વભાવ એને એ જાણતો નથી. આહા..હા..! એવી વસ્તુ છે. છે? '**અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી)**' એમ. ભેદ દેખાતો નથી. છે તો ભેદ જ છે, જુદે જુદું જ છે. '**એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો...**' આ કાન, આંખ, નાક, જુદા છે જડ, માટી. દ્રવ્યેન્દ્રિયો. '**તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી...**' દેખો હવે. હવે જુદી પાડવાની વ્યાખ્યા. જીતવાની વ્યાખ્યા આ. એનાથી રહિત છે એવો રહિત થવાની વ્યાખ્યા હવે. સહિત નથી.

'**એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિય તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતા...**' દેખો! કોઈ ક્રિયા કરે અને રાગની મંદતા કરે અને ભેદ અભ્યાસ થાય એમ નહિ કહે છે. '**તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસ...**' જડ પરિણામની પર્યાયથી જુદું પાડવાનો નિર્મળ ભેદજ્ઞાન અભ્યાસની પ્રવીણતા, વિચિક્ષણતા, પ્રવીણ-હુશિયાર. શરીરની પર્યાયથી ભગવાન જુદો છે એને ભેદ પાડવામાં હુશિયાર. આ પ્રવીણ ભાઈ જુઓ પ્રવિણભાઈ! આ પ્રવીણ. છેને. પ્રવીણતા છે જુઓ. એનું નામ પ્રવીણ કહેવાય. '**પ્રવીણતાથી પ્રાપ્ત...**' ભાષા જોઈ! જુદું પાડવાની પ્રવીણતાથી આ પ્રાપ્ત છે. '**નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત...**' છે. ક્યું? એ પછી કહેશે. કેવળ. રાગની મંદતાથી કે શરીરની પર્યાયની સહાયથી પ્રાપ્ત એમ નથી. જીવ શરીર છેને એટલે એનાથી પ્રાપ્ત થાય ધર્મ એમ નથી કહે છે. એનાથી નિર્મળ ભેદ અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત અંતર વસ્તુ. શું?

'**જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' લ્યો! આહા..હા..! અંતરંગમાં. આ તો બહિરંગ છે. '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' જોયું અહીં પાછું પ્રગટ લીધું. એ તો પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે, વસ્તુ અપેક્ષાએ પ્રગટ જ છે, સત્

છેને. છેને સત્તા? ચૈતન્ય સ્વભાવનું હોવાપણું ભાવસ્વભાવ છે. '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ...**' પાછું અતિસૂક્ષ્મ. જડના પરિણામ છેને એની સાથે જુદું પાડવું છે. અતિસૂક્ષ્મ. એટલે? પુણ્યના, પાપના પરિણામ તો સ્થૂળ છે. એ વડે જુદું ન પડે. એનાથી જુદુ પાડવું છે તો એ વડે ન પડે. આવો ઉપદેશ કેવો? ઓલી તો છ કાયની દયા પાળો, ચોવિહાર કરો, રાત્રે.. અપવાસ કરો, ચોવિહાર કરો, અઠમ કરો. એમાં એક અપવાસ સવારમાં પહોરથી ચડાવે તો પચ્ચીસ અપવાસનું લાભ. લાભ થાય એમ. એમ કહે. અઠમ કરેને એના ઉપર એક .. ચડાવે તો પચ્ચીસ અપવાસનું પુણ્ય થાય. પુણ્ય નહિ ધર્મ થાય. એય..! ભગવાનજીભાઈ! .. આમ કહેતા કે નહિ? એ બધા કરતા હતા વૈષ્ણવ. પણ એ કહેતા હતા એને એમ કહે છે. બીજો કહેતો હતો...

મુમુક્ષુ :- એક પચ્ચીસ ઉપાવસ.

ઉત્તર :- એક અઠમ છેને અઠમ. ત્રણ અપવાસ કરેને, ત્રણ અપવાસ કર્યા ઉપરથી પહોર ચડાવી. .. સમજે? ત્રણ કલાક. સવારના નવ પછી ખપે. તો એક પહોરથી ચડાવી તો પચ્ચીસ અપવાસનું પુણ્ય. હવે આ બાયડું ચડી જાય બધી. ખેંચી નાખે. અહીંયાં અપવાસ હતા તો છોકરો કાંઈક તોફાન કરતો હતો. એ બાઈ એમ બોલી કે પણ મોઢે મારે અપવાસ છેને. મોઢે અપવાસ છે એમ બોલી. વાત પણ સાચી, આત્મામાં ક્યા હતા. મોઢે અપવાસ અને તું આ કજીયા કરે છે? મેં કીધું વાત સાચી.

એવા '**જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે...**' દેખો! ચૈતન્યના સ્વભાવના અવલંબનના બળ વડે '**સર્વથા પોતાથી જુદી કરી...**' શરીરના પરિણામ પર્યાય પ્રાપ્ત ઇન્દ્રિયો એને અંતર સર્વથા જુદી કરી. એનું નામ દ્રવ્ય ઇન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. એ .. વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૮, સોમવાર, તા. ૧૯-૦૬-૧૯૭૨
## ગાથા-૩૧, પ્રવચન-૧૦૨

લ્યો પહેલા શરીરની વ્યાખ્યા થઈ. શરીરને પ્રાપ્ત જે આ ઈન્દ્રિયો એ ખરેખર પરજ્ઞેય છે. એને જ્ઞાયક સ્વભાવ એવો જે આત્મા એની સાથે જ્ઞેય જ્ઞાયકની એકતા એ મિથ્યાત્વભાવ છે. કહો, પંડિતજી! જીવિત શરીરથી ધર્મ ક્રિયા થાય છે એ પ્રશ્ન નથી ખાણિયા ચર્ચામાં? અહીં તો ના પાડે છે. શરીર પરિણામને પ્રાપ્ત એ તો અજીવ પ્રાપ્ત એમ કહ્યું હતું. કે નહિ સર્વથા અજીવ લો. શરીર પરિણામને પ્રાપ્ત આ તો પાંચ ઈન્દ્રિય જડ. એને '**નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી?...**' એમ કહ્યું. કથંચિત્ શરીરની પર્યાયથી જુદી અને કથંચિત્ એક (એમ ન કહ્યું).

મુમુક્ષુ :- સર્વસ્વ

ઉત્તર :- સર્વથા લખ્યું છેને ખાણિયા ચર્ચામાં. જીવિત શરીર શરીરથી ધર્મપણું થાય, અધર્મપણું થાય છે લ્યો! એમ કેમ. કેવળીને ઉદયભાવ ક્ષાયિક છે. જુઓ એ ધર્મ થયો ત્યાં. અને પ્રવચનસારમાં કહ્યું કે .. શરીરની થઈ જાય .. બહિરંગ ચેષ્ટા . છેદ છે. બહિરંગ છેદ છે. લ્યો! શરીર કહ્યું કે નહિ? ત્યાં બહિરંગ છેદ છે એમ કહ્યું પ્રવચનસાર. ઉપયોગ છે .. માનવાનો નહિ પણ શરીરમાં નિમિત્તપણું થઈ ગયું છે.. એ તો વ્યવહારની વાત કરીને. છેદ એટલે જાણવું એનું ... કેવળીના ઉદયની ક્રિયા વળી એમ કહે કે ઉદયની ક્રિયા ક્ષાયિક થઈ માટે એને ધર્મ થયો. ...

અહીં તો કહે છે કે શરીરના પરિણામને પ્રાપ્ત પરમાણુની પર્યાય છે આ તો જડની. એનાથી સર્વથા જુદું કરવું. હું જ્ઞાયક ચૈતન્ય અતિસૂક્ષ્મ સ્વભાવ. એના અવલંબન વડે એમાં એકાગ્ર થવું. આ જડને જીત્યું એમ કહેવામાં આવે છે. પોતામાં ન ભેળવવી એનું નામ જીતવું એમ કહેવામાં આવે છે. આમ છે.

મુમુક્ષુ :- જીતવું તો લડાઈ ક્યારે થઈ?

ઉત્તર :- એ લડાઈ થઈ. પોતાના અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ એનું અવલંબન કર્યું. ઈન્દ્રિયો એમાં અનુભવમાં સાથમાં આવી નહિ એ જીતવું. એવી વાત છે.

'**નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી...**' એ કારણ આપ્યું. શું? કે '**અંતરંગમાં પ્રગટ**

**અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' ભગવાન અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ '**તેના અવલંબનથી...**' ત્રિકાળી જ્ઞાયક સ્વભાવના અવલંબનથી. અવલંબન લીધું એટલે શરીરની પર્યાયની એકતા તૂટી ગઈ. શરીરની પર્યાય પરજ્ઞેય તરીકે રહી. ઝીણું ભારે. આ તો સ્થૂળ છે. હવે પ્રવચનસારમાં નથી કહ્યું? શરીરની પર્યાયને . મેં કરી નથી, કરાવી નથી, કરતાને રૂડું જાણ્યું નથી. આવે છે કે નહિ? અહીંયાં કારણ નથી. શરીરની આ પર્યાય થાય એમાં હું કારણ નથી. એ તો જડના પરમાણુ એને કારણે થાય છે. આહા..હા..! અકારણ આવે છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કર્તા નહિ, કરાવતા નહિ, અનુમોદતા નહિ અને કારણ નહિ. એય..! સુજાનમલજી! તો શું થાય છે? આ પંડિત લોકો કહે છેને શરીરની ક્રિયાથી ધર્મ થાય છે. એ એક વાત થઈ. એ દ્રવ્ય ઇન્દ્રિયનું જીતવું થયું.

હવે ભાવ ઇન્દ્રિય. છે એમાં? '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે એવી ભાવેન્દ્રિયોને,...**' આ ભાવ ઇન્દ્રિયની વ્યાખ્યા કરી કે જે '**જુદા જુદા પોતપોતાના...**' જ્ઞાનનો ક્ષયોપશમનો અંશ કાન એ શબ્દને જાણે. જાણવામાં નિમિત્ત. ઓલું ખંડ જ્ઞાન છેને એ હોં અહીં લેવું. એ શબ્દને જાણે. અહીંયાં ખંડજ્ઞાન રૂપને જાણે, આ સ્પર્શનો સ્પર્શને જાણે. એવું જે '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી...**' એ ખંડજ્ઞાનનો, જ્ઞાનના વર્તમાન ક્ષયોપશમનો ખંડજ્ઞાન એનો વેપારથી '**જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે...**' વિષયને ખંડ ખંડ જાણે છે એટલે કે જ્ઞાનને ખંડ ખંડપણે જાણે છે. વસ્તુ છે ચૈતન્ય અખંડ એ ખંડ ખંડપણે જણાવે એ ભાવ ઇન્દ્રિય. છે? '**જે ખંડ ખંડ ગ્રહણ કરે છે...**' એટલે જ્ઞાનને ખંડ ખંડરૂપે જણાવે છે. અખંડરૂપે જણાવે નહિ. વર્તમાન અંશમાં જ્ઞાનનો અંશ જે ખંડ છે એ જ્ઞાનને ખંડરૂપે જણાવે છે. ક્ષયોપશમનો અંશ જે. એ પરજ્ઞેય છે નિશ્ચયથી. આહા..હા..! ખંડપણે જણાવે એવું જે જ્ઞાન. ખંડ ખંડપણે જણાવે એવું જે જ્ઞાન. આ તો ક્યાંય પર રહી ગઈ પહેલી. એ તો પહેલી કહી વાત. આ તો જેને આત્માનું હીત કરવું હોય એ કેમ થાય એની વાત છે.

એ ખંડ ખંડ જે જ્ઞાન છે એ જણાવે એવી ભાવેન્દ્રિયોને. આ તો પર છે શરીરના પર્યાયો તો. પણ હવે ઓલો ખંડ ખંડ જ્ઞાન જણાવે એ પણ પર અંશ છેને? ત્રિકાળી દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ અખંડ થવાની અપેક્ષાએ એ ખંડ છે. ખંડ છે તે અપેક્ષાએ પરજ્ઞેય છે. પરરૂપે જાણવાલાયક છે, સ્વરૂપે જાણવાલાયક નથી. કહો, સમજાણું? જે જ્ઞાનમાં ખંડ ખંડપણું જ્ઞાનને જણાવે તે જ્ઞાનને અહીં ભાવેન્દ્રિય કહે છે અને એ ભાવેન્દ્રિય પોતપોતાના એક એકને વિષયને જાણે તેથી ખંડજ્ઞાનરૂપ જે વિષય એ પર છે. પોતે ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપે. એની સામે છે જુઓ. '**પ્રતીતિમાં આવતા...**' અંદરમાં શ્રદ્ધામાં પ્રતીતમાં

આવતા '**અખંડ એક ચૈતન્યશક્તિપણા...**' લ્યો ખંડની સામે એ લીધું. ખંડ ખંડની સામે અખંડ લીધું. '**અખંડ એક ચૈતન્યશક્તિપણા...**' એકરૂપ ચૈતન્ય શક્તિની સત્ત્વભાવ એક અખંડ ચૈતન્ય શક્તિપણાના ભાવ વડે. '**વડે સર્વથા પોતાથી જુદી જાણી?...**' ખંડ જ્ઞાનને પણ સર્વથા પોતાથી જુદી જાણી એમ કહ્યું. જાણીનો અર્થ અખંડ જ્ઞાન પ્રતીતમાં આવ્યું, એમાં એ ખંડ જ્ઞાન છે એમ જાણવામાં વ્યવહાર આવી જાય છે. આવો ભારે ધર્મ, ભાઈ!

મુમુક્ષુ :- એ તો ઉપયોગની વાત થઈ.

ઉત્તર :- અંતરની વાત થઈ. પ્રતીતિમાં ખંડ જ્ઞાન એ તો ઉપયોગ તો ઉપયોગ તો ત્રિકાળી ઉપયોગ છે. પોતામાં લાગે એ પણ ઉપયોગ છે. પણ આ ખંડ ખંડ જ્ઞાન એ ઉપયોગ ખંડ ખંડ જ્ઞાન એ જ્ઞાનની એકતાને અખંડતા જણાવતું નથી, ખંડ ખંડ જણાવે માટે તે પર છે. અખંડ ચૈતન્ય સ્વરૂપ અંદર.

મુમુક્ષુ :- ઉપયોગની વાત તો ઠીક પણ લબ્ધિવાળી વાત

ઉત્તર :- નહિ લબ્ધ લબ્ધ એ બધું ખંડ જ્ઞાન.

મુમુક્ષુ :- લબ્ધ બાહ્ય ઇન્દ્રિય

ઉત્તર :- ભલે હો. એ લબ્ધ ભાવેન્દ્રિય અખંડ જ્ઞાનમાં એકરૂપ જ્ઞાનમાં ખંડ ખંડ જણાવે એ પર છે.

મુમુક્ષુ :- લબ્ધ અને ઉપયોગ બેય એમ.

ઉત્તર :- બેય પર છે.

મુમુક્ષુ :- એ પર્યાય થઈ ગઈ.

ઉત્તર :- પર્યાય છે પણ ખંડખંડપણું છેને એ? અંશપણું છે. પર્યાયબુદ્ધિ અહીં છોડાવે છે. વસ્તુ અખંડ પૂર્ણ સ્વરૂપ જે ચૈતન્ય એને પ્રતીતમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિ. જોયું! અખંડ એક ચૈતન્ય શક્તિ સત્ત્વ. વસ્તુ આત્મા એની ચૈતન્ય શક્તિ એનું સત્ત્વ અખંડ એકરૂપ. એવી દૃષ્ટિ વડે એ ભાવેન્દ્રિય ઉપરથી લક્ષ છોડ્યું અને અખંડ ચૈતન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ એણે ભાવેન્દ્રિયને જીતી એટલે કે જુદી પાડી એટલે કે જુદી પાડીને સ્વભાવમાં એકત્વ થયો. ત્યારે જુદી છે એને જાણવામાં આવે છે. આહા..હા..! ઓલામાં જુદી કરી હતી શરીરમાં. અહીં જુદી જાણી એવો શબ્દ છે. .. એક જ સાથે. અહીં જુદી જાણી શબ્દ કેમ મૂક્યો? પણ એનો અર્થ એ થયો કે પોતામાં અખંડ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી એકરૂપ ચૈતન્ય સ્વભાવ શક્તિ ઉપર જ્યાં દૃષ્ટિ પડી એટલે ખંડખંડ જ્ઞાનની એકતા તૂટી ગઈ. પછી છે એને જાણવામાં રહી અને શરીરની પર્યાય પણ છે એમ જાણવામાં રહી. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ આકરો. ઓલું તો કહે દયા પાળવી એ ધર્મ જાવ. ભગવાનની ભક્તિ કરવી. સહેલું સટ સમજાય. ધૂળેય નથી સાંભળને. દયા કોણ પાળે કોની? વસ્તુ.. એ તો પરતત્ત્વનો

ભાવ છે. ધર્મ નથી. અશુભથી બચવા એ કાળનો ભાવ હોય તો હો. વસ્તુ છે એ ધર્મ એ નથી. કહો, સમજાણું?

**'भावेन्द्रियाणि'** **'खण्डशः आकर्षन्ति'** એમ છે. **'प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खण्डशः आकर्षन्ति'** ખંડ ખંડ જણાવે છે એમ લીધું. ખંડ ખંડ આકર્ષે છે, ખંડ ખંડ જણાવે છે. એ આ જીવની સ્તુતિ, ભગવાનની સાચી સ્તુતિ આને કહેવી એમ કહે છે. પરમાત્મા બહાર છે, વીતરાગ તીર્થંકરની મૂર્તિ એની સ્તુતિ એ તો વિકલ્પ છે શુભરાગ. એ સાચી સ્તુતિ નથી. સાચી સ્તુતિ તો આત્મા અખંડ ચૈતન્યમૂર્તિ પ્રતીતમાં આવતા એમાં એકાગ્ર થાય એનું નામ ભગવાનની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. આકર્ષણ એકલી પ્રતિમાનું. આકર્ષણ ખંડ જણાવે છે. જણાવે છે એમ આવ્યુંને? ગ્રહણ કરે છે. **'ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા...'** શ્રદ્ધામાં આવતા અખંડ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ શક્તિરૂપ ત્રિકાળ એની પ્રતીતિમાં આવતું એ વસ્તુ. **'અખંડ એક ચૈતન્યશક્તિપણા...'** અખંડ એક ચૈતન્યશક્તિ, એકરૂપ સ્વભાવ ત્રિકાળ. એના આશ્રય દ્વારા **'સર્વથા પોતાથી જુદી જાણી...'** લ્યો! ભાવેન્દ્રિયને આ રીતે જુદા જાણીને કરી એનું નામ ચૈતન્યને સ્વભાવની સ્તુતિ કરી ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. લ્યો આનું નામ ભગવાનની સ્તુતિ. કહો, સમજાણું?

સર્વથા શબ્દ છેને? સર્વથા શબ્દ છે. એ દરેકને એ જ લાગુ પડે છે. સર્વથા સ્વતઃ. બે બોલ થયા. ઇન્દ્રિયને જીતે તે જિન. તે વીતરાગનું સ્તવન કરે છે એમ અહીંયાં કહેવામાં આવે છે. ઇન્દ્રિયને જીતે એટલે કે શરીરને પર્યાયનું પ્રાપ્ત. હવે એ શરીર પર્યાયને પ્રાપ્ત ઓલા કહે કે નહિ. એ સર્વથા તે .. જુઓ. આણે તો કીધું શરીર પરિણામને પ્રાપ્ત. શરીરની પર્યાય છે આ તો જડની. કામ.. એનાથી ભિન્ન અતિસૂક્ષ્મ ચૈતન્યનું અવલંબન લઈને ભિન્ન લઈ લઈએ. એને ભિન્ન પાડી. એમ અતી પ્રતીતમાં ચૈતન્ય શક્તિ સ્વભાવ સૂક્ષ્મ પ્રતીતમાં આવતા અખંડરૂપ આખું. એની દૃષ્ટિ થતાં ભાવેન્દ્રિય ભિન્ન રહી ગઈ. કહો, સમજાણું કાંઈ? આવું ઝીણું ભાઈ! પછી ઓલા વ્યવહારના પૂજા, ભક્તિ, દયા, દાન, અપવાસ કરવા. .. ભક્તિથી મોક્ષ થાય. એય..! ..ભાઈ! આ કઈ ભક્તિથી? આ આત્માની ભક્તિ. એને જેવો છે એવો સ્વીકાર્યો એનું નામ ભક્તિ. જેવો છે એવો ન સ્વીકારે અને ખંડ ખંડ સ્વીકારે એ અભક્તિ. એ પાછા ઓલા .. પ્રકારની .. ઓલામાં નથી આવતું જયસેનાચાર્યની ટીકામાં બાર અંગનું જ્ઞાન, ભક્તિ, નિવૃત્તિ અને સમુદ્દઘાત પર્યાય .. જયસેનાચાર્યમાં ચાર બોલ આવે છે. બાર અંગનું જ્ઞાન. સમજાણું? ભક્તિ અને ત્રીજું પરિણામ. કેવળજ્ઞાન સમુદ્દઘાત. એ સમુદ્દઘાત સંસારના છેદનું કારણ એમ આવ્યું છે. જુઓ આમાં સંસાર છેદનું કારણ છે. આહા..હા..! છે કે નહિ? કીધું ને શરીરની ક્રિયા ખાણિયા ચર્ચા. એમ કે કેવળજ્ઞાન સમુદ્દઘાત છે તે સંસારનું છેલ્લું કારણ છે. એમ આ પણ .. છેલ્લું કારણ. પરમાત્મા પોતે જ નિજસ્વરૂપ

છે, એની અંદરમાં ભક્તિ એકાગ્રતા. એ સંસારના છેદનું કારણ છે. એમ કહેવું એ પણ વ્યવહાર છે. સંસારનો છેદ કરનારો. કેમકે જ્ઞાનરૂપે રહે છે ત્યારે સંસારનો ભાવ નથી રહેતો એથી સંસારનું છેદ કરનારો એમ કહેવાય. જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું એનું નામ પચ્ચખાણ એ જ્ઞાન પરરૂપે થયું નથી કોઈ દિ' જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા ચૈતન્યબિંબ એ કાંઈ પરરૂપે થયો નથી, ખંડ જ્ઞાનરૂપે થયો નથી ખરેખર તો. એ પોતાને અખંડ જ્ઞાયકસ્વભાવરૂપ એકરૂપ છે એને જાણ્યો, અંતરમાં એ સ્વનું પૂર્ણનો સ્વીકાર એ સ્વજ્ઞેયની ભક્તિ. એ ભગવાનની ભક્તિ સાચું તત્ત્વ એ. પરમેશ્વર આ પરમાત્મા અને આ બધા ભગવાન એ બધું શુભરાગ છે, પુણ્ય છે એ. કાલે આવ્યું હતું સ્વાધ્યાયમાં નહિ? પંચાસ્તિકાય. .. આવ્યું હતું. .. તીર્થંકર પદાર્થની રુચિ ત્યાં સુધી મુક્તિ ન થાય. ૧૭૦માં આવ્યું હતું સવારે સજ્ઝાયમાં પંચાસ્તિકાય. તીર્થંકરની રુચિ રહે ત્યાં સુધી મુક્તિ નહિ. પરપદાર્થ છે. વિકલ્પ રાગ છે. નવ પદાર્થની રુચિ જ્યાં સુધી મુક્તિ નહિ એમ કહે છે. રાગ છેને વિકલ્પ. તીર્થંકર નવ તત્ત્વ...

અહીંયાં કહે છે એ સર્વથા પોતાથી ભિન્ન જાણે. જાણે કહો કે જુદી કરી કહો. ભાવેન્દ્રિયને ઇન્દ્રિયને જીત્યો એમ કહેવામાં આવે છે. ઇન્દ્રિયને જીત્યો એટલે કે અણિન્દ્રિયમાં ગયો, અણિન્દ્રિય એવું સ્વરૂપ ચૈતન્યનું અંતર ગયો એણે ભાવેન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આવું મૂળચંદભાઈ! ઝીણું બહુ. .. . કરે તો સમજાય એવું છે. ગ્રીક લેટિન જેવું લાગે. એ આપી દીધું છે ક્યાંયથી? '**અખંડ એક ચૈતન્યશક્તિપણા...**' જુઓ, ભાષા. ઓલી ખંડ ખંડ અનેક ખંડ પર્યાય.. ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ અખંડ એકરૂપ ચૈતન્યસ્વભાવ. શક્તિ કહો આ તો. ત્યાં સ્વભાવ હતો. ત્યાં સ્વભાવ લીધો હતો. સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ લીધો. પ્રગટ અંશ છેને. જુઓ, શક્તિ છે ત્રિકાળ. ત્રિકાળ શક્તિ ભગવાન એનો આશ્રય લેતા એ વડે સર્વથા એટલે એનો અર્થ એ. એનો આશ્રય લેતા ભાવેન્દ્રિયનું એકપણું જે હતું અણિન્દ્રિય આત્માની .. એ જુદું થઈ ગયું. .. . આવ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રદ્ધા. એ તો જ્ઞેયપણે જ્ઞાનપણે આવતા.. આ પ્રતીતિમાં આવતા એટલું ખંડ ખંડપણું છે એ નહિ પણ અખંડપણું પ્રતીતિમાં આવતા એમ. શુદ્ધ અખંડ ચૈતન્ય શક્તિ, એક અખંડ એક ચૈતન્યશક્તિ, અખંડ એ ચૈતન્યશક્તિ એ દૃષ્ટિ પડતાં આ પ્રતીતમાં આવ્યું એ વસ્તુ એ પ્રતીતમાં આવતા ખંડ ખંડ જ્ઞાન જુદું પડી ગયું. એ પરજ્ઞેય તરીકે રહીને. સ્વજ્ઞેયમાં એની એકતા ન રહી. એનું નામ ઇન્દ્રિયને જીતી કહેવામાં આવી. પરદ્રવ્ય લેવી છેને?

અખંડ એક દ્રવ્ય ચૈતન્ય શક્તિની અપેક્ષાએ એ ખંડ ખંડ જ્ઞાનને અજીવ કહી દીધું છે. એનું વાસ્તવિક સ્વરૂપ જ એ છે. દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ. વસ્તુના સ્વરૂપની હયાતી

ભગવાન ચૈતન્ય શક્તિની હયાતી પોતાનું સત્ એનું જે સત્ત્વ એની હયાતી પૂર્ણ એ જ આત્મા. એને જીવ કહીએ, એને આત્મા કહીએ. એને ભાવેન્દ્રિયને જીતનારો આત્મા કહીએ. એ ભગવાનની સાચી સ્તુતિ કરે છે. એ કેવળીના ગુણની સ્તુતિ કરે છે એમ એને કહીએ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતે જ કેવળી છે. એકલું જ્ઞાનસ્વરૂપ. એકલો જ્ઞાનસ્વભાવ એ કાંઈ શબ્દે કાંઈ પાર પડે એવું નથી.

મુમુક્ષુ :- શબ્દ..

ઉત્તર :- અંદરમાં. પર્યાયને સ્વજ્ઞેયને પૂર્ણ સ્વજ્ઞેય બનાવીને તે દ્વારા વાણીને જીતી એને જીત્યું કહેવામાં આવે છે. ચંદુભાઈ! આવું છે. નવા માણસને એવું લાગે આવો ધર્મ કઈ જાતનો? આવો ધર્મ શું કહે છે? વીતરાગનો ધર્મ .. તારો ધર્મ આ છે. બાકી બધી વાતું છે. શેત્રુંજય જઈ આવ્યા જાત્રા થઈ ધર્મ લ્યો. પાપ મૂકી આવ્યા હવે પછી નવા કરો. એય..! ઓલા ગીતામાં એમ કહે કે તારા પાપ સોંપી દે એમને. ચાલે છેને? કોને સોંપે? ભગવાન કેટલાકના પાપ સંઘરે? એવી બધી વાતું તત્ત્વથી વિરૂદ્ધ છે. પોતે ભગવાન પર્યાયમાં એકતાને જુવે છે રાગ અને ખંડજ્ઞાન એ છોડી દઈને સ્વના જ્ઞાનનું ભાન કરે એને બધું અર્પી દીધું, છોડી દીધું. ભગવાનને શરણે છોડી દીધું એમ. આને શરણે આવ્યું એ છોડી દીધું. કહો, સમજાણું કાંઈ? .. સર્વ ધર્મ .. શબ્દ આવે છેને એમાં. સર્વ ધર્મ .. ... એનો અર્થ કીધું આ. સર્વધર્મ એટલે જ્ઞાન ધર્મ બધા. છોડી દઈને .. સ્વરૂપ અખંડ છે એનું શરણ કર. એ પોતે કર્મ ક્ષશે તો કૃષ્ણ પોતે છે. .. નહિ? બાપુ! આ તો આત્માની વાત છે. પોતાનો ધર્મ જે અતિસૂક્ષ્મ અખંડ સ્વભાવ એને શરણે અંદર જા. જાવ. બીજા ધર્મ છોડી દે. ખંડ ખંડ જ્ઞાનનો સ્વભાવ દૃષ્ટિમાંથી છોડી દે. બે બોલ થયા.

દ્રવ્ય ઈન્દ્રિયનું જીતવું અને ભાવેન્દ્રિયનું જીતવું. આ જૈન શબ્દની શરૂઆત અહીંથી થાય એમ કહે છે. જિન-જિન એટલે જૈન. જિનને માને જૈન. જિન એટલે વીતરાગી સ્વભાવ એને માને એ જૈન.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોઈ માનતું નથી. બસ .. વીતરાગની સ્તુતિ રાગની કરે છે. જિન ચૈતન્ય શરીરથી ચૈતન્ય ભિન્ન તે જિન. એની સ્તુતિ એટલે એમાં એકાગ્રતા એ જૈનની સ્તુતિ. ત્યાંથી જિનપણું શરૂ થાય છે, ત્યારથી જૈનપણું શરૂ થાય છે. આવા જિનને માને તે જૈન છે. એ જૈન કોઈ સંપ્રદાય નથી, વસ્તુ છે અંતર નિર્દોષ અકષાય સ્વભાવ. અખંડ એક જ્ઞાયકભાવ. બસ એને શરણે જવું, એનો સ્વીકાર કરીને એમાં રહેવું એ જ સાચી ભક્તિ અને જિનનો માનનારો જૈન થયો. રાગથી લાભ માને એ જૈન નહિ. એ અજૈન છે. શુભરાગ વ્યવહારથી

લાભ માને, આ દ્રવ્ય ઈન્દ્રિયથી કાંઈક લાભ થશે એમ માને એ બધા અજૈન છે એમ કહે છે.

મુમુક્ષુ :- પરંપરા.

ઉત્તર :- ધૂળેય નથી પરંપરા. એ તો એનો અભાવ કરીને કરે એ અપેક્ષાએ પરંપરા. બાર અનુપ્રેક્ષામાં તો આસ્રવને પરંપરા મૂલ કહ્યું. કુંદકુંદચાર્ય છે ને પણ વસ્તુ પોતાના સ્વભાવથી ભિન્ન વિકલ્પ રાગ. એ રાગથી વીતરાગતાને શું મદદ કરે? વિરોધ કરે છે. આકરી વાત. એટલે લોકોને આ તો નિશ્ચય-નિશ્ચયની. એટલે સાચે સાચું તત્ત્વ. ખોટું કાંઈ નાખતા નથી અંદર. .. શું કહે? '**પોતે અખંડ એક ચૈતન્યશક્તિપણું...**' એને પ્રતીતમાં લેતા ભાવેન્દ્રિય ખંડ જ્ઞાનનું લક્ષ છૂટી જાય. એ પરજ્ઞેયની રુચિ છૂટી જાય અને સ્વજ્ઞેય પૂર્ણની રુચિ થાય એને ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. એ જૈન થયો હવે. જિનનું સ્વરૂપ આ રીતે માન્યું એ જૈન થયો. શિવલાલભાઈ! આવું સ્વરૂપ છે.

ત્રીજો બોલ. હવે અહીંયાં વિષયો. ત્રણને ઈન્દ્રિય કહીને આચાર્યે ત્રણનો ખુલાસો અમૃતચંદ્રાચાર્યે કર્યો. પાઠમાં તો એટલું જ છે. '**जो इंदिये जिणित्ता**' પણ એ ઈન્દ્રિયના પાછા ત્રણ પ્રકાર શરીરને પ્રાપ્ત આ જડ ઈન્દ્રિય એક ખંડ ઈન્દ્રિય અને એના વિષયો એ પણ ઈન્દ્રિય છે. અણિન્દ્રિયનો જેમાં અભાવ તે બધી ઈન્દ્રિય એમ. અણિન્દ્રિય એવો જે અખંડ સ્વભાવ ચૈતન્યનો એ ખંડ ઈન્દ્રિયમાં અભાવ, જડમાં અભાવ અને પરમાં અભાવ માટે એ બધાને ઈન્દ્રિય કહીને જીતવું એને એટલે એમાં એકત્વ ન થવું એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! પંડિતજી! એવી વાત સાંભળવા મળવા મુશ્કેલ છે. એથી લોકોને બિચારાને નવું છે નવું. નવું લાગે એટલે એય.. એ તો નિશ્ચય. પણ નિશ્ચય એટલે સત્ય સાંભળને. નિશ્ચય એટલે સત્ય આવ્યું નથી છ ઢાળામાં. નિશ્ચય એટલે સત્યાર્થ છે, વ્યવહાર અસત્યાર્થ છે. આહા..હા..! છે ખરું. વસ્તુની અપેક્ષાએ તે અસત્યાર્થ છે. બાકી ધર્મની અપેક્ષાએ તે અસત્ છે. સત્ય જીવની અપેક્ષાએ એક સમયનો પર્યાય પણ અસત્ય છે લ્યો! આહા..હા..! આવી જિનવાણી વીતરાગપણાને બતાવે એ વીતરાગપણાનું પોષણ કરે એને જિનવાણી કહીએ. રાગ કરો અને એથી લાભ માને એ જિનવાણી જ નહિ. અજ્ઞાનીની વાણી છે. સમજાણું કાંઈ? આ વાત જ મૂળ સાંભળવા મળે નહિ. આ તો કરો ભગવાનની ભક્તિ અને કરો પૂજા અને કરો મંદિર. આહા..હા..! એ તો પર છે.

મુમુક્ષુ :- સાધુને આહાર આપવો.

ઉત્તર :- સાધુને આહાર દેવો, ધર્મ ભોજન. લાડવા આપવા અમારા ઉમરાળામાં નાની ઉંમરમાં છોકરા .. માણભટ્ટ. માણ હોયને મોટી? એ ગાતા. ઘણા વર્ષ ૭૦ વર્ષ પહેલાંની વાત છે. માણભટ્ટ આવતા. બ્રાહ્મણને લાડવા જમાડો તો તમારું આમ થાશે. બે-ચાર જણા

હોય. એક-એક ગોતી રહે કોક દરરોજ લાડવા જમાડનાર. જાવ. અહીં તો કહે છે કે લાડવાથી તો લાભ નહિ, એના દેવાનો જે વિકલ્પ છે એ રાગ છે. એનાથી નહિ, પણ રાગને જાણનારું જે જ્ઞાન છે ખંડ-ખંડ એનાથી લાભ નહિ. એ વાતું બાપા! અનંતકાળમાં એણે એ વાત લક્ષમાં લીધી નથી.

હવે કહે છે કે '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા...**' ગ્રાહ્ય એટલે જણાવાલાયક. ભગવાનની વાણી, ભગવાન તીર્થંકર સાક્ષાત્, મંદિર, મૂર્તિ અને .. એ ગ્રાહ્ય છે, પણ જણાવાલાયક છે. અને ગ્રાહક. ગ્રાહક-જાણનાર આત્મા પર્યાયમાં. ગ્રાહ્યગ્રાહક. જ્ઞેયજ્ઞાયક. પ્રેમેય.. આહા..હા..! શબ્દ કાને પડે આ એ પણ પરજ્ઞેય છે. આ જિનવાણી કાને પડે એ પણ પરજ્ઞેય છે. એ જણાવાલાયક છે, જાણનારો આત્મા છે. પણ બેની એકતા છે એ મૂઢતા છે. તમારે આફ્રિકામાં તો બહુ દસ-દસ લાખના મકાન, મંદિર કરાવ્યા છેકે નહિ? નાઈરોબીમાં કરાવ્યુંને? મોમ્બાસા દસ લાખ. બસ ખુશી થઈ જાય. ૫૦-૫૦ હજાર આપે.

મુમુક્ષુ :- દેખાય લોકોને.

ઉત્તર :- દેખાય લોકોને. આહા..હા..! આ ફતહપુરમાં પંદર દિ' લ્યોને પાંચ લાખનો ખર્ચ. ચાર લાખનું મંદિર, નવ લાખ. નવ લાખ થઈ ગયા પાછા .. ગયા. .. ફતેહપુર-ફતેહપુર. કઈ દીધું બાપા! ધર્મની. પ્રભાવના ક્યાં થાતી હશે? આત્મામાં થાતી હશે? બહારમાં થાય. શુભરાગ છે, પુણ્ય તરીકે કહેવાય. આવી વાત છે.

મુમુક્ષુ :- .. વસ્તુ છે એના ઉપર...

ઉત્તર :- આ ભગવાન આત્મા પર્યાયમાં જાણનાર અને એ જણાવાલાયક એટલો જે આમ સંબંધ એ પણ જૂઠો છે. ગ્રાહ્ય છેને? ગ્રાહ્ય. આ તો નીતરતું સત્ય છે. પરમસત્ય. એણે કોઈ દિ' કર્યું નથી અને એમ ને એમ ઓઘે ઓઘે જિંદગીયું ગાળી છે. પ્રકાશદાસજી! આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે '**ગ્રાહ્ય...**' જે ભગવાન સાક્ષાત્ પરમાત્મા હોય તોપણ એ જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેય છે. શિવલાલભાઈ! આમાં આવ્યું કે નહિ? પણ આ ત્યારે વાંચ્યું નહિ હોય કોઈ દિ' સાંભળ્યું નહિ હોય? ગ્રાહ્ય-ગ્રહવાલાયક એટલે જાણવાલાયક. ચાહે તો સાક્ષાત્ ભગવાન ત્રિલોકનાથ હો કે એની દિવ્ય ધ્વનિ ૐ ધ્વનિ હોય, પણ એ જણાવાલાયક છે અને આત્માની પર્યાયમાં જાણવાલાયક એટલી વાત બસ. એવા '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને...**' બહુ નજીક એટલે જાણે એને એમ થઈ જાય કે આ શબ્દ સાંભળ્યા માટે મને જ્ઞાન થયું, આ રૂપ દેખ્યું માટે જ્ઞાન થયું, મૂર્તિને જોઈ માટે મને જ્ઞાન થયું. એવું નિકટ સંબંધને લઈને ભ્રમણા અજ્ઞાનીની થઈ જાય છે. ભારે! '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળું...**' જુઓ, ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળું. શું? સંબંધ એને પરની સાથે આમ. '**નિકટતાને લીધે જેઓ**

**પોતાના સંવેદન (જ્ઞાન) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે...**' જાણે શબ્દથી લાભ થયો, ભગવાનને દેખવાથી થયો, મૂર્તિથી થયો, મંદિરથી થયો. આ શાસ્ત્રથી થયો. શાસ્ત્ર આ તો જડ છે. એને એમ થઈ જાય કે આનાથી લાભ થયો. આહા..હા..! શાસ્ત્ર વાંચવાથી લાભ થયો એમ માને એ પણ પરજ્ઞેયને માને એમ કહે છે. શાસ્ત્ર ભગવાનના શાસ્ત્ર સાંભળવાથી લાભ થાય એ જણાવાલાયક અને જાણનારને બેને એક માન્યા એમ કહે છે. અહીં તો વાત એવી છે પરમસત્ય.

મુમુક્ષુ :- લાભ ન થાય તો હાનિ થાય?

ઉત્તર :- એ તો સમજી લેવું એનો અર્થ તમારે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જુઓ અખંડ આખું.

'**એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા...**' ઠીક! ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા. શું? શબ્દ, રૂપ, રસ, વાણી, શાસ્ત્ર ભગવાનની.. આહા..હા..! તીર્થક્ષેત્ર, સમ્મેદશિખર, શેત્રુંજય વગેરે. જ્યાંથી ભગવાન મોક્ષ પધાર્યા. એ કહે છે કે ભાવેન્દ્રિયો વડે જાણવામાં આવતા. છે? '**જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો...**' એ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ જે વિષય લક્ષમાં આવ્યા એ તો મનનો વિષય એ પણ પર આવે છેને? કર્તાકર્મમાં નહિ? શરીરનો.. મડદું. આ મૃતકકલેવર આ છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ આત્મા. અમૃત અતીન્દ્રિય સાગર પ્રભુ. આ મૃતકકલેવર. અમૃત સ્વરૂપ મૃતકકલેવરમાં મૂર્છાણો છે. એ મનનો વિષય ધર્માસ્તિ આદિ આવે છેને. આહા..હા..! ભારે ભાઈ! ઓહો..હો..! ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ અંદર વસ્તુ તરીકે અખંડ આત્મા, એની દૃષ્ટિ કરીને જેણે આ જાણવાલાયક પદાર્થની લાભ થાય એવી એકતા બુદ્ધિ જેણે તોડી એણે સાચા ભગવાનની સ્તુતિ કરી. મૂળચંદભાઈ! આવું છે. દેવચંદજી! બધા શેઠિયાઓને તો આ અંદર બેઠી હોયને કાંઈક. હંમેશા પૂજા કરવી, સ્તુતિ કરવી એમાંથી આપણું કલ્યાણ થઈ જશે. અને આ સાંભળે ત્યાં એવું લાગે ઘા વાગે.

મુમુક્ષુ :- ભગવાનના દર્શન કરવાથી બધું મળી ગયું.

ઉત્તર :- બધું મળી ગયું. ધૂળેય નથી ત્યાં સાંભળને. ભગવાન તારો અહીં છે ત્યાં ક્યાં હતો? આહા..હા..! એ તો પર છે. પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. એનાથી લાભ થાય એમ જાણવાલાયક નથી એમ કીધું અહીં. આહા..હા..! છતાં જણાવાલાયક ચીજ શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ, વાણી આદિ. જાણવાલાયક આત્મા. બેની નિકટ સંબંધ એવો સંબંધ કે જેવો શબ્દ પડે એવું અહીંયાં જ્ઞાન થાય એ જાતનું એટલે એને એમ થઈ જાય કે આ શબ્દથી મને જ્ઞાન થયું. ભગવાનની મૂર્તિ દેખે તો કેવળજ્ઞાન થાય. એવું થાય. તો એમ જાણે કે આ મને ભગવાન દેખીને થયું. એવી ભાવેન્દ્રિયો વડે જણાવવામાં આવતા પદાર્થ અને જ્ઞાન નિકટ સંબંધ છે આવો એથી એને ભ્રમ પડી જાય છે. આનાથી મને આ થયું.

**'ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની...'** છેને? **'નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (જ્ઞાન) સાથે...'** જ્ઞાનની પર્યાયમાં જાણવામાં જાણે બે એક થઈ ગયા હોય એમ એને લાગે છે. અખંડમૂર્તિ પ્રભુ અંદર ચૈતન્યનો દરિયો ભગવાન આત્મા એનું લક્ષ કરીને જે જ્ઞાન થાય તેને ધર્મ અને તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આટલા આટલા પૈસા ખર્ચીએ તોપણ કહે ધર્મ ન થાય. પૈસાવાળા ખર્ચે, ગરીબ માણસ ખર્ચે?

મુમુક્ષુ :- જે પૈસાવાળો હોય

ઉત્તર :- માન્યું છેને અજ્ઞાનીએ. પૈસાવાળો કે દિ' હતો? જડવાળો? જડ તો જડના છે. એના આત્માના ક્યા છે?

મુમુક્ષુ :- એ આમાં ક્યાંય આવ્યું?

ઉત્તર :- આમાં આવી ગયું. એ જ્ઞેય છે પર. એને મેં આપ્યા ને મેં દીધા ને મેં લીધા. મૂઢ છે. આપતું હતું કોણ એ? જે પરમાણુ જ્યાં જવાના એ જવાના જ. અને જે પરમાણુ જે ક્ષેત્રે જે કાળે પરિણમવાના તે પ્રકારે ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય પૈસાદાર કોણ? ફતેહપુરમાં બધા શેઠિયા ભેગા થયા. કરોડોપતિ. ઉત્તર અને દક્ષિણના કરોડપતિઓ. એટલે માણસો એમ કહે. આહા..હા..! શું કેટેગરી એની! ૪૦ કરોડ. શાંતિપ્રસાદ. બેઠા ત્યાં અંદર જાવું હતુંને ત્યારે. કોણ જાણે કેમ મન થઈ ગયું? અને તે બેસે. અંદર પ્રેમ છે. આ તમે બધા સમાજમાં જ્યાં હોય ત્યાં મોટા થવાના અભિમાનીઓ છો. સમાજમાં માન આપે, પાંચ-દસ હજાર ખર્ચે. જુઓ આ મોટો. ધૂળમાંય નથી કીધું. આ માનમાં ચડી ગયા છે. સાંભળતા હતા હોં. એમાં અમારે શું પણ? કાંઈ લેવું છે? નરમ માણસ છે હોં. કોણ જાણે કેમ કહેવાણું એ ખબર ન પડી. એ બેઠા હતાને આમ પાટ પાસે બેસી અને હાથ મૂકીને બેઠા. શેઠ કે શાહુજી એમ કાંઈ કીધા નહિ. મેં કીધું આ બધા સમાજમાં હોય ત્યાં મોટા થાવું છે પાંચ-દસ હજાર ખર્ચે અને મોટપ લેવી, મોટપ લેવી. આમ ને આમ જિંદગી માનમાં જાય છે. સાંભળતા હતા. પછી અમે પૂછયું કે તમારી શ્રદ્ધા શું છે? એ બધાને .. ગોટા વાળે. એક જણો કહે. એમ નથી. .. બહારમાં તો છે. સમાજમાં તો છે. પણ સમાજ ક્યાં ગળે વળગ્યો હતો? તું કોણ છો એનું કરને. સમાજ સમાજમાં પડ્યો રહેશે. આ તો વ્યક્તિગત સ્વતંત્ર કામ કરવું એની વાત છે. બે થઈને ભેગા થઈને કામ. ભેગા થાય ક્યાં પણ? પોતાનું કલ્યાણ કરવું હોય એની વાત છે આ તો. કલ્યાણ એ સ્વના.. જુઓને.

**'ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં...'** શબ્દ, રૂપ, રસ, ગંધ. આહા..હા..! માણસને વિચારવું જોઈએ. અહીં તો સાક્ષાત્ ભગવાનની વાણી પરમાત્મા. ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞ સો

ઈન્દ્રના પૂજનિક એ ઈન્દ્ર સાંભળવા આવે તોપણ ભગવાન એમ કહે. ભાવેન્દ્રિય જે જાણવામાં આવે એ અમે એ બધો પરની સાથેનો એકત્વભાવ છે. પંડિતજી! અખંડ આત્મા અંદર ચૈતન્ય પ્રભુ ભિન્ન બિરાજે છે એનું એને ભાન નથી. એ નિકટતાને લઈને. બહુ નજીકપણું. જેવો શબ્દ પડે એવું જ્ઞાન. જિનમૂર્તિ દેખે એવું જ્ઞાન. જેવો વીંછી કરડે એવું જ્ઞાન. સર્પ કરડે એવું જ્ઞાન. માખણ ચોપડે થઈ રહ્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો સત્ જાહેર કરું છું હું અખંડાનંદ પ્રભુ છું. પરની સાથે મારે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

નિકટતાને લીધે.. તે જીવો પોતાના જ્ઞાનમાં સાથે પરસ્પર. પરસ્પર જોયું! જ્ઞાનની પર્યાય અને જ્ઞેય. એક જેવા. એક જેવા થઈ ગયેલા દેખાય છે. એક થયા નથી. એને લાગે છે. એક જેવા થઈ ગયેલા દેખાય છે. એવા '**ભાવેન્દ્રિય વડે ગ્રહવામાં આવતા...**' ભાવેન્દ્રિય ગ્રાહ્ય (કરનાર). જ્ઞેયરૂપ ગ્રાહ્ય. '**જે ઈન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન અંદર ચૈતન્ય બ્રહ્મ એ પોતાના સ્વભાવથી '**સ્વયમેવ અનુભવમાં આવતું...**' સ્વયમેવ જેણે કોઈની અપેક્ષા નથી. આહા..હા..! જુઓ એની સાથે આમ લીધું. ઓલા શબ્દ, રૂપ, રસને વાણી આદિ? એનાથી થતું નથી જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સ્વયમેવ અનુભવમાં આવતું...**' ઓલા પરસ્પર એક જેવા થઈ ગયેલા એમ અનુભવમાં આવતું. આ એકરૂપ સ્વભાવ સ્વયમેવ ચૈતન્યશક્તિ, પોતાની ચૈતન્યશક્તિ જ્ઞાનતત્ત્વ ભગવાન, જાણકસ્વભાવ બ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ. એવી શક્તિ વડે '**શક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું...**' એને પરની વ્યવહારની અપેક્ષા નથી એમ કહે છે. જોયું! કોઈ વાણી સાંભળી, ભગવાનને જોયા માટે કાંઈ લાભ. એવી અપેક્ષા છે જ નહિ એમાં એ કહે છે. દેવચંદજી! શું કરવું આમાં?

પરજ્ઞેયનો હારડો હારડો છોડી દે લક્ષમાંથી. ત્યાં શાસ્ત્ર વાંચવાથી, સાંભળવાથી, એનાથી તને લાભ થાય એ દૃષ્ટિ છોડી દે એમ કહે છે. ભારે વાત! આવું સ્વરૂપ છે. સત્ય સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ સચ્ચિદાનંદ આત્મા પૂર્ણ સ્વભાવથી ભરેલો સ્વયમેવ અનુભવમાં આવતો. કહે છે કે એ નિમિત્ત ગ્રાહ્ય થવાલાયક એને કારણે અનુભવમાં આવતું એ ચીજ નહિ. '**પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ...**' પોતાની કેમ કહી? પરની ચૈતન્યશક્તિ નહિ એમ અહીં કહેવું છે. આહા..હા..! ભગવાન આત્મામાં ચૈતન્યશક્તિ તો છે. એ નહિ. પોતાની જે ચૈતન્ય સ્વરૂપ ભગવાન એ શક્તિનું '**સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું...**' દેખો! એ આ શબ્દવાણી છેને એટલે એનાથી (ભિન્ન) પાડીને સંગ જ્યાં નથી, અસંગ છે ભગવાન. આહા..હા..! એ સંગથી લાભ થાય એમ નથી એમ કહે છે. સત્સમાગમથી પણ લાભ થાય એમ નથી

એમ કહે છે એય..! તું સત્ નથી? સોગાનીએ નથી કહ્યું સત્સંબંધ તું સત્ નથી? તું સત્ છો કો નહિ? કે અસત્ છો? અખંડ પ્રભુ સત્ છે એના સંગે લાભ થાય. સમજાણું કાંઈ?

સ્પર્શાદિ પદાર્થો તેમને. સ્પર્શ આદિ પદાર્થ છે. આમાં કોઈ એમ કહે કે ભાઈ આ તો સ્પર્શાદિ પદાર્થો છે. એમાં બીજા આત્મા ક્યાં આવ્યા? પણ બીજા આત્મા એ બધા આવ્યા. સમજાણું કાંઈ? સમજાય છેને? '**ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો...**' સ્પર્શ આદિ પદાર્થોથી કાઢ્યું એણે. બધા આત્માઓ. બધા પુદ્ગલો. આહા..હા..! તેમનાથી પોતે અસંગપણું તે વડે. અસંગ છે ભગવાન અંદર. ચૈતન્ય શક્તિ વડે અનુભવમાં આવે એવો જે આત્મા, પોતાના જ્ઞાનના સ્વભાવથી અનુભવમાં આવે એવો આત્મા. એવું અસંગપણું '**તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા;...**' લ્યો! આહા..હા..! આવું સ્વરૂપ છે. કાંતિભાઈ! ...

ત્રણ વાત થઈ. ઇન્દ્રિયને જીતે તે જિતેન્દ્રિય. તે આત્માની ભક્તિ અને ભગવાનની સેવા કરનારો. એટલે આ ભગવાન. એટલે કે શરીરાદિ જે આ જડ એનું લક્ષ છોડીને ચૈતન્ય શક્તિ અનુભવમાં સહજ સ્વભાવ અતિસૂક્ષ્મ. આ સ્થૂળ છેને તો ઓલું અતિસૂક્ષ્મ. એનો આશ્રય લઈને શરીરને પર્યાયને જુદી થઈ. છે એવી રહી. પર છે એમ રહી અને સ્વમાં એકત્વ થયો એણે ભગવાનની સાચી સ્તુતિ કહી છે. તેમ ભાવેન્દ્રિય ખંડ ખંડ ઇન્દ્રિયથી જણાતું ખંડ ખંડ જ્ઞાન તેને અખંડ જ્ઞાનની સાથે જે એકત્વ કરતો એ અભક્તિ હતી ભગવાનની. પોતાના સ્વભાવની અભક્તિ હતી. એ પોતે પોતાનો સ્વભાવ જે ચૈતન્ય સ્વભાવ પ્રતીતમાં આવતો એ ચૈતન્ય શક્તિ એનો આશ્રય લઈ અને ભાવેન્દ્રિયને જુદી કરી. એ જુદી થઈ. એનાથી અધિક નામ જુદો કર્યો. જુદો રહ્યો. એણે ભગવાનની સ્તુતિ કરી. કહો આ બધા ભૂખ્યા રહે છેને ... સાધુ. .. મુનિ. ૯૯ની સાલ. ક્યાં? શ્વેતાંબર. .. આમ ખાય, આમ થાય.. પાણી ક્યાં પીવે કોણ? છોડે કોણ? આહા..હા..!

આતો ભાવેન્દ્રિયમાં જાણવામાં આવતા જે પદાર્થ છે. છૂટ્યા કે રહ્યા એનો જે સંબંધ છે એ તોડી નાખવાનો છે અહીં તો. આહા..હા..! ભારે વાત. અને ત્રીજામાં આ બધા પરપદાર્થ. પહેલામાં શરીર, બીજામાં ભાવેન્દ્રિય ખંડ ખંડ અને ત્રીજામાં ખંડ ખંડ ઇન્દ્રિય દ્વારા જણાય એવા પદાર્થો બીજા. ત્રણેથી પણ જુદો પડીને પોતાના સ્વભાવની એકતા કરે એ ઇન્દ્રિયોનું જીતવું. એ ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થનું જીતવું થયું. આહા..હા..! સમજાણું? આમ જે આત્મા દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિય ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો ત્રણેને જીતીને. આ રીતે જીતીને. પરની સાથે જે એકત્વ બુદ્ધિ હતી જ્ઞેય, પરજ્ઞેય, ખંડ ઇન્દ્રિય શરીર અને ભગવાન એ પરની સાથે એથી લાભ થાય એ એકત્વબુદ્ધિ હતી તે છૂટી ગઈ. સ્વમાં એકત્વ થતાં એ બુદ્ધિ છૂટી જાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૯, મંગળવાર, તા. ૨૦-૦૬-૧૯૭૨
## ગાથા-૩૧-૩૨, પ્રવચન-૧૦૩

જીવ-અજીવ અધિકાર. ૩૧મી ગાથા. અહીંયાં આવ્યું જુઓ. ઈન્દ્રિયને જીતીને અણિન્દ્રિય આત્મામાં જે એકાગ્ર થાય એને કેવળીના ગુણની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. પોતે જ કેવળી છે. પોતે જ તીર્થંકર થવાનો સ્વભાવ છે આત્માનો. એ સ્વભાવની પૂર્ણ શુદ્ધ તરફની સન્મુખતા થતાં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઈન્દ્રિયોના વિષય પદાર્થ એ ત્રણેને જીતીને. એટલે કે ત્રણે ઉપરથી લક્ષ, રુચિ છોડી દઈ '**જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો...**' હવે ખુલાસો કરે છે. દ્રવ્યેન્દ્રિય આ જડ એ પરજ્ઞેય છે. એ મારા છે એમ માન્યતા હતી એ જ્ઞેયજ્ઞાયક સંકરનો ખીચડો હતો. પરજ્ઞેય અને જ્ઞાયક એક છે એવી માન્યતા એ સંકર એટલે ખીચડો હતો મિથ્યાત્વ.

મુમુક્ષુ :- ખીચડો તો ખાવામાં સારો.

ઉત્તર :- એ ખીચડો નહિ આ તો દાણા અને કાંકરાનો ખીચડો. લાલન સાથે વાત થતી હતી. લાલન કહે એ ખીચડો છેને. આ ખીચડી નહિ તમારી. દાણા અને કાંકરાનો ખીચડો. અનાજનો ખીચડો થાય છે. બાજરો, ઘઉં, દાળ, અડદની, તુવરની એ બધી ભેગી કરીએને ખીચડો છે. આ તો દાણા અને કાંકરા. પરજ્ઞેય અને સ્વજ્ઞેયને બેને એક માન્યું એમ કહે છે. શરીરાદિ જે પ્રાપ્ત ઈન્દ્રિયો એનાથી લાભ થાય જાણવાનું એનો અર્થ થયો કે એના અસ્તિત્વથી મને લાભ થાય. મારું અસ્તિત્વ ત્રિકાળ છે એનાથી લાભ થાય એ વાત ન રહી. આહા..હા..! એ પરજ્ઞેય છે જુઓને.

'**જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો...**' દ્રવ્યેન્દ્રિયો શરીરના પરિણામને પ્રાપ્ત એ જીતેન્દ્રિયમાં એને વાંધો આવ્યો ને! જીવિત શરીરથી ક્રિયા થાય છે. કોઈ કહે ભાઈ એ તો શરીર પરિણામમાં અજીવ છે. કહે ના. ત્યારે શું કથંચિત્ અજીવ અને જીવ એમ લેવું છે તમારે? શું લેવું છે? અહીંયાં તો કહે છે જ્ઞાયક એવો જે ચૈતન્ય સ્વભાવ ત્રિકાળી વસ્તુ એમાં જડ ઈન્દ્રિયો જે છે આ શરીરની. એનાથી મને લાભ થાય અને એ ઈન્દ્રિયો છે તો મને જાણવાનું થાય છે. એવી જે માન્યતા હતી એ પરજ્ઞેય અને જ્ઞાયક સ્વ, બેની એક માન્યતા એ મિથ્યાત્વ હતું. કહો, આ તો સમજાય એવું છેને? મૂળચંદભાઈ! એ તમારા જમાઈએ એવો પ્રશ્ન કર્યો હતો. ગયા? છે? એમ કે આત્મા ક્યાંથી? આત્મા શું હશે? એમ

પ્રશ્ન કર્યો હતો. ડોક્ટર થયા મોટા. મોટી ઉંમર.. પણ છે ક્યાં એની ખબર નથી? રાતે તો એમ પ્રશ્ન કર્યો હતો આત્મામાં અંત કે દિ' આવે? આત્મા આત્મા અંત મૂળ અભ્યાસ ન મળે.

મુમુક્ષુ :- મોટા ડોક્ટર .. એટલે શું?

ઉત્તર :- એ તો વળી. અહીં તો કહે એકકોર જ્ઞેય અને એકકોર જ્ઞાયક. જ્ઞાયક એટલે ચૈતન્ય વસ્તુ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ. એકકોર આ જડ ઇન્દ્રિય એ જ્ઞેય અને ભાવેન્દ્રિય ખંડ ખંડ જ્ઞાન. ભાઈએ પ્રશ્ન કર્યો હતોને. જે અંદર જ્ઞાનના અંશથી જે ચીજ જણાય આ શબ્દ, રૂપ, રસ, ગંધ. એક એક ઇન્દ્રિયનું જ્ઞાન એક એક વિષયને જાણે એ ઇન્દ્રિય જ્ઞાન ખંડ હોં! એ ખંડરૂપે જ્ઞાનને ખંડરૂપે જણાવે છે. અખંડરૂપે નહિ. એ પણ ખરેખર ખંડરૂપ ભાવ ઇન્દ્રિય એ પણ પરજ્ઞેય છે. પરજ્ઞેય છે. એને એનાથી રુચિ છોડી આત્મા જ્ઞાયકસ્વભાવ, અણિન્દ્રિય સ્વભાવ એમાં એકાગ્ર થાય, અનુભવે એટલે એને જીતી એમ કહેવામાં આવે છે. ભારે ભાઈ! અને ઇન્દ્રિયોના વિષય પદાર્થ. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. એને ઇન્દ્રિય કીધી. એ ત્રણેને જીતીને જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો '**તે સઘળો દૂર થવાથી...**' ખંડ ખંડ ઇન્દ્રિય ઉપર ખ્યાલ હતો. જડ ઉપર અને પર ઉપર. એ ખ્યાલ છોડી દઈને. જ્ઞાયકભાવ જે, જુઓ છે.

'**એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે...**' એકરૂપ '**પથ્થરમાં ટાંકણાથી કોતરેલી મૂર્તિની જેમ એકાકાર...**' જ્ઞાયકભાવ સ્વભાવભાવ. વસ્તુ છેને. આહા..હા..! વસ્તુ છે અરૂપી પણ પદાર્થ છેને? અરૂપી પણ એનું સ્વરૂપ છેને? સ્વરૂપ છેને. અરૂપ તો વર્ણ, ગંધ, રસની અપેક્ષાએ અરૂપ છે, પણ એનું સ્વરૂપ છેને વસ્તુ. જ્ઞાયકસ્વરૂપ એ '**એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે...**' પોતાનું જે એકરૂપ જ્ઞાયકભાવ એવા સ્વભાવનો આશ્રયે, અવલંબે '**સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા...**' સર્વ અન્યદ્રવ્યો એટલે જુઓ અહીંયાં દ્રવ્ય લઈ લીધું. ખંડ ઇન્દ્રિય અન્ય દ્રવ્ય, દ્રવ્યેન્દ્રિય અન્યદ્રવ્ય, ભગવાનની વાણી અને ભગવાન અન્યદ્રવ્ય, દેશ અન્યદ્રવ્ય. આ પોતાનો દેશ કહે છેને. પોતાના દેશ માટે મરવું. પણ દેશ ક્યાં હતો એનો? પોતાનો દેશ તો અહીં અસંખ્ય પ્રદેશી છે. એ પરદેશ-પરવસ્તુ. એનાથી જુદો.

'**સર્વ અન્યદ્રવ્યો...**' એટલે બધું આવી ગયું દેખો! '**પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે...**' અંતર્મુખ થઈને, બહિર્મુખ ભાવેન્દ્રિય, જડેન્દ્રિય અને વિષયો એનું લક્ષ, રુચિ, આશ્રય, અવલંબન છોડી દઈને, ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ એકત્વસ્વરૂપ છે એવા અન્યદ્રવ્યોથી જુદો પોતાના આત્માને અનુભવે. અનંતગુણાનું સ્વરૂપ જે અપરિમિત વસ્તુ એને અનુસરીને થવું એનું નામ અનુભવ. લ્યો! એનું નામ જિતેન્દ્રિય. છે? '**તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય**

**જિન' છે.**' લ્યો! એ જિતેન્દ્રિય જિન એ છે. સમ્યગ્દર્શનથી જિન શરૂ થાય છે. કેમકે વસ્તુ પોતે જ્ઞાયસ્વરૂપ જિનસ્વરૂપ છે. વીતરાગ અકષાયસહિત જિનસ્વરૂપ છે. એનો જેને પર્યાયમાં સન્મુખ થઈને સ્વીકાર થયો એ પર્યાયમાં જિન થયો. આવો ધર્મ ભારે આકરો. ઓલા કહે કે ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા.

એ ભગવાન આત્મા ચૈતન્ય મહાસત્ત્વ. જ્ઞાયકભાવરૂપ મહાસત્ત્વ. સત્‌નું સત્ત્વ. એના અવલંબનમાં, એનો આશ્રય લઈને એમાં એકાગ્ર થાય તેને અહીંયાં જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. એ જિન થયો હવે. વસ્તુએ જિન હતો, પર્યાયે જિન થયો. એ શું? વસ્તુ તો જિનસ્વરૂપ જ છે. અવિકારી, અકષાય વીતરાગસ્વભાવભાવરૂપ એ આત્મા. એ જિન જ છે. 'જિવ સો જિન, જિન અને જિન સો જિનવર.' એ આવી ગયું છે. સમયસાર નાટકમાં આવી ગયું. 'જિવ સો જિન અને જિન સો જિનવર' એ જિનવરની સ્તુતિ. કહો, શિવલાલભાઈ! આ બધા ટોકરી વગાડીને બેસવું શ્રીમદ્‌નો ફોટો રાખીને. એય..! દિલીપ! તમારો દાદો પણ કરતા હતા.

મુમુક્ષુ :- રખડવાનું કરતા.

ઉત્તર :- રખડવાનું. અને એ સ્તુતિ સ્તુતિ નહિ એમ કહે છે. વિકલ્પ છે પુણ્યબંધનું કારણ અબંધસ્વરૂપને બંધ થાય એ કાંઈ સ્તુતિ કહેવાય? એ તો જિનસ્વરૂપ છે પ્રભુ પોતે. જિનસ્વરૂપ કહો કે અબદ્ધસ્વરૂપ કહો, અબંધસ્વરૂપ કહો. અબંધસ્વરૂપ કહો, અબદ્ધસ્વરૂપ, અબદ્ધ નામ મુક્તસ્વરૂપ કહો. એવી તો ચીજ પોતે જ છે. એમાં એકાગ્ર થવું એ ખરેખર જિનસ્વરૂપની જિનની સ્તુતિ કહેવામાં આવે છે. એને જિતેન્દ્રિય અને જિન છે. લ્યો! આહા..હા..! કેટલી સરસ વાત છે!

ભગવાન એમ કહે છે કે અમે પણ ઇન્દ્રિય છીએ તારી. તું અણેન્દ્રિય છો એ અમે નહિ. આહા..હા..! તો અમારું લક્ષ છોડ. એમ કહે છે. વાણીમાં એમ કહે ભગવાન. ઓહો..હો..! એકકોર કહે કે સાંભળ! સુન. આવે છે કે નહિ? વોચ્છામી. પંચાસ્તિકાયમાં ન આવ્યું?

મુમુક્ષુ :- હે સકર્ણા સાંભળો.

ઉત્તર :- સકર્ણા એ દર્શનપાહુડમાં. પણ આ પંચાસ્તિકાયમાં આવ્યું છે કાંઈક. સુણો. સાંભળ. પંચાસ્તિકાયમાં કહે છે સાંભળ. સમયસારને કહેશે વોચ્છામી પાહુડ શ્રુત કેવલી ભણીયં સાંભળ. એનો અર્થ થયો કે નહિ? સાંભળ શું? આહા..હા..! ગજબ વાત છે. કે અમને સાંભળવાથી તારું જ્ઞાન નહિ સાચું થાય એમ કહે છે. સાંભળ વ્યવહાર આવે. આહા..હા..! આવો માર્ગ! એ વસ્તુની સ્થિતિ જ એવી છે. માર્ગ એટલે વસ્તુ જ એવી છે ત્યાં. અખંડ જિનસ્વરૂપ એ જિનવર અને એની સ્તુતિ તે જિનની સ્તુતિ છે. ત્યારે ઓલા લોકો કહે ગામમાંથી કાઢીને સ્થાનકવાસી .. કહે જુઓ, વ્યવહાર સ્તુતિ અને પૂજા, ભક્તિનો નિષેધ

કર્યો છે ત્યાં. પણ એ તો નિશ્ચયની અપેક્ષાએ નથી એ તો. શુભભાવ અને પૂજા, ભક્તિનો ભાવ ગુણાનુરાગ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! એ ગુણાનુરાગ વિકલ્પ એ ભૂમિકામાં આવે, પૂર્ણ વીતરાગ નથી ત્યારે જિનસ્વરૂપી દૃષ્ટિ થઈ છતાં જિનસ્વરૂપનો વીતરાગભાવ પર્યાયમાં પૂર્ણ આવ્યો નથી. એથી એવો ભાવ એમાં એનો નિષેધ નથી. નિષેધ નથી એટલે? એ ન આવે, ન હોય એમ નથી. ધર્મની દૃષ્ટિએ નિષેધ છે એ ધર્મ નથી. સમજાણું કાંઈ? ભારે! આ તો બહુ પરિચય કરે તો માંડ સમજાય એવું છે. ઓલું .. નથી આ. મૂળચંદભાઈ! થોડું નિવૃત્તિ લઈને બરાબર સાંભળે સમજે તો આ સમજાય. તદ્દન અજાણ્યું. લ્યો આ હમણા પૂછ્યું હતું કમલેશને. કીધું આત્મા ક્યા રહે છે? કહે જુદો. પણ જુદા? કેવી રીતે જુદો? આ લૂગડું રહે એવું? આ લૂગડું અને શરીર જુદું આમાં? એય..! કમલેશ! પૂછ્યું હતુંને. જુદો, પણ કઈ રીતે જુદો? લ્યો! આ પુસ્તક અને આ એમ? આ આત્મા અને આ શરીર એમ જુદો? એ અંદરમાં જુદો, શરીરના રજકણથી જુદો એમ છે. ખંડ ઈન્દ્રિયથી જુદો, દ્રવ્યેન્દ્રિયથી તો જુદો. દ્રવ્ય ઈન્દ્રિય આ શરીર પરિણામને પ્રાપ્ત એટલે એનાથી તો જુદો. એમાં રહ્યો છતાં. એમાં રહ્યો નથી. એ તો પોતાના સ્વભાવમાં છે. શરીર પરિણામ ઈન્દ્રિય પ્રાપ્ત એમાં તો નથી, પણ ભાવેન્દ્રિયમાં એ નથી. ખંડ ખંડ અંશ જે આખી ચીજમાં અંશપણે જે જ્ઞાન જણાવે, ચીજ અખંડ પરિપૂર્ણ વસ્તુ છે વસ્તુ. જે જ્ઞાન ખંડપણે જણાવે એમાં એ આત્મા નથી અખંડ એમ કહે છે. આહા..હા..!

એને '(**જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા...**' પાછા અચેતન એકલા એક નહિ પર. જ્ઞાનનો અંશ છે એ ખરેખર જ્ઞાનસ્વભાવ એમાં નથી આવતો. ખંડ ઈન્દ્રિય છેને. '**અન્ય અચેતન દ્રવ્યોમાંથી નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક,...**' '**णाणसहावाधियं**' છેને? અધિક. '**સર્વથી અધિક, જુદો જ છે.**' તદ્દન જુદો છે. આહા..હા..! શરીરના પરિણામની પ્રાપ્ત પર્યાય એનાથી જુદો, પણ જે શરીરને જાણે છે જે જ્ઞાનનો અંશ. આ શરીર છે, આ ટાઢું છે, ઉનું છે. એ જ્ઞાનનો અંશ તેનાથી જુદો. એમ જે જુદો '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ વિશ્વની ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતાં છતાં, તે-રૂપ નહિ થતો),...**' જ્ઞાયકસ્વભાવભાવ ત્રિકાળ સ્વભાવભાવ, ઈન્દ્રિયો, વિષયો અને ખંડ એને જાણતા છતાં તે રૂપ તે થતો નથી. અરે! કહો, પ્રકાશદાસજી! શું છે આ તે? આવો ચૈતન્ય સાહેબ! આ તો સ્વાધ્યાયનો કાળ છેને શાંતિનો? ઓલા ચાર મહિનામાં તો ધમાલ મોટી. હજારો માણસો દોડાદોડ અને દસ માઈલ. દોઢને? કુરાવડથી દોઢ માઈલ. દોઢસો માઈલ. ક્યાં ગયા હિંમતલાલ? .. માણસો બહુ. કુરાવળમાં બહુ માણસો. ત્રણ વ્યાખ્યાન. ત્યાંથી સાંજે ઉઠીને ગયાને ચાર માઈલ? .. ત્યાંથી ૧૧૦ માઈલ. દોઢસો માઈલ ઉદયપુર અને શરીરમાં બરાબર સરખાઈ નહિ. નબળાઈ હોય છેને. ઓલા ભાઈઓ. તાવ તો રહે થોડોક.

આખી રાત તાવ હોય સવારમાં સરખું થઈ જાય. અહીં કાંઈ ખબર ન પડે હોં. નબળાઈ જરી લાગે. પણ એ કરતા સ્વાધ્યાય.. શાંતિ.. આ કાંઈ વ્યાખ્યાન છે? આ તો સ્વાધ્યાય છે.

જુઓને '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ? વિશ્વથી ઉપર તરતો...**' એટલે? જડ ઈન્દ્રિયો શબ્દરૂપ આદિ ભગવાનની વાણી અને ભગવાન અને ખંડ ઈન્દ્રિય. એનાથી જુદો રહેતો. એમ. વિશ્વની ઉપર તરતો એ બધું વિશ્વ. ખંડ ઈન્દ્રિય. આહા..હા..! જડ ઈન્દ્રિયો આ અને ભગવાનની વાણી અને ભગવાન અને બાયડી, છોકરા, દેશ, કુટુંબ. એ વિશ્વની ઉપર તરતો. '**(અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો),...**' જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવ જડને જાણતાં છતાં એ ૩૮માં આવી ગયું છે ૩૮માં. અરૂપી નહિ? અરૂપી. સદા અરૂપી. આવ્યું હતું. ભાવનગરમાં. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું જે જ્ઞાનમાં નિમિત્ત છે, છતાં તે જ્ઞાન તે રૂપે પરિણમતું નથી. આહા..હા..! જ્ઞાયકસ્વભાવ એ ખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને પરને જાણે છે છતાં તે રૂપે થતું નથી જ્ઞાયકસ્વરૂપ.

'**વિશ્વની ઉપર તરતો...**' એ હવાથી ભરેલી શું કહેવાય? રબ્બરની મુશક. પાણી ઉપર તરે આમ ઉપર. એમ જ્ઞાયકભાવ આખી ચીજ દુનિયાથી જુદી તરે એટલે જુદી રહે છે. આહા..હા..! એવો એ આત્મા છે. '**ઉપર તરતો (અર્થાત્ તેમના જાણતાં છતાં તે-રૂપ નહિ થતો),...**' એમ. ઉપર તરતો એટલે તે રૂપે નહિ થતો. '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' આહા..હા..! એ તો પ્રત્યક્ષ થાય છે એવું જ એનું સ્વરૂપ છે. રાગ અને મનથી જણાય એવી એ ચીજ જ નથી. એ તો પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જાણે એ જ એનું સ્વરૂપ છે. આહા..હા..! '**પ્રત્યક્ષ ઉદ્યોતપણું...**' પ્રત્યક્ષથી પ્રગટરૂપ ઉદ્યોત-પ્રકાશ '**સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' છે. સદાય અંતરંગમાં ચૈતન્ય ભગવાન નિત્ય પ્રભુ ધ્રુવ સ્વભાવ, ટંકોત્કીર્ણ, ટાંકણાથી કોતરેલી મૂર્તિ અંદર એવી અરૂપી ચૈતન્યઘન મૂર્તિ પ્રકાશમાન છે. એનું નામ ભગવાનની સ્તુતિ કહેવાય છે.

'**અવિનશ્વર,...**' છે. કેવો છે એનો સ્વભાવ? અવિનશ્વર-કોઈ દિ' નાશ નહિ. વસ્તુ છેને. સત્ છે તેનો સ્વભાવ જ્યાં સત્ત્વ છે બેય અવિનાશી છે. વસ્તુ અવિનાશી અને એનો જ્ઞાન આદિ, આનંદ આદિ નિત્ય સ્વભાવ અવિનાશી છે. '**સ્વતઃસિદ્ધ...**' છે. એને ટકવા માટે કોઈના આશ્રયની જરૂર નથી. સ્વતઃસિદ્ધ છે. પોતાથી દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વતઃસિદ્ધ છે. વસ્તુ સ્વતઃસિદ્ધ, એનો ગુણ સ્વતઃસિદ્ધ અને એની પર્યાય સ્વતઃસિદ્ધ. કોઈની અપેક્ષા રાખ્યા વિના એ સ્વતઃસિદ્ધ છે. આહા..હા..! આવો આત્મા છે. એવા આત્માને અંદર અનુભવે એનું નામ સાચી સ્તુતિ છે અને એનું નામ સમ્યગ્દૃષ્ટિ જિન કહેવામાં આવે છે લ્યો! આહા..હા..!

મુમુક્ષુ :- ઘણું ..

ઉત્તર :- ઘણા આપ્યા છે. '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' સદાય પ્રગટરૂપ વસ્તુ છે. વસ્તુ છેને. સદા ઉદ્યોતપમાથી પ્રકાશમાન. '**અવિનશ્વર, સ્વતઃસિદ્ધ...**' છે. '**અને પરમાર્થસત્---**' લ્યો! પરમાર્થે સત્. '**એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' અહીં તો પાછું એ. એવો ભગવાન અંદર જ્ઞાનસ્વભાવને ભગવાન કીધો. આત્મા તો ભગવાન છે, પણ એનો જ્ઞાન સ્વભાવ પણ ભગવાન છે. ગુણી ભગવાન છે પણ ગુણ પણ ભગવાન છે. આહા..હા..! હવે એ પોતે છે એની ખબર ન મળે અને ધર્મ કરનારો એ. એ કોણ એની ખબર નથી. લ્યો કરો ધર્મ. ધર્મ કરો આપણે ધર્મ કરવો છેને. ક્યાં પણ ધર્મ કરનારો કેવડો કોણ છે એની ખબર વિના? ધર્મ તો પર્યાય છે. પર્યાય છે.

મુમુક્ષુ :- ધર્મ કરવાનું કામ છે કે પર્યાય-દ્રવ્યનું કામ છે?

ઉત્તર :- કામ તે કોનું? ધર્મ કોને કહેવો અને ક્યાં થાય? કોને આધારે થાય? થાય તો એ શું દશા? એને સમજ્યા વિના ધર્મ? લ્યો કાંટે કાંટો કાઢવો. એમ કહે છે એ લોકો. કાંટે કાંટો કાઢવો ધૂળેય નીકળે નહિ કાંટે કાંટો કાઢવો સાંભળને હવે. પાપ છે એ પુણ્યથી નીકળે. અહીં તો પુણ્ય અને પાપ તો ક્યાંય દૂર રહ્યા. ખંડ ઇન્દ્રિયને પણ પરદ્રવ્ય કહીને એનાથી જુદો તરતો રહ્યો છે એવો આત્મા છે. એને આત્મા કહીએ. ખંડ ઇન્દ્રિયમાં ભળે એને આત્મા ન કહીએ. આહા..હા..! શરીરમાં એકમેક થાય, માન્યતા એને આત્મા ન કહીએ. આહા..હા..! અને મને મારી ચીજમાં લાભ, સંયોગી ચીજ નિમિત્તથી થાય એને આત્મા ન કહીએ એમ કહે છે. લાભ તે તારી પર્યાયમાં જડને આશ્રયે થાય? કે પરને આશ્રયે થાય? કહો, આવું સ્વરૂપ છે. એ આત્માનું આવું સ્વરૂપ છે. મલુપચંદભાઈ! અંદર આત્મા છે એ. પણ ધંધા આડે નવરાશ ન મળે અને આખો દિ' આહા..હા..! રળવું.

'**એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' જુઓ! છે? '**भगवता ज्ञानस्वभावेन**' એમ છેને અંદર? ભગવતા ભગવાન છું. ભગવત્ સ્વરૂપ જ્ઞાનસ્વભાવ ત્રિકાળ હોં ત્રિકાળ વસ્તુ. કાયમ. એવો જે જ્ઞાનસ્વભાવ '**सर्वेभ्यो द्रव्यान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं संचेतयते**' સંચય એટલે અનુભવે. '**स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुतिः।**' એને ભગવાનની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. ભગવાન જ્ઞાનસ્વભાવી વસ્તુ એમાં એકાકાર થાય, ખંડ ઇન્દ્રિય આદિથી જુદો પડે એને ભગવાનની સાચી સ્તુતિ એક પ્રકારની કહેવામાં આવે છે. બીજા પ્રકારની કહેશે. ૩૨માં બીજા પ્રકારની, ૩૩ ત્રીજા પ્રકારની. એટલે આ પહેલા પ્રકારની.

'**આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.**' ભગવાન જેવો છે એવો એમાં એકાગ્ર થયો એમાં એ રીતે સ્વીકારીને એકાગ્ર થયો એને નિશ્ચયસ્તુતિ કહેવામાં આવે છે. જેવો એ છે એવો અંદર સ્વીકારીને એકાગ્ર થયો ત્યારે એને છે એમ માન્યું ત્યારે એણે છે એની સ્તુતિ કરી, આ છે તે આત્મા. ત્યારે એના ગુણગ્રામનો સ્વીકાર થયો એને ગુણની સ્તુતિ

કહેવામાં આવે છે. આહા..હા..! '**(જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો,...**' કૌંસમાં. જડ ઇન્દ્રિય જ્ઞેય છે આ. જ્ઞેય શબ્દે પરજ્ઞેય હોં. જણાવાલાયક છે એ. જાણનારમાં એ નથી. '**ભાવેન્દ્રિયો...**' જ્ઞેય છે. જાણનારમાં નથી. જ્ઞેય છે. આહા..હા..! જાણનાર એવો ભગવાન એમાં ભાવેન્દ્રિય નથી કહે છે. એ તો જ્ઞેય છે, પર છે. આહા..હા..!

'**ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો...**' એક બાજુ જ્ઞેય. '**અને જ્ઞાયક પોતે આત્મા---**' જાણનાર ભગવાન આત્મા. થોડું પણ એકલું માખણ છે. થોડું પણ સત્ છે આ. તેથી માથે કહ્યુંને પરમાર્થ સત્ એવો ભગવાન. આહા..હા..! પરમાર્થ સત્ એવો જ્ઞાનસ્વભાવ ભગવાન પૂર્ણ. એવો એનો સ્વભાવ. એની સન્મુખ, એનો આદર થયો સન્મુખ કર્યો તે. આદર થયો એ એની સ્તુતિ કહેવામાં આવે છે. એના સન્મુખ થઈને એકાગ્ર થયો એ એણે આદર કર્યો. એનાથી વિમુખ હતો તો અનાદર કરતો હતો. શું ચાલે છે આ? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગુણગ્રામ

ઉત્તર :- ગુણગ્રામ એટલે ભક્તિ અને સ્તુતિ અને ધર્મ. કેમ થાય એની વાત ચાલે છે. એ ઓલા ચાર બોલ વ્યવહારના લીધા છે નહિ? આવે છે. બાર અંગનું જ્ઞાન, એની ભક્તિ. એની ભક્તિ લેવી, સમુદઘાત અને નિવૃત્તિ પરિણામની. એમ લીધું. વ્યવહારની. એટલે ઓલો પત્ર આવે છે કે જુઓ એ ધર્મ છે. એ ધર્મ નથી. અંદર વીતરાગભાવરૂપે પરિણમતો જીવ સમુદ્‌ઘાત વખતે કે બહારના જ્ઞાન વખતે. વીતરાગભાવરૂપે પરિણમતો જીવ તે ધર્મ છે. અને તે કર્મના છેદનું કારણ છે. સંસારરૂપી કર્મનું આમાં વાદવિવાદે ચડે તો કાંઈ પાર આવે એવું નથી.

મુમુક્ષુ :- વાદવિવાદને અવકાશ જ નથી.

ઉત્તર :- અવકાશ નથી. આ શાસ્ત્રમાં આમ કહ્યું છે, આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. જીવદયાને ધર્મ કહ્યો છે, જીવદયાને જીવનો સ્વભાવ કહ્યો લ્યો! પણ શેની? જીવનો સ્વભાવ કહ્યો એ કઈ દયા? પોતાના ભાવમાં સ્વભાવની રાગરહિત સ્વભાવ એ જીવદયા, પરની જીવદયા તો રાગ છે. આહા..હા..! એ તો હિંસા છે. પરની દયાનો ભાવ એ તો રાગ છે, રાગ છે તો હિંસા છે. એ અંદર શબ્દો આવેને. પાઠમાં ઘણા આવે છે. પદ્મનંદિમાં આવે છે, અષ્ટપાહુડમાં આવે છે. એ ઠેકાણે વ્યવહાર દયા ગણીને નિશ્ચયની સાથે એનો ઉપચાર કહ્યો છે. કોઈ ઠેકાણે દયા નિશ્ચય ગણીને વીતરાગ પરિણતિને ધર્મ કહ્યો છે. એમ છે. કોઈ વખતે શુભભાવને સારી ગણીને તેને પણ નિર્જરાનું કારણ કહ્યું. ઉપચારથી. હવે એને પકડે કે મોક્ષમાર્ગ બે. લ્યોને. બે માર્ગ કહેવો એટલે બે છે? અને બેના બે ફળ? નિશ્ચયમોક્ષમાર્ગનું મોક્ષ ફળ અને વ્યવહાર મોક્ષમાર્ગનું? બંધફળ. મોક્ષ બે આવ્યા એના? એક વ્યવહારમોક્ષ અને એક નિશ્ચયમોક્ષ બે છે? માણસને. કહો, પંડિતજી! આ તો એમાં એવું છે. જીવાદિ.. પંચાસ્તિકાયમાં.

મુમુક્ષુ :- આમાં પણ આવે છે.

ઉત્તર :- આમાં આવ્યું નહિ આપણે? નિયમસારમાં આવ્યું કે નહિ? ભેદોપચાર રત્નત્રય. પરંપરા મુક્તિનું સિદ્ધિનું કારણ. નિયમસારમાં. ૫૧ થી ૫૫માં.

એ '**જ્ઞાયક પોતે આત્મા...**' એ ત્રણ. '**એ બન્નેનું અનુભવન, વિષયોની આસક્તતાથી,...**' એટલે પર્યાયબુદ્ધિથી, અંશબુદ્ધિથી, પરમાં એકત્વબુદ્ધિથી '**એક જેવું થતું હતું;...**' એક જેવું લાગતું હતું. '**ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું...**' આવ્યું હતુંને એ નિર્મળ ભેદ અભ્યાસની પ્રવિણતાથી. આહા..હા..! એનાથી જુદો પડી, અભ્યાસ કરી જુદો પાડવાનું. એને '**ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું.**)' જ્ઞેયજ્ઞાયક સંકર. સંકર એટલે બેય એકત્વ. જણાવાયોગ્ય ચીજ અને જાણનાર બે એક હતું એવું જે માન્યું હતું એ દોષ દૂર થયો. કહો, સમજાય છે કાંઈ? ત્યારે એને સમકિત થયું એમ કહે છે. નહિતર એ જ્ઞેય અને જ્ઞાયક માનતો ત્યાં સુધી મિથ્યાત્વ હતું એમ કહે છે. એ ૩૧ પૂરી થઈ.

## ગાથા-૩૨

**अथ भाव्यभावकसङ्करदोषपरिहारेण---**

**जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति।।३२।।**
**यो मोहं तु जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।**
**तं जितमोहं साधुं परमार्थविज्ञायका ब्रुवन्ति।।३२।।**

**यो हि नाम फलदानसमर्थतया प्रादुर्भूय भावकत्वेन भवन्तमपि दूरत एव तदनुवृत्तेरात्मनो भाव्यस्य व्यावर्तनेन हठान्मोहं न्यक्कृत्योपरतसमस्तभाव्यभावकसंकरदोषत्वेनैकत्वे टंकोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन द्रव्यान्तरस्वभावभाविभ्यः सर्वेभ्यो भावान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं संचेतयते स खलु जितमोहो जिन इति द्वितीया निश्चयस्तुतिः**

**एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकाय-**

सूत्राण्येकादश पंचानां श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणामिन्द्रियसूत्रेण पृथग्व्याख्यातत्वाद्व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી સ્તુતિ કહે છેઃ-

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

ગાથાર્થઃ- [यः तु] જે મુનિ [मोहं] મોહને [जित्वा] જીતીને [आत्मानम्] પોતાના આત્માને [ज्ञानस्वभावाधिकं] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક [जानाति] જાણે છે [तं साधु] તે મુનિને [परमार्थविज्ञायकाः] પરમાર્થના જાણનારાઓ [जितमोहं] જિતમોહ [ब्रूवन्ति] કહે છે.

ટીકાઃ- મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મ ભાવ્ય, તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને, સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ(નિશ્ચલ) અને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે (મુનિ) અનુભવે છે તે નિશ્ચયથી 'જિતમોહ જિન' (જેણે મોહને જીત્યો છે એવો જિન) છે. કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ સમસ્ત લોકના ઉપર તરતો, પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનાશી, પોતાથી જ સિદ્ધ અને પરમાર્થસત્ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.

આ રીતે ભાવ્યભાવક ભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.

આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે; તેમાં 'મોહ' પદને બદલીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય મૂકીને અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ પાંચનાં સૂત્રો ઇંદ્રિયસૂત્ર દ્વારા જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં; એમ સોળ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

ભાવાર્થઃ- ભાવક જે મોહ તેના અનુસાર પ્રવૃત્તિથી પોતાનો આત્મા ભાવ્યરૂપ થાય છે તેને ભેદજ્ઞાનના બળથી જુદો અનુભવે તે જિતમોહ જિન છે. અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે. અહીં મોહને જીત્યો છે; તેનો નાશ થયો નથી.

## ગાથા-૩૨ ઉપર પ્રવચન

'**હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી (નિશ્ચય) સ્તુતિ કહે છે :--**' લ્યો! ઉપશમ શ્રેણીની વાત છે આ. એટલે શું? ભાવ્યભાવક. કે વસ્તુ ભિન્ન જાણી છતાં કર્મનો ઉદયનું ભાવ એના તરફને અનુસરીને જે થતી પર્યાય એ બે થાય છે એવું એકપણું છે એને ન થાય, સ્વભાવ તરફ જોડાઈને કર્મના ભાવકપણાની યોગ્યતા થઈને ભાવ્ય જે દશા થાય એ ન થાય એને ભાવ્યભાવકના સંકરદોષ દૂર કર્યો એમ કહેવામાં આવે છે.

**जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति।।३२।।**

પરમાર્થના જાણે એમ કહે છે. અહીં એમ કહ્યું. ઓલામાં નિશ્ચય સ્થિત સાધુ આમ કહે છે એમ કહ્યું.

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

એનો ગાથાર્થ લઈએ. '**જે મુનિ મોહને...**' જુઓ, અહીં મોહ શબ્દ વાપર્યો છે પણ એ અસ્થિરતાના મોહની વાત છે, ભાઈ! રાગની અસ્થિરતા. ભાવક જે ઉદય કર્મ એને અનુસરીને રાગાદિ પર્યાય થાય એ ભાવ્ય. બેની એકતા એટલે થતું. નિમિત્તને લક્ષે ભાવ્ય થતું તેને આમ સ્વભાવ તરફ ઢળીને થતું નથી એને બીજા નંબરની સ્તુતિ, ઊંચી સ્તુતિ કહેવામાં આવે છે. બીજા નંબરની એટલે? ઓલા પહેલા નંબરની ઊંચી અને બીજા નંબરની હલકી એમ નહિ અહીં. બીજા પ્રકારની સ્તુતિ એમ. શું કહ્યું જુઓ, '**જે મુનિ મોહને જીતીને...**' એટલે કે કર્મ તરફના વલણના ભાવને છોડી દઈને. '**પોતાના આત્માને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી...**' અન્યદ્રવ્યભાવોથી '**અધિક જાણે છે...**' જુદો જાણે છે. કર્મના નિમિત્ત તરફનું વલણ છે, સંકરદોષ ટળ્યો, પણ હજી ભાવ્યભાવક દોષ રહ્યો. શંકરદોષમાં મિથ્યાત્વદોષ હતો. આમાં ચારિત્રની અસ્થિરતાની ભાવ્યતાનો દોષ છે.

એ '**मोहं तु जिणित्ता**' કર્મના નિમિત્ત તરફના વલણવાળો ભાવ ન થવા દેવો અને સ્વભાવ તરફ ઝુકવું. આહા..હા..! એને બીજા પ્રકારની સાચી, સારી, પહેલા કરતાં ઊંચી સ્તુતિ કહેવામાં આવે છે. બીજા પ્રકારની. બીજા નંબરની નહિ. સમજાણું? બીજી સ્તુતિ શબ્દ છેને? બીજા નંબરની એમ નથી. બીજી. સ્તુતિનો બીજો પ્રકાર. સ્વરૂપમાં શુદ્ધતામાં એકાગ્ર થઈને જ્ઞેય અને જ્ઞાયકની એકતા તોડવી, સ્વભાવની એકતા થવી એ પહેલી સ્તુતિ. સમ્યગ્દર્શન

અને સમ્યગ્જ્ઞાનનો અંશ ચારિત્ર એ પહેલી સ્તુતિ. પછી આગળ વધીને કર્મના નિમિત્ત તરફની યોગ્યતા જેટલી ભાવ્ય થવાની એ ન થાય એ ભાવ્યભાવકનો સંકરદોષ એને ટાળે સ્વભાવ તરફ વળે ઠરવામાં. એનું નામ બીજી સ્તુતિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો ઉપલા ગુણસ્થાનની વાત છે.

‘**અધિક જાણે છે તે મુનિને પરમાર્થના જાણનારાઓ જિતમોહ કહે છે.**’ ક્ષિણમોહ નથી. મોહનો હજી નાશ થયો નથી, પણ ઉપશમ કરે છે. સ્વભાવ તરફ જુકાઈને મોહનો ઉપશમ-ઠારે છે. એને અહીંયાં જિતમોહ કહેવામાં આવે છે. આમાં એ કાઢે છે લ્યો જુઓ, ભાવકથી ભાવ્ય થાય. અહીં તો થાય છે એ પોતામાં નિમિત્તને અનુસરીને. એને અહીં તોડવાની વાત છે. જ્યાં સુધી સમ્યગ્દર્શન થયું, આત્માનુભવ થયો છતાં કર્મના નિમિત્તનો ઉદય આવતાં એને અનુસરીને વર્તમાન પર્યાયમાં વિકારનું, રાગનું ભાવ્ય જે હતું એ ન થાય, અહીં નિર્મળ પર્યાય આ બાજુ ઢળીને થાય એનું નામ ભાવ્યભાવક સંકરદોષ દૂર કર્યો કહેવાય છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? દિલીપ!

મુમુક્ષુ :- દરિયો તોફાને ચડ્યો છે.

ઉત્તર :- દરિયો તોફાને ચડી ગઈ છે અનાદિથી. હવે આ તો તોફાન ઉતારવાની વાત છે. જે આ બાજુ જ્ઞાયકભાવ તરફ પરજ્ઞેય અને જ્ઞાયકની એકતા હતી એ તૂટી. એ પહેલા પ્રકારની સ્તુતિ, પણ પછી હજી અસ્થિરતાનો ભાવ ભાવ્યરૂપ યોગ્યતાથી, પોતાની યોગ્યતાથી થાય છે. એ ત્યારે ભાવકને નિમિત્ત કહેવાય છે. અસ્થિરતા પોતાની યોગ્યતાથી થાય છે. ભાવક કર્મ નિમિત્ત છે. એ અસ્થિરતાને ન થવા દેવી અને કર્મને ઉપશમ કરવો, ઠારવો એનું નામ ભાવ્યભાવકની અસ્થિરતાની એકતા હતી એ તોડી એમ કહેવામાં આવે છે. આહા..હા..! આમાં નવા માણસને સમજાય એવું છે. જે છે એ આ પ્રમાણે છે. ન્યાય તો કહેવાય છે.

ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને વિષયો, એનાથી ભિન્ન પડેલું જ્ઞાયકભાવ એને જ્ઞાયકપણાનો અનુભવ થયો, પણ એ સમ્યગ્દર્શન ને જ્ઞાન અને સ્વરૂપ આચરણની સ્થિરતા અપેક્ષાએ એટલો થયો, પણ હજી અસ્થિરતા બાકી છે. જો અસ્થિરતા બાકી ન હોય તો કેવળજ્ઞાન થઈ જાય. એથી અસ્થિરતામાં કર્મ ભાવક જે નિમિત્ત છે, ભાવક. શબ્દ એમ છેને? ભાવનો કરનાર એટલે ભાવક એમ કહ્યું ચોથે. આસ્રવ અને આસ્રવક ૧૩મી ગાથામાં. આસ્રવક. અહીં તો નિમિત્તના પ્રધાનથી કથન છે. એનો સ્વભાવ નથી એથી એનાથી થયો એમ કહેવામાં આવે છે. પણ એ પોતે પોતાની યોગ્યતાથી થાય ત્યારે કર્મને ભાવ કરનારો એમ કહેવામાં આવે. ભારે વાંધા. ભાવક એમ શબ્દ છેને જુઓ. પાઠમાં અહીં હશે જુઓ.

ટીકા હવે જુઓ ‘**મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે...**’ ટીકા. સમ્યગ્દૃષ્ટિ જીવને પણ પહેલી સ્તુતિમાં આવ્યો છતાં બીજા નંબરની

સ્તુતિને લાયક થાય છે ત્યારે કેવું થાય છે એનું આ સ્વરૂપ છે. મોહકર્મ એટલે ચારિત્રમોહ. મિથ્યાત્વમોહ નથી. '**ફળ દેવાના સામર્થ્ય વડે...**' કર્મનો ઉદય સત્તાના કર્મની સત્તામાં. એના અસ્તિત્વમાં કર્મનો ઉદય કર્મના અસ્તિત્વમાં આવ્યો છે. કર્મ સત્તારૂપે છે, ઉદય પ્રગટરૂપ આવ્યું, પણ એ તો અજીવપણે આવ્યું છે એ. એ પોતાના '**ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે...**' કર્મનું નિમિત્તપણું, ઉદય જે થયો એ ભાવકપણે પ્રગટ થાય છે. '**તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' હવે સમ્યગ્દષ્ટિ હોવા છતાં ભાવકને અનુસારે ભાવ્ય નામ વિકાર થવાની લાયકાત છે. છે પોતાથી. આહા..હા..! ભારે તકરાર કરે છે આ એક એક ગાથામાં. જુઓ, ભાવકપણે પ્રગટ થાય છે. એ ભાવ કરાવવાપણે પ્રગટ થાય છે. શબ્દ તો એવો છે.

જે કાંઈ રાગની અસ્થિરતા થાય છે ભાવ્ય. એ પોતાને કારણે છે. એમાં નિમિત્ત કર્મ છે એથી ભાવક. કારણ કે સ્વભાવ નથી એટલે એ કરનારો છે એમ ઉપચારથી કહ્યું. ભાવક. કર્મનો ઉદય ભાવનો કરનારો. ક્યા ભાવનો? કે અહીં ભાવ્ય જે રાગ થાય એનો. સ્વભાવ તો કરનાર છે નહિ રાગનો. આહા..હા..! ભારે આવું. ભાઈ આ સમ્યગ્દર્શન પછી પણ આ એક બીજા નંબરની સ્તુતિ, પછી ત્રીજાની કહેશે.

મુમુક્ષુ :- એટલે ભગવાન થાશે.

ઉત્તર :- એટલે ભગવાન થઈ ગયો. આહા..હા..! એટલે કે જેણે ખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયોથી જુદો પડી જ્ઞાયકભાવને જાણ્યો, અનુભવ્યો એ તો પહેલા પ્રકારની એક ગુણની, ગુણની સ્તુતિ કહેવામાં આવે છે. હવે બીજા પ્રકારની સ્તુતિ કે જે કર્મનો ઉદય ભાવકપણે આવ્યો ફળ દેવાના સમર્થ એના અનુસારે જેની વર્તમાન પર્યાયમાં રાગ થવાની લાયકાત છે. રાગ-દ્વેષ આદિ વિકાર. એ લાયકાત જે પર્યાયની છે એને ભાવ્ય કહીએ. નિમિત્તને ભાવક કહીએ. ભાષા ભલે એમ હો, પણ વસ્તુસ્થિતિ તો એની યોગ્યતાથી થાય છે. જુઓ, ૧૩માં આવે છેને એકને નવ ન હોય. ત્યાં એ નાખે. પણ સાંભળને કઈ અપેક્ષા છે ત્યાં? આસ્રવ, પુણ્ય, પાપ, બંધમાં નિમિત્ત છે હયાતી, સંવર, નિર્જરા, મોક્ષમાં નિમિત્તનો અભાવ છે એટલી અપેક્ષા છે. એમ. એથી નવ પડે. એકમાં પોતાની મેળાએ નવ ન પડે. નિમિત્તનું લક્ષ જાય અથવા લક્ષ છૂટ્યું એટલો પણ ફેર પડ્યોને. આહા..હા..! હવે આ અભ્યાસ કરે નહિ અને આ લખાણના શબ્દો વાંચીને સમજે નહિ અને ભડકે. જુઓ, સોનગઢવાળા કહે છે કે કર્મને લઈને વિકાર નહિ. આ તો ઉપશમ શ્રેણીવાળાને પણ ભાવકપણે કર્મ આવે અને વિકાર થાય એમ કહ્યું છે અહીં. એનો અર્થ એ કે જેની નિમિત્ત તરફના વલણવાળી હજી લાયકાત છે પોતાને કારણે હોં. એવી જે લાયકાત છે. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, સ્વરૂપાચરણ થયું છતાં પૂર્ણ સ્વરૂપની સ્થિરતા થઈ નથી. એટલી અસ્થિરતામાં કર્મનું નિમિત્તપણું ભાવક

છે અને એને અનુસરીને, દ્રવ્યને અનુસરીને ન થાય. દ્રવ્યને અનુસરીને બહારનું વિકાર હોય જ નહિ. એટલે નિમિત્તને અનુસરીને થવાની જે લાયકાત છે ભાવ્ય એને તોડી નાખે છે. એ ભાવ્ય થવા દેતો નથી. આહા..હા..! ભારે વાતું!

'**તેના અનુસારે...**' જોયું! નિમિત્તને અનુસારે પોતાની યોગ્યતા હતી જીવની. '**જેની પ્રવૃત્તિ છે...**' અનુસારે જેની પ્રવૃત્તિ છે. પર્યાયમાં કર્મના નિમિત્ત તરફના વલણવાળી જે યોગ્યતાની જેની પ્રવૃત્તિ છે. જીવની. સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં. '**પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા---ભાવ્ય,...**' જોયું! પોતાનો આત્મા જે ભાવ્ય. રાગપણાની યોગ્યતાથી થતી દશા એને અહીંયાં ભાવ્ય કહે છે અને એમાં કર્મનું નિમિત્ત એને ભાવક કહે છે. '**તેને ભેદજ્ઞાનના બળ વડે...**' હવે જે નિમિત્તને અનુસરીને ભાવ્ય વિકાર હતો તેને અંતરમાં એકાગ્ર દ્વારા ભેદજ્ઞાન એ. એ સમયની નિમિત્તના અનુસરીને થતી વિકારદશા એને નિમિત્ત તરફનું લક્ષ છોડી અને સ્વભાવ ઉપર વધારે લક્ષ કર્યું ત્યારે '**ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી...**' એટલે? કે ભાવક તરફનું ભાવ્ય ન થાય એને દૂરથી પાછો વાળ્યો. થયો અને વાળ્યો એમ નહિ કહે છે. થયો થઈ ગયું એ તો. આહા..હા..!

વસ્તુ ભગવાન ચૈતન્ય સ્વભાવ પરિપૂર્ણનો અનુભવ, ભાન હોવા છતાં જેની યોગ્યતા પર્યાયમાં કર્મના ભાવકના નિમિત્તને અનુસરીને જે સ્વભાવને અનુસરીને પૂર્ણ થઈ જાય તો વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ? ઝીણું છે આ તો બહુ. સમ્યગ્દષ્ટિને પણ પોતાની પર્યાયમાં કર્મના નિમિત્તને અનુસરીને થતી જે લાયકાત રાગની. એને ન થવા દેવી એટલે કે તેના તરફનું અનુસરણ છૂટી જાય અને સ્વભાવ તરફનું અનુસરણ-અનુકરણ વિશેષ વધી જાય એને બીજા પ્રકારની ઊંચી સ્તુતિ કહેવામાં આવે છે. ફરીને જુઓ. સ્તુતિ કેમ કહી? કે નિમિત્તને અનુસરીને જે વિકાર થવાની લાયકાત પર્યાયમાં હતી એને આ બાજુ વાળી એટલે એકાગ્ર થયો આ બાજુ એનું નામ ગુણની સ્તુતિ, એનું નામ ગુણની ઉપશમ સ્તુતિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જોરદાર સ્તુતિ છે.

ઉત્તર :- જોરદાર સ્તુતિ. એથી જોરદાર તે દિ આવશે. ગુણી એવો જે ભગવાન આત્મા એને ખંડજ્ઞાનથી જુદો પાડ્યો, પણ હજી અસ્થિરતાથી જુદો નથી થયો. અસ્થિરતાથી જુદો થઈ જાય તો સ્થિર થઈ જાય અંદર. એથી કહે છે કે જે આત્માની ભાવક નિમિત્ત કર્મના અનુસાર યોગ્યતા જે ભાવ્યની હતી એને દૂરથી પાછો વાળ્યો. એટલે કે તે તરફના વલણને છોડી દીધું. નિમિત્તના વલણવાળી ભાવ્યતા એ છોડી દીધી. સ્વભાવને અનુસરીને થયો એને બીજા નંબરની સ્તુતિ કહેવામાં, બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. વધી ગયોને ગુણમાં એ? સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવે છે, પણ હવે ભાવ તો જે હોય એ આવે.

કરોડને કરોડ કહેવા હોય તો ભાષા તો કરોડની જ આવે. કરોડને સો કહે તો સમજાય કરોડ? .. કરોડ, સો કરોડનો એક અબજ, સો લાખનો એ કરોડ. ત્યારે .. કરોડની સંખ્યા. સો કરોડ, સો લાખનો એક કરોડ. ... એ ભાષા એટલી એવડી હોય એની. સો લાખનું એક કરોડ. ત્યારે એને હળવું કરો તો સમજાય. બહુ સમજ્યો નથી. લાંબી સંખ્યાને જાણતો નથી એટલે બીજી શી રીતે કહેવું? એ કહો. કહો, પંડિતજી! એમ આનું હળવું કરો કાંઈક સમજાય એવું, પણ આ મોટી સંખ્યાને નથી સમજતા માટે આવડી મોટી સંખ્યાને હળવી સંખ્યાએ સમજાવો. બીજી કાઢે શી રીતે? એની સ્થિતિ જ એવી છે એટલા સંખ્યામાં આ પ્રમાણે.

'**ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' એમ ભાષા લીધી છેને. એમ ક્યાં કીધું કે ભાવકે કરાવ્યું છે? '**તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' હજી નિમિત્ત તરફનું વલણ છે પોતાની યોગ્યતામાં. તદ્દન સ્વરૂપ તરફ ઢળી ગયો હોય તો તો નિમિત્ત તરફ વલણ હોય નહિ. એમ કહ્યું તો ચોખ્ખી વાત આમ છે. આ મોટી તકરાર છે આ ગાથાની. આહા..હા..! આવા ને આવા. હજી આ લોકો ફરિયાદ કરે. '**એવો જે પોતાનો આત્મા---ભાવ્ય,...**' દેખો! ભાવ્ય નામ રાગ અને વિકારની પર્યાય થવા લાયક એ ભાવ્ય. '**તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...**' તિરસ્કાર કર્યો, એ અભાવ નથી કર્યો, ઉપશમ કર્યો. વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૧૦, બુધવાર, તા. ૨૧-૦૬-૧૯૭૨
## ગાથા-૩૨, પ્રવચન-૧૦૪

સમયસાર. ૩૨મી ગાથા. ભાવ્યભાવક સંકરદોષ દૂર કર્યો. આ એક સ્તુતિ છે. પોતાનો આત્મા અનંત ગુણસંપન્ન સ્વભાવ તેમાં એકાગ્ર થવું સ્વસન્મુખ પરિણામે. એ પહેલા પ્રકારની સ્તુતિ. ... એવા અનંતગુણનો જેણે આદર કર્યો. એવી એ પહેલા પ્રકારની સ્તુતિ. આ બીજા પ્રકારની ચાલે છે. હજી અનંતગુણનો આદર કરીને, દ્રવ્યનો આદર કરીને. અંશ અને રાગને હેય જાણ્યો અને આને અંતર ઉપાદેય જાણ્યો. એ પહેલા પ્રકારની સ્તુતિ. હવે બીજા પ્રકારની

સ્તુતિ. એવું સમ્યગ્દર્શન હોવા છતાં જ્યાં સુધી જીવના એ કર્મના પાકના ઉદય અનુસાર પોતાની યોગ્યતા પ્રમાણે રાગની ભાવ્યદશા થાય એને ભેદજ્ઞાનના બળ વડે એના તરફના વલણને છોડી, સ્વભાવના વલણમાં રાગને ઉપશમ કરવો એ એક બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. એવું છે આ. પંડિતજી! એવું છેને એ?

**'મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે...'** ધર્મી છે, સમ્યગ્દૃષ્ટિ છે. આત્મા સ્વસન્મુખના પરિણામ વડે પોતાને જાણ્યો, અનુભવ્યો છે. છતાં એની દશામાં વિશેષ જે સ્તુતિ એટલે વસ્તુ તરફના વલણવાળી દશા, મોહને ઉપશમ કરીને જોઈએ એ ન હોય એની અહીં વાત છે. એ સ્તુતિનો અર્થ .. કહ્યો. ભગવાન આત્મા પોતાનું જે પૂર્ણ સ્વરૂપ એને તો સ્વીકાર્યું. સ્વીકાર્યું એટલે સન્મુખ પરિણામ થયા એ જ સ્વીકાર થયો. સમજાણું? વિમુખ પરિણામ હતા ત્યાં વસ્તુનો અસ્વીકાર હતો. એ વસ્તુના સ્વભાવ સન્મુખ પરિણામ થયા એવી આખી ચીજનો એને સત્કાર કર્યો, સ્વીકાર કર્યો માન્યું. એ પહેલાં પ્રકારની ભગવાન આત્માની કેવળજ્ઞાની આત્મા એની સ્તુતિ. આહા..હા..!

હવે આગળ એને બીજા પ્રકારની. નંબર બીજો નહિ. બીજો પ્રકાર. ચડિયાતો પ્રકાર. આહા..હા..! આ વર્ણવવાનો હેતુ એ વસ્તુની સ્થિતિમાં ગુણની એકાગ્રતાની તારતમ્યતા પડે છે હીનાધિકતા એના પ્રકાર એવા વસ્તુનો સ્વભાવ એવો છે એ જણાવવું છે. સમજાણું કાંઈ? વસ્તુને જાણી, જોઈ, અનુભવી છતાં પૂર્ણ સ્વરૂપમાં એકાગ્રતા નથી. અહીં સ્તુતિની અપેક્ષાએ વાત હોં! પૂર્ણ અંદર એકાગ્રતા નથી એને આ પ્રકાર પડે છે. ચૈતન્યનો સ્વભાવ જે અંતર્મુખ વળેલો છે છતાં જેની મોહકર્મનું ફળ ભાવકપણે પ્રગટ થાય કર્મ સામે. તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે. તેને અનુસારે. સ્વભાવને અનુસારે નથી પર્યાયમાં જ્યાં સુધી એની વાત છેને. **'તેના અનુસારે...'** આહા..હા..! જુઓને કેવી શૈલી વાપરી! એક એક સમયની સ્થિતિનું વર્ણન. અસ્તિત્વનું આવું વર્ણન. સત્ય વસ્તુને પામ્યા સિવાય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપનો અનુભવ હોવા છતાં તેની દશામાં કર્મના ભાવકપણું, ભાવક કહ્યોને? સ્વભાવ નથી એટલે ખરેખર તો એને ભાવ, ભાવ્ય જે વિકાર થવા લાયક એમાં એ ભાવક એ ભાવ કરનાર એ છે એમ કહેવું છે. કરનારો પોતે છે, પણ સ્વભાવ નથી એથી એને વિભાવ એવો જે ઉદયભાવ એને ભાવક કહેવામાં આવ્યો છે. ભાવ શબ્દ છેને. ભાવક. એ લોકો એમ કહે છેને ભાવનો કરનાર. ભાઈ! તું ભાવનો કરનારો ક્યારે કહેવાય? કે જ્યારે આ ભાવ્ય, એને અનુસારે રાગ કરે તો એને ભાવક કહેવામાં આવે છે. સમજાણું? ઝીણું છે આ.

**'એવો પોતાનો આત્મા---ભાવ્ય,...'** જોયું! ભાવ્ય એટલે અવસ્થામાં રાગ થવાને

વિકાર થવાને તેટલે અંશે લાયક છે. નિમિત્તને અનુસરીને, સ્વભાવને અનુસરીને નહિ. સમજાણું કાંઈ? નિમિત્તને અનુસરીને જે પોતાની લાયકાત તે તે સમયની, વિકારને યોગ્ય જે ભાવ્યદશા **'તેને ભેદજ્ઞાનના બળ વડે...'** એને અંતરમાં એકાગ્રતા દ્વારા એમ કહે છે. જીત્યો મોહને એટલી વાત છે અત્યારે. મોહનો નાશ કર્યો એ નહિ. ઉપશમ-દાબે છે. એવી એક ધારા છે એને ગુણની સ્તુતિ કરીને એને બીજા નંબરનું સ્તવન કહેવામાં આવે છે. આમ જોડાણ હતું તને ભેદજ્ઞાનના બળ વડે એટલે કે અંતરમાં એકાગ્રતાના જોર વડે જે નિમિત્તને અનુસરીને ભાવ્ય થવા લાયક વિકાર હતો એને ન થવા દીધો. એમાંથી ખસી ભાવ્ય થવાલાયક જે વિકારની પર્યાય સમકિતીને હોં! ઉપશમ શ્રેણીમાં. આહા..હા..! એ તરફની થવાને લાયકાત હતી એને ભેદજ્ઞાનથી એટલે સ્વભાવ તરફના ઝુકાવથી. પરનું અનુસરવાની લાયકાત હતી એને સ્વભાવ તરફના ઝુકાવથી. પંડિતજી! જુઓ, શું છે? આહા..હા..! કેવી વાત કરી. સમય સમયની નાડી પકડી છે.

જે સમયમાં ક્ષાયિક સમકિતી જીવ હોય. ગણધર મુનિ હોય, પણ જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત નથી ત્યાં સુધી એને કર્મ તરફના વલણવાળી દશા પર્યાયમાં છે. એને ભેદજ્ઞાનના બળ વડે એટલે એના તરફનું અનુસરવું છોડી દઈને સ્વભાવને અનુસરે જે છે. આવું. આ સ્તુતિ શું કહેવું એનું?

મુમુક્ષુ :- આવી સ્તુતિ ક્યા મંદિરમાં થાતી હશે?

ઉત્તર :- આ મંદિરમાં આત્મમંદિરમાં. ભગવાનના આત્મમંદિરમાં આ સ્તુતિ થાય.

મુમુક્ષુ :- પોતાના મંદિરમાં.

ઉત્તર :- પોતાના મંદિરમાં થાય.

મુમુક્ષુ :- આત્માનુભૂતિથી કેવળજ્ઞાન સુધી.

ઉત્તર :- એકાગ્ર થાય છે એકની સ્તુતિ એનું ફળ તે કાર્ય કેવળજ્ઞાનનું.

મુમુક્ષુ :- ..આત્માનુભૂતિ વ્યવસ્થા..

ઉત્તર :- .. એની વાત તો ચાલે છે. આત્માનુભૂતિ તો છે. એ ઉપરાંત મોહતરફના વલણવાળા ભાવને સ્વભાવને અનુસરીને તેને જીતે છે એને અહીંયાં બીજા નંબરની સ્તુતિની વાત કરે છે. બીજા પ્રકારની. ચારિત્રના દોષને પરતરફના વલણના ભાવને, સ્વતરફના વલણભાવ દ્વારા ઉપશમ કરે છે, જીતે છે એને બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. વાત તો ચોખ્ખી છે એમાં કાંઈ. આહા..હા..!

ભગવાન આત્મા પોતાના પૂર્ણ સ્વભાવ સન્મુખને અનુસર્યો નથી, જ્યાં સુધી કેવળજ્ઞાન નથી ત્યાં સુધી એને. જુઓ ઓલા વેદાંતમાં કહે છે કે ભાઈ અનુભવ આત્માનો? અનુભવ આત્માનો અને આત્માનો અનુભવ બે છે એટલે કાંઈ ભાન જ નથી. વેદાંત-વેદાંત. અહીં

તો કહે છે કે અનુભવ છે એના ઉપરાંત એક દશા છે બીજી. અને ત્રીજી એક દશા છે એમ ત્રણ દશાનું વર્ણન. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ પ્રભુ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ એને અવલંબ્યો, સ્વીકાર્યો, અનુભવ્યો, પ્રતીતમાં લીધો અને અંશે ઠર્યો. એ પહેલા પ્રકારની જિતેન્દ્રિય જિન એની સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! આ બીજા પ્રકારની. એને કર્મના ભાવક ઉદય છે સામે ચીજ તો છે કે નહિ? એને અનુસરીને ધર્મી જીવની એવા આત્માની ભાવ્ય નામ રાગ અને વિકાર થવાની લાયકાત હતી એ લાયકાત ન થઈ, સ્વભાવને અનુસર્યો ઉગ્રપણે એ લાયક ઉપશમ મોહ શબ્દે રાગ. સમજાણું કાંઈ? આહા..હા..! કેવું વર્ણન વસ્તુનું!

મુમુક્ષુ :- જીવ અધિકારમાં આવું વર્ણન!

ઉત્તર :- જીવની સ્તુતિ છે તો જીવ અધિકારમાં જ હોયને. એના ગુણની જેટલા અંશે એકાગ્રતા એટલા અંશે એની સ્તુતિ. જીવ અધિકારમાં જ એનું વર્ણન હોય. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

કહે છે '**એને દૂરથી જ પાછો વાળવાથી...**' એટલે? કે થવા ન દીધો એમ કહેવું છે. આ બાજુ વલણથી, ઉપશમ પુરુષાર્થથી. ઉપશમ પુરુષાર્થ, ક્ષાયિક પુરુષાર્થ નહિ? એટલે કે જે નિમિત્ત તરફ વલણ હતું એને દૂરથી એટલે થવા ન દીધું. આ બાજુ વલણથી ચૈતન્યના વલણથી '**દૂરથી જ પાછો વાળવાથી...**' ભાષા જુઓને પુરુષાર્થની કેટલી વાત છે! પોતે પુરુષાર્થથી પાછો વાળે છે.

મુમુક્ષુ :- એક સમયમાં આટલું બધું કામ?

ઉત્તર :- હા, એક સમયમાં એટલું થાય છે. કહો, શિવલાલભાઈ! આ સ્તુતિ આ જાતની. ઓલી સવારમાં બે ટોકરી વગાડીને શું કરે? દીવો કરેને ઘીનો. એ સ્તુતિનો વિકલ્પ ક્યારે વ્યવહાર કહેવાય? કે આ સ્તુતિમાં હોય તો. આ તો એકલી ભગવાનની સ્તુતિ અને ટોકરી વગાડીને જય ભગવાન. કલ્યાણ થઈ જશે. ધૂળેય નહિ થાય. ઓલું પરવલણવાળો ભાવ છે એમાં સ્વવલણવાળો ભાવ તો આવ્યો નથી અને આવ્યા વિના એને વ્યવહાર પણ કહેવાતો નથી. આહા..હા..! ભારે આકરું કામ. સાધક-સાધકને.. એ તકરાર. સાધક છે, વ્યવહાર સાધ્ય. પણ એ તો સાધકપણાનો ઉપચાર કર્યો સાંભળને.

મુમુક્ષુ :- એ સાંભળવા આવતો જ નથી.

ઉત્તર :- ઝાઝા માણસમાં કોક આવે. ફતેહપુરમાં આવ્યા હતા ઘણા. દેખાતા હતા એવા વિરોધ પક્ષના ટીકા કરતા. એની ચેષ્ટા ઉપરથી દેખાણી કે આ નથી માનતા પણ આવ્યા છે. સાંભળે તો ખરા. આ વાત શું કહે છે અને કઈ રીતે સત્ છે? સત્નું સ્વરૂપ જ આવું છે. આહા..હા..! એ સત્ પોતે સત્નું ભાન થયું છતાં પર્યાયમાં સત્પણું ન પ્રગટતા વિશેષ

એ ભાવ્ય નામ રાગપણું જે પ્રગટે એ એને અસ્તુતિ કહે છે. એને એટલે ગુણમાં એકાગ્રતા થઈ નહિ અને એને સ્વભાવ સન્મુખ થઈને દૂરથી એટલે કે નિમિત્ત તરફના વલણવાળો ભાવ થયો જ નહિ. સમજાણું કાંઈ?

'**દૂરથી જ પાછો વાળવાથી...**' ભાઈ! કર્મ પ્રમાણે ત્યાં કરવું જ પડે એમ ન આવ્યું આમાં. એય..! જે કર્મ ઉદય આવે એના પ્રમાણે એને વિકાર કરવો જ પડે. એ તો જૂઠી વાત થઈ. આહા..હા..! વીતરાગના વહેણ અલૌકિક વસ્તુને સિદ્ધ કરે છે. આહા..હા..! ભાઈ! એ કર્મ ભાવક થઈને આવ્યું ભલે કહે છે. જુઓને એમ. કેટલાક કહે છેને નિમિત્ત થઈને આવે તો એને વિકાર કરવો જ પડે. અરે! એમ ન હોય, ભાઈ! તો કોઈ દિ' તને મુક્તિ થાય નહિ. આહા..હા..! તદ્દન માન્યતા ઉલટી. સમજાણું કાંઈ? અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે અને એ પરમાત્મા તરફ જે વળ્યો છે. એવો સમ્યગ્દૃષ્ટિ જીવ ક્ષાયિક સમકિતી. તીર્થંકરાદિને ભલે ઉપશમ ભાવ ન આવે, ... બીજા ભાવની.. આ તો સ્થિતિનું વર્ણન કર્યું છે. બધાને આવો ઉપશમભાવ હોય એવું કાંઈ નથી. પણ વસ્તુ તરફના વલણમાં ત્રણ પ્રકાર છે એક પહેલું વર્ણન સમ્યગ્દર્શન, બીજું વર્ણન આ કર્મના ભાવકપણાના વલણવાળો ભાવ પોતાની યોગ્યતા પ્રમાણે જે થતો એને ન થવા દીધો. થવાનો હતો અને થવા દીધો એમ નહિ. એ ત્યાં એ તો કીધું દૂરથી પાછો વાળવાથી. એ તો નિમિત્તનો ભાવ્ય થયો, હવે એને પાછો વાળ્યો. એમ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? શું કીધું એ? શું કીધું એ? કાંતિભાઈ!

મુમુક્ષુ :- નિમિત્ત ન થવા દીધું.

ઉત્તર :- એટલો શબ્દ નહિ. એ ભાવ્ય થયો અને પાછો વાળ્યો એમ નથી. એથી કરીને એને અનુસારે આમ વૃત્તિ આમ પરિણતિ હતી ખરી, પણ એને દૂરથી પાછો વાળ્યો એટલે નિમિત્ત તરફનું અનુસરણ છોડી દીધું. એટલું સ્વભાવનું અનુસરણ કર્યું એમ. ભાવ્ય થયો અને જીત્યો એમ નહિ. ભાવ્ય થવા દીધો નહિ કેમ? કે પોતે '**દૂરથી જ પાછો વાળવાથી...**' નિમિત્ત તરફના વલણનું ભાવ અંતરના વલણથી દૂરથી પાછો વાળ્યો. આહા..હા..! કેટલી વાત છે! ગજબ ટીકા છેને. એય..! પર્યાય પર્યાયનું સ્વતંત્રપણું, એના પુરુષાર્થથી આ વલણ છે આમાં. એ પોતે ગુણ તરફ વળ્યોને જેટલો એટલી ગુણની સ્તુતિ કરી કહેવાય એમ કહે છે. સમ્યગ્દર્શનસહિતની વાત છે હોં. આહા..હા..! ગણધરદેવ પણ. એને ઉપશમ કોઈને ન હોય, પણ આ તો વસ્તુસ્થિતિ વર્ણવી. જેણે ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ સ્વરૂપ, તેનો અંતર સ્વીકાર સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, સ્વરૂપ આચરણ સ્થિરતા પણ કેટલીક થઈ. પણ વિશેષ સ્થિરતા નથી એવો પુરુષાર્થની કમીને લઈને ભાવક જે કર્મ તેના તરફ વલણવાળો પુરુષાર્થ એને કમી છે. ઉલટો છે. એ ઉલટો થવા ન દે એનું નામ અહીં ભાવ્ય

અને ભાવકનો સંકરદોષ ટાળ્યો એમ કહેવાય છે. એ દૂરથી જ પાછો વાળ્યો એટલે સ્વભાવ તરફ જ આમ વલણ કર્યું. ભાવક ભલે હો ત્યાં, પણ સ્વભાવ તરફ વલણ કર્યું એટલે ભાવ્ય થયું નહિ. એ ભાવ્ય થયું નહિ એણે મોહને જીત્યો, રાગને જીત્યો એમ કહેવામાં આવે છે. રાગને ઉપશમ કર્યો એમ. પોપટભાઈ! આ બધું જાણવું પડશે હોં. ઉપરટપકે થોડેઘણે નહિ પતે આમાં. તો કેમ થયો? કઈ રીતે પાછું એને.

જુઓને, ભાષા કેવી છે! '**ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' સમ્યગ્દષ્ટિને પણ હજી નિમિત્તના અનુસારે પોતાને કારણે પ્રવૃત્તિ છે. '**એવો જે પોતાનો આત્મા---ભાવ્ય, તેને ભેદજ્ઞાનના બળ વડે...**' એટલે કે પરતરફના વલણનો ભાવ જ છૂટી ગયો. સ્વભાવ તરફ થયો એટલે પરતરફનો ભાવ થયો નહિ. ભાવ્ય થયું જ નહિ. સમજાણું કાંઈ? એય..! દિલીપ! આવું ઝીણું છે આ?

મુમુક્ષુ :- અલૌકિક છે.

ઉત્તર :- અલૌકિક છે? એ છૂટી ગયું એ અહીં નથી લેવું. ભાવ થયો જ નહિ. એ તો જડમાં જડને કારણે આવે એનું કાંઈ નહિ. કર્મનો ભાવક ભાવ તો આવ્યો, પણ તેને અનુસારે પ્રવૃત્તિ હતી જ્યાં સુધી. ત્યાં સુધી તો એ ભાવ્યને જીત્યો નહોતો. ભાવ્યભાવકનો સંબંધ કરતો હતો. ભાવ્યભાવનો સંબંધ કરતો, સંબંધ કરતો એ સંકરદોષ છે. સંબંધ હોં! એકપણું એમ નહિ. ભાવ્ય અને આત્મા રાગ એમ અત્યારે નથી વાત. ફક્ત કર્મનું નિમિત્ત ભાવક અને ભાવ્ય એનો જે આમ સંબંધ થતો, એ સંબંધ તોડ્યો એનું નામ ભાવ્યભાવક સંકરદોષ ટળ્યો. સંબંધ તોડ્યો. શાંતિભાઈ! ભાઈ આ ધીમે ધીમેથી તો ચાલે છે આ. હવે તો બધું શાંત થઈ ગયું બધું હવે. ચાર મહિના જઈ આવ્યાને બધે આ તો નિરાંતનો કાળ છેને હવે. સ્વાધ્યાય અને ધ્યાન બે કર્તવ્ય મુનિના હોય છે. સમજાય છે? આહા..હા..! ધ્યાનમાં હોય ત્યારે આવો સ્વાધ્યાય કાળ એને હોય છે. આહા..હા..! આવું સત્‌નું સ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે અને પોતાના પુરુષાર્થથી આમ ઢળે છે એટલે નિમિત્તનું તરફનું ભાવ્ય થયું અને પછી વળ્યો એમ નહિ. પાછો જ વાળ્યો છે પહેલેથી. આહા..હા..! કેટલાક એમ કહે છેને કે કર્મના નિમિત્તે વિકાર તો થાય, પણ પછી જાણવું કે એ મારો નથી, પછી બીજે સમયે એને ટાળવો. એ વાત જ જૂઠી છે. થયો નથી એને ટાળવો શો? અને થયો હોય એને ટાળવો શો? થયો છે એ તો બીજે સમયે ટળી જશે એને કારણે.

અહીં તો સમય સમયનો સ્વતંત્રપણાની ગુણની એકતાની બુદ્ધિ બતાવે છે. આહા..હા..! આવું વર્ણન છે દ્રવ્ય, ગુણ અને પર્યાય. એક ક્ષણમાં ત્રણ કાળ જાણ્યા. આવ્યુંને ઓલા સ્તુતિમાં નથી આવતું? હે ભગવાન! સ્તુતિમાં આવે છે. એક ક્ષણમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. સમય એક અને ત્રણ જાણ્યા તમે એ તમારા સર્વજ્ઞનું લક્ષણ છે. ચિહ્ન. કાળનો સમય

એક અને એક દ્રવ્યના એક સમયમાં ત્રણ અંશ અને એક સમયમાં ત્રણ અંશ જોયા. આહા..હા..! એ જ સર્વજ્ઞનો સ્વકાળ આવડો મોટો એ અમને પ્રતીત થાય છે કહે છે. સમજાણું કાંઈ? મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ છેને. સંમતભદ્રાચાર્ય. સંમતભદ્રાચાર્યની. હે નાથ! આપે વસ્તુને એક સમય, સમય એક અને ત્રણ અંશ. હવે સમયના ભાગ ન પડે. અને ઓલામાં ત્રણ અંશ એને તમે એક સમયમાં જાણ્યા એ સર્વજ્ઞનું લક્ષણ. સર્વજ્ઞ સિવાય એક સમયમાં ત્રણ અંશને જાણે એ સ્થિતિ હોઈ શકે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ. થીર થીર ને ક્ષણ આવે છેને ભાષા.

મુમુક્ષુ :- .. સકલ પદાર્થ . બોધ સાક્ષાત્ પામર...

ઉત્તર :- એ નહિ. બીજું. એ સમંતભદ્રની છે. એમાં આવે છે. સ્થિર અને ઉત્પાદ અને વ્યય એક સમયમાં દ્રવ્યના ત્રણ. એ ત્રણને આપે જાણ્યું એ ત્રણ કીધા કે આમ ત્રણ હોય એ આપે જાણ્યું એ સર્વજ્ઞની સ્તુતિ છે એ વસ્તુ છે. સ્તુતિમાં આપ્યું છે.

મુમુક્ષુ :- નિયમસારમાં.

ઉત્તર :- નિયમસારમાં. કયે ઠેકાણે? ભાવકને અનુસારે પોતાને કારણે હો! એટલો દોષ છે. એવો જે પોતાનો આત્મા એ ભાવ્ય. તેને ભેદજ્ઞાનના બળ વડે એટલે એનો અર્થ તે કાળે અંતરમાં એકાગ્રતના બળ દ્વારા.

**''स्थितिजननिरोधलक्षणं**
**चरमचरं च जगत्प्रतिक्षणम्।**
**इति जिन सकलज्ञानलांछनं**
**वचनमिदं वदतांवरस्य ते।।''**(શ્રી સમન્તભદ્રસ્વામી)

**'શ્લોકાર્થ :- હે જિનેન્દ્ર! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે; 'ચરાચર (જંગમ અને સ્થાવર) જગત પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે) ઉત્પાદવ્યયધ્રૌવ્યળક્ષણવાળું છે'...'** જોયું! સમય એક અને પ્રતિક્ષણ. **'એવું આ તારું વચન (તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે.'** આહા..હા..! એક સેકન્ડનો અસંખ્યમો ભાગ જેના બે ભાગ પડે નહિ. એવા એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના જે દ્રવ્યો છે એને એક સમયમાં ત્રણ અંશપણે સત્ય રહ્યા છે. એ ત્રણ અંશપણે રહ્યા એવું જે આપે જાણ્યું એ સર્વજ્ઞનું લાંછન લક્ષણ છે. આહા..હા..! સ્તુતિ છે. કહો, સમજાય છે કાંઈ? વસ્તુ અનંત પદાર્થ અને તેની એક સમયનો ત્રણ પ્રકાર આવું જેને જાણ્યું એણે એવું કહ્યું. એમ થયુંને? વક્તામાં શ્રેષ્ઠ કહ્યું છેને? એવું આપે કહ્યું છે પ્રભુ! તો જગતના કહેનારા વક્તાઓમાં આપ શ્રેષ્ઠ. કારણ કે આપે એક સમયમાં ત્રણને જાણ્યા એ સર્વજ્ઞનું લાંછન અને આત્મવક્તાપણું વચન એ જ આગમ અને પ્રમાણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આહા..હા..!

**'પાછો વાળવાથી...'** **'દૂરથી પાછો વાળવાથી...'** એટલે? નિમિત્તને અનુસરીને પોતાની યોગ્યતા વિકાર થવાની જે હતી. હતી એને વાળ્યો છે એમ નથી અહીં. સમજાવવું શી રીતે હોય? પણ એની હતી ખરી આમ. હવે જ્યારે વાળ્યો આમ ત્યારે એ છૂટી ગઈ વાત. સ્વભાવ તરફ ઢળ્યો ઉપશમ પુરુષાર્થથી ત્યારે તે વિકારભાવને ભાવ્યરૂપ થવાનો એ ન થયો એ જીત્યો. કાંતિભાઈ! આહા..હા..! પોતાનો આત્મા. આહા..હા..! **'એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...'** જુઓ, પુરુષાર્થથી અંતરમાં વળી, મોહનો તિરસ્કાર કર્યો એટલે ઉપશમ કર્યો એમ. નાશ કર્યો નથી. આદર ન કર્યો. થયો નહિ. ઉપશમ થયો એથી તિરસ્કાર કર્યો. **'બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને...'** આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ એવું છે જ્યાં કર્મના નિમિત્ત તરફના વલણવાળી યોગ્યતા જે છે જીવની એ યોગ્યતા પોતાને કારણે છે. એ યોગ્યતા થવા ન દેવી સ્વભાવ તરફ સન્મુખ. સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભૂતિપૂર્વક છે અને એના પૂર્વક અંદરમાં રાગ તરફનું નિમિત્તના વલણવાળી દશા હતી એ પૂર્ણ છેને? એટલે એની પોતાને કારણે નિમિત્તને અનુસરનારી જે દશા હતી એને નિમિત્તને અનુસરવું એ સમયે છોડી એટલે છોડ્યુંનો અર્થ? સ્વભાવને સન્મુખ થયો એટલો ઉપશમભાવે એટલો એ રાગને ઉત્પન્ન થવા દીધો નહિ, ઠર્યો એને ભાવ્યભાવકની સંકરતા એટલે સંબંધ, ભાવ્યભાવકનો સંબંધ એટલો ટળ્યો. એ તોડ્યો એ હતોને તોડ્યો? શું થાય? કથનની પદ્ધતિ જેમ હોય એમ આવે. આહા..હા..! સમજાણું? ભાવ્ય થયો અને તોડ્યો એમ છે? એનો અર્થ કે થવાનો પોતાને પહેલી પર્યાયમાં હતો, બીજે ક્ષણે સ્વભાવ સન્મુખની એકાગ્રતાથી થવા ન દીધો તિરસ્કાર કર્યો મોહનો, રાગનો. મોહ શબ્દે અહીંયાં ચારિત્રમોહ.

**'સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી...'** એટલે? ભાવક તરફના વલણની દશાનું સંબંધ એ સંકરદોષ દૂર થવાથી. એ સંબંધ તોડ્યો. ભાવકભાવક થતો હતો એ સંકરદોષ એટલે બે સંબંધ. એ થવા ન દીધો. એનું નામ બીજા પ્રકારની ભગવાન આત્માના ગુણની સ્તુતિ. **'બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...'** જોયું! પોતાના પુરુષાર્થથી. આહા..હા..! આમ જે નિમિત્તને અનુસરવાનો પુરુષાર્થ હતો એને સ્વભાવને અનુસારે કર્યો એટલે નિમિત્તને અનુસારમાં ભાવને જીત્યો એટલો સંબંધ થવા દીધો નહિ. નિમિત્તની સાથે નિમિત્ત ભાવક અને અહીં ભાવ્ય વિકાર બેનો સંબંધ ન થવા દીધો એ ભાવ્યભાવક સંકરદોષ દૂર થયો. આહા..હા..! એકતા નહિ. ફક્ત સંબંધ થતો બે એ એક દોષ. નિમિત્તને અનુસરીને થતો ભાવ એ દોષ હતો, સંકરદોષ. કારણ કે નિમિત્તને અનુસરીને થવું પોતાની યોગ્યતાથી. એ દોષ હતો. પહેલી સમજણમાં તો યથાર્થ લે. આ વાત અત્યારે ભલે પોતામાં ન હોય, પણ આવી સ્થિતિ છે એમ સમજાવે છે. વસ્તુનું સ્વરૂપ. નવ તત્ત્વમાં સંવર, નિર્જરાની યોગ્યતા

થાય પોતામાં ત્યારે પરતરફના વલણનો ભાવ ઉત્પન્ન ન થાય એનું નામ અહીંયાં સંવર-નિર્જરા એને નવ તત્ત્વમાં એની વસ્તુનું સ્વરૂપ જણાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ધર્મીને પણ નિમિત્તને અનુસરીને પોતાનો પોતાને કારણે એ રાગ હતો એ તો આસ્રવ છે. એ તો બંધનું કારણ છે. નિમિત્તનો સંબંધ કર્યો તેથી નવો બંધ કર્યો. એ વાસ્તવિક આત્મા તરફના ગુણની સ્તુતિ અને એકાગ્રતા નહિ. એટલું. સમકિતીને પણ. એ બળપૂર્વક મોહનો તિરસ્કાર કરી સમસ્ત ભાવ્યભાવક. સમસ્ત. કોઈ અંશે પણ રાગ ઉત્પન્ન થયો નહિ એમ કહે છે. ઉપશમ કર્યો છેને. આહા..હા..! '**ભાવ્યભાવક-સંકરદોષ...**' સંકરનો અર્થ ભાવ્યભાવકનો આમ સંબંધ હતો. ભાવકનો ભાવ્ય મારો છે એમ અહીં નહિ. ઓલામાં તો જ્ઞેય અને જ્ઞાયકનું એકપણું સંકરદોષ હતો. ખંડ જ્ઞાન અને ઇન્દ્રિય અને વિષયો અને એકકોર ભગવાન જ્ઞાયકસ્વભાવ બેયને જ્ઞેય અને જ્ઞાયક બેની એકતારૂપ સંકરદોષ હતો. આ એકતારૂપ નહિ. બેના સંબંધરૂપ દોષ હતો.

મુમુક્ષુ :- ભિન્નતા હોવા છતા સંબંધ કરતો હતો?

ઉત્તર :- હા, સમજાણું કાંઈ? પુરુષાર્થ ભાન હોવા છતાં, ક્ષાયિક સમકિત હોવા છતાં અને ચારિત્ર હોવા છતાં લ્યોને. આઠમે, નવમે સ્વરૂપનું ચારિત્ર હોવા છતાં. આહા..હા..! સમય સમયની સંભાળ કરી છે હોં જીવે. સમય સમયની અસંભાળ અને સમય સમયની સંભાળ. આવું વર્ણન ભગવાન સર્વજ્ઞના માર્ગમાં હોય ભાઈ! આવી વાત બીજા સાથે મેળવવા જાય, બીજામાં આમ છે અને તેમાં આમ છે. વેદાંતમાં આમ છે. એય..! પ્રકાશદાસજી! કબીરમાં આમ છે. કબીર આમ કહે છે. ધૂળેય નથી કાંઈ. એક કબીર ત્યાં હતો રતલામમાં. કબીર નામ. હતો .. અમલદાર અધિકારી જેવો કોક લાગતો હતો. નોકરી સારી હતી. આ સાંભળીને ખુશી ખુશી થાય. એ જાણે કે અમારી સાથે મેળ ખાય. ..નો હતો. રાતે આવ્યો હતો વ્યાખ્યાનમાં. બે દિ' આવ્યો હતો. આત્મદેવની જય. એમ કહે. ઓહો..! આત્મદેવ.. પછી કાનજીસ્વામીની જય એમ કહે. પણ કઈ રીતે? ઓલું નિશ્ચયની વાત આવેને આત્માની. પણ એનો દ્રવ્ય, એનો ગુણ અને એની પર્યાયના પ્રકાર ભિન્ન-ભિન્ન પરિણમે છે એવી વસ્તુની સ્થિતિને જાણ્યા વિના જય કોનો કરવો? સમજાણું કાંઈ?

'**સમસ્ત ભાવ્યભાવક-**' આ કાંઈ બહારમાં એ કાંઈ લેવા જાય તો સમજાય આવું? ૧૧મી ગાથા ચાલતી હોય તો પાછા ફુલચંદજીએ હળવે દઈને કહ્યું કે આ બધા શેઠિયા આવ્યા છે. એમ બોલ્યા નહિ શેઠિયા આવ્યા છે એમ બોલ્યા નહિ પણ ૭૨ ગાથા ચાલે તો ઠીક. ૭૨ ગાથા ચાલે તો ઠીક. લ્યો. શેઠિયા મોટા. ઓહો..હો..! છેલ્લા દિ'માં આવ્યા હતાને એ તો? પાછળના દિ'માં આવ્યા હતા. ત્યારે તો માણસ ઘણું. ૭૨ ગાથા. સ્પષ્ટ ખ્યાલમાં આવે એમ કે વાત. ૧૧મીમાં અભૂતાર્થ. પર્યાય જૂઠી છે, ખોટી છે, નથી. હવે એને કહેવું

નથી, વળી કહેવું કે એની અપેક્ષાએ છે. ત્રિકાળની અપેક્ષાએ નથી. મારે આ ભારે વાત! આમાં શું કહેવું? પર્યાય કેવળજ્ઞાનાદિ પણ અભૂતાર્થ છે, જૂઠો છે. સત્‌નો અંશ હોવા છતાં ત્રિકાળ સત્ મહાપ્રભુની અપેક્ષાએ જૂઠો છે. હવે ઓલો કહે આ જૂઠું અને વળી આ જૂઠું. કેવળજ્ઞાન જૂઠું, કેવળજ્ઞાન જૂઠું, સિદ્ધની પર્યાય જૂઠી. ઓય મારે. ક્ષાયિક સમકિત જૂઠું. અને ક્ષાયિક સમકિત તો કરાવું છે એને. સમકિત કરાવવું છે અને કહે કે જૂઠું.

'**ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી...**' એટલે કે બેનો સંબંધ થયો નહિ. નિમિત્ત તરફના વલણનો ભાવ થયો નહિ એટલે બેનો સંબંધ ન થયો. તૂટી ગયો સંબંધ. કહો, સમજાણું કાંઈ? '**સંકરદોષ દૂર થવાથી...**' સંકરનો અર્થ આ બેનો સંબંધ. બેની એકતા એમ નહિ. સમજાણું કાંઈ? '**એકત્વમાં ટંકોત્કીર્ણ...**' ભગવાન આત્મા પોતાના એકરૂપ સ્વભાવમાં '**ટંકોત્કીર્ણ (નિશ્ચલ) અને જ્ઞાનસ્વભાવ વડે...**' પોતાના જ્ઞાનના ભાવ વડે '**અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા...**' અન્ય દ્રવ્યોના સ્વભાવોથી થતા '**સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા...**' લ્યો! '**અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા...**' એ વિકાર પણ અન્ય દ્રવ્યના સ્વભાવથી થતા એમ કહે. એનો સ્વભાવ નથીને દ્રવ્યનો પોતાનો. કરે છે પોતે એ તો વાત કહી. પણ એ તો અન્યદ્રવ્યનો સ્વભાવ. પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું હતુંને. વ્રતાદિ તે અન્ય દ્રવ્યનો સ્વભાવ છે એ સ્વદ્રવ્યનો સ્વભાવ નહિ. પરદ્રવ્યના સ્વભાવથી મુક્તિ થાય એમ હોઈ શકે નહિ. વ્રત, તપ આદિ જે ભાવ છે એ બધો અન્ય દ્રવ્યનો સ્વભાવ છે. એ વિકલ્પ છેને રાગ. શુભ-શુભ રાગ. અન્ય દ્રવ્યનો સ્વભાવ છે. સ્વદ્રવ્યનો સ્વભાવ છે એ? એ અપેક્ષાએ અન્ય દ્રવ્યનો સ્વભાવ છે. તો અન્ય દ્રવ્યથી થયો છે એમ નથી. છતાં એમ પણ કહેવાય. નિમિત્તને અવલંબીને થયો, માટે નિમિત્તથી થયો, સ્વભાવને અવલંબીને ન થયો માટે નિમિત્તથી થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! પંડિતજી! આવું ભારે ભાઈ! લોકોને તકરાર એવી કરે. ઝઘડા ઉભા કરે.

કોઈ એવો .. વચમાં સાંભળતા .. નહિ બેસતું કેટલાકને એવું લાગતું હતું. પણ કોઈ સામું. એક જણો કાંઈક થયો હતો. ચેષ્ટા દેખાય. એકફેરી થઈ હતી યુવાન. આવું ન હોય. આવું ન હોય તો બીજું કોણ હોય? એ તને ખબર નથી. ખબર નહિ એમ કરતા. વસ્તુની ખબર ન મળે વાતું કરવા જાય વસ્તુની પાછી. ત્યાં એમ ન હોય. નિમિત્તથી થાય, વ્યવહારથી થાય, હવે સાંભળને. વ્યવહારથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાની યોગ્યતાથી થાય. આહા..હા..! હવે આટલી ખબર ન મળે એ દ્રવ્ય સ્વભાવ. ક્યારે બેસે એને? છે?

'**જ્ઞાનસ્વભાવ વડે...**' પોતાના જ્ઞાનસ્વભાવ છેને પાઠમાં? '**णाणसहावाधियं**' ૩૧માં પણ એ હતું. '**અન્ય દ્રવ્યોના સ્વભાવોથી થતા...**' જુઓ, નિમિત્તના દ્રવ્યોને અનુસારે થતો. '**થતા સર્વ અન્યભાવોથી...**' એમ કહ્યું અહીં જોયું! '**અન્યદ્રવ્યોના સ્વભાવોથી**

**થતા...**' સ્વદ્રવ્યના સ્વભાવથી થતા એ નહિ. આહા..હા..! કર્મના નિમિત્તને અનુસરીને પોતાની પર્યાયમાં થતો ભાવ, પણ એ અન્ય દ્રવ્યને અનુસરીને થતો ભાવ છે. એ અન્ય દ્રવ્યોનો સ્વભાવ છે. આહા..હા..! ઉપર એમ કહ્યું કે એની ભાવ્યતા આત્માની પોતાની, પણ અહીં કીધું કે એ અન્યદ્રવ્યનો સ્વભાવ છે. '**સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા...**' એટલે કે કર્મના નિમિત્તના સંબંધના વલણવાળો ભાવ એ અન્ય દ્રવ્યનો ભાવ. એનાથી ન થયો એ ભાવ એથી '**પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે (મુનિ) અનુભવે છે...**' અંતરમાં શુદ્ધ સ્વભાવના અનુભૂતિપૂર્વક સ્થિરતા દ્વારા અનુભવે છે '**તે નિશ્ચયથી 'જિતમોહ જિન'...**' છે. લ્યો! એ ખરેખર મોહને, રાગને, વિકારને એણે જીત્યો, ઠાર્યો એમ કહેવામાં આવે છે.

આ સર્પ હોયને સર્પ મોટો? અમારે ત્યાં થયું હતું એકફેરી. .. સર્પ મોટો હતો ત્યાં. પાણી છાંટે પહેલું. મોટો સર્પ હવે લાકડાના માલ ભરેલા. શું કહેવાય? ખોખા મોટા. એની પાછળ બેઠેલો. હવે એને કાઢવો શી રીતે? પાણી છાંટે પહેલું છાંટુ ઠરે. ચાલી ન શકે ઝટ. પછી પકડ્યો. એમ આ મોહને પહેલો ઠાર્યો. એ કુંવરજીભાઈની દુકાનની સામે હતી વખાર. એ તો હવે નહિ હોય. હવે તો બીજી દુકાનમાં આવ્યા છે. ત્યાં હતો એ. મોટો સર્પ. પાછળ બેઠેલો ઘૂંચળું વાળીને. લાંબો થાય નહિ, પકડાય નહિ. વાંસડો જાય તો ફૂ કરે વળી ફુંફાડા મારીને નીકળી જાય એકદમ તો કરડવા. એ પાછળ મોટો સર્પ. પાણી નાખ્યુ ઠંડુ ઠર્યો. ઠર્યા ભેગો પકડ્યો. ખોખું આઘુપાછું કરીને. એમ અહીં પહેલો ધર્મી જીવે રાગને ઠાર્યો, દાબ્યો. ટાળ્યો નથી હજી આમાં. આહા..હા..!

તાવ આવ્યો ભાઈ આકરો. અને ખબર પડી કે થોડી સ્થિતિ છે. વ્યાખ્યાન વાંચતા હતા. વાંચતા-વાંચતા દેહ છૂટી ગયો એવું આવે ઉત્તરાધ્યયનમાં. હાથી જેમ સંગ્રામમાં શૂરવીર રહે. એવી ભાષા બોલતા હતા એ વખતે. આચાર્ય હતા. તેરાપંથીના. એ ખબર તો હતી કે સ્થિતિ ભરાઈ ગઈ છે દેહ છૂટવાની. છતાં વ્યાખ્યાન. નાગોસંગે સેવા. હાથી જેમ સંગ્રામમાંથી પાછો ન ફરે પરિષહથી. એમ કહે. બેઠા બેઠા .. મરી ગયા. બેઠા બેઠા મરી ગયા વાંચતા-વાંચતા. શું નામ છે એનું? આના પહેલાના છે. એ લોકો વીર્યવાળા ગણાયને આમ? જીતવા પરિષહને. એ તો અજ્ઞાન છે ત્યાં તો ભાન પણ ક્યાં છે? હઠથી એમ કે આમ આવે એવો કાળ આકરો છતાં. આકરો આ છે, તૈયારી છે. તૈયારી .. લેવાની. તેરાપંથી. તુલસી. એના ગુરુ લોકો કહે .. એમ કાંઈક હતું. લીલાધરજી સાથે હતાને એ વાત કરતા હતા. વ્યાખ્યાન દેતા-દેતા. .. જીવ વયો ગયો. એને એ વીરપણું માને. પણ હઠ છે ત્યાંતો.

અંતર જ્ઞાનાનંદ સ્વભાવનો આશ્રય લઈને સહજાનંદની પ્રાપ્તિ થાય એમાં દેહ છૂટે એનું નામ વીરતા અને પુરુષાર્થ કહેવાય. સ્વભાવના આનંદના અંદર ઘોલનમાં પરમસ્વભાવને પકડીને ઘોલનમાં જે રહે એ અતીન્દ્રિય આનંદમાં જ્યાં હઠ નથી. આવ્યું નહોતું સવારમાં? મુનિને

ઉચિત શુભભાવ હોય છે હઠ વિનાનો. ઓલું નિશ્ચય.. અન્યભાવોથી પોતાના આત્માને અનુભવે જુદો. તે જિતમોહ છે. આહા..હા..! એમ આ હાથી જેમ સંગ્રામમાં આવે અને સામાના બાણ માથા ઉપર આવે બાણ, તીર. છતાં ખડો રહે. એમ પરિષહ ઉપસર્ગ આવતા જે ધર્માત્મા પોતાના આનંદમાં ખડો રહે છે. એણે પરિષહને જીત્યા. આ જિતમોહ છેને. એણે પરિષહને જીત્યા કહેવાય. આ તો કહે પરિષહ આવે એટલે પહેલો રાગ તો આવે, પછી જીતવો. એમ નહિ.

એ વાત થઈ હતી. કોની સાથે? પંડિત સાથે. ખબર છે. એમ કે પહેલો પરિષહ આવે, એટલે અણગમો થાય પછી એને ટાળે. એ પરિષહ અહીંયાં નહિ. એમ હોય નહિ. પ્રતિકૂળતાનું નિમિત્ત હોય તે તરફનું વલણ ન રહે એણે પરિષહને જીત્યો એમ કહેવાય. આ તો આની સાથે મેળ છેને આ? જીતવું. સમજાણું? કર્મનો ઉદય આવ્યો એની સાથે જોડાઈ ગયો અને પછી જીતે એમ નહિ. એને પરિષહ આવ્યો તો દુઃખ તો થયું પ્રતિકૂળતાનું. પછી જીતવું. એમ નહિ. એ જીત્યો જ નથી. એ દુઃખને થવાને દીધો જ નથી. સ્વભાવ તરફના વલણમાં પ્રતિકૂળતાના પરિષહ વીંછીનો કરડ હજાર હોય. આહા..હા..! શરીરમાં વીંછી એવો કાંઈ સૂતો હોયને. કપડામાં વીંછી આમ ચાલતા ચાલતા પહેલા અહીં કરડ્યો, પછી આમ કરડે, પછી અહીં કરડે. બહાર નીકળવા જાતો હોય. પછેડી કે ગોદડું ઓઢ્યું હોય પાતળું. હવે વીંછી ગર્યો ત્યાંથી. હવે નીકળવા માટે આમ ચારેકોર દબાણો હોય. હવે જ્યાં જ્યાં કરડતો જાય. અહીં કરડે એ અહીં. ત્યાં અહીં કરડે... ત્યાં અહીં કરડે.. છ-સાત-આઠ-દસ ઠેકાણે કરડે. કોણ? બીચ્છુ. એય..!

આપણે અહીં થયો નહોતો નવનીતભાઈને નાગ એના ઓલામાં હતો. પથારીમાં. નાગ. પ્રેમચંદભાઈને બહેન લ્યો. હવે આમ આમ કરતા કરતા કરડ્યો. પથારીમાં ઘૂંચળું વાળીને પડ્યો હતો આપણે અહીં. હેમચંદભાઈને વોરા.. હવે એમાં ગમે ત્યાં ગરીને કરડ્યો થઈ રહ્યું. કરડીને પછી વયો ગયો. ઝેર ચડી ગયું. એવો કર્મનો કરડ ન થાય અને પ્રતિકૂળ પરિષહ કે ઉદય બેય સામું ન જોવે. આહા..હા..! અને પોતાના ભગવાન આત્મા સામું જોઈ અને એકાગ્ર થાય ત્યાં એક ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવ. એ વડે એમ કે ધ્યાનમાં. એ જિતમોહ છે. '**(જેણે મોહને જીત્યો છે એવો જિન) છે.**' એને જિન કહીએ. લ્યો પહેલો જિન, આ બીજો જિન. પહેલા નંબરનો નહિ, પણ પહેલો જિન અને આ બીજા પ્રકારનો બીજો જિન. પહેલા કરતા ઊંચો જિન. એની મેળે વાંચે .. ક્યાં આખું તો વાંચ્યું ન હોય કોઈ દિ' એટલે સમજાય પણ નહિ એની મેળાએ તો કાંઈ એકય. જય ભગવાન ઉપરથી વાત કરે છે.

'**કેવો છે તે જ્ઞાનસ્વભાવ?**' હવે જ્ઞાનસ્વભાવ આત્માનો ત્રિકાળી. '**આ સમસ્ત લોકના ઉપર તરતો,...**' રાગથી અને નિમિત્તથી જુદો રહેતો. વિકલ્પથી અને નિમિત્તથી જુદો રહેતો.

ઉપર તરતો એટલે જુદો રહેતો. '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી...**' પોતાના આ જ્ઞાનસ્વભાવનું પ્રત્યક્ષપણું ત્યાં ઉદ્યોત છે. પરોક્ષ નથી. ત્યાં પ્રત્યક્ષ વેદનમાં આનંદનું વેદન છે. જ્ઞાનનું જ્યાં પ્રત્યક્ષ વેદન છે. આહા..હા..! હવે આવી વાત સમજાય નહિ પછી કરો ભક્તિ અને કરો પૂજા. એમાં ને એમાં રખડી મરે છે અનંતકાળથી. આહા..હા..! આવો ભગવાન અંદર. એનો અર્થ એવો છેને કે જેને ગુણ પ્રગટ કરવા છે એટલે કે પર્યાય અને દોષ ટાળવા છે. તો એનો અર્થ શું થયો? કે જેને ગુણ પ્રગટ કરવા એ પૂર્ણ પ્રગટ કરે પર્યાય. એ પર્યાયમાં પ્રગટ આવેને? પવિત્રતા પ્રગટ કરી એ પૂર્ણ કરે કે નહિ? તો પૂર્ણ કરે એ પવિત્રતાની પર્યાય પૂર્ણ થઈ એ આવી ક્યાંથી? એ ત્રિકાળમાં પૂર્ણ છે એનો આશ્રય કરે તો આવે. એમ ભગવાન સામું જોવે તો આવે? અને જે કોઈ પવિત્રતા પ્રગટ કરવા માગે. ધર્મ એટલે પવિત્રતા. એ તો પૂર્ણ પવિત્રતા પ્રગટ કરેને? કાંઈ અપૂર્ણ લે? પૂર્ણ પ્રગટ કરવા માટે. પૂર્ણ.. એ પૂર્ણ પવિત્રતા પ્રગટ થાય એ તો પર્યાય છે. એ પર્યાય આવી ક્યાંથી? પર્યાયમાંથી પર્યાય આવે? રાગમાંથી આવે? બહારમાંથી આવે? એ આખી પર્યાયનો ખાણ જે ભગવાન જ્ઞાનસ્વભાવ કીધુંને? પ્રત્યક્ષ ઉદ્યોતપણું. ચૈતન્યનું પ્રત્યક્ષ વેદન. આહા..હા..! આવું આકરું કામ ભારે.

'**સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' છે. ભગવાન તો સદાય જ્ઞાનસ્વભાવથી પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ '**અંતરંગમાં પ્રકાશમાન, અવિનાશી, પોતાથી જ સિદ્ધ અને પરમાર્થસત્...**' આ બધા વિષય ઘણા આવ્યા હતા ૩૧માં. '**એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' લ્યો! એવો આત્મા ભગવાન મહિમાવાળો ચૈતન્ય સ્વભાવ છે. એમાં ઠરે છે ત્યારે એ મોહને જીત્યો એમ કહેવામાં આવે છે. ત્યારે મોહ અને નિમિત્ત બેનો સંબંધ હતો એ સંબંધ તોડ્યો. આ સગપણ તોડ્યા. એ ત્યાં એમ કહ્યું. તલોદમાં એક સાધુ આવ્યો હતો ... સગપણ તોડ્યા. ૮-૮ વર્ષ, ૧૦-૧૦ વર્ષના. પછી અમે ફતેહપુર ગયા. મને ખબર નહિ. આખો દિ' માણસો દેખાય નહિ. વ્યાખ્યાનમાં આવે બધા. શું છે કે આખો દિ' જેટલા તોડ્યા એ બધા સાંધી લીધા. એક દિ'માં સગપણ કર્યા. ત્રણ-ત્રણ દીકરીયું. ૧૦-૧૦ વર્ષના સગપણ. ફડાક-ફડાક જુદા પાડવા. એનીકોર જાય એ જુદા પાડવા. આને કહે જુદા પાડ્યા એ આપણે સંતાડી દ્યો આમ-આમ. આત્મામાં આત્માને જોડી દેવો એનું નામ અહીં સગપણ છે. રાગ સાથે સંબંધ જે હતો એ રાગ સાથે સંબંધ તોડ્યો સ્વભાવ સાથે જોડ્યો. આ એનું નામ સ્તુતિ કહેવામાં આવે છે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ-૧૧, ગુરુવાર, તા. ૨૨-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૨-૩૩, પ્રવચન-૧૦૫**

સમયસાર. ૩૨મી ગાથા. '**આ રીતે ભાવ્યભાવક ભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.**' હવે અહીંયાં સ્તુતિ શબ્દે આત્માનો સ્વભાવ પોતામાં એકાગ્ર થાય એવું પહેલી જિતેન્દ્રિયની જિન તરીકે સ્તુતિ કીધી. સ્તુતિનો અર્થ જે દ્રવ્ય સ્વભાવ છે તેને પરથી અધિક ભિન્ન જાણીને અંતરમાં એકાગ્ર થવું એનું નામ સ્તુતિ. સ્તુતિ નામ વિકલ્પ કે વાણી નથી. સમજાણું? એ વસ્તુનું સ્તવન. લ્યો! .. આવે છે ઓલામાં પરમાત્મપ્રકાશમાં. એ તો વિકલ્પ છે. વસ્તુનું સ્તવન આદિ કરે છે. આ .. આદિ બધા. પરમાત્મપ્રકાશમાં આવે છે. આ તો વસ્તુનું સ્તવન એ નહિ. આ તો વસ્તુ જે અનંતગુણરૂપ છે તેની સન્મુખ થઈને એકાગ્ર થવું. એ જ વસ્તુનું સ્તવન અને જિનનું સ્તવન અને તે આત્માની સ્તુતિ નિશ્ચય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને આગળ વધતા. હવે ૩૨માં એ છે.

ઉપશમ શ્રેણીએ જ્યારે ચડે જીવ પોતાના પુરુષાર્થથી. મોહ નામનો કર્મ ઉદય તો છે એ ઉદય તરફની પોતાની ભાવ્યતા રાગની કે આદિ. અત્યારે મોહની કીધી. પછી કહેશે બધું. સમુચ્ચ એને ચારિત્રમોહનો રાગ. ચારિત્રનો. એની જે ભાવ્ય નામ યોગ્યતા હતી નિમિત્ત તરફના સંબંધવાળી. એને સ્વભાવ સંબંધ કરીને તોડે છે. જિતમોહ એટલે મોહને જીતે છે. આહા..હા..! વસ્તુ પોતાની અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય ઘન એવી તો દૃષ્ટિમાં આવી છે અને એનો અનુભવ પણ આનંદનો અને જ્ઞાનનો સ્વસંવેદન થયું છે. એ ઉપરાંત એનામાં એકાગ્રતા વિશેષ થાય. મોહને ઠારીને થાય, જીતીને થાય, નાશ કરીને થાય એ બીજી સ્તુતિ નહિ. એ ભાવ્ય નામ પોતામાં થતી લાયક મોહની, ભાવક નામ કર્મનું નિમિત્ત. એનો જે ભાવ એવો જે ભાવ થતો અંદર એનો સંકર દોષ એટલે સંબંધ થતો એને દૂર કર્યો. હવે આમાં પાઠમાં નથી ને આ ક્યાંથી કાઢ્યું? એ તો પાઠમાં છે એનો અર્થ કર્યો. આ પાઠમાં એકેન્દ્રિયથી શરૂ કર્યું છેને. જુઓને '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' એને નિશ્ચિત સ્વરૂપમાં સ્થિર થયેલા સંતો એને જિતેન્દ્રિય કહે છે એમ એ પ્રકારનું સ્વભાવ તરફના વલણના ભાવનું વર્ણન તો સ્પષ્ટ છે એમાં ૩૧માં. કારણ કે ઓલા નગરના વર્ણન પછીનું આ વર્ણન છેને? નગરનું વર્ણન એ કાંઈ રાજાનું વર્ણન નથી. એમ શરીરનું વર્ણન ભગવાનનું જિનેન્દ્રનું રૂપાળું, વાણી આવી એ કાંઈ આત્માનું વર્ણન નથી. એટલે આત્માની એકતાની સ્થિતિ નથી.

એ તો પરની વાત છે. એમાંથી કાઢ્યું કે આ નગરનું વર્ણન એ નહિ. રાજાનું વર્ણન એ જોઈએ. તો રાજા તો કેવો છે પુરુષાર્થી દાની જાણપણાવાળો રાજની વ્યવસ્થાનો. એમ આત્મા આ શરીરાદિનું વર્ણન ભગવાન આના માતાના પુત્ર હતા, બાપના હતા, આવું શરીર હતી, આવી એની વાણી હતી, આવું એનું રૂપ હતું શરીરનું. એ કાંઈ આત્માનું વર્ણન નહિ. એટલે કે એ આત્માના ગાણા નહિ. આત્માના ગાણાં નહિ એ. થઈ રહ્યુંને એનો અર્થ એ થયો. આત્માના ગાણાં એને કહીએ. ગાવું એટલે સ્તુતિ કરવી. પૂર્ણનો સ્વીકાર કરવો એ એના ગાણાં કહેવાય છે. એના ગુણગાન ગાયા. એણે ગુણને પર્યાયમાં સ્વીકાર્યો આખી ચીજને એનું નામ અહીંયાં સ્તવન, સ્તુતિ કહેવામાં આવે છે. એ જીવનો અધિકાર છેને? તો જીવની આ સ્થિતિને જીવના ગુણ ગાયા એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું ઝીણું ભાઈ! બીજો અધિકાર આ ૩૨મો.

મોહ. **'આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે, તેમાં 'મોહ' પદને બદલી તેની જગ્યાએ રાગ,...'** લેવો. સમુચ્ચ કર્મનો ચારિત્રમોહના ઉદયનું નામ સમુચ્ચય હતું. તેના તરફની યોગ્યતાની ભાવ્યતા હતી એવો જે ભાવ એને થવા ન દીધો સ્વભાવની એકાગ્રતાએ. આહા..હા..! સમજાણું? એનું નામ એણે મોહને જીત્યો એ આત્માના તરફના વલણવાળી એકાગ્રતાવાળી એને બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવી. કહો, છેને? શિવલાલભાઈ! આવી કઈ જાતની સ્તુતિ? હવે આવી તો સાંભળી પણ ન હોય. ભગવાન આવા... ભગવાન આવા... ભગવાન આવા... ભગવાન તારી દેશે, ભગવાને અવતાર કર્યો. પંચમ આરામાં એની માટે અવતાર કે દિ' હતો? બાકી હતો રાગ છે એને ટાળવાને માટે અવતાર હતો. આહા..હા..! કેટલાક કહે છે જૈનધર્મ વ્યક્તિ છે અને સમષ્ટિ છે બેયનો ધર્મ છે. વ્યક્તિ પોતાનું પણ કામ કરે અને બીજાનું પણ કામ કરે એવો જૈનધર્મ છે. એવું .. અમરચંદજીએ નાખ્યું છે. શું કહેવાય એ? અમરવાણી એમાં એ નાખ્યું છે. જૈનધર્મ વ્યક્તિ પોતાનું પણ કરે અને બીજાનું પણ કરે સમષ્ટિ. અરેરે! આવો જૈનધર્મ કહે છે મારા. જૈનધર્મ નહિ એ વસ્તુનો એ ધર્મ નથી. વસ્તુ પોતે પોતાનું કરે. સમાજનું બધાનું ભેગાનું થઈને કરે એ વસ્તુ છે? એ હોય? અમરવાણીમાં આવ્યું છે. લોકોને સારું લાગે પણ. આહા..હા..! આપણું પણ. સુધારો કરીને આપણને પણ ઊંચા લાવશે. કોણ લાવે? આહા..હા..!

વ્યક્તિ અને સમષ્ટિ એમ કરીને મોટો લેખ લખ્યો છે. વ્યક્તિ જૈનધર્મ વ્યક્તિગત પણ છે અને સમષ્ટિગત પણ છે. ભગવાને બીજાના ઉપદેશ માટે થયા, એટલે બીજાને તાર્યા લ્યો એમ હશે? આહા..હા..! કાંતિભાઈ! શું હશે આમાં? આ ટેવ એટલે ઉદયની ક્રિયા હતી એમ બની એમ કીધું. એ કાંઈ ભગવાને દુનિયાને લાભ માટે થયા, ઉદય કર્યો એમ છે એમાં? એ તો વાતું બધી વ્યવહારની. એણે કાંઈ કોઈ માટે કર્યું. પોતે પોતાનું કામ કરી

પૂર્ણની સ્તુતિ કરીને પૂર્ણ થવા પ્રગટ કર્યો. ઈચ્છા વિના વાણી નીકળી. વાણીમાં એમ આવે કે ભાઈ આ પ્રમાણે અમે કર્યું. એમ તમે પણ કરો. એમ આવે. કરો એટલે કાંઈ કરાવી શકે છે? આહા..હા..! ભારે માર્ગ આ. રાગનું કરવું ઉદય આવ્યું એમ કહે છે. સામે ઓલો ભાવક હતો એ રાગ મોહ ભાવક. મોહભાવક હતો એને ઠેકાણે રાગભાવક. ઓલો મોહ સામાન્ય હતો. ચારિત્ર કર્મનો ઉદય સામાન્ય. હવે એના પેટાભેદ પાડે છે કે રાગ નામનું કર્મ ભાવક થયું એને અનુસરીને જીવની ભાવ્ય થવાની જે લાયકાત હતી એને દૂરથી એટલે થવા દીધી નહિ. અને સ્વભાવ તરફ એકાગ્ર થયો. પુરુષાર્થ અને બળપૂર્વક થયો અને રાગના ભાવનો તિરસ્કાર કર્યો એટલે કે અનાદર કર્યો. આદર કર્યો નહિ. આહા..હા..! આવી વાતું છે. એ રાગ.

એમ '**દ્વેષ,...**' દ્વેષ નામનું ચારિત્રમોહનું કર્મ. ઓલું મોહ સામાન્ય ચારિત્ર હતું. હવે એના પેટા ભેદે ભિન્ન-ભિન્ન હોય છેને? દ્વેષનો ઉદય હોય. ત્યારે દ્વેષ ભાવક થઈને આવ્યું. કર્મ હોં. એને અનુસરીને થવાને લાયક પોતે અનુસરે હોં એ કાંઈ નિમિત્ત અનુસરાવે એમ નહિ. નિમિત્તને અનુસરે એવી પોતાની જે ભાવ્યદશા હતી એને દૂરથી પાછી વાળી. એટલે થવા દીધી નહિ. કહો, અહીં તો હજી ઉપશમ શ્રેણીની અંદર વાત છે અને આ આવ્યું છે અને આમ કરવું એમ છે અંદર? પણ એ એના તરફનું વલણ છૂટ્યું છે અને અહીં અંતર એકાગ્રતા થઈ છે એને લઈને જીત્યો દ્વેષને, રાગને એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? શુદ્ધિની અંદર વૃદ્ધિ કરતો જાય છે અંદર. સમય સમયમાં ઉપશમ ધારામાં જુઓ ત્યાં પણ કર્મનું મંદપણું થાય તો ઉપશમ થાય છે એમ નથી કહ્યું. ઉપશમભાવમાં આગળ વધ્યો એ કર્મનું એ જાતનું મંદપણું થાય માટે વધ્યો એમ નથી કહ્યું. એના તરફનું વલણ છોડીને સ્વભાવમાં ઠરે છે તેથી તે ઉપશમભાવને પ્રગટ કરે છે. એમ કહ્યું છે. સમજાણું કાંઈ? જ્યાં બુદ્ધિપૂર્વક કાર્ય નથી. ઉપશમ શ્રેણીમાં છેને. છતાં અંતરમાં સ્વભાવ તરફની ધારામાં વહે છે અને તે નિમિત્તના ભાવક તરફના વલણની યોગ્યતા ઉત્પન્ન થતી નથી અને શુદ્ધિ અંતર ઉત્પન્ન થાય છે એને દ્વેષને જીત્યો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં સમજાણું...

ઉત્તર :- આમાં સમજાણું આ કહેવાય છે એ પદ્ધતિ. એમ ને એમ ઓઘે-ઓઘે એમ નહિ. એ ચૈતન્ય પોતાના સ્વભાવ તરફ દૃષ્ટિ તો છે. હવે અસ્થિરતાનો ભાવકર્મના નિમિત્તમાં તેનું વલણ હતું. વલણ ન હોય તો નીચલી ભૂમિકામાં કેમ રહે? સમ્યગ્દૃષ્ટિને પણ ભાવક જે મોહ એના તરફના વલણવાળાની પુરુષાર્થની અવળાઈ હતી. ન હોય તો નીચલી ભૂમિકામાં રહે કેમ? એ કર્મને કારણે રહ્યો છે એમ છે નહિ. આહા..હા..! એ પોતાના સ્વભાવ તરફ ઝુકીને સ્વભાવને ધ્યેય તો બનાવેલું છે, પણ વિશેષ ધ્યેય બનાવીને એમાં ઠરે છે ત્યારે

એને રાગ અને દ્વેષનું ભાવક, એનું ભાવ્ય એને અનુસરીને દશા થવા દીધી નહિ એ એણે દ્વેષને જીત્યો કહેવાય છે. આવી વાત છે. આહા..હા..! સમય સમયની સંભાળ લીધી છે. સમય સમયનું સ્તવન સ્વભાવ તરફ ઢળે છે એ વાત લીધી છે. સમજાણું કાંઈ? સમય સમય.

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો. સમ્યગ્દર્શન થયા છતાં કર્મનો ઉદય અને એના તરફના વલણવાળો સંબંધ હતો. એ જેટલો સ્વભાવમાં ઠરતાં ઉપશમભાવે ઉત્પન્ન થવા દેતો નથી, ઉત્પન્ન થવા દેતા નથી, પણ થવાનું હતું જ નહિ, પણ એણે જીત્યો અને સ્વભાવની સ્તુતિ કરે, સ્વભાવમાં એકાગ્રતા એ જ સ્વભાવની સ્તુતિ. આહા..હા..! અંતરમાં એકાગ્રતા એ જ આત્માની સ્તુતિ. એ કેવળીની સ્તુતિ.

'**ક્રોધ,...**' એમ કર્મની વાત છે હોં. ક્રોધ નામનું ચારિત્રમોહનું કર્મ ભાવક. હા એમ તો આવે છે ઓલામાં. ભાઈ અહીંયાં ક્રોધ થાય ત્યારે સામે નિમિત્ત ક્રોધનો જ ઉદય હોય. ભાઈ! કર્મ સિદ્ધાંતમાં ઓલામાં આવે છેને? અહીં ક્રોધ થાય ત્યારે સામે ક્રોધનું નિમિત્ત.. જ્ઞાનનું નિમિત્ત ન હોય એમ. એ રીતે જ એવો એનો સ્વભાવ થઈ જાય. અહીં તો આમ ગુલાંટ મારી છે. કે ક્રોધનો ઉદય ત્યાં છે છતાં તેના તરફના વલણવાળી જે દશા એના નિમિત્તથી અનુસરીને નિમિત્તે થવાની પોતાને અનુસરવાની, પોતે અનુસરે છે માટે થાય છે. એ અનુસરવું છોડી દીધું. સ્વભાવને અનુસરીને જેટલો એકાગ્ર થયો એટલી જીવની નિર્મળતા પ્રગટ થઈ એ જીવના અસ્તિત્વની જીવની સ્તુતિ કહેવાય છે. કહો, આવું છે ક્યાંય ત્યાં? ચેતનજી! ત્યાં છે? શ્વેતાંબરમાં. આવી વાત પણ ક્યાં છે? ઓલો .. મુનિ. લ્યોને .. પાસે ગયા હતાને. આહા..હા..! કેટલું સ્પષ્ટ ભેદજ્ઞાન અને કેટલી સ્પષ્ટ સ્વતંત્રતાનો ઢંઢેરો! એની શ્રદ્ધામાં પહેલેથી એમ છે કે કર્મના વલણ તરફનો મારો પુરુષાર્થ મારે લઈને ઉંધો છે. ભાઈ! સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો, ત્યારથી એની શ્રદ્ધામાં એમ છે જ્ઞાનમાં કે વર્તમાન પર્યાયમાં જે વિકાર થાય છે એ નિમિત્તને અનુસરવાનો મારો ઉંધો પુરુષાર્થ છે માટે થાય છે. સમજાણું?

ઋષિમુનિનું વાક્ય છેને. એવું નાખ્યું છેને. આમાં નાખ્યું છેને. દોષ તારો. આવ્યું છે. એ નાખ્યું આપણે કીધું હતું ત્યાં નહિ છેલ્લે પાછળથી. જુઓ, 'તારે દુઃખે તને બંધન છે. એ સંતની પહેલી શિક્ષા છે.' એટલે કે સમ્યગ્દર્શનનું તને ભાન હોવા છતાં નિમિત્તને અનુસરવું એ તારો પોતાનો દોષ છે. તારે કારણે બંધન છે. એ કર્મનો ઉદય છે માટે છે એમ નહિ.

મુમુક્ષુ :- કોક ઠેકાણે એમ લખ્યું છે, કોક ઠેકાણે આમ લખ્યું છે.

ઉત્તર :- કોઈએ ઠેકાણે લખ્યું નથી. એ તો નિમિત્તના કથન. કઈ નયનું કથન છે? કથન ત્રણ પ્રકારના હોય. પ્રમાણનું કથન, નિશ્ચયનું કથન અને વ્યવહારનું કથન. એમ કથન કઈ નયે અને કયે પ્રમાણે છે એમ જાણવું જોઈએને? ઓલામાં એમ કહ્યું જયધવલમાં શુદ્ધને શુભભાવને નિર્જરા નથી અન્યથા લ્યો. એ પ્રમાણનયથી વાત કરી છે. શુદ્ધથી નિર્જરા થાય

ત્યારે શુભ છે જોડે એને સાથે લઈને વાત કરી છે. નિશ્ચયનયના સ્વભાવનો આશ્રય લઈને જ નિર્જરા થાય એ નિશ્ચયથી. વ્યવહારથી કર્મને પોતે છૂટે છે માટે નિર્જરા થાય છે એ તો વ્યવહારનું કથન છે. કર્મ છૂટે છે માટે અશુદ્ધતા ટળે છે. આવે છે કે નહિ? કર્તાકર્મમાં? કે નિમિત્તના આશ્રયે જે થતું, નિમિત્ત છૂટ્યું એટલે પછી છૂટી જાય. કોઈ શરણ નથી નથી આવતું? અશરણમાં આવે છે. કર્તાકર્મ અધિકારમાં. આ તો હવે સ્વાધ્યાયનો કાળ છેને આપણે ચારેકોર મેળવીને. અશરણ આવે છે. કર્મનો ઉદય થઈ જાય રાગ નહિ થાય પછી. લ્યો ત્યાં એમ આવે છે. એટલે પછી રાગ શરણ નથી. શરણ તો સ્વભાવનું છે. આહા..હા..! એને રાખી નહિ શકે કારણ કે કર્મનો ઉદય ખરતા એ નીકળી જાય એમ. ત્યાં ઓલો બેનો સંબંધ છે એ છૂટી જાય છે એમ કહેવું છે. અહીં એ કહેવું છે. કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પોતાના પુરુષાર્થની નબળાઈને કારણે. આહા..હા..! આવું સ્પષ્ટ કથન જુઓને.

'**ક્રોધ,...**' એને ક્રોધ. ક્રોધનો ઉદય આવે એટલે ક્રોધ કરવો જ પડે. લ્યો આ લાવ્યા હતાને નહિ કેટલા વર્ષ પહેલા? કોક પંડિત પાસેથી લાવ્યા હતા. એય..! ગોમ્મટસારમાં એમ લખ્યું છે. એમ તમને હજી ગોમ્મટસારનું જ્ઞાન નથી. એમાં એમ લખ્યું છે ક્રોધનો ઉદય હોય ત્યારે ક્રોધ કરવો જ પડે. આહા..હા..! ભારે મોંઘી વાત ભાઈ! ક્રોધ કર, ન કર એ તારી સ્વતંત્રતા છે. નિમિત્તને અનુસરવું કે સ્વભાવને અનુસરવું? એ તારા પુરુષાર્થને આધિન છે. નિમિત્તને અનુસરાવે નિમિત્ત એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ કર્મની જ મોટી ભૂલ છે અત્યારે આ ત્રણેય. કર્મને લઈને થાય, કર્મને લઈને થાય આ એક. ઓલાને ઈશ્વરને લઈને થાય, આને કર્મને લઈને થાય. આનો જડ ઈશ્વર, ઓલાનો ચૈતન્ય ઈશ્વર રખડાવનાર. બેય ખોટા છે.

એમ '**માન,...**' માનનો ઉદય હોય એને. ભાવક થઈને માનનો, ચારિત્રનો નામ આવ્યું. એને અનુસરીને માન થવાની લાયકાત ભાવ્ય જે હતી એને દૂરથી એટલે થવા દીધી નહિ, સ્વભાવ સન્મુખ (થાય) ત્યારે કહે એ પર્યાયમાં થવાની હતી ક્રમબદ્ધમાં? દૂરથી પાછી વાળ એમ કીધુંને? આહા..હા..! ભારે! એ તો એની પર્યાય પહેલી જે થવાની હતી એને વાત કરી. પણ પછી બીજાના સમયમાં એ થવાની નહોતી એટલે એને નિમિત્તને (ન) અનુસર્યો અને સ્વભાવને અનુસર્યો. આ તમે આ પ્રમાણે કરો છો પછી ક્રમબદ્ધ ક્યાં રહ્યું? એમ કોઈ કહે. નિમિત્તને અનુસરીને કરે તો થાય, ન કરે તો ન થાય. એમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું? એય..! પણ એ જ ક્રમબદ્ધ થયું સાંભળને. જીવ પોતાના સ્વભાવનો આશ્રય લઈને અનુભવે જીવને થતાં પર્યાયમાં જે સમયે જે રાગ થવાનો છે તેવું જ સામે નિમિત્ત હોય. એ રાગ પોતે કરે તેને નિમિત્તને અનુસરીને તે સમયમાં. અહીં તો બીજે સમયે જે થવાનો જ નથી એને એમ કહે છે કે દૂરથી પાછો આમ વાળ્યો છે આમ. એ વખતે એમ વળવાનો જ એનો

સમય હતો. આહા..હા..! એ સમયે પર્યાય ઉપશમ થવાની... આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? એ માન થવાનું નહોતું એને અહીં પુરુષાર્થથી થવા ન દીધું એને જીત્યું એમ કહેવામાં આવે છે.

એમ '**માયા,...**' ભાવક થઈને કપટનો ઉદય આવ્યો છતાં એ તરફને અનુસરીને આત્માની જે ભાવ્યદશા તો હતી પહેલી. હતી ત્યાં સુધી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, ભાવ્યભાવક ભાવ થયો. ભાવ્યભાવક એ ભાવ થયો એમ. પણ એ સ્વભાવની એકાગ્રતાથી, નિમિત્તને અનુસર્યો નહિ તો માયાને જીતી કહેવાય. એમ '**લોભ,...**' ભાવક થઈને લોભ આવ્યું અંદર. ચારિત્રમોહનો ઉદય લોભ. પણ સ્વભાવ સન્મુખની એકાગ્રતાથી તો મંદ પુરુષાર્થ છે આ. તીવ્ર પુરુષાર્થ ક્ષયમોહમાં જાય. આ જીત મોહ છેને? મંદકષાય. ઠારે છેને? એમ '**કર્મ,...**' લીધું લ્યો! આઠેય કર્મ હવે લીધું. એક એક લઈને હવે આઠેય કર્મ. ઠીક! આઠેય કર્મ ભાવક થઈને ઉદયમાં આવ્યું. .. લીધુંને આ તો? કર્મ લીધું આ. પણ તે સમયે સ્વભાવ સન્મુખની નિમિત્તને અનુસરીને થવાની દશા ન થતાં સ્વભાવને અનુસરીને થઈ તે ભગવાનની પોતાની સ્તુતિ કરે છે એને સ્તવન અને ગુણગ્રામ કર્યા એટલે એમાં એકાગ્ર થયો. કહો, સમજાણું કાંઈ? તદ્ લબ્ધયે. આવે છેને એ? મોક્ષમાર્ગ નેતારં.. તો એમાં એ કાઢે છે. જુઓ ભગવાનની સ્તુતિ કરતાં એના ગુણ છે એની પ્રાપ્તિ થાય. પણ કઈ સ્તુતિ? આ. આવે છેને શ્લોક? મોક્ષમાર્ગ નેતારં ભેતારં કર્મ ભૃભતામં વંદે તદ્ગુણ લબ્ધયે તેના ગુણની લબ્ધિ માટે હું વંદન કરું છું. તેના ગુણ જે છે જ્ઞાનાદિ કેવળ લબ્ધિ માટે હું વંદન કરું છું એમ કહ્યું છે. કહો, એના વંદન કરવાના વિકલ્પથી એના લબ્ધિની પ્રાપ્ત થાય કે નહિ? એ નહિ. એ આ લબ્ધિ થાય એમ કહે છે. એ ભગવાન નહિ, આ ભગવાન આત્મા. નિમિત્ત તરફના વલણવાળો પુરુષાર્થ ન કરતાં સ્વભાવને અનુસરીને પુરુષાર્થ થયો એણે કર્મને જીત્યું એમ કહેવામાં આવે છે. ત્યારે કર્મમાં તો આઠેય કર્મ આવ્યા. એય..! તો પછી આયુષ્યનું શું કરવું? આપણે તો .. જ્ઞાનાવરણીય તો ઠીક. આઠેય? ઉદય હો, પણ એની સાથે સંબંધ નથી રાખતો. એટલો એને જીત્યો છે એમ કહે છે. આહા..હા..! બીજાને ઉપશમ થાતો નથી મોહ સિવાય. એય..! આ ઉપશમ શ્રેણીની વ્યાખ્યા છે ભાઈ! પાઠમાં જરી અર્થમાં લેશે ઉપશમ આદિ. આ .. ક્ષયોપશમ. એ ઉપશમ અને ક્ષયોપશમ કહેવાય છેને. ઉપશમ શ્રેણીમાં આમ ઠરે છે એ અપેક્ષાએ ઉદય જરી . ક્ષયોપશમ કહેવાય. એટલે આદિ શબ્દ વાપર્યો છે અંદર. ઉપશમ આદિ કરીને. જયચંદપંડિતે. આહા..હા..!

કહે છે એ આઠેય કર્મ. ખરેખર તો દ્રવ્ય સ્વભાવના વલણવાળો જ્યાં ભાવ થયો આઠેયમાંથી જુદો પડી ગયો છે. આહા..હા..! એ આયુષ્યને લઈને જીવે છે એમ નહિ. પોતાની અક્ષય સ્થિતિને લઈને ત્યાં જીવે છે. સમજાણું? અહીં તો સમુચ્ચ વાત થાય તો બધું લેવું કે નહિ?

પરના નિમિત્તને અનુસરતો ભાવ છોડી દીધો છે. આઠેય તરફના ભાવકને. આહા..હા..! ઓલામાં આવે છેને અર્થમાં નથી આવતું ભાઈ? મિથ્યાત્વ ટળતા કેટલાય પ્રકારનો અવ્રત, યોગ પણ ટળે છે. અર્થમાં આવશે જયચંદપંડિતના. શું કહ્યું એ સમજાણું? એ આઠેય કર્મના નિમિત્તને અનુસરતો જે ભાવ એ આ બાજુ ઢળતા બધો ટળી જાય છે. આહા..હા..! યોગનો પણ ભાવ એટલો શુદ્ધ થાય છે. એટલો શુદ્ધ થાય છે. આહા..હા..! આવી ચીજ. જુઓને વસ્તુસ્થિતિ. સુજાનમલજી!

જ્ઞાનાવરણીયનો ઉદય આવ્યો આઠ કર્મનો. કહ્યુંને? એને અનુસરીને જ્ઞાની હીનતા જે પુરુષાર્થમાં કરતો એ આ બાજુ ઢળે છે. એટલો એને જીત્યો. ભલે ઉપશમ શબ્દે ક્ષયોપશમ કર્યોને? એનો ક્ષયોપશમ કર્યો. ક્ષયોપશમ કર્યો એનો ઉપશમ કર્યોને એટલો? ક્ષય-ઉપશમ આવે છેને? ... ઉદય આવ્યો એનો ક્ષય કર્યો, સત્તામાં પડ્યો એનો ઉદય એને ઉપશમ કર્યો. ઉદય એમ કહીને ક્ષયોપશમ દશા તો ઉભી છેને? ઝીણી વાત છે. આ તો શાસ્ત્રની વાત છે. શાસ્ત્રની એક એક વાતમાં ઘણી અપેક્ષાઓ અને ગંભીરતા હોય છેને? આહા..હા..! એ આઠેય કર્મના ભાવકને જુદો પડ્યો છે તે. આહા..હા..! પ્રતીજીવી ગુણ જે છે અંદરના જીવના. એનાથી નિમિત્ત તરફનું વલણ એટલું છૂટી ગયું છે. ત્યારે કહે એ તો અઘાતિ છે. એટલે કે પૂર્ણ ઉઘડે. એ ઉઘડે ભલે પૂર્ણ જ્યારે ઉઘડે ત્યારે. એય..! પણ એટલી શુદ્ધિ તો સમયે સમયે થાય છે. આઠ કર્મ રહિત એવો જે દ્રવ્ય સ્વભાવ એનો આશ્રય કરતા સમ્યગ્દર્શન ઉપરાંત. સ્વનો આશ્રય તો દૃષ્ટિએ કર્યો છે. એ ઉપરાંત વિશેષ આશ્રય કરતા આઠેય કર્મના વલણવાળી દશા ઉત્પન્ન થતી નથી એ સમયમાં એને જીત્યો એમ કહેવામાં આવે છે. લ્યો! કહો, શિવલાલભાઈ! આ ઘરે વાંચે તો સમજાય નહિ લ્યો!

મુમુક્ષુ :- એટલા માટે તો આવ્યા છીએ.

ઉત્તર :- મોટો ધંધો છે એને ત્યાં. બાયડી-ભાયડો બે છે. છોડી નથી. પણ થોડી થોડી નિવૃત્તિ લે છે. પણ ધંધો મોટો કરે છે. હવે એમાં આ વાંચવા બેસે તો કાંઈ સમજે નહિ. સાચી વાત છે. આહા..હા..! શાંતિનો કાળ છે આ બધો. આઠેય કર્મનો ઉપશમ કર્યો લ્યો! ઉપશમ તો ક્યો એય..! પણ એનો અર્થ ક્ષયોપશમ કર્યો એમ પણ એને કહેવાય. એ દશામાં એનો ક્ષયોપશમ કર્યો એટલો એનો ઉપશમ કર્યો જીત્યો એમ કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીયનો ઉદય, દર્શનાવરણીયનો ઉદય, શાતાનો ઉદય, અશાતાનો ઉદય વગેરે જે હોય છેને? સમજાણું? અંતરાયનો ઉદય, વીર્ય, દાન, લાભ. અને આયુષ્ય, નામ, ગોત્ર, વેદનીય એ ચારેયને એ તરફના વલણવાળી યોગ્યતા હતીને. સત્તામાં પડ્યું છે ત્યારે એટલી યોગ્યતા તો હતીને? પડ્યું છે એટલી. અને એ ઉદય આવ્યો ભાવક થઈને ત્યારે આ બાજુની યોગ્યતા પ્રગટ કરતા એ યોગ્યતા પડી જાય છે. .. .આહા..હા..!

મુમુક્ષુ :- સત્તામાં રહેને.

ઉત્તર :- સત્તામાં રહે છે તેટલું પણ કહ્યું છેને. સત્તામાં દાબી દીધુંને? દાબી દીધું એટલું પુરુષાર્થથી કામ કર્યું. અહીં તો જરી પાછા .. આ તો ઉપશમ શ્રેણીની વાત છે, ત્યાં વળી આઠ કર્મ ક્યાં નાખ્યા? એનો પાછો ખુલાસો થવો જોઈએ કે નહિ? એય..! પંડિતજી! કારણ કે ઉપશમ તો મોહનો થાય, ક્ષયોપશમ ચારનો થાય. ઘાતિ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને (અંતરાય) ચાર ઘાતિનો થાય. ઉદય આઠનો હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એ વખતે એટલો જ પ્રકારનો મોહનો ઉપશમ કરે છે એમ બીજાનો પણ એ જાતનો ક્ષયોપશમ થાય એ. આહા..હા..! બહુ સમાડ્યું છે હોં! જેટલો એ ભગવાન આત્માના સ્વભાવ તરફ આમ જુક્યો છે. ભલે ઉપશમ પુરુષાર્થથી એટલે મંદ પુરુષાર્થથી. એટલો આઠેય કર્મના ઉદયને અનુસરતો ભાવ ઉત્પન્ન થવા દેતો નથી. કહો, સમજાણું આમાં? હવે આમાં એક-બે દિ' સાંભળવા આવે ને શું સમજાય? એય..! આ ..નો આવ્યો છેને પૌત્ર. કોક દિ' આવે અડધો દિ' અને અડધો દિ' પાછો શેત્રુંજય જઈ આવે. બધું કરવું એક સાથે. હવે આમાં શું કહે છે આ?

'**નોકર્મ,...**' લ્યો! શરીર ને વાણી ને બહારના નિમિત્તો એ બધા. શરીર, વાણી એ બીજામાં આવશે હજી. બહારના નિમિત્તો છેને જેટલા ઉદયો આવે સંયોગો, એના તરફનો જે વલણનો ભાવ છે એ ભાવ છૂટી જાય સ્વભાવના વલણથી એને જીત્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! કર્મના તરફનું વલણ અને નોકર્મના વલણ બેય વાત લીધી અહીં તો. નિમિત્તો જેટલા છે નિમિત્તો. એ તરફના વલણવાળો જે ભાવ હતો એને એ ભાવ્ય થવા ન દીધો. આમ અનુસરીને થયો એટલો એને જીત્યો એમ કહે. પંડિતજી! આ વ્યાખ્યા તો અત્યારે શાંત છે એટલે થાય છે. હવે તો ૩૭ વર્ષ થઈ ગયા. આ તો ૩૮મું વર્ષ. રામજીભાઈ કહેતા હતા કે ભાઈ ૩૮ વર્ષમાં એક એક વર્ષમાં એક મહિનાનું ઓલું હોય. રજા આપે. વ્યાખ્યાનમાં. બાર મહિને એક મહિને રજા ઉપર ચડે કે નહિ? ત્રણ વર્ષમાં એક મહિનો? બાર મહિનામાં એક એવું સાંભળ્યું છે. આપણને ક્યાં ખબર છે કે નોકરીમાં શું હોય? બાર મહિને એક મહિને છૂટ પડે છે રજામાં. એમ આ ૩૭ વર્ષથી તો વ્યાખ્યાન ચાલે છે અહીંયાં. આમ ૫૪ વર્ષથી ચાલે છે. ૭૪ ચાલે લ્યો. ૭૪થી. ૭૧, ૭૨, ૭૩ ત્રણમાં કોક દિ'. ૭૧થી વાંચતા. ૭૪થી સદાય. ૭૪ કેટલા વર્ષ થયા? ૫૫ થયા. ૫૫. ચાર .. ૫૯મું ચોમાસું છેને. દર વખતે. ૭૦, ૭૧, ૭૨. છૂટ જ છે. એ કાળે નીકળવાનું હોય એ નીકળે. આહા..હા..!

જુઓ આમાં સત્‌નું સ્વરૂપ કેવું છે એને જાહેર કરે છે. ભગવાન ચિદાનંદ સ્વરૂપ શુદ્ધતાનો

પિંડ પ્રભુ એનું ભાન થયા છતાં હજી અશુદ્ધતાની યોગ્યતા નિમિત્તને અનુસરીને પોતાને કારણે હતી તે પોતે પોતાને કારણે સ્વભાવે કરીને ઉત્પન્ન થવા દેતો નથી. એવો જ એનો સમય અને કાળ હતો. પાછો ઓલો કહે જુઓ, એણે ફેરવી નાખ્યું કે નહિ? એય..! અરે ભગવાન! સાંભળને બાપુ એ. આહા..હા..! એ સ્વકાળે જ પર્યાય થઈ છે એ. કાળલબ્ધિ છએ દ્રવ્યની, સમયની, પર્યાયની બધી એને કાળલબ્ધિ છે. એ કાળે જ થાય. આડીઅવળી હોય જ નહિ. આ વાત જ એવી માણસ મારા. ..ની એટલી વાત થઈ જાય છે. હવે સાંભળને. પુરુષાર્થવાદી એકાંતે ખોટો છે. એક નિયતવાદી ખોટો છે. બધા વાદ કર્યા છે એ બધા એકાંતે ખોટા જ છે લ્યો. એકાંતની અહીં ક્યાં વાત છે? આહા..હા..! એકલો પુરુષાર્થ માને, એકલો જ આત્મા માને, અભાવને ન માને કર્મનો અભાવ થાય તે એક વસ્તુ છે. એ બધું એક કારણમાં બધા કારણો સાથે જ હોય છે. આઘાપાછા હોતા નથી. આહા..હા..!

જુઓ, આઠેય કર્મનો ઉદય નોકર્મ. નિમિત્તોના ઢગલા બહારના હોય અને જ્યાં સુધી શુદ્ધ ઉપાદાનને પૂર્ણ અનુસરીને ભાવ નથી ત્યાં સુધી એને બાહ્ય નોકર્મને અનુસરીને પણ ભાવ થાય છે. વળી એમાં બે આંતરો પાડે છે ભાઈ! બે આંતરો પાડે છે. એમ કે કર્મનું જે છે નિમિત્ત એ તો બરાબર નિમિત્ત થઈને જ આવે. એટલે એને વિકાર કરવો જ પડે. અને નોકર્મ છે એ તો પોતે કરે તો એને નોકર્મને નિમિત્ત કહેવાય એમ વળી આવતો. અહીં તો બધાને સરખા નાખ્યા છે. આખો ન્યાય સમજાણો? એય..! પંડિતજી!

મુમુક્ષુ :- એવો

ઉત્તર :- છે. અહીં કહે છે જુઓ. કર્મ અને નોકર્મ બેયને સરખા નાખ્યા અહીંયાં. આ કર્મને અનુસરીને ભાવ થતો, એને જીત્યો આમ અનુસરીને. નોકર્મને અનુસરીને થતો એને આમ કરીને જીત્યો. આમ બેય વાત થઈ. એક સાથે છે. આ તો સમજાવે ત્યારે તો શી રીતે સમજાવે? સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું સમાડ્યું છે આમાં? કેટલો વિશાળ! જૈનદર્શનનો સિદ્ધાંત. એટલે વસ્તુના સ્વભાવનો સિદ્ધાંત સંકેલીને ગોઠવ્યો છે. એ નોકર્મ બધા નિમિત્તો.

પછી '**મન,...**' મન. મનનો ભાવક થઈને આવ્યું મન. આહા..હા..! મન તરફના વલણવાળો ભાવ છે કે નહિ? હજી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં સ્વરૂપનો આશ્રય લઈને દશા થયા છતાં હજી મનના સંબંધવાળી દશા છે. એ મનને ભાવક ગણી નામકર્મનું છેને અંદર? ભાષા ને મન ને નામ કર્મ. એના વલણવાળો જેટલો ભાવ હતો એને આ બાજુના વલણથી એટલો ઉત્પન્ન થવા ન દીધો એટલું મન તૂટી ગયું, મનનો સંબંધ તૂટી ગયો એ ભાવ્યભાવક ભાવ તૂટી ગયો. આહા..હા..! નહિ તો બધાને એકસરખા નાખ્યા .. નિમિત્ત તરીકે. તેને અનુસરવું કે ન અનુસરવું એ તો તારા પોતાને આધિન છે. આહા..હા..! મન.

એમ '**વચન,...**' વાણીના તરફના વલણનો ભાવ. વચન પણ ભાવક થઈને આવે છે એમ કહે. ... એના તરફનો ભાવ એટલે ભાવકનો ભાવ્ય એટલે બેનો સંબંધ એ તોડી નાખ્યો. અંતરના વલણથી. આહા..હા..! એક સાથે. એક વાત કરી પણ કેવી જુદી જુદી જાતની શૈલીથી વાત કરી. સમજાણું? વચનનો સંબંધ જેટલો છે વિકલ્પથી આમ. એટલા પ્રકારનું અનુસરવું છોડી દઈને આ બાજુમાં ઢળ્યો છે એને વચનનો સંબંધ, નિમિત્તનો સંબંધ તોડી નાખ્યો. એને ભાવકભાવ્ય ભાવ થવા દીધો નહિ. કહો, આ સ્પષ્ટીકરણ . આવું થાય. આટલું ઓલામાં ક્યાં કરવું?

એમ '**કાય...**' આ શરીર. લ્યો આ શરીર સંબંધીનું વલણ છે જેટલું. જ્ઞાનીનું. એ શરીરમાં ઉદય આવેને કર્મનો? એના તરફનું વલણ છે એટલું આમ વલણ કરતાં એ છૂટી જાય છે. '**અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં...**' લ્યો! '**અને શ્રોત્ર,...**' ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિય હવે લેવી જુઓ ઠીક! આહા..હા..! શ્રોત્ર ઇન્દ્રિય એના તરફનું જે વલણ. ઓલામાં તો હતું જિતેન્દ્રિય તો એકત્વબુદ્ધિએ તો જીત્યું હતું. એમાં એકત્વબુદ્ધિ હતી ઓલા ૩૧માં. '**जो इंदिये जिणित्ता**' એ તો ભાવેન્દ્રિય, જડેન્દ્રિય બધી જીતી હતી, પણ હજી અંદર એકત્વબુદ્ધિ જીતી હતી એ પણ અસ્થિરતાનું વલણ હજી ગયું નથી. આહા..હા..! સમજાણું? લ્યો! '**जो इंदिये जिणित्ता**' તો બધું આવી ગયું છે. એ તો એકતાની બુદ્ધિ જીતી એણે. એકતાની બુદ્ધિ ટાળી. પણ હજી અસ્થિરતાની બુદ્ધિ જે ઇન્દ્રિયો તરફના વલણની હતી. આહા..હા..! એ હવે અહીં ટળે છે. આહા..હા..!

'**શ્રોત્ર, ચક્ષુ,...**' લ્યો આંખ. એનો જે નિમિત્તપણું અને એના વલણવાળો નૈમિત્તિકભાવ અસ્થિરતાનો હોં. એ ભાવ્યને અણિન્દ્રિય તરફના વલણના ઝુકાવથી એને જીત્યો ઉપશમ કર્યો. એમ '**ઘ્રાણ,...**' એ તરફના વલણવાલો ભાવ જે હતો એવો ન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય અને એકતાબુદ્ધિ હોય તો તો આવે જ નહિ. તો એ તરફનું વલણ તદ્દન એકતાવાળું છે એની તો અહીં વાત જ નથી. એની એકતા તૂટી ગઈ છે, પણ હજી એનામાં અસ્થિરતા બાકી રહી છે. આહા..હા..! કહો, વજુભાઈ! આવું ઝીણું છે આ. હીરામાણેકમાં તો આવું ઝીણું નથી. આહા..હા..! નજર પહોંચવી જોઈએ હોં! ત્યાં. આ રીતે ભાવ છે. એ ભાવનું ભાસન થવું. ભલે એ ભાવ અત્યારે હોય નહિ, પણ આવો ભાવ હોય એને આવું કહે છે એમ તો ભાન આવવું જોઈએને? જ્ઞાનમાં આવવું જોઈએને.

'**ઘ્રાણ, રસન,...**' જીભ. એ તરફના વલણની એકતાબુદ્ધિ તૂટી ગઈ છે, અસ્થિરતાબુદ્ધિ જે છે એને ભાવક જે રસેન્દ્રિય એના તરફનો ભાવ્યભાવક એ સ્વભાવ અણિન્દ્રિય તરફના ઝુકાવથી ઉત્પન્ન થતો નથી તેને ભાવ્યભાવક ભાવને સંકરદોષ ટાળ્યો. એટલો સંબંધ છૂટ્યો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટ્યો એમ કહે છે. એનું નામ જીતવું થયું. આહા..હા..! ઝીણું છે

આ. પણ હવે અહીં તો હજી આવવું બધું ચાલવું જોઈએને અહીં તો. બીજા ગામમાં ન ચાલે પણ. એમ '**સ્પર્શન--**' આ. સ્પર્શ તરફની આ ઇન્દ્રિયો સ્પર્શ એની એકતા તો તૂટી ગઈ છે, પણ હવે અસ્થિરતા સ્પર્શતરફની આસક્તિની વૃત્તિ જે હતી એને પણ સ્વભાવમાં અણિન્દ્રિય તરફ જુકતા એટલી વૃત્તિને ઉત્પન્ન થવા દેતો નથી એને જીત્યો એમ કહેવાય છે. લ્યો એ '**પાંચનાં સૂત્રો ઇન્દ્રિયસૂત્ર દ્વારા જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં;...**' જુઓ, આચાર્ય મહારાજ એમ કહે છે લ્યો! કરવા એમ કહે છે હોં! છેને? '**पृथग्व्याख्यातत्वाद्व्याख्येयानि**' છેને? કરવા એમ કહ્યું. '**એમ સોળ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપે કરવાં...**' એમ આચાર્ય મહારાજનો હુકમ છે. સોળની આ રીતે વ્યાખ્યા કરવી અને સમજવી. '**એને આ ઉપદેશથી બીજા પણ વિચારવાં.**' લ્યો! જેટલા પ્રકારના પરતરફના વલણવાળા ભાવ બધા માટે આ બાજુનું વલણ કરીને એને ઉત્પન્ન ન થવા દે એમ બધું અસંખ્ય પ્રકારના શુભ અને અસંખ્ય પ્રકારના અહીં તો હવે શુભ છે અહીં તો આ બાજુ. ઉપશમ શ્રેણીમાં તો. સમજાણું? ઉપશમ .. છેને ત્યાં તો શુભભાવ છે. પણ એ છતાં એટલો વિકાર છેને? આહા..હા..!

'**ભાવાર્થ :- ભાવક જે મોહ...**' એટલે કે મોહ થવામાં પોતાની ઉપાદાનની પર્યાયની યોગ્યતામાં મોહ એ ભાવક હતો. કારણ કે ખરેખર સ્વભાવનો કરનારો આત્મા અને વિભાવમાં કરવાનું નિમિત્ત એમ કરીને ભાવક એને કહ્યો છે. એ કરાવે છે માટે ભાવક એમ નહિ. ઓલામાં કહ્યું છેને? કરે છે ત્યારે એને કરાવે છે એમ કહેવાય ભાઈ! છેને ગોમ્મટસારના પહેલા ઉપોદ્ઘાતમાં છે. ગોમ્મટસારમાં ટોડરમલજીની વ્યાખ્યા છે. કર્મ કરાવે છે એમ કહેવાય છે. છે એમાં. ૪૯ છેને પેહલી ટોડરમલજીની. ગોમ્મટસારની. મોટી હા એ એમાં છે. આ તો વાંચ્યું હોય તો યાદ રહી ગયું હોય કે ક્યાં વાંચ્યું હતું. રાગાદિ પોતે કરે ત્યારે કર્મ એને કરાવે એમ કહેવામાં આવે છે. ત્યાં ભાવક શબ્દ છેને? ભાવક. ભાવ કરનારો એમ. સમજાણું? એને કેમ ભાવ કહ્યો? એ પોતે કરે છે જાતે યોગ્યતાથી, ત્યારે ઓલું નિમિત્ત છે એટલે એને કરાવે છે. કરનાર એ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**ભાવક જે મોહ તેના અનુસાર પ્રવૃત્તિથી...**' તે અનુસાર પરિણતિથી '**પોતાનો આત્મા ભાવ્યરૂપ થાય છે...**' યોગ્યતારૂપ, વિકારરૂપ થાય છે. '**તેને ભેદજ્ઞાનના બળથી...**' તેના સંબંધમાં તોડીને એમ. સંબંધ તોડીને એનું નામ ભેદજ્ઞાન. અંતરમાં એટલો સંબંધ તોડ્યો એ ભેદજ્ઞાન બળ વડે. '**જુદો અનુભવે તે જિતમોહ જિન છે.**' એણે મોહને ઉપશમ કર્યો, ઠાર્યો, જીત્યો એમ એને જિન કહેવાય છે. એ જિન. પહેલો જિતેન્દ્રિય, ઇન્દ્રિય, ખંડ ભાવ અને પર એની એકત્વબુદ્ધિ ટાળીને સ્વભાવમાં એકત્વ થયો એ જિતેન્દ્રિય જિન અને આ સ્વભાવમાં એકાગ્ર વિશેષ થઈને મોહને ઉપશમ આદિ બધા નિમિત્ત એને જિતમોહ, જિન એને પણ જિતમોહ જિન કહેવામાં આવે છે. ઓલા જિન કરતા ઉંચો જિન આ.

એટલે આત્માની નિર્મળતાની વૃદ્ધિ થઈ એનું નામ બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. આવું તો વાંચ્યું નહિ હોય ગુલાબભાઈ કોઈ દિ'. નવરાશ ક્યાં છે.

**'અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં...'** સ્વરૂપમાં જાગૃતમાં ધારા એવાએ ચડતા **'મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે...'** એમ. રાગાદિનો અનુભવ ન રહે **'અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી...'** જોયું! પોતાના પુરુષાર્થથી. આહા..હા..! એ કર્મ મંદ પડતું જાય છે માટે અહીં ઉપશમ થતો જાય છે એમ નહિ. આહા..હા..! એ તો એને કારણે થાય. એમાં આત્મા કરે શું? મોહનો ઉપશમ કે ક્ષયોપશમ એ તો એની રજકણની અવસ્થા છે. આત્મા પરમાં કાંઈ કરે? પોતાના અંદર પુરુષાર્થથી આનંદ સ્વરૂપ ભગવાન આત્મા એના વલણવાળા ભાવથી જે **'ઉપશમાદિ કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે.'** એણે મોહનો જીત્યો છે. તેનો નાશ થયો નથી. લ્યો!૪

## ગાથા-૩૩

अथ भाव्यभावकभावाभावेन ---

जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।
तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।।३३।।

जितमोहस्य तु यदा क्षीणो मोहो भवेत्साधोः।
तदा खलु क्षीणमोहो भण्यते स निश्चयविद्भिः।।३३।।

इह खलु पूर्वप्रकान्तेन विधानेनात्मनो मोहं न्यक्कृत्य यथोदितज्ञानस्वभावातिरिक्तात्मसंचेतनेन जितमोहस्य सतो यदा स्वभावभावभावनासौष्ठवावष्टम्भात्तत्सन्तानात्यन्तविनाशेन पुनरप्रादुर्भावाय भावकः क्षीणो मोहः स्यात्तदा स एव भाव्यभावकभावाभावेनैकत्वे टंकोत्कीर्णं परमात्मानमवाप्तः क्षीणोहो जिन इति तृतीया निश्चयस्तुतिः।

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षु-घ्र्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

**જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જયારે થાય છે,**
**નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

ગાથાર્થ :-- **[जितमोहस्य तु साधोः]** જેણે મોહને જીત્યો છે એવા સાધુને

[यदा] જ્યારે [क्षीणः मोहः] મોહ ક્ષીણ થઈ સત્તામાંથી નાશ [भवेत्] થાય [तदा] ત્યારે [निश्चयविद्भिः] નિશ્ચયના જાણનારા [खलु] નિશ્ચયથી [सः] તે સાધુને [क्षीणमोहः] 'ક્ષીણમોહ' એવા નામથી [भण्यते] કહે છે.

ટીકાઃ--- આ નિશ્ચયસ્તુતિમાં, પૂર્વોકત વિધાનથી આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી, જેવો (પૂર્વે) કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો, તેને જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય-એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય, ત્યારે (ભાવક મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી ટંકોત્કીર્ણ (નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો તે 'ક્ષીણમોહ જિન' કહેવાય છે. આ ત્રીજી નિશ્ચયસ્તુતિ છે.

અહીં પણ પૂર્વે કહ્યું તેમ 'મોહ' પદને બદલી રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ પદો મૂકી સોળ સૂત્રો (ભણવાં અને) વ્યાખ્યાન કરવાં અને આ પ્રકારના ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

ભાવાર્થ :-- સાધુ પહેલાં પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતી, પછી જ્યારે પોતાના મહા સામર્થ્યથી મોહનો સત્તામાંથી નાશ કરી જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય ત્યારે તે ક્ષીણમોહ જિન કહેવાય છે.

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

'હવે, ભાવ્યભાવક ભાવના અભાવની નિશ્ચયસ્તુતિ કહે છે :--' ઓલામાં ભાવ્યભાવકની સંબંધ તોડ્યો એટલી વાત હતી. આ તો તદ્દન અભાવ હવે. ઉપશમ કર્યો. નાશ કરે છે. આહા..હા..! જુઓ એની શૈલી જુઓ.

जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।
तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।।३३।।
જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,

**નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

આ સાધુ શબ્દ આમાં આવ્યો. ઓલામાં નહોતો.

ક્ષીણમોહ ભાવ જણાય છે. એને ક્ષીણમોહ હોય છે.

એની '**ટીકા :- આ નિશ્ચયસ્તુતિમાં,...**' જે આત્માના સ્વભાવને અનુસરતી દશામાં '**પૂર્વોક્ત વિધાનથી...**' પૂર્વે કહ્યા એ રીતથી. '**આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી,...**' ઉપશમાવી '**જેવો કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો,...**' ઓલી પૂર્વની વાત ભેળવી. ઉપશમ કર્યો પુરુષાર્થ દ્વારા, પોતાના બળ દ્વારા. ઓલામાં આવે છેને બુદ્ધિપૂર્વક-અબુદ્ધિપૂર્વક બેય પોતાના પુરુષાર્થપૂર્વકથી ટાળે છે. આસ્રવમાં આવે છે. એમ કે બુદ્ધિપૂર્વક છે એ તો ટાળે પણ અબુદ્ધિપૂર્વક પણ ટાળે છે. અહીં ઉપશમમાં ક્યાં બુદ્ધિપૂર્વક હતો? આસ્રવ અધિકારમાં છે. કળશ. બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બેયનો આત્માને આશ્રયે નાશ કરે છે. અરે એ વાત એને બેસાડ તો ખરો. પુરુષાર્થની આ વાત આ રીતે છે. બીજી રીતે નથી. આ કર્મ આવે મને આમ થાય, કર્મને લઈને મારે આમ થાય. મારા ઉંધા. કર્મે રખડાવ્યા. 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળો આડો અંક.' એ બોલે ઓલી સ્તુતિ પહેલાં સ્થાનકવાસી. એ બીજી વાત છે. એ તો કર્મને લઈને એ મળે છે. એને અનુસરવું કે ન અનુસરવું એ કાંઈ તારે પુરુષાર્થને આધિન છે કે એને લઈને થયું એ તને અનુસરાવે છે? એમાં આવું ગયું નહિ નોકર્મ? 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' લ્યો! એવું ગાય. હાંકે ઓલા સાંભળનારા હોય એ જય મહારાજ.

મુમુક્ષુ :- એ જ હોય.

ઉત્તર :- એ જ હોય? તમારા ગામમાં તો બહુ ચાલે બધું. આ ક્યાં.

'**તેને જ્યારે...**' હવે દેખો. '**પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી...**' ભાષા જુઓ. મોહનો ઉપશમ છે એમાં સારી રીતે અવલંબન નથી લીધું એણે. સાધારણ લીધું છે સ્વભાવનું. સ્વભાવ જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ એનું સારી રીતે અવલંબન લેવાથી. દેખો! પુરુષાર્થથી સારી રીતે અવલંબન લેવાથી. '**પોતાના સ્વભાવભાવની ભાવના...**' દેખો! સ્વભાવભાવ જે ત્રિકાળ, એની ભાવના. તો એ '**સારી રીતે અવલંબન કરવાથી...**' ઉગ્રપણે પુરુષાર્થ કરવાથી જુઓ. ઉપશમમાં જીતવાનો પુરુષાર્થ મંદ હતો. આ ઉગ્રપણે. '**મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય...**' મોહની સંતતી પ્રવાહનો અત્યંત વિનાશ એવો થાય. '**ફરી તેનો ઉદય ન થાય--એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય,...**' ભાવકરૂપ મોહ. એ મોહ ભાવક થઈને આવ્યો હતો એનો નાશ થાય. પર્યાયમાં એનો પ્રગટ થાય અને ક્ષય થાય. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ-૧૨, શુક્રવાર, તા. ૨૩-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૩, કળશ-૨૭, પ્રવચન-૧૦૬**

જીવ અધિકાર સમયસાર. ૩૩મી ગાથા ચાલે છે. અહીં સ્તુતિ એટલે ગુણની સ્તુતિ એટલે દ્રવ્યની સ્તુતિ. શરીરની સ્તુતિ એ કાંઈ વાસ્તવિક સ્તુતિ નથી. શરીરના ગુણગાન ગાવા એટલે કે ખરેખર તો પુણ્ય પરિણામના પણ શુભભાવના ગુણગાન ગાવા એ કાંઈ ધર્મની સ્તુતિ નથી. એમ કહેવું છે. રાગ સારો છે, પુણ્ય સારું છે એના ગુણગ્રામ કરવા એ તો બધી શરીરની સ્તુતિ છે એમ કહેવું છે. સ્તુતિ એટલે કે જેનો એ સ્વીકાર અને આદર કરે છે એનું નામ સ્તુતિ. ભગવાન આત્માની સ્તુતિ તીર્થંકરની કોને કહીએ? કે તીર્થંકર જેવો જ આ આત્મા છે. કેવળીનો આત્મા અને આ આત્મા બધી જાત એક જ છે. એમાં કાંઈ ફેર નથી. એવા જે અનંતગુણસ્વરૂપ આત્મા એના તરફનું સન્મુખના પરિણામ એ જ એની સ્તુતિ છે. એનો હયાતીનો સ્વીકાર. આવડો આત્મા પૂર્ણ આનંદ છે, ધ્રુવ છે અને અસ્તિમાં એકરૂપ ત્રિકાળ છે. એવો જે પરિણામમાં અનુસરવું થઈને સ્વીકાર એ જ એની સ્તુતિ અને ગુણગ્રામ છે. એનું નામ સમ્યગ્દષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ જિન.

મુમુક્ષુ :- ચોથા પ્રકારનો

ઉત્તર :- આ તો પહેલા પ્રકારનું છે. બીજા પ્રકારનું ઉપશમ શ્રેણીએ ચડે એ. આ પહેલા '**जो इंदिये जिणित्ता**' એ આ વાત છે. અણિન્દ્રિય સ્વરૂપ ભગવાન આ એ નથી. પર્યાય બુદ્ધિ છૂટી, રાગ બુદ્ધિ છૂટી, નિમિત્તબુદ્ધિ છૂટી એ બધી ઈન્દ્રિય બુદ્ધિ છૂટી. અંતરમાં પૂર્ણ આનંદ અને જ્ઞાયકભાવ એવા પૂર્ણ સ્વભાવ સ્વરૂપ એનો સત્કાર, સ્વીકાર, સન્મુખતા એ જ એની સ્તુતિ છે. એનું નામ જિન કહે છે. એને જિતેન્દ્રિય સંતો કહે છે. આહા..હા..! કહો, સમજાણું? બીજા નંબરની આ ઉપશમશ્રેણી. જે આનંદ અનુભવતા છતાં જેની હજુ યોગ્યતા ભાવકકર્મના ઉદયને અનુસારે વર્તતી હતી એને હવે સંબંધ તોડવો સાધારણ પુરુષાર્થથી. વિશેષ પુરુષાર્થથી ક્ષયમાં જાય છે. એટલે સ્વભાવ તરફની એકાગ્રતા દ્વારા ભાવક તરફનો ભાવ થવા ન દેવો એનું નામ બીજા પ્રકારની સ્તુતિ એટલે ઉંચા નંબરની નંબરના વૃદ્ધિ શુદ્ધિ થઈ એમ. ઉંચી શુદ્ધિ થઈ. પહેલી શુદ્ધિ કરતા આમાં શુદ્ધિ વધી એટલે એને બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. અને ત્રીજા પ્રકારની સ્તુતિ ચાલે છે આપણે તો અહીં.

તેને જિતમોહ છે તેને. આવો જેણે કર્યું છે એને. એમ પ્રકાર ત્રીજો વર્ણવવો છેને?

**'જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું...'** પોતાનો જે જ્ઞાયકસ્વભાવ, જ્ઞાનસ્વભાવ ત્રિકાળ સ્વભાવભાવ એ વસ્તુ એની ભાવના, એની એકાગ્રતા શુદ્ધ ઉપયોગ. એકાગ્રતાનું સારી રીતે અવલંબન કરવાથી. લ્યો આ પુરુષાર્થ જુઓ. ક્ષય એની મેળાએ નહિ. આમ સ્વરૂપની પૂર્ણ શુદ્ધતા અને પૂર્ણ સ્વરૂપ એનું સારી રીતે અવલંબન લેવું એ પુરુષાર્થથી લેવાય છે. પંડિતજી! આહા..હા..! **'સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો...'** જે કર્મના ઉદય તરફના વલણના ભાવનો **'અત્યંત વિનાશ...'** એ નાશ થવો એટલે અભાવ થવો. ઓલામાં જીતવું હતું. આમાં નાશ થવો છે. કઈ રીતે વર્ણવ્યું જુઓને. આ કહે છેને જ્ઞાન માર્ગ, ભક્તિ માર્ગ અને ક્રિયા માર્ગ એમ ત્રણ કહે છેને? એ કહે છે જ્ઞાનમાર્ગ તો સ્વરૂપનું આ. ભક્તિ માર્ગ ક્યો? આ ભક્તિમાર્ગ. જ્ઞાનમાર્ગ આમ કહેવો, ભક્તિ માર્ગ આમ કહેવો અને ક્રિયા માર્ગ ત્રણ માર્ગ છે. ત્યારે એણે ખુલાસો કર્યો છે. ભક્તિમાર્ગ એટલે શું? પોતાના ત્રિકાળી સ્વભાવનું ભજન એકાગ્ર થવું એ ભક્તિ માર્ગ છે. એ ભજન છે એ ભક્તિ. કહો, તમારે આવ્યું કે નહિ? સાહેબની બંદગી. 'કબીર કહે કમાલકું દો બાદ સીખ લે. એક સાહેબકી બંદગી, .. દે.' એ બધી વાત. એ આવ્યું હતું અમારે. કબીરના શ્લોક આવ્યા હતાને ત્યાં ભેટમાં. પાલેજ આવ્યું હતું. વાંચ્યું હતું પહેલું. એ નહિ, એ સ્તુતિ નહિ.

અહીંયાં તો ભક્તિની વ્યાખ્યા એ કે આત્મા અનંત આનંદ અને અનંત જ્ઞાનસ્વરૂપ છે આત્મા વસ્તુ. વસ્તુ છેને? સત્ત્વ છેને પદાર્થ? એમાં જડ છે એમાં આત્મા વસ્તુ તત્ત્વ છે. તો એ તત્ત્વમાં જે એનો ભાવ અનંત અંનત કારણ કે એનો ભાવ છે એની મર્યાદા ન હોય. એ તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવા જે એના સ્વભાવ એવા સ્વભાવનું એકરૂપ જે આત્મા એમાં એકાગ્ર થવું એનું નામ ભક્તિ છે. એનું નામ આત્માનું ભજન. નિજનું ભજન. પરમાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન. એક સમયમાં પૂર્ણ ઈદં. પૂર્ણ વસ્તુ. વસ્તુ હોય એ પૂર્ણ જ હોયને. વસ્તુ કાંઈ અપૂર્ણ હોય? એવો જે ભગવાન અંદર આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ. એના તરફનો ઝુકાવ, એના તરફનું વલણ, એની સન્મુખતાનો એનો સ્વીકાર. એને અહીંયાં ભક્તિ અને ભજન કહેવામાં આવે છે. ભગવાન... ભગવાન... ભગવાન... કરે એ તો બધો રાગ છે એ તો બધો શુભવિકલ્પ છે. આહા..હા..! કહો, શિવલાલભાઈ!

મુમુક્ષુ :- સાચી ભક્તિ આ.

ઉત્તર :- આ? પછી ઓલી ખોટી? આ સાચી ભક્તિ. ભક્તિનો અર્થ ભજવું. ભજવું એનો અર્થ કે જેને મોટપ દેવી. પોતે મહાપ્રભુ છે ચૈતન્યસ્વરૂપ એની મોટપ અંદર આવવી એ મોટપ આવવી એનું નામ ભક્તિ અને બીજાની હીણપ થવી. અલ્પજ્ઞતા, રાગ અને નિમિત્ત એની હીનતા થવી અને આની મોટપ થવી. ભગવાનને ભજવા છેને? એ ભગવાન આ

પોતે ભગવાન છે. આહા..હા..! સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે જ છે. એના સન્મુખની એકાગ્રતા એવી એકાગ્રતા કે જે રાગની ઉત્પત્તિ ન થાય અને જેનો અભાવ થાય એવી એકાગ્રતાને ત્રીજા નંબરની સ્તુતિ. શું કીધું જુઓ.

'**જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું...**' હવે એ તો શબ્દો થયા. ભગવાન આત્મા અંતર જેનું સ્વરૂપ બેહદ અનંત આનંદસ્વરૂપ છે એનું. એ આનંદ અને જ્ઞાન જેનો અનંત અપરિમિત સ્વભાવ, એની ભાવના. એમાં એકાગ્ર થવું. ભાવમાં ભાવના. ભાવની ભાવના. આહા..હા..! ત્રિકાળી વસ્તુ ભગવાન પોતે શુદ્ધ આનંદકંદ છે એ. એની ભાવના. એના સન્મુખનું સારી રીતે અવલંબન લઈને. છે? '**મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય...**' રાગ અને વિકારની ઉત્પત્તિનો અભાવ થાય અને સ્વભાવની દશા ક્ષાયિક .. ઉત્પન્ન થાય એને ભક્તિ કહે છે. પંડિતજી! છે? '**અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય---**' મૂળમાંથી છેદી નાખે એમ કહે છે. રાગને, પરતરફના વલણના ભાવને સ્વતરફના ચૈતન્યની સાવધાનીના ભાવથી તે પરતરફના સાવધાનીના ભાવનો અભાવ કરે એ ઉદય જ ન થાય, એટલે પ્રગટ જ ન થાય. આહા..હા..! એવી અંતર ભગવાન પરમાનંદ સ્વરૂપ પોતે એમાં લીન થવું કે જેથી રાગની ઉત્પત્તિ જ ન થાય, એનો અભાવ થાય એનું નામ આત્માની ક્ષાયિક ભક્તિ, ક્ષીણ ભક્તિ કહેવામાં આવે છે. કહો, સમજાણું? આ ભક્તિ. એય..! વજુભાઈ! આ તમારા બાપ ભક્તિ કરતા કે નહિ સવારમાં? લ્યો આ ભક્તિ કહે છે. ઓલી ભક્તિ તો શુભરાગ. એમાં પાછો ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..!

અહીંયાં પોતાનો સ્વભાવ, વસ્તુ છેને આત્મા. તત્ત્વ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? તો વસ્તુ છે તે શાશ્વત છેને? એની કાંઈ ઉત્પત્તિ છે? નાશ છે? એ તો છે અનાદિ. એનો કોઈ સ્વભાવ છે કે નહિ? જ્યારે કાયમ વસ્તુ છે તો એનો કાયમી સ્વભાવ પણ હોય કે નહિ? સ્વભાવવાન સ્વભાવ વિના હોય? તો એનો જ્ઞાનસ્વભાવ એ ભાષા લીધી જુઓ. પોતાના સ્વભાવભાવ. અંતરમાં ભગવાન આત્માનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવભાવ. સ્વભાવભાવ. ત્રિકાળ સ્વભાવભાવ. એની ભાવના. એની એકાગ્રતા. નવરંગભાઈ! કહો, સમજાય છે આ? આ તમારા મામા ભક્તિ કરતા એનાથી બીજી જાતની ભક્તિ છે આ તો. સ્વભાવભાવની ભાવના. અંતર પરમાત્મસ્વરૂપ જ પોતે ધ્રુવ ચૈતન્યઘન છે. એવા સ્વભાવભાવ વસ્તુ છે એનો સ્વભાવભાવ ત્રિકાળ અવિનાશી. એની ભાવના. એનો સ્વીકાર. એનો આદર, એમાં લીનતા, તેમાં રમણતા એનું નામ સાચી આત્માની ભક્તિ અને ભગવાનની ભક્તિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવક મોહનો ક્ષય...**' એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય. લ્યો! ભાવકમોહ. ભાષા જુઓ. કે જે ભાવક રાગને ઉત્પન્ન થવામાં નિમિત્ત કર્મ જે હતું એના તરફનું વલણ છોડી,

પુરુષાર્થ દ્વારા દેખ્યું. અંતરનો ચૈતન્ય સ્વભાવ જ્ઞાન અને આનંદ સ્વભાવ એનું અવલંબન સારી રીતે લઈને. એમ કીધુંને? અવલંબન તો લે છે, સમ્યગ્દર્શન તો છે, જિતમોહ પણ છે. એની વાત છેને? આહા..હા..! આમાં એમ નથી એમ કહ્યું કે કર્મ મંદ પડે તો ઉપશમ શ્રેણી થાય અને આમ નાશ થાય તો ક્ષપક શ્રેણી થાય.

મુમુક્ષુ :- એ બીજા શાસ્ત્રમાં.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં તો નિમિત્તના કથન છે. બીજા શાસ્ત્રમાં આવેને ત્યાં મોહનીય કર્મને લઈને આમ થાય. એ ચારિત્રમોહનીયને લઈને આમ થાય. ક્ષયોપશમથી આમ થાય. એ તો વ્યવહારની વાતું અંદરથી કહી છે. પોતાના પુરુષાર્થથી ઉલટો પડે છે ત્યારે કર્મના નિમિત્તથી આમ થયું એમ કહેવામાં આવે છે અને પુરુષાર્થથી જ્યારે સ્વભાવ તરફ વળે છે ત્યારે કર્મનો ક્ષયોપશમ અને ક્ષય થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે. કહો, સમજાણું? આ તો વસ્તુસ્વરૂપ જેને ભગવાન આત્મા પોતાની ચીજ છે એને પ્રાપ્ત કરવી હોય એની વાત છે. આમ તો બહાર પોતાને મૂકીને બીજાને પ્રાપ્ત કરવા મથી રહ્યો છે. શરીરને, વાણીને, મનને, આબરૂને, પૈસાને, પુણ્યને, પાપને. એ કાંઈ એની ચીજ નથી, એ કાંઈ એની ચીજ નથી, એવી એ ચીજ નથી.

મુમુક્ષુ :- ત્યારે પ્રાપ્ત કેમ થાય? એની નથી તો.

ઉત્તર :- આ એ કીધુંને. એ પ્રાપ્ત દૃષ્ટિ કરે છે એના ઉપર. આનીકોર પ્રાપ્ત કરવાની દૃષ્ટિ કરતો નથી અને આમ કરે. હું રાગ છું, હું પુણ્ય છું, હું પાપ છું, હું આ છું. તો આમ દૃષ્ટિ કરે છે માટે એને પ્રાપ્ત વિકાર થાય છે. આહા..હા..! બહુ આકરું કામ છે.

મુમુક્ષુ :- સરળ છે.

ઉત્તર :- સરળ કામ છે, પણ પુરુષાર્થ અનંતો માગે છે એમ કહે છે. એ કાંઈ વાતે વડા થાય એવું નથી. અંતર ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પોતે સત્‌શાશ્વત જ્ઞાન અને આનંદનું ધામ. એના તરફનું સારી રીતે અવલંબન લઈને. અવલંબન તો લીધું હતું સમ્યગ્દર્શન જિતેન્દ્રિયમાં અને જિતમોહમાં. પણ અહીં સારી રીતે અવલંબન લઈને એમ ભાષા લીધી છે. આહા..હા..!

કહે છે એવા '**મોહની સંતતિનો અત્યંત વિનાશ...**' આહા..હા..! ગધેડા ખાયને ઘાસ એ મૂળ ઉપાડીને ખાય. મૂળમાંથી ઉપાડીને ખાય. આ ડાહ્યો માણસ, ઓલો ગધેડો અને આ ડાહ્યો. ગાય ખાય એ ઉપરથી તોડી તોડીને ખાય. મૂળીયા રહે. ગધેડો ખાય એ તો ખેંચીને ખાય આખું. ફક્ત ત્યાં ગધેડો અને અહીંયાં સમજુ ચતુર. ભગવાન આત્મામાં. આહા..હા..! પૂર્ણાનંદ તરફ જુકાવ થઈને અંદર એટલો અવલંબન જેને સ્વભાવનું લીધું કે જેના અવલંબનથી મોહનો અત્યંત નાશ થઈ જાય. લ્યો! '**ત્યારે (ભાવક મોહનો ક્ષય**

**થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે...**' લ્યો! ઓલો કર્મના નિમિત્તનો નાશ થયો તો નિમિત્તના અનુસરીને થતો જે વિકાર એનો પણ નાશ થયો. એમ કહ્યું. '**અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે...**' ભાષા કોઈ દિ'. ભાવ્યભાવક ભાવ એટલે કે કર્મનો સંબંધ, કર્મ એક વસ્તુ છે અંદર. કે જેમાં અનુસરીને, એને અનુસરીને વિકાર થાય. સ્વભાવને અનુસરીને કાંઈ વિકાર ન થાય. પોતે શુદ્ધ આનંદકંદ છે. એટલે કે ભાવક જે મોહ એનો ક્ષય થવાથી એમ કહ્યુંને એણે પહેલું? '**આત્માના વિભાવભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે...**' ત્યારે તેના તરફના વલણવાળો વિકાર એવો જે ભાવ્ય. ભાવકનો સંબંધી ભાવ્ય એવો જે ભાવ. એનો નાશ થાય. સ્વભાવમાં ઉગ્રતાપણે આનંદમાં અંતર રમે, ઉત્કૃષ્ટ ઉગ્રપણે. અહીં તો હજી સ્તુતિનું વર્ણન છેને. બારમા ગુણસ્થાને પરમાત્માને પામે બસ એટલું. એ કેવળજ્ઞાન પછી એનું ફળ નાખ્યું. વસ્તુ અંદર પૂર્ણ સ્વરૂપ એને સન્મુખ સારી રીતે આ ભાવ લેવાથી. આમ અનાદિનું અવલંબન રાગનું, પર્યાયનું નિમિત્તનું છે એ તો સંસાર છે રખડવાનું. અંદર પૂર્ણાનંદ પ્રભુ, એના ભાવનું અવલંબન લેવાથી અંદર.

'**મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવકનો પણ અભાવ થાય છે અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી...**' શું કીધું? સ્વભાવમાં એકપણું થવાથી. ઓલું કર્મના સંગ તરફના વલણવાળાના વિકારની અનેકતા ઉત્પન્ન થતી. આહા..હા..! ભારે આ કાયદા ઝીણા! કર્મ તરફના વલણમાં વિકારની અને અનેકતા ઉત્પન્ન થતી. એ સ્વભાવ તરફના વલણમાં એકરૂપ ઉત્પન્ન થયો. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... આનંદઘન. કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ છે ભાઈ! ભક્તિ આનું નામ સાચી કહેવાય. તંબુરા વગાડે અને ભજન કરે આમ આમ કરે, ઢોલક વગાડે. નાગરભાઈ! એ ભજન નહિ કહે છે. એ તો શુભરાગનું ભજન છે. સાચું ભજન તો આને પરમાત્મા કહે છે. આહા..હા..! જેના અંતર પરમાત્મા કહેશે. પરમાત્માને પ્રાપ્ત કહે છેને ક્ષીણમોહ છેને? બારમે ગુણસ્થાને પરમાત્મા થયો એમ કહે છે. આહા..હા..!

'**ભાવ્યભાવકનો અભાવ થવાને લીધે એકપણું થવાથી...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવરૂપ નિજપદ એમાં એકપણું થવાથી. આ અંતરમાં એકાગ્ર થવાથી જેટલી શુદ્ધતા પ્રગટે એ બધી એકરૂપે છે. સમજાય છે કાંઈ? શક્તિમાં પૂર્ણસ્વરૂપ છે વસ્તુ. એમાં એકાગ્ર થવાથી શુદ્ધતાના અંશો જે પ્રગટે, પણ એ બધું એકરૂપ છે એમાં કાંઈ ખંડ છે નહિ. આહા..હા..! '**એકપણું થવાથી ટંકોત્કીર્ણ (નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો...**' લ્યો! આહા..હા..! એ પરમાત્મા પોતાનો સ્વભાવ તેને પ્રાપ્ત થયો. કહો, સમજાણું કાંઈ? પોતાના નિજસાહેબને પ્રાપ્ત થયો એમ કહે છે. બીજો સાહેબ નહિ. એને માથે બીજો કોઈ સાહેબ

ઈશ્વર છે પરમાત્માને. બીજો છે તો એનો. એનો સાહેબ એનો. આહા..હા..!

વસ્તુ છે એમ એની કબુલાત કરે, પછી તે વસ્તુ નિત્ય છે અને તે નિત્ય છે તો એના નિત્ય ભાવો જે છે એનું એમાં પરિણમન કરે. અને એને ભોગવે. અને એ પરિણમન પૂર્ણ નિત્ય થાય એનું નામ મોક્ષ અને એનો ઉપાય આ સ્વભાવમાં એકાગ્ર થવું તે. આવી વાત ક્યાં ભારે! ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, દાન દેવું, અપવાસ કરી નાખો સહેલું સટ. એ બધો રાગ છે સાંભળને.

મુમુક્ષુ :- દાન દેવામાં તો ઘણી મુશ્કેલી છે.

ઉત્તર :- શું મુશ્કેલી છે? એય..! એમાં શું છે? રાગ મંદ કરીને .. એમાં છે શું? ક્યાં એના હતા? એના ક્યા હતા પૈસા? પૈસા તો જડ છે. પૈસો તો જડ થઈને રહ્યો છે. આ શરીર જડ થઈને રહ્યું છે. આત્મા થઈને રહ્યું છે આ? આત્મા તો અરૂપી જ્ઞાનઘન ભિન્ન છે. પૈસો અજીવ થઈને રહ્યો છે. હવે અજીવ થઈને રહ્યો છે એને દેવામાં કહે છે બહુ મુશ્કેલી એમ કહે છે. એય..! શિવલાલભાઈ! સંઘરવામાં મુશ્કેલી મમતા. સાચવવામાં મમતા, આ વાપરવામાં રાગ. લ્યો! પરતરફનું વલણ છેને એ? ભલે રાગ મંદ હો. પણ એ શુભભાવ છે, પુણ્ય છે. એ ધર્મ નથી. આહા..હા..!

કહ્યું હતુંને પહેલું ૮૧ની સાલમાં એ. ..માં દરબાર .. હતાને વ્યાખ્યાનમાં આવ્યા. છેલ્લે દિ' આવ્યા. એણે કહ્યું કે મારે આવું છે બીજે દિ'. લાલચંદભાઈ કહે દરબાર તો આમ કહે છે. ભાઈ એ કહે કે ન કહે. અમે તો સવારમાં નીકળી જવાના છે. મહારાજ.. ઉઠી ગયા પછી આવ્યા એક ઓલા લગડી-લગડી. મોહનલાલ? મોહનભાઈ. મોહનભાઈ આ ..નો બાપ. ... આ લીંબડીમાં .. નથી આ શિવલાલભાઈની દીકરી? એનો બાપ હતા મોહનલાલ. એ ૮૧ની વાત છે. તો કાંઈક આપ્યા હતા ૩૦-૪૦ હજાર રૂપિયા કાંઈક પાઠશાળામાં તે દિ'. ૮૧ની વાત છે. એ હું જ્યાં ઉઠીને વયા ગયા. .. બહાર બેઠા હતા. હું ને જીવણ બે જ હતા. આવ્યા. મહારાજ! આ પૈસાવાળાનું કાંઈ સ્થાન ખરું ધર્મમાં કાંઈ? તમે તો પૈસાવાળાને કાંઈક ગણતા જ નથી. આ વ્યાખ્યાનમાં આવતા. એમ કે અમે ૨૫ હજાર, ૫૦ હજાર વાપર્યા. પાઠશાળા કાંઈક કરી હતી. ત્રણ ભાઈએ નાખ્યું. હતાને ત્રણ ભાઈઓ? ઉગ્રસેન, કેશવલાલ અને મોહનલાલ ત્રણ. મેં કીધું પૈસાવાળાનું ધર્મમાં સ્થાન જ નથી. પૈસાવાળો જ આત્મા નથી. એય..! શિવલાલભાઈ!

ધર્મના સ્થાનમાં તો વીતરાગભાવ એનું અહીં સ્થાન છે. આહા..હા..! બાબુભાઈ! પૈસાવાળાનું સ્થાન ધર્મમાં. પણ પૈસાવાળો પણ અજીવવાળો આત્મા કે દિ' હતો? અજીવવાળો આત્મા? આહા..હા..! અહીં તો રાગવાળો આત્મા માનવો એ મિથ્યાભ્રમ અજ્ઞાન છે. આહા..હા..! કહો, પૈસાવાળો માનવો એ મોટી ભ્રમણા છે. એ તો જડચીજ છે. આ તો

તું ચૈતન્ય અરૂપી આનંદઘન છો. એની તારી જડ ચીજ કેમ થઈ ગઈ તારી? પૈસા પણ વાપરવા મુશ્કેલ પડે એમ કહે છે આ બધા. પૈસાવાળો છેને. પણ બધા આપી દે કાંઈ? થોડા ઘણા વપરાય પાંચ-પંદર હજાર. આહા..હા..! કોણ આપે અને કોણ લે? એ રજકણ પણ દેવું કે લેવું એ આત્માના અધિકારની વાત જ નથી. આહા..હા..! રાગને ટાળવો એ પણ અધિકારની વાત નથી તો રાગને રાખવો અને રજકણ દેવા-લેવા એ અધિકારની વાત નથી. આહા..હા..! એ સ્વભાવમાં જતા રાગ ટળી જાય છે એને ટાળવો એમ વ્યવહારે કહેવામાં આવે. એને ઠેકાણે પૈસા લેવા દેવા. આહા..હા..!

કહે છે '**એકપણું થવાથી...**' અંદર સ્વભાવ કર્મના નિમિત્તના અનુસરીને થતી વિકારની અનેકતા એને સ્વભાવના અવલંબનની એકતા દ્વારા નિશ્ચલ થઈને પરમાત્માને પ્રાપ્ત થયો. આહા..હા..! અંદર પરમસ્વરૂપ ભગવાન વીતરાગ નિર્મળ આનંદ નિર્દોષ એવો જે સ્વભાવ એને પ્રાપ્ત થયો. કહો, દીપચંદજી! ભારે આ. નવા માણસને તો આ સમજવું કઠણ પડે. ઓલું એવું લાગે ભક્તિ કરો, ભજન કરો, દરરોજ દેવદર્શન કરો એ તમારું અવશ્ય કર્તવ્ય છે. આવે છે કે નહિ? શું? પૂજા, દેવપૂજા, ગુરુપ્રાપ્તિ, દયા, દાન, સંયમ એ તમારા છ કર્તવ્ય એ તો બધા શુભરાગની વાતું છે. નિશ્ચય તો એ કર્તવ્ય જ નથી. નિશ્ચય કર્તવ્યમાં તો નિયમસારમાં લઈ લીધુંને. '**णियमेण य जं कज्जं**' નિયમથી ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ નિયમથી એનું કર્તવ્ય છે. લ્યો! એને અહીંયાં પરમાત્માને પ્રાપ્ત થયો. પૂર્ણાનંદ સ્વરૂપ જેવું અંદર હતું. એની અહીં સ્તુતિ છેને ઉત્કૃષ્ટ. હજી કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી. સ્તુતિનું ફળ. આ તો ગુણગ્રામ કર્યા. પોતાના ભાવમાં ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એના સ્વભાવના અવલંબનથી એકાગ્ર થઈને પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયો. '**તે 'ક્ષીણમોહ જિન' કહેવાય છે.**' લ્યો! એણે મોહનો નાશ કર્યો એવા એને જિન કહેવામાં આવે છે. આ ત્રીજી નિશ્ચય સ્તુતિ થઈ. ત્રણ પ્રકારની સ્તુતિમાં ત્રીજા પ્રકારની સ્તુતિ. ત્રીજા નંબરની નહિ, ત્રીજા પ્રકારની. નંબર તો આનો પહેલો ઉંચો છે આ.

'**અહીં પણ પૂર્વે કહ્યું હતું તેમ 'મોહ' પદને બદલી...**' બધા કાલે બોલ કહ્યા હતા. '**રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન--**' બધાને નિમિત્તમાત્રનું વલણ. આ દારૂ, માંસ આદિ. અરે! દાળ, ભાત, રોટલા આદિ લ્યોને એ નોકર્મ છે. એના તરફના વલણની વૃત્તિ જે છે એ રાગ છે. એ બેનો સંબંધ તોડવો. એની સાથે સંબંધ જોડવો એ અસ્તુતિ છે અને સંબંધ તોડવો એનું નામ આત્માની સ્તુતિ છે. ભારે આવું! આવું સ્વરૂપ પણ કેવું? ઓલી ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી એમ બે ઘડી નમો અરિહંતાણં, નમો અરિહંતાણં, ભગવાન... ભગવાન.... ભગવાન... લ્યો બે ઘડી. નવાધા ભક્તિ વિકલ્પ. એ આવા ભાનસહિત હોય

તો ઓલાના વ્યવહાર કહેવામાં આવે છે. પછી એ પ્રમાણે લઈ લેવું લ્યો. **'અને આ પ્રકારના ઉપદેશથી બીજા પણ વિચરવાં.'** કાલે કહ્યું હતું.

**'ભાવાર્થ :- સાધુ પહેલાં પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતી,...'** આ બીજા બોલથી લીધું. સમ્યગ્દષ્ટિ જીવ, પહેલી તો ઇન્દ્રિયોને જીતે. એટલે ખંડ ખંડ ઇન્દ્રિય જે જ્ઞાનનો અંશ એક એક વિષયને જણાવે તેની રુચિ છોડી દે. જડની આ જડ ઇન્દ્રિયો આ જડ માટી. શરીરના પરિણામ પ્રાપ્ત. ભગવાન ચૈતન્યમૂર્તિ અંદર. આ ચૈતન્ય. એની રુચિ છોડી દે અને એના વિષયની રુચિ છોડી અને જ્ઞાયકભાવની અંતર દૃષ્ટિ રુચિ કરે એને જિતેન્દ્રિય જિન ધર્મની શરૂઆતવાળો જિન કહેવામાં આવે છે. કહો, નાગરભાઈ! સમજાય છે આ? નવરાશ નથી.

અને બીજા નંબરની સ્તુતિ અહીં **'પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતે,...'** ઠારે. જેમ પાણીમાં મેલ હોય એને અંદર ઠારે. પાણી નીતરે. મેલ ટળ્યો નથી. બેસાડ્યો છે અંદર. એમ પોતાના પુરુષાર્થ કરવા ઓલા પુરુષાર્થ દ્વારા મોહને ઠારે, **'પછી જ્યારે પોતાના મહા સામર્થ્યથી મોહનો સત્તામાંથી નાશ કરી...'** પોતાના મહા સામર્થ્ય દ્વારા દેખો. અંતર મોક્ષ સ્વભાવના સામર્થ્ય દ્વારા સત્તામાંથી મોહનો નાશ કરે. **'જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય...'** પોતાનો ભગવાન જ્ઞાતા-દૃષ્ટા એવો જે એનો સ્વભાવ એને એ પ્રાપ્ત થાય. **'તેને ક્ષીણમોહ જિન કહેવાય છે.'** લ્યો!

## શ્લોક-૨૭

**હવે અહીં આ નિશ્ચય-વ્યવહારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**(शार्दूलविक्रीडित)**

**एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया-**
**न्नुः स्तोत्र व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे-**
**न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।**

**શ્લોકાર્થઃ-** [कायात्मनोः व्यवहारतः एकत्वं] **શરીરને અને આત્માને વ્યવહારનયથી એકપણું છે** [तु पुनः] **પણ** [निश्चयात् न] **નિશ્ચયનયથી એકપણું નથી;** [वपुषः स्तुत्या

**नु: स्तोत्रं व्यवहारत: अस्ति] માટે શરીરના સ્તવનથી આત્મા-પુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે, અને [तत्वत: तत् न] નિશ્ચયનયથી નહિ; [निश्चयत:] નિશ્ચયથી તો [चित्स्तुत्या एव] ચૈતન્યના સ્તવનથી જ [चित: स्तोत्रं भवति] ચૈતન્યનું સ્તવન થાય છે. [सा एवं भवेत्] તે ચૈતન્યનું સ્તવન અહીં જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ-એમ (ઉપર) કહ્યું તેમ છે. [अत: तीर्थकरस्तवोत्तरबलात्] અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો; તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે આત્માને અને શરીરને એકપણું નિશ્ચયથી નથી. ૨૭.**

---

## શ્લોક-૨૭ ઉપર પ્રવચન

'**હવે અહીં આ નિશ્ચય-વ્યવહારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**
-' હવે કાવ્ય કહે છે. ૨૭ને?

**(शार्दूलविक्रीडित)**

**एकत्वं व्यवहारतो न तु पुन: कायात्मनोर्निश्चया-**
**नन्नु: स्तोत्र व्यवहारतोऽस्ति वपुष: स्तुत्या न तत्तत्त्वत:।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे-**
**न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयो:।।२७।।**

'**कायात्मनो: व्यवहारत: एकत्वं**' '**શરીરને અને આત્માને વ્યવહારનયથી એકપણું છે...**' વ્યવહારથી એટલે એક ક્ષેત્રે રહ્યા છે અને એક બીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, ભગવાન અરૂપી જ્ઞાનઘન ચૈતન્ય અને આ તો જડ માટી. બેને વ્યવહારથી, નિમિત્તથી એમ કહેવામાં આવે કે આ બે એક છે. વસ્તુસ્થિતિ એક છે નહિ. '**પણ નિશ્ચયનયથી એકપણું નથી;...**' દેહના રજકણે રજકણથી પ્રભુ આત્મા તો અંદર જુદો છે.

મુમુક્ષુ :- આ કેદીની વાત છે?

ઉત્તર :- આ અત્યારની. ઓલા કહેને જીવતા શરીર હોય તો આમ જાય જાવું હોય ત્યાં. ખાય-પીવે. અરર! કોણ ખાય-પીવે? આવું ખાણિયા ચર્ચામાં મૂક્યું હતું લ્યો. કોણ ખાય? રજકણો ખાય? આ દાળ, ભાત, રોટલા. દાળ-ભાત તો જડ છે અજીવ. આત્મા અરૂપી જ્ઞાનઘન છે.

મુમુક્ષુ :- થાળીમાં લઈને

ઉત્તર :- કોણ ખાય છે? એના તરફના વલણવાળી રાગની વૃત્તિ કરે, રાગને ખાય.

રાગને અનુભવે. જડને અનુભવે આત્મા? એ તો જડ છે. કૂતરાને હાડકું નથી આપતા? કૂતરું હાડકાને ચાવે, હાડકું-હાડકું.. તો એની અણી વાગે દાઢમાં. તો એ લોહી નીકળે એને ચાટે છે. એ માને છે કે હાડકામાંથી લોહી નીકળ્યું. ખરેખર ટૂંકું હાડકું ચાટતાં દાઢમાં અણી વાગે અને લોહી નીકળે એને ચાંટે તો. એમ અજ્ઞાની શરીર સ્ત્રીનું, દાળ, ભાત, રોટલા, મકાન પૈસા એ તો બધા જડ સૂકા હાડકા જેવા છે. એના તરફનું વલણ કરીને ઠીક છે આ. એવો રાગ એ પોતામાંથી રાગ ઓલો લોહી કાઢીને અનુભવે છે એમ આ રાગ કાઢીને રાગને અનુભવે છે. આ પોંક બોક ન ખાઈ શકે એમ કહે છે આમાં. તમારે તો બહુ હોય ત્યાં પોંક ખેતરમાં. બાજરાનો પોંક ને જુવારનો પોંક. અમારે ત્યાં પાલેજમાં જુવાર બહુ સારી. અહીં આપણે આ બાજુમાં એ નથી. ત્યાં જુવારનો પોંક બહુ મીઠો. બહુ જુવાર મીઠી થાય ગુજરાત. અહીં જુવાર એવી ન હોય. ત્યાં તો જુવાર મીઠી. બહુ મીઠી જુવાર. એને ખાઈ શકે આત્મા?

એક ફેરી ગયા હતા પોંક ખાવા. ખેતરમાં લઈ ગયો. વોરો હતો ગ્રાહક હતો. એ કહે આવો આવો ઘરે આવો. અમારે કુંવરજીભાઈને હું ગયા હતા. .. વાતું. ૬૬-૬૭ની વાત છે. પોંક ખાવા ખેતરમાં ગયા હતા પાલેજથી. ઓલા ગ્રાહક હતાને ગ્રાહક? એ કહે આવો. ... નગર. ખેતરમાં તો જુવારનો પોંક એવો હતો આમ. એ બધી જુવાર.. જુવાર ખાતા હશે એ આત્મા? જુવાર તો જડ છે, અજીવ છે, રૂપી છે, મૂર્ત છે. એને આત્મા ખાય? એના તરફના વલણ આ ઠીક છે એવો જે રાગ ઉત્પન્ન કરે એ રાગને ચાટે છે. ઓલો કૂતરો લોહીને ચાટે એમ આ રાગને અનુભવે છે. શું કહેવાય તમારે ઓલા ઘઉંનું કરે એ? બાજરીયું? ગાગરીયું. એ અમને ત્યાં ગયા ગાગરીયું કર્યું હતું. મહેમાનને જમાડવામાં. બે-ત્રણ ચીજ હતી નહિ? ખબર છે શિવલાલભાઈ? આવ્યા હતા તમે? .. એક .. કર્યું હતું. કણબી છેને એ તો? ખેડુ-ખેડુ. ખેડુ એટલે કણબી. કણને વાવે એમ. કણને વાવે બી. કણ વાવે એ બી ભોગવે, કણ રાખીને બી ભોગવે એનું નામ કણબી. પોતાની જાતના ભાવ આનંદને રાખી અને રાગનું વેદન ગૌણપણે કરે એનું નામ કણબી કહેવાય. એ આવે છે બનારસીદાસમાં. બનારસીવિલાસ છેને? બનારસી વિલાસ. કણબી. કણ-કણ અને બી. બી રાખી કણ ભોગવે. અમુક તો બી રાખેને વાવવાનું કે બધું ખાઈ જાય? એમ આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનું બીજડું દૃષ્ટિમાં રાખીને રાગાદિના પરિણામ હોય એને ગૌણપણે વેદે એમ કહેવામાં આવે. આહા..હા..! એવી વાત છે. એને ભૂલીને વેદે એ કણબી જ નહિ. એ આત્મા જ નહિ કહે છે. આહા..હા..!

કહે છે '**વ્યવહારનયથી એકપણું છે પણ નિશ્ચયનયથી એકપણું નથી;...**' બે તદ્દન રજકણે રજકણ જુદાં. કાશી ઘાટનો કળશો હોય અને એમાં પાણી ભર્યું હોય તો પાણી અને કળશો બે જુદી ચીજ છે એક? તો આ કાશી ઘાટનો કળશો જુઓ આ. ... છેને?

આ હાડકાનો કળશ છે. ભગવાન આનંદ જળ, જ્ઞાન જળ અંદર અરૂપી ચૈતન્ય ભિન્ન છે. ત્યારે ઓલો પ્રશ્ન કરતો હતો. ઓલો મોટો ડોક્ટર છે. આ નૌતમભાઈનો જમાઈ. આવ્યા હતાને આ. ચંદ્રકાંતભાઈ. આ આત્મા ક્યાં રહેતો હશે? આ તો ડોક્ટર છે. ઓલો રૂપાળો એક નહોતો? ... આત્મા ક્યાં હશે? આત્મા છે ક્યાંય? શું હશે? એમ કહે લ્યો! મારા આવો પ્રશ્ન કરે લ્યો! ૩૦-૩૨ વર્ષે હવે ડોક્ટરમાં પાસ થયો.

મુમુક્ષુ :- અંત ક્યારે આવશે?

ઉત્તર :- એ પછી વળી એ રાતે. એ રાતે. આ આત્માનો છેડો અંત કે દિ' આવશે કહો. પણ આ તો ડોક્ટર થયા. તો આનું કાંઈ ભાન ન મળે. કહ્યું હતુંને તે દિ'. ૭૭માં. ઓલા શિવલાલ પાનાચંદ. મોટી પરીક્ષા દીધીને. આઈ.સી. એડવર્ડ. એની સાથે આપી હતી. પહેલા નંબરે પાસ થયો હતો શિવલાલ પારેખ, નાગનેશ, વિશાશ્રીમાળી. બીજે એ એડવર્ડ પાસ થયો હતો. પણ હિન્દુસ્તાનને પહેલો નંબર ન આપે એટલે એને નંબર પહેલો ન આપ્યો,, બીજો નંબર આપ્યો.. શિવલાલ પાનાચંદ હુશિયાર મગજ બહુ. આખો કપાટ વાંચે પુસ્તકનો. એ યાદ. ૭૭માં આવ્યા અમારી પાસે વ્યાખ્યાનમાં. વ્યાખ્યાન પૂરું થયુંને આવ્યા. બોટાદ છે મોસાળ. ... મેં પૂછયું કીધું. ૭૦૦ નો પગાર શરૂઆતમાં પહેલો. પછી ૩ હજારનો પગાર થયો મહિને. કલેક્ટર થયો ઓલામાં જેપુર. કીધું આ આત્મા છે એનું કાંઈ વિચાર્યું છે. કહે વાંચ્યું છે કે આત્મા છે હવે એ નિર્ણય કર્યો નથી આત્મા છે કે નહિ. આહા..હા..! આ બધા મોટા અમલદાર. તે દિ' ૭૦૦ના પગારે પહેલો ચડ્યો હતો. પછી છેલ્લે ૩ હજારનો પગાર માસિક. જેપુરમાં કલેક્ટર થયો હતો જેપુરમાં. જેપુર છેને. શિવલાલ પાનાચંદ. બુદ્ધિ બહુ હતી હોં આ રખડવાની. કીધું આત્મા છે એનું કાંઈ વિચાર્યું? કહે હા વાંચ્યું છે, પણ હજી આત્મા છે કે નહિ એનો કાંઈ નિર્ણય કર્યો નથી. છે એનો નિર્ણય કર્યો નથી! આહા..હા..! કેવો છે અને કેમ છે? એ તો વળી પછી. આ બધા રખડી મરવાના રસ્તા. એમાં ૩-૩ હજારના પગાર. મરી જવાના ચાલ્યા. નાની ઉંમરમાં મરી ગયો બિચારો. ૪૮ વર્ષે. ૪૮ વર્ષે મરી ગયો. રોગ કાંઈક થયો. .. થઈ ગયો. શરીરના રોગ છે અનેક પ્રકાર. આહા..હા..! હજી આત્મા છે એનો નિર્ણય કર્યો નથી. છે કે નહિ એનો મેં વિચાર કર્યો નથી. એય..! શિવલાલભાઈ! વાંચ્યું છે કહે. એમ કહ્યું.

અહીં કહે છે શરીર અને આત્મા તદ્દન જુદાં. આત્મા જાણનાર અને શરીર જણાવાયોગ્ય બે ચીજ તદ્દન ભિન્ન છે. આ જણાવાયોગ્ય શરીર છે એ તો. આ છે. આ છે એની એને ખબર છે? આની આને ખબર છે? જ્ઞાનસ્વરૂપની ખબર છે એને. જ્ઞાનસ્વરૂપ આત્માને ખબર છે કે આ શરીર છે, આ શરીર છે. હું શરીર છું એમ નહિ.

**'શરીરના સ્તવનથી આત્મા-પુરુષનું...'** જોયું! **'આત્મા-પુરુષનું સ્તવન વ્યવહારનયથી**

**થયું કહેવાય છે,...**' ભગવાનના ગુણગાન ગાવા, વ્યવહારથી પુણ્યના સ્તુતિ એ બધો વ્યવહાર કહે છે. '**ચૈતન્યના સ્તવનથી જ...**' ભાષા દેખો! '**चित्स्तुत्या एव**' '**चितः स्तोत्रं भवति**' '**चित्स्तुत्या एव**' ચૈતન્ય સ્વરૂપ ભગવાન. '**चित्स्तुत्या**' ચૈતન્ય સ્વભાવ, જાણક સ્વભાવ. એના સ્વભાવની સ્તુતિ એટલે એની એકાગ્રતાથી '**ચૈતન્યનું સ્તવન થાય છે.**' એનું ચૈતન્યનું ત્યારે સ્તવન અને ભક્તિ થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- આ ખરી ભક્તિ છે.

ઉત્તર :- આ ખરી ભક્તિ છે. એ ટૂંકી ભાષા. '**चित्स्तुत्या एव**' '**चितः स्तोत्रं भवति**' ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જાણકસ્વભાવી ભગવાન. એવો ચિત્‌સ્વરૂપની સ્તુતિ, એની સ્તુતિ એટલે એમાં લીનતા, એનો સ્વીકાર અને એનું આચરણ એકાગ્રતા એ ચૈતન્યની સ્તુતિ. એણે ચૈતન્ય સ્વભાવને સ્વીકાર્યો, માન્યો. કેવળનું આવે છેને શ્રીમદ્‌માં? કેવળજ્ઞાન શ્રદ્ધાએ ઉત્પન્ન થયું. એકલો જ્ઞાનપિંડ ચૈતન્ય બિંબ. એમ સ્વીકાર નહોતો અને સ્વીકાર થયો તો કેવળજ્ઞાનમય આત્મા છે. એકલો જ્ઞાનસ્વભાવ ચૈતન્યબિંબ. એવા ચૈતન્યના સ્તવનથી '**चित्स्तुत्या एव**' '**ચૈતન્યના સ્તવનથી જ...**' '**एव**' છેને? '**चितः स्तोत्रं भवति**' '**ચૈતન્યનું સ્તવન થાય છે.**' શું તે આ? આ આત્મા-આત્મા. દસ મહિના આત્મા-આત્મા ઘુંટયો પણ તું કોણ છો એની તને ખબર વિના.

મુમુક્ષુ :- હું કોણ છું?

ઉત્તર :- કોણ છું? ક્યાં છું? કેમ છું? એની ખબર વિના ચાલી નીકળ્યો. વર વિના જાન જોડી દીધી.

કહે છે એ ચૈતન્યનું '**सा एवं भवेत्**' '**તે ચૈતન્યનું સ્તવન અહીં જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ-એમ (ઉપર) કહ્યું તેમ છે.**' શું કહ્યું એ? ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા. જુઓ એ ચિત્‌સહિત વસ્તુ ચૈતન્ય સ્વભાવી આત્મા. રાગ અને પુણ્ય એ કાંઈ આત્મા નહિ અને અલ્પજ્ઞદશા એ નહિ આત્મા. અહીં તો ચિત્‌. એમ કીધુંને? એકલું ચિત્‌, એકલું જ્ઞાન, એકલું જ્ઞાન, પૂર્ણ જ્ઞાન. વસ્તુ છે એ જ્ઞાનસ્વરૂપ પૂર્ણ વસ્તુ એવું પૂર્ણ જ્ઞાનસ્વભાવ એની સ્તુતિ એટલે તેના તરફની એકાગ્રતા એ એના વખાણ કહેવાય. એ એનું સ્તવન કહેવાય. આ કઈ જાતની વાતું! આ વાત છે ભાઈ! દસ લાખના મોટા મંદિર બનાવે. મોમ્બાસામાં બનાવ્યુંને ક્યાં? મોમ્બાસા. કોઈએ પચાસ હજાર આપ્યા, કોઈએ લાખ આપ્યા બધાને એમ થઈ ગયું. આહા..હા..! આપણે જાણે ધર્મ કર્યો. ધૂળેય ધર્મ નથી. વિલાયતમાં જાયને હમણા કાંઈક છે. .. એક મંદિર બનાવે છે એવું કાંઈક આવ્યું હતું. લંડનમાં જિનમંદિર બનાવે છે. ચિત્રભાનુ. પૈસા તો ત્યાં ઘણા હોય. એણે મંદિર બનાવ્યું અને ભગવાનને પધારાવ્યા થઈ ગઈ ભક્તિ ભગવાનની. એ તો રાગ મંદ હોય પુણ્ય થાય, પુણ્યભાવ. ધર્મ નહિ.

આ તો અંતર ભગવાન એ '**चित्स्तुत्या एव**' ચૈતન્ય સ્તુતિ એ ટૂંકી ભાષા. ભાષા જોઈ! '**चित्स्तुत्या एव**' '**चितः स्तोत्रं भवति**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એકલો જ્ઞાન સ્વભાવ આત્મા એની સ્તુતિ એટલે એની અંતરમાં એકાગ્રતા એ ચૈતન્યની સ્તુતિ. એનું નામ ભગવાનની સ્તુતિ છે. છેને અંદર? પાઠ જુઓને. છેને? '**निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव**' એમ ને? '**निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव**' પહેલો શબ્દ આવ્યો '**स्तोत्रं**' '**निश्चयतश्चितो स्तोत्रं चित्स्तुत्यैव**' શું કહ્યું? '**स्तोत्रं निश्चयतश्चितो**' એ ચિત્સ્તુતિ. જેનો હજી પૂર્ણ આનંદ સ્વભાવ, જ્ઞાનસ્વભાવનો સ્વીકાર. એની મોટપ એને સ્વીકારી એના સન્મુખ થઈને એનો સ્વીકાર થયો એ ચૈતન્યની સ્તુતિ. આહા..હા..! ભારે આ સમજવું જ હજી કઠણ પડે. આ બહારનો અભ્યાસ કરવો મેટ્રીક છું, એલ.એલ.બી.ના પૂંછડા વળગાડવા છે બધા વળગાડ્યા છે ઘણાય. એય..! નહિ?

ભાઈને થયુંને આ? ભાઈ નહિ? ગયા? ભાઈ શું નામ? જાદવજીભાઈ. દેખાતા નથી. એનો છોકરો છેને દિલીપ? એ તમારો દિલીપ નહિ, આ પણ દિલીપ છે. એ તો એવું બોલે. ૧૪ વર્ષનો છે હોં. ઘણા લાખોપતિ છે આમ. એ બોલે છે. આવી વસ્તુ! આહા..હા..! એમ બોલે છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ અભેદ ભૂતાર્થ એનો આશ્રય લેવો એવી વસ્તુ. લ્યો! ૧૪ વર્ષનો છે એ. હા. શેઠિયાનો દીકરો છે. શરીર આમ બેઠું લઠ્ઠ જેવું છે. ૧૧ વર્ષ. ત્રણ વર્ષથી તો સાંભળે. સામે બેસે. લીટી લીટીનો અર્થ થાય એ પાછો વાંચે. એમ ને એમ અદ્ધરથી નહિ. સમજાણું? આવો આત્મા! આહા..હા..! પૂર્ણાનંદ ચૈતન્ય સ્વરૂપ પ્રભુ એનું અંદરમાં સ્વીકાર થવો એ સન્મુખતા થાય ત્યારે સ્વીકાર થાય. એમાં વિમુખ રહે ત્યાં સુધી તો અસ્વીકાર છે. આહા..હા..! 'પત્થર પૂજે હરિ મિલે તો મૈં પૂજું મોટા પહાડ' કબીરનું. એ હોય. એ એકાંત માનનારા. ભગવાનની સ્તુતિ આવી સાચી હોય ત્યાં આગળ ઠરી શકે નહિ ત્યારે પરમાત્માની, પ્રતિમાની પણ સ્તુતિ વ્યવહાર શુભ પુણ્ય હોય, ભાવ વ્યવહાર. એ વ્યવહાર. નિશ્ચય હોય તો વ્યવહાર હોય. વ્યવહારને કારણે હોં! નિશ્ચયને કારણે નહિ. પરસ્પર અવિનાભાવ કહેવાય. અવિરોધભાવનો અર્થ એવો નથી કે નિશ્ચય છે માટે એને લઈને વ્યવહાર છે. વ્યવહાર છે માટે લઈને નિશ્ચય એમ નથી અવિનાભાવ. અહીં તો નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય, વ્યવહાર હોય ત્યાં નિશ્ચય હોય. સમજાય છે?

જેને આત્માની ભગવાનની સ્તુતિ જાગી નિશ્ચયની એણે પરમાત્મા વીતરાગ કેવળજ્ઞાનીની સ્તુતિનો શુભરાગ હોય છે. એટલો અવિનાભાવ છે. પણ એને લઈને એમ નથી કે નિશ્ચય સ્તુતિવાળાને નિશ્ચય સ્તુતિથી વ્યવહાર ઉત્પન્ન થયો. એમ વ્યવહાર સ્તુતિવાળાને વ્યવહારની સ્તુતિથી નિશ્ચય સ્તુતિ ઉત્પન્ન થઈ એમ (નથી) બે આખો વ્યવહાર સ્તુતિનો આશ્રય પર છે અને નિશ્ચય સ્તુતિનો આશ્રય સ્વ છે. સ્વઆશ્રય ભગવાનની સ્તુતિ અંદર એ તો સ્વને

આશ્રયે છે. ત્યારે કહે પહેલું એ આવે, હોય એના પછી એ થાય. પણ આવે એનો અર્થ શું થયો? પરનો આશ્રય કરતા સ્વનો આશ્રય થાય એમ છે? વ્યવહાર તો પરનો આશ્રય છે. પરનો આશ્રય આમ દિશા કરતાં અંતરંગ દિશામાં જવાય? એટલે આ કહે છે. '**चित्स्तुत्या**' ભગવાન આત્માનું સ્તોત્ર. આહા..હા..! અંદરમાં ગાણા, વસ્તુમાં એકાગ્રતા એ ગાણા હોં. જેના પ્રેમમાં સ્વરૂપ શુદ્ધના ભેટા એકાગ્ર થયા એ ચિત્‌નું સ્તવન એ ચૈતન્યના સ્તવનથી જ ચૈતન્યનું સ્તવન થાય છે એમ કહે છે ભાષા તો એવી.

'**सा एवं भवेत्**' લ્યો! એને ત્રણે પ્રકારની સ્તુતિ. પહેલી જિતેન્દ્રિય સ્તુતિ હોય છે. અણિન્દ્રિયના સ્વભાવ તરફ લીન થઈને ઇન્દ્રિય તરફની રુચિ છૂટી ગઈ એને જિતેન્દ્રિય કીધી. પછી કર્મના તરફના વલણવાળો ભાવ હો એ સ્વભાવ તરફના વલણથી એને ઉપશમ કર્યો એ બીજી સ્તુતિ. ત્રીજી સ્વભાવનું ઉગ્ર અવલંબન લઈને એ રાગાદિને મૂળમાંથી કર્મનો નાશ કર્યો, રાગનો નાશ કર્યો એ ત્રીજી સ્તુતિ. લ્યો આવા સ્તુતિના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ છે. પહેલો નંબર, બીજો નંબર અને ત્રીજો નંબર એમ નહિ, પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**अतः तीर्थकरस्तवोत्तरबलात्**' '**અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો;...**' બાપુ! એ તો ભગવાનની સ્તુતિ તીર્થંકર આદિના શરીરની સ્તુતિ. શરીરની સ્તુતિ કહો કે ભગવાન પરદ્રવ્યની કહો, બધું એક જ છે. એની સ્તુતિ એ આત્માની સ્તુતિ હોઈ શકે નહિ. એ તો વ્યવહારની વાત છે. '**તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે...**' '**आत्मा अङ्गयोः एकत्वं न**' '**આત્માને અને શરીરને એકપણું નિશ્ચયથી નથી.**' '**अङ्गयोः**'ની વ્યાખ્યા ઓલામાં બીજી કરશે. કર્મની ઉપાધિથી તત્ત્વભાવ બધો '**अङ्गयोः**' ભાઈ! આત્મા અખંડાનંદ પ્રભુ અને '**अङ्गयोः**' કર્મના નિમિત્તથી થતી વિકલ્પદશા શુભાદિની એ બેય તદ્દન જુદી ચીજ છે. અંગ જુદું તેમ અંગના કર્મના નિમિત્તથી થતી ઉપાધિ એ અંગ છે કર્મનું. એને એકપણું નથી. એ પુણ્યનો ભાવ, દયા, દાનનો, ભક્તિનો અને આત્માના સ્વભાવની એકતાનો ભાવ બે એક નથી. બે તદ્દન જુદાં છે. આનું નામ અંતર ભક્તિ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૮

(मालिनी)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।

શ્લોકાર્થ :- [परिचित-तत्त्वैः] જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ [आत्म-काय-एकतायां] જ્યારે આત્મા અને શરીરના એકપણાને [इति नय-विभजन-युक्त्या] આમ નયના વિભાગની યુક્તિ વડે [अत्यन्तम् उच्छादितायाम्] જડમૂળથી ઉખેડી નાખ્યું છે-અત્યંત નિષેધ્યું છે, ત્યારે [कस्य] કયા પુરુષને [बोधः] જ્ઞાન [अद्य एव] તત્કાળ [बोधं] યથાર્થપણાને [न अवतरति] ન પામે? અવશ્ય પામે જ. કેવું થઈને? [स्व-रस-रभस-कृष्टः प्रस्फुटन् एकः एव] પોતાના નિજરસના વેગથી ખેંચાઈ પ્રગટ થતું એકસ્વરૂપ થઈને.

ભાવાર્થઃ- નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે આત્માને અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે; તેને જાણીને, એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય? થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે. અહીં કોઈ દીર્ઘસંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી. ૨૮.

**જયેષ્ઠ સુદ-૧૩, શનિવાર, તા. ૨૪-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૪, કળશ-૨૮, પ્રવચન-૧૦૭**

આ જીવ-અજીવ અધિકાર. સમયસાર. ગાથા-૩૩મી. કળશ છે કળશ. ૨૭મો કળશ થઈ ગયો. ૨૮મો છે.

(मालिनी)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।

**अवतरति न बोधो बोधमेवाद्य कस्य**
**स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।**

'**परिचित-तत्त्वैः**' શરીર અને આત્મા એક છે એવો જે શિષ્યનો પ્રશ્ન હતો એના ઉત્તરમાં આ શ્લોક છે. '**જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ...**' ઓલામાં સર્વજ્ઞ કહ્યા છે. પરિચિત છેને. સમસ્ત પ્રકારે બધું જાણ્યું છે. '**જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને...**' પરિચયમાં, અનુભવમાં લીધું છે. '**એવા મુનિઓએ...**' '**आत्म-काय-एकतायां**' '**જ્યારે આત્મા અને શરીરના એકપણાને...**' '**इति नय-विभजन-युक्त्या**' '**આમ નયના વિભાગની યુક્તિ વડે...**' '**अत्यन्तम् उच्छादितायाम्**' '**જડમૂળથી ઉખેડી નાખ્યું છે-**' શરીર અને આત્મા તદ્દન જુદાં છે. શરીર અને શરીરના નિમિત્તના અથવા કર્મનું .. થતા વિકાર બધું એમાં લેવું. એ '**अङ्गयोः**' આવ્યું હતુંને? '**आत्मा अङ्गयोः**' એકકોર ભગવાન આત્મા, એકકોર એ કર્મ અને કર્મનું નિમિત્ત શરીર અને કર્મના નિમિત્તે થતો પુણ્ય અને પાપ. બધો એ શરીર અંગમાં પરમાં જાય છે. એને ભિન્ન બતાવ્યું. એકકોર ગામ આત્મા એકકોર એકલો ચૈતન્ય આત્મરામ. કહો, '**आत्म-काय-एकतायां**' શરીરને એકપણાને જે માનતો હતો. અત્યારે તો કહેને અત્યારે ક્યાં જુદો છે? એમ કહે છે. એને પૂછ્યું હતુંને ... ત્યારે ક્યાં દ્રવ્ય .. ભાવ જુદો હતો? અત્યારે તો એ છે. આહા..હા..! વાત થઈ હતીને છઠ્ઠી સાલમાં. એટલે શરીર અને આત્મા જુદાની વાત કરે છે જુઓ! ... ખબર પડે. મહારાજ! ગજબ છે. શું કરે છે તું આ? આહા..હા..! શરીર અને આત્મા જુદાં એને કહે છે કે આ જુદાં-જુદાં.. શું કહેવાય ઓલું? સોઈ. આ મોટો સૂયો. સૂયો જ કહેવાયને? કોથળા સીવે એ. અરે! તને એટલું ગોઠ્યું નહિ? ભારે!

અહીં કહે છે કે મુનિઓએ તો સર્વજ્ઞે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા એને તત્ત્વનો પરિચય કર્યો એમણે તો '**आत्म-काय-एकतायां**' '**આત્મા અને શરીરના એકપણાને...**' '**इति नय-विभजन-युक्त्या**' વ્યવહારથી એ કહ્યું હતું પણ નિશ્ચયથી એ જુદું છે એમ નયના વિભાગથી એને જુદું બતાવ્યું છે. આહા..હા..! '**अत्यन्तम् उच्छादितायाम्**' '**જડમૂળથી ઉખેડી નાખ્યું છે-અત્યંત નિષેધ્યું છે,...**' આહા..! ભગવાન આત્મા તો આનંદ, જ્ઞાનસ્વરૂપ ભિન્ન. તદ્દન ભિન્ન ચીજ છે. શરીર આદિથી તો રાગાદિ, શરીરાદિ ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાણું? એ પહેલામાં આવી ગયું. ૧૪મી ગાથામાં. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. '**एवं कर्मकृतभावै**' કર્મના નિમિત્તથી થતું અંદર પુણ્ય-પાપના વિકાર, ચાહે તો શુભ હો કે અશુભ અને શરીર અને કર્મ. એનાથી ભગવાન આત્મા તદ્દન રહિત છે. અસમાહિતો. શરીર આદ્યં ખલુ સાધન. આવા આકરા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન વિગ્રહં. એ તો જ્ઞાન સ્વરૂપ એનું છે. ચૈતન્યમૂર્તિ એ શરીરના રજકણથી અને રાગના કણથી પણ તદ્દન જુદી ચીજ છે. આહા..હા..!

'**अत्यन्तम् उच्छादितायाम्**' જડથી એટલે અત્યંત નિષેધ્યું એમ. ઈચ્છાદિ '**अत्यन्तम्**' લખ્યું છે. મૂળમાં અત્યંત છે. '**अत्यन्तम्**' એમ. મૂળ તો અત્યંત. બિલકુલ જડની પર્યાય અને રાગની પર્યાય એનાથી ભગવાન આત્મા તદ્દન જુદો છે. આહા..હા..! કહો, ત્યારે કહે છે. આવી વાત જ્યારે સંતોએ, સર્વજ્ઞે જ્યારે બતાવી ત્યારે '**ક્યા પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થપણાને ન પામે**?' એમ કહે છે. આહા..હા..! ક્યા આત્માને આત્માનું જ્ઞાન યથાર્થપણે ભિન્ન કેમ ન ભાસે? એમ કહે છે. જેણે પરિચિત કર્યું સર્વજ્ઞે એણે આ બતાવ્યું કે ભાઈ આ વસ્તુ જુદી છે તે સમજ્યું નહોતું ત્યાં સુધી ભલે, પણ અપ્રતિબુદ્ધને જ્યારે સમજાવ્યું. શરીરની એક એક સમયની જે પર્યાય એ જડની છે. એનાથી આત્મા તે સમયે જુદો છે. જ્ઞાનસ્વભાવ જેનો આનંદ અને જ્ઞાનસ્વભાવ એવો આત્મા. કહે છે કે એવો આત્મા એને કેમ પ્રગટ તત્કાળ ન થાય? એવા આત્માનું જ્ઞાન કેમ ન થાય? એમ કહે છે. કહો, આવું જેને સાંભળવાને મળ્યું એમ કહે છે. આહા..હા..! શરીર અને આત્મા એક માનતો હતો એને સાંભળવાનું મળ્યું છે. ભગવાન સર્વજ્ઞે કહ્યું. સંતોએ કહ્યું. કે આ દેહાદિના રજકણો એની પર્યાય, એનાથી તારી પર્યાય અને તારું દ્રવ્ય તદ્દન જુદું છે. આહા..હા..!

શરીર અને રાગાદિ બેયથી અત્યંત જુદું નિષેધ્યું. ત્યારે '**ક્યા પુરુષને જ્ઞાન તત્કાળ...**' બોધ ન અવતરે? એમ. આત્મા જ્ઞાન સમ્યક્ ન થાય. આહા..હા..! ભેદજ્ઞાનથી વાત જ્યારે કરી ત્યારે ભેદજ્ઞાન કોને ન થાય સાચું? એમ કહે છે. અહીં તો તરતની વાત છેને. જાણનાર-દેખનાર એવો ભગવાન આત્મા એને રાગ અને શરીરથી જુદો બતાવ્યો, નિશ્ચયથી તો તદ્દન જુદા. વ્યવહારે એમ કહ્યું. ઓલા જયધવલમાં આવે છેને. જયધવલ નથી આવતું? આત્મા અને શરીર બધું એક સાથે ચાલે છે. એક સાથે. માટે એને વ્યવહારથી એક છે. ત્યાં એમ કહ્યું છે. ત્યાં માનવું જોઈએ એવું ત્યાં કીધું છે. નહિ? જયધવલમાં છે. આત્માની ઈચ્છા થાય. આમાં તો ચોખ્ખી વાત એ લીધી. ઈચ્છા પ્રમાણે આમ ચાલે, આમ થાય. છે એ રીતે. એવું ત્યાં લીધું છે જયધવલમાં. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને ઘનિષ્ટ સંબંધ છેને? એથી એમ કહ્યું. વસ્તુ એમ નથી. આહા..હા..! તદ્દન ચૈતન્ય ગોળો આનંદ જ્ઞાનસ્વભાવી વસ્તુ તત્કાળ યથાર્થપણાને ન જન્મે? આહા..હા..! કાને પડે અને કેમ ઉત્પન્ન ન થાય? એમ કહે છે.

જરૂર. '**न अवतरति**' એને આત્મજ્ઞાન ન થાય? થાય જ. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય જેનું સ્વરૂપ એ જડસ્વરૂપથી તદ્દન જુદો બતાવે અને તે છે. તો કહે છે કે કોને એનું જ્ઞાન ન થાય? જરૂર થાય. અહીં તો એક જ વાત. આહા..હા..! કહ્યું હતુંને એકત્વ-

વિભક્ત બતાવું છું તારા અનુભવથી પ્રમાણ કરજે. પાંચમીમાં આવ્યું છે. પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે હોં. હા પાડીને એકલા તર્ક અને વિકલ્પથી નહિ. આહા..હા..! ઉગ્રવાણી. એવું યથાર્થપણાનું જ્ઞાન આત્માનું પરથી કોને ન થાય? જરૂર થાય. આહા..હા..!

'**કેવું થઈને**?' ઓલું જ્ઞાન કીધું છેને એને? ક્યા પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થ ન થાય? એમ લીધું છે. અને ઓલામાં એમ કે બોધ એટલે આત્મા. આત્માને કોને આ જ્ઞાન ન થાય? એમ. એમાં એમ લીધું. '**કેવું થઈને**?' અથવા કેવો આત્મા? કે '**પોતાના નિજરસના વેગથી...**' સ્વ નામ પોતાનું. નિજરસ, શાંતરસ, આનંદરસ. એના વેગથી '**रभस–कृष्टः**' '**ખેંચાઈ...**' એટલે પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવથી ભિન્ન પડેલું એકાગ્ર થઈને એમ. કેમ પ્રગટ થતું? એકસ્વરૂપ થઈને પ્રગટ થાય. એકરૂપ આત્મા છું અંદર. ચૈતન્ય સ્વભાવી વસ્તુ એવું એને ભાન થાય. લ્યો આ સમ્યગ્દર્શનમાં આવું ભાન થાય એમ કહે છે. '**एकः एव**' છેને? સ્વભાવ એમાં એકરૂપ ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય પિંડ જેની મુખ્યતામાં બધું જાણવાનું કામ ચાલે. એ ન હોય તો આ શરીર છે, આ રાગ થયો બધું જાણ્યું કોણે? એવો જાણનાર એનું જ્ઞાન તત્કાળ થાય. આહા..હા..! બહિર્બુદ્ધિ ખસેડીને અંતર બુદ્ધિમાં જતાં કારણ કે અંદર જુદું છે એમ બતાવ્યું. અંતરમાં જતાં એને અંતર આત્માની પ્રાપ્તિ થાય જ. પંડિતજી!

અહીં તો સાંભળનારમાં તો બધા લીધા. દેવ, મનુષ્ય અને તિર્યંચ. નારકી તો સાંભળવા ન આવે. ત્રણમાં લીધા. આવું જેને સાંભળવાનું મળ્યું આમ. ફડાક દઈને અંદર. તારો ચૈતન્ય પ્રભુ રાગ અને શરીરથી નિરાળું અંદર છે. આવું છે એવું કહ્યું અને છે એવું કોને ન પ્રાપ્ત થાય? એમ કહે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ વાત. આહા..હા..!

'**ભાવાર્થ :- નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે...**' વ્યવહારને એમ કહે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને એક છે. નિશ્ચયમાં તો સંબંધ જ નથી પરની સાથે કાંઈ. રાગ સાથે સંબંધ નથી જીવને. આહા..હા..! આ બધા સગા-વ્હાલા છેને. આહા..હા..! આ મારી બાયડી, આ મારા છોકરા, આ મારો બાપ અને આ મા. આહા..હા..! એ કહે છે કે ક્યાં કોને કામ છે ભાઈ! આહા..હા..! શરીર સાથે પણ કાંઈ સંબંધ નથી. સંબંધ એ નિમિત્ત-નૈમિત્તિકે સ્વીકાર્યો છે તે અજ્ઞાન. વસ્તુ છે નહિ. વસ્તુ તો અબદ્ધસ્પૃષ્ટ ભિન્ન પડી છે. આહા..હા..! રાગને અને શરીરને એ સ્પર્શી નથી. એવું જેણે નિશ્ચયનયથી ભેદજ્ઞાન કર્યું અને સાંભળ્યું કોને ન થાય? ઓલામાં અર્થમાં લખશે કોક દીર્ઘ સંસારી હોય તો જુદી વાત છે. લ્યો!

'**આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે; તેને જાણીને, એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય?**' લ્યો! અહીં એમ લીધું. એવો કોણ આત્મા છે જગતમાં? આહા..હા..! એને ભેદજ્ઞાન. ભેદ નામ જુદાપણું. શરીરથી અને રાગથી જુદાપણાનું જ્ઞાન કોને ન થાય? '**થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું**

**સ્વરૂપ જાણે...**' જ્ઞાનથી લીધું છેને અર્થમાં? આત્મા પોતાને પોતાના જ્ઞાનસ્વભાવથી પોતે પોતાનું સ્વરૂપ ભિન્ન જાણે. જ્ઞાનસ્વરૂપથી આત્મા છે એમ જાણ્યું. '**ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે.**' એમ. જ્ઞાનમાં ભિન્નપણાનું ભાન થતાં જ્ઞાન પોતાને પરથી ભિન્ન જ જણાવે. '**અહીં કોઈ દીર્ઘસંસારી હોય તો તેની કાંઈ વાત નથી.**' અહીં તો પામનાર જ હોય એની વાત છે. આહા..હા..! મૂકને હવે બધી પંચાત તારી એમ કહે છે. જોને આ અંદર મોટો ભગવાન છેને. જેની હયાતીએ તો બીજાની હયાતીની કબુલાત આવે છે. બીજા દ્રવ્ય છે જડ આદિ. આહા..હા..! એની સ્વસન્મુખતામાં એને પરથી ભિન્ન બતાવ્યું તો એની સ્વસન્મુખતા થઈને કોને એ જ્ઞાન ન થાય? જરૂર થાય.

## ગાથા-૩૪

इत्यप्रतिबुद्धोक्तिनिरासः।

**एवमयनादिमोहसन्ताननिरूपितात्मशरीरैकत्वसंस्कारतयात्यन्तमप्रतिबुद्धोऽपि प्रसभोज्जृम्भित-तत्त्वज्ञानज्योतिर्नेत्रविकारीव प्रकटोद्घाटितपटलष्टसितिप्रतिबुद्धः(?)साक्षात् द्रष्टारं स्वं स्वयमेव हि विज्ञाय श्रद्धाय च तं चैवानुचरितुकामः स्वात्मारामस्यास्यान्यद्रव्याणां किं स्यादिति पृच्छन्नित्थं वाच्य :--**

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।**
**सर्वान् भावान् यस्मात्प्रत्याख्याति परानिति ज्ञात्वा।**
**तस्मात्प्रत्याख्यानं ज्ञानं नियमात् ज्ञातव्यम्।।३४।।**

**यतो हि द्रव्यान्तरस्वभावभाविनोऽन्यानखिलानपि भावान् भगवज्ज्ञातृद्रव्यं स्वस्वभावभावाव्याप्यतया परत्वेन ज्ञात्वा प्रत्याचष्टे, ततो य एव पूर्वं जानाति स एव पश्चात्प्रत्याचष्टे, न पुनरन्य इत्यात्मनि निश्चित्य प्रत्याख्यानसमये प्रत्याख्येयोपाधिमात्रप्रवर्तितकर्तृत्वव्यपदेशत्वेऽपि परमार्थेनाव्यपदेश्यज्ञानस्वभावादप्रच्यवनात् प्रत्याख्यानं ज्ञानमेवेत्यनुभवनीयम्।**

**આ પ્રમાણે અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું કે ''અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે'', તેનું નિરાકરણ કર્યું.**

**આ રીતે આ અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી નિરૂપણ કરવામાં આવેલું**

જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે હવે તત્ત્વજ્ઞાન-સ્વરૂપ જયોતિનો પ્રગટ ઉદય થવાથી અને નેત્રના વિકારીની માફક (જેમ કોઈ પુરુષના નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા દેખાતાં હતાં અને જયારે વિકાર મટયો ત્યારે જેવાં હતાં તેવાં જ દેખવા લાગ્યા તેમ) પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઉઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો અને સાક્ષાત્ દ્રષ્ટા(દેખનાર) એવા પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી, તેનું જ આચરણ કરવાનો ઈચ્છક થયો થકો પૂછે છે કે 'આ સ્વાત્મારામને અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન(ત્યાગવું) તે શું છે?' તેને આચાર્ય આ પ્રમાણે કહે છેઃ-

**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

ગાથાર્થ :-- [यस्मात्] જેથી [सर्वान् भावान्] 'પોતાના સિવાય સર્વ પદાર્થો [परान्] પર છે' [इति ज्ञात्वा] એમ જાણીને [प्रत्याख्याति] પ્રત્યાખ્યાન કરે છે- ત્યાગે છે, [तस्मात्] તેથી, [प्रत्याख्यानं] પ્રત્યાખ્યાન [ज्ञानं] જ્ઞાન જ છે [नियमात्] એમ નિયમથી [ज्ञातव्यम्] જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે, બીજું કાંઈ નથી.

ટીકા :-- આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય(આત્મા) છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને, ત્યાગે છે; તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી-એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના(ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ(આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી, પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટયો નથી, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે-એમ અનુભવ કરવો.

ભાવાર્થ :- આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે, પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી.

## ગાથા-૩૪ ઉપર પ્રવચન

**'આ પ્રમાણે અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું કે...'** દેખો! આ તો અજ્ઞાનીને આ સમજાવ્યું. કોઈ કહે કે મોટા સમયસાર ઊંચા મુનિને માટે છે. શરીર અને આત્મા એક માનતો હતો એવા આત્માને અજ્ઞાનીને આ કહ્યું. આ સમયસાર. કેટલાક કહે કે સમયસાર તો ઉંચી દરજ્જાએ હોય એને સમજવાની ચીજ છે. દ્રવ્યલિંગી થયો હોય સાધુ પછી એને સમજાય. પંચ મહાવ્રત પાળતો હોય, બાકી ક્રિયા હોય એને આ ... જુઓ, એ વસ્તુ નથી. વસ્તુ જુદી છે. એની અહીં વાત નથી. અહીં તો શરીર અને આત્મા એક માને છે એવા અપ્રતિબુદ્ધને એમ કહ્યું કે **'અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે,...'** એટલે કે જ્ઞાનમાં જે ભાસે છે ચીજ એ જ પોતે આત્મા એમ. ભાસનાર જુદો છો. તો તે બેસતુ નથી.

કહ્યું નહિ ઓલા ડોક્ટરે તે દિ'? કે આ આત્મા ક્યા હશે? લ્યો! પછી રાત્રે પ્રશ્ન કર્યો હતો કે એ આત્માનો અંત કે દિ' આવતો હશે? શું પૂછે છે કાંઈ ખબર નથી. કહો આ ડોક્ટર ભણેલા. આવ્યા હતાને નહિ હમણા ..માં. નરોતમભાઈના જમાઈ. આ આત્મા તમે કહો એ આત્મા છે એ શું હશે? ક્યાં હશે? આત્મા ક્યાં છે? શું છે? લ્યો ઠીક! પછી આત્માનો અંત કે દિ' આવતો હશે ત્યારે હવે? પણ એકલા ડોક્ટરમાં આટલું ભણ્યું પણ કોઈ દિ' એને વિચાર પણ ન આવ્યો કે આ શું છે? આત્મા વિના જાણ્યું કોણે આ? તારું ભણતર જાણ્યું કોણે? જાણનારો પોતે આત્મા છે. ક્યા નહિ, કોણ છે નહિ? એ જાણનારો પોતે આત્મા છે. આહા..હા..! શ્રીમદ્‌માં ન કહ્યું 'ઘટપટ આદિ જાણ તું જેથી તેને માન.' આ છે એમ માન. 'જાણનારને માન નહિ કહીએ કેવું જ્ઞાન.' જાણનારને માન્યું નહિ. જાણનારો તે કોણ છે એને તું માન નહિ. આ આ છે. ઘડો છે, પટ છે, દેહ છે, આ છે... આ છે... આ છે.. એ છે એને માન, પણ જાણનારો છે એને તું માનતો નથી. જાણનારો તો તદ્દન જુદો છે. જણાવાયોગ્ય પદાર્થ થયો પર. એને એનું નિરાકરણ કર્યું.

**'આ રીતે આ અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી નિરૂપણ કરવામાં આવેલું...'** જોયું! અનાદિ મિથ્યાત્વના સંતાન એટલે પ્રવાહ એક પછી એક મિથ્યાત્વ ભાવ એનું નિરૂપણ કરવામાં આવેલું **'જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** અત્યંત અજ્ઞાની હતો. એને આ સમજાવામાં આવે છે. **'તે હવે તત્ત્વજ્ઞાન-સ્વરૂપ જયોતિનો પ્રગટ ઉદય થવાથી...'** ટીકા છે હોં બધી. માથે ટીકા છે. ટીકાનું છે. પંડિતનો અર્થ નથી. **'તત્ત્વજ્ઞાન-સ્વરૂપ જયોતિનો પ્રગટ ઉદય થવાથી...'** જાણનાર તત્ત્વજ્ઞાનસ્વરૂપ.

ચૈતન્ય જ્યોતિ પ્રગટ ઉદય થયો. **'અને નેત્રના વિકારીની માફક (જેમ કોઈ પુરુષના નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા દેખાતાં હતાં...'** વિકારને લઈને બીજી ચીજ બીજી રીતે દેખાતી હતી. **'અને જયારે વિકાર મટયો ત્યારે જેવાં હતાં તેવાં જ દેખવા લાગ્યો...'** આહા..હા..!

**'તેમ પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઉઘડી જવાથી...'** લ્યો! આ ભાન કરવાથી પણ હોં પાછું એમ કહ્યું. પડળ સમાન એટલે ઓલું ગયું એટલે સમજ્યો એમ નહિ. **'પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઉઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો...'** એ આત્માનું ભાન થયું કે હું તો આનંદ અને જ્ઞાન છું. મારામાં રાગ પણ નથી, શરીર નથી, કર્મ નથી. હું એનાથી તદ્દન નિરાળો છું. આહા..હા..! **'અને સાક્ષાત્ દ્રષ્ટા(દેખનાર) એવા પોતાને પોતાથી જ જાણી,...'** **'પોતાને પોતાથી જ જાણી,...'** કહો, સમજાણું? સમજાવનારથી પણ નહિ એમ કહે છે. સમજાવનારે સમજાવ્યું કે આત્મા રાગથી, પરથી ભિન્ન છે એટલું. પણ જાણ્યું એણે પોતે પોતાથી. જ્ઞાન દ્વારા જ્ઞાનથી જ્ઞાનને જાણ્યું આત્માને. **'સાક્ષાત્ દ્રષ્ટા(દેખનાર) એવા પોતાને પોતાથી જ જાણી,...'** ભાષા જુઓ! સ્વભાવ પોતાનો એને પોતાના સ્વભાવથી જાણી, વિભાવથી, વ્યવહારથી, નિમિત્તથી, રાગથી, પરથી નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ..થી તો જાણ્યો ને?

ઉત્તર :- ના કોઈથી નહિ. કીધુંને. **'પોતાને પોતાથી જ જાણી,...'** આનંદ અને જ્ઞાનસ્વરૂપ પોતે એમ જ્ઞાનથી પોતાને જાણ્યું. **'શ્રદ્ધાન કરી,...'** જાણ્યું અને પછી શ્રદ્ધાન કર્યું એમ લીધું છે ભાઈ આમાં. બધે એમ લીધું છે. જાણ્યા વિના કોને શ્રદ્ધે? જ્ઞાનસ્વભાવી વસ્તુ છે એમ જાણ્યું એની શ્રદ્ધા થઈ. હવે **'તેનું જ આચરણ કરવાનો ઇચ્છક થયો થકો...'** લ્યો! **'તેનું જ આચરણ કરવાનો ઇચ્છક થયો થકો પૂછે છે...'** લ્યો સમ્યગ્દૃષ્ટિ થયો છતાં એ પૂછે છે હવે એમ કહે છે.

મુમુક્ષુ :- કેમ છોડવું?

ઉત્તર :- છોડવું એ બધી ખબર તો પડી ગઈ છે પણ વિશેષ વિનયથી એને ચારિત્ર પ્રગટ કરવું છેને એટલે એટલું વિનયથી બતાવ્યું છે. સમજાણું?

**''આ સ્વાત્મારામને...'** આ સ્વ આત્મરામ ભગવાન. જે પોતામાં આરામપણે રમે એવો આત્મા રામ ભગવાન! એને **'અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન(ત્યાગવું) તે શું છે?''** આ પચ્ચખાણની વાત કરે છે હવે. પચ્ચખાણ ત્યાગ શું છે? ત્યાગ એને ત્યાગ કહે છેને? આનો ત્યાગ કહેવો એ શું ચીજ છે? ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ અનુભવમાં આવી અને શ્રદ્ધી હવે એનો અંતરમાં રમણ કરવાનો કામી, અંતરમાં આચરણ સ્વરૂપનું આચરણ આચરવાનો

અભિલાષી એ પૂછે છે. અહીં તો એ લેવું છે. સમ્યગ્દર્શનસહિત હવે પચ્ચખાણ. ચારિત્ર કોને કહવું? પચ્ચખાણ કોને કહેવું? અથવા ત્યાગ કોને કહેવો? એમ. પચ્ચખાણનો અર્થ એમ કહ્યો છેને? '(ત્યાગવું) **તે શું છે?' તેને આચાર્ય આ પ્રમાણે કહે છેઃ-**' લ્યો! આવું પૂછે એને આચાર્ય આવો જવાબ આપે છે. ૩૪.

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।**
**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

એ આત્મા પોતે જ પ્રત્યાખ્યાન સ્વરૂપ છે એમ. આહા..હા..!

'**ટીકા :- આ ભગવાન...**' પાધરું ઉપાડ્યું જુઓ. ભગવાન સાંભળતા હોય એમ .. અરે હું ભગવાન! છે? આ રહ્યા ભગવાન બધા. '**ભગવાન જ્ઞાતા-દ્રવ્ય...**' આહા..હા..! ભગવાન મહિમાવંત પ્રભુ જાણનાર-દેખનાર આત્મદ્રવ્ય એ ભગવાન આત્મા એમ કીધું. જાણનાર-દેખનાર એવો આત્મા તે ભગવાન આત્મદ્રવ્ય. એમ. આચાર્ય, મુનિઓ આમ જવાબ આપે છે લ્યો. આહા..હા..! ભગવાન આત્મા. આહા..હા..! મહિમાવંત તારી ચીજ. તારો ચૈતન્ય ચમત્કાર જગતમાં ક્યાંય ન મળે. એવો ભગવાન. ભગ નામ આનંદ અને જ્ઞાન એવી લક્ષ્મી, એનું વાન નામ સ્વરૂપવાળો. જ્ઞાન અને આનંદની સ્વરૂપ લક્ષ્મી. ભગ એટલે લક્ષ્મી. શેની? જ્ઞાન અને આનંદની. વાન-એનું રૂપ. જ્ઞાન અને આનંદ જેનું રૂપ છે. અહીંયાંથી ઓલું આવે. અઢી વર્ષે હજી .. ન થયું તમારું. બહાર જ્યારે બંધ રહે અને અહીંયાં આવે ત્યારે શરૂ થાય. એય..! વજુભાઈ! પાછો થાય તો તો આ બધા અહીંયાં ધમાલ આવે? બહાર જાય તો બંધ થાય. લ્યો! રામજીભાઈને .. એ તો થવાકાળે.

કહે છે ભગવાન. '**આ ભગવાન...**' ભાષા એમ છેને જુઓ. '**यतो हि द्रव्यान्तरस्वभावभाविनो**' આહા..હા..! '**भगवज्ज्ञातृद्रव्यं**' કાંકરાથી જુદો જેમ ઘઉં એમ રાગ અને શરીરના કાંકરાથી ભગવાન જુદો છે. એવો જે ભગવાન જ્ઞાતા દ્રવ્ય. હવે આવી રીતે તો બોલાવ્યું છે. ૭૨માં એ કહ્યું. ભગવાન આત્મા ત્યાં પણ કહ્યું છેને. પુણ્ય અને પાપ બેય અશુચિ છે, ભગવાન આત્મા અતિ શુચિ, ઉજ્વળ અને પવિત્ર છે. એમ કરીને પહેલેથી કહ્યું છે. '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' દેખો! શુભ અને અશુભ રાગ અન્ય દ્રવ્યસ્વભાવથી થતાં પોતાના દ્રવ્યનો સ્વભાવ એ નથી. કર્મના નિમિત્તના દ્રવ્યથી થતાં, '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...**' ભાષા એમ દેખો! હવે એમ કોઈ કહે કે વિકાર તો અન્ય દ્રવ્યથી જ થાય છે. અહીં તો રાગ-દ્વેષના પરિણામ એ અન્ય દ્રવ્યના સ્વભાવથી થતાં. એ સ્વભાવ પોતાનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા એમાંથી થાય છે એ? શુભ-

અશુભ રાગ, વ્રતના પરિણામ, દયા, દાનના પરિણામ, અવ્રતના પરિણામ એ બધા.

**'તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...'** પોતાના જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવ સિવાય જેટલા વિકલ્પો બધા અન્ય દ્રવ્યનો સ્વભાવ. એવા **'તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...'** શું કહે છે? એવો જે ભગવાન જ્ઞાતા દ્રવ્ય. એને એ વ્રતાદિના વિકલ્પો રાગાદિ એ પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્ત. પોતાના સ્વભાવ વડે એમાં રાગનું વ્યાપવું થતું નથી. આત્મ વ્યાપક અને વિકાર વ્યાપક એમ નથી. સમજાણું? એને દ્રવ્યથી જુદું બતાવવું છેને? જેના અવલંબને થયું તે તેનું એમ. **'અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...'** અસ્તિ તો સિદ્ધ કરી. છે. **'અન્ય સમસ્ત પરભાવોને,...'** બધા હો. ચાહે તો શુભરાગ હો કે અશુભ હો. મહાવ્રતનો હો કે ભક્તિનો હો કે ક્રિયાકાંડનો હો કે ગુણગુણીના ભેદનો હો. એવો જે રાગ એ સમસ્ત પરભાવ છે.

**'તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...'** પોતાનો જાણક સ્વભાવ, દૃષ્ટા સ્વભાવ, આનંદ સ્વભાવ એવા વડે પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્તો હોવાથી. પરભાવ છે એ પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્તો હોવાથી પરપણે જાણીને. એ રાગ પોતાના સ્વભાવથી જીવને વ્યાપ્તા નથી એમ કહે છે. આહા..હા..! **'સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...'** તેઓ એ છેને. રાગાદિ છેને. એ રાગ વિકાર. **'તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...'** પરને પરપણે જાણે છે. તેઓ પોતાના સ્વભાવપણું એટલે જ્ઞાનાનંદ સ્વભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી. રાગાદિ મારા જ્ઞાન સ્વભાવમાં વ્યાપ્તા નથી. ભારે વાતું! વિકાર જે પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્તો હોવાથી. તેઓ એ રાગ. પોતાનો સ્વભાવ જે જ્ઞાતાદૃષ્ટા એ વડે તેવો નહિ આવતા હોવાથી. પર્યાયમાં પ્રસરતા નહિ હોવાથી, વ્યાપ્ત નહિ હોવાથી. પરપણે જાણે. રાગને પોતાની જાતમાં નહિ આવવાથી એને પરપણે જાણે છે. આહા..હા..!

**'પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને,...'** રાગાદિ ગમે તે. **'જાણીને, ત્યાગે છે;...'** એટલે કે આ મારો નહિ. એટલે કે એ એમાં ભળતો નથી. એમ. રાગાદિ ભાવ થાય એ પોતાના સ્વભાવભાવ વડે વ્યાપ્તા નથી એથી એ પરપણે જાણીને એમાં પરિણમતો નથી. કહો, સમજાણું કાંઈ? જ્ઞાન, જ્ઞાનપણે પરિણમે છે પણ રાગપણે થતો નથી. આહા..હા..! એનું નામ પચ્ચખાણ છે. હવે આનું પચ્ચખાણ કરો, પંચ મહાવ્રત લ્યો. અહિંસા, સત્ય પાળો એ અહીં નથી. અહિંસા સત્યનો વિકલ્પ છે. આહા..હા..! એ પોતાના સ્વભાવ વડે એવો વ્યાપ્તા જ નથી. એમ પરપણે જાણીને. એમ. એ ભાવ જ મારા સ્વભાવમાં આવતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને,...'** જાણે છે. પોતાના સ્વભાવમાં એ આવતા

નથી રાગાદિ. રાગ ભિન્ન છે. આહા..હા..! **'પરપણે જાણીને, ત્યાગે છે;...'** એટલે કે આ પર છે એમાં એ જોડાતો નથી. એનું નામ ત્યાગે છે. સ્વપણામાં એ રાગ આવતો નથી એથી રાગને પરપણે જાણી અને તેનામાં એકત્વ થતો નથી. જ્ઞાન જ્ઞાનરૂપ રહે છે. એનારૂપ થતો નથી. એ હજી વ્યવહારથી કહેશે. ત્યાગે છે એ. અહીં તો હજી પરનો ત્યાગ-ગ્રહણ એનામાં તો નથી, પણ રાગને ત્યાગવું એ એનું સ્વરૂપ નથી. આહા..હા..! અહીં તો હજી આ છોડો... છોડો... છોડો... મિથ્યાત્વભાવ છે છોડો... છોડો... છોડે કોને? છૂટેલા જ છે. એના હતા કે દિ'? અહીં તો રાગને ગ્રહ્યો હતો કે દિ' તે છોડે એમ કહે છે. આમ જ્ઞાતાદષ્ટામાં રાગ પરપણે જણાણો એવો પરપણે રહ્યો એને પોતેથી ત્યાગ્યો એમ કહેવામાં આવે છે. કહો, દીપચંદજી! આવી વાત છે. ભારે વાત છે. હવે આવી ખબર ન મળે અને પચ્ચખાણ થી ગયા, મુનિ થઈ ગયા. બાપુ! મુનિપણું ધન્ય અવતાર છે બાપા! મુનિપણું તો હતું કે દિ'?

મુમુક્ષુ :- ધીરજ રાખીને કદી સાંભળ્યું જ નથી.

ઉત્તર :- સાંભળ્યું જ નથી. આ તો ધીરજનો માર્ગ છે ભાઈ! શાંતિનો માર્ગ છે.

ભગવાન ધી-બુદ્ધિ ગ્રહે. સ્વભાવમાં પ્રેરે તે બુદ્ધિને ધી ને બુદ્ધિને બુદ્ધિ કહીએ. આહા..હા..! ધીર છેને ધીર? ધી એટલે બુદ્ધિ, ર એટલે પ્રેરે. રાગથી ભિન્ન પડી, ભિન્ન રાગને રાખી અને સ્વભાવમાં એકાગ્ર થાય એનું નામ ધીર અને બુદ્ધિવાળો કહીએ. એનું નામ ધીર અને એનું નામ વીર. અહીં તો એને ત્યાગે છે એમ જે કહેવું એ શું છે એ વાત સ્પષ્ટ કરે છે હવે. જ્ઞાન એરૂપે થયું જ નથી ત્યાં ત્યાગે છે એમ શું કહેવું કહે છે. પણ વ્યવહારથી જ્યારે ઓલો રાગ હતો, પરપણે આમ જાણ્યો, એમાં ન આવ્યો એટલે એ ત્યાગ્યો એને એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..!

**'તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે,...'** પહેલાં જાણે છે, પહેલાં જાણનારો જાણે છે તે જ. છે? પછી ત્યાગે છે. જાણનાર જાણે છે. આ જાણનારો તે હું, રાગ પર એમ જાણનારો જાણે છે તે જ પરમાં એકત્વ થતો નથી, પરપણે પરિણમતો નથી. એનું નામ પરને ત્યાગે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! **'બીજો તો કોઈ ત્યાગનાર નથી-'** આહા..હા..! જેણે જાણ્યું કે રાગ આ પર છે એ મારામાં વ્યાપ્યો નથી. એમ જાણ્યું તે એમાં જોડાતો નથી. એનો એ જાણનાર, એનો એ છોડનાર એમ કહે છે. જાણે છે તે છોડે છે. કોઈ ત્યાગનાર બીજો નથી. જાણનારો જુદો વળી એનામાં ન પરિણમ્યો એ જુદો એમ નથી. **'એમ આત્મામાં નિશ્ચય કરીને,...'** લ્યો .. નિશ્ચય કરીને.

**'પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ...'** આહા..હા..! **'પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે...'** ત્યાગના, વિકારના, વિભાવના ત્યાગના

સમયે '**પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ...**' રાગાદિ, વિભાવ આદિ છોડવાયોગ્ય પરભાવ. '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' એ તો ઉપાધિમાત્ર છે. આહા..હા..! વિભાવને છોડવું એ તો ઉપાધિમાત્રથી પ્રવર્તેલું કથન છે. '**પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ(આત્માને) હોવા છતાં પણ,...**' જાણે કે આત્માએ રાગને છોડ્યો, વિભાવને છોડ્યો એમ જે કથનમાત્ર, નામમાત્ર છે. '**પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' આહા..હા..! લ્યો! પ્રકાશદાસજી! લ્યો આ પચ્ચખાણ. એને પચ્ચખાણનું ભાન ન મળે. વ્રત પાળો, અણુવ્રત આંદોલન કરો. પાંચ અણુવ્રતનો આંદોલન. કોને હોય? હજી મિથ્યાદષ્ટિને અણુવ્રત કેવો? આહા..હા..! સ્વભાવ ચૈતન્ય જ્ઞાતા ભગવાન, પોતાના અસ્તિત્વમાં રહીને રાગને પણ વ્યાપ્તો નથી. એને પરપણે જાણે છે એ જાણનારો એને જાણ્યું એવો ત્યાગે છે તેમ કહેવું એ નામમાત્ર વ્યવહારનું કથન છે. ત્યારે તે સમયે ઓલું જ્ઞાન જ્ઞાનરૂપે થઈને પરિણમ્યું છે. એ જ્ઞાન થઈને રહ્યું છે. એ રાગ થઈને રહ્યું તો નહોતું. સ્વભાવ જે છે એ પોતાનો એ કાંઈ રાગરૂપ થઈને રહ્યો નહોતો. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વભાવ વસ્તુ થઈને રહેલ નથી. એમાં જાણ્યું કે આ પર છે. એમાં એરૂપે ન થયો એથી એમ કહેવામાં આવ્યું કે એણે રાગને છોડ્યો. ખરેખર તો રાગને છોડવું એ રાગરૂપે થયો જ નહોતો. આહા..હા..! કારણ કે રાગપણે એ વ્યાપ્યો જ નહોતો. આહા..હા..! રાગનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એવા જ્ઞાનપણે વ્યાપ્યો હતો. આવી વાત ઝીણી છે આ. આહા..હા..!

કહે છે કે '**પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' આહા..હા..! એ રાગનો ત્યાગ જીવે કર્યો એ પણ એને શોભતું નથી કહે છે. એ કહેવું એ વ્યવહારમાત્ર છે. એને શોભતું નથી. આહા..હા..! અહીં તો દૂધ અમે લેતા નથી, દહીં અમે લેતા નથી, છ દ્રવ્યનો, આ દ્રવ્યનો ત્યાગ છે અને આટલા દ્રવ્ય ખપે છે. એય..! અથિર સાધુ. આટલું પાણી ભાઈ ખપે કીલો. કીલો આટલા કીલો ખપે. પછી હળવે હળવે છોડી દેશું બધું. સંથારો કરશું. આહા..હા..! મિથ્યાત્વને પોષે છે એમ કહે છે. ચૈતન્ય ભગવાન રાગથી ભિન્ન જાણ્યો એ જાણનારમાં જાણનાર રહીને રાગને પરપણે જાણી જેણે જાણ્યું હતું કે આ રાગ પર છે એ જાણનાર એમાં નથી જાતું બસ. વ્યાપ્તું નથી. જાણનાર જાણનારમાં રહીને રાગપણે થતો નથી, વ્યાપ્તો નથી. એ એણે જાણીને રાગને ત્યાગ્યો એમ કહેવામાં આવે છે. પણ એ તો ઉપાધિમાત્ર કથન છે. આહા..હા..! મારા અસ્તિત્વમાં એ હતું જ નહિ. એની હયાતી અસ્તિત્વ જ જુદું છે. મારી હયાતીના અસ્તિત્વથી એનું હોવાપણું જુદું છે. એમ જાણ્યું. એ જાણનાર જાણનારમાં રહ્યો, રાગરૂપે થયો નહિ એને રાગની, રાગને ત્યાગ્યો એ પણ નામમાત્ર કથન છે. રાગરૂપે થયો છે કેદી કે રાગને ત્યાગે? આહા..હા..! આવી વાત! દેવચંદજી! આવી

વ્યાખ્યા!

**'પ્રત્યાખ્યાનના(ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું...'** આહા..હા..! એણે દોષ ત્યાગ્યા, વિભાવ ત્યાગ્યો કહે છે કે એ તો નામમાત્ર કથન છે. ક્યાં એને અંદર હતું તે ત્યાગ્યું? એના ઘરમાં ક્યાં હતું એ? **'પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ...'** વિભાવના છોડવાના કર્તાપણાનું નામ પોતાને નથી. આહા..હા..! એ તો ભિન્ન રહીને વિભાવને, જ્ઞાતામાં રહીને જાણવાનું કામ કરનાર છે. રાગમાં બેસે એ તો અજ્ઞાની છે. એમ રાગને જાણવા જાય એ તો પરમાં જાય છે કહે. એ તો પોતાના સ્વભાવથી એનો સ્વભાવ જ એવો છે સ્વપરપ્રકાશક. એટલે એણે રાગને પરપણે જાણ્યું એવું સ્વમાં રહ્યો એમ ને એમ. એટલે એવા જીવને પરમાર્થે વિભાવ અને દોષનો ત્યાગનો કર્તા છે એમ પણ એને કહેવું સંભવતું નથી. ગાથા મોંઘી છે. ભાવ પણ મોંઘો છેને. પચ્ચખાણ. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન, જ્ઞાતા દ્રવ્ય. અસ્તિત્વ. એમાં ઠરવું એ તો જ્ઞાનની દશા થઈ, એમાં આ છોડ્યું એમાં ક્યાં આવ્યું? ભાઈ! છૂટી ગયું એ ક્યાં આવ્યું? નામમાત્ર છે. આહા..હા..! ક્યાં એ રૂપે થયો હતો તો એને છોડે. રાગરૂપે રાગરૂપ શુભરાગને શી રીતે છોડે? શુભરાગ રૂપ થયો નથીને. તે નામ પોતાને નથી. આહા..હા..! ગજબ વાત છેને. જુઓ, પોતે તો એ નામથી રહિત છે. વિભાવના ત્યાગપણાનું નામ કર્તાપણાના ભાવથી રહિત છે. વિભાવના ત્યાગકર્તાપણાનું નામ એને નથી. આહા..હા..! ગ્રહણપણું તો છે જ નહિ એનામાં છે જ નહિ. કે ભિન્ન વસ્તુ છેને. ભિન્ન ચીજ છે એટલે ભિન્નના ભાનમાં એ રાગાદિને ગ્રહવો એ તો છે જ નહિ. ભિન્નપણે જાણ્યું એવું રહ્યું એના જ્ઞાનમાં એ રાગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..!

એ પ્રશ્ન થયો હતો. ૧૩માં. ભાઈ આ રાગને છોડે શી રીતે? ત્યારે કહે રાગને છોડે એ પ્રતિબદ્ધ કારણ ટળે તો ટળે. કહો. પણ રાગ થાય છે કે નહિ ક્રમે એનામાં? કે ના. એક પછી એક પર્યાય થાય એ બરાબર, પણ એક પછી એક રાગ જ થાય. ભલે રાગ પછી દ્વેષ થાય, પણ એ વિકાર એક પછી એક થાય એ ક્રમસર છેને? ના. એક પછીનો એકનો અર્થ પરિણમન પર્યાય એક પછી એક. પછી એક પછી એક જે થવાની છે તે થાય છે એમ નહિ. આવી ચર્ચા થઈ હતી. ચેતનજી તે દિ' નહોતા. દસમાં આવ્યા હતા પાંચ..માં રાજકોટ નહિ? દસની સાલ. પાંચ દિ' હતાને? આ તો તેરની વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી બીજું. એ તો પછી. રાગ છે. ઓલો કહે રાગ મેં છોડયો. પરિવર્તન કોણે છોડે? કોણ છોડે? કોને છોડે? છોડવાનું આત્મામાં છે? રાગનું છોડવાનું છે? પરનું

છોડવાનું આ પરિવર્તન કર્યું. કહ્યું હતું ત્યાં. હું હતો વળી ... માં. .. સુમેરુચંદ. આઠ પડિમાવાળો હતોને. સુમેરુચંદ હતોને. રાગ ક્રમે ક્રમે થાય છેને? કીધું. ના. પર્યાય છે તે એક પછી એક થાય. પણ આ પછી આ જ થાય અને આવી જ થાય એમ નહિ. ભગવાન છે કે નહિ કીધું સર્વજ્ઞ? ભગવાન ભગવાનનું જાણે. આ બધા બેઠા હતા. હતા કે નહિ તમે? તમે? નહિ. રામજીભાઈ તો હતા, ફુલચંદજી હતા. .. બધા ઘણાં હતા.

મુમુક્ષુ :- ચોખ્ખું કહી દીધું એણે તો.

ઉત્તર :- ચોખ્ખું કહ્યું. સ્પષ્ટ કહ્યું. એને જે બેઠું હતું એ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો એ જ હતું. એ તો સાંભળેલું હતું એ તો .. એ કાંઈ નવું નહોતું. એને બેઠું હતું. આ બધું. બહારના વ્રતી એને પણ આવું હવે બિચારા સાધારણ માણસને એવું લાગે કે એમની ભૂલ હોય નહિ. ભૂલની વાત નહિ આ તો વસ્તુની સ્થિતિ શું છે? એમ વ્યક્તિગત વાત નહિ.

ભગવાન આત્મા રાગના ત્યાગ કરવો એમ કહેવું એ એને શોભતું નથી કહે છે. આહા..હા..! ત્યારે એણે રાગ જોયો હતો? કે આત્મા રાગરૂપ થયો હતો? થયો હતો તો છોડે? એમ કહે છે. આહા..હા..! એ રાગરૂપે થયો જ નથી તત્ત્વ. એ વસ્તુનું ભાન થયું અને ભાનમાં રહ્યો. જાણ્યું કે આ .. છે બસ. જાણ્યું અને એમાં એકાકાર ન થયો એટલે જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું એણે રાગને છોડ્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. પહેલી અસ્થિરતા હતી એ અસ્થિરતાને પર તરીકે જાણી. બસ જાણીને જ્ઞાન જ્ઞાનમાં રહ્યું એણે રાગને છોડ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા છે.

**'કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટયો નથી,...'** એટલે કે વસ્તુસ્વભાવ રાગરૂપે થયું જ નથી એમ કહે છે. એ પુણ્યના પરિણામ કે વિકલ્પ પરિણામપણે અહીંયાં વસ્તુ થઈ જ નથી. થઈ નથી એને છોડે કોને? આહા..હા..! **'માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે–એમ અનુભવ કરવો.'** લ્યો! માટે ત્યાગ તો એ આનંદના રૂપમાં રહેવું, જ્ઞાનમાં ઠરવું એનું નામ પચ્ચખાણ અને એનું નામ ત્યાગ સાચો કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)